22969

11

22969

22969

22969

22969

૨૨૯૬૯

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050
SHI-11
22969

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક

22969

22969

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૧ મું
સંવત ૧૯૯૨

અંક ૧-૨ જો
ફાલ્ગુન-ચૈત્ર

:તંત્રીઓ:
ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બાળકો અને આપણે

બાળકોને જ્યારે આપણે કાંઈ કહીએ ત્યારે આપણા મનની સ્થિતિ કઈ જાતની છે તે તરફ ખાસ ધ્યાન આપવું. જો આપણામાં તે વખતે પ્રેમની, સહાનુભૂતિની, સમભાવની, છેવટે દયા કે કરુણાની લાગણી હશે તો તેઓના હૃદયમાં આપણું કહેવું ઊતરી જશે. પણ જો આપણામાં ક્રોધ અને એવી લાગણીઓ હશે તો તેઓને આપણું કહેવું ગમશે નહિ; આપણે પણ ગમશું નહિ. તેઓ આપણી સામે થશે અને આપણો હેતુ એથી નિષ્ફળ જશે. બાલમંદિરમાં આ અનુભવ હમેશનો અને સામાન્ય છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૧] ફાલ્ગુન-ચૈત્ર ૧૯૯૨ [અંક ૧–૨

બાળકાવ્યની કસોટી

બાલજીવનની સંપૂર્ણ અને સમગ્ર પિછાન વગર બાળકાવ્યનું યથાર્થ દર્શન થઈ શકે નહિ. બાળભોગ્ય કાવ્યોમાં હમેશાં બાળકના સ્વાભાવિક જીવનની ઝાંખી થવી જોઈએ. બાળકની સહજ પ્રવૃત્તિઓ, તેની આશાઓ અને ઉમેદો, તેની ભીતિ અને મૂંઝવણ, તેની કલ્પના અને ઝંખના, તેની જિજ્ઞાસા અને તાલાવેલી, તેની કુદરત અને દુનિયા – એ બધું બાલદૃષ્ટિને જેવું જણાય અને તેને અનુભવાય, તેમ જ બાલજીવન તેમાં જે રીતે વ્યક્ત થાય, તેનો સચોટ ખ્યાલ આપે એવાં કાવ્યોની ગણના બાળકાવ્યમાં થઈ શકે.

આપણે વયમાં વધીને તથા દુનિયાના અનુભવો લઈને રીઢા થયેલા હોવાથી આપણું પોતાનું પણ બાળપેણ ભૂલી ગયા છીએ. તેથી બાળકની પ્રવૃત્તિ, તેના બાળભાવો, તેના ખ્યાલો અને તેનું સમગ્ર જીવન યથાર્થ પિછાણવામાં આપણે ઘણી વાર ભૂલ કરીએ છીએ. આપણને આપણી રીઢી દૃષ્ટિએ બાળક જેવું દેખાય તેવું તેને ચીતરવા અને તેવા ભાવો તેના જીવનમાં આરોપવા આપણે પ્રેરાઈ જઈએ છીએ.

વળી બાળકને કુમળું નાજુક, કાલું ઘેલું, અબુધ એભાન –અને એવાં એવાં વિશેષણોવાળું ગણીને જોડાતાં ઘણાં ગીતો હાલનાં બાલમાસિકોમાં બાળકાવ્ય તરીકે પ્રકટ થતાં જોવામાં આવે છે. કદાચ એવાં કવિતો સ્નેહથી કે વાત્સલ્યથી લખાતાં હશે. પણ આપણે સમજવું જોઈએ કે બાળક આપણી રીઢી દૃષ્ટિને એવું દેખાય છે; બાલદૃષ્ટિએ બાળક પોતાને કાલું ઘેલું કે કુમળું નાજુક લેખતું નથી. અને એવાં કાવ્યો તેમને વાંચવાં અળખામણાં લાગે છે તેની મને ખાતરી થઈ છે, તેથી એવાંને હું બાળકાવ્યની ગણનામાંથી બાતલ કરું છું.

કોઈ છેક નાનું બાળક જરા જરા સમજતાં શીખ્યું હોય તેને જો તમે ગાંડુંઘેલું કહેશો, તો જો કે તે હજી સામો ઉત્તર દઈ શકશે નહિ પરંતુ તેની આંખો તો તમારા સામે તિરસ્કારથી કતરાશે; અને તે અણગમો બતાવીને તમારાથી વિમુખ બનશે. પછી તો કેટલાક નવજુવાન પિતાઓ બાળકો પાસે કાલાંઘેલાં કાઢીને તેમને પોતાની ઘેલછાથી રીઢાં બનાવે છે તેથી એવાં મોટાં બાળકો અણગમો ગળી જવાને ટેવાઈ જાય છે, છતાં પણ એવાં કાવ્યો કે ગીતો એવા પિતાઓની સ્નેહઘેલછાનાં કવિતો કહેવાય; તેમને કદી પણ બાળકાવ્ય તરીકે લેખી શકાય નહિ.

૨૨૫૬૭

અનુક્રમણિકા

૨	બાળકાવ્યની કસોટી	વિ. આ.
૬	ઉંદરડાથી પણ? . . .	ઈ.
૭	બાળઉછેરનો પ્રશ્ન . .	વે. બૂ.
૧૦	માંદા થવું ગમે ખરું? . .	શં.
૧૧	ફરવા લઈ ગયા ત્યારે . .	ઈ.
૧૨	ઉપયોગી સામયિકો . .	...
૧૩	બાળપણના સંસ્મરણો	૧-૨ ક્ષ-જ્ઞ
૧૫	મગાવો	...
૨૧	સાર્થક પ્રવૃત્તિ . .	વિ. આ.
૨૭	નોંધ	...
૩૧	બાલમંદિરમાં રોકિયું . .	...
૩૨	શિક્ષણ સમાચાર . . .	તં.

એવાં કહેવાતાં બાળકાવ્યો તટસ્થ દૃષ્ટિએ વાંચતાં તો તેના લખનારા જાણે કાલાંઘેલાં કાઢતા હોય એવું લાગે છે. કોઈ પહેલવહેલી જ માતા થયેલી અને હજી બાળઉછેરના અને સંસારના બહુ ઓછા અનુભવવાળી સ્ત્રી પોતાને નવા પ્રાપ્ત થયેલા બાળક પ્રત્યે જેમ ગાંડીઘેલી થાય છે, અને તેના સામે કાલાંઘેલાં પણ ઘણી વાર કાઢે છે, તે સ્થિતિનું દર્શન તટસ્થ રહીને જોનારને કેવું હાસ્યજનક લાગે! આવાં જ હાસ્યાસ્પદ એ કાલાંઘેલાં કાઢેલાં ટાયલાં લાગે છે. એવાં કવિતો બાળકને વાંચવાં કે સાંભળવાં ગમતાં નથી, કેમ કે તેમને તે અસ્વાભાવિક લાગે છે.

આવાં કાવ્યોના દાખલા આપીને કોઈને દુઃખ લગાડવા ઇચ્છા નથી. એવાં જોડકણાં કાંઈ ખૂણેખાંચરેથી શોધવાં પડે એમ પણ નથી. એવાં કાલાંઘેલાં કાઢેલાં જોડકણાં દરેક કહેવાતા બાલમાસિકમાં મહિને મહિને થોકબંધ ઊભરાય છે, અને એના લખનારા પોતે સ્નેહભર્યું બાળકાવ્ય લખ્યું માનીને ફુલાતા પણ હશે; મેં પોતે પણ એવી થોડીક ભૂલો અગાઉ કરેલી તે કબૂલી દઉં છું. પણ હવે મને તટસ્થ દૃષ્ટિએ બાળકાવ્યનું વાસ્તવદર્શન લાધ્યું છે, માટે બાળકાવ્ય લખવાની ખરી ઝંખનાવાળાને અર્થે મારો આ અનુભવ અને અભિપ્રાય સ્પષ્ટપણે નિવેદન કરી દઉં છું.

કુદરત પણ આપણને આપણી રીઢી દૃષ્ટિએ જેવી દેખાય છે તેવી તેને બાલદૃષ્ટિએ પણ દેખાતી માનીને કુદરતનાં બાળકાવ્યો લખાય છે; તે પણ ખરી રીતે બાળકાવ્યો નથી. આપણને કુદરત જડ કે નિર્જીવ લાગે છે; બાળકની નજરે તે ચેતનવંતી છે. આપણને તે વિષે વિજ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે, પણ બાળકને તો નિસર્ગ સાથે અંતરની પ્રજ્ઞાચક્ષુ ઊઘડેલી છે. પોતામાં જેવું જીવન તરવરે છે, તેવું તરવરતું જીવન કુદરતમાં બધેય એને ભાસે છે; એટલું જ નહિ પણ ચેતનવંતા નિસર્ગની સાથે પોતાના જીવનની એકતા તે અનુભવે છે. પોતાના જેવું રમતિયાળપણું, પોતાના જેવો સહજ આનંદ, પોતાના જેવા ભાવો, કલ્પના, આશાઓ, વગેરે બાળકને કુદરતમાં પ્રતીત થાય છે, અને બાળકને મન બધી કુદરત જીવતીજાગતી છે.

સમગ્ર બાલજીવન અને તેની કુદરત આપણી પાકટ અને રીઢી દૃષ્ટિએ જેવી દેખાય છે તેવી તેને ચીતરવા આપણે દોરાઈ જઈએ છીએ. આપણે અનુભવરીઢા ખ્યાલોથી જેવા કલ્પીએ તેવા ભાવો બાલજીવનમાં આરોપીને તેવાં કવનો ગાવા કે કરવા લલચાઈએ છીએ. પણ આ પ્રકારનાં તેમ જ બધાં કહેવાતાં બાળકાવ્યની કસોટી કરવી હોય તો કાવ્યો વાંચી ઉકેલી શકે એવા કોઈ બાળકના હાથમાં મૂકી જોવાથી તેની ખામી કે અવાસ્તવિકતા વિચક્ષણને તુરત સમજાઈ જશે. બાળક પોતે જ બાળકાવ્યની ખરી કસોટી છે. આપણે આપણી રીઢી દૃષ્ટિથી છેતરાઈએ, પણ બાળક તેમાં કદી છેતરાશે નહિ.

વાસ્તવિક બાળકાવ્યો તેમ જ ખરું બાલસાહિત્ય નિપજાવવા માટે બાલજીવનના ઊંડા અભ્યાસની અને અવલોકનની જરૂર છે. કમનસીબી એ છે કે આપણે જેમ જેમ પ્રૌઢ પાકટ વયના થઈએ છીએ, તેમ તેમ આપણું પોતાનું બાળપણ આપણે ભૂલતા જઈએ છીએ. એટલે સમસ્ત બાલજીવનનો વાસ્તવિક ખ્યાલ

વેગળો પડી જાય છે. બાલસાહિત્ય અને ખાસ કરીને બાળકાવ્યો લખવા ચાહનારે પોતાનું બાળપણ પ્રથમ વેળા સચોટ સંભારી લેવું જોઈએ. અને બાળકોની પ્રવૃત્તિઓ, તેમના મનોભાવો, તેમનું કુદરતદર્શન વગેરે તેમની દૃષ્ટિએ અવલોકતા રહેવું જોઈએ. એ પ્રકારની સમાધિ સાધ્યા વગર ખરા બાલજીવનનો સાક્ષાત્કાર અસંભવિત છે. અને એ રીતની સાધના વગરનાં કવિતો જોડાય તે વાસ્તવિક બાળકાવ્ય બને જ નહિ.

વાસ્તવિક બાળકાવ્યની ઊર્મિની પ્રેરણા સંબંધી આ રીતે વિચારવું અને સમજવું જોઈએ. આ પ્રકારની ઊર્મિથી જે બાળકાવ્ય પ્રેરિત હોય તે ખરું બાળકાવ્ય ગણાય. અને એવું કાવ્ય વાંચતાં બાળકને પોતાની પ્રવૃત્તિઓનું તેમાં દર્શન થાય, પોતાના ભાવોનું ભાન થાય, અને પોતાના જીવનનું પ્રતિબિંબ દેખાય, ત્યારે તે ખરું બાળકાવ્ય ગણાય.

હવે આપણે બાળકાવ્યની રચના અને ભાષા વિષે થોડો વિચાર કરીએ. બાળકો પચાવી શકે તેવા હળવા વિચાર અને સુંદર કલ્પના તેમાં હોવાં જોઈએ. સ્વરની મોહક ગેયતા પણ બાળકાવ્યમાં જરૂરની છે. છેક નાનાં પાંચ છ વરસનાં બાળકો માટેની કવિતામાં સુંદર પ્રાસાનુપ્રાસ સાથે ગેયતા અને વારંવાર આવતી એકની એક ટેકની જરૂર છે. તેવાં કાવ્યનાં કવન કે ગાનનો રણકાર બાળકના કાનમાં ગુંજી રહેવાથી તેને તે ગાવાની ધૂન લાગે છે, અને તેને તેમાં રસ પડે છે.

બાળકોને કેવળ ભગતડાં બનાવે એવાં ભજનિયાં તેમને માટે બિલકુલ જોઈએ નહિ. બહુ ઉશ્કેરાટવાળાં, લૂખાં, ગમગીનીભર્યાં ને માંદલાં કવનો કે ગીતો તેમને માટે કેવળ અનર્થકારી છે. તેમને માટે તો પરીઓની વાર્તા જેવી કલ્પના લાગવા છતાં તેવી કલ્પનાના રહસ્યમાં વાસ્તવિકતા હોવી જોઈએ. બાલજીવનમાં અને બધી બાલપ્રવૃત્તિઓમાં માલૂમ પડતી અથવા સંભવતી હકીકતોવાળાં વર્ણનકાવ્યો પણ બાળકો માટે હોઈ શકે. કુદરતના કે ઈશ્વરના મહિમાનો સાદો સચોટ ખ્યાલ આપે તેવાં પણ બાળકાવ્યો થઈ શકે.

પણ એ બધા પ્રકારનાં બાળકાવ્યો સાદી અને સરલ ભાષામાં હોવાં જોઈએ. સાદી ભાષા એટલે બાળભાષા—બાળકોને સહેલાઈથી સમજાય તેવી ભાષા. એ કાંઈ બાલિશ કે કાલી ભાષા ન હોય, તેમ જ કેવળ ગ્રામ્ય ભાષા પણ સમજવી ન જોઈએ. બાળકાવ્યમાં બરાબર અર્થને સૂચવતા સાદા શબ્દો વપરાવા જોઈએ. પણ બાળકને છેક અપરિચિત, આડંબરી કે પાંડિત્યભર્યા શબ્દો બિલકુલ જોઈએ નહિ, કેમ કે કવિ કે લેખકની પંડિતાઈની બાળકને કશી પરવા નથી.

બાળકાવ્યમાં એકંદર રીતે ગેયતા અને પ્રસાદ, રચનાની સરલતા અને મીઠાશ, તથા કલ્પનાનું હળવું ધીમું ઉડ્ડયન હોવાં જોઈએ.

કેટલીક વાર આપણે વળી બાળકોમાં ધર્મનીતિના સંસ્કાર પાડવાનું માનીને અથવા એનું ઉચ્ચ ચારિત્ર્ય ઘડવાના અભિલાષથી નીતિબોધનાં કવનો રચવા પ્રેરાઈએ છીએ. અને કેટલાંક માબાપોને તો એમ માનીને પોતાનાં બાળકોને બોધપાઠો, નીતિવચનો કે કેટલાંક સ્તોત્રો બાળપણથી ગોખાવીને મોઢે કરાવતાં મેં જોયાં છે. પણ મારો અનુભવ મને એમ કહે છે કે શરીરને જેમ તાડન સાલે છે

તેમ બાળમનને એવા સીધા બોધ કે નીતિ-વચનો અને સ્તવનો તાડનની જેવાં સાલે છે. ખરો નીતિઉપદેશ કે બરું ચારિત્ર્યઘડતર તો બાળકોને માવતરોએ પોતાના સદાચાર અને સદ્વિચારમાંથી આપવાનું છે; તેમ જ પરિચયમાં આવતાં બાળકોની પરિસ્થિતિનું વાતાવરણ શુદ્ધ અને સ્વસ્થ રાખીને બાળકના શરીરનું ને મનનું સ્વાસ્થ્ય જમાવવાનું છે. કેવળ બોધગીતો, નીતિસ્તવનો વગેરે બાળકો માટે નકામાં છે. છેક નાનપણથી સ્તોત્રોના ગોટકા દરરોજ પૂજા વખતે ભણી જનારા ડોસાઓ તેમના ઘર-વ્યવહારમાં અને સામાજિક પ્રવૃત્તિઓમાં એવા ને એવા પ્રપંચી અને નિષ્ઠુર મારા જોવામાં ઘણા આવેલા છે. તેઓ તેમનાં સ્તવનોથી જરાયે પલળ્યા વગરના જાણે કાંગરુ રહેલા હોય એવા લાગે છે.

નીતિબોધ માટે, શુભ ચારિત્ર્ય માટે કે કોઈ ઉમદા ગુણો ખિલવવા માટે જો કાંઈ કાવ્ય કરવું હોય, તો તે પ્રકારના ઉમદા આદર્શો આડકતરી રીતે સાદી અને સરલ પદાવલિમાં રજૂ કરવામાં આવે તો એ પ્રકારનાં બાળકાવ્યો બાળકોનો આદર આવકાર પામ્યા વગર રહે નહિ.

પ્રથમ કહ્યાં તેવાં કાલાં કાઢેલાં સ્નેહઘેલ-છાનાં ગીતો બાળકો માટે કેવળ નકામાં છે તેમાં શક નથી. પરંતુ ઉચ્ચ આશયવાળાં બરા હૃદયનાં સ્નેહનાં ગીતો બાળકો માટે જરૂરનાં છે. અને તે જુદા જ પ્રકારનાં હોઈ શકે. ભાઈ-ભાંડુના સ્નેહનાં ગીતો, માવતરના વાત્સલ્યનાં ગીતો, પશુપંખી સાથે બાળકના સહજ સમ-ભાવનાં ગીતો, નિસર્ગ સાથેના બાળસ્નેહનાં ગીતો—એવાં એવાં ગેયપદ્યો ઉમદા આદર્શ સાથે સાદી ભાષામાં તેમને અપાય તો તે સાર્થક થાય.

આપણી વય વધવાની સાથે નિસર્ગ સાથેનો સહકાર ને સહાનુભૂતિ ભુસાતાં ગયાં છે; પણ બાળક તો હજી કુદરતની ફૂખમાં ઊછરે છે; તેને તેની સાથે સમભાવ છે, રાગ છે, સ્નેહ છે. ટૂંકા-ણમાં કહીએ તો બાળકો કુદરતનાં કિન્નરો અને કવિઓ જ છે. જેમ જ્ઞાનીને પરમતત્ત્વમાં કે પરમાત્મામાં સત્, ચિદ્ અને આનંદની પ્રતીતિ છે તેમ બાળક નિસર્ગમાં સ્નેહ, સૌંદર્ય અને આનંદ અનુભવે છે. માટે નિસર્ગના સંસર્ગમાં બાળક જે રીતે ખાલે છે, રમે છે કે વ્યક્ત થાય છે તે રીતનાં કવનો તેમને માટેનાં બાળ-કાવ્યોની ગણનામાં જરૂર ગણાય.

આવાં સ્નેહગીતો કે વાત્સલ્યકાવ્યો હાલ-રડાંના રૂપમાં કે જેને અંગ્રેજીમાં 'નર્સરી સૉંગ્ઝ' કહે છે એવા સ્વરૂપમાં આપી શકાય. અને જો એ કામ પુરુષો કરતાં કોઈ વાત્સલ્યભીની બહેનોના હાથથી થાય તો તે વધારે દીપી નીકળે એમ હું માનું છું.

આવાં હાલરડાં ખાસ કરીને બાળકને ઉંઘા-ડવા વખતે ગવાય એ જરૂરનું છે. અને બાળ-કના સ્વાસ્થ્ય માટે વિક્ષેપ વગરની ઊંઘ પણ તેટલી જ જરૂરની છે. હાલરડાંનું જૂનું લોક-સાહિત્ય નષ્ટપ્રાય થયું છે, કેમ કે નવતર કન્યા-કેળવણીએ હાલરડાં ગાવાની પ્રથા જ નામૂદ કરી છે, તે શોચનીય છે. હાલરડાંમાં કે નર્સરી સૉંગ્ઝમાં નવા પ્રાણ ફૂંકીને તેની નવેસર પ્રાણ-પ્રતિષ્ઠા કરવાની બહુ જરૂર છે. હાલરડાંથી શાંત નિદ્રાની પ્રેરણા સાથે બાળકના શરીરની સુખાકારી, તેના મનની સ્વસ્થતા, અને આત્માની

ઉન્નતિના ભાવો પ્રેરી શકાય; અને એવા ભાવો હાલરડાંમાં ગૂંથી પણ શકાય. સ્વસ્થ નીંદર લેતા બાળક પ્રત્યે જે જે શુભ ભાવના કરવામાં આવે તેની અસર જરૂર થાય છે.

હાલરડાંમાં કે નર્સરી સૉંગ્ઝમાં બાળક કુશળ થાય, પ્રતાપી કે પરાક્રમી થાય, નિસર્ગ બધી સાનુકૂલ થાય, વગેરે ભાવનાઓ રચી શકાય. આ દાખલા માત્ર માર્ગદર્શન તરીકે જણાવું છું. પણ હૃદયના સાચા વાત્સલ્યનાં પૂર જો આ ક્ષેત્રમાં વહેતાં થાય તો તેના વહેનમાં કંઈ કંઈ પ્રકારની અનેરી અનેક ઊર્મિ ઊછળવાનો અવકાશ અને સંભવ છે.

આ પ્રકારનું બાલસાહિત્ય આપણી ભાષામાં હજી જન્મ્યું નથી; અને એકંદર બાલસાહિત્ય પણ આપણે ત્યાં હજી બાલ્યાવસ્થામાં છે. એટલે એની બાળપણથી જ સાચી સંભાળ લઈ એ તો આપણું એકંદર બાલસાહિત્યનું જીવન નિરામય, પ્રબળ અને ચિરાયુ થાય એવા આશયથી એના સામાન્ય ઉછેર માટે, અને ખાસ કરીને બાળકાવ્ય જેવા મહત્ત્વના અંગના સ્વસ્થ સંવર્ધન માટે ઉપર પ્રમાણે મારા વિચારો ટૂંકાણમાં નિવેદન કરું છું.* વિ. આ.

---

* શ્રીયુત વિઠ્ઠલરાય આવસથીનો સાહિત્યનાં અવલોકનોનો સંગ્રહ જે ટૂંક સમયમાં પ્રકટ થવાનો છે તેમાંથી. —તંત્રી.

ઉંદરડાથી પણ !

આજે સવારના મારા ફળિયામાં એક બાજ પક્ષીએ ઘાયલ કરેલો કલકલિયો પડ્યો હતો. કલકલિયાનું જીવનમરણ વચ્ચે યુદ્ધ ચાલતું હતું, ત્યાં યમરાજને તાર કરતો હોય તેમ મારા ફળીનો કૂતરો કલકલિયા તરફ ધસ્યો.

મેં કૂતરાને હાંકી કાઢ્યો; પછી કલકલિયા ઉપર પાણી છાંટ્યું ને તેને મારા હાથમાં ઊચકી લીધો.

થોડી વારે કળ ઊતરી એટલે મેં એ પક્ષીને મારા હાથ ઉપર બેસાડ્યું અને ફક્ત હવા આવે તેમ એના ફરતું ફાળિયું ઢાંકી દીધું.

મને થયું: "ચાલ, આ પક્ષીને લઈને શાળામાં જાદુ કરું. એક બાળકને ફાળિયા ઉપર ફૂંક મારવાનું કહીશ ને પછી પક્ષી કાઢીશ."

આવા હેતુથી હું બાળકો એને જોઈ ન શકે તેવી રીતે હાથમાં રાખી શાળાએ ગયો.

ત્યાં કલકલિયાની લાંબી ચાંચ એક બાળકે ભાળી ગયું. એને લાગ્યું કે ફાળિયામાં ઉંદર છે એટલે એણે તો ફડફડ બે ધુસ્તા માર્યા. પહેલો ધુસ્તો નિષ્ફળ ગયો, પણ બીજા ધુસ્તાએ પક્ષીને દુઃખી કર્યું.

ધુસ્તા મારવાનો બનાવ બે જ સેકન્ડમાં બની ગયો. બાળકે ધુસ્તા બહુ જ ઉગ્રતાથી માર્યા હતા; બાળકના મોં ઉપર રોષ તરવરતો હતો. બાળકને ઉંદરડા ઉપર કેટલું વેર હતું તે એણે મને બરાબર બતાવ્યું.

આ વેર હોવાનું સૌ કોઈ સમજી શકે તેમ છે. બાળકો ચાંદનીમાં ગેલ કરતાં હોય કે રમતાં હોય ત્યારે બાળકોને માબાપોએ પોતાની પ્રવૃત્તિની ખાતર ઉંદરડાથી બિવરાવીને સુવાડી દીધાં હોય તેનું પરિણામ ઉંદરડા ઉપરનું આ વેર!

બાળકોની સ્વમાનભરી માગણીને માબાપો

તુચ્છકારે, ને બાળકો કનિયા કરે ત્યારે ચૂપ રખાવનાર જીવંત હથિયાર તરીકે ઉંદરડાને વાપરે, એટલે એના પર બાળકને વેર જ હોયને!

આ (માનેલ) ઉંદરડા ઉપર બાળક તેના બધાય જોરથી વેર લેવા ઊતરી પડયું કેમ કે એને બધી રીતે અનુકૂળતા હતી.

બાળકને ખબર હતી કે (માનેલ) ઉંદર ફાળિયામાં છે એટલે એ પોતાને સહેજ પણ ઈજા નહિ કરી શકે. તેથી જ તેણે એક સેકંડમાં હુમલો કર્યો.

તો પછી જે શિક્ષકો, માબાપો કે વડીલો બાળકો પરત્વે પેલા ઉંદરડાને સ્થાને હોય, તેમના તરફ બાળકોને આથી કેટલાગણું વેર હશે? અને આવી બધી રીતે તેમના સંબંધમાં પણ જો બાળકોને અનુકૂળતા મળે તો...?

જ્યારે ઘુસ્તો મારનાર બાળકે ઉંદરને બદલે કદી નનૂડે એવું કુદરતી સૌંદર્યવાળું પક્ષી જોયું ત્યારે એ ભોંઠું પડી ગયું. મેં સામે જોયું ત્યારે એ બાળકે નીચું જોયું, ને પાણીની ડોલ લાવીને પક્ષીની સારવાર શરૂ કરી. ત્યાર પછી તો એ પક્ષી સારી રીતે ઊડી શકે ત્યાં સુધી બધાં બાળકોએ, કોઈની સૂચના સિવાય, વફાદારીથી એની ચોકી કરી. ઈ.

બાળઉછેરનો પ્રશ્ન

[ગયા અંકથી ચાલુ]

દરેક બાળક એક જ બીબામાંથી બહાર પડેલું સર્જન નથી એ આપણે ઉપરના લેખમાં જોયું. એક જ માબાપનાં બે બાળકો એક સરખાં નથી હોતાં એટલું જો દરેક માબાપ સમજી જાય તો માબાપોની ઘણી મુશ્કેલીઓનો ઉકેલ કંઈક અંશે સહેલો થઈ પડે.

દાખલા તરીકે જે રીતે પહેલું બાળક ખેલતું, ઊંઘતું, રડતું, ધાવતું, દૂધ પીતું–તે જ રીતે બીજું બાળક ન કરતું હોય તો તેમાં બાળકનો કંઈક વાંક છે એમ માનીને માબાપ નાના કુમળા ફૂલ જેવા બાળક ઉપર ગુસ્સે થઈ જાય છે. પરંતુ જો ગુસ્સે ન થતાં તેના મૂળ કારણમાં સહેજ ઊંડાં ઊતરે અને પહેલા બાળકને લાગુ પડતા જડ નિયમોમાં સહેજ ફેરફાર કરે તો તેમને ગુસ્સાનું કારણ નહિ રહે; અને પરિણામે બાળકનું જીવન તેમ જ માબાપનું જીવન પણ સરળ બનશે.

જો આમ પૂરતો વિચાર કર્યા વગર બાળકને રડવા દેવામાં આવે, બાળકની મૂંઝવણના મૂળ કારણમાં ઊંડા ઊતરવાની કોશિશ ન કરવામાં આવે, તો બાળકના માનસમાં નાનપણથી જ કેટલીક ગ્રંથિઓ બંધાઈ જાય છે, અને એ રીતે તેના સ્વભાવના ઘડતરમાં વિકૃતિ આવવા માંડે છે.

બાળક દસ બાર મહિનાનું થતાં રીંખવા માંડે છે, ચાર પગે ચાલવા પ્રયત્ન કરે છે, ઉંબર વળોટવા પ્રયત્ન કરે છે અને તેમ કરતાં પડે છે, આખડે છે અને ઘણી વાર રડે છે.

આવે પ્રસંગે બાળકને તેની પ્રગતિમાં–તેના વિકાસમાં આડખીલીઓ ન નાખતાં તેની પ્રગતિને પૂરો અવકાશ મળે તેવા પ્રયત્નો કરવા જોઈએ. ઉંબર વળોટતાં બાળક પડી જાય, પગ છોલાઈ જાય અગર કપાળમાં વાગે ત્યારે ગુસ્સે ન થતાં, બાળકને ઉપાડીને ઓરડામાં

પૂરી ન મૂકતાં કે ધોડિયામાં બાળકની મરજી વિરુદ્ધ સુવાડી ન દેતાં તેના પ્રત્યે સહાનુભૂતિની દૃષ્ટિથી જોવું જોઈએ. માતાની સહાનુભૂતિવાળી પ્રેમભરી નજરથી પણ રડતું બાળક હસવા લાગે છે.

કોઈ બાળક વહેલું બોલવા લાગે છે, કોઈ મોડું. પરંતુ આમ મોડા વિકાસથી પણ જરાય ગભરાવા જેવું નથી. આપણે આગળ જોયું તેમ દરેક નિયમ લોખંડી ચોકઠાની જેમ બાળકને લાગુ નથી પડતો. બાળકના શરીરના વિકાસના પ્રમાણમાં બાળક બોલવામાં તથા ચાલવામાં પ્રગતિ કરે છે.

વાંદરાની માફક બાળક પણ અનુકરણમાંથી શીખે છે. બાળક દરેક વસ્તુ પોતાની આસપાસના વાતાવરણમાંથી ગ્રહણ કરી લે છે. નાનાં કે મોટાં તમામ બાળકો પોતાના સાથીઓની સાથે હરીફાઈ કરવા લાગે છે. આ હરીફાઈમાં પોતે બીજાથી ચડિયાતું દેખાવાનો કદાચ પ્રયત્ન ન કરે, તો પણ તેનાથી ઊતરતું તે કોઈ રીતે ન રહે એ બાબત બરાબર કાળજી રાખે છે.

એક બાળક પોતાથી સહેજ મોટા અને તંદુરસ્ત બાળકને હાલતાં કે કાલું કાલું બોલતાં જુએ કે તરત પોતે પણ તે પ્રમાણે કરવા પ્રયત્ન કરે છે. નાનું બાળક મોટેરાંઓનું અનુકરણ કરવા ક્વચિત જ પ્રયત્ન કરે છે; પણ પોતાના બરોબરિયાનું અનુકરણ કરવા પૂરેપૂરો પ્રયત્ન કરે છે. બાળક એટલું તો સમજે છે કે મોટાં માણસો સાથે હરીફાઈ કરવાને પોતાને હજી વાર છે. નાનાં બાળકોની બુદ્ધિ હજી એટલી હદે ખીલેલી નથી હોતી કે જેથી મોટાં માણસોની જેમ દરેક કામ કરવાનું તેમને મન થાય.

કોઈ બાળક સાધારણ બાળક કરતાં કોઈ વાર મોડું ચાલતાં કે બોલતાં શીખે, તેની પાછળ શરીરવિકાસની પૂરતી તક ન મળી હોય એ પણ બનવા જોગ છે. કોઈ બાળક માંદું પડ્યું હોય, શીળી નીકળ્યાં હોય, કે એવા બીજા કારણે શરીરવિકાસમાં સહેજ પાછળ પડી જાય અને ચાલતાં કે બોલતાં મોડું શીખે તો તેથી માબાપોએ ગભરાઈ જવું ન જોઈએ, કે એકદમ વૈદ કે ડાક્ટર પાસે દોડી જવું ન જોઈએ, કે શક્તિની દવા બાળકને આપી તેનો વિકાસ એકદમ થાય તેવાં પગલાં ભરવાં ન જોઈએ.

તાત્કાલિક માંદગી દૂર કરવા દવાની જરૂર પડે એ સાચું છે. પણ બાળક બોલતું નથી માટે અમુક દવા કરો, ઊભું થઈ શકતું નથી માટે અમુક દવા કરો, નબળાઈને લીધે વધતું નથી માટે શક્તિની દવા આપો, એવા વહેમો રાખવા એ યોગ્ય નથી.

બાળકના શરીરનો વિકાસ કુદરતી રીતે જ થવા દેવામાં, અને દવા ઓછામાં ઓછી આપવામાં જ બાળકનું શ્રેય રહેલું છે. કેટલીક વાર બાળકનું શરીર અમુક દવાઓને ટેવાઈ જાય છે અને પછી તે દવા વગર તેને ચાલતું નથી; આવી સ્થિતિ ઊભી ન થાય તે માટે સાવચેત રહેવું ઘટે છે.

બાળક વિકાસમાં માંદગીને કારણે પાછળ રહી ગયું હોય તો પણ જ્યારે તેનામાં પૂરતી શક્તિ આવશે ત્યારે એ પોતાની મેળે બીજાં બાળકોને જોઈને તેમની માફક બોલવા, ઊભા થવા, ચાલવા કે દોડવા માંડશે.

ઘણી વખત મોટેરાંઓને બાળકને રમાડવાની અને પછી ચલાવવાની કે દોડાવવાની ટેવ

હોય છે. આ ટેવથી બાળકને ચાલવાની કે દોડવાની કસરત મળે છે ખરી; પણ એ કસરતનું પ્રમાણ બાળકને માટે હોવું જોઈએ એથી ઘણું વધી જાય છે, અને તેથી ઘણી વાર બાળક થાકી જાય છે અથવા રડે છે અને પછી ઊંઘી જાય છે.

ઘણી વખત બાળક ઘોડિયામાં એકલું પડ્યું પડ્યું રમતે ચડે છે અગર તો ઓરડામાં કોઈ ન હોય ત્યારે ખુરશી કે બાંકડો કે કબાટ ઝાલીને ઊભું થવા પ્રયત્ન કરે છે; અગર તેને કુદરતી રીતે જ પ્રગતિ કરવાની હોંશ થાય છે. બીજાં બાળકોની વચ્ચે હોય તો તેમને જોઈને પણ બાળક અનુકરણ કરવા માંડે છે. પરંતુ આ અનુકરણમાં તેને હદ ઉપરાંત કસરત નથી કરવી પડતી કે બહુ થાક નથી લાગતો.

કેટલીક વાર બાળક એકલું રમતું હોય ત્યારે ઓરડામાં તેને હાથ પડે એવી વસ્તુઓને તે ઉપાડે છે અને રમે છે. તેવે વખતે બાળકને અજાણતાં વાગી જાય ને કોઈ ચીજ વસ્તુને તે નુકસાન કરી બેસે એ બનવા જોગ છે. અગર તો રમતું રમતું બાળક ઘરની બહાર જાય અને પગથિયા ઉપરથી નીચે ગબડી પડવાના અકસ્માત પણ થાય. આવું ન બને તે માટે બાળકની આસપાસ બંધનો ઊભાં ન કરતાં યોગ્ય સલાહ-સૂચનો લેવી જોઈએ ખરી. પરંતુ તેમાંયે એવું તો ન જ થવું જોઈએ કે જે તેને વારંવાર નડતર રૂપ થાય. આ બે પ્રસંગે કેટલીક વાર બાળકના પગને એક દોરી બાંધી દોરીનો બીજો છેડો કોઈ વસ્તુ સાથે કેટલાક લોકો બાંધે છે, અને એ રીતે એ દોરીની લંબાઈ પૂરતી જ મર્યાદા રમવા માટે બાળકને મળે છે. પરંતુ જ્યારે તેને સમજાય છે કે તેની હિલચાલ મર્યાદિત છે ત્યારે તે મર્યાદા તેને ખૂંચે છે, અને મર્યાદા બહાર જવા તે પ્રયાસ કરે છે. આવે પ્રસંગે બાળકને ખૂંચે એવી મર્યાદાઓ મૂકવા કરતાં બાળકની આસપાસ એવું વાતાવરણ ઊભું કરવું, એવાં રમકડાં મૂકવાં, એવી પ્રવૃત્તિઓ મૂકી રાખવી કે જેથી તે તેમાં તન્મય થઈ જાય અને અમુક વખત સુધી તેનાથી થાકે નહિ.

બાળક પહેલાં ત્રણ વરસમાં તો પોતાની માતાને વળગીને રહે છે; દરેક મુશ્કેલીને પ્રસંગે તે માતા તરફ જુએ છે. માતાની આંખમાં રોષ કે રહેમ જે હોય તે તે જલદી પારખી જાય છે.

આથી આ સમય દરમિયાન જો માતા બાળક તરફ બેદરકાર રહીને કે બાળક તરફના વર્તનમાં બાળકને ખૂંચે એવી રીતે વર્તીને કે અવારનવાર ગુસ્સે થઈને કે મારીને બાળકના મનમાં અણગમો કે અસંતોષ ઊભો કરે, તો બાળકના આંતરમનમાં મા વિરુદ્ધ એવી ગ્રંથિ બંધાઈ જાય કે જે પાછળથી દૂર થવી ભારે મુશ્કેલ બને.

બાળકનો વિકાસ સાચે માર્ગે થાય અને તેના મનમાં કોઈ પણ જાતની ન ઇચ્છવા જોગ ગ્રંથિઓ ન બંધાઈ જાય તે માટે માબાપોએ અને ખાસ કરીને માતાએ–કારણ કે માતાની પાસે બાળક વધુ વખત રહે છે–બાલમાનસનો અભ્યાસ કરવો આવશ્યક છે.

જેમ સાચો વૈદ કોઈ રોગીની નાડ જોઈને તરત જ તેનો રોગ પારખી શકે છે, તેમ બાલમાનસના અભ્યાસી પણ બાળકને જોતાંવેંત જ બાળકની જરૂરિયાત સમજી જાય છે.

બાળક તો એક નાજુક કુમળા ફૂલ જેવું છે. તેની સાથે સંભાળથી કામ પાડવું જોઈએ.

તે જરા પણ ચીમળાઈ ન જાય તેનું પૂરેપૂરું ધ્યાન રાખવું જોઈએ.

જો નાનપણમાં બાળકના વિકાસ તરફ પૂરેપૂરું ધ્યાન રાખ્યું હશે તો મે.ટી ઉંમરે બાળક તરફ કદાચ પૂરતું ધ્યાન ન અપાયું હોય તો પણ તેનામાં કેટલાક દોષો આવતા અટકશે. કારણ કે કુમળા છોડને શરૂઆતમાં બરાબર જલસિંચન કર્યું હોય તો તેનાં મૂળ પૂરેપૂરાં ઊંડાં ગયા પછી તે પોતાની મેળે અનુકૂળ અને પોષક તત્ત્વોને જમીનમાંથી શોષી લે છે.

જો શરૂઆતમાં જ કોઈ વિકૃતિ દાખલ થઈ ગઈ તો મોટી ઉંમરે તે વિકૃતિ દૂર કરવાનું અઘરૂં થઈ પડે છે; અને વિકૃતિને પરિણામે જે કંઈ અસર બાળકના માનસ ઉપર થઈ હોય છે તે દૂર કરવી તો અધિકતર મુશ્કેલ થઈ પડે છે.

બાળકને સમજવા માટે પ્રામાણિક પ્રયત્નો કર્યા હોય તો સમજતાં બહુ વાર નથી લાગતી; ફક્ત એમાં મન પરોવવું જોઈએ.

બાળકરૂપી વળગાડથી દૂર રહેવાના ઇરાદાથી જો બાલમાનસનો ઉપરચોટિયો અભ્યાસ કરી બાળક કઈ રીતે ઓછું નડતર રૂપ થાય તેવા ઉપાયો લેવામાં આવે, તો તેમાં બાળકને અને માબાપને બંનેને નુકસાન થાય છે.

દુનિયા ઉપર અનેરી ભેટરૂપ બાળકોને અવતારવામાં માણસના કર્તવ્યની પૂર્ણતા નથી થતી, પરંતુ કર્તવ્યની શરૂઆત થાય છે. ગમે તેવાં ભારરૂપ અનેક દોષોથી ભરેલાં બાળકોને મૂકી જવામાં રાષ્ટ્ર ઉપર ઉપકાર નથી થતો. બાળકો સારા શહેરી બને અને રાષ્ટ્રની શોભા વધારે એવા બનાવવામાં જ માણસની કસોટી છે.

પ્રજાની પ્રતિષ્ઠા વધારનારાં બાળકો બનાવવાનું કામ માબાપોનું છે. પોતાનાં બાળકોને સારાં બનાવવામાં માબાપોનો અંગત સ્વાર્થ જ સમાયેલો છે એમ નથી; પરંતુ સારાં બાળકોથી ભવિષ્યની આખી પ્રજા સારી થાય છે.

માબાપો પોતાનાં બાળકો તરફ વિશેષ પડતું ધ્યાન આપે તેમાં બીજાનાં બાળકોને નુકસાન ન થઈ જાય તે પણ જોવું જોઈએ.

બાળકો—પોતાનાં કે પારકાં પણ આખરે તે પ્રજાનાં જ સંતાનો છે, એ દૃષ્ટિ જે દિવસ આવશે તે દિવસ પ્રજાનો સોનાનો સૂરજ ઊગશે.

આમ થવા માટે બાળકને સમજવાની સાચી દૃષ્ટિ મેળવવાની જરૂર છે. [સંપૂર્ણ] વે.બૂ.

આંદા થવું ગમે ખરું?

:૧:

એક દિવસ હું બેઠો હતો. ત્યાં બહાર તડકામાં ફરી આવીને બેબીબેન કહે: "મનુભાઈ! તડકામાં ફરવાથી તાવ આવે ખરો?"

મેં જવાબ આપ્યો: "હાસ્તો; જો ખૂબ તડકામાં વધારે ફરીએ તો તાવ આવે."

તરત જ બેબીબેને કહ્યું: "તો હું તડકામાં ફરવાની."

મેં પૂછ્યું: "તે તમને તાવ આવે તે ગમે?"

બેબીબેન કહે: "હા, તાવ આવે તે મને ગમે કેમ કે તાવ આવે એટલે બરફ, નારંગી મોસંબી એવું એવું ખાવાનું મળે. મને બરફ તો ખૂબ ભાવે છે."

: ૨ :

"ધનશ્યામ! મારો હાથ જરા જોરથી ખેંચ તો?"

"પણ શું કરવા?"

"તું તારે ખેંચને; હું કહું છું ને?"

"લે, એમ તે હાથ ખેંચાતો હશે? ઊતરી જ જાયને! અને ઊતરી જાય તો પાછા કાકા લઢે જ તો. ગયે વખતે હાથ ઊતરી ગયો ત્યારે કેવા ખિજાયા હતા?"

"પણ મારે હાથ ઉતારી નાખવો છે: મને હાથ ઊતરી જાય તે ગમે છે."

"લે રાખ, હવે ગાંડી ના થા. હાથ ઉતારવાનું તે કોઈને ગમતું હશે?"

"હા હા; હું કહું છું ને કે મને ગમે છે. તું તારે મારો હાથ ખેંચને?"

"પણ હાથ ઊતરી જાય તે તને શા માટે ગમે છે?"

"લે સાંભળ. હાથ ઊતરી જાય તો અમદાવાદ જવાનું મળે, ત્યાં બધું જોવાનું મળે ને બધી વસ્તુઓ લાવવાનું મળે. એમ ને એમ કોઈ ઓછું જ અમદાવાદ લઈ જવાનું હતું?"

: ૩ :

"અરે ચીમન! એ કાચી કાચી શીંગો ફોતરાં સાથે શું કામ ખાય છે? પેટમાં દુખવા આવશે."

"પણ મારે પેટમાં દુખવા જ લાવવું છે."

"શા માટે પેટમાં દુખવા લાવવું છે?"

"તને ખબર નથી કે આવતી કાલે નિશાળ ઊઘડવાની છે, ને માસ્તરે લેસન તો ખૂબ જ આપ્યું છે?"

"તે તેમાં શું?"

"અરે, મેં કંઈ લેસન કર્યું નથી એટલે માસ્તર મારવાના જ. ને પેટમાં દુખવા આવે તો નિશાળે ન જવું પડે એટલે પછી માસ્તર ક્યાંથી મારવાના હતા?"

શં.

ફરવા લઈ ગયા ત્યારે

એક દિવસ બાલમંદિરનાં બાળકોને લઈ હું ફરવા ગયો. અમે બાગમાં ગયા. ત્યાં અરુણભાઈએ એકાદ વિલાયતી ફૂલ તોડીને સૂંઘ્યું. મને નંદ-બાળા કહેવા આવ્યાં: "આણે ફૂલ તોડ્યું." પણ તે પહેલાં તો અરુણભાઈએ તે ફૂલ નીચે નાખી દીધું હતું. પછી મેં બાગવાનને પૂછી પોતાને ગમે તે એક ફૂલ તોડવાનું બધાં બાળકોને કહ્યું. બધાં બાળકોએ મારી આજ્ઞા પાળી હોય તેમ લાગ્યું. અમે બંગલામાંથી નીકળવાની તૈયારી કરતાં હતાં, ત્યારે મેં બાળકોને ભેળાં કરવા તાળી પાડી. બાળકો ભેળાં થયાં. મેં તેમને ગણ્યાં તો એક બાળક ઘટ્યું. સૌને ત્યાં ઊભાં રાખી હું બગીચામાં જોવા ગયો તો ત્યાં અરુણભાઈ એક હાથમાં વધારેમાં વધારે સુશોભિત એવું એક વિલાયતી ફૂલ અને બીજા હાથમાં મોગરો અને ગુલાબ લઈ ફરતા હતા. ગુલાબની પાંદડી ચૂંટી મોંમાં મૂકતા હતા; મોગરાને અને વિલાયતી ફૂલને નાકે અડાડી સૂંઘતા હતા. હું તો દૂર ઊભો ઊભો આ દૃશ્ય જોવા લાગ્યો. અરુણભાઈ સૂંઘવામાં એટલા તો ગરકાવ થઈ ગયા હતા કે મને એ જોઈ પણ ન શક્યા. એ મોગરો સૂંઘતા ત્યારે એમની મુખમુદ્રા

પરથી એમને થતો આનંદ દેખાઈ આવતો હતો; પણ પેલા વિલાયતી ફૂલને તો એ ખૂબ ટીકી ટીકીને જોતા અને ત્યાર પછી નાક આગળ ધરતા; પણ એ ધરે ન ધરે તે પહેલાં તો તે પાછું લઈ લેતા હતા અને તેને બદલે બીજા હાથમાંનું મોગરાનું ફૂલ સૂંઘતા હતા.

મોગરાનું ફૂલ તેમને માટે ઇંદ્રિયવિકાસમાં ઉપયોગી સાધન હતું, ને વિલાયતી ફૂલ રંગની કેળવણીનું સાધન બન્યું હતું. મને તો હજી પણ એ શું કરે છે એ જોવાની ઇચ્છા હતી. પણ બહાર ઊભેલાં બાળકોએ ખૂમ મારી: "એ ઈશ્વરભાઈ! ચાલોને?"

અરુણની એકાગ્રતા તૂટી. એણે ઊંચું જોયું, ને મને દેખતાં "એ...ઈ!" કહી દોડતા આવ્યા ને મારા હાથમાં બંને ફૂલો મૂકયાં. (કેમ કે ગુલાબનું ફૂલ તો તેમણે પૂરું કર્યું હતું.)

મેં કહ્યું: "શું છે?" જવાબ ન મળ્યો ને અમે બહાર ઊભેલાં બાળકો પાસે ગયા. મેં બાળકોને પેલાં બે ફૂલ રસ્તામાં બતાવ્યાં ને વારાફરતી સૂંઘવાનું કહ્યું. કેટલાંક બાળકો તફાવત સમજ્યાં અને કેટલાંક ન સમજ્યાં.

આ રીતે અરુણભાઈએ મને એક સુંદર દર્શન કરાવ્યું. ઈ.

ઉપયોગી સામયિકો

(For Parents & Children)

1 Pushpa

Editors:—
Shri Hansa Mehta
Bro. Shewak Bhojraj
Subscription Re. 1 yearly.

General Offices:—
"Gulistan": Khar–**Bombay**

2 Parents' Magazine

Editor:—
Mrs. Clara Savage Littledale
Subscription $ 2,50 yearly.

Publishers:—
The Parents' Publishing Association
4600, Diversey Avenue
Chicago (Illinois)

3 Montessori Notes

Founder:—
Dr. Maria Montessori
Subscription 6 s. yearly.

Publishers:—
The Montessori Society
28, Brooke Street, Holborn
London E. C. 1.

4 Children's News

Editors:—
Uma Nehru Govidlal D. Shah.
R. Raman
Subscription Rs. 2–8–0 yearly.

Publishers:—
A. S. Kural
Charkhe–walan
Delhi

બાળપણનાં સંસ્મરણો

: ૧ :

જેને પોતાનું બાલજીવન નયને તરતું હોય અને હૃદયે ઝરતું હોય તે જ બાળદુનિયાની અજબ લીલા જોવા ભાગ્યશાળી થઈ શકે.

બાળકોનાં નાનકડાં સુંદર પગલાંનો મધુર અવાજ, નાના રૂપાળા હાથનાં લટકાં, ચળકતાં નેત્રમાં ઝરતો પ્રેમ, કાલા કાલા શબ્દોની મીઠી રમુજ, મંદ મધુર હાસ્યથી વિલસતું વદન અને નિર્દોષ આનંદનો કલ્લોલ કોણ જોઈ શકે ?

મને મારું બાળપણ યાદ આવે છે. બાલ-મંદિરનાં બાળકોનું સ્વાતંત્ર્ય જોઈ મને અદેખાઈ આવે છે. પ્રભુએ બાળક જ રાખી હોત તો બાલમંદિરમાં બાળકો સાથે આનંદ કરત અને શિશુશિક્ષણના પૂજારી આચાર્યની શિશુ-શિષ્યા થાત. છતાંયે પ્રભુની કૃપા ખરી, નહિ તો એવું સદ્‌ભાગ્ય ક્યાંથી કે હું મોન્ટીસોરી પદ્ધતિનો અભ્યાસ કરવા આવું ?

હું છેક નાની હતી ત્યારથી મને કૂતરાંનાં બચ્ચાં બહુ વહાલાં લાગતાં. તેમને રોજ ખવડાવું, પીવડાવું, નવડાવું, રમાડું અને કોઈ કોઈ વાર તો મારી બા ન જાણે તેમ મારી પથારીમાં પણ સુવાડું ! બા હમેશાં વઢે; કુરકુરિયાંને ઘરમાંથી બહાર કાઢી મૂકે. છતાં હું તો ન મૂકું કે ન માનું. એક કુરકુરિયું બહુ જ રૂપાળું હતું. એના શરીર પર ચટાપટા હતા; વાળ તો જાણે કે મખમલના ન હોય ! એ કૂતરાને મેં પાળ્યો. કેટલાક દિવસ પછી હું બહારગામ ગઈ એવામાં એ કૂતરો ગુજરી ગયો. તે વખતે મને બહુ જ દુઃખ લાગેલું. તે દિવસથી કૂતરાં પાળવાનું મેં છોડી દીધું; છતાં હેત તો બહુ.

હું નાની હતી ત્યારે મારામાં બહુ જ તોફાન હતું. હમણાં બાળકોમાં તો હું તોફાન જ નથી જોતી; બહુ બહુ તો રીસાળ, ચીડિયાં કે રડતાં બાળકો જ દેખું છું.

એક દિવસ હું મારા મામાના છોકરા સાથે રમવા ગયેલી. તે વખતે મારી ઉંમર ચાર વર્ષની હતી. સમજણ વધારે નહિ છતાં ઉદ્યોગ બહુ ગમે. રમતાં રમતાં એક પત્થર ઉપાડ્યો. તેની નીચે એક કાળા સર્પનું બચ્ચું હતું. તેના કાળા ચળકતા નેત્રે મારા મનને આકર્ષ્યું. મેં ઘાઘરી પહેરી હતી તે પાથરી, ને બચ્ચા સામે જોઈ તેને કહેવા લાગી: "આવ આવ, મારા ખોળામાં આવ." પેલું બચ્ચું ચાલતું ચાલતું મારા ખોળામાં આવ્યું એટલે મેં ઘાઘરી ભેગી કરી લીધી અને ભાઈ સાથે ઘર તરફ ઊપડી. ભાઈ પણ લગભગ મારા જેવડો જ હતો. એને સ્પષ્ટ બોલતાં આવડતું ન હતું; બહુ જ તોતડું બોલે, તે કોઈ સમજી ન શકે. હું પાછળ અને ભાઈ આગળ એમ ઘર તરફ જતાં હતાં ત્યાં રસ્તામાં એક માણસ મળ્યો. ભાઈ તેને કચ્છીમાં કહેવા લાગ્યો: "બાપા ! ચોંઈજે ખોળેમેં ચપ. બાપા ! ચોંઈજે ખોળેમેં ચપ." પેલો માણસ તો કંઈ સમજ્યો જ નહિ. એટલામાં ઘર પાસે આવી પહોંચ્યાં. ત્યાં મારી બા ઊભાં હતાં. ભાઈએ તેને કહ્યું: "બાઈ ! ચોંઈજે ખોળેમેં ચપ. બાઈ ! ચોંઈજે ખોળેમેં ચપ." (એટલે, સોનીના ખોળામાં સરપ). મારી બા પણ કાંઈ સમજ્યાં જ નહિ. એમણે મને પૂછ્યું: "આ

ધાધરીમાં શું ભર્યું, બહેન? તારે તો ધૂળમાં રમવું અને કાંકરાપથરા ધાબરીમાં ભરી કપડાં મેલાં કરવાં!" આમ સાંભળી બાને બતાવવા વાળેલી ધાબરી છોડી દીધી એટલે પેલું બચ્ચું નીચે પડયું. મારી બા તો ગભરાયાં. "આ શું, બહેન? તારાં તોફાન તો બસ છે. છોકરાં તો ગામનાં બીજાંયે છે, પણ તું તો તોબા છે! બીજું તો કંઈ નહિ, પણ જો કોઈ જનાવર કરડશે તો આ છોડી વિના કારણે મરી જશે. મારે તે હવે કરવું શું?"

હું એક હતી અને મારા પિતાશ્રી નાનપણમાં જ ગુજરી ગયેલ તેથી બધાં મારૂં માન રાખે; ને તેમ તેમ મારૂં કામ તો વધતું જ જાય. એમ કરતાં કરતાં મોટી થઈ એટલે કેટલીક કુટેવો મારામાં પેઠી. મારાં બા બિચારાં બહુ જ સંભાળ રાખે, પણ હું તો સાંભળું જ નહિ. ગામમાં પ્લેગ થવાથી અમે ગામડામાં રહેવા ગયાં. તે વખતે અમે મામાના કુટુંબ સાથે રહેતાં. મારી મામીનો સ્વભાવ ક્રોધી અને બહુ જ વિચિત્ર; ઘરમાં હમેશાં ધમાલ કરી બેઠાં હોય. કંઈ પણ કજિયો થાય ત્યારે બીજાને ડરાવવા તે બોલે: "હું જાઉં છું, કૂવામાં પડવા!" ને ઘરમાંથી જઈ પાડોશીના ઘરમાં બેસે. ઘરના લોકો તો બિચારા હાંફલાફાંફલા થાય કે હવે શું કરવું? એક તો ઘરનું માણસ જાય, લોકો નિંદા કરે અને પૈસાનું પણ પાણી થાય. બિચારાં લોકલાજની બાતર જેમ ચલવે, તેમ તેમ મામીનો મિજાજ તો વધતો જાય. એના સહવાસમાં રહેવાથી આની અસર મારા પર પણ થઈ. એક દિવસ જમવા બેઠાં ત્યારે મારી થાળીમાં ભાઈ જમતો હતો, તે જોઈ મેં હઠ કરી: "મારી થાળીમાં એને જમવા કેમ આપ્યું?" બાએ બહુ બહુ સમજાવ્યું પણ હું તો એકની બે ન થઈ. મારી બાએ મને મારી. પછી તો મારૂં કમઠાણ ચાલ્યું. "કોઈ દી' નહિ ને આજ મને કેમ મારી? બસ, મારે તો હવે કૂવામાં જ પડવું છે!" બાએ વિચાર કર્યો: "જો એને રોકીશ તો દર વખતે હેરાન કરશે, માટે જવા દો. કૂવામાં પડવું કાંઈ સહેલું છે? ભાભી હમેશાં હેરાન કરે છે એટલું જ બસ છે. છોકરી સાસરે જશે ત્યારે જરા સાસુ કહેશે કે તરત આવું તોફાન માંડશે અને મને વગોવડાવશે; એના કરતાં છોકરી ન હોય તો જ સારૂં." આવો વિચાર કરી બાએ મને કહ્યું: "જા, પડ કૂવામાં. મને તું નથી જોઈતી." હું પણ હઠમાં પૂરી હતી એટલે ગઈ કૂવે; પણ કૂવામાં પડવું કાંઈ રમતવાત હતી? હું તો કૂવાની પાળ પર બેઠી; પગ કૂવામાં લટકતા રાખ્યા અને પાણી જોયા કર્યું. લગભગ એક કલાક થયો હશે ત્યારે મામા અને મારી બા હાથમાં દોરી લઈને આવ્યાં. હું તો જરાયે બોલી નહિ. ત્યારે બાએ પૂછ્યું: "કેમ, કૂવામાં પડવું છે?" મારામાં અભિમાન કંઈ ઓછું ન હતું. મેં કહ્યું: "હા, મારે તો કૂવામાં પડવું જ છે." ત્યારે બાએ મામાને કહ્યું: "જોયું, ભાઈ! આટલી નાની હોવા છતાં પોતાની વાત છોડતી નથી, ત્યારે મોટી થશે તો કોણ જાણે શું યે કરશે! મારે તો એની ખોડ મટાડવી જ છે.' પછી મને કહ્યું: "ચાલ, તૈયાર થા; તને કૂવામાં નાખું છું." હું પણ તૈયાર થઈ એટલે મારી બાએ દોરી મારી કમરમાં બાંધી અને કૂવામાં ઉતારી; ત્યાં સુધી તો મારૂં અભિમાન ઓછું ન થયું. પણ જ્યારે પાણી

છાતી સુધી આવ્યું ત્યારે બોલી: "ભાઈશા'બ! હવે કોઈ દી' કૂવાનું નામ પણ ન લઉં. હવે મને બહાર કાઢો." મારી બાએ તો નક્કી જ વિચાર કર્યો હતો કે જ્યાં સુધી પોતાની ભૂલ કબૂલ ન કરે ત્યાં સુધી છોડવી જ નહિ. થોડી વાર કૂવામાં રાખી. હું તો નરમઘેંશ જેવી થઈ ગઈ, અને તે દિવસથી આવો ઢોંગ કરતાં જ ભૂલી ગઈ! બસ, તે દિવસથી રીસ, કજિયો કે હઠ તો કરતાં જ ભૂલી ગઈ. આવી રીતે એવાં તો ઘણાં જ તોફાનો કર્યાં. છેક નાની હતી ત્યારે તો પગમાં દોરી બાંધી થાંભલા સાથે બાંધી રાખતા, નહિતર રસોયાનો ચોકો રોજ વટલાવું! એ બિચારાને રોજ ફરી રાંધવું પડતું, પણ બાળકને શું કહી શકાય?

મને નાનપણથી જ સાદાઈ પસંદ. લૂગડાં કે ઘરેણાંનો શોખ જ ન હતો; જેવાં બા સીવે તેવાં ગમે. પણ જ્યારથી હું સીવવા શીખી ત્યારથી કોઈનાં કપડાં સીવેલાં ન ગમતાં. હું શીવણ કેમ શીખી, તે લખું છું.

મારી બા શીવણકામ કરતાં. હું એમની પાસે બેસતી અને બરોબર જોતી–કેમ કાપે છે, કેમ કટકા જોડે છે. એમ કરતાં કરતાં મને શીવણકામમાં રસ પડ્યો. રમતગમત કરતાં જ ભૂલી ગઈ. બસ સોય, દોરા, કાતર અને લૂગડાના કટકા. આખો દિવસ ઢીંગલીનાં કપડાં સીવું. જરી અને રેશમનું ભરત પણ આવી રીતે શીખી. મારી બા એમ તો બહુ ભલાં. એને છોકરી હોશિયાર થાય એવી ઇચ્છા પણ ખરી, એટલે મને જે સાધનો જોઈએ તે બધાં પૂરાં પાડે. પણ નિશાળે જવાનું તો નામ જ નહિ. હું પાંચ વર્ષની હતી ત્યારથી નિશાળે મોકલવાના મારી બાએ પ્રયત્નો કરેલા, પણ હું તો જઉં જ શાની? મારે તો માટીનાં રમકડાં બનાવવાં, ઢીંગલીનાં કપડાં સીવવાં વગેરે કલા-કૌશલ્યનું કામ કરવું, તે નિશાળમાં ક્યાંથી મળે? તેમાં પણ કચ્છ જેવા અજ્ઞાન દેશમાં 'કળા' એટલે શું તેનું ભાન પણ ન હોય, ત્યાં શાળામાં તો એ વિષય દાખલ જ ક્યાંથી થઈ શકે? ત્યાં તો પહેલી, બીજી કે ત્રીજી ચોપડી સુધી છોકરીઓને શીખવે એટલે તો બસ જાણે મોટો મીર માર્યો! જે ચાર ચોપડી સુધી છોકરીને ભણાવે તે તો મોટો સુધરેલ ગણાય. મારી બા પણ એમ જ ઇચ્છતાં કે "મારી દીકરી સારી રીતે અભ્યાસ કરે તો ઠીક." પણ મને ક્યાં ભણવાની પરવા હતી? ઘણા પ્રયત્નો કર્યા, ત્યારે માંડમાંડ નિશાળે ગઈ ખરી; પણ ગમે જ શાનું? નિશાળમાંથી માણસ તેડવા આવે તો એક કલાક તેને ખોટી કરું. ભૂખ ન લાગી હોય તો પણ ભૂખ લાગી છે, એમ કરી બાવા બેસું; બાવાનું ન ભાવે

મૂગાવો!

શ્રીદક્ષિણામૂર્તિ બાલઅધ્યાપનમંદિરના

વિદ્યાર્થીઓની યાદી

(સને ૧૯૨૦ થી ૧૯૩૫ સુધીની)

શ્રીદક્ષિણામૂર્તિ બાલઅધ્યાપનમંદિરના પહેલેથી અત્યાર સુધીના બધા જ વિદ્યાર્થીઓની એક યાદી તૈયાર કરી છપાવવામાં આવી છે. બધા વિદ્યાર્થીઓને તે ઉપયોગી થશે એમ માનીએ છીએ.

કિંમત ૦–૫–૦ પોસ્ટેજ સહિત.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

એટલે હાથમાં લઈ ચકલાની જેમ ચણું; પણ જલદી તૈયાર ન થાઉં! ખાવાનું પૂરું થાય એટલે માથું ઓળવાનું શરૂ થાય; તે પણ બાનું ઓળેલું ન ચાલે. પોતાની મેળે જ ઓળવું જોઈએ. સત્તર વાર ચોટલો વાળું અને છોડું, ત્યારે માંડમાંડ એ કામ પૂરું થાય. પછી થાય હાથપગ ધોવાનું શરૂ. બિચારો માણસ તેડવા આવે તે કંટાળી જાય ત્યાં સુધી મારી તૈયારી પૂરી જ ન થાય. બા પણ મૂંઝાય, પણ કરે શું? ઘણી લાલચ આપે, પણ લલચાઉં શાની? મને ક્યાં ખાવાની કે પહેરવાની પરવા હતી? ગોળ ને રોટલો ખાવા મળે એટલે અમૃતભોજન મળ્યું. કપડાં ધોયેલાં હોય એટલે બસ; નવાંજૂનાંનો ભેદ જ નહોતી જાણતી. પછી એનાથી વધુ લાલચ બાળક માટે હોઈ પણ શી શકે? જો વધારે ધમકાવે તો ઊલટી વધુ બગડું, એટલે જેમ બને તેમ પ્રેમથી વશ કરતાં. જેમ કરવા ઇચ્છું તેમ કરવા દે. તેડવા આવનાર માણસને વધુ પૈસા આપે. એમ કરી જેમ તેમ નિશાળમાં જઉં એવા પ્રયત્નો કર્યા કરે. શિક્ષકને પણ ભલામણ કરી: "જેમ તેમ નિશાળમાં બેસે તો બસ છે; પછી એની મેળે ભણશે."

નિશાળમાં જવા લાગી એટલે બેનપણીઓ સાથે પણ વધારે રહેવાનું એટલે મારી મૈત્રીભાવના વધવા લાગી. પછી તો બેનપણીઓને જોઈ હું પણ ભણવા લાગી. માસ્તર બિચારા ભલા હતા એટલે કંઈ બોલે જ નહિ. જેમ ફાવે તેમ હું કરતી. એમ કરતાં કરતાં લખવા વાંચવા જેટલું આવડ્યું. પછી તો અભ્યાસમાં રસ પડવા લાગ્યો. એટલામાં તો મારી બાએ લગ્નની તૈયારી કરી. બસ, મારો અભ્યાસ થયો પૂરો! હજુ તો મને દસ જ વર્ષ થયાં હતાં, ત્યાં થયું સાસરે જવાનું. ત્યારથી મારું બાલ્ય પૂરું થયું અને લોકોની દૃષ્ટિએ હું ગૃહિણી બની. પણ મારો બાલસ્વભાવ કંઈ મટવાનો હતો? મોજીલાપણું, સ્વાતંત્ર્ય અને નવીન કલાઓનો અભ્યાસ તો મારો ચાલુ જ હતો. સાસરું એટલે શું, એની મને ખબર પણ ન હતી! મને સાસરે મોકલવામાં આવી હતી પણ હું તો બાળક જ હતી, એટલે ત્યાં કેમ રહેવું તેની પણ ક્યાંથી ખબર જ હોય? હિંદના લોકો બાળકોનું જીવન કેવી રીતે કચડી નાખે છે તેનો મને તો પૂરેપૂરો બાલજીવનનો અનુભવ છે. હું જ્યારે ખીલવા લાગી ત્યારે જ મને કેદમાં પૂરી! હિંદમાં સાસરું તો છોકરીને માટે 'જેલ' ની જ કોટડી! મારી બા તો બહુ જ ભલાં હતાં, છતાં રૂઢિનાં ગુલામ એટલે આ રાક્ષસી રૂઢિને અનુસરવું જ પડ્યું! એટલે મારી દરેક શક્તિઓનો વિકાસ ત્યારથી જ અટક્યો.

બાલપણનાં સ્મરણો કેટલાંક લખું? જેટલાં લખું તેટલાં થોડાં જ છે. પાનાંનાં પાનાં ભરાય તોયે પાર ન આવે. બાલજીવન એ એક અદ્ભુત અવસ્થા છે. તે અવસ્થાની પ્રવૃત્તિઓ બધી સ્વાભાવિક હોય છે. ખરેખર, બાલજીવનની મજા તો કાંઈક ઓર જ છે.

હે પ્રભુ! મને સદા બાળક જ રાખી હોત તો? આજે હું બાલમંદિરમાં કેવો કલ્લોલ કરત? મારી ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, શરીર અને આત્માનો કેટલો બધો વિકાસ થાત? બાલમંદિરની આસપાસની સુરમ્ય કુદરતનો ઓર જ આનંદ લેત.

ૐ શાંતિ! શાંતિ! શાંતિ! ક્ષ.

: ૨ :

આ બાળપણની શરૂઆત પાંચ વર્ષથી ગણું છું. કારણ પાંચ વર્ષ પહેલાંની હકીકત મને કે કોઈને ભાગ્યે જ યાદ હશે. આ બાળપણ સાંભરતાં હર્ષ અને શોક બન્ને થાય છે; કોઈ કોઈ વખત રીસ પણ ચડે છે. શિક્ષકોએ દાખેલી વૃત્તિના પ્રસંગો યાદ આવતાં તિરસ્કાર થાય છે. સાથેાસાથ તેમના અજ્ઞાનનો પણ વિચાર આવે છે.

પ્રભુકૃપાથી ઘર તરફથી મને સંપૂર્ણ સ્વતંત્રતા હતી. મને બાધા કરનાર કોઈ ન હતું. આખા ઘરમાં મને બધા ખેપાન, કબાડી કહીને ઓળખતાં હતાં. નાનો છતાં મારાં નાનાં મોટાં બધાં ભાંડરૂને પહોંચી વળતો, ને રોવરાવતો પણ ખરો. મારા મોટા ભાઈ જે મારાથી છ વર્ષ મોટા છે, તેમને પણ મેં પછાડેલા. તેમને લાગ્યું ને તે રડવા લાગ્યા; મારી બાએ મને ધમકાવ્યો, ને કદાચ માર્યો પણ હશે. મારા મોટા ભાઈની આંખમાં આંસુ જોઈ મને મારા આ કૃત્ય માટે પસ્તાવો થયો. પછી કદી મેં એમને માર્યા હોય એવું યાદ નથી.

મારા ભાઈ મને મારવા આવતાં હું દોડીને મારી મોટી માના ખોળામાં ઘૂસી જતો ને કહેતોઃ "જુઓને, આ મને મારે છે." ઘરડાં માતુશ્રી વઢીને તેમને કાઢી મૂકતાં ને હું બચી જતો. કોઈ વખત મારા મોટા ભાઈને 'મોટિયો' કહી ખીજવતો. આવી રીતે સંબોધીએ એટલે સ્વાભાવિક રીસ તો ચડે જ. મને મારવા આવે એટલે માતુશ્રી પાસે દોડ્યો જઉં! અત્યારે તો એ મૂર્ખાઈ માટે પસ્તાવો થાય છે, પણ ઘણાંનાં બાળપણ આવાં તોફાની જ સાંભળ્યાં છે. કોઈ વખત મારી બહેનોને પણ ચીડવતો. તેઓ મારી બા પાસે ફરિયાદ લઈ જાય. મારી બા મારવાની ધમકી આપતાં એટલે હું બહાર રમવા ભાગી જતો. રમી ફરી ઘેર આવું એટલે મને બીક રહેતી; પણ મારી બા કંઈ ન કહેતાં તેથી મને પશ્ચાત્તાપ થતો. કોઈ વાર મારી બા એમ પણ કહેતાં કે બહેનને મારીએ તો હાથે થોર ઊગે. મને થતું કે, શું આ સાચું હશે? થોર ઊગ્યાની વાત કહેતાં ત્યારે થોરની મને કલ્પના આવતી ને એમ થતું કે થોર ઊગ્યાં હોય તો તો બહુ દુઃખ થાય. ભૂલથી ગાલ પર હાથ પડ્યો હોય તો ગાલ વીંધાઈ જાય. આ કલ્પનાથી ભયભીત થતો. એક રાત્રે તો મને બીક પેસી ગઈ કે નક્કી કાલે થોર ઊગશે. બીજે દિવસે ઊઠીને તરત જોયું, પણ થોર ન હતા તેથી રાજી થયો; ને મનમાં હવેથી બહેનને મારવી નહિ એવો વિચાર કર્યો.

હું પાંચ વર્ષનો હતો ત્યારે મારા પિતાશ્રી ગુજરી ગયેલ. કોઈ વાર મારાં માતુશ્રીને રડતાં જોઉં ત્યારે પૂછતોઃ "બા! શું કામ રૂઓ છો?" એ વખતે મને પણ રડવું આવી જતું. મારા ભાઈ કે બહેન કે અન્ય કોઈને હું રડતાં જોતો તો ગળગળો થઈ જતો. કોઈ ખોડવાળા માણસને કે રડતાને જોઈ હૃદયમાં ઊંડા શેરડા પડતા.

ઘરે રમવાની રમતોમાં ઝાલકોદા, ખીલપાડો, અજવાળિયું અંધારિયું, સંતાકલોદા, વાંદરોવાંદરો, એન ધેન ડાહીનો ધોડો વગેરે રમતા. સંતાકલાદામાં બહુ વિચિત્ર જગ્યાએ સંતાઈ જતો; કોઈ વાર ગોદડામાં ભરાઈ જતો. વાંદરાની રમતમાં એક જણને વાંદરો બનાવી ઊંચે નાટ ઉપર ચડાવતા; પછી એને ખાવાનું આપતા.

બે ત્રણ જણ હોઈએ અને ઇચ્છા થઈ આવી હોય તો માટીનાં રમકડાં બનાવતા. રમકડાંમાં હાથી, ઘોડો, ઘોડેસ્વાર, બળદ, શંકર, નાગ વગેરે બનાવતા. સ્વારના હાથમાં સળી આપી કચરાનું ટોપકું કરી ભાલું બનાવતા. બળદ તો શીંગડાં, પૂંછડું તથા કાનથી ઓળખાતો. કોઈ વાર બે જણ નવરા હોઈએ ત્યારે વાદળાંના જાત-જાતના થતા આકારો ઓળખતા અને હસતા.

સાંજે વાળુ કર્યા પછી મારી બા વાર્તા કહેતાં. કોઈ વાર વહેલો વાળુ કર્યો હોઉં તો બાટલા ઉપર ગલોટિયાં મારતો અથવા સૂતાં સૂતાં બે કાનમાં આંગળી ભરાવી અમુક જાતનો રાગ કાઢી ગાતો, અને એમાં મને મજા પડતી. એક વખત કામમાં મારા સંગીતે ગરબડ કરી તેથી મારી બાએ કહ્યું: "રાખને હવે, કયારનો રાગડા તાણ્યા કરે છે તે સાંભળવા તો દે?" મારે સંગીતનો ક્રમ બંધ કરવો પડ્યો. બંધ કરતી વખતે થોડું દુઃખ થયેલું, પણ ત્યાર પછી બીજી કોઈ લતે ચડી ગયેલો.

કોઈ વખત જમ, ભૂત વગેરેની વાતો સાંભળી સાધારણ બ્હીતો; અંધારું થયા પછી એકલો મારા ઘરમાં જઈ ન શકતો. કંઈક બબડે તોયે બ્હીતો.

પાડોશીનાં છોકરાંઓ સાથે શેરીમાં રમતો. બાસ રમતમાં ઠીંકરાના પૈસા ને કચરાનું બાવાનું બનાવી વેચતા. સાટોડીનાં પાનની રોટલી બનાવતા. ઠીંકરાની ગાયો અને ભેંશો બનાવીને ચારવા જતા. રંગનો સાધારણ ખ્યાલ આ વખતે પણ હતો. ગાય રાતી હોવાથી ગોળાના ઠીંકરાની ગાય, અને ભેંશ કાળી તેથી દોણાના ઠીંકરાની ભેંશ કરતો.

કોઈ વખત ઘોડાગાડી કરી રમતો. ભમરડે પણ રમતો. બહિર સફરોમાં કોઈ વખત અમારા સાથી સાથે ગાડામાં બેસી તેની વાડીએ જવાનું થતું ત્યારે હું રાજી રાજી થઈ જતો. વાડીની હરિયાળી ભૂમિ નીરખતો; પીંપર ઉપર ચડતો, ડાળી હલાવી રાડો પાડી આંબાના ઊભરા હલવતો. હોલીનાં બચ્ચાં માળામાંથી ઉતારી રમાડતો; પગે દોરી બાંધી ઉડાડતો; સાચવીને મૂકી દેતો. ઝાડે રમવામાં કોઈ આડે ન આવતું તેથી હું ખૂબ મજા લઈ શકતો. બવાસના છોકરાઓ ભાઈબંધ હોવાથી કોઈ વાર જંગલમાં જતો. હરણનું ટોળું હોય તો ઉઠાડતા; હું ન જતો. મને બીક લાગતી કે કાળિયાર શીંગડું મારી પેટ ફોડી નાંખે તો?

નિશાળે કેમ બેઠો, એ વખતે કેવા વિચાર હતા, એ કંઈ યાદ નથી. નિશાળે શિક્ષક મારે એવું ઘણા પાસેથી સાંભળ્યું હતું; પણ મને તો કોઈએ ન માર્યો એટલે એ ખ્યાલ–એ બીક નીકળી ગઈ. વળી સદ્‌ભાગ્યે મોટા શિક્ષકનો એક દીકરો મારી સાથે ભણતો. અમે બંને ગોઠિયા હતા. હું અને તે પહેલે દિવસે જ દસ એકડા શીખી ગયા હતા. નિશાળમાં બાસ બાધક મને કોઈ ન હતું. છતાં શિક્ષકની રજા સિવાય ક્યાંયે જવાતું નહિ. પેશાબ કરવા જવા 'પાંચ મિનિટ' સુધી આંગળી ધરી રાખીએ ત્યારે રજા મળતી. પછી તો કોઈનું ધ્યાન ન હોય તોય આંગળી ઊંચી કરી ચાલ્યો જતો. જ્યારે ઠોઠ છોકરાઓને જોઉં છું ત્યારે મને મારું બાળપણ યાદ આવે છે. હું કેવી રીતે ભણ્યો તે મને યાદ જ નથી; એ વર્ષો તો વાયુવેગે ગયાં હોય એમ લાગે છે. હું પહેલી ભણતો ત્યારે

અમારા એક શિક્ષક જ્યારે કોઈ શાળામાં આવે ત્યારે પોતાની બડાઈ બતાવવા મને તથા મારા ભાઈબંધને બોલાવતા અને કહેતા: "બોલો કવિતા." અમે 'હાલરડું વહાલું, હો ભાઈને' એ લલકારતા. કોઈ વાર લહેરમાં આવી જાય ત્યારે કહે: "બોલો બીજી. વિસરૂં નહિ પ્રભુ નામ." અમે ગાતા ત્યારે એ મોઢું ધુણાવતો. કોઈ માણસ આવે ત્યારે બડાઈ બતાવવા બીજી ગુજરાતીમાં 'કષ્ટનષ્ટાષ્ટક' 'સ્થિતિસ્થાપક' 'સંગ્રહસ્થાન' જેવા રાક્ષસી શબ્દો અમને લખાવતો. ઘણા સાતમી ગુજરાતીવાળા પણ 'સ્થિતિસ્થાપક'ની સાચી જોડણી નથી લખી શકતા. 'કષ્ટનષ્ટાષ્ટક' જેવો લાંબો ને અઘરો શબ્દ તો હું આઠ દિવસે લખતાં શીખેલો.

હું તથા મારી બહેન ચાર ગુજરાતી સુધી સાથે ભણતાં. હું વહેલો ઊઠું પણ બધાના ઊઠ્યા પછી સાથે જ જાઉં. મારે નિશાળે જતાં રસ્તામાં બે મુશ્કેલીના પહાડ આવતા; એક મોટ્ટો ડાઘિયો કૂતરો જે કોઈને એકલા જવા ન દે, ને બીજું, જરા આગળ ચાલીએ ત્યાં એક ઓટલા ઉપર ચાર પાંચ છોકરા બેઠા હોય; તે અમારી નાનાની ટોળી જુએ એટલે બકરાં પર વાઘ તૂટી પડે એમ તૂટી પડતા! બધા પાસેથી એકેક કાંકરો પડાવે. હમેશાં ક્યાંથી કાઢવા? ઘરે હમેશાં મગાયે કેમ? આથી રોજ મોટા સાથે જ જવું પડતું. જો પછવાડે રહી ગયા તો મોતના દી'! આથી જ હું મારાં ભાઈબહેનને ઉઠાડી તેમની સાથે જતો. તેઓ આ મારી પહાડ જેવી મુશ્કેલી ન સમજતાં. મારી બહેન મારાથી ઉપર ચડવા મને ઉઠાડ્યા વિના ચાલી જતી. એક વખત આમ બન્યું. હું મારી બા પર ખૂબ ખિજાયો; મારી બાને વઢ્યો. પણ ઉપાય શો? છેવટે રમ્યો; નિશાળે નહિ જઉં એમ કહ્યું. આખરે મારી બાની ધમકીથી ઘર બહાર નીકળ્યો. હું શું કામ નહોતો જતો એ સમજવાનો મારી બાએ પ્રયત્ન ન કર્યો. છેવટે મારે બંનેમાંથી બચવા નવો જ રસ્તો શોધવો પડ્યો. અમારા ઘર પાસે મંદિર હતું ત્યાં જઈ ને બેઠો. "બહેનને ઘેર જતી જોઈશ ત્યારે સાથોસાથ જતો રહીશ." એમ ધાર્યું. લખવાનું ત્યાં લખ્યું; પેશાબ કરવા જવા માટે સામે ચિત્ર હતું તેની સામે આંગળી ધરી રજા માગતો ને છેવટે મારી મેળે 'હા' કહી જતો. પણ હું પકડાઈ ગયો. મારી બહેન ક્યારે ઘેર ગઈ એ ધ્યાન ન રહ્યું અને હું મોડો પહોંચ્યો. મારી બાએ મારા મોટા ભાઈને પૂછ્યું: "બચુ આજે નિશાળે આવ્યો હતો?" તેમણે કહ્યું: "ના; મેં તો એને ક્યાંયે ભાળ્યો નો'તો." મારી ચોરી પકડાઈ ગઈ! મને ઓસરીમાં ખૂણામાં બેસાડ્યો; હાથ બાંધવાની તૈયારીમાં હતાં ત્યાં મારાં મોટાં બા આવી પહોંચ્યાં. તેમણે મારી બાને કહ્યું: "હવે કોઈ વાર નિશાળે ન જાય તો એમાં શું થઈ ગયું? એને માર મા. હશે, છોકરું છે!" મારી બાએ કહ્યું: "ન જાય કેમ? આખો દી' ક્યાં હતો? આજ તો ખાવા જ નથી આપવું." મને ભૂખ્યો બહાર બેસાડ્યો. બધાં ઘરમાં જમે ને હું ભૂખ્યો બહાર બેસી રહ્યો. બહાર બેઠાં બેઠાં મને ભૂખના વિચાર નહોતા આવતા, પણ પેલા દરરોજ કાંકરા માગનારના જ આવતા હતા. છેવટે ન જવાનું કારણ રોતાં રોતાં ખિજાઈને જણાવ્યું. મારી બાએ મને સાથે તેડી જવાની મોટાભાઈને ભલામણ કરી, ને છેવટે મને ખાવાનું મળ્યું.

નિશાળમાં સાધારણ રીતે શિક્ષકની પદ્ધતિ પ્રમાણે ચાલતાં સ્વયંસ્ફૂર્તિ દબાતી. કોઈ વખત ઇચ્છા ન હોય તો પણ આંક લખી લખીને ડૂચો નીકળી જતો ! આંક ન લખીએ તો ત્રણ ભયઃ શિક્ષક મારે, છેલ્લા કાઢે અને વળી સાંજે આંક લખીએ પછી જવા દે. એટલે વગર કહ્યે આંક લખવા જ પડતા. રાત્રે સાત આઠ છોકરા ભેગા થઈ મોટા રાગડા તાણી મોપાટ લેતા. ભણવાની લત વિશેષ હતી, એટલે મોટા ભાઈની સાથે કોઈ કોઈ વખત નિશાળે સૂવા જતો. એક વિદ્યાર્થી શિક્ષકનો માનીતો હતો; એના કરતાં મને કંઈ વધુ આવડતું તો મને પાછો પાડી દેતા. આથી શિક્ષક પર મને જે માન હતું તે એક હાથ ઓછું થઈ જતું. એના તરફ તિરસ્કાર છૂટતો અને એના ભૂંડા લાંબડા મોઢાને કલ્પનામાં તિરસ્કારતો. એણે આ જાણીજોઈને પક્ષપાત કર્યો છે એ હું જાણી શકતો.

બપોરે નિશાળમાં એક ચોપડીમાંથી એક વખત હું એક ગાયન ગાતો હતો. શિક્ષકે કહ્યું: "શું છે, ગા જોઈએ તાણીને?" મેં ગાવાનું શરૂ કર્યું. થોડી વાર પછી ઊંઘમાંથી ઝબકીને જાગ્યા હોય તેમ ઊંચું ડોકું કરી ભભકયાઃ "હેઠો બેશ, કોડા ! ગાયાં એ તો. વાયડો !" મને તો ખૂબ ક્રોધ ચઢ્યો; તેણે ગાવાનું કહ્યું ને મેં ગાયું. ગાયન કંઈ ખરાબ ન હતું. એકદમ કુવાડો મારીને મારી વૃત્તિ કુંઠિત કરી નાખી. મનમાં મનમાં મેં ગાળો પણ આપી. ત્યાર પછી જ્યારે હું એને જોતો, ત્યારે મને એના ઉપર ક્રોધ જ ચડતો. પોતાની વૃત્તિ કે કાર્યની આડે આવનાર માણસ બાળકને ઝેર સમાન લાગે છે. ત્યાર પછીથી મને એને માટે લાગણી જ નહોતી થઈ.

જ્યારે હું બીજી ભણતો ત્યારે અમારો શિક્ષક મને સાતમી ચોપડી વંચાવતો. હું કડકડાટ વાંચી જતો; અંદરથી સમજતો પાઈભારે નહિ ! પણ કોઈ આવે કે તરત મને સાતમી ચોપડી વંચાવતા. દર શનિવારે આંક પૂછવામાં આવતા. પહેલીથી સાતમી સુધીનાને બધાને ફળિયામાં હારબંધ ઊભા રાખતા, ને બધાયને આંકના સવાલ પૂછતા. અમે ત્રણચાર જણા તો ઠેઠ સાતમીવાળા ઉપર જતા. સાંજે બધાય સામસામા પ્રશ્નો પૂછતા. હું કોઈ સાતમીવાળાને જ પૂછતો. આંક, અથવા સાત આઠ રૂપિયાની પાઈ કેટલી થાય, એવું પૂછતો. સાતમીવાળાને આંક પણ સારા ન આવડતા હોય, અને સાત આઠ રૂપિયાની પાઈ મોઢે કયાંથી આવડતી હોય ? અમે તો પહેલેથી સરવાળો કરી આંકડો યાદ રાખતા. સાતમીવાળાને બીજીવાળા સાથે કાઢતો ને હું સાતમીવાળા સાથે બેસતો. આથી ઘણો હર્ષ થતો. તે સાથે સાથે ઊતરનારનું પડી ગયેલ મોઢું પણ પારખી શકતો. કિન્ડરગાર્ટનની ઘનની પેટીની રમત મને ગમતી નહિ, છતાં તેની ગાડી શિક્ષકના કહેવા પ્રમાણે બનાવતો; ભૂલ થાય તો થપાટ વાગતી. એના છોકરાને "ભાઈ" કહી બોલાવવો પડતો. એક મારકણા શિક્ષકને અમે પાછળથી "ટેગરો" ઉપનામ આપ્યું હતું. એણે મને કોઈ દી' માર્યો હોય એવું યાદ નથી. સાધારણ રીતે બધી બાબતમાં હું હોશિયાર હોવાથી મારનો પ્રસંગ બન્યો જ નથી; મોઢેથી ઠપકો આપતા, ને ઠપકો જ મને વિશેષ સાલતો. ઠપકો મારી ઇચ્છા પ્રમાણે કરતો તેથી જ મળતો; ને નિશાળમાં તો ઘણા પ્રસંગો બનતા જેમાં પોતાની ઇચ્છા વિરુદ્ધ કાર્ય કરવું પડે. ફ્રા.

સાર્થક પ્રવૃત્તિ

અમેરિકાના વિલમીંગટન શહેરની ટાવરહીલ શાળાના હેડમાસ્તર મી. બર્ટન ફ્રાઉલરે ક્રોનબર્ગ કૅસલમાં ભાષણ આપતાં "કળવણીમાં સાર્થક પ્રવૃત્તિ"* ના પ્રયોગ અને મુદ્દાઓ વિષે વર્ણન કર્યું હતું.

સાર્થક પ્રવૃત્તિનો વિચાર ડૉકટર કુવીએ પ્રચારમાં મૂકયો; અને તે વિચાર ભણતરથી માનવી બનાવવાને બદલે બરા જીવન દ્વારા ભણવાનું પ્રેરે છે. તે એમ સૂચવે છે કે ભણતર એ નવી નવી શોધો અને તપાસોની પ્રવૃત્તિ છે. તે કાંઈ જૂના જમાનાની નિશાળોમાંથી ઊતરી આવેલા તૈયાર જ્ઞાનની પદ્ધતિ નથી. દરરોજના જીવનના તાત્કાલિક હેતુઓ કે અર્થો દ્વારા શિક્ષણ લેવાનો આ વિચાર કુવીના કેળવણીશાસ્ત્રનો તેમ જ હાલની પ્રગતિમાન કેળવણીની બધી હિલચાલોનો મૂળ મુદ્દો છે. છેલ્લા દસકાથી પ્રશ્નપદ્ધતિ અને પ્રયોગપદ્ધતિ અમેરિકામાં અતિશય લોકપ્રિય થયેલ છે.

આ પ્રયોગપદ્ધતિ કે સાર્થક પ્રવૃત્તિ પદ્ધતિને કદાચ બનાવટી શિક્ષણતદબીર બની જવાનો ભય છે. કુવીના વિચારોના પ્રથમકરણને આધારે કીલપેટ્રીક લક્કડકામ, પોશાકકામ, આઇવન હો, શેકસપીયર, અને બાઈનોમિયલ સિદ્ધાંતો—એ બધા વિષયોને સાર્થક, ઉપયોગી અને અમલમાં આવે એવા બનાવ્યા છે. સાર્થક પ્રવૃત્તિ તો પણ એક શાસ્ત્ર છે અને અગાઉના કરતાં આજે તે શિક્ષણકળામાં વધારે અસર, વધારે ચેતના, અને વધારે ગૌરવ પ્રકટાવી રહેલ છે.

*Project Method in Education

જો કે આમાં પ્રવૃત્તિના ક્રમોની ઓછી વાત છે, તો પણ તેના વહીવટમાં એકમો, રસકેંદ્રો, કામો, સાહસો અને સમૂહપ્રવૃત્તિઓ વગેરેમાં તે વિકસી રહે છે. મુખ્ય આશય એ છે કે જો બાળકોની ઉમેદો ડાહ્યા શિક્ષકોથી નિયમસર દોરાય તો તે જ શિક્ષણ પ્રાપ્ત થવાનો બરો અસરકારક રસ્તો છે. આ વાત સાચી છે, કેમ કે ભણતરનો સાચો નિયમ એ જ છે. કોઈ પણ કામ બાળકોનું બરા દિલનું હોવું જોઈએ; તેની યોજના ઘડવામાં પણ તેને ભાગ લેવા દેવો જોઈએ; અને તે કામ અમલમાં મૂકવામાં તેને અમુક અંશે પસંદગી આપવી જોઈએ. માત્ર વહેવારૂ નિયમ નહિ પણ એવો સિદ્ધાંત માનવામાં આવે છે કે સાર્થક પ્રવૃત્તિ બાળકના ભણતરનો અર્થ અને દિશા તો જરૂર બતાવે છે—પછી તે જાતની પ્રવૃત્તિથી બાળક કોઈ બોટ બનાવતું હોય કે કદાચ કોઈ કાવ્યનો આનંદ લેતું હોય.

ડૉકટર એડલેઈડ આયરે સાર્થક પ્રવૃત્તિના નમૂના' માં ચાર મુખ્ય નમૂનાઓ જે યુનાઇટેડ સ્ટેટસની ઊંચી શાળાઓમાં વપરાય છે, તેની ચર્ચા કરી હતી. સૌથી સહેલાઈથી સમજાય એવી પ્રવૃત્તિ એ છે કે તેમાં કેટલાંક સાધનોનો ઉપયોગ થાય છે અને તેનું દૃશ્ય પરિણામ પણ આવે છે. દાખલા તરીકે, એક આઠમા ગ્રેઈડના વિદ્યાર્થિસમૂહે એક જૂના સ્ટોરવાળા ભોંયતળિયાના ભંડકિયાને એક આકર્ષક ઉદ્યોગગૃહ બનાવવાનો નિશ્ચય કર્યો. તેમણે રંગની યોજના ઘડી, ખર્ચની અટકળ કાઢી, ફંડ કેમ ઊભું કરવું તે પણ વિચાર્યું; ચિત્રા-

મણ અને ઉદ્યોગગૃહને યોગ્ય સામગ્રી નક્કી કરી; પડદા, વીજળી, પ્રકાશ અને છાયા વગેરેનો વિચાર કર્યો. કેટલાંક અઠવાડિયાંની સખ્ત મહેનત પછી એક મોહક ઉદ્યોગગૃહ ઊભું થયું. અત્યારે તે તેમના કામના કાયમી સ્મૃતિસ્થાન તરીકે ટકી રહેલું છે.

એક પહેલા ગ્રેડવાળાઓ શાળાના વર્ષની શરૂઆતમાં એક ખેતરે ગયેલા. પછી વર્ગમાં આવ્યા ત્યારે તેમનામાં કંઈ અદ્ભુત ચેતના પ્રકટી હતી. દરેક જણ પોતે ત્યાં શું કર્યું અને શું શું જોયું તેની જ વાતો કર્યા કરતા હતા. શિક્ષિકાએ તેમને સૂચવ્યું કે "તમે જે જે કહેતા જાઓ તેની નોંધ કાળા પાટિયા ઉપર હું ઉતારી લઉં એટલે એ નોંધ તમારે આગળ ઉપર આ વાત સંભારવામાં કામ લાગશે." તેણે ડિકટેશન ઉતારી લેવા માટે છોકરાંએ જોયેલીઅનુભવેલી વાતો ઉતરાવવામાં ટૂંકાં અને સાદાં વાક્યો વાપરવાનું, અને તે વાતો લખાવતાં તેનું પુનરાવર્તન કરતા જવાનું છોકરાંને સૂચવ્યું. પછી તેણે ધીમે ધીમે યુક્તિથી જે વાક્યો પાટિયા ઉપર લખ્યાં હતાં તે મોટેથી વાંચી દેખાડવાની છોકરાંઓને પ્રેરણા કરી. છોકરાંઓ પોતે ઉતરાવેલાં વાક્યોના પહેલા અને છેલ્લા શબ્દો દરેક જણ જાણતાં હતાં; એટલે આ રીતે તેમાંથી ખરું વાચન ઉદ્ભવ્યું. છોકરાંઓએ પછી બેડુતે બધું ખેતર બતાવ્યું તે બાતે તેને આભારપત્ર લખી મોકલવા શિક્ષિકાને વિનતિ કરી. શિક્ષિકાએ તેમને દરેકને પોતાને આભારપત્ર લખતાં શીખવવાનું સૂચન કર્યું, એટલે છોકરાંઓમાં લખવાના ઉત્સાહનો આવેગ ઊછળી રહ્યો, કેમ કે હેતુ ઘણો પ્રબળ હતો. એક કામ કરવાનો બાંક, એક રાચરચીલાનો ખંડ, ખેતીનાં ઓજારો, એ બધા વડે છોકરાંઓએ વળી ખેતરનું એક ઘર બનાવવું શરૂ કર્યું, અને ઘર પૂરું થયું ત્યાં સુધી આ કામનો રસ મહિનાઓ લગી પહોંચ્યો. તે ઘરમાં વળી ગૌશાળા બનાવીને તેમાં ગાયોને પણ બાંધી.

સાર્થક પ્રવૃત્તિના પ્રથમ પ્રકારના નમૂનામાં ઉઠાવેલા સાહસને ફતેહમંદ બનાવવાનું બળ શાળાના બધા વિષયોમાંથી મળે છે, માટે તે પ્રવૃત્તિનું એકમ કહેવાય છે. પ્રવૃત્તિનો બીજો નમૂનો એ બુદ્ધિવાદનો નમૂનો છે, અને છઠ્ઠા ગ્રેડવાળા બૅન્કરોનું કામ એ તેનું દૃષ્ટાંત છે. તે દાખલો નીચે પ્રમાણે છે.

છોકરાંઓને પોતાની બચત રકમો થાપણ મૂકવા માટે એક બૅન્કની જરૂર પડી. આ કામ માટે તેમને બૅન્કરોની સલાહ લેવાની હતી, રાજ્યના બૅન્કિંગના ધારા વાંચી લેવાની જરૂર હતી, સાચેસાચી બૅન્ક જેવી જ બૅન્ક શાળામાં ઊભી કરવા માટે રાજ્યના કમીશનરને લખીને પરવાનગી માગવાની પણ તેમને જરૂર હતી. તેથી તેમણે પરવાનો મળવા અરજી મોકલી. શાળાના ચાલતા પત્રમાં તેની નોટીસ છાપી, તેમના ઑફિસરોએ વહીવટ પ્રમાણે સોગંદ લીધા, તેમના ખજાનચીએ પણ જોઈતી બાંહેધરી લખી આપી, બૅન્કની મુદ્દલ થાપણનો અડસટ્ટો કર્યો, શેરો કાઢીને વેચ્યા, હિસાબ રાખવાની યોજના ઘડી કાઢી, નાણાં સિકયૂરિટી ઉપર ધીરવા માંડ્યાં, વર્ષ આખરે ડિવિડંડ જાહેર કર્યું, વગેરે. સ્થૂળ પ્રવૃત્તિ અને આ સાહસનું દેખીતું પરિણામ જો કે સ્વલ્પ હતું, પરંતુ તેમાં કરેલો વિચાર ઉચ્ચ કક્ષાનો અને બુદ્ધિગમ્ય હતો. અને આ પ્રકારની

પ્રવૃત્તિ સંગીત, કલા, સાહિત્ય, શીવણ વગેરે શાળાના બીજા વિષયો જેટલી જ સાર્થક હતી.

પ્રવૃત્તિના ત્રીજા પ્રકારનો નમૂનો 'રૂટીન-ટાઇપ' એટલે નિત્યકર્મનો નમૂનો કહેવાય છે. અભ્યાસનો આ નમૂનો શિક્ષકોને અને વિદ્યાર્થીઓને બંનેને શાળાના કામની વેઠ જેવો વારંવાર લાગે છે. દાખલા તરીકે, ઊંચા સેકંડ ગ્રેડના વિદ્યાર્થીઓને એકાદ કામ કરવાના નાના બંડને વર્ગની લાઈબ્રેરીના રૂપમાં ફેરવી નાખવાની જરૂર જણાય, ત્યારે તેમને પ્રથમ તો ગણતરી માટે મહેનતનું કામ કરવું પડે છે. ભોંયતળને વારનીશ કરવાના, બારીઓ માટે પડદા ખરીદવાના વગેરે ખર્ચના આંકડા નક્કી કરવા પડે છે. નવ આને વારને ભાવે છ વાર કપડાની કિંમત કેટલી એવી એવી ગણતરીની તેમને કવાયત કે મનોયત્ન થાય છે, અને એમ કરતાં એવા હિસાબોનું તેમને સહજ ભાન આવી જાય છે.

> "આ પ્રદર્શન જતે જ બાળકોના કામની તેમ જ તેમની પ્રગતિની પ્રશંસા કરશે. હું જે કાંઈ બોલીશ તે ઓછું જ નીવડશે. શાળા અને ઘર એ બેની અસર બાળક ઉપર ભારે છે. અહીં તો બાળકોને સરસ વાતાવરણ મળે છે. ઘેર પણ તેની સુસંગતતા સચવાય તે તમારે જોવાનું." **શ્રી. માવળંકર**
>
> (અમદાવાદમાં શારદામંદિરમાં બાલચિત્ર પ્રદર્શન ખુલ્લું મુકાયું તે વખતે આપેલા ભાષણમાંથી)

પ્રવૃત્તિના ચોથા નમૂનાને શાળાના કાર્યમાં લાગણીની અને આધ્યાત્મિક બાજુની સાથે સંબંધ છે. તેમાં ગુણગ્રાહકતાનો પણ સમાવેશ થાય છે. જો એવી ગુણગ્રાહકતા છોકરાંઓમાં થોડે અંશે આપોઆપ ઉદ્ભવે, અથવા જો તેઓ થયેલ કાર્યને તેમના અંતઃકરણના આનંદથી સ્વીકારે, તો એ વાત કિંમતી થાય. ચિત્રોના અભ્યાસમાંથી, સંગીતના રસાસ્વાદમાંથી, કુદરતની સહાનુભૂતિવાળા પિછાનથી કોઈ પણ શબ્દસમાં લાગણીનો જુસ્સો ઉદ્ભવે છે. આ પ્રકારની સાર્થક પ્રવૃતિનો નિસર્ગસૌંદર્યનો નમૂનો શાળાના કામમાં સર્જક પ્રવૃત્તિ ઉપજાવે છે. છોકરાં કોઈ સુંદર કાવ્યના વાચનનો આનંદ લે છે; એનું વસ્તુ અને શૈલી બાળવ્યક્તિઓમાં કે તેના સમૂહમાં કંઈ કંઈ ઉચ્ચ વિચારો પ્રકટાવી શકે છે, અને તેને પરિણામે કાવ્યસર્જન પણ સંભવિત બને છે.

હવે આપણે બીજી એક શાળાનો આ જાતની પ્રવૃત્તિમાં કેવો અનુભવ છે તે જોઈએ.

અમેરિકાના કાન્સાસ શહેરની આથમણી ટેકરીની શાળામાં પણ સાર્થક પ્રવૃત્તિ ચલાવવામાં આવી હતી. એની મિસ્ટ્રેસ હેલન એરિકસન "માધ્યમિક શાળાની સાર્થક પ્રવૃત્તિ"નો પોતાનો અનુભવ આપતાં જણાવે છે કે "આ પ્રવૃત્તિપદ્ધતિ માધ્યમિક શાળાઓમાં હજી ગર્ભમાં જ છે. ત્યાં કૉલેજબોર્ડની પરીક્ષાઓનાં ભૂત શિક્ષકોની હિંમત અને શ્રદ્ધા ઉપર હજી ભયપ્રદ છાયા પ્રસારે છે.

તો પણ આથમણી ટેકરીની શાળામાં માધ્યમિક શિક્ષકોને પ્રાથમિક શાળાનું કામ જોવાનું અને તેમાંથી પ્રેરણા મેળવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. આ પ્રાથમિક શાળામાં અઢીથી બાર વર્ષનાં બાળકો અનેક સાર્થક પ્રવૃત્તિઓ કરે છે. આ શાળામાં ખિલવણી પામેલાં છોકરાં હાઈસ્કૂલમાં ઘણાં દાખલ થાય છે, અને તેઓ ત્યાં પ્રબળ ઉત્સાહવાળાં અને સાહસિક જુસ્સાવાળાં

જણાય છે. તેમની અતિશય પાકટતા અને નવજુવાન જુસ્સો માધ્યમિક શાળાના અભ્યાસક્રમ ઉપર તેમને ભારે કાબૂ અપાવે છે. આવા જુસ્સાને લીધે માધ્યમિક શાળાનાં અધિકારીમંડળો તેમના વિષયોના અખતરા કરવાને દોરાયાં છે. લેટીનનો અભ્યાસ કરવામાં રોમન જમાનાના જીવન અને રીતરિવાજો સંબંધે કંઈ જોવું પડે કે માહિતી મેળવવી પડે તો તેવાં ઉપયોગી સાહિત્યો ભેગાં કરવા લેટીનના અભ્યાસકોએ એક સમૂહગત કામ માથે લીધાનો દાખલો છે.

જોઈતી માહિતીઓનું મૂળ જડે એવી બાર ચૌદ ચોપડીઓનો તેમણે ખરડો કર્યો. દરરોજ તેમને કાંઈ લેટીન પાઠ કરવાનો નહોતો. વર્ગના ૪૦ મિનિટના રોજના ગાળામાં તેઓ અમુક દૃશ્યોનો અભ્યાસ કરતા, અને બહિર સમયમાં જોઈતાં સાહિત્યોનું મૂળ શોધવા માટે મળી આવે તે પુસ્તકો વાંચ્યા કરતા. બે ત્રણ જણાના મંડળે એ શોધખોળનું કામ માથે લીધું. તેમણે ચિત્રો ભેગાં કર્યાં, કેટલાક આલેખો પણ તૈયાર કર્યા, અને વર્ણનો લખી કાઢ્યાં. તે બધા કામમાં તેઓ શિક્ષકો પાસે આવી આવીને ચર્ચા કરતા. અને પરિણામે એક સંપૂર્ણ ગ્રંથ બન્યો. રોમન જમાનાનાં ઘરો, તેમના વિગૃહો, તેમના પહેરવેશ, તેમની સંસ્કૃતિ, વગેરે બાબતોમાં નવા વિદ્યાર્થીઓને તેમ જ આગળ વધેલા વર્ગોવાળાને પણ તત્કાળ જોઈતી માહિતી શોધવામાં આ ગ્રંથ બહુ ઉપયોગી બન્યો.

ઊંચા વર્ગોવાળાએ વળી સીઝરના જમાનાના અનુભવો જોવાજાણવાના કંઈ કંઈ ઇલાજો વર્ષોવર્ષ કર્યા હતા. એક વર્ગે ચલિત ટાવરો, સાઠમારીના ધેટાઓ, પથરા ફેંકવાનું લશ્કરી એંજિન, ધનુષ્યો વગેરે બનાવ્યાં; બીજાએ તે જમાનાનું ગૃહજીવન, મિજબાની જેવા ઉત્સવોના રિવાજો, ને તેમનો ખોરાક વગેરે ઉપજાવીને તે સમયના ઉમરાવનો એક ભવ્ય મહાલય બનાવ્યો. તેમનો રોમન પહેરવેશ મુખ્ય અને આકર્ષક હતો. ઢીંગલાઓને તે સમયના સામાજિક તેમ જ લશ્કરી પોશાકમાં સજ્જ કર્યા. તે બધામાંથી દમામદાર 'ઇમ્પરેટર' તો હજીયે શાળાના સંગ્રહસ્થાનમાં તેના સંપૂર્ણ ઠાઠમાં ઊભો છે. બીજા એક વર્ગે ધૂળ અને રેતીની ભૂમિની તખતી બનાવી અને તેના ઉપર સીઝરની ચડાઈઓની વાત જેમ જેમ વાંચતા ગયા તેમ તેમ રોજેરોજ તેઓ આલેખતા ગયા. એક વર્ગના બંડમાં વળી એક વરસની અંદર સુંદર રોમન પુસ્તકાલય ઊભું થયું. તેમાં બીજી જાહેર લાઈબ્રેરીઓમાંથી પસંદ પડી તે તે ચોપડીઓમાંથી છોકરાઓને મનગમતા ઉતારાનાં હસ્તલિખિત પુસ્તકો તૈયાર કરી કરીને તેમણે દાખલ કર્યાં.

આ ઉપરાંત અમેરિકાની ફિલાડેલ્ફીઆની 'સ્ટીવન્સ શાળા'માં પણ આ પ્રવૃત્તિ ચલાવવામાં આવી હતી. એની મિસ્ટ્રેસ હેલન ચર્ચ પોતાના અનુભવનું બ્યાન આપતાં જણાવે છે કે યુનાઈટેડ સ્ટેટસમાં અંગ્રેજીના વિષયમાં શિક્ષકો ઘણી કુતેહમંદીથી સાર્થક પ્રવૃત્તિનો પ્રયોગ કરે છે. આ વિષયમાં વાચન, લિખિત નિબંધ, વ્યાકરણ સાહિત્યનો રસાસ્વાદ વગેરે બાબતો સમાય છે. એ દરેક બાબત થોડાં વર્ષો ઉપર તો એકબીજાથી અલગ જ મનાતી, અને તે દરેકના પાઠ માટે અઠવાડિક કાર્યક્રમમાં જુદા જુદા દિવસો રખાતા. પણ કેળવણીની નવલ પદ્ધતિથી જ્યારે જણાયું કે શિક્ષણમાં સાર્થક પ્રવૃત્તિનો

પ્રયોગ અસરકારક રીતે અજમાવી શકાય એમ છે, ત્યારે અંગ્રેજીના શિક્ષકોને લાગ્યું કે આ પ્રયોગ માત્ર એના મૂળ ત્રણ સિદ્ધાંતો સાધ્ય કરવામાં જ કામે લગાડી શકાય એમ નહિ, પરંતુ શાળાના બીજા વિષયો શીખવવામાં પણ તેનો ઉપયોગ ઘણી ફતેહમંદીથી થઈ શકે એમ છે.

અંગ્રેજીના શિક્ષકોએ આ કામમાં જે જે પ્રવૃત્તિઓ અજમાવી તે અત્યંત ફતેહમંદ નીવડી. તે પ્રવૃત્તિઓ આ હતી—આધુનિક અંગ્રેજી કાવ્યસાહિત્યની ચૂંટણીના ફકરાઓની ચોપડીઓની સમૂહગત રચના; પુસ્તકાલય માટે વિદ્વત્તાભર્યાં લખાણોના ફકરાની ચોપડીઓ; ઇતિહાસ અને ભૂગોળનો સંબંધ બતાવવા માટે જુદા જુદા દેશોના લોકોના રીતરિવાજ સંબંધે નોંધપોથીઓ; સંપૂર્ણ કેટલોગ સાથે શાળાની લાઈબ્રેરી સંભાળપૂર્વક રચવાનું કામ; કાવ્યો તેમ જ વાર્તાઓને લગતાં ચિત્રો; સાક્ષર દુનિયામાં જેણે જેણે કંઈ ફાળો આપ્યો છે તેવા માનવંતા પરોણાઓને ચા તૈયાર કરીને પાવાનું કામ; નાટકોનાં મૂળ લખાણ અને અભિનય પ્રમાણે આખેહૂબ નાટયપ્રયોગ ભજવી બતાવવાનું કામ; વર્ગવાર બ્યુલેટિનો અને માસિક વર્તમાનપત્ર ચલાવવું અને પ્રકટ કરવું; શાળાનાં કામોના કાર્યક્રમો ઘડવા, અને પોતાના જીવનનો અહેવાલ અથવા કંઈ ઐતિહાસિક બનાવોનાં વર્ણન લખવાં.

> "મોન્ટીસોરી પદ્ધતિનો અખતરો છેલ્લાં વીસ વર્ષ થયાં ગુજરાતમાં ચાલે છે. આ પદ્ધતિ વિષે હવે બે મત નથી. આ પદ્ધતિથી આપણાં બાળકો કેળવાય તો કેવાં ઉત્તમ થઈ શકે તે તમે પોતે આજનું પ્રદર્શન જોઈને કહી શકશો."
>
> ડૉ. હરિપ્રસાદ
>
> (અમદાવાદમાં શારદામંદિરમાં બાલચિત્ર પ્રદર્શન ખુલ્લું મુકાયું તે વખતે આપેલા ભાષણમાંથી.)

અંગ્રેજીના અભ્યાસમાં વ્યાકરણ એ અત્યંત અણગમતો વિષય છે. તો પણ ભાષાના અભ્યાસનો પાયો પાકો કરવા માટે બીજા વિષયોની સાથે તે વિષય પૂરેપૂરો દાખલ કરવાનું બની શકે એવું નથી. છોકરાંઓએ પોતાની મેળે વ્યાકરણ બનાવી કાઢવાનો ઉપાય કેટલાક શિક્ષકોને ઉપયોગી જણાયો છે, અને બાળકોમાં અત્યંત રસ પેદા કરવામાં તે અસરકારક માલૂમ પડ્યો છે. દૈનિક બબરપત્રોમાંથી કે માસિકોમાંથી દાખલા કાપી કાઢીને બાળકો પોતાની મેળે વ્યાકરણપોથીઓ બનાવે છે. બાળકોએ તે પોથીઓમાં પોતાને હાથે એકાદ પાનાને મથાળે એમ લખ્યું હોય—"નામ એટલે કોઈ માણસનું, સ્થળનું કે વસ્તુનું નામ." તેની નીચે આ હકીકતના દાખલા રૂપે સામયિકોમાંથી મોટા અક્ષરવાળાં જેવાં નામોનો ખરડો લખ્યો હોય છે. બીજે કોઈ પાને વળી એવી નોંધ હોય—"નામને કર્ત્તા રૂપે પહેલી વિભક્તિમાં, છઠ્ઠી વિભક્તિમાં, કે બીજી કર્મ વિભક્તિમાં વાપરી શકાય: જે રીતે વાક્યનો તેના ઉપર આધાર હોય તે રીતે." આના પણ દાખલા કોઈ કોઈ વાક્યોથી કે પ્રસિદ્ધ ગદ્યપદ્યોથી કે કાપેલાં ચિત્રોથી બતાવેલા હોય છે.

સમૂહનું નિબંધલેખન બાળકોને પ્રિય થઈ પડે છે, અને વળી તે તેમને અસરકારક રીતે મદદગાર થાય છે. એમ કરવાથી બાળકો જોઈ શકે છે કે સારું લખાણ અને સચોટ અર્થસૂચક શબ્દજ્ઞાન બહુ જરૂરનાં છે. કોઈ દિવસ

વર્ણનાત્મક નિબંધનો અમુક વિષય પસંદ કરવામાં આવે છે, અને તેના ચાર પાંચ મુદ્દા જુદા તારવી આપવામાં આવે છે. દાખલા તરીકે એક ઉજાણીનો વિષય રાખ્યો હોય, તેના મુદ્દાઓ નીચે પ્રમાણે જુદા પાડી શકાય—તૈયારી, ઊપડવું, ઉજાણી કરવી, પાછું ઘેર વળવું. વિષયના જેટલા પેટાવિભાગો થઈ શકે તેટલા સમૂહો વર્ગમાંથી રચવા. અને સમૂહના દરેક છોકરાને એ નિબંધ માટે એક જ મુદ્દા ઉપર પારેગ્રાફ લખવા કહેવું, અને બીજાને બીજો. આશરે વીશેક મિનિટમાં એક સમૂહના બધા છોકરાઓ પોતપોતાનો લખેલ પારેગ્રાફ તે સમૂહના એક વિદ્યાર્થીના પ્રમુખપણા નીચે મોટેથી વાંચી બતાવે. તેઓ પછી રસની દૃષ્ટિથી તેમ જ અસરકારક નિબંધની દૃષ્ટિથી સૌથી ઉત્તમ પારેગ્રાફ નક્કી કરે. આ રીતે રચાયલા સમૂહો વર્ગના બંડના જુદા જુદા ખૂણામાં બેસીને કામ કરે તો એકબીજાઓને અડચણ નડે નહિ. મોટેથી વાંચી બતાવ્યાથી અને તે ઉપર ચર્ચા કરવાથી નિબંધની ભૂલો કે વિસરાઈ ગયેલી બાબતો તેમની નજરે ચડે. આમ ક્રમે ક્રમે સૌથી શ્રેષ્ઠ બનેલા ચાર પારેગ્રાફો આખા વર્ગ સમક્ષ વંચાવાથી વિદ્યાર્થીઓને માલૂમ પડે કે એક પારેગ્રાફ કરતાં આખા નિબંધમાં વિષયના મુદ્દાભેદે જુદા જુદા વિષયાંતર શબ્દોની અને વાક્યોની નિબંધરચનામાં જરૂર પડે છે. પણ જો એક જ જણે આખો નિબંધ લખ્યો હોય તો એવા ઘણા મુદ્દા, જેની ઉપર સમૂહમાં ચર્ચા થઈ હતી, તે છેક ધ્યાન બહાર જ રહી જાય.

કવિતામાં, નાટકમાં અથવા વાર્તાલેખનમાં બાળકની સર્જક પ્રતિભાને ઉત્તેજન આપે એવી સાર્થક પ્રવૃત્તિનો ઉપયોગ કરવાનું વિચક્ષણ શિક્ષકો ઘણી રીતે વિચારી શકે. નાટકો ભજવવાં, વર્ગોમાં સિનરીઓ તૈયાર કરવી, પોશાક અને બીજી જોઈતી ચીજો ઉપજાવવી, પાઠો મુકરર કરી આપવા, એ બધા કામથી શ્રેષ્ઠ કૃતિઓને માત્ર શુષ્ક વાચન અને વિવરણ કરતાં વધારે રસિક અને વધારે પ્રેમથી ગ્રહણ કરવી ગમે એવી બનાવી શકાય. કોઈ વાર કંઈ શ્રેષ્ઠ કૃતિનું આનંદજનક અનુકરણ કરીને મજા લઈ શકાય. દાખલા તરીકે આધુનિક સ્વરૂપમાં અને પરિસ્થિતિમાં સીતાને કે દ્રૌપદીને આધુનિક પોશાકમાં અને ભાષામાં ઉતારવાનું કામ વર્ગના વધુ ચપળ વિદ્યાર્થીઓ બહુ હોંશિયારીથી બજાવી શકે. (અહીં મૂળમાં Portia ને Rosalindના દાખલા છે.) આખા વર્ગમાં જે પ્રવૃત્તિ રસ ઉત્પન્ન કરી શકે તે પ્રવૃત્તિ હમેશાં બરેબર સ્વપ્રયત્નની જ હોય છે.

ઇતિહાસ તથા વિજ્ઞાનશિક્ષણમાં પણ આ પ્રવૃત્તિની અજમાયશ કરવામાં આવી છે.

'શેઈડી હીલ શાળા' નાં મિસ કેથેરાઈન ટેલરે ૭ થી ૧૪ વર્ષની વયનાં બાળકોને ઇતિહાસનું શિક્ષણ આ પ્રવૃત્તિ પ્રમાણે આપવાનો અખતરો કર્યો છે. ઇતિહાસના કેટલાક મહત્ત્વના ગાળાના અભ્યાસમાં બની શકે એટલી વિગતોથી છોકરાંને સંપૂર્ણ રીતે માહિતગાર કરાવાય છે. એનો આશય અમુક સૈકાનો સંપૂર્ણ ઇતિહાસ શીખવવાનો નથી હોતો, પરંતુ ઐતિહાસિક અનુભવ તરફ તેમની અભિરુચિ ઉત્પન્ન કરવાનો, અથવા કોઈ પણ બાબત તરફ અભિરુચિ ઉપજાવીને તે બાબત શીખવા સમજવાને માટે વિદ્યાર્થીઓને ઉત્સુક બનાવવાનો હોય છે. આગ્રે-

હૂબ અને સત્ય હકીકતના જ્ઞાન માટે મૂળભૂત સાધનોનો જ બને તેટલો ઉપયોગ કરવામાં આવે છે. અને એક જ બનાવ માટે જુદાં જુદાં દૃષ્ટિબિંદુ વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કરાય છે. તે લોકોની કળા, સ્થાપત્ય, સંગીત, સાહિત્ય વગેર સંસ્કૃતિને લગતી બાબતો, તેમ જ તેમના આર્થિક અને રાજદ્વારી જીવનની હકીકતો પણ સામેલ કરવામાં આવે છે.

વિજ્ઞાનના વિષયમાં ૫ થી ૧૪ વર્ષવાળાં બાળકો સાથે શાળા જીવંત બનવા પ્રયત્ન કરે છે, અને કુદરતી બનાવો તથા તેની રીતો વિષે તેમનામાં સહજ જિજ્ઞાસા પેદા થાય એવી પ્રેરણા કરે છે, અને દરરોજના પરિચયમાં આવતા બનાવોનું સૂક્ષ્મ અવલોકન કરતા રહેવા તેમને પ્રેરે છે. દાખલા તરીકે, પાંચ વર્ષનાં બાળકો બરફ પડવાને દિવસે બરફ ઉસરડી લાવે છે, તેની કણિકાઓ સૂક્ષ્મદર્શક વડે બારીકાઈથી જુએ છે, બરફના ઢીલા તેમ જ નક્કર ઢગલા માપે છે, તેમાંથી થોડોક ઓગાળે છે અને ફરી માપે છે, પાણી-વરાળ કરીને ઉડાડી મૂકે છે વગેરે. મોટાં છોકરાં વધારે વિજ્ઞાનદૃષ્ટિથી અવલોકન કરે છે; તેઓ હમેશાં કોઈ તાત્કાલિક બનાવ ઉપરથી તેમનું કામ શરૂ કરે છે, અને તેમાંથી વૈજ્ઞાનિક સિદ્ધાંતો તારવી કાઢે છે. દાખલા તરીકે હવાના અવલોકનથી પ્રયોગગૃહમાં હવામાનના અભ્યાસ તરફ તેઓ વળે છે. સૂર્ય અને ઋતુઓના અવલોકનથી સૂર્યમંડળ વિષે કાંઈક જાણવાની પ્રવૃત્તિ કરે છે.

વર્ગસંચાલનની રીત ઘણી જુદા જુદા પ્રકારની છે—મૂકકાર્ય, વ્યક્તિગત પસંદ કરેલા પ્રશ્નોનો આપમેળે ઉકેલ, નાના સમૂહોમાં રહીને

નોંધ

અધ્યાપનમંદિરનાં વિદ્યાર્થીભાઈબેનો પોતાની નોકરી, ફેરબદલી વગેરે વિષે લખી જણાવશે એટલે સૌ ભાઈબેનોની જાણ માટે તે શિક્ષણ પત્રિકામાં પ્રગટ કરવામાં આવશે.—તં.

કરવાનું કામ, વર્ગચર્ચા, આખા વર્ગે ઉઠાવવાનું સંયુક્ત સાહસ, વગેરે.

હવે આ પ્રવૃત્તિમાં કેટલીક મૂંઝવણો પણ છે. આવી મૂંઝવણો વિષે શિકાગોની 'ફ્રાન્સીસ પાર્કર શાળા'ની શિક્ષિકા મિસ હેઝલ જણાવે છે કે સાર્થક પ્રવૃત્તિ શાળામાં શું કોઈ આકસ્મિક બનાવ ઉપર અથવા બાળકમાં કે સમૂહમાં કોઈ વાતનો રસ લાગવા ઉપર જ આધાર રાખવો પડે છે? એવા બનાવ કે રસો તેમની પ્રવૃત્તિને વર્ષ દરમિયાન શું યોગ્ય ગતિ આપ્યા કરે છે? અને તેમની ઘણીખરી પ્રવૃત્તિઓ શું આ રીતે જ નક્કી કરાય છે? 'બાળકને કેન્દ્રસ્થાને રાખતી શાળા' એ વાક્યથી શિક્ષકો શું કંઈ ઊંધું સમજે છે કે એવી શાળામાં તો બાળકોની જ પસંદગી પ્રધાન ગણાય? બાલકેન્દ્રશાળામાં તો બાળકોની કાયમી જરૂરિયાતો પૂરતો જ કાર્યક્રમ અને તેની પદ્ધતિ યોજી શકાય, એ વાત શું તેઓ ભૂલી જાય છે?

શાળામાં નિયમિત પ્રવૃત્તિ શું રસજમાવટ ઉપર નહિ રચાવી જોઈએ? અને માનસશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે બાળકને બંધબેસતી તે શું ન થવી જોઈએ? જ્યાં સામાજિક જરૂરિયાતો જુદા પ્રકારની હોય એવા જુદા વાતાવરણમાં એક સમૂહને કોઈ બાબત યુક્ત જણાતી હોય તે બાબત બીજા પ્રકારના વાતાવરણ-

વાળા સમૂહને પણ શું યુક્ત જ માની લેવી જોઈએ ? વળી સાર્થક પ્રવૃત્તિ શાળાને અંગે આપણને અમુક માગણી કરવાનો શું હક્ક નથી ? તે માગણીઓ નીચે પ્રમાણેઃ—

(૧) ગમે તે પ્રવૃત્તિઓ પસંદ કરી હોય તેની દરકાર નથી, પણ દરેક વર્ષના ગાળામાં બાળકો જે જે પ્રવૃત્તિઓ કરે તે બધી સુસંગત એટલે એકબીજી સાથે સંબંધ રાખતી હોવી જોઈએ.

(૨) એક પછી બીજા ચડતા વર્ષ માટે કાર્યક્રમ એવો નિર્ણિત થવો જોઈએ કે બાળકને વિચારમાં અને ક્રિયામાં વિશાળ દૃષ્ટિ પ્રાપ્ત થતી જાય. એટલે કે દરેક ચડતા ગ્રેડમાં જે જે બાબતો કરવાની આવે તેમાં રસજમાવટ ચાલુ રહેવી જોઈએ, અને તે રસ સુસંગત રહીને પ્રથમ ગ્રેડથી છેક વિદ્યાપીઠ સુધી તેવો ને તેવો જળવાઈ રહેવો જોઈએ.

દરેક ગ્રેડમાં યોગ્યતી બાબતોમાં આવો સરખો મેળ, તથા પ્રવૃત્તિશાળાના બધાય કાર્યક્રમમાં સુસંગત સંબંધ જાળવી રાખવો મુશ્કેલ છે. તેમાં બે મુખ્ય બાબતો અડચણ કરનારી છેઃ—

(૧) આની શાળાના શિક્ષકો જબ્બર ઉત્સાહપ્રેરક વ્યક્તિત્વવાળા હોય છે, અને દરેક પોતપોતાના ખાસ રસમાં ચુસ્તપણે માનવાવાળાં હોય છે.

(૨) ગ્રેડમાં ચાલતી પ્રવૃત્તિઓ માટે શ્રેષ્ઠ નિયંતા મેળવવા માટે જુદા જુદા વિષય પરત્વે તેના નિષ્ણાતોને પસંદ કરવામાં આવે છે. તે દરેક જણ શિક્ષક તરીકે પોતાની ઉમેદ પાર ઉતારવા માટે દેખીતી રીતે જ સાર્થક પ્રવૃત્તિનો ઉપયોગ કરે છે. એટલે બીજાઓની પ્રવૃત્તિઓ સાથે તેમને થોડી જ નિસબત હોય છે, અર્થાત્ કંઈ લાગતુંવળગતું હોતું નથી.

જો સાર્થક પ્રવૃત્તિ શાળાને કાયમી મહિમાવાન બનાવવી હોય તો તેણે પોતાના બારીક અવલોકનની નજર આ હકીકત તરફ શું નહિ દોરવી જોઈએ ? બાલજીવનનાં સર્વસામાન્ય મૂળભૂત રસકેન્દ્રો શોધી કાઢવા માટે શું તેણે અખતરા નહિ કરવા જોઈએ ? કેટલીક નિયમિત પ્રવૃત્તિઓ મજબૂત માનસશાસ્ત્રના પાયા ઉપર શું નહિ રચવી જોઈએ ? તે બધી પ્રવૃત્તિઓમાં જે વિદ્યાર્થીઓ પસાર થઈ ચૂકયા હોય તેમના સમયનો અને શક્તિનો પછી તેમાં ગેરવ્યય ન થાય એવી રીતે ચડતી પાયરીની બીજી સુસંગત પ્રવૃત્તિઓ શું નિર્માણ કરવી જોઈએ નહિ ?

પરંતુ અમેરિકા કરતાં યુરોપના દેશોમાં આ મૂંઝવણ વધારે લાગવાનો સંભવ છે. એ વિષે મી. નીલ સ્નોગ્રાસ જણાવે છે કે આ વસ્તુ તેના માનવા પ્રમાણે વધારે સ્વાતંત્ર્ય ભોગવતા અમેરિકન શિક્ષકો કરતાં ઓછા સ્વાતંત્ર્યવાળા યુરોપના શિક્ષકોને વધારે મૂંઝવનારી છે. અમેરિકા કરતાં ફ્રાન્સ અને બ્રિટનના મુલકો નવા વિચારોનો ઓછો સત્કાર કરનારા છે. યુનાઇટેડ સ્ટેટસમાં પરિસ્થિતિ વધારે વેગવાળી છે, સમાજ વધારે સ્વસ્થ અને પ્રશાન્ત છે, અને નવા વિચારોને ત્વરાથી ત્યાં સત્કારાય છે. આ પ્રવૃત્તિપદ્ધતિને પ્રાપ્ત કરવાનું ધોરણ કાંઈ કઠણ નથી. નવી પદ્ધતિ માટે નવી દુનિયા જ રચાવી જોઈએ. આ ' પ્રોજેક્ટ પદ્ધતિ ' કે

સાર્થક પ્રવૃત્તિ પદ્ધતિ આવી પરિસ્થિતિનું ખરું દૃષ્ટાન્ત છે. અહીં અમેરિકામાં તો આ પદ્ધતિ ખાસ આકર્ષક બની રહી છે, સર્વને તેની માહિતી છે, અને તે છૂટથી અમલમાં મુકાય છે. પણ યુરોપમાં હજી તેનો સત્કાર અણગમાથી થાય છે. આ પદ્ધતિમાં બાળકની કેળવણી તેની અભિરુચિ કે રસ ઉપર રચાય છે. શિક્ષક બાળકોને ડાહી પસંદગી કરવા પૂરતી તેમાં મદદ માત્ર કરે છે, પણ તેમણે શી પસંદગી કરવી તેની ફરજ પાડતો નથી. વાચન, લેખન કે ગણિત દ્વારા બુદ્ધિની ખિલવણી સીધી રીતે કરાવાતી નથી, પણ બાળક કંઈ ઉચ્ચ બાબતની શોધમાં લાગે છે ત્યારે એ વિષયોનું શિક્ષણ થોડે ઘણે અંશે જોડાજોડ જન્મ પામે છે. કોઈ મનુષ્ય ફરજને એક આદર્શ ગણીને તે બજાવતાં બજાવતાં જેમ સાથોસાથ આનંદ મેળવે છે, તેમ બાળક એવી રસિક પ્રવૃત્તિઓ કરતાં કરતાં વાંચતાં, લખતાં ને ગણતાં શીખી જાય છે.

પણ જૂના મતવાળા શિક્ષકો પૂછે છે: "એથી અર્થ સરશે? વિદ્યાર્થીઓને અમુક ધોરણે પહોંચાડવા માટે આવી પદ્ધતિથી કેતેહના શા ફાયદા મળવાના છે? જો કેતેહ મળવી માની જ લઈએ અને બીજી વાતોને ગૌણ માનીએ, તો એવું કેતેહનું ધોરણ શું આ પદ્ધતિથી વધારે સલામતીથી પ્રાપ્ત થાય છે?" એનો જવાબ એ છે કે જેઓ પ્રોજેક્ટ પદ્ધતિને અનુસરે છે તેઓને કેતેહપ્રાપ્તિમાં તો કશો વહેમ જ નથી. અમેરિકામાં આ પદ્ધતિની સાબિતી પુરવાર કરનારો જનસમૂહ વધતો જાય છે. બ્રિટનમાં પણ જે શિક્ષકોએ તેના અખતરા કર્યા છે તેમને સંતોષકારક પરિણામો જણાયાં છે.

પરંતુ કોઈ પણ શિક્ષણપદ્ધતિની કિંમત અર્થલાભ ઉપર આંકવી એમાં સાંકડી પંડિતાઈની દૃષ્ટિ રહેલી છે. કોઈ ખાસ શક્તિ કે બુદ્ધિની ખિલવણી કરતાં બીજી વધુ વિગતો કેળવણીમાં સમાયલી છે. કોઈ શિક્ષકની પદ્ધતિની કેતેહનું માપ કાઢવું હોય તો તેનાથી થતી ચારિત્ર્ય ઉપરની અસર, સ્વયંસ્ફુરણા અને આંતરશક્તિ વિકસાવવાનું તેનું બળ, સ્વાશ્રયનો ગુણ વધારવાનું તેનું વલણ અને સુખસંતોષની લાગણી બાળકમાં જગાડવાની એ પદ્ધતિની ખાસિયત, એ બધું લક્ષમાં લેવું જોઈએ. આ બધી વાતો મુખ્ય છે. અને જો એ બધું કોઈ પદ્ધતિથી પ્રાપ્ત થતું હોય, તો પછી અમુક જાતની ખાસ બુદ્ધિશક્તિની ખિલવણીમાં તે કદી નિષ્ફળ ન જ થાય. શિક્ષકો પરીક્ષાના ભૂતની છાયામાં સપડાવાથી ખરી વાત ભૂલી જાય છે કે કેળવણી એ તો આત્માને લગતી વાત છે, અને તે કાંઈ જાદુગર જેવી અમુક ચાલાકીઓની કરામતો ઉપર કાબેલિયત અપાવનારી ન હોય. કેળવણીનો અને તેના આશયનો આવો સુખમય વિચાર કરવામાં પ્રોજેક્ટ પદ્ધતિ માર્ગદર્શક છે.

પરંતુ આ પ્રવૃત્તિ શિક્ષકની તાલીમ પણ માગે છે. આ તાલીમ વિષે ડૉક્ટર ટી. પર્સી નન જણાવે છે કે હવે કેળવણીકારોનો એવો જમાનો આવી લાગ્યો છે કે અભ્યાસક્રમની બધી નવેસર રચના કરવી પડશે, અને અભ્યાસક્રમના વિષયો પણ નવેસર રચવા જોઈશે. આમ કરવામાં તેમને ઘણા વજનદાર મુદ્દા જણાયા છે.

તેમના ધારવા પ્રમાણે કોઈ પણ વિષયમાં પ્રોજેક્ટ પદ્ધતિનો પ્રયોગ કરવામાં કશી મર્યાદા જ નથી, અને નવીન કેળવણીના કામમાં એ

પદ્ધતિએ પહોંચવું જરૂરનું છે. વિષયોને જુદી જ ઢબે શીખવવા એ ઘણું અગત્યનું છે, અને અભ્યાસક્રમમાં આ પ્રોજેક્ટ પદ્ધતિ નવી અને વિશાળ દૃષ્ટિ આપે છે. તે માત્ર વ્યવહારૂ રીતમાં જ નહિ, પરંતુ જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ કોઈ વિષયમાંથી શોધવાને બદલે કુદરતી સત્ય હકીકતોમાંથી તે જ્ઞાનમાર્ગ શોધે છે; તેથી શીખનારને ઘણી બાબતોનું બહોળું જ્ઞાન ભેગાભેગું મળી જાય છે. શિક્ષકોને તાલીમ આપનાર શિક્ષકે આ નવીન પ્રયોગનો પ્રશ્ન બરોબર વિચારવા જેવો છે; અને તેને અનુસરતી પદ્ધતિ કેમ વિકસાવવી તે તેણે જાણવું જોઇએ.

ડૉ. નન કહે છે કે બધી વયનાં છોકરાંના બધાય અભ્યાસક્રમમાં એકસરખી રસકેન્દ્રપદ્ધતિ અનુકૂળ થાય એવી તેમને હજી ખાતરી થઈ નથી. રસકેન્દ્ર પદ્ધતિ બીજી પદ્ધતિઓમાંની એક તરીકે અજમાવી શકાય એ વાત બરી. અને ડિરેક્ટ પદ્ધતિ જે વહેવારૂ છે અને જુદા જુદા વિષયોની જુદી મર્યાદા સ્વીકારે છે, તે પદ્ધતિ હવે છોડી દેવી પડશે. તો પણ તેમનો મત એવો છે કે હાલની પદ્ધતિ પકડી રાખવી અને તેમાં રસજમાવટનું તત્ત્વ ઉમેરવું. એકલી રસકેન્દ્ર પદ્ધતિ નીચલા વર્ગોમાં નાની વયનાં છોકરાં માટે ચાલે, અને બાકીની શાળાના ૧૪ થી ૧૬ વર્ષની વયના વિદ્યાર્થીઓ સારૂ બીજી પદ્ધતિ જોઈએ; અને શાળાનું શિક્ષણ પૂરું થયા પછી ઊંચા શિક્ષણની પાઠશાળામાં તો જુવાનોને માટે જૂના નિયમનવાળા વિચારોનો પદ્ધતિસર અમલ થવો જોઈએ. કેમ કે એવા વિચારે અપાયલા શિક્ષણે જૂના જમાનામાં સારા સંસ્કારો જગાડવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

બરોબરા બે પ્રશ્નો વિચારવા જેવા છેઃ એક તો એ કે શાળાના કયાં સુધીના અભ્યાસક્રમમાં રસ કે અભિરુચિ ઉપર રચવામાં આવતી પદ્ધતિ વાપરવી? અને બીજો એ કે માધ્યમિક શાળામાં દરેક વિષયવાર વિગતસર અને ધોરણસર જે શિક્ષણવિતરણ થાય છે તે પદ્ધતિ શું ચાલુ રાખવી નહિ જોઈએ? એમ કરવામાં આવે તો નીચલા વર્ગોમાં અભ્યાસક્રમનું બંધારણ રુચિકર બાબતો ઉપર રચાય, અને શાળાન ઊંચા વર્ગોમાં વિષયવાર વર્ગીકરણ ઉપર શિક્ષણનું ધોરણ રચવામાં આવે. [અંગ્રેજી પરથી] વિ. આ.

બાલમંદિરમાં ડોકિયું

[પૃષ્ઠ ૩૧થી ચાલુ]

આખો દિવસ પાટિયા પર જ લપસતા અને હીંચકતા; બાલમંદિરના પગથિયે પગ દેવાનું પણ એમને મન થતું નહિ.

આજે એ જ બકુભાઈ એ બાળકોપયોગી વાચનાલયની ઘણી ચોપડીઓ વાંચી છે, ને સમજપૂર્વક તે બધીનું પુનરાવર્તન કર્યું છે.

એમના વાચનના શોખથી એમ કલ્પાતું હતું કે સંગીત અને ચિત્રનો એમને ઓછો રસ હશે. હવે તેમની પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દેખાય છે. સંગીતમાં તે ખૂબ રસ લે છે; પાટિયા પર લપસતી વખતે, અને લીંબડાની ડાળે હીંચતાં હીંચતાં સાંભળેલાં ગીતો સૌ માફક સરસ રીતે એ ગાઈ શકે છે. ચિત્રો તરફ અભિરુચિ થઈ અને વિશ્વાસ જાગૃત થયો, એટલે હવે વાચન મોળું પડ્યું છે.

ગઈ કાલે જેને માંડ સો સુધીનું અંકજ્ઞાન હતું, તે બકુભાઈ એ હવે ગણિત પર ઝપટ મારવી શરૂ કરી દીધી છે. [અવલોકનમાંથી]

બાલમંદિરમાં ડોકિયું

: ૧ :

નિર્મળ ફરિયાદ કરે છેઃ "મને સુધાબહેને ધુસ્તો માર્યો."

મેં પૂછ્યુંઃ "કેમ સુધાબહેન! આ વાત સાચી છે?"

સુધાબહેન નિર્ભયતાથી જવાબ આપે છેઃ "હા જી."

: ૨ :

કૃષ્ણજીને બોબે ને બોબે ધૂળ ઉડાડવાની ટેવ પડી ગઈ છે. એક સુંદર તકે કૃષ્ણજી વચન આપે છેઃ "હવેથી હું ધૂળ નહિ ઉડાડું."

ત્યાર પછી કૃષ્ણજીને ધૂળ ઉડાડવાનું મન થઈ આવે છે; પરંતુ પેલું વચન યાદ આવે છે અને તે પાળે છે. હવે તે કદી ધૂળ ઉડાડતા દેખાતા નથી.

: ૩ :

સંગીતના ઓરડામાં પચાસ બાળકો બેઠાં છે. સર્વત્ર શાંતિ પ્રસરી રહી છે. દિલરુબાના તાર ઝણઝણવાને જરાય વાર નથી. ત્યાં એક વાત સૌ સમક્ષ મુકાઈઃ "ખિસ્સામાં દોર, કુકા, પૈસા, બાવાનું, કાચના કટકા કે તેવું જે કાંઈ હોય તે બધું સૌ પોતપોતાની સામે જ થોડે દૂર મૂકી દે. શાંતાબહેન એ બધું સાચવી રાખશે. ચાર વાગ્યે પાછું આપશે."

ટપોટપ અનેક ખિસ્સાંમાં અનેક હાથ પડ્યા. જરાય છુપાવ્યા વિના, મોહું સહેજ પણ કટાણું કર્યા વિના, કેટલાંય બાળકોએ પોતાની વહાલી વસ્તુ સંપૂર્ણ વિશ્વાસથી ધરી દીધી. અને ચાર વાગ્યે પાછી માગી લીધી.

: ૪ :

બાલમંદિરમાં આવ્યા ત્યારે પ્રથમ દિવસે મુખ પર માખીઓ બણબણતી હતી અને તે ઉડાડવાના હોશ પણ ન હતા. જાણે સ્ફૂર્તિ જ ન હોય તેમ અનેક માસ સુધી લીંબડા નીચે ધ્યાનસ્થ હોય તેમ બેસી જ રહે. ન કોઈની સાથે બોલવું કે નહિ કોઈ રમત રમવી.

આવા કૃષ્ણજી આજે સ્વેચ્છાથી વાચન, લેખન, ચિત્ર, માટી, કાતર, અને વિશેષે કરીને સંગીત અને વાર્તામાં રસ લેતા જણાય છે. હવે લાગે છે કે જાણે તેમને નવા પગ આવ્યા, નવા હાથ આવ્યા.

: ૫ :

હમેશાં ઝાઝો સમય ચિત્ર પાછળ ગાળનાર નલિની તરફથી આજ પંદર વીસ દિવસ થયાં એક પણ ચિત્ર મળતું નથી. પહેલાં તો 'ગ્રાફ બુક'માં એમની લીંટી ચિત્રના બાનામાં બબે કલાક સુધી જતી. હમણાં એ બાનું કેટલાક દિવસથી બાલી પડ્યું છે.

પરંતુ આજે તો એ બધો સમય વાચન પાછળ જ ગાળે છે. હમેશાં બબે અને ત્રણ ત્રણ કલાક સુધી એમનું વાચન ચાલે છે, અને એકાગ્રતા તથા સ્વયંસ્ફૂર્તિ શું છે તેના પાઠ સાને શીખવે છે-અગર તેની પ્રતીતિ આણે છે.

: ૬ :

ઉર્વશી ઝગડા છોડી વિનિમય સાધે છે. સુધા સહકારી વૃત્તિ દેખાડે છે; અક્કડાઈ છોડે છે.

: ૭ :

એક સમય એવો હતો કે જ્યારે બકુભાઈ

[જુઓ પૃષ્ઠ ૩૦ ના બીજા કોલમે]

શિક્ષણ સમાચાર

—૧૯૩૫ ની સાલના અધ્યાપનમંદિરની વિદ્યાર્થિની બેનો પૈકી બે બેનો રૂપાળીબેન તથા શશીબેન વધારે અભ્યાસ કરવા માટે શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં આવી ગયાં છે અને અધ્યાપનમંદિરના ગૃહમાં રહે છે.

—શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર તા. ૧૫–૧–૩૬ના રોજ ફરી ઊઘડ્યું.

—શ્રી. કાંતિલાલ પુરુષોત્તમ મકવાણા, જે અમદાવાદ મજૂર બાલગૃહમાંથી છૂટા થયા હતા, તે પાછા ત્યાં જ જોડાઈ ગયા છે.

—શ્રી. હનુમાનભાઈ પટેલ નડિયાદના વિઠ્ઠલ કન્યાવિદ્યાલયમાં કામે લાગ્યા છે.

—શ્રી. મગનભાઈ ધનશાભાઈ પટેલ આર્ય કન્યાવિદ્યાલય (વડોદરા)માં શ્રી. મણિબેન બાલદાસ સાથે કામ કરે છે.

—શ્રી. આયમાયબેન નગરવાલા પૂનામાં બાલમંદિર કાઢવાની હિલચાલ કરી રહ્યાં છે.

—શ્રી. કીર્તિદાબેન મહેતા–ધનલક્ષ્મીબેને મહીપતરામ રૂપરામ અનાથાશ્રમના બાલવિભાગના શિક્ષણનું કામ હાથમાં લીધું છે.

—શ્રી. નર્મદાબેન રાણાના હાથમાં બગસરાનાં બાલમંદિરનો વિભાગ શ્રી. લાલચંદભાઈએ સોંપ્યો છે.

—શ્રી. શંકરભાઈ સોમાભાઈ પટેલ બાલશિક્ષણ અને બાલસાહિત્યના કેટલાક કામ સારૂ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર ભાવનગર આવ્યા હતા.

—લીંબડી કન્યાશાળાનાં આચાર્ય શ્રી. દક્ષિણામૂર્તિ બાલમંદિર આવ્યાં હતાં.

—ભાઈ કાંતિલાલ કારીઆ હાલનાં શિક્ષણ પત્રિકાના પ્રચારને અંગે કાઠિયાવાડમાં પ્રવાસ કરે છે.

—અધ્યાપનમંદિરનાં વિદ્યાર્થિની મંછાબેન નાથજી વાડાશિનોરવાળાં પોષ વદિ ૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યાં.

—શ્રી. ગિરીશ મોરારજી મહેતા અમદાવાદમાંથી નીકળતા 'વતન' નામના અઠવાડિકમાં રોકાયા છે.

—શ્રી. મોંઘીબેન તથા શ્રી. વિષ્ણુભાઈ એ કરાંચીના 'મહાગૂજરાત' અઠવાડિકના બાલવિભાગનું તંત્રીપદ સંભાળવાનું સ્વીકાર્યું છે.

—શ્રી. કર્ણસિંહ ટાંક કચ્છ લોહાણા કેળવણી ખાતામાંથી રાજીનામું આપ્યું છે. તેઓ સિનુગ્રા (કચ્છ) માં બાલક્રીડાંગણ કાઢવાની તૈયારી કરે છે.

—ધર્મજમાં શારદામંદિરવાળા શ્રી ભોગીલાલ ઠાકરને હાથે વસંતપંચમીને દિને બાલમંદિર ખુલ્લું મુકાયું. ભાઈ નારણભાઈ પટેલ ત્યાંના મુખ્ય શિક્ષક તરીકે નિમાયા.

—શ્રી. મગનભાઈ પટેલ જેઓ માંદગીને કારણે પોતાને વતન ગયા હતા તેઓ પાછા મુજપુર ગ્રામશાળામાં આવી ગયા છે.

—શ્રી. મણિલાલ કશીભાઈ પટેલ ગુજરાત વિદ્યાપીઠમાં કામ કરે છે.

વાર્ષિક લવાજમ રૂા. ૐ૬. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૧ મું
સંવત ૧૯૯૨

અંક ૩ જો
વૈશાખ

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

સાચે જ બાળકોની વચ્ચે રહેવું એ પુણ્યનો ઉદય બતાવે છે. સાધુતાનો પવિત્ર પરિમલ બાળકોની પાસે છે.

બાળકો શરીરે ગંદાં હોય, તોફાનમસ્તી કરતાં હોય, અયોગ્ય વચન બોલતાં હોય તો પણ તે બધું સોનાને કચરો લાગ્યો હોય તેવું છે. કચરો કાઢી નાખો એટલે પુનઃ સોનું જ રહે છે.

નવીન શિક્ષકોએ બાળકો ઉપર સમાજને કારણે ચડી જતો કચરો માત્ર ખંખેરી કાઢવાનો છે.

શિક્ષણ સમાચાર

—૧૯૩૫ ની સાલના અધ્યાપનમંદિરની વિદ્યાર્થિની બેનો પૈકી બે બેનો રૂપાળીબેન તથા શશીબેન વધારે અભ્યાસ કરવા માટે શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં આવી ગયાં છે અને અધ્યાપનમંદિરના ગૃહમાં રહે છે.

—શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર તા. ૧૫–૧–૩૬ના રોજ ફરી ઊઘડ્યું.

—શ્રી. કાંતિલાલ પુરુષોત્તમ અકવાણા, જે અમદાવાદ મજૂર બાલગૃહમાંથી છૂટા થયા હતા, તે પાછા ત્યાં જ જોડાઈ ગયા છે.

—શ્રી. હનુમાનભાઈ પટેલ નડિયાદના વિઠ્ઠલ કન્યાવિદ્યાલયમાં કામે લાગ્યા છે.

—શ્રી. મગનભાઈ ધનશાભાઈ પટેલ આર્ય કન્યાવિદ્યાલય (વડોદરા)માં શ્રી. મણિબેન બાલદાસ સાથે કામ કરે છે.

—શ્રી. આયમાયબેન નગરવાલા પૂનામાં બાલમંદિર કાઢવાની હિલચાલ કરી રહ્યાં છે.

—શ્રી. કીર્તિદાબેન મહેતા–ધનલક્ષ્મીબેને મહીપતરામ રૂપરામ અનાથાશ્રમના બાલવિભાગના શિક્ષણનું કામ હાથમાં લીધું છે.

—શ્રી. નર્મદાબેન રાણાના હાથમાં બગસરાનાં બાલમંદિરનો વિભાગ શ્રી. લાલચંદભાઈએ સોંપ્યો છે.

—શ્રી. શંકરભાઈ સોમાભાઈ પટેલ બાલશિક્ષણ અને બાલસાહિત્યના કેટલાક કામ સારૂ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર ભાવનગર આવ્યા હતા.

—લીંબડી કન્યાશાળાનાં આચાર્ય શ્રી. લલિતાબેન કન્યાશિક્ષણના કામ બાબતમાં શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર આવ્યાં હતાં.

—ભાઈ કાંતિલાલ કારીઆ હાલનાં શિક્ષણ પત્રિકાના પ્રચારને અંગે કાઠિયાવાડમાં પ્રવાસ કરે છે.

—અધ્યાપનમંદિરનાં વિદ્યાર્થિની મંછાબેન નાથજી વાડાશિનોરવાળાં પોષ વદિ ૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યાં.

—શ્રી. ગિરીશ મોરારજી મહેતા અમદાવાદમાંથી નીકળતા 'વતન' નામના અઠવાડિકમાં રોકાયા છે.

—શ્રી. મોંઘીબેન તથા શ્રી. વિષ્ણુભાઈ કરાંચીના 'મહાગૂજરાત' અઠવાડિકના બાલવિભાગનું તંત્રીપદ સંભાળવાનું સ્વીકાર્યું છે.

—શ્રી. કર્ણસિંહ ટાંક કચ્છ લોહાણા કેળવણી બાતામાંથી રાજીનામું આપ્યું છે. તેઓ સિનુગ્રા (કચ્છ) માં બાલક્રીડાંગણ કાઢવાની તૈયારી કરે છે.

—ધર્મજમાં શારદામંદિરવાળા શ્રી ભોગીલાલ ઠાકરને હાથે વસંતપંચમીને દિને બાલમંદિર ખુલ્લું મુકાયું. ભાઈ નારણભાઈ પટેલ ત્યાંના મુખ્ય શિક્ષક તરીકે નિમાયા.

—શ્રી. મગનભાઈ પટેલ જેઓ માંદગીને કારણે પોતાને વતન ગયા હતા તેઓ પાછા મુજપુર ગ્રામશાળામાં આવી ગયા છે.

—શ્રી. મણિલાલ કશીભાઈ પટેલ ગુજરાત વિદ્યાપીઠમાં કામ કરે છે.

વાર્ષિક લવાજમ રૂા. બે. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજબ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૧ મું
સંવત ૧૯૯૨

અંક ૩ જો
વૈશાખ

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

દેશમાં એક રૂપિયો :

સાચે જ બાળકોની વચ્ચે રહેવું એ પુણ્યનો ઉદય બતાવે છે. સાધુતાનો પવિત્ર પરિમલ બાળકોની પાસે છે.

બાળકો શરીરે ગંદાં હોય, તોફાનમસ્તી કરતાં હોય, અયોગ્ય વચન બોલતાં હોય તો પણ તે બધું સોનાને કચરો લાગ્યો હોય તેવું છે. કચરો કાઢી નાખો એટલે પુનઃ સોનું જ રહે છે.

નવીન શિક્ષકોએ બાળકો ઉપર સમાજને કારણે ચડી જતો કચરો માત્ર ખંખેરી કાઢવાનો છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૧] વૈશાખ ૧૯૯૨ [અંક ૩

ભેદો ટાળો

બાળકોને જ્ઞાતિજ્ઞાતિમાંથી, ઊંચનીચમાંથી, રંકરાયમાંથી, દેશપરદેશમાંથી, કાળાધોળામાંથી, નિર્બળબળવાનમાંથી: આ બધા માનવજાતને વિભાગી નાખનારા, માનવજાતનો ઝીણો ભૂકો કરી નાખનારા ભેદોમાંથી બચાવો. બધાં જ કામો પડતાં મૂકી તેમને આ મહાપાપી ભેદોમાંથી બચાવો.

માનવજાતને અનેક સંકટોમાંથી બચાવનારાઓ, માનવજાતનું આ મહાન સંકટ તમે પારખો અને તેને દૂર કરો.

અનેક રોગોદ્વેગોથી પીડિત મનુષ્ય જાતનો, એક જ ઉપાયમાં ઉદ્ધાર છે–તે ઉપાય આ ભેદો ટાળવામાં છે.

ઇમારતનો પાયો

જેમણે મહાન ઇમારતના પાયાના પથ્થરનો વિચાર કર્યા વિના ઇમારતો બાંધી દીધી છે તેમણે એ ઇમારતો પથ્થરના કારણે પડી જતી, હલી જતી, જમીનદોસ્ત થતી જોઈ છે. પણ જેમણે પાયાને મજબૂત કર્યો છે તેમની ચણેલી ઇમારતો કાળના ઝંઝાવાત સામે પણ ટકેલી છે.

માનવજાતની ઇમારત બાળકોરૂપી મજબૂત પાયામાં છે. જેઓ બાળકોને સુંદર, મજબૂત અને મનુષ્યત્વ ભરેલાં બનાવશે તેઓ માનવજીવનની ભવ્ય અને અદ્‌ભુત ઇમારત ચણવામાં અમૂલ્ય ફાળો આપશે.

અવલોકન

વિજ્ઞાન માત્રનો આધાર અવલોકન છે. અવલોકન એટલે માત્ર જોવું નહિ પણ ધારી ધારીને નિહાળવું.

અવલોકન કરનારે શું જોવું છે તે નક્કી કરવું જોઈએ. આંખ, કાન, નાક વગેરે જ્ઞાનેન્દ્રિયોના પ્રદેશમાં જે જોવું હોય તે જ લેવું અને બીજું ન લેવું. ફોટોગ્રાફર જેમ જે ફોટામાં લેવું હોય છે તેને જ ફોકસમાં લે છે, તેમ જ અવલોકનના વિષયને ફોકસમાં લેવો.

અવલોકનકારે તટસ્થવૃત્તિ રાખવી. જે દેખાય તે કબૂલ રાખવું જોઈએ. પછી તે ગમે તેવું હોય કે ન હોય, સારૂં હોય કે ન હોય; એક વાર તો જોયું તે બરૂં જ. જોવું એટલે કે અવલોકવું એટલે તેની યોગ્યાયોગ્યતા સ્વીકારવી એવો અર્થ નથી.

અવલોકનકારે અખૂટ ધીરજ કેળવવી. કદાચ એક જ અવલોકન પાછળ જિંદગી આખી ચાલી જાય. પણ બને છે એમ કે જેમણે એક પણ અવલોકન સિદ્ધ કર્યું છે, તેઓને અનેક અવલોકનોની સિદ્ધિ સ્વતઃ પ્રાપ્ત થાય છે.

આ નુ ક મ ણિ કા

૩૪ ભેદો ટાળો . . . . ગિ.
૩૪ ઇમારતનો પાયો . . ગિ.
૩૪ અવલોકન . . . . ગિ.
૩૫ બાલમંદિરમાં વિજ્ઞાન (વીંછી) . . શં.
૩૭ મહેતાજીની નિશાળ . . ગિ.
૩૮ વિચિત્ર બુદ્ધિવિકાસ . વી.
૪૦ અવલોકનો . . . . ગિ.
૪૨ જતી ટપાલ . ગિ. અને શં.
૪૬ મોન્ટી૦ શિક્ષકનો દુરુપયોગ ગિ.
૪૮ શિક્ષણ સમાચાર . . તં.

બાલમંદિરમાં વિજ્ઞાન : વીંછી

અમે બાલમંદિરમાં બાળકો માટે વિજ્ઞાન કેવી રીતે શરૂ કરવું એનો વિચાર કરી રહ્યા હતા. ત્યાં એક દિવસ ચંદ્રકાંતે બૂમ પાડી: "શંકરભાઈ! અહીં આવો."

મેં પૂછ્યું: "શું છે?"

ચંદ્રકાંત કહે: "જલદી અહીં આવો. અહીં વીંછી છે."

હું તરત જ પાસે ગયો. જોયું તો કબાટની પાછળ એક વીંછી લપાઈને બેઠેલો. કેટલાંક બાળકો હાથમાં પથરા લઈને તૈયાર ઊભાં હતાં. મારા કહેવાની જ રાહ જોતાં હતાં કે "મારી નાખો." એકાદ જણે તો પથરાનો ઘા કર્યો પણ ખરો. મેં કહ્યું: "ઊભા રહો. આપણે આ વીંછીને મારી ન નાખીએ તો? આપણે એક અખતરો કરીએ. આ વીંછીને આપણે એક શીશીમાં રાખીએ અને એ શું ખાય છે, કેવી રીતે મોટો થાય છે, એ બધાનો અભ્યાસ કરીએ."

બાળકોને તો બહુ મજા પડી. એક જણ દોડીને શીશી લઈ આવ્યું. મેં કહ્યું: "આ શીશી નહિ ચાલે. આ શીશીમાં આપણે વીંછીને પૂરીએ તો વીંછી હવા સિવાય મરી જ જાયને? આપણે આ શીશીના ઢાંકણામાં કાણાં પાડીએ." ભાયાભાઈ ખીલી લાવ્યા, ઇંદુબેન ઑફિસમાંથી હથોડી લઈ આવ્યાં. શીશીના ઢાંકણામાં ખીલી વડે કાણાં પાડ્યાં. કાણાં બહુ મોટાં ન હતાં, એટલે એમાંથી વીંછી નીકળી જવાનો ભય ન હતો. વીંછીના આંકડાંને દોરીના ગાળિયા વડે બાંધીને પછી વીંછીને શીશીમાં મૂક્યો; પછી દોરી કાપી નાખી અને ઢાંકણું બંધ કર્યું. વીંછી શીશીમાં પુરાયો. શીશી ઉપર એક લેબલ લગાડ્યું. એના ઉપર લખ્યું. "વીંછી પકડ્યાની તારીખ ૧૩-૬-૩૫."

હવે અમે વિચાર કરવા માંડ્યો કે વીંછીને બચરાવશું શું? મને મારું નાનપણ યાદ આવ્યું.

અમે નાના હતા ત્યારે એક વીંછીને પકડ્યો હતો; પછી એને દીવાસળીના બોક્સમાં પૂર્યો હતો અને એની અંદર માટી નાખી પાંચ સાત દિવસ રાખી છોડી મૂક્યો હતો. મને થયું કે આપણે વીંછીને માટી બચરાવીએ? અમે તો શીશીમાં માટી નાખી. ચોમાસું હતું એટલે માટી ભીની તો હતી જ. પછીથી અમે દરરોજ જોવા માંડ્યું કે વીંછી શું કરે છે? બાર વાગે ને બાલમંદિરે આવીએ એટલે પહેલું કામ વીંછી જોવાનું. બધાં બાળકો ટોળે મળે. બરાબર રાઈ ઉપરથી શીશી નીચે ઉતારીએ. વીંછી શું કરે છે તે જોવા બધાં બાળકો આતુરતાભરી આંખે જોઈ રહે. જીવતો હશે કે મરી ગયો હશે એની કલ્પના કરે. વીંછી તો ક્યાં તો માટી ઉપર એક બાજુએ લપાઈને શાંતિથી બેઠો હોય અથવા તો ઢાંકણા પાસે ન દેખાય તેવી રીતે છુપાઈ ગયો હોય. વીંછી ઢાંકણા પાસે હોય ત્યારે કેટલાંયે બાળકો કહે કે એ તો હવા લેવા માટે ઢાંકણા પાસે આવ્યો હશે. વીંછી તો હાલતોયે ન હોય અને ચાલતોયે ન હોય એટલે કેટલાકને થાય કે કદાચ મરી ગયો હશે. ત્યાં તો શીશી હલાવીએ એટલે વીંછી હલે. એટલે બધાંને થાય કે "હાશ! હજી તો જીવે છે." દિવસ ઉપર દિવસ વીતતા ગયા અને વીંછી

માટી ખાઈને જીવવા લાગ્યો. દિવસો પછી મહિના થયા; ચોમાસું પૂરું થવા આવ્યું. હજી પણ વીંછી જીવતો હતો. અમે માટી દર આઠ દિવસે બદલતા હતા. જૂની માટી કાઢી નાખીને નવી માટી નાખતા હતા. ચોમાસું પૂરું થયું એટલે ભીની માટી મળતી ન હતી, એટલે અમે માટીને પાણીથી ભીની કરીને નાખતા હતા. આથી કરીને વીંછીને જોઈતી ભીનાશ પણ મળી રહેતી હતી.

અમારે રજાઓ પડવાનો વખત આવ્યો. વીંછી તો ચાર માસથી શીશીની અંદરની માટી ખાઈને જીવતો હતો એમ જ કહેવું રહ્યું. કેમ કે એને શીશીની અંદર પુરાઈ રહીને બીજે કોઈ ખોરાક મેળવવાની સગવડ તો ન જ હતી. ત્યારે હવે એ ચાર મહિના સુધી ભૂખે પેટે જીવ્યો એમ ન કહી શકાય. કેમ કે જો એણે ચાર માસના ઉપવાસ કર્યા હોય તો એ કંઈક નબળો તો પડે ને? એના શરીરના વિકાસમાં કંઈક વાંધો તો આવેને? એવું તો કંઈ હતું નહિ. એ કાંઈ નબળોયે નહોતો પડ્યો; ઊલટું વીંછી ધીરે ધીરે મોટો પણ થતો જતો હતો. એટલે એ માટી ખાઈને જ જીવતો હતો એમ કહેવું જોઈએ. જો કે વીંછી પકડ્યા પછી અમે વીંછી વિષે માહિતી મેળવવા માંડી હતી; એના વિષે વાંચવા માંડ્યું હતું. એ બધામાં તો એમ આવતું હતું કે વીંછી માંસાહારી છે; એનો ખોરાક કરોળિયા અને બીજાં નાનાં જીવડાં હોય છે. એ મોટે ભાગે દિવસે આળસુની જેમ પડ્યો રહે છે અને રાત્રે પોતાનો ખોરાક શોધવા નીકળે છે અને જીવ-જંતુ ખાય છે. પણ આ વીંછી તો અહિંસક માટીખાઉ નીકળ્યો! કેમ કે એણે તો ચાર ચાર માસ સુધી માટી ઉપર જ જીવન ટકાવ્યું હતું. પણ આ વિષયમાં હજી નિશ્ચિતપણે ન કહી શકાય કે વીંછી માટીખાઉ પણ છે. આ વસ્તુ વધારે પ્રયોગો માગી લે છે. હવે તો એવો પ્રયોગ કરવો જોઇએ કે બે વીંછી સાથે પકડવા જોઈએ; પછી એકને માટીનો ખોરાક આપવો જોઈએ અને બીજાને એનો પોતાનો ગણાતો ચોપડીમાં લખેલો ખોરાક આપવો જોઈએ. બંને વીંછી ઉપર એનાં શાં શાં જુદાં પરિણામો આવે છે તે બરાબર તપાસવાં જોઈએ. કોઈ પણ ભાઈ અથવા બહેન આવો અખતરો કરીને એનાં પરિણામો અમને મોકલશે તો અમે તેમના આભારી થઈશું. બાલમંદિરમાં પણ આ વસ્તુ તો થઈ શકે એવી છે. અમે બધા જ અખતરાપ્રિય લોકોને આવો અખતરો કરવાનું આમંત્રણ આપીએ છીએ.

પરંતુ હવે ફરી પાછા અમારા શીશીમાંના વીંછીની જીવનકથા ઉપર આવીએ. અમારે રજા પડી. વીંછી માટે એની શીશીમાંની માટી બદલાવી. પછી તો બાલમંદિર રજાઓને અંગે બંધ રહ્યું. અમે અવારનવાર વીંછીની સંભાળ લઈ જતા હતા, ને એની માટી બદલતા હતા. રજાઓ પૂરી થવા આવી. હજી પણ વીંછી જીવતો હતો. બાલ-મંદિર ઊઘડ્યું. આવીને બધાં બાળકોએ જોયું તો હજી શીશીમાં વીંછી હાલતો ચાલતો હતો! બધાં રાજી રાજી થયાં. "વીંછી જીવે છે; વીંછી જીવે છે." એમ કહેવા લાગ્યાં. પછી તો બધાં ટોળે વળ્યાં. વીંછીને ધારી ધારીને જોવા લાગ્યાં. વીંછી ૭ માસથી વધારે વખત શીશીમાં હતો. બધાં બાળકો અને મોટેરાંને થયું કે "ચાલોને વીંછીને જરા બહારની હવા આપીએ?"

અમે વીંછીને દોરી બાંધીને બહાર કાઢ્યો.

એકાદ કલાક બહાર રાખીને પાછો શીશીમાં મૂકયો. શીશીમાંની માટી બદલાવી. માટીમાં ભીનાશ રહે એ માટે માટીને પાણીવાળી કરી હતી. શીશી જગ્યાએ મૂકી દીધી; પછી સૌ પોતપોતાને કામે લાગ્યાં. બીજે દિવસ થયો. બાર વાગે બાળકો બાલમંદિર આવ્યાં. સૌ ભેગાં થયાં અને વીંછી શું કરે છે તે જોવા માટે શીશી નીચે ઉતારી. શીશીમાં જોઈએ તો વીંછી ન હલે કે ન ચલે; માટી ઉપર મડદાની માફક પડેલો. બધાંનાં મન ઊંચાં થયાં. વીંછીને થયું છે શું ? અથવા તો ક્ષણીયે વખત એક બાજુ લપાઈને બેસી રહેતો તેમ શાંત પડી તો નથી રહ્યો ? અમે તરત જ શીશીને હલાવવા માંડી. પણ વીંછી તો હાલતો જ ન હતો. અમને થયું કે શું વીંછી મરી ગયો ? પણ મરી શાથી જાય ? અમે તો શીશી ફરી પાછી ખૂબ જોસથી હલાવી પણ વીંછી તો ખસે જ નહિ. અમે શીશી ઊંધી કરી તો વીંછી મડદાની માફક ઢાંકણા ઉપર પડ્યો. ખાતરી થઈ કે વીંછી મરી ગયો હતો. તારીખ ૧૯–૧–૩૬ નો દિવસ હતો. અમે પકડ્યો હતો તા. ૧૩–૬–૩૫ ના રોજ. વીંછી બરાબર ૭ માસ ને ૭ દિવસ જીવ્યો. એનો ખોરાક હતો માટી.

પણ વીંછી મરી શાથી ગયો ? વિચાર કરતાં અને આજુબાજુની પરિસ્થિતિ જોતાં અમને લાગે છે કે કદાચ વીંછી ઠંડીને લીધે મરી ગયો હશે. શિયાળાના દિવસો તો હતા જ; ટાઢ પણ પડતી હતી. તેમાં અમે માટી બદલાવી ને ભીની માટી નાખી એટલે કદાચ માટીની ઠંડક એનાથી સહન ન થઈ શકી ને એને પરિણામે એ કદાચ મરી ગયો હોય. પરંતુ અમે હજી નિશ્ચિતપણે નથી જ કહી શકતા કે વીંછીનાં મોતનું ચોક્કસ કારણ કયું હતું. પણ વીંછી મરી ગયો એ વાત સાચી. આ રીતે અમારા અખતરાનો અંત આવ્યો.

મહેતાજીની નિશાળ

ગામ હતું. ગામમાં નિશાળ હતી. નિશાળમાં છોકરાંઓ હતાં, અને છોકરાંઓ વચ્ચે મહેતાજી ફરતા હતા.

ગામ ગામડું નહોતું. નિશાળ સરકારી શાળા નહોતી. છોકરાંઓ રખડતાં નહોતાં. મહેતાજી ઊંઘતા નહોતા.

નિશાળ નાની હતી. છોકરાંઓ ઘણાં હતાં, અને મહેતાજી એક હતા.

નિશાળ ચોખ્ખી નહોતી. છોકરાં ગંદાં હતાં, અને મહેતાજી ઢંગધડા વિનાના હતા.

છોકરાંઓએ ભાતભાતનાં અને જાતજાતનાં કપડાં પહેર્યાં હતાં. ચિત્રવિચિત્ર અને ગાંડીઘેલી ટોપીઓ પહેરી હતી. મહેતાજીએ ધોતિયાનો કચ્છો માર્યો હતો. ઉપર કાળા મખમલના કૉલરવાળો જરીપુરાણો કોટ પહેર્યો હતો. મોઢા ઉપર હજામત વધી હતી, અને માથા ઉપર શોફરના જેવી કાળી ફર કૅપ પહેરી હતી. પગમાં જાપાનીઝ કેપસોલવાળા જોડા પહેર્યા હતા.

નિશાળ ધૂડી નિશાળ હતી. નિશાળિયા ધૂડી નિશાળના હતા. મહેતાજી ધૂડી નિશાળના હતા, અને નિશાળમાં થોડી થોડી ધૂળ પણ હતી.

જૂનાં ટેબલખુરશી ઉપર અમે બેઠા; અને

મહેતાજીએ અમારો સત્કાર કર્યો. અમારે માટે તેમના હૃદયમાં સદ્‌ભાવ હતો; અને પોતાની જાતમાં વિશ્વાસ હતો.

અમને તેમણે તેમનું કામ બતાવ્યું.

સર્વ ધર્મની એક પ્રાર્થના થઈ. ઈસુ, મહંમદ, બુદ્ધ, કૃષ્ણ, શંકર બધાનાં નામ આવ્યાં. ભલભલી નિશાળોનો એક એક પ્રભુ અહીં ન હતો; અહીં બધા પ્રભુ હતા. બધા ધર્મનાં બાળકોએ બધા ધર્મની પ્રાર્થના ગાઈ. મહેતાજીએ બધા ધર્મ પ્રત્યેનો પોતાનો આદર બતાવ્યો. એ આદર પાછળ ધર્મ નહોતો પણ પેટ હતું. છતાં પરિણામે ધર્મનો સમભાવ હતો.

પ્રાર્થના પછી 'આવીજા બેટા'નો સંવાદ થયો. સિદ્ધરાજ અને કોઈ લૂંટારા વચ્ચેનો સંવાદ લાગ્યો. પાત્રો નિશાળના મેદાન ઉપર શબ્દોથી લડવાને વારેવારના મહાવરાથી રીઢાં થયેલાં હતાં. સંવાદ કોણ જાણે કેટલીયે વારનો હશે! ભયંકર તીવ્ર ચીસ પડતી હોય તેવા તીણા અવાજે પગ પછાડી હાથો હલાવી સિદ્ધરાજ તાડૂકયો; છટાથી આગળ આવી, બેવડાઈ જાય તેવી ઝડપથી શબ્દો ઉપર શબ્દોનાં તીરો ફેંકતો લૂંટારો સિદ્ધરાજ ઉપર તૂટી પડ્યો.

સ્ટેજ વિના, પડદા વિના, પોશાક વિના, સિનસિનરી વિના, સંગીત વિના, વાજિંત્રો વિના, વીજળીની રોશની વિના, મેકઅપ વિના ધૂડી નિશાળના ઉત્સાહી વિદ્યાર્થીઓ અમારા ટેબલ સામે પડકારા પાડી રહ્યા હતા.

બાજુમાં મખમલના કોલરવાળા મહેતાજી સરકસના રિંગ માસ્તર પેઠે આંખોના ચાબુકથી સિદ્ધરાજ અને લૂંટારાના ઘોડા દોડાવતા હતા. ભડાકાતડાકા વિના પણ સાંભળનારના કાન તૂટી પડતા હતા.

સંવાદની ત્રમઝૂટ ચાલી; અને એટલામાં સિદ્ધરાજે બોલવામાં ભૂલ કરી. દુશ્મન લૂંટારે તેને કહ્યું: "એમ નહિ, આમ બોલ." અને મહેતાજીએ કહ્યું: "ફિકર નહિ બચ્ચા, ચલાવ!" અને સંવાદ આગળ ચાલ્યો.

કોઈ હસ્યું નહિ. પાત્રોને એમાં ભૂલ લાગી નહિ. મહેતાજી ઉત્સાહ આપવામાં હતા. નિશાળિયાઓ આનાથી ટેવાઈ ગયા હતા. અને અમે તો સભ્ય જ રહ્યા.

સંવાદ પૂરો થયો.

વિઝિટબૂક સામે આવી.

વિઝિટબૂકમાં શું લખવું?

વિચિત્ર બુદ્ધિવિકાસ

પ્રત્યેક બુદ્ધિશક્તિ ધરાવનાર પ્રાણીમાં સાથે સાથે જ વિચારસાહચર્યની શક્તિ પણ હોય છે કે નહિ તે પ્રાણીશાસ્ત્રીઓ જાણે. પણ મનુષ્યમાં તો ઓછે યા વત્તે અંશે વિચારશક્તિની સાથે જ વિચારસાહચર્યની શક્તિ પણ હોય છે એ આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ. બાળકમાં પણ જેમ જેમ બુદ્ધિનો વિકાસ વધતો જાય છે તેમ તેમ સ્પષ્ટપણે સહચારી વિચારને સ્મરણમાં લાવી વિચારોની સંકલના કરવાનું બળ પણ વધતું જ જાય છે. વિચારોને સુયોગ્ય રીતે ગોઠવવા, દલીલોના ક્રમમાં ગોઠવવા, આગલા વિચારોના અનુસંધાનની કડીઓ મેળવીને તેને ભાષા અને તર્કશાસ્ત્રના નિયમાનુસાર ગોઠવવા, તે બુદ્ધિવિકાસનું સામાન્ય લક્ષણ છે. વિચારસાહચર્ય

એ બુદ્ધિવિકાસનું આગળનું પગથિયું છે. જેમ બાલમંદિરમાં બુદ્ધિશક્તિની પ્રતિભાવાળાં બાળકો આવે છે તેમ સામાન્ય બુદ્ધિવિકાસના પ્રદેશમાં પણ બિલકુલ પછાત હોય એવાં બાળકો દેખા દે છે.

દરેક બાલશાળામાં કે સંખ્યાબંધ બાળકો ધરાવતાં સંયુક્ત કુટુંબોમાં કોઈ એક ચબરાક બાળક સૌની નજરે તરી આવે છે એવો આપણો સામાન્ય અનુભવ છે. જો કે તે ઘણી વખત કોઈ બીજી શક્તિની પ્રગતિને કારણે પણ આગળ પડતો દેખાય છે; છતાં સામાન્ય રીતે પોતાના વિચારોને તર્કબદ્ધ, ક્રમવાર અને યોગ્ય ભાષામાં ગોઠવીને વ્યક્ત કરવાની સુંદર શક્તિને કારણે જ તે સૌનું ધ્યાન ખેંચતો માલૂમ પડે છે. બાલમંદિર પ્રયોગશાળા હોવાથી આવા તેજસ્વી નમૂનાઓ સ્વાભાવિક રીતે જ આગળ તરી આવે છે. ચાર વર્ષનું બાળક કોઈ વકીલ કે બૅરીસ્ટરની જેમ શિક્ષકને ક્રોસ કરે છે, અથવા પોતાની મિત્રમંડળીમાં પોતાની એકમાંથી ઊગતી અનેક દલીલોનો ધોધ પ્રતિપક્ષ સામે ચલાવી તેને નિરુત્તર કરે છે, ત્યારે તેની એ શક્તિ જોઈ આપણે તેનામાં કોઈ ભાવિ વિચારક, ફિલસૂફ કે કાયદાશાસ્ત્રીને ઊગતો પણ જોઈ એ છીએ. પણ આથી ઊલટું કેટલાંક એવાં બાળકો પણ આવે છે કે જેમની સ્મરણશક્તિ, વિચારોને સંકલિત કરવાની શક્તિ અને સાહચર્યાનુસાર અનુસંધાન કરવાની શક્તિની ઊણપ આપણને આશ્ચર્યમાં ડુબાવી દે છે. તે બાળક એક પણ વાક્ય ક્રમમાં આગલા વિચારને અનુસરીને બોલતું નથી. તેના વિચાર એવા કોઈ અસામાન્ય અને તર્કશાસ્ત્રના બંધારણથી વિરુદ્ધ માર્ગે વહે છે કે તે શિક્ષકને માટે એક ગૂઢ કોયડો બની રહે છે.

મારી પાસે પાંચ વરસના કુમુદચંદ્ર વાર્તા સાંભળવા બેઠા છે. તેમને બાલમંદિરનાં બીજાં કામો કરતાં વાર્તા સાંભળવી વિશેષ ગમે છે એમ મારું અવલોકન છે. તેઓ વાર્તા સાંભળતી વખતે અવારનવાર ડોકું ધુણાવે છે, કોઈ વાર હસે છે અને કોઈ વાર મૂઢ જેવા બની જાય છે. પણ તેમની આ બધી ક્રિયાઓ સામાન્ય બાળકો કરતાં જુદે જ વખતે બને છે, એ હું હમેશાં જોઉં છું. જ્યારે બધાં બાળકો એકચિત્ત થઈ અદ્‌ભુત રસમાં ગરકાવ બની વાર્તાશ્રવણ કરતાં હોય ત્યાં વચમાં જ કુમુદચંદ્રનું અટ્ટહાસ્ય થાય છે અને બધાનું ધ્યાન ત્યાં ખેંચાય છે. જ્યારે બધાં બાળકો હસે છે ત્યારે કુમુદચંદ્ર કોઈ જુદા જ આવેશમાં માલૂમ પડે છે. બાહ્ય દૃષ્ટિએ જેમ બધાં બાળકોની ઇંદ્રિયો અને મન વાર્તાને અનુસરે છે તેમ જ કુમુદચંદ્રનું મન અને ઇંદ્રિયો વાર્તા સાંભળવામાં એકાગ્ર દેખાય છે; પણ તેનું આંતરિક અનુસરણ કોઈ જુદા પ્રકારનું છે એ આપણે તેના ઓચિંતા અને કથાપ્રસંગથી વિરુદ્ધ હાવભાવથી ચોક્કસ જોઈ શકીએ છીએ.

એક વખત મેં બાળકોને કહ્યું: "આજે તમારામાંથી કોઈ વાર્તા કહેશો? જેને વાર્તા કહેવી હોય તે આંગળી ઊંચી કરે." બીજાઓની સાથે કુમુદચંદ્રે પણ ઊંચી આંગળી કરી. મેં ધરાદાપૂર્વક તેમની વાર્તા સાંભળવાનું વિચાર્યું. તેમણે નીચે પ્રમાણે વાર્તા કહી.

"એક રાજા હતો. પછી ગૂમડું થયું'તું. પછી ખટારામાં બેસી ગયો'તો. પછી અમારી મોટરમાં બેસી ગયો. મોટર આવી'તી. રાજાએ પાવો વગાડ્યો. પછી રાજા આવ્યો'તો. પછી

ગૂમડું થયું. બબલી કજિયા કરે તો રાજા ખાઈ ગયો. એના ઘરમાં પોપૈયું હતું. છત્રી ઓઢી'તી. રાજા હતો. માંગરોળ જતો'તો. તમારે ઘેર આવ્યો-'તો. પછી કેમ પગ મૂકે બતાવું? (ઊંચે પગે ચાલવા લાગ્યા.) રાજા બાવાને બોલાવવા ગયો. પછી કહે કે કુમુદને બાઈ જા; છોકરાંને બાઈ જા."

બહુ ઝપાટાબંધ તેઓ વાક્ય ઉપર વાક્ય બોલી ગયા. બધાં છોકરાં હસતાં હતાં તેની પણ તેમને દરકાર ન હતી. તેમનું તર્કશાસ્ત્ર, વિચાર-સંકલન કેમ ચાલે છે તે હું વિચારી રહ્યો હતો. તેમનાં વાક્યો સંપૂર્ણ હતાં; અર્થવાળાં હતાં. રાજા બધી વાતમાં કર્તા હતો. રાજા વિષે જુદા જુદા વિચારો, વિચારસંબંધો તેમણે વ્યક્ત કર્યા હતા. પણ તેમાં સંકલના કેમ ન હતી તે જ મુખ્ય પ્રશ્ન હતો. માબાપ કુમુદચંદ્રને મૂર્ખ ગણે છે. તે મૂર્ખ નહિ પણ અત્યંત પછાત બાળક તો છે જ. તેને મોટી ઉંમર સુધી બાલમંદિ-રમાં રાખવા તેનાં માબાપને મેં વિનતિ કરી, પણ તેઓએ ભણેતરની લાલચે અને ઉતાવળે હમણાં તેને નિશાળમાં બેસાર્યા છે. કુમુદચંદ્ર પોતે પોતાની મેળે નિશાળે જતા નથી. એક દિવસ ટાંગાટોળી કરી નિશાળે લઈ જવામાં આવ્યા; હવે તેઓ રોજ તેના સાથીદારો અને માબાપને નિશાળના વખતે ટાંગાટોળી કરી લઈ જવા હોંશથી કહે છે. તેમાં તેમને મજા આવે છે. ટાંગાટોળી વિના નિશાળમાં જવાની ના પાડે છે.

આવો ઊંધો, અસ્વાભાવિક અને વિકૃત બુદ્ધિવિકાસ કુમુદચંદ્રમાં કેમ થયો, તેઓ શાથી આટલા બધા પશ્ચાત રહ્યા, વગેરે પ્રશ્નો હજી પણ પ્રશ્નો જ રહ્યા છે. તેની બુદ્ધિનો અગમ્ય માર્ગ આપણે બોળવો જોઈએ. તેને જન્મથી જ મૂઢ માનવા કે જન્મ પછીની પરિસ્થિતિને કારણભૂત ગણવી, વગેરે સવાલો માનસશાસ્ત્રનો વિશાળ અનુભવ અને અભ્યાસ માગી રહ્યાં છે. આવા માનસશાસ્ત્રના અટપટા કોયડા રૂપ બાળ-કોને ખરી રીતે તો કોઈ બાલમંદિર કરતાં પણ વધારે વિશાળ પ્રયોગશાળામાં મૂકી વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય દૃષ્ટિએ પ્રયોગો કરી તેની બુદ્ધિનાં ભીતરી પડો પાછળ વહેતાં સરણો શોધવાં જોઈએ. દરેક શિક્ષક આવા વિચિત્ર બાળકોના અનુભવ એકત્ર કરે તો બાળ માનસશાસ્ત્રને ઘણી મદદ મળે.

અવલોકનો

(૧) ગાંડો-ડાંદો

અનિલકુમાર અને એના ભાઈ ઘેરથી આ-વતાં આવતાં બાલમંદિરનાં પગથિયાં ચડતા હતા. ચડતાં ચડતાં અનિલકુમારે કહ્યું: "ગિજુભાઈ! આ મારા નાના ભાઈને પૂછીએ છીએ કે રાજા ડાહ્યો કે ગાંડો, ત્યારે એ કહે છે કે 'ડાંદો.'"

આમ કહીને તે હસી પડ્યા. પ્રથમ તો હું સમજ્યો નહિ. મને થયું એ હસ્યા કેમ હશે? મેં એને ફરી બોલાવી પૂછ્યું: "શું કહેતા હતા તમે?"

તેણે ઉપર પ્રમાણે મને કહ્યું અને 'ડાંદો' શબ્દ બોલીને તે હસ્યો. હું સમજી ગયો. એનો નાનો ભાઈ થોડું થોડું બોલવા લાગ્યો છે; એ હજી અશુદ્ધ બોલે છે. તેના અશુદ્ધ ઉચ્ચારથી તે નારાજ થતો નથી પણ તે સાંભળી તેને ગમ્મત આવે છે. પોતે શુદ્ધિની કિંમત જાણે છે. જેને નથી આવડતું તેના પ્રદર્શનથી માત્ર તે હસે છે.

(૨) પટ્ટો લાવ્યો છું.

નવીનચંદ્રઃ "ગિજુભાઈ! જુઓ, આજે આ પટ્ટો લાવ્યો છું."

ગિજુભાઈઃ "કેટલાનો લીધો?"

ન૦: "ચાર પૈસાનો."

ગિ૦: "ઠીક, પહેરો."

આમ સંગીત વખતે નવીનચંદ્રે આવીને વાત કરી. એમ કેમ બન્યું? કારણ કે કાલે એણે મને એક પૈસો બતાવ્યો હતો. મને કહેઃ "ગિજુભાઈ! જુઓ આ પૈસો."

મેં કહ્યું: "કેમ આણ્યો છે?"

તે કહેઃ "ખાવાનું લેવા."

મેં કહ્યું: "કયાંથી ખાવાનું લેશો?"

તે કહેઃ "અમારા ઘર પાસે દુકાન છે ત્યાંથી."

આ વાત મેં તેની સાથે નિખાલસપણે કરી હતી. પૈસા ન લાવવા કે લાવવા બાબત તેને કશો જ ઠપકો આપ્યો ન હતો, અને તેથી જ બાળકનું અંત:કરણ મારી પાસે આજે ઊઘડ્યું અને પટ્ટો બતાવ્યો અને તેની વાત કાઢી. બાળકનું અંતઃકરણ આમ ઊઘડે છે.

(૩) "ગિજુભાઈ! હવે તો ભાઈબંધી થઈ ગઈ છે."

અનંતરાયઃ "ગિજુભાઈ! હવે તો ભાઈબંધી થઈ ગઈ છે." ઘેરથી આવીને સીધા અનંતરાયે ઉપર પ્રમાણે કહ્યું.

હું અનુસંધાન જાણતો હતો એટલે અર્થ સમજી ગયો.

ગઈ કાલે અનિલકુમાર, અનંતરાય, એમ બે ત્રણ બાળકો વચ્ચે તકરાર થઈ હતી. સૌ એક-બીજાની સામે ફરિયાદ કરતા હતા. બધાનો થોડો થોડો વાંક તો હતો જ. કોઈનો તે દિવસે વાંક ન હતો તો આગલે દિવસે વાંક હતો.

મેં કોઈને સજા તો ન જ કરી. એમ કરવાનું નથી જ. ઠપકો પણ ન આપ્યો. મીઠાશથી એટલું જ સમજાવ્યું કે આવી રીતે લડવું સારું નહિ. ખૂબ શાંતિથી, કાંળજીથી, જોઈતા જ શબ્દો વાપરીને સમજાવ્યું. મને લાગ્યું કે બાળકો વાત સમજી ગયા છે.

જ્યારે અનંતરાયે કહ્યું: "ગિજુભાઈ! હવે તો ભાઈબંધી થઈ ગઈ છે." ત્યારે મને ખૂબ આનંદ થયો.

(૪) કામ ચાલ્યું?

આજે સંગીતમાં પ્રથમ બે અને પછી પાંચેક બાળકો હતાં; ગાનારાં કુલ આઠ દસ હતાં. શાળામાં હાજર બાળકો કુલ ૩૦ હતાં.

સંગીતનું કામ ચાલ્યું કહેવાય? બાળકોમાંથી માત્ર બેચાર જ બાળકો હોય તો સંગીત ચાલુ રાખવું?

હા, ચાલ્યું કહેવાય. બીજાં બાળકોને તડકે બેસી કામ કરવું હતું, એથી બીજાંને તડકો ખાવો હતો. એ બાળકો સંગીતમાં શા માટે આવે? તેઓ બીજે ઠેકાણે કામ તો કરતાં જ હતાં. આપણે સંગીત ત્યાં જ જઈને કરીએ તો?

ના, તેઓ કહી શકયાં હોત કે સંગીત નીચે તડકામાં લાવો. અથવા તો આપણે સંગીતને લઈ જઈ તેમના આજના કામમાં શા માટે અડચણ રૂપ થવું?

ઉનાળામાં બધાં સંગીતના ઓરડામાં ભરાવાનાં જ. બહાર પડતો તડકો કોણ ખાવાનું હતું?

(૫) છળકલીલ

બાઃ "નલુબેન! દવા પીશોને?"

ગૂમડું થયું. બબલી કનિયા કરે તો રાજા ખાઈ ગયો. એના ઘરમાં પોપૈયું હતું. છત્રી ઓઢી'તી. રાજા હતો. માંગરોળ જતો'તો. તમારે ઘેર આવ્યો-'તો. પછી કેમ પગ મૂકે બતાવું? (ઊંચે પગે ચાલવા લાગ્યા.) રાજા બાવાને બોલાવવા ગયો. પછી કહે કે કુમુદને ખાઈ જા; છોકરાંને ખાઈ જા."

બહુ ઝપાટાબંધ તેઓ વાક્ય ઉપર વાક્ય બોલી ગયા. બધાં છોકરાં હસતાં હતાં તેની પણ તેમને દરકાર ન હતી. તેમનું તર્કશાસ્ત્ર, વિચાર-સંકલન કેમ ચાલે છે તે હું વિચારી રહ્યો હતો. તેમનાં વાક્યો સંપૂર્ણ હતાં; અર્થવાળાં હતાં. રાજા બધી વાતમાં કર્તા હતો. રાજા વિષે જુદા જુદા વિચારો, વિચારસંબંધો તેમણે વ્યક્ત કર્યા હતા. પણ તેમાં સંકલના કેમ ન હતી તે જ મુખ્ય પ્રશ્ન હતો. માબાપ કુમુદચંદ્રને મૂર્ખ ગણે છે. તે મૂર્ખ નહિ પણ અત્યંત પછાત બાળક તો છે જ. તેને મોટી ઉંમર સુધી બાલમંદિ-રમાં રાખવા તેનાં માબાપને મેં વિનતિ કરી, પણ તેઓએ ભણેતરની લાલચે અને ઉતાવળે હઠણાં તેને નિશાળમાં બેસાર્યા છે. કુમુદચંદ્ર પોતે પોતાની મેળે નિશાળે જતા નથી. એક દિવસ ટાંગાટોળી કરી નિશાળે લઈ જવામાં આવ્યા; હવે તેઓ રોજ તેના સાથીદારો અને માબાપને નિશાળના વખતે ટાંગાટોળી કરી લઈ જવા હોંશથી કહે છે. તેમાં તેમને મજા આવે છે. ટાંગાટોળી વિના નિશાળમાં જવાની ના પાડે છે.

આવો ઊંધો, અસ્વાભાવિક અને વિકૃત બુદ્ધિવિકાસ કુમુદચંદ્રમાં કેમ થયો, તેઓ શાથી આટલા બધા પક્ષાત રહ્યા, વગેરે પ્રશ્નો હજી પણ પ્રશ્નો જ રહ્યા છે. તેની બુદ્ધિનો અગમ્ય માર્ગ આપણે બોળવો જોઈએ. તેને જન્મથી જ મૂઢ માનવા કે જન્મ પછીની પરિસ્થિતિને કારણભૂત ગણવી, વગેરે સવાલો માનસશાસ્ત્રનો વિશાળ અનુભવ અને અભ્યાસ માગી રહ્યાં છે. આવા માનસશાસ્ત્રના અટપટા કોયડા રૂપ બાળ-કોને ખરી રીતે તો કોઈ બાલમંદિર કરતાં પણ વધારે વિશાળ પ્રયોગશાળામાં મૂકી વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય દૃષ્ટિએ પ્રયોગો કરી તેની બુદ્ધિનાં ભીતરી પડો પાછળ વહેતાં સરણો શોધવાં જોઈએ. દરેક શિક્ષક આવા વિચિત્ર બાળકોના અનુભવ એકત્ર કરે તો બાળ માનસશાસ્ત્રને ઘણી મદદ મળે.

અવલોકનો

(૧) ગાંડો-ડાંદો

અનિલકુમાર અને એના ભાઈ ઘેરથી આ-વતાં આવતાં બાલમંદિરનાં પગથિયાં ચડતા હતા. ચડતાં ચડતાં અનિલકુમારે કહ્યું: "ગિજુભાઈ! આ મારા નાના ભાઈને પૂછીએ છીએ કે રાજા ડાહ્યો કે ગાંડો, ત્યારે એ કહે છે કે 'ડાંદો."

આમ કહીને તે હસી પડ્યા. પ્રથમ તો હું સમજ્યો નહિ. મને થયું એ હસ્યા કેમ હશે? મેં એને ફરી બોલાવી પૂછ્યું: "શું કહેતા હતા તમે?"

તેણે ઉપર પ્રમાણે મને કહ્યું અને 'ડાંદો' શબ્દ બોલીને તે હસ્યો. હું સમજી ગયો. એનો નાનો ભાઈ થોડું થોડું બોલવા લાગ્યો છે; એ હજી અશુદ્ધ બોલે છે. તેના અશુદ્ધ ઉચ્ચારથી તે નારાજ થતો નથી પણ તે સાંભળી તેને ગમ્મત આવે છે. પોતે શુદ્ધિની કિંમત જાણે છે. જેને નથી આવડતું તેના પ્રદર્શનથી માત્ર તે હસે છે.

(૨) પટ્ટો લાવ્યો છું.

નવીનચંદ્રઃ "ગિજુભાઈ! જુઓ, આજે આ પટ્ટો લાવ્યો છું."

ગિજુભાઈઃ "કેટલાનો લીધો?"

ન૦: "ચાર પૈસાનો."

ગિ૦: "ઠીક, પહેરો."

આમ સંગીત વખતે નવીનચંદ્રે આવીને વાત કરી. એમ કેમ બન્યું? કારણ કે કાલે એણે મને એક પૈસો બતાવ્યો હતો. મને કહેઃ "ગિજુભાઈ! જુઓ આ પૈસો."

મેં કહ્યુંઃ "ક્યાંથી આણ્યો છે?"

તે કહેઃ "ખાવાનું લેવા."

મેં કહ્યુંઃ "કયાંથી ખાવાનું લેશો?"

તે કહેઃ "અમારા ઘર પાસે દુકાન છે ત્યાંથી."

આ વાત મેં તેની સાથે નિખાલસપણે કરી હતી. પૈસા ન લાવવા કે લાવવા બાબત તેને કશો જ ઠપકો આપ્યો ન હતો, અને તેથી જ બાળકનું અંત:કરણ મારી પાસે આજે ઊઘડ્યું અને પટ્ટો બતાવ્યો અને તેની વાત કાઢી. બાળકનું અંતઃકરણ આમ ઊઘડે છે.

(૩) "ગિજુભાઈ! હવે તો ભાઈબંધી થઈ ગઈ છે."

અનંતરાયઃ "ગિજુભાઈ! હવે તો ભાઈબંધી થઈ ગઈ છે." ઘેરથી આવીને સીધા અનંતરાયે ઉપર પ્રમાણે કહ્યું.

હું અનુસંધાન જાણતો હતો એટલે અર્થ સમજી ગયો.

ગઈ કાલે અનિલકુમાર, અનંતરાય, એમ બે ત્રણ બાળકો વચ્ચે તકરાર થઈ હતી. સૌ એક-બીજાની સામે ફરિયાદ કરતા હતા. બધાનો થોડો થોડો વાંક તો હતો જ. કોઈનો તે દિવસે વાંક ન હતો તો આગલે દિવસે વાંક હતો.

મેં કોઈને સજા તો ન જ કરી. એમ કરવાનું નથી જ. ઠપકો પણ ન આપ્યો. મીઠાશથી એટલું જ સમજાવ્યું કે આવી રીતે લડવું સારું નહિ. ખૂબ શાંતિથી, કાંળજીથી, જોઈતા જ શબ્દો વાપરીને સમજાવ્યું. મને લાગ્યું કે બાળકો વાત સમજી ગયા છે.

જ્યારે અનંતરાયે કહ્યુંઃ "ગિજુભાઈ! હવે તો ભાઈબંધી થઈ ગઈ છે." ત્યારે મને ખૂબ આનંદ થયો.

(૪) કામ ચાલ્યું?

આજે સંગીતમાં પ્રથમ બે અને પછી પાંચેક બાળકો હતાં; ગાનારાં કુલ આઠ દસ હતાં. શાળામાં હાજર બાળકો કુલ ૩૦ હતાં.

સંગીતનું કામ ચાલ્યું કહેવાય? બાળકોમાંથી માત્ર બેચાર જ બાળકો હોય તો સંગીત ચાલુ રાખવું?

હા, ચાલ્યું કહેવાય. બીજાં બાળકોને તડકે બેસી કામ કરવું હતું, એથી બીજાંને તડકો ખાવો હતો. એ બાળકો સંગીતમાં શા માટે આવે? તેઓ બીજે ઠેકાણે કામ તો કરતાં જ હતાં. આપણે સંગીત ત્યાં જ જઈને કરીએ તો?

ના, તેઓ કહી શકયાં હોત કે સંગીત નીચે તડકામાં લાવો. અથવા તો આપણે સંગીતને લઈ જઈ તેમના આજના કામમાં શા માટે અડચણ રૂપ થવું?

ઉનાળામાં બધાં સંગીતના ઓરડામાં ભરાવાનાં જ. બહાર પડતો તડકો કોણ ખાવાનું હતું?

(૫) છળલીલા

બાઃ "નલુબેન! દવા પીશોને?"

ન: "ના, બા ! મારે દવા નથી પીવી. દવા પીઉ તો મારૂં મોં ગંધાય; અને તને એ ન ગમે."

કહો છોને કે નાનાં બાળકોમાં અક્કલ નથી હોતી ? વાત તો એમ હતી કે નલુને દવા પીવી ન હતી. એની બુદ્ધિએ આડો માર્ગ લીધો ને ખોટી દલીલ ઉપજાવી કાઢી પોતાની બાની દયા ખાતી હોય એવી દલીલ કરી. બા ચતુર ન હોય તો છેતરાઈ પણ જાય. મતલબે છળ-દલીલ કરી. કારણ માત્ર એટલું જ કે પોતાને ગમતું ન હતું એ કરવું પડે તેમ હતું.

જોયું, બુદ્ધિમાં છળદલીલ કયારે અને કેવી રીતે દાખલ થાય છે તે?

(૬) જયંતીલાલ પ્રગટ્યા.

ગુલાબના છોડ નખાતા હતા. મોંઘીબેન રોપતાં હતાં. બાળકો પાણી લાવીને પાતાં હતાં.

બાળકોમાં જયંતીલાલનો ઉત્સાહ અદ્‌ભુત હતો. ઝપાટાબંધ તે પાણી ભરવા દોડતા હતા. પાણી કયારે ભરાઈ રહે તેની આતુરતાભરી દૃષ્ટિથી નળ પાસે રાહ જોતા હતા. પાણી ભરાઈ રહે કે તુરત જ "લ્યો પાણી !" કરીને દોડતા હતા અને મોંઘીબેનને જોઈએ તે કરતાંયે વધારે પાણી પૂરૂં પાડતા હતા.

જયંતીલાલ આજે અદ્‌ભુત કામ કરતા હતા. તે પ્રસન્ન પ્રસન્ન હતા. તેનાં અંગેઅંગે સ્ફૂર્તિ હતી. તેને આજે જોઈતું કામ મળ્યું હતું. તેની સામે કશું જ ન હતું. માત્ર પાણી પૂરૂં પાડવાનું હતું. જયંતીલાલ આજે પ્રગટ થતા હતા.

જરી ટપાલ

: ૧ :

બાળકો કાતરકામ લે તો તેમની વચ્ચે આવવું નહિ. તમે કાતરકામનો ખાસ જુદો વખત અને જુદું સ્થળ રાખો. એ કામ સાવ સહેલું છે. માટીકામ તેમ જ કાતરકામમાં બાળકો કેટલું સાચું સર્જન કરે છે તેના ઉપર તેની ઉપયોગિતા છે. ઘણી વાર બાળકો આવાં કામો ઉપર માત્ર વખત ગાળે છે ત્યારે ઘણી વાર આવાં કામો મારફત બાળક પોતાની શક્તિ વધારે છે. તમારે આ જોવું કે કાતરકામમાં નવું નવું શું કરે છે, તલ્લીનતા કેટલી છે, કામનો સંતોષ અને આનંદ કેટલાં છે. આટલાં વાનાં હોય અને તાણાતાણી, ધોંધાટ, મારૂં તારૂં એવું ન હોય તો કાતરકામ રસ્તા ઉપર છે એમ સમજવું. કાતરકામથી ઉદ્યોગને રસ્તે જનાર માનસ ઓળખી શકાય છે. એ કામને તમે આગળ વિકસાવી શકતા હો તો જ સવાર સાંજ જુદો વખત રાખી બાળકોને તે કામ આપવું.

મોન્ટીસોરી સાધનો જ બાળકોએ વાપરવાં જોઈએ એમ કાંઈ નથી. બાળકો વિકાસક પ્રવૃત્તિમાં જોઈએ. પ્રવૃત્તિ પ્રવૃત્તિમાં ગુણદૃષ્ટિએ ફેર હોય છે અને તે ફેર આપણા ધ્યાનમાં રહેવો જોઈએ. એ રીતે કાતરકામને ગુણ આપવા, અને ગુણની દૃષ્ટિએ બહુ નીચે જાય તો તમારે વિચાર કરવો કે એમ શા માટે થાય છે.

અત્યારે તો આટલેથી બસ. બાળકો વધારવા માટે ગામમાં જવું નહિ. આપણે તો બતાવી આપવું જોઈએ કે બાલમંદિરથી બાળકોને તેમ જ માબાપોને લાભ છે. અને આપણે બાલમંદિરમાં બેઠાં બેઠાં જ આપણા કામની ઉપયોગિતાની ખાતરી કરાવી આપી શકીએ છીએ. બેશક, તમે પત્રિકા કાઢો છો તેમાં તમારો હેતુ, તમે કામ કેમ કરો છો તે, તમારી મુશ્કેલીઓ, તમારી ફતેહો વગેરે જરૂર જણાવો. માબાપોને આમંત્રણ આપો કે તેઓ વારંવાર બાલમંદિર જોવા આવે. ઉપરાંત માબાપને કહી

શકો કે જ્યારે જ્યારે તેઓ ઇચ્છે ત્યારે ત્યારે તમારી સાથે પોતાનાં બાળકો વિષે જરૂર જે પૂછવું હોય તે તમને પૂછે. તમારે બધા ખુલાસા કરવા હમેશાં તત્પર રહેવાનું જ હોય. માતાઓને તથા પિતાઓને બાલમંદિરના લાભો સમજાવવા ભાષણો કરી શકો. આવું બધું કરો. પણ બાળકો એકઠાં કરવા માટે ઘેર ઘેર માબાપોને સમજાવવા નીકળશો જ નહિ. આજ નહિ તો કાલે લોકોને જ્યારે સમજશે કે બાલમંદિરમાં બાળકોને ન મોકલવામાં નુકસાન છે ત્યારે બાલમંદિરમાં બાળકો આશે નહિ; ત્યારે તમારે ના પાડવી પડશે; ત્યારે લોકો આજીજી કરી બાળકોને દાખલ કરવા દોડશે.

એ માટે તમે મંદિરમાં બેઠાં બેઠાં શ્રદ્ધાથી જે બાલસેવા કરો છો તે કર્યા કરો. એમ કરતાં બાલમંદિર ન ચાલ્યું તો શ્રીહરિનું નામ લઈ બાલમંદિર વધાવી લેજો.

બાલમંદિર બાળકોના શિક્ષકોના પેટ માટે નથી પણ દેશનાં બાળકોના ભલા માટે છે. એ સમજવું સહેલું છે છતાં માબાપોને ન સમજાય ત્યારે સમજવું કે આપણાં દુર્ભાગ્ય છે.

: ૨ :

વાત એમ છે કે આપણે જ્યાં સુધી લોકો પાસે જોડા ઘસતા જવાની અને બાલમંદિર કાઢવાની વાતો કરીશું ત્યાં સુધી લોકો આપણને દાદ નહિ આપે. લોકો એમ ધારે છે કે શિક્ષકોને કંઈક ગરજ હશે; શિક્ષકો ભૂખે મરતા હશે એટલે તેઓ પોતાના પેટ માટે બાલમંદિર કાઢવા દોડતા હશે. ખરી વાત તો એમ છે કે તમે બધાએ બાળકો માટે કંઈક કરવાની લાંગ પીધી છે અને તે જ્યારે ચડવા લાગે છે ત્યારે તમે બાલમંદિર કાઢવા દોડો છો. તમારા મનમાં એમ છે કે આપણે બાળકો માટે કંઈક કરીએ; પણ લોકો અવળો અર્થ લે છે. માટે મારૂં માનવું એવું છે કે તમે લોકો બહુ ઉતાવળા ન થાઓ. લોકોને પોતાનાં બાળકો વહાલાં છે અને વહેલા મોડા તેઓ બાળકોની કેળવણીની ચિંતા કરશે જ. તમારામાં જો સચ્ચાઈ હોય અને ધગશ હોય તો ભૂખે મરીને પણ શાંતિ સેવો. હા, તમારે પણ પેટ ભરવું જોઈએ; પણ આપણે બાળકોનું હિત પ્રથમ મૂકીને, તેમની સેવા અગ્રસ્થાને સ્થાપીને અદનું પેટ ભરવા માગીએ છીએ. આપણે આપણો ધંધો પૈસાદાર થવા નથી કરતા; પણ જે વસ્તુ જોઈતી છે, સારી છે, તે કરવા માગીએ છીએ. અને તેની બહુ થોડી કિંમત માગીએ છીએ. ગિ.

: ૩ :

તમારા પત્રનો જવાબ આપતાં આટલો વિલંબ થયો તે માટે હું જ જવાબદાર છું. મુ. ગિજુભાઈ એ એ પત્રનો જવાબ આપવાનું કામ મને સોંપ્યું હતું. પરંતુ મારે વીસ પચ્ચીસ દિવસ બહારગામ જવાનું થયું અને તમારો પત્ર મારે ઘરે જ પડી રહ્યો હતો, એટલે આટલું બધું મોડું થયું તે માટે ક્ષમા કરશો.

હવે તમારા પત્રમાં તમે ચર્ચેલા મુદ્દા ઉપર આવીએ.

૧ કોઈ પણ બાલમંદિર શરૂ કરતા પહેલાં એક વસ્તુ સાવ સ્પષ્ટ થવી જોઈએ કે આજે હજી બાલમંદિરો ફીની આવક ઉપર ચલાવવાનો જમાનો આવી લાગ્યો નથી. હા, એક દિવસ જરૂર આવવાનો છે કે જ્યારે બધાં જ માબાપો પોતાનાં બાળકોની કેળવણી માટે પૈસા ખર્ચવા તૈયાર થશે. પરંતુ અત્યારે એ જમાનો આવ્યો નથી. હજી એને માટે 'દિલ્હી દૂર છે.' આપણે માબાપોમાં એટલો પ્રચાર કરી શક્યા નથી કે એમનું બાળક ઘેર રઝળતું રહે એ વસ્તુ એમને આઘાત કરનારી લાગે. ખરી રીતે તો દરેક માબાપને પોતાને ત્યાં બાળકનો જન્મ થતા જ એની કેળવણીની ચિંતા થવી જોઈએ. જો કે બાળકની કેળવણી તો તે પહેલાં જ શરૂ થાય છે. પણ હજી આપણે આ વાત બધાં માબાપોને સમજાવી શક્યા નથી. ત્યાં સુધી બાલમંદિરનો આધાર જે માબાપ અને પૈસાદાર વર્ગ બાલમંદિરની જરૂરિયાત સમજ્યા

હોય તેમના ઉપર જ રહેવાનો. આવી બહારની આર્થિક સગવડ ન હોય ત્યાં સુધી બાલમંદિર બોલવું એ આજના સંજોગોમાં સલાહભરેલું નથી. કેમ કે જો બાલમંદિરના આર્થિક પ્રશ્નનો ભાર બાળકોની ઉપર જ હોય તો સ્વાભાવિક રીતે બાળકોની સંખ્યા વધારવા તરફ ખેંચાણ થાય. એને પરિણામે 'યેન કેન પ્રકારેણ' સંખ્યા વધારવાનો લોભ જાગે. એટલે પછી બાલમંદિરના સિદ્ધાંતો મૂક બાજુએ અને કોઈ પણ રીતે સંખ્યા વધાર, એવી પરિસ્થિતિમાં બાલમંદિરનો શિક્ષક મુકાઈ જવાનો સંભવ છે. એટલે બાલમંદિરના શિક્ષકો અને સંચાલકો આજે બાળકોની ફીના ઉપર જ બાલમંદિર ચલાવવાનો વિચાર માંડી વાળે એ જ સલાહભર્યું છે. આજે તો શરૂઆતમાં ઓછી સંખ્યા હોય તેની ચિંતા કર્યા સિવાય સુંદર રીતે બાલમંદિરો ચલાવી બતાવવાં જોઈએ. આવા બાલમંદિરની સુવાસ આખા ગામમાં ફેલાવાની છે એવી આપણને બાતરી હોવી જોઈએ. એક દિવસ બધાં જ માબાપો પોતાનાં બાળકોને બાલમંદિર મોકલવાનાં છે એવી આપણને દૃઢ શ્રદ્ધા હોવી જોઈએ. પણ એ વસ્તુ તાત્કાલિક નહિ બની જાય. જાદુગરના આંબાની માફક એકદમ કેરીઓ નહિ આવી જાય. એને માટે તો લાંબી તપશ્ચર્યા અને સાધનાની જરૂર રહેશે. બાલમંદિરના શિક્ષકે આજે એ સાધના કરવાની જરૂર છે, નહિ કે બાળકોની સંખ્યા વધારવાના લોભમાં પડવાની. આજ તો શિક્ષકે પોતાની પાસે પાંચ બાળકો આવે તો પાંચ બાળકો લઈને બેસી જવું અને એ પાંચમાંથી પચાસ થશે, સો થશે, એની સંપૂર્ણ બાતરી રાખવી.

૨ હવે લઈએ બાળકોની વ્યવસ્થાના પ્રશ્નો. આપણને એક વસ્તુની તો બબર જ છે કે જેને લોકો બાળકોનું તોફાન કહે છે એ વસ્તુ બાળક પાસે વિકાસક પ્રવૃત્તિ ન હોય ત્યારે જ ઊભી થાય છે. એકબીજાને ચોંટિયા ભરવા, આસનો ઉડાડવાં, વગેરે બધું જ બાળકને પોતાને વિકાસક પ્રવૃત્તિ ન મળી હોય ત્યારે જ એવું બધું કરવા તે પ્રેરાય છે. એટલે શું બાલમંદિર ચલાવનાર શિક્ષકે, કે શું વિનયમંદિર ચલાવનાર શિક્ષકે, જે કોઈ શિક્ષણનું કામ લઈ બેઠું હોય તેણે એક વસ્તુ સદૈવ પોતાના મન આગળ રાખવી જોઈએ કે બાળકને વિકાસક પ્રવૃત્તિ મળે છે કે નહિ. જો આપણે બાળકને વિકાસક પ્રવૃત્તિ આપી શકીશું તો એનું બધું જ કહેવાતું તોફાન બંધ થવાનું છે. એટલે જ્યારે જ્યારે આપણે કોઈ પણ બાળકને કહેવાતું તોફાન કરતું જોઈએ ત્યારે આપણે તેનું અવલોકન કરવું જોઈએ, અને એને અનુકૂળ વિકાસક પ્રવૃત્તિ બોળી કાઢવી જોઈએ. જો આપણે આ વસ્તુ બોળી કાઢીને બાળકની સામે ધરીશું તો ધીરે ધીરે એનું બધું જ કહેવાતું તોફાન ઓછું થઈ જશે.

૩ તમારે ત્યાં આવતાં પાંચ સાડાપાંચ વર્ષનાં બાળકોને જો અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન થઈ ગયું હોય તો તમારે એમને સીધાં વાચન ઉપર અને આગળના ગણિત ઉપર લેવાં જોઈએ. વાચન માટે તમારે એક નાનકડું વાચનાલય બાલમંદિરમાં જ ઊભું કરવું જોઈએ. આમાં જો આર્થિક મુશ્કેલી આવતી હોય તો હસ્તલિખિત પુસ્તકો તમારે તૈયાર કરવાં. ઉપરાંત આજુબાજુથી માગીબીખીને પણ બાળકોને અનુકૂળ પુસ્તકો ભેગાં કરી બાળકો પાસે ધરવાં જોઈએ. ગણિતનાં સાધનો ન મળે તેમ હોય તો હૈયાઉકલતથી સાધનો તૈયાર કરવાં. એમાં એટલું સમજી લેવું કે શાસ્ત્રીય સાધનો નહિ હોવાથી અટલું નુકસાન બાળકોને થશે જ. પરંતુ બાળકોને સડવા તો ન જ દેવાં જોઈએ; એમને નિષ્ક્રિય તો ન જ રાખવાં જોઈએ. એમની કક્ષાને અનુકુળ વિકાસક પ્રવૃત્તિઓ એક પછી એક ધર્યા જ કરવી જોઈએ.

૪ હવે લઈએ અવ્યવસ્થાનો પ્રશ્ન. મોટે ભાગે તો વિકાસક પ્રવૃત્તિ મળ્યા પછી અવ્યવસ્થાનો પ્રશ્ન સહેજે ઊકલી જાય છે, પણ એની અંદર આપણે સાવધ તો પૂરેપૂરા રહેવું પડે છે. આપણે

એક દાખલો લઈએ. ધારો કે તમે વાચનાલય શરૂ કર્યું. કોઈ પણ પ્રવૃત્તિ શરૂ કરતા પહેલાં આપણે એના નિયમો બાળકો સમજે તેવી ભાષામાં એમની પાસે મૂકી દેવા જોઈએ. તમે બાળકોને એક નિયમ આપ્યો કે "જેણે પુસ્તક લેવું હોય તેણે હાથ ધોઈને જ લેવું." આપણે નિયમો આપતી વખતે અથવા તો બાળકો સાથે વાતચીત કરતી વખતે કોઈ દિવસ નિષેધાત્મક ભાષા વાપરવી નહિ. આપણો નિયમ આવો ન હોય કે "કોઈએ હાથ ધોયા સિવાય પુસ્તક લેવું નહિ." આપણે તો ઉપર આપ્યો તેવો હકારાત્મક જ નિયમ આપવો જોઈએ. હવે હાથ ધોઈને જ પુસ્તક શા માટે લેવું એવો નિયમ શા માટે હોય તે વિષે સહેજ વાતચીત કરી લેવી. "પુસ્તકને ગંદા હાથે અડીએ તો પુસ્તક ગંદું થાય. આવાં સુંદર પુસ્તકો ગંદાં થાય તે કોઈને જ ન ગમે. એટલે પુસ્તક લેતા પહેલાં હાથ ધોવા. હવે આ પુસ્તકો કોને કોને લેવાં છે? જેને લેવાં હોય તે હાથ ઊંચા કરે." હાથ ઊંચા થાય પછી કહેવું કે "જુઓ, પુસ્તક કેમ લેવું તે હું બતાવું છું." અને પછી આપણે આદર્શ પાઠ આપવો. આ રીતે કોઈ પણ બાબતમાં આદર્શ પાઠ આપી બાળકો પાસે કામ લેવું જોઈએ.

૫ હવે બાળકોને બહાર મૂકી દેવાની વસ્તુ લઈએ. આ કરવા જેવું તો નથી જ. સંગીતમાં જે બાળકો વાતો કરતાં હોય તેમનું આપણે બરાબર અવલોકન કરવું. એમાં જે બાળકો ખૂબ વાતો કરતાં હોય તેમને આપણી પાસે બેસાડવાં, બીજાં વાતો કરતાં બાળકોને એકબીજાથી છૂટાં પાડવાં, વગેરે ઉપાયો અજમાવવા જોઈએ. સંગીત બાળભોગ્ય થાય તેવું કરવું જોઈએ. આવા બીજા ઘણાયે નુસખા અજમાવવા. પરંતુ બાળકોને બહાર મૂકી દેવા જેવી પરિસ્થિતિમાં ન જ મુકાવું.

૬ વાર્તાની બાબતમાં પણ બાળકોની કક્ષા, રસ વગેરે ધ્યાનમાં રાખીને વાર્તા શરૂ કરવી. ઉપરાંત વાર્તા શરૂ કરતી વખતે બાળકોને વાર્તામાં આવવા ન કહેવું પરંતુ એટલી જ જાહેરાત કરવી કે "વાર્તાનો વખત." એક બાળક આવે તો એક બાળકથી વાર્તા શરૂ કરવી. પરંતુ આપણું અવલોકન ચાલુ હોવું જોઈએ. મોટી ઉંમરનાં બાળકોને કદાચ બાળવાર્તાઓની વાતોમાં રસ ન આવે. તો એમને રામાયણ, મહાભારત કે બીજી ઐતિહાસિક વાર્તાઓ કહેવી. જુદી જુદી કક્ષાનાં બાળકો માટે જુદી જુદી વાર્તાઓ કહેવી. નાનાં બાળકો માટે સહેલી તો મોટાં બાળકો માટે અઘરી. ખરી રીતે તો વાર્તાનું જાદુ અદ્‌ભુત છે. જો બાળકોને એમને પોતાને અનુકૂળ વાર્તા આપણે આપી જ શકીએ તો એમને એમાંથી અપાર આનંદ મળે છે. માત્ર એની એક માત્ર શરત એ છે કે બાળકોને જોઈતી હોય મોટી વાર્તા અને આપણે કહીએ નાની વાર્તા; બાળકોને જોઈતી હોય સાહસપૂર્ણ વાર્તા અને આપણે કહીએ ડહાપણની વાર્તા; તો એ ન ચાલે. કેટલીક વખત તો એકાદ શરૂ કરેલી વાર્તા બાળકોને રસ ન આવે તો અડધેથી છોડી દેવી જોઈએ અને બીજી વાર્તા શરૂ કરવી જોઈએ. આપણે બાળકોને પાંચ પંદર વાર્તાઓ કહીએ તેમાંથી બેચાર તો બાળકોને ગમી જ જાય.

૭ હવે શાંતિની રમત. એ તો છેવટે એની મેળાએ ઊભી થનારી વસ્તુ છે. બાળકોને પોતાને વિકાસક પ્રવૃત્તિ મળી હોય, એના ઉપર બાળકોએ પોતાને જોઈતો વખત ગાળ્યો હોય, એને પરિણામે બાળક પ્રફુલ્લ બન્યું હોય અને પછી શાંતિની રમત શરૂ થાય તો એ રમત જામે. પણ શરૂ શરૂમાં આપણે બાળકોને શાંત બેસવાની, અવાજ સિવાય વાતચીત કરવાની રમતો આપી શકીએ છીએ. હાજરી વખતે થોડો વખત શાંત બેસવાની રમત રમી શકાય. આ બધું કર્યા પછી આપણે શાંતિની રમત લઈ શકીએ. શાંતિની રમત એ માત્ર શારીરિક ક્રિયા જ નથી. ખરી રીતે તો એ આત્મા સાથે તાદાત્મ્ય સાધવાનું એક સાધન છે. એટલે એ તો બાળકના વિકાસને પરિણામે આવનારી વસ્તુ છે.

મોહું થવા માટે ઘણો જ દિલગીર છું. પરંતુ નિરુપાય હોવાથી જ આટલું મોહું થયું છે.

અવારનવાર તમારા સમાચાર લખતા રહેશો. લક્ષ્મીબેનને નમસ્કાર. શં.

: ૪ :

આપના તા. ૨૩-૩-૩૬ ના પત્રના જવાબમાં મેં પોતે તો મારી ત્રણે દીકરીના કાન નાક વિંધાવ્યાં છે અને ત્રણેને મોટી ઉંમર થતાં તેની સામે વાંધો આવ્યો નથી. ઊલટું તેઓ કાનનાં કાણાંનો એરીંગ પહેરવામાં મનમાન્યો ઉપયોગ કરે છે.

આજકાલ સુધરેલાઓમાં નાક કાન ન વિંધાવવાની ફેશન છે. પણ તે ફેશન માબાપની છે; બાળકોની નથી. છોકરીઓને ઘરેણાં પહેરવાં ગમે છે. આવો તેનો કુદરતી સ્વભાવ છે. તેઓ કાન નાકનાં કાણાંનો વિરોધ કરતી ... પણ ઉપયોગ કરે છે. આપણે બાળકોના કાન વિંધાવીએ તો તેમાં કાંઈ ખોટું કરીએ એવું મને લાગતું નથી.

જે બેનોએ કાન નાક વિંધાવ્યાં નથી એમણે પોતાની છોકરીનાં કાન નાક વિંધાવ્યાં છે એ મેં જોયું છે. મંતલબ કે પાછળથી માતા ડાહી થઈ હોય એમ લાગે છે.

આપનાં પત્નીની કુદરતી લાગણીને માન આપશો. ગિ.

મોન્ટીસોરી શિક્ષકનો દુરુપયોગ

મુ. ગિજુભાઈ,

મોન્ટીસોરી બાલમંદિરમાં કેટલાક ભાઈઓ એમ બોલે કે બાળકોને મરાય નહિ, બાળકોને બીવરાવાય નહિ, બાળકોનાં કઈ પણ કરાય નહિ. પણ ઘરે તો બાળકોને તેઓ મારે, ઘરે તો બીવરાવે. બાળકોને મરાય નહિ ને મારે છે. ઘરે તો શીશીઓ ફોડી નાખે છે, કપરકાબી ફોડી નાખે છે. સોનાના દાગીના તોડીને ફેંકી દે છે. કોઈને મારી ઝૂડીને રસ્તામાં ફેંકી દે છે. એ જાતનો મોન્ટીસોરી શિક્ષક કઈ રીતે ગણાય ? કોઈ બાળકે મૂકેલી વસ્તુ પણ ફેંકી દે. આ મારી અનુભવેલી વાત છે.

(ઉં. વ. ૯) લી. અહેન્દ્રકુમાર

ચિ. ભાઈ મહેન્દ્ર,

તમે અનુભવેલી વાત લખી તે વાંચી. મોન્ટીસોરી શિક્ષક જો ઘેર બાળકોને મારે કે વઢે તો તે મોન્ટીસોરી શિક્ષક કહેવાય નહિ. ઘેર શીશીઓ ફોડે, કપરકાબી ફોડે, સોનાના દાગીનાને તોડીને નાખી દે, એવો શિક્ષક સાચો શિક્ષક નથી. એને તમારે કહેવું કે તમે ભણ્યા છો પણ તમને આવડ્યું નથી. તમને પ્રમાણપત્ર મળ્યું હશે પણ એ માટે તમે યોગ્ય નથી.

મને કહેશો એ માણસ કોણ છે ? આવી જ રીતે નવરાશે પત્ર લખતા રહેશો. અમે અત્રે ખુશીમાં છીએ. હમણાં જ અમે તળાજા ગોપનાથનો પ્રવાસ કરી આવ્યા. ખૂબ મજા પડી. તમે સાથે હોત તો તમને ભારે ગમ્મત પડત. ત્યાં ભણવાબણવા જાઓ છો કે ? આ બાજુ કયારે આવવાના છો ? શુ. ગિજુભાઈ.

માબાપોને	લેખક ગિજુભાઈ	૦-૧૦-૦
આ તે શી માથાફોડ !	,,	૦-૧૦-૦
માબાપ થવું આકરું છે	,,	૦-૧૦-૦
માબાપોના પ્રશ્નો	,,	૦-૮-૦

પોસ્ટેજ સાત આના જુદું ગણવું. શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, ભાવનગર

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

શિક્ષણ સમાચાર (પાનું ૪૮ થી)

—૨૦ ધીરજલાલ ના. શાહઃ જયપુરથી છૂટા થયા અને શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈનબોર્ડિંગના ગૃહપતિ તરીકે નિમાયા.

—૨૧ મગનભાઈ પટેલઃ આચાર્ય. મુજપુર ગ્રામશાળા (બાલમંદિર)ને તા. ૧-૪-૬૬ ના રોજ છોડી.

—૨૨ કેશવપ્રસાદ શાહ તથા લીલાવતી શાહઃ વલસાડના બાલમંદિરમાંથી છૂટાં થયાં.

—૨૩ ચન્દ્રશંકર યાજ્ઞિકઃ સોનગઢ ગુરુકુળ છોડ્યું.

—૨૪ પ્રભુલાલ ધોળકીયાઃ નિયામક, સરસ્વતી સદન, મંજલ. કેળવણી વિષયક પ્રવાસે ગુજરાત કાઠિયાવાડમાં નીકળતાં શ્રીદક્ષિણામૂર્તિમાં આવ્યા હતા.

—૨૫ ચંદુલાલ ભટ્ટઃ આચાર્ય, બાલમંદિર, ઈંદોર. બિમારીને લીધે રજા ઉપર.

—૨૬ બે બાળપ્રવાસોઃ શ્રીમતી નર્મદાબેનના બાલગૃહે. શિહોર પાલીતાણાનો પ્રવાસ કર્યો. શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરનાં બાળકોએ તળાજા ગોપનાથનો પ્રવાસ કર્યો.

—૨૭ સમિતિઃ અખિલ ભારતવર્ષ કેળવણી પરિષદની ૧૨મી બેઠક ૧૯૩૬ના ડિસેમ્બરમાં ભરાશે. ચાલુ વર્ષની બાલ્યાવસ્થા ને ગૃહશિક્ષણ સમિતિના સભ્યો નીચે પ્રમાણે નીમાયા છે.

૧ મિસ આર. સરોજની નાયડુ એમ.એ., એલ. ડી. આચાર્ય, ઈંદ્રપ્રસ્થ.

૨ પાર્સરામ એમ.એ., ફોરમેન ક્રિશ્ચન કોલેજ, લાહોર.

૩ આર. કે. કુલકર્ણીઃ એમ.એ., સેક્રેટરી લીગ ઓફ પેરન્ટસ એન્ડ ટીચર્સ, લાહોરીઆ બઝાર, લશ્કર, ગ્વાલીઅર.

૪ ગિજુભાઈ બધેકાઃ આચાર્ય, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર. મંત્રી.

—૨૮ ઠરાવઃ કરાંચીના આગેવાન શહેરીઓની એક સભા મળી હતી. તે સભાએ બાળકોના હકોના સંરક્ષણ માટે ચિલ્ડ્રન સોસાયટી—બાલમંદિર—એવી સંસ્થા સ્થાપવાનો ઠરાવ કર્યો હતો. તે સંસ્થાનું બંધારણ ઘડવા એક સમિતિ નીમી હતી.

—૨૯ ઠરાવોઃ તા. ૨૭-૩૦ ડિસેમ્બર ૧૯૩૫માં નાગપુર બાતે ભરાયેલી અગિયારમી અખિલ ભારતવર્ષ કેળવણી પરિષદે ડૉકટર મોન્ટીસોરીને હિન્દમાં આમંત્રણ આપવાના વિચારને અભિનંદ્યો છે અને ડૉકટર મોન્ટીસોરીને હિન્દમાં બોલાવવાં જોઈએ અને તેમની પાસે ટ્રેનિંગ કોર્સ ચલાવવો જોઈએ એવો એક ઠરાવ પસાર કર્યો છે. આ ઠરાવને સફળ કરવા માટે સૌ લાગતા વળગતાને દ્રવ્યથી અને બીજી રીતે મદદ કરવાની વિનતિ કરી છે. ઠરાવ નં. ૪ અ. બ.

—૩૦ શ્રીદક્ષિણામૂર્તિ ભવન જે અત્યારે ભાવનગરમાં છે, તેને ત્યાંથી ખસેડી કોઈ સારા ને શાંત વાતાવરણમાં ફેરવવાની જે વિચારણા ચાલતી હતી તે, એ સંસ્થાના વ્યવસ્થાપક મંડળના સર્વ સભ્યો એ વિષે એકમત ન થતાં હાલ પુરતી મોકૂફ રખાઈ છે.

શિક્ષણ સમાચાર

—૧ રાજકોટ: 'નૂતન શિક્ષણ મંદિર' ઊઘડ્યું. તા. ૨૬–૩–૩૬. સ્વાગત કરનાર તલકશી માણેકચંદ દોશી; પ્રમુખ પોપટલાલ ચુડગર; ઉદ્ઘાટનાર ગિજુભાઈ બધેકા; સંચાલક હિંમતલાલ મર્થક.

—૨ વડોદરા: 'અલકાપુરી બાલમંદિર' ઊઘડ્યું. ઉદ્ઘાટનાર રાજવિદ્યાધિકારી રા. રા. ભાટેસાહેબ; સંચાલકો સોમાભાઈ ભાવસાર અને વિષ્ણુભાઈ ભોકરે. તા. ૨૯–૩–૩૬

—૩ સોજીત્રા: 'બાલમંદિર' ઊઘડ્યું. સંચાલક કેશવલાલ લીલાધર દવે. તા. ૨૮–૧–૩૬

—૪ પૂના: 'મોન્ટીસોરી બાલમંદિર' ઊઘડ્યું. તા. ૧–૨–૩૬. સંચાલક આયમાય નાગરવાલા.

—૫ ભુજ: નૂતન પ્રાથમિક શાળા ઊઘડી. સંચાલક રણછોડજી કુંવરજી દવે. તા. ૧-૨-૩૬

—૬ સુણાવ: બાલમંદિર ચાલુ થયું. સંચાલક સોમાભાઈ કીશાભાઈ પટેલ.

—૭ વિલેપારલે: 'નૂતન બાલશિક્ષણ મંદિર' ઊઘડ્યું. સંચાલકો એસ. એન. નામલે, પ્રતાપરાય યાજ્ઞિક અને મિત્રો.

—૮ પાટણ: બીજું બાલમંદિર સંમેલન ભરાયું. પ્રમુખ મનોરમાબેન, ડિપ્લોમા હોલ્ડર લંડન; આમંત્રણ કરનાર ડૉ. પંજા અભ્યાસગૃહ, પાટણ.

—૯ સિદ્ધપુર: બાલસાહિત્ય અને કલા તથા ગૃહઉદ્યોગ પ્રદર્શન. ઉદ્ઘાટનાર રમણલાલ દેશાઈ. તા. ૧૦–૩–૩૬

—૧૦ નર્મદાબેન રાણા: બગસરા બાલમંદિરમાંથી છૂટાં થઈ પોરબંદર ગાંધી આશ્રમમાં જોડાયાં.

—૧૧ હરિલાલ ચૌહાણ: કચ્છ લોહાણા કેળવણી ખાતામાં જોડાયા.

—૧૨ કમળાબેન પારેખ: ભાટિયા સ્ત્રી મંડળ (વડગાદી, માંડવી)માં બાલમંદિરમાં જોડાયાં.

—૧૩ આશાભાઈ: ધર્મજ વ્યાયામમંદિરમાં જોડાયા.

—૧૪ શાંતાબેન બાંડવાળા: સરસ્વતી મંદિરના બાલમંદિરમાં (અમદાવાદ, મણિનગર) જોડાયાં.

—૧૫ લીલાબેન પટેલ: ન્યુ એજ્યુકેશન સોસાયટીના બાલમંદિરમાં શિક્ષિકા તરીકે જોડાયાં.

—૧૬ રુકિમણીબેન: દીવની કન્યાશાળામાં શિક્ષિકા તરીકે નીમાયાં તા. ૧–૪–૩૬

—૧૭ મનુભાઈ ભોગીલાલ દવે: ભાદરણ બાલમંદિરમાં શિક્ષક તરીકે જોડાયા.

—૧૮ શાંતિકુમાર પંજા: ગંગાબાઈ જૈન કન્યાશાળામાં શિક્ષક તરીકે જોડાયા.

—૧૯ હાથીરામ પંજા: સરસ્વતી સદનમાં (મંજલ, કચ્છ)માં જોડાયા.

[અનુસંધાન પાનું ૪૭ ઉપર]

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાલાલ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટેસોરી સંઘ)

વર્ષ ૨૧ મું
સંવત ૧૯૯૨

અંક ૪ થો
જ્યેષ્ઠ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

લેખમાં બોક્સ રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

ગરીબ હિંદુસ્તાન બાળકોને સાલદાર ખોરાક ન આપી શકે પણ તે બાળકોને ખુલ્લી હવા અને પુષ્કળ તડકો તો આપી શકે જ છે.

ગામેગામ, લત્તાએલત્તાએ, કીડાંગણો તો જોઈએ જ જોઈએ.

કીડાંગણો એટલે ચોખ્ખી ખુલ્લી જગા. બાળકો ત્યાં દોડે, રમે, રેતીમાં આળોટે, હીંચકે, લપસે અને તન અને મનને તંદુરસ્તીથી ભરી દે.

કીડાંગણો દવાખાનાને અને દાક્તરોને હાંકી કાઢશે.

કીડાંગણો આયુષ્યને વધારશે.

કીડાંગણો બાલમરણને ઓછાં કરશે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૧] જ્યેષ્ઠ ૧૯૯૨ [અંક ૪

બંધનમુક્ત કરો.

આપણે બીજા કોઈને બંધનમાંથી છોડાવી ન શકીએ, તો કાંઈ નહિ તો નાનાં બાળકોને તો અનેક પ્રકારનાં બંધનોમાંથી છોડાવીએ.

સૌથી વધારે બંધનોથી જકડાયેલાં નાનાં બાળકો છે. એ બંધનો એટલા માટે પ્રાણઘાતક છે કે તેની આપણને કે બાળકોને અસર જ નથી. એ બંધનો એટલા માટે જગત-વિનાશક છે કે સૌ ડાહ્યા લોકો ઈશ્વરને માથે રાખીને કહેવા નીકળે છે કે બાળકો જ માત્ર બંધન વગરનાં છે; તેઓના ઉપર કશું જ બંધન કોઈએ નાખ્યું નથી.

સાત્ત્વિક સિદ્ધિ

સૌ પોતાનાં છોકરાંને ચાહે જ છે. એની પાછળ ખુવાર થવું એ એક તપશ્ચર્યા છે. ઊંચે ચડવાનું એ એક પગથિયું છે. પણ તેથી આગળ વધીને સૌનાં બાળકોને ચાહવું એમાં બાળકો અને આપણો ઉભયનો કલ્યાણનો માર્ગ છે. જેમ જેમ આપણને બીજાનાં બાળકો તરફ પ્રેમ વધવા લાગે તેમ તેમ આપણે વિશાળ થતા જઈએ છીએ. જગતનાં બાળકોમાં આપણાં બાળકોને સમાવી દેવાની શક્તિ એ એક ઉચ્ચ સિદ્ધિ છે; અને તે સાત્ત્વિક સિદ્ધિ છે.

બાળકો અને સંતો

નાનાં બાળકો અને સંતોને વારંવાર સરખાવવામાં આવે છે. એ સરખામણી યોગ્ય છે. સંત અને બાળકોનાં સરલતા, નિર્વ્યાજતા, નિર્માનીપણું અને નિર્ભીપણું સરખાં છે. જે વસ્તુ સાધુતાને લીધે સંતમાં છે, તે વસ્તુ દુનિયાનો પવન નહિ લાગવાથી બાળકોમાં છે. બાળકો સંત છે; દુનિયા તેને અસંત બનાવે છે. વળી ધર્મ, સત્કર્મ, તપશ્ચર્યા અને ઈશ્વરની કૃપા તેને ફરી વાર સંત બનાવે છે. ગિ.

નાજુક મૈત્રી

પોતાની પેટી અને બિછાનું લઈ એક મહેમાન બાઈ ઘેર આવીને ઊભી રહી. ઘરના દરેક માણસને જુદી જુદી જાતનો આનંદ થયો; કોઈને ઘરમાં જરા ગડબડ લાગી, કોઈને મહત્ત્વ લાગ્યું; કોઈને લાગ્યું કે મહેમાનનો સામાન વ્યવસ્થિત મૂકવો જોઈએ. પણ નાના મધુને કંઈ જ લાગ્યું નહિ. એને તો એટલું જ લાગ્યું કે એક બાઈ એકાએક ઘરમાં પેસી ગઈ છે, ને

આ નુ ક્રમ વા ણિ કા

૫૦ બંધનમુક્ત કરો . . ગિ.
૫૦ સાત્ત્વિક સિદ્ધિ . . . ગિ.
૫૦ બાળકો અને સંતો . . ગિ.
૫૦ નાજુક મૈત્રી . . . . તા.
૫૧ ઠપકો નહિ આપું . . ...
૫૩ ખબરદાર . . . . શં.
૫૪ શું કહે છે . . . .
૫૪ ટપાલ . . . .
૫૫ બાલસંસ્મરણ . . . ...
૬૧ અમારી વાત . . . . ન.
૬૪ શિક્ષણ સમાચાર . . તં.

તેના સામાનથી પોતાની દોડવાની જગ્યા રોકી છે; પોતાની બા સાથે તે ગપ્પા મારતી બેઠી છે એટલે બા પોતાની રમત બરાબર ધ્યાન આપીને જોતી નથી, પોને બોલે છે તે બરાબર સાંભળતી નથી. મધુને રમવાની ઇચ્છા એટલી પ્રબળ હતી અને પોતાના કામની મહત્તા એને એટલી બધી લાગતી હતી કે તે મહેમાન-બાઈ તરફ જોવાનો કે તેના વિષે વિચાર કરવાનો તેને વખત જ નહોતો. જરા જોયું ન જોયું કરીને મધુ પોતાને કામે લાગ્યો. બાની ને મહેમાનની વાતો શરુ થઈ.

મધુ પોતાની રમતમાં લીન હતો; પોતાનાં કામમાં હતો. પણ મહેમાનબાઈ મહેમાન થઈને રહે એમ લાગતું નહોતું; કુટુંબના માણસો જેમ જ રહેવાનો એનો વિચાર હોય એમ લાગતું હતું. આવી સામાન્ય છાપ મધુના મન ઉપર પડ્યા વિના રહી નહિ. માણસથી દૂર રહેવાનું સ્વાભાવિક વલણ ઓછું થયું ને એના રમવાકૂદવામાં રોજનું સહજપણું આવવા લાગ્યું. મહેમાનોએ આવીને છૂટથી ફરવાફરવાનો કે બોલવાચાલવાનો હક્ક લઈ લીધો હોય એવો કડવો અનુભવ મધુના નાનકડા જીવનમાં થયો હતો કે નહિ તે બ્બર નથી; પણ આજના મહેમાને ઘરમાં કૃત્રિમ સભ્યતાનું વાતાવરણ ફેલાવ્યું ન હતું એટલું તો ખરું જ. વળી મહેમાનબાઈ ખૂબ નજીકના સંબંધવાળી હોય એમ લાગતું હતું, છતાં તેણે મધુને ઊંચકી લીધો ન હતો, પ્રેમથી બચી લીધી ન હતી; બાએ તેને "આ તારે અમુક થાય છે માટે નમસ્કાર કર." એમ કહ્યું ન હતું, એટલે એને પરાયા માણસ પાસે વાંકા વળવાનો પ્રસંગ આવ્યો ન હતો. તે જ પ્રમાણે મહેમાન-બાઈએ પણ "તારું નામ શું? હું કોણ છું? મારું નામ શું?" વગેરે નિરર્થક નિકટ આપવાના પ્રશ્નો પૂછ્યા ન હતા, એટલે મધુને મહેમાનની બહુ અડચણ ન લાગી. તે હમેશની માફક રમવા લાગ્યો.

રમતાં રમતાં એક મુશ્કેલી ઊભી થઈ. દોરીમાં ગાંઠ હતી તે છૂટતી ન હતી. બા પાસે લઈ ગયો પણ બાથીયે છૂટી નહિ. કોઈ પણ રીતે એટલે પારકા પોતાના હક્કમાં આડે ન આવનાર મહેમાનથી ગભરાવાનું મધુને હવે કારણ રહ્યું ન હતું, એટલે આવા મુશ્કેલીના પ્રસંગે કોની પાસે જવું એવા વિચારથી મધુએ મહેમાન સામે જોયું. મહેમાનના ચહેરા ઉપરથી એ મદદ કરશે એમ લાગ્યું. વિચાર આવ્યો કે તરત જ મધુ મહેમાન પાસે ગયો અને "છોડી દો." એટલું જ કહી પોતાને કામે લાગ્યો. મહેમાનબાઈએ

ઠપકો નહિ આપું.

કરચલીએ પોતાના વહાલા પુત્રને ઠપકો આપ્યો: "બેટા! આમ એક બાજુએ વાંકો તે શું ચાલે છે? મનનો સીધો ચાલતો હો તો કેવું રુડું લાગે!"

બેટાએ બાને જવાબ આપ્યો: "બા! તદ્દન સાચું કહે છે. પણ કેમ સીધા ચાલવું એ જરા તું જ બતાવને? જરૂર, હું એમ જ ચાલીશ."

બાએ સીધા ચાલી બતાવવાની ઘણીયે કોશિશ કરી પણ નિષ્ફળ ગઈ. કરચલીએ પ્રતિજ્ઞા લીધી: "હવેથી કદી પણ વહાલા પુત્રને ઠપકો નહિ આપું." ૨૨૯૬૯

દોરીને ક્ષુદ્ર ગણીને ફેંકી દીધી નહિ, અથવા તો "મારાથી તો નહિ છૂટે." એવો નિરાશાજનક જવાબ પણ આપ્યો નહિ; એટલું જ નહિ પણ કાળજીપૂર્વક તે દોરી છોડવા લાગી. આ જોઈ મધુનું કોમળ અને સંસ્કારગ્રાહી મન મહેમાન તરફ વળ્યું.

વાર તો લાગી; ઝટ દઈને દોરીની ગાંઠ છૂટી નહિ પણ છેવટે ગાંઠ છોડીને દોરીના બે છેડા મહેમાને મધુના હાથમાં આપ્યા. મધુએ દોરીના છેડા હાથમાં લઈ પોતાનો સંતોષ દેખાડવા મહેમાન તરફ જોયું. મહેમાનની આંખમાં મધુની આંખનું પ્રતિબિંબ પડ્યું. એક ક્ષણ બંનેની નજર મળી; બંનેનાં હૃદય પ્રેમભીનાં થયાં અને બંનેની નાજુક મૈત્રીની શરુઆત થઈ.

મધુએ ધીમે ધીમે મહેમાન તરફ વધારે ધ્યાન આપવાનું શરુ કર્યું. મહેમાનની સામે બાના ખોળામાં બેસી હાથપગ હલાવી પોતાનું સ્વાગત વ્યક્ત કર્યું. મહેમાનને સોપારી લાવી આપવાની ઇચ્છા બતાવી ને છેવટે પોતાનું નામ, ગામ, જિલ્લો, બધું ખુશીથી કહ્યું. મહેમાનને શું કહેવું તે જાણી લીધું. થોડા જ વખતમાં નાનકડા મધુના હૃદયમાં મહેમાનને સ્થાન મળી ગયું. મધુ પોતાને કામે લાગ્યો; મહેમાન પોતાને કામે લાગ્યા.

નાના એવા પ્રસંગે મૈત્રીની થયેલી શરુઆતને પોષક એવા નાના મોટા બનાવો રાતદિવસ બનતા જ હતા, પણ સંસ્કારી મન અજાણપણે જે પ્રસંગની બીક રાખે છે એવો અતિ નિકટનો પ્રસંગ મહેમાનબાઈ લાવશે કે કેમ, તે મધુને માટે એક પ્રશ્ન હતો. જેટલી મૈત્રી તેટલા પ્રમાણમાં નીડરતા જોઈએ. મધુ મહેમાન સાથે મૈત્રી કરવા ઇચ્છતો હતો છતાં અતિ નિકટતાનો પ્રસંગ આવ્યો ન હતો. મહેમાનબાઈએ પણ મધુના નાજુક ભાવને ધક્કો લાગે એવો અતિ નિકટ પ્રસંગ આણ્યો નહોતો. મહેમાને રાત્રે સૂતા વખતે એ પ્રસંગ આણ્યો. મધુના બિછાન પર બેસી તેણે પૂછ્યું: "મધુ! હું તારી પાસે સૂઉં કે?" મધુએ કાંઈ પણ મર્યાદા ન રાખતાં સરળપણે કહ્યું: "ઉંહું, તમે ત્યાં તમારા બિછાના પર સૂજો; હું તો બા પાસે સૂઈશ." મહેમાને વધારે આગ્રહ કર્યો હોત તો મધુ તેને ધક્કો મારવાની તૈયારીમાં જ હતો; પણ મહેમાન એટલેથી જ સમજી ગયાં, જરા હસીને તે ત્યાંથી ચાલ્યાં ગયાં ને મધુને વધારે કડક થવાની જરૂર પડી નહિ. તેમની મૈત્રીમાં 'પ્રથમગ્રાસે મક્ષિકા' જેવું થયું નહિ.

બીજે દિવસે સવારે જરૂર જેટલા અંતરથી મૈત્રીના વિકાસની શરુઆત થઈ. નાની નાની વાતો થતી હતી. મધુના નાનાં નાનાં નિરર્થક દેખાતાં કામો મહેમાનબાઈ પૂરતા મહત્ત્વથી જોતાં હતાં. મધુએ એકાદ કાગળની ચિઠ્ઠી આપી. મહેમાને વાતોમાં હોવા છતાં તેને ફેંકી ન દેતાં કાળજીપૂર્વક લીધી. બેસવાની જગ્યાએ કાગળના કટકાનો કચરો પડ્યો હતો તેને ઊંચકીને કચરાની ટોપલીમાં કેમ નાખવો તે ધીમેથી મધુને બતાવ્યું, અને મધુએ તે લક્ષ આપી સુંદર રીતે કર્યું. "આમ નહિ; જો પણે કચરો રહી ગયો, એ લઈ લે." વગેરે કહી મધુના કામમાં એણે અડચણ ઊભી કરી નહિ. કામ પૂરું થયા પછી મધુએ મહેમાનની સામે જોયું ને નવું કામ શીખ્યાનો પોતાનો સંતોષ આંખોથી જ પ્રદર્શિત કર્યો. તે પ્રસન્ન દેખાયો, ને મહેમાન તરફ

વધારે આકર્ષાયો. મધુ મહેમાનના ખોળા ઉપર ચડી બેઠો, તો પણ મહેમાને એને હૃદય સરસો ચાંપીને કે બચી લઈને એના નાજુક ભાવોને ધક્કો લગાડ્યો નહિ. એકાદ મિનિટ ખોળામાં બેસી તે નાચવાકૂદવા ચાલ્યો ગયો. મહેમાને એને જવા દીધો. મધુના હૃદયમાં મહેમાનને ઉચ્ચ સ્થાન મળ્યું.

આવી રીતે શરુ થયેલી મૈત્રી જ વધારે દૃઢ થાય છે, વધારે નિકટ લાવે છે. એ જ સાહજિક છે. બપોરે જમ્યા પછી મહેમાન જરા આડે પડખે થયાં હતાં. મધુ તેની પાસે બેઠો. મહેમાને ઉંદરની, બકલીની એમ બે ત્રણ વાર્તાઓ કહી. મધુની આંખો આનંદથી ચમકી ઊઠી.

છેવટે મધુ મહેમાનની પાસે જ તેના ઓશીકા ઉપર માથું રાખી સૂઈ ગયો. મહેમાનની આંખ પણ મળી ગઈ.

મધુની બાને નવાઈ લાગી કે "એક જ દિવસની ઓળખાણમાં મધુ મહેમાનનો કેટલો જાણીતો થઈ ગયો? આ તો ભારે થઈ!"

તા.

ખબરદાર, ઘેર પાછો આવ્યો તો!

આજે રસિકભાઈ બાલમંદિર આવ્યા હતા; ગઈ કાલેય આવ્યા હતા, પરમ દિવસેય આવ્યા હતા. પણ એ બંને દિવસ તો એમના બાપા અને બા સાથે પાછા ચાલ્યા ગયા હતા. આજે કોઈક નવો માણસ સાથે આવ્યો હતો. પાંચ મિનિટ પછી એ પાછો ચાલ્યો ગયો; રસિકભાઈ રોવા માંડ્યા.

ગિજુભાઈ આવ્યા. "કાં રસિકભાઈ! શા માટે રડો છો? ઘેર જવું છે? અરે નર્મદાશંકર! આ રસિકભાઈને ઘેર મૂકી આવોને?"

ત્યાં તો રસિકભાઈ બોલી ઊઠ્યા: "ના ના, મારે ઘેર જવું નથી." એમ કહીને રસિકભાઈએ રોવાનું બંધ કર્યું. પછી તો એ રમતે પણ લાગ્યા.

નાસ્તો ચાલતો હતો. રસિકભાઈ નાસ્તા માટે તૈયાર થઈને આવ્યા હતા. ગિજુભાઈએ રસિકભાઈની બધી વાત કરી. પછી રસિકભાઈને પૂછ્યું: "કાં રસિકભાઈ! તમે ઘેર શા માટે ન ગયા?"

રસિકભાઈ નિરુત્તર રહ્યા.

ગિજુભાઈએ પૂછ્યું: "તમારી બાએ ઘેર આવવાની ના પાડી હતી?"

રસિકભાઈએ બીતાં બીતાં જવાબ આપ્યો: "હા, મારી બાએ મને ઘેર આવવાની ના પાડી હતી."

પણ રસિકલાલની બાએ એમને ઘેર આવવાની એકલી ના જ પાડી હોત તો? તો તો જરૂર એ ઘેર પાછા ગયા હોત. કેમ કે એમ તો બે દિવસ એમના બા બાપા ના પાડતાં હતાં તો પણ એ ઘેર પાછા જતા જ હતા. તો આજે શા માટે ઘેર પાછા ન ગયા? જવાબ આપતાં શા માટે એ બીતા હતા? કેમ કે આજની ના પાછળ ધમકી હશે. આજે ઘેર પાછા જાય તો બા એમને કદાચ મારે પણ ખરી, એવી એમને બીક લાગતી હોવી જોઈએ. બાએ કહ્યું હશે: "ખબરદાર, ઘેર આવ્યો તો!" બાની ધમકીને પરિણામે જ રસિકલાલે ઘેર જવાની ના પાડી. બાલમંદિર એમને કેટલું વહાલું લાગશે? શં.

શું કહે છે

[સિદ્ધપુરમાં બાલકલાપ્રદર્શન ખુલ્લું મુકાતી વખતે]

: ૧ :

આજથી લગભગ દસ વર્ષ પહેલાં બાળકોને આપણે કેટલાં હડધૂત કરતાં હતાં ? આજે તો સમાજનું લક્ષ બાળકો ઉપર છે. બાળકેળવણી માટે આપણે સમજતાં થયાં છીએ. જે વાતાવરણ બાલમંદિરમાં રખાય છે તેવું જ ઘરમાં રખાય તો આપણું જીવન કેટલું પવિત્ર, સુંદર ને શાંતિમય થાય ? બાલમંદિરમાં શું કામ ચાલે છે, કેમ વ્યવસ્થા રખાવાય છે, તે જઈને જોઈએ નહિ ત્યાં સુધી આપણને એ ખ્યાલ ન આવે. બાલમંદિરમાં બાળકો રાચે, નાચે ને તેથી તેમની માનસિક, શારીરિક, અને આધ્યાત્મિક શક્તિ વિકસિત બને.

શારદાબેન મહેતા

: ૨ :

આજે મોન્ટીસોરી પદ્ધતિ એ બાલવિકાસને યોગ્ય છે એમ જગતમાં સર્વ સામાન્ય સત્ય તરીકે સ્વીકારાયું છે, ત્યારે તે પદ્ધતિ આપણા દેશને બંધબેસતી આપણે આંગણે આણી છે. બાળકો ત્યાં શાંતિના પાઠો, વ્યવસ્થાની રીતભાતો, ભ્રાતૃભાવભર્યું ભણતર અને સન્માન, સ્નેહ વગેરે સમાજરચનાની ઊણપો પૂરી કરવાના પાઠો પઢી રહ્યાં છે. એમને પોપટિયું ભણતર ભારે લાગે છે. આજનો ભણેલો યુવાન કે અભણ ખેડૂત બેઉ એકસરખા છે. બાળકોને તમે બાલમંદિરમાં મોકલી સંસ્કાર–પ્રયોગ–ભૂમિકાએ જઈ, કોઈવાર દર્શન કરજો. તમને તે ચેતનદેવો ઘડીભર સ્વર્ગની સમજ આપશે.

છોટુભાઈ પંડિત

૮ પાલ્લ

પૂજ્યશ્રી

આપનો અત્યંત લાગણીભર્યો પત્ર મળ્યો. બાપુજીના સ્વર્ગવાસના દુઃખદ સમાચાર જાણતાં તમારા જેવા સ્નેહીને દુઃખ લાગે જ; અમોને તો એ દુઃખ અસહ્ય લાગે છે. તેઓ તો તેમના સત્કાર્યની સુવાસ પ્રસરાવી ગયા છે. તેમનો સેવાભાવ, પ્રેમાળ હૃદય ને નિખાલસતા જોતાં એમ માની શકાય છે કે તે આત્મા તો જ્યાં હશે ત્યાં સુખ અને શાંતિમાં જ હશે. પણ અમને તો એની ખોટ ડગલે ને પગલે સાલે છે. વળી મારે તો બાપને દીકરીની ખોટ સાથે મળી હું કેવી રીતે હિંમત રાખું તે જ મારાથી નથી સમજાતું. શારદાનો ઘા વીસરવા પ્રયત્ન કરતી હતી ત્યાં રમેશના મૃત્યુએ તે વધારે તાજો બનાવ્યો. માતૃહૃદયમાં તેવા ઘા રુઝાવા બહુ મુશ્કેલ છે તે તમે તો સારી રીતે સમજી શકો છો. શારદાના મૃત્યુ પછી જે આશા, ઉત્સાહ, મહત્ત્વાકાંક્ષાઓ થોડાં ઘણાં રહ્યાં હતાં તે રમેશના મૃત્યુ સાથે ચાલ્યાં ગયાં છે. હવે પાછળનાં બાળકો હું કેવી રીતે ઉછેરી શકીશ ? હું બહુ જ નિરાશ અને નાહિંમત થઈ ગઈ છું. રસિકની જોડી રમેશ જતાં તૂટી ગઈ છે. મને એક વાતનું જ વિશેષ દુઃખ રહ્યા કરે છે કે મારા તરફથી બાળકોને બહુ દુઃખ થયું છે;

મારા જેવી નિર્દય અને અજ્ઞાન સ્ત્રીને માતા થવાનું ન હોય. બાએ તમને સંભારણાં લખાવ્યાં છે. સુશીલાબેન ત્યાં હોય તો મારાં સ્મરણ કહેશો. ત્રિવેણીબેન ક્યાં છે? ખબર હોય તો લખશો. સરનામું પણ લખશો.

...બેનના વંદન.

ચિ. ...બેન

તમારો પત્ર મળ્યો. સાચે જ એક અતિ પ્રેમાળ માતા જેવાં તમે છો. એ બાળકોનો વિયોગ તમને અત્યંત સાલે છે. માતાનો જીવ જ એવો છે.

તમે તેમને બરાબર કેળવ્યાં નહિ કે તેમનું મન રાજી રાખ્યું નહિ તેનો તમને પરિતાપ થાય છે. એ પરિતાપ જ એનું ખરું પ્રાયશ્ચિત્ત છે. બીજાં બાળકોને હવે હું બહુ સારી રીતે ઉછેરીશ, તેમને સમજવાનો પ્રયત્ન કરીશ, એવો સંકલ્પ કરો; હવેથી ભૂલ નહિ કરું એવો પાકો નિશ્ચય કરો, અને એ પ્રમાણે વર્તો. એ બે વાનાં થયેલી ભૂલને ભૂંસી નાખવા સમર્થ છે.

તમે તો કાંઈક કેળવાયેલાં છો; પણ આજે ભારતવર્ષમાં એટલી બધી અજ્ઞાન માતાઓ છે કે તેમના અજ્ઞાનને લીધે બાળકોને ખૂબ સહન કરવું પડે છે. આપણે સૌ દયાળુ પરમેશ્વર પાસે પ્રાર્થના કરીએ કે જગતની તમામ માતાઓને જેમ ઈશ્વરે કુદરતી પ્રેમ આપ્યો છે તેમ જ તે દયાળુ પ્રભુ તેમને બાળકો સંબંધી સમજણ આપે.

ચિ. રસિકને સાચવજો. એમાં તમારી શક્તિ ખર્ચજો. એમ નાહિંમત અને નિરાશ ન જ થવાય. માતા કદી પણ નિરાશ થાય જ નહિ. પોતાનાં બાળકોને ઉછેરી મોટાં કરવામાં તેની બધી આશા છે, અને એ જ આશા તમારી સામે છે. ચિ. રસિકને બને તેટલો સમજવા અને આગળ વધારવા પ્રયત્ન કરજો. થાક લાગે ત્યારે પરમેશ્વર પાસેથી બળ માગજો.

ત્રિવેણીબેન હમણાં દીવની કન્યાશાળાનાં આચાર્ય છે. એ કન્યાશાળા પણ સારી છે. તેમનું સિરનામું—

ત્રિવેણીબેન રામજી
c/o શેઠ ભગવાન દામોદરદાસ
મુ. દીવ-કાઠિયાવાડ.

છે. ત્યાં તેઓએ કન્યાશાળાને સારી રીતે સુધારી છે. જ્યાં જાય ત્યાં કામ કરી બતાવવું એ તો તેમનો સ્વભાવ છે, અને તે તમે જાણો છો. હમણાં તમે લીંબડી લાગો છો અને તેથી આ કાગળ લીંબડી લખું છું. અવકાશ મળે તો અને ત્યારે પત્ર લખશો. કંઈ ચોપડીઓ વગેરે જુએ તો મગાવજો.

અત્રેનું કામ તો જેમ ચાલે છે તેમ ચાલે છે.

લે. ...ના આશીર્વાદ.

બા ને સ્મ ર ણ

આજે બાળપણ યાદ કરવાનો અને એ યાદ કરીને નોંધવાનો પ્રસંગ આવે છે ત્યારે મને જન્મ આપનાર મારી બાને યાદ કરી જવાય છે. જેમ નિશાળમાં ઇતિહાસ શીખીએ છીએ એ કદી નજરે જોયું નથી છતાં એનો ખ્યાલ કરી કંઈક ભાવો અનુભવીએ છીએ, એવું જ કંઈક મારી બાને વિષે હું અનુભવું છું. આજ સુધી એની સિવાયની જિંદગી જીવ્યો એટલે દુનિયામાં મા અને બાળકના પ્રેમના સંબંધનું પાનું મારે માટે સાવ કોરું જ રહી જાય છે.

કલ્પનાથી એ વસ્તુ કલ્પી શકું છું. આજ સુધીમાં એકેક વખત એ કલ્પનાથી ખૂબ દુઃખ અનુભવ્યું છે, એટલે એને હવે ફરી જાગૃત કરવામાં કંઈ સાર નથી એમ માની આટલેથી જ પૂરું કરી નાખું છું.

અમે પાંચ ભાઈ અને એક બહેન; એમાં સૌથી નાનો હું. મારી બા ગુજરી ગયાં છતાં આજ સુધીની મારી ઉંમરમાં મને કદી ખ્યાલ નથી આવ્યો કે મારી બા હોય તો કેવું સારું. એને માટે પહેલો આભારી છું મારા બાપુજીનો, બીજો મારી સ્વર્ગસ્થ બહેનનો અને પછી મોટાભાઈઓનો. મારું લાલનપાલન ખૂબ હેતભર્યું નીવડ્યું છે. કુટુંબમાં કદી અશાંતિ થઈ હોય એવું ખાસ યાદ નથી, અને એટલે જ કહું તો ચાલે કે મારું બાળપણ નથી દુઃખદ કે નથી અનહદ સુખદ, જેના પરિણામે જિંદગીમાં નવી પ્રેરણા કે રસ્તો મળે. આજે તો વધુ પડતા લાડથી ઊછર્યો એટલે જિંદગીથી હારી જવાની જે આદત હતી તે છોડી, બધું ભૂલીને આગળ દોડી જવાની જ મારી ઉમેદ છે. છતાં જે જિંદગી હું જીવ્યો તે યાદ કરવાની છે એટલે યાદ કરું છું. એમ કરતાં જમીનના પોપડા ઊપડે એમ જૂનાં સ્મરણો યાદ આવે છે. એ પ્રસંગોમાં કંઈ નથી, છતાં એવા પ્રસંગોથી જ જિંદગી બની છે એ પણ એટલું જ સાચું છે.

મારો જન્મ લીમડા ગામે થયેલો. જન્મ પછીના અઢી વર્ષનું કંઈ પણ સંભારણું મને નથી. ત્રીજે વર્ષે મારાં બા પછેગામમાં એક રાત્રે ગુજરી ગયાં. એની ઝાંખી રૂપે મને ગામના સોનીને ઘેર રાત્રે સૂવા લઈ ગયેલા એટલું જ યાદ આવે છે.

મારા બાપુજી એ ગામમાં મુખી હતા, એટલે અમારે ત્યાં કામ કરનાર ત્રણેક પગીઓ હતા. એમાંના બેનાં નામ આજે યાદ આવે છેઃ તે ધુધો અને પૂતો. મારા મોટા ભાઈઓ તો ભાવનગર ભણતા એટલે હું અને મારી બેન બે જ જણાં મોટે ભાગે ઘરે રહેતાં. મારો સાથ ઘણી વાર પગીઓની સાથે રહેતો. મારે આ વખતે લખવું જોઈએ કે મને આ લોકો પાસેથી એક પણ કુટેવ નથી મળી; એ લોકોએ મને ખૂબ પ્રેમથી રાખ્યો છે; આજે પણ હું એમને મારા સ્વજનોની પેઠે યાદ કરું છું. હું એમની સાથે ફરવા જતો.

ગામ બહાર એક મહાદેવ છે. ત્યાં હું ખૂબ કૂદતો અને ફરતો. લોકો દર્શન કરવા આવે એ હું જોતો. મંદિરની પાસે જ રંગારાઓ રંગની ભઠ્ઠી કરતા, એ લાંબા વખત સુધી કોઈ પણ જાતના ભાવ સિવાય જોયા કરતો. એની પાસેના પરાક્રમી પુરુષોના પાળિયાઓ પણ જોતો, અને એની હકીકતો સાંભળતો. એની નજીક એક વડલો અને ચોતરો હતા. ત્યાં અસંખ્ય કબૂતરો આવતાં, તે જોવાનું પણ હું ચૂકતો નહિ. આજે આટલી વસ્તુ માત્ર યાદ આવે છે. પરંતુ આટલાં વર્ષોમાં જે કંઈ ઇતિહાસ કે વાર્તાઓ વગેરે સાંભળ્યું છે તે બધું સાંભળતાં

પશ્ચિમે કેળવણીના ક્ષેત્રમાં અનેક પ્રવૃત્તિઓ યોજી છે. તેમાં મોન્ટીસોરી પદ્ધતિ મને સુંદર લાગે છે.

આપણાં સાધનો આપણા જ દેશની બનાવટનાં હોવાં જોઈએ.

રમણલાલ વ. દેસાઈ

સિદ્ધપુરમાં બાલકલાપ્રદર્શન ખુલ્લું મુકાતી વખતે.

મને પછેગામનું પાદર પ્રત્યક્ષ થયું છે. બાબરના સમયથી માંડી આખો મુસલમાની સમય શીખ્યો એ બધાની માનસિક રંગભૂમિ એ પછેગામનું પાદર હતું. રોમના ઇતિહાસની વાર્તાઓ પણ નજરે થતી તે એ ગામના પાદરમાં. કાળકા માતાનું પાવાગઢનું ગીત એ પણ તે જ ગામનું પાદર યાદ કરાવે છે. ગમે તેમ હો, પણ બાળપણનો અમુક જગ્યા સાથેનો સંબંધ ખૂબ ગાઢો થઈ જેટલું અદૃષ્ટ છે અને જેને કંઈક એવી જગ્યાઓ સાથે મળતાપણું છે એ બન્નેને તે એક કરી દે છે. શ્રી. મુન્શીનો 'ગુજરાતનો નાથ' વાંચતાં પણ મને એ જ જગા તાદૃશ થાય છે. એ ઉપરાંત બીજા પણ ઘણા બનાવો હશે.

પછીની મારી ફરવા જવાની જગ્યા તે ઘેલો નદી અને એના કાંઠેનું આંબાવાડિયું. નદીમાં જ્યારે પૂર આવે ત્યારે બધા છોકરાઓ નહાવા ઊપડતા. મને તો તરતાં આવડતું નહિ એટલે બીજાઓ આનંદ લે અને મારે ખુશ થવાનું હતું. ખૂબ લાંબા સમય સુધી હું બીજાઓ નહાય અને ધૂબકા મારે તે જોયા કરતો. નદીમાં પાણી ન હોય ત્યારે રેતીમાં અમે કોઈ કોઈ વાર ફરવા પણ જતા.

આંબાવાડિયામાં ફરવાની ભારે લહેર આવતી. મુખીનો દીકરો અને સાથે પગી હોય એટલે વાડીઓવાળા ઠીક આગતાસ્વાગતા કરતા. વનમાં મોરલાઓ અને કોયલો બોલતી; ઠંડો મજાનો પવન આવતો. ઝાડની ડાળે અમે હીંચકતા. રખોપાંઓ ઘણી વાર દુહાઓ લંબાવીને લલકારતા. અમને પોપૈયાની ઋતુમાં પોપૈયા, અને જાંબુ તથા કેરીની ઋતુમાં એ બંને બહુ ખાવા મળતાં. મારી કલ્પનામાં એ આદર્શ આંબાવાડિયું હતું. મનમાં રામાયણના રામનો વનવાસ એ જ આંબાવાડિયામાં થતો; શાંતનુ અને મત્સ્યગંધાનો વિવાહ પણ એ જ નદીને કાંઠે અને એ જ વનમાં થતો.

આટલાં મારા ગામની પશ્ચિમ દિશામાં ફરવા જવાનાં સ્થાનો. પૂર્વમાં સ્થાન હતું તે વળા. હું ન ભૂલતો હોઉં તો એક દેવાસિંગ નામના માણસના એકામાં અમે એકાંતરા વળા જતા. એકામાં બેસી મુસાફરી કરવી અને એય તે અમારા ગામથી વળા જવુંઆવવું એમાં ખૂબ મોજ આવતી. ઘડીક એકો ચલાવીએ; બળદ પોદળો કરી કપડાં બગાડે; ટોકરી વાગતી જાય; ધૂળ ઊડતી જાય; પિલુની જાળ્યો આવે ત્યાં એકો ઊભો રાખી પિલુ ખાતા જઈએ અને એમ વળા આવે. વળામાં આવીએ ત્યારે જાણે કોઈ મોટા શહેરમાં આવ્યા. એકાદ દિવસ અધોં દિવસ રોકાઈને વળી પાછા અમારે ગામ જઈએ. એક વખત વળાથી પાછા જતાં ખૂબ વરસાદ થયો. એને લઈ એકામાં પાણી ભરાયું. પાણીમાં બધું ભીંજાયું અને રસ્તો પણ સૂઝે નહિ. એમાંથી માત્ર દિશાના જ્ઞાનથી એકાવાળાએ અમને ઘરે પહોંચાડેલા. ત્યારથી અમારું માન એના તરફ ખૂબ વધેલું.

કહે છે કે નાનપણમાં મને બકરાં જોવાં ગમતાં. મને જ્યારે શીતળાં કઢાવ્યાં ત્યારે ફોસલાવીને કહેલું: "ચાલો બકરાં જોવાં." આમ 'એજન્સી' ના ઉતારામાં લઈ જઈ શીતળા કાઢી લીધેલાં.

× × ×

નાનપણમાં મેં દાળિયા અને એમાંય દાળિ-

થાની દાળ ખૂબ ખાધી છે. અમારા ઘરની સામે એક ફૂલબાઈ ડોશીની દુકાન હતી. તેની પાસેથી દિવસમાં બેચાર વખત એ ખાવાનું. જ્યારે મને રાજી કરવો હોય ત્યારે એ ફૂલબાઈ પોતાની દાળથી રાજી કરી શકતી.

ગામની કન્યાશાળામાં મારી બેન ભણતાં. મુખીની દીકરી અને કંઈક હોશિયાર પણ હશે, એટલે સૌના મુખી તરીકે એ કામ કરતી.

હું ત્યાં હમેશાં જતો. બધી છોકરીઓ મને સારી રીતે રાખતી. હું ગરબા વગેરે તેમની રમતો બહુ પ્રેમથી જોતો.

આ જ કન્યાશાળા ને એ જગ્યા કે જ્યાંથી સિદ્ધાર્થ મહાભિનિષ્ક્રમણ કરી બુદ્ધ થયા એવો ખ્યાલ હજુ મને નજરે તરે છે. બુદ્ધ થયા પછી પાછા આવીને પોતાનાં સ્ત્રીપુત્રને દીક્ષા આપે છે, એ પણ જાણે એ જ જગ્યાઓ. આ વસ્તુ હું આ વખતે લખ્યા સિવાય કોઈ રીતે રહી શકતો નથી. એક સ્થળ તરીકે આ ગામ જ એ કપિલવસ્તુ તરીકે ધ્યાનમાં આવે છે, અલબત્ત થોડી કલ્પનાનો ઓપ એની ઉપર ચડે છે. અથવા તો એમ કહું તો વધારે સાચું કહેવાય કે ઇતિહાસના વર્ણન પ્રમાણે જગ્યા એ જ રહે છે, ને એ ગામમાં ન હોય એવું બધું બીજે જોયેલે સ્થળેથી એની સાથે જોડાઈ જાય છે.

મારા ઘરની પાસે જ એક દેરાસર હતું. જરા ઘરમાંથી નવરો થતો, એટલે તરત ત્યાં રમવા જતો. આખા દેરાસરમાં આરસની લાદી જડેલી એટલે વરસાદના દિવસોમાં તો ત્યાંની ચોકની બાળ બંધ કરી અંદર પાણી ભરી કુંડની જેમ નહાતા. બધા જૈનો પરિક્રમા કરવા આવતા ત્યારે હુંય જતો. એ વખતે અને આજે પણ એ લોકોથી અલગ રહેવાની કલ્પના જ નથી આવતી. આ પહેલાં લીમડામાં એક મસીદમાં પણ હું એ જ રીતે જતો અને એમની ધાર્મિક ક્રિયા જોતો; તેઓ મને બતાવતા પણ ખરા. હું જોઈ શકું છું ત્યાં સુધી તો બીજાઓના ધર્મ પ્રત્યે મારી તટસ્થ વૃત્તિ જ રહી છે. કારણ એ હોઈ શકે કે હિંદુ-બ્રાહ્મણધર્મ પાળવા મને વારંવાર જાગ્રત કરવાનો અને ધોંશપરોણો કરવાનો પ્રસંગ નથી ઉપસ્થિત થયો. જૈન દેરાસરના ઉપાશ્રયમાં જૈન સાધુઓ ભજનો કરતા; હું દરેક વખતે હાજર રહેતો. એ લોકો ગરમ પાણી કરીને પીતા, જે જે ક્રિયાઓ વગેરે કરતા, એ હું હોંશેહોંશે જોતો. એમની વોરવા જવાની રીતો અને એ માટેનાં સાધનો પણ તેઓ મને બતાવતા અને સમજાવતા. એકંદરે એ મુનિઓ બધા બહુ ભલા લાગતા.

એક વખત મારા બાપુજીને થાણામાં જવાનું તેડું આવ્યું. એજન્સી તરફથી એ થાણામાં 'સિનેમા' દેખાડવાના હતા. પશ્ચિમના દેશોમાં સુધરેલાં ઓજારોથી અને ઘોડાઓના ઉપયોગથી ખેતી કેવી રીતે થાય છે એની 'પ્લેટ્રો' બતાવવાના હતા. મુખી તરીકે મારા બાપુજીએ ગામડામાં ખેતીમાં કેવા ફેરફારો થઈ શકે એ જોવા જાણવાનું હતું. હું સાથે ગયેલો. થાણામાં અમે પ્રાંતસાહેબને બંગલે ગયા. એ જ બંગલો એ વખતે હતો જે અત્યારે છે. એ વખતની એ જગ્યાની ભવ્યતા વગેરે જોઈને હું તાજુબ થઈ ગયેલો. મને ખ્યાલ છે ત્યાં સુધી એ બીજી વખત મેં 'સિનેમા' જોયેલો. ઘોડાઓ ખેડતા હતા, એટલું મને આજે એમાંથી યાદ છે.

પાછા ફરતાં ઘોળા આવ્યા અનારાધાર

વરસાદ ત્યાં થયો. કડાકા અને ભડાકા થયા એટલે એક રાત તો ધોળામાં પહેલા વર્ગના ડબ્બામાં કાઢી. સવારમાં એક એકામાં બેસી ઉમરાળા પહોંચ્યા; ત્યાં ફરી વરસાદ થયો. કાળુભાર નદી ઓળંગી ન શકાઈ. ભીને લબાચે ઉમરાળા ગામમાં રહ્યા. ગામના ઓળખીતાની મેડી પરથી સાંજે જોયું તો નદી બે કાંઠામાં ભરેલી હતી. વરસાદ રાત્રે શાંત થઈ ગયો. બીજે દિવસે સવારમાં નદીનું પાણી ઓછું થયું. ચાર માણસોએ મને પકડી સામે પાર ઉતાર્યો, એકો પણ એ જ રીતે ઉતાર્યો ને અમે પછેગામ પહોંચી ગયાં.

એક વાર ગિજુભાઈ મારે ત્યાં આવેલા. એ વખતે એમની આંખો આજથી વધારે કાચી હશે. મારે જે મોટી બહેન હતી તે તો આજ ગુજરી ગઈ છે, પરંતુ એ જ એ વખતે ત્યાં હાજર હતી. ગિજુભાઈ સૂઈ ગયા એટલે એમનાં ચશ્માં અમે ભાઈબહેને સંતાડી દીધાં. ગિજુભાઈ ઊઠીને ભીંતે હાથ ફેરવતા એક બાંક પર બેસી ગયેલા. અમે ખૂબ ખુશ થયાં. એમણે હસીને ચશ્માં માગી લીધાં. આજે ફરીને હું ગિજુભાઈનો શિષ્ય થયો ત્યારે મારી બહેનના ગુજરી જવા પાછળ આટલું સંભારી સંતોષ માનું છું.

આટલું મારું પછેગામનું સંભારણું. હવે લખીશ લીમડાનું. એ ત્રણ વખત આ બે ગામો વચ્ચે બદલાયાં એટલે બનાવોની યાદ ક્રમમાં નહિ રહી હોય; છતાંયે રાખવા યત્ન કર્યો છે.

મારા નાનપણમાં મુસાફરી માટે વાહનોમાં એકા, ગાડાં અને શિયરામ તેમ જ કોઈ વાર ઘોડા સિવાય બીજું સાધન ન હતું. એક વાર નહિ પણ ઘણી વાર અમારાં ગાડાં કે શિયરામ ઊંધા વળ્યા છે, છતાં ઈશ્વરકૃપાએ આજે હજુ જીવતો છું. મારા બાપુજીને એના ઘણાય જખમો થઈ ગયા છે; એમને મન એ નવાઈ નથી. મારી બહેનનાં લગ્ન પછી જાન વળાવી ત્યારે ગાડાં દોડાવ્યાં હતાં, તેવો મને હજુ ખ્યાલ છે. આજે ઘણીય ઇચ્છા થાય કે આપણી 'ટ્રેન' કોઈ બીજાની આગળ લઈ જઈ એ, પણ કાંઈ બીજા પાટા બાજુ પર નખાય? આગગાડી યાદ આવે છે ત્યારે મને તેની મુસાફરીનો પહેલો પ્રસંગ યાદ આવે છે. મને એમ જ લાગતું કે હમણાં એકાદ બાજુ ગાડી ઊંધી વળી જશે—ગાડામાં ઘણી વાર પછડાયેલો એટલે.

મને નાનપણમાં મારા છોટુભાઈની બહુ બીક લાગતી—એ મને બહુ દબડાવતા—ત્યાં સુધી કે હું એમનું નામ પણ ન લેતો; "એ આવે છે." એમ જ કહેતો! કોણ જાણે શાથી, પણ એમનામાં એ મસ્તી હતી. સાથે સાથે સહન કરવાની અદ્‌ભુત શક્તિ હતી. એક વખત તે લુહારની કોઢમાં જઈ ચઢ્યા. લુહારે તપાવીને લાલઘુમ કરેલો સળિયો બહાર કાઢેલો. એ ગરમ લાગે એવો ખ્યાલ જ નહિ એટલે ભાઈએ ચંડપ દઈ ને ઉઠાવ્યો; ઉઠાવતાં જ બન્ને હાથની ચામડી બળી ગઈ! સળિયો મૂકી એમ ને એમ ભાઈસાહેબ નાઠા. ઘેર પહોંચ્યા પછી જ રોયા; ત્યાં સુધી નહિ. આજે એમનો એવો સ્વભાવ. દૃઢતામાં પરિણમ્યો છે, એમ હું માનું છું.

લીમડામાં મારા બાપુજી જ્યારે મુખીને બદલે કારભારી થયા ત્યારે મારા દોસ્તો થોડા કુંભારના છોકરા હતા. પાડોશમાં જ તેઓ રહેતા હતા. મારું ખેલવાનું સ્થાન એમનું ઘર હતું. તેઓ ટપલાઓ ટીપતા ત્યારે હું ત્યાં બેસી

કલાકો ગાળતો. એક બાજુ નીંભાડો, બીજી બાજુ બોલકાંઓ અને ગધેડાંઓ, ત્રીજી બાજુ રોસા હોકા પીએ, ઘરમાં રોટલા ઘડાય અને પાછળ ટપલા ટીપાય. વાસણ ઉતારનાર એક હાથનો વળાકો લઈ ઝડપ વાસણ ઉતારી મૂકે છે, અને કેટલી ધીરજથી કેટલું ટીપ્યા પછી એ પકવવા લાયક થાય છે, તે તો એક કુંભાર જ જાણે છે.

રમવા જવાની બીજી જગા અમારા દરબારનો દરબારગઢ હતો. દરબારગઢમાં ડેલીમાં દરબાર બેસતા; "દીકરા" કહીને બોલાવતા. પંદરેક દહાડે નહાતા ત્યારે કોસ ચાલતો; ચોકમાં વાડી કરી હતી ત્યાં પાણી પણ પવાતું. ગઢમાં બે રાણી હતાં; બંને બહુ માયાળુ હતાં. "સંદુ" કહીને મને બોલાવતાં ને રમાડતાં. ગઢના મકાનમાં હું ટલ્લા મારતો. જૂના જમાનાની ઠીક ઠીક કારીગરી એમાં હતી. ઉપરથી આસપાસ બેચાર માઈલમાં નજર પડતી. આજે તો ગઢનો સરસ ભાગ સળગી ગયો છે, અને એ દરબાર પણ રામશરણ થઈ ગયા છે. એ ડાહ્યો અને બ્રો રજપૂત હતો. ગઢની રાંગે ઘોડી બેલાવતો; ઘોડી પર બેસી ઘોડીને વાવનાં પગથિયાં ઉતરાવી પાણી પાઈ પાછો ઉપર ચડાવતો. એ સરસ અત્તર બનાવતો. મોટી એવી શેતરંજી એણે વણી છે. સરસ સરસ વાહનના ભાગો એણે તૈયાર કર્યા છે.

એના ગુજરી જવાના બબર મળ્યા ત્યારે મને બરેબર દુઃખ થયેલું.

ગામડામાં ભલાઈ અને સોંઘવારી પહેલાં ઘણી હતી. દૂધની કિંમત ન હતી એ દિવસ મને યાદ છે. એક હોળીને દિવસે દૂધનાં બે બોઘરણાં આવ્યાં. અમને બે ભાઈઓને એમાંથી ઊભાં ઊભાં દૂધ પીવાનું કહેલું. અમે અમારી શક્તિ અનુસાર પીને બીજું રહેવા દીધું. બાવાપીવાની સુખાકારીનો એ જમાનાનો બીજો આથી સારો કયો દાખલો હોઈ શકે ?

હજુ મારે ત્રણેક પ્રસંગો નોંધવાના બાકી છે. એમાંનો પહેલો -તે એક વાર કાળકા-માતાની લીમડા ગામની પધરામણી છે.

ધરવાળા નામનું ગામ છે. એ બાજુથી આ માતાની પધરામણી અમારા ગામના બીજા દરબારશ્રીને ત્યાં થવાની હતી. હું એ વખતે નાનો; પણ બીજા છોકરાઓ સાથે ધરવાળા સુધી સામે ગયેલો. માતાજી કયાંથી આવતાં હતાં એ નથી જાણતો. માત્ર એટલું યાદ છે કે એની સાથે પુષ્કળ માણસો હતા. માતાના થોડા ચૂંટેલા ભૂવાઓ હતા; બધા ધૂણતા હતા. ભૂવો જેના વાંસામાં થાપો મારે તે ધૂણવા લાગે. જરા લાંબેથી એ સવારી આવતી હતી એટલે બેતરોમાંથી બેડુઓ, કામ કરનારાઓ અને બીજા જે મળે તે થાપો વાગતાં ધૂણતા થઈ ગયેલા. અને બરે જ, મેં પોતે એ વખતે અનેક જણને ધૂણતા જોયા પણ બરા ! જેમ સવારી આગળ વધે તેમ ધૂણનારની સંખ્યા વધ્યે જ જાય. મને પોતાને એ વખતે ખૂબ બીક લાગેલી કે વખતે મારી ઉપર થાપો પડે ! આજે કદાચ એ થાપો ઝીલું પણ બરો. માતાજી સ્વસ્થાને પહોંચ્યાં. હું સાજે ટબૂડી ભરી દૂધ અને નાળિયેર લઈ માતાજીને ચડાવી આવ્યો. આજે પણ મારી પાસે એ સવાલ છે કે એ શું હતું ? આવું પછીથી મેં કદી જોયું નથી. આ સાવ ધતિંગ હતું એમ માની શકતો નથી; ધતિંગ

હોય તોયે મોટા પાયા પર હતું, એમ કહેવું જ જોઈએ.

હવે બીજી હકીકત લખું અને તે અમારી રાત્રિપ્રવૃત્તિની. રાત્રે અમે ભાઈબહેન અમારા બાપુજી સાથે બેસી કેશવકૃતિ વગેરેમાંથી ભજનો ગાતાં. બાપુજી પોતે ગાતા જાય અને અમને ગવરાવતા જાય. આજે હજુ મને યાદ આવે છે કે એ પ્રસંગ મને ખૂબ આનંદ આપતો. સંગીતપ્રેમી જીવ એ કંઈક અંશે મને વારસામાં મળેલ છે.

જિંદગીમાં પાછળ નજર કરું છું તો સૌની જિંદગીમાં સંગતિ હતી, શાંતિ હતી, અને તેથી જ અમારા બાળકોના ઉછેરમાં શારીરિક શિક્ષાનો લગભગ અભાવ હતો. મારી ત્રેવીશ વર્ષની ઉંમરમાં મને બાપુજીએ એક જ ટાપલી મારી છે અને તે મસીદમાં જઈ એક વાર મેશ લગાવી આવ્યો હતો ત્યારે; એ સિવાય કયારેય નહિ.

હવે છેલ્લી વસ્તુ. ખૂબ નાનપણથી હું સ્ત્રીપુરુષ જાતિ પ્રત્યે કેટલો જાગ્રત હતો તેનો પ્રસંગ યાદ આવે છે. મારા મોટાભાઈ લગ્ન કરીને આવ્યા સારે અધોં ફૂટ ઊંચી પેડલી ઉપરથી હું નીચે કૂદતો અને ઉપર ચડતો. મને એમ થતું કે હું શુંયે કરું છું! અને આ બધી ક્રિયા ઘરમાં એક નવાં ભાભી આવ્યાં છે, તેને બતાવવા માટે જ અને ખુશી કરવા ખાતર જ કરતો હતો, એ આ પ્રસંગની વિશેષતા છે. આજે અને એ વખતે પણ આ હેતુ મારી નજર સમક્ષ સ્પષ્ટ છે અને હતો. એ ઉપરાંત એક બીજાં બહેન કે જે મારી બહેનનાં ગોઠણ હતાં તે અમારે ત્યાં આવતાં ત્યારે પણ હું ભારે ખીલતો; મારી બધી ક્રિયાઓ એને ખુશી કરવા ખાતર થતી હતી, એ આજે મને બરાબર યાદ આવે છે.

આ રીતે આટલું લખી મારું લખાણ હું એકાએક બંધ કરું છું. દરેક વસ્તુ અને અનુભવ યાદ આવતો ગયો તેમ તેમ લખવાનો યત્ન કર્યો છે. લાંબું લખવાની ફરજ પાડવામાં આવે તો અનહદ લાંબું કરી શકાય, અનેક બીજા પ્રસંગો યાદ કરી શકાય. પરંતુ ભવિષ્યમાં કોઈ વાર ગિજુભાઈ જેવું લખાણ લખવું હોય તો સિલિક હોય તો કામ આવે.

મને પોતાને આ અનુભવો અધૂરા લાગે છે છતાં આટલા પ્રયત્નને અંતે આટલો કબૂલ થાઉં છું કે બહુ બારીકાઈથી બાળપણ નિહાળું તો જિંદગીના વિકાસનો ક્રમ હાથ ધરવામાં કંઈક સુગમતા થાય.

અમારી વાત

અમે લગભગ ૭ અને સાડાછની વચ્ચે ઊંઘમાંથી જાગીએ છીએ. શરુઆતમાં અજીત અને કૃપાલ જેવા કોઈ બહુ નાના બાળકને ઊઠવાનું ન ગમતું, પણ અમે એક મીઠો પ્રયોગ કર્યો. ગ્રામોફોન ઉપર રેકર્ડ ચડાવીએ, અને તેમાંથી જેવા ભૈરવીના સૂર શરુ થાય કે તુરત જ બાળકો ટપોટપ પથારીમાંથી ઊભાં થઈને ગ્રામોફોનને વીંટળાઈ વળે.

સૌ ઊઠીએ, દાતણપાણી કરીએ.

જનુભાઈ કે જીતુભાઈ તૈયાર જ હોય. હુકમ છૂટે: એક કતાર. અને પછી બહુ સાદા રૂપમાં કવાયત કે કસરત હોય. પછી નાસ્તાના સમયે ધંટ

વાગે. વારા પ્રમાણે બાળકો જ નાસ્તાની તૈયારી કરે. અમે નાસ્તા માટે બેસીએ; પણ તે પહેલાં અમે પ્રાર્થના કરીએ. કોઈ વાર "એક જ દે ચિનગારી" તો કોઈ વાર "સહનાવવતુ" તો કોઈ વાર બીજું ગીત ગાયા પછી ઋતુ અનુસાર હળવો નાસ્તો કરીએ.

એટલામાં અમારા પૂર્વના આંગણાને સૂરજે સોનાની ગારે લીંપી નાખ્યું હોય. એ આંગણામાં રમતગમતનાં સાધનો પડ્યાં છે. કોઈ બાળક ત્યાં જમી જાય; કોઈ વળી ગૃહમાં જઈ વાંચવા કે સાફસૂફીના કામે લાગે. થોડી વાર પછી સૌ નહાવા લાગે. કોઈ બહારની ચોકડીએ જાય, કોઈ કૂંડીમાં તો કોઈ બાથરૂમમાં ફુવારા નીચે બેસે. નાહી ધોઈ જ્યાં પરવારીએ ત્યાં જમવાની તૈયારીનો ઘંટ વાગે. બાળકો પાટલા, થાળી, વાટકા, ચમચા, પીવાનું પાણી તૈયાર કરીને જમવાનો ઘંટ વગાડે. અમે જમવા બેસીએ.

કોઈ દી કૃપાલને ગમે તે ભોજન બનાવીએ, તો કોઈ વાર જીતુભાઈને ગમે તે વાની હોય; કોઈ દિવસ શહેરી ભોજનની થાળી ભરતી વાનીઓ હોય તો કોઈ દિવસ સાવ સાદાં ખીચડીશાક કે દૂધભાખરી કે રોટલાશાક પણ હોય.

બધાં એ વખતે ખૂબ ખીલે.

કોઈ નવા ભોજનની સૂચના કરે; કોઈ નવાસવા આવનાર બાળકની ખાવાની ઢબ પર વિનોદ કરે. નર્મદાબહેન વાતવાતમાં કહેઃ "એલા આપણે વાતોમાં ચાવવાનું તો ભૂલી જઈએ છીએ." વસુબહેન કોઈને ઠોળ્યા વિના કેમ ખવાય તે સૂચવે. વાતો ચાલતી જાય, બાળકોને આનંદ મળતો જાય ને ભોજન પૂરું થાય.

પણ હજુ શાળાને અરધા કલાકની વાર હોય. સૌ હાથમોં સાફ કરી જરા આરામ કરે. ત્યાં ઘંટ થાય. થોડી જ વારમાં સંગીતશિક્ષક ગજુભાઈ આવે.

સંગીત ચાલે.

કોઈ વાર એકલા ગજુભાઈ ગાય, કોઈ વાર અમે સૌ સાથે ગાઈએ; કોઈ વાર સતાર, કોઈ વાર હારમોનિયમ તો કોઈ વાર દિલરૂબા વાગે; તબલાં પણ હોય.

સંગીતમાં રાગરાગિણીઓ પણ ગવાય, અને બાળકોને જીભને ટેરવે રહી જાય તેવાં લોકગીતો પણ હોય. સંગીતમાંથી સાડાબાર વાગે અમે પરવારીએ. નાની મંડળી અને મનુભાઈ કામે લાગે. રેતિયા અક્ષરોથી કોઈ અક્ષરજ્ઞાન લેતું હોય તો કોઈ દફ્તાપેટી ઉપર કામ કરતું હોય; કોઈ વળી ભૌમિતિક આકૃતિઓ લઈ કાળા પાટિયા ઉપર ચાક વડે મનભાવતી આકૃતિઓ દોરે તો કોઈ રંગબેરંગી કાગળો ઉપર કે નોટમાં રંગીન પેનસિલથી ચિત્રો કે આકૃતિઓ દોરે. કિશોરભાઈ તો વળી વૉટર કલરની પેટી લઈ મંડ્યા હોય. કિશોરભાઈને અક્ષરો શીખવવા પડ્યા જ નથી; એ તો અક્ષરોનાં ચિત્રો ઉપરથી અક્ષરો શીખ્યા છે, અને એનો ક્રમ પણ વ્યુત્ક્રમ છે. સામાન્ય રીતે નૂતન પદ્ધતિમાં બાળક વાંચતાં પહેલું શીખે છે, લખે છે પછી. કિશોરભાઈ લખતાં પહેલું શીખ્યા ને હવે વાંચે છે. શાળાના વાતાવરણની અસર જ અમારું અરધું કામ ઉકેલી આપે છે. અભ્યાસક્રમ છે, છતાં શિક્ષણનો ક્રમ ફરજિયાત નથી. સૌ પોતપોતાની શક્તિ અનુસાર પોતાની મનગમતી પ્રવૃત્તિઓમાં રોકાય છે. એક કામ ઉપર ચિત્ત ન લાગતું હોય ત્યારે કોઈ બહાર હીંચકા ઉપર તો કોઈ દોરી

લઈ કૂદવામાં, કોઈ ટ્રાઇસિકલ ઉપર તો કોઈ બગીચામાં ફરતું હોય છે. આ બધી પ્રવૃત્તિ મનુભાઈના સહકારમાં ચાલતી હોય છે, ત્યારે મોટી મંડળીનાં બાળકો તેમને આપેલા દૈનિક સ્વાધ્યાયનું કામ કરી રહ્યાં હોય છે. તેઓ પાસેના બીજા ઓરડામાં જ કામ કરતાં હોય છે, તેથી જ્યારે કંઈ પૂછવું હોય ત્યારે મનુભાઈને પૂછે છે, અગર મનુભાઈ ત્યાં આંટો મારવા આવે છે. નર્મદાબહેન આ આખાયે પ્રયોગનાં સુત્રધાર છે. પણ બપોરના દોઢ બે કલાક બાળકોનાં વસ્ત્રો, તેમની ચીજો, વાસણો, બિછાનાંઓ, એ બધાની સાફસૂફી અને વ્યવસ્થા પાછળ રોકાય છે કારણ કે આર્થિક દૃષ્ટિએ એ માટે બીજું માણસ રોકવું પોસાય તેમ નથી.

લગભગ બે વાગવા આવે ત્યારે મોટાં બાળકો વારા પ્રમાણે અમારા શંકર મહારાજને નાસ્તો બનાવવા મદદમાં જાય છે. બીજાં બાળકો નાસ્તામાં જવા માટે હાથમોં ધોઈ માથું ઓળી તૈયાર થાય છે.

અઢી વાગે નાસ્તાનો ઘંટ થાય છે. સૌ નાસ્તા માટે ગોઠવાય છે. નાસ્તા વખતે પણ ગૃહશાળાને લગતી નાની મોટી વાતો થાય છે, અને અમારે જે કહેવું સાંભળવું હોય તે કહીએ સાંભળીએ છીએ.

નાસ્તા પછી મોટી મંડળીનું રીતસરનું વર્ગકામ ચાલે, તે ઠેઠ સાડા પાંચ વાગ્યા સુધી. સવારના ગાળામાં તેઓએ જે સ્વાધ્યાયનું કામ કર્યું હોય તે પર મનુભાઈ દૃષ્ટિ નાખી જાય છે અને તે પછી તેમનાં વાચન, લેખન, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, અંગ્રેજી વારાફરતી લેવાય છે. બને ત્યાં સુધી આ વખતમાં વિદ્યાર્થીઓને શીખવવા કરતાં શીખતા કરવાની જ અમારી દૃષ્ટિ રહે છે. પણ એ દરમિયાન નાની મંડળીને બે ત્રણ નાના નાના કાર્યક્રમો હોય છે. નાસ્તા પછી તેઓને નર્મદાબહેન વાર્તા કહે છે. કોઈવાર અમારા પાકશાસ્ત્રી શંકર, પોતાની લાક્ષણિક શૈલીમાં બાળકોના મનનું અનુરંજન કરે છે. પછી અમે આંગણામાં ખેલવા જઈએ છીએ. વાઘબકરી, ડાહીનો ઘોડો, ચણકચીબડી અથવા સાતતાલી, આ બધી અમારી રમતો હોય છે. લગભગ ચાર વાગ્યા પછી આ બધામાંથી પરવારી હાથમોં ધોઈ સ્વચ્છ થઈ અમે ગૃહમાં આવીએ છીએ. લગભગ પાંચ સુધીનો વખત નાનાં બાળકોને ઐચ્છિક પ્રવૃત્તિમાં ગાળવાનો હોય છે. કોઈ માટીકામ કરે છે, કોઈ શિવણ લે છે; કોઈ ચીતરે છે, કોઈ ગાય છે તો કોઈ રમતથી ન ધરાયું હોય તે હીંચકા પર કે હોડકામાં લહેર માંડે છે. કોઈ વળી સવારની શીખવાની બાકી રહી ગયેલી ભૂખ પૂરી કરે છે, તો કોઈ બીજા બાળકને શીખવવા મંડી પડે છે. શુક્રવારે સાંજે પૂછપરછ ચાલે છે: "કયાં જશું?" કારણ કે શનિવારે શહેરનાં જાણવા જેવાં સ્થળોનું પર્યટન અથવા તો બાળનાટકો હોય છે. અમારો શનિવારનો કાર્યક્રમ બહુમતિથી નક્કી થાય છે.

છેવટે સાડા પાંચે શાળાનું કામ પૂરું થતાં બાળકો છૂટાં થાય છે. તેઓ હાથમોં ધોઈ કાં તો ફરવા જાય છે. કોઈ પોતાના હાથે જ ખોદીને વાવીને તૈયાર કરેલા ફૂલછોડને પાણી પાવા જાય છે, તો કોઈ આંગણામાં પડેલાં રમતનાં સાધનો સાથે દોસ્તી કરે છે; કોઈ એકલસૂરું બાળક સાવ નિષ્ક્રિય પણ રહે છે.

સાત વાગે ફરી પાછાં વાળુ માટે અમે મળીએ છીએ. ભોજન વગેરે પ્રવૃત્તિઓમાં

[અનુસંધાન માટે જુઓ પેજ ૬૪ બીજું કોલમ]

શિક્ષણ સમાચાર

—બાલવિભાગ શરૂ થયા: (૧) મહાગુજરાત: તંત્રીઓ શ્રી. મોંઘીબેન અને વિષ્ણુભાઈ. (૨) લોકવાણી: તંત્રી શ્રી. હિંમતલાલ મર્થક.

—સુરત. અભયાબેને પોતાનું બાલમંદિર કેળવણી મંડળને તા. ૧-૪-૩૬ થી સોંપ્યું.

—વલસાડ બાલમંદિર બંધ પડ્યું.

—મુંબઈ. નૂતન બાલ શિક્ષણમંદિરનો વાર્ષિક ઉત્સવ એપ્રિલમાં થઈ ગયો.

—ભાવનગર (૧) શ્રીદક્ષિણામૂર્તિ ભવનના નિયામક શ્રી. નાનાભાઈ ભટ્ટ મે માસમાં જાપાનના પ્રવાસે ઊપડી ગયા. (૨) ઉનાળાની રજામાં શ્રી બાલપ્રવૃત્તિ મંડળ તરફથી બાળક્રીડાંગણ ઉઘાડવામાં આવ્યું છે. એક માસ માટે ચાલશે. મુખ્ય સંચાલક શ્રી. કેશુભાઈ ભાવસાર.

—કચ્છ (૧) શ્રીદક્ષિણામૂર્તિ ભવનના શ્રી. હરભાઈ મે માસમાં મળેલા કચ્છ વિભાગીય છાત્રાલય સંમેલનમાં પ્રમુખ તરીકે નિમાયા. (૨) શ્રી. હરિલાલ ચોહાણ લો૦ કે૦ બાતાગાંથી મુક્ત થઈ અંજાર કુમારમંદિરમાં જોડાયા. (૩) શ્રી. રણછોડજી કુંવરજી દવે રામચંદ્ર-બાલાશ્રમ (ચકાર) માંથી છૂટા થયા.

—અમદાવાદ. શ્રીમતી મણિબેન ત્રિવેદી બાલકુંજમાં જોડાયાં.

—ભાવનગર. શ્રીદક્ષિણામૂર્તિ વિનયમંદિરના વિદ્યાર્થીઓને વિનીતનાં પ્રમાણપત્રો શ્રી. નાનાભાઈને હસ્તે અપાયાં. તા. ૨૬-૪-૩૬

—સિંધ હૈદ્રાબાદમાં નવેમ્બર ૧૯૩૬ માં સિંધના બાળકોનું એક સંમેલન થશે.

અમારી વાત [પાનું ૬૩ થી ચાલુ]

અમારું સમૂહગત કહેવાનું કામ ઊકલી જાય છે. પછી તો બધાં સાવ છૂટાં હોય છે. દરરોજ ભાતભાતની પ્રવૃત્તિ હોય છે. સારી ઋતુમાં ચાંદની રાત્રે અમે ફરવા જઈએ તો શિયાળામાં સગડી પાસે બેસી વાર્તા કહીએ કે ગ્રામોફોનની રેકર્ડ સાંભળીએ કે ગાઈએ; કોઈ વાર વળી ગપ્પાંય મારીએ તો કોઈ વાર જમુભાઈ ગજુભાઈના હાસ્ય રેલાવતા ટુચકા કે અભિનય પણ હોય. પણ ત્યાં તો ‘ નિંદરભરી રે ગુલાલે ભરી ’ તેમ બાળકોની આંખ નિંદરભરી બની જાય છે. અને સૌ પોતપોતાની તૈયાર પથારીઓમાં ઢળી જાય છે તે વહેલી પડે સવાર!

આ અમારી આખા દિવસની વાત થઈ. પણ કોઈ વખતે અમે આજુબાજુના મુલકમાં મુસાફરીએ જઈએ છીએ, અને તે વખતે જુદી જ મજા હોય છે; તેની વાત કોઈ બીજી વખત. મુસાફરીમાં તો અમને ખૂબ આનંદ આવે છે. કયાંઈક ટ્રેનમાં બેસીને જવાનું હોય, કયાંઈક ગાડામાં, કયાંઈક ગાડી કે શિબરામમાં, તો કયાંઈક મોટરમાં; અને શત્રુંજય ઉપર તો વળી ડોળીમાં બેસીને જવાનું હોય! કોઈ વાર વળી ગોપનાથમાં દરિયામાં પડીને નહાવાની ખૂબ મજા લઈએ. આ અને આવી ઘણી વાતો છે; પણ આજે તો આટલેથી જ સંતોષ માનીશું. નર્મદાબહેન રાવળ.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજબ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું
સંવત ૨૦૨૨

અંક ૫ મો
આષાઢ

: તંત્રીઓ :
ગિજુભાઈ અને તારાબેન

લેખમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બાળકો વચ્ચે તમારું વ્યક્તિત્વ એવું રાખો કે બાળકોને તેથી લેશ માત્ર ભય તો ન જ લાગે, ઊલટું બાળક નિર્ભયતા અનુભવે; એવું રાખો કે બાળકોને તમારાથી લેશ માત્ર સંકોચ તો ન જ થાય પરંતુ તમારી હાજરીમાં બાળકો ઇચ્છાપૂર્વક કરવા માગે તે કર્યા કરે; એવું રાખો કે બાળકો તમારાથી કંઈ છુપાવવા યત્ન તો ન જ કરે પણ હોંશે-હોંશે તેઓ તમારી પાસે આવીને તમને પોતાના આંતરબાહ્ય જીવન વિષે કહી જાય.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૧] આષાઢ ૧૯૯૨ [અંક ૫

કહેતા પહેલાં

બાળકોને જ્યારે આપણે કાંઈ કહીએ ત્યારે આપણા મનની સ્થિતિ કઈ જાતની છે તે તરફ ખાસ ધ્યાન આપવું. જો આપણામાં તે વખતે પ્રેમની, સહાનુભૂતિની, સમભાવની, છેવટે દયા કે કરુણાની લાગણી હશે તો તેઓના હૃદયમાં આપણું કહેવું ઊતરી જશે. પણ જો આપણામાં ક્રોધ અને એવી લાગણીઓ હશે તો તેઓને આપણું કહેવું ગમશે નહિ; આપણે પણ ગમશું નહિ. તેઓ આપણી સામે થશે અને આપણો હેતુ નિષ્ફળ જશે. બાલમંદિરમાં આ અનુભવ હમેશનો અને સામાન્ય છે. ગિ.

પહેલાં કયાં જોવું ?

શિક્ષક પોતાના મિત્ર શિક્ષકને લખે છે: "આજે ઓરડો બરાબર વ્યવસ્થિત ચાલતો નથી. ગડબડ બહુ થાય છે. આજે બાળકો બરાબર નથી."

મિત્ર શિક્ષક કહે છે: "જરા જુઓ તો, વખતે તમારું પોતાનું જ મગજ બરાબર નહિ હોય! તમારું મન તો અસ્વસ્થ નથી ના ?"

આ સંવાદ સાચો છે. શિક્ષકે અવ્યવસ્થા વગેરે માટે પ્રથમ પોતાની અંદર જોવું અને ત્યાર પછી બહાર જોવું. શિક્ષકનું વ્યક્તિત્વ વર્ગમાં મહત્ત્વનું છે. તેની અસર ખૂબ થાય છે. જ્યારે શિક્ષક પોતે પ્રસન્ન હોય, વ્યવસ્થિત હોય, ત્યારે વર્ગ આખો સુંદર ચાલે છે; ને શિક્ષકને તેનો સંતોષ થાય છે. વર્ગની શાંતિ શિક્ષકના અંતરમાં છે. ગિ.

એકાગ્રતાનું લક્ષ્ય

જે વસ્તુમાં ચિત્ત એકાગ્ર થાય તે વસ્તુ સદ્ હોય તો તે એકાગ્રતા સુયોગ છે; જો તે વસ્તુ અસદ્ હોય તો તે એકાગ્રતા દુર્યોગ છે. એકાગ્રતા એ સ્વતઃ સુયોગ નથી; એ યોગનું બહિર્ ચિહ્ન છે. સ્વતઃ જ વસ્તુ સાથેનું તાદાત્મ્ય પણ સુયોગ નથી; તે પણ યોગનું બહિર્ ચિહ્ન છે. સુયોગ, સદ્યોગ, સાત્ત્વિક યોગ એ જ આપણું લક્ષ્ય હોઈ શકે. આ દૃષ્ટિએ આપણે બાળકોને અવલોકીએ. ગિ.

અનુક્રમણિકા

૬૬ કહેતા પહેલાં . . . ગિ.
૬૬ પહેલાં કયાં જોવું ? . . ગિ.
૬૬ એકાગ્રતાનું લક્ષ્ય . . ગિ.
૬૭ બાલ્યાવસ્થાનો અભ્યાસ. ...
૬૯ બાપની બેદરકારી . .ગિરીશ
૭૦ બાળકોની ફરિયાદ . શા. પ.
૭૨ બાલ૦ વિજ્ઞાનઃ મખમલિયાં શં.
૭૩ રહસ્ય . . . .
૭૫ બાળપણનાં સંસ્મરણો . ...
૭૮ આવેલા પત્રો . . . તં.
૭૯ જોઈએ છીએ . . . ...
૮૦ શિક્ષણ સમાચાર. . . તં.
૮૦ અવલોકનો . . . . ગિ.

બાલ્યાવસ્થાનો અભ્યાસ : સ્વામી વિવેકાનંદ

શ્રીમતી ભુવનેશ્વરી દેવીને પ્રથમ સંતાન પુત્રી થઈ. કુટુંબની સ્ત્રીના મનમાં કુળના દીવા રૂપ પુત્રની આકાંક્ષા પ્રબળ હોય છે એ સહુ કોઈ જાણે છે. ભુવનેશ્વરી દેવીએ પણ પોતાની પુત્રપ્રાપ્તિની ઇચ્છા પૂર્ણ થવા માટે અહોરાત્ર પ્રભુની પ્રાર્થના કરવા માંડી, અને કાશીમાં નિવાસ કરીને રહેતી કુટુંબની એક વૃદ્ધ કાકીને કહેવરાવ્યું કે પોતાને પુત્ર થાય એટલા માટે કાશીમાં શ્રી વીરેશ્વર શિવની પૂજા પોતાના વતી તેમણે દરરોજ કરવી. કેટલાક સમયની પૂજા પછી એક રાત્રે ભુવનેશ્વરી દેવીને સ્વપ્ન આવ્યું. તેમાં જાણે ભગવાન શંકર પોતાના ધ્યાનમાંથી જાગ્રત થયા અને બાળકનું રૂપ ધારણ કરીને પોતાનામાં પ્રવેશ કર્યો. સ્વપ્નમાંથી જાગી ઊઠતાં ભુવનેશ્વરીને લાગ્યું કે જાણે જ્યોતિના સાગરમાં પોતે નાહી રહી છે. ત્યાર પછી યોગ્ય સમય આવતાં તેને પુત્રપ્રસવ થયો.

આ પ્રમાણે ભાવિ સ્વામી વિવેકાનંદનો જન્મ ઈ. સ. ૧૮૬૩ ના જાન્યુઆરી માસની ૧૨મી તારીખે, સોમવાર મકરસંક્રાંતિને રોજ સૂર્યોદય પહેલાં ૭ મિનિટે થયો. શિવનું સ્વપ્ન યાદ રાખીને ભુવનેશ્વરીએ બાળકનું નામ વીરેશ્વર રાખ્યું; અને પાછળથી કુટુંબના રિવાજ મુજબ નરેન્દ્રનાથ નામ પાડ્યું.

બાળક નરેન્દ્રનાથ ઘણો જ ચંચળ અને તોફાની હતો. કોઈ પણ કારણે જો તેનો ક્રોધ ઉશ્કેરાતો તો પછી તે એકદમ ભાન ભૂલ્યો થઈને ઘરની ચીજવસ્તુઓ ભાંગીતોડીને ચૂરા કરી નાખતો. તેને સાચવવા માટે બે બાઈઓ રાખવી પડતી. તેનાં તોફાનથી કાયર થઈ તેની માતા બોલતી કે "કાશીધામે શ્રી વીરેશ્વરની માનતા કરીને મેં દીકરો માગ્યો ત્યારે તેમણે તેમનો એક ભૈરવ મોકલી દીધો. નહિતર ક્રોધમાં આવીને આ છોકરો આમ ભૂતની પેઠે સાવ ગાંડો કેમ થઈ જાય?" પણ બાળકના આવા ક્રોધનો એક રામબાણ ઉપાય તેને હાથ લાગ્યો હતો. બહુ તોફાન કરે એટલે માતા તેને ધમકી આપતાં કે "તોફાન છોડ, નહિતર શિવ તને કૈલાસમાં નહિ આવવા દે." ધમકી આપવા છતાં જ્યારે જોતાં કે તેને કોઈ રીતે પણ શાંત કરી શકાતો નથી ત્યારે તોફાને ચડેલ બાળકના કાનમાં વીરેશ્વર શિવનું નામ ઉચ્ચારણ કરીને એક બે ઘડા ઠંડું પાણી તેને માથે રેડી દેતાં. બાળકનો ક્રોધ એથી તદ્દન શાંત થઈ જતો.

દરિદ્ર પ્રત્યે દયા નરેન્દ્રનાથના જીવનમાં બાલ્યકાળથી જ જોવામાં આવે છે. સાધુ ભિક્ષુઓને માટે નરેન્દ્રને અતિશય આકર્ષણ હતું. આંગણે સાધુ આવ્યો એટલે નરેન્દ્રને મન ખૂબ આનંદ. એક દિવસ એક સાધુએ આવીને ભિક્ષા માગી; નરેન્દ્રની કેડે એક નવું રેશમી કપડું વીંટાળેલું હતું તે કાઢી તરત તેણે આપી દીધું. સાધુએ તે માથે વીંટીને ચાલતી પકડી. ઘરના માણસોએ એ કપડા વિષે જ્યારે નરેન્દ્રને પૂછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે એક સાધુએ એ માગ્યું એટલે મેં તેને તે આપી દીધું છે. આ બનાવ પછી જ્યારે જ્યારે આંગણે સાધુ આવે ત્યારે નરેન્દ્રને ઓરડામાં પૂરી રાખવામાં આવતો. નરેન્દ્ર એથી ગાંજ્યો જાય એવો નહોતો.

નીચે ફાળિયામાં સાધુ આવીને ઊભો એટલે ઓરડામાંથી જે કંઈ હાથ ચડ્યું તે બારીમાંથી સાધુ તરફ ફેંકવા જ માંડતો, અને પછી ઘરના માણસોમાં જે ધાંધલ મચી રહે તે જોઈને નાચતો અને કૂદતો. એવી રીતે એક વખતે તેણે પોતાની માતાનાં જરીનાં કિંમતી વસ્ત્રો એક ભિખારીને આપી દીધાં હતાં.

જનવરો પાળવાનો પણ નરેન્દ્રને પૂરો શોખ. ઘરની ગાયની સાથે તેની હંમેશની મિત્રાચારી ઉપરાંત તેનાં પાળેલાં જનવર ભાઈબંધોમાં એક બકરું, એક મોર, કેટલાંક કબૂતર, એક વાદરું અને કેટલાંક ખૂંડ પણ હતાં. ઘરના નોકરોમાં ગાડી હાંકનારો ખાસદાર તેનો ખાસ મિત્ર. માથે ક્રાચમેનની લાલ પાઘડી ચડાવી આગલી બેઠક પર બેસીને ગાડી હાંકતો હાથમાં રહેલા ચાબુકના ચમકારા વગાડતો ગાડીવાન તેને મન ભવ્ય પુરુષ હતો; અને કાં ખાસદાર કાં ગાડીવાન બનવું એ તેની બાળપણની એક મહેચ્છા હતી.

નરેન્દ્રને પ્રાથમિક શિક્ષણ માતાને બોળે મળ્યું. ભુવનેશ્વરી દેવી પાસેથી તેણે પ્રથમ રામાયણ અને મહાભારતની વાતો સાંભળી અને બંગાળી મૂળાક્ષર અને શરૂઆતના થોડા ઘણા અંગ્રેજી શબ્દો પણ તે માતાની પાસેથી શીખ્યો. નરેન્દ્રનાથમાં આધ્યાત્મિક જીવનનું બીજારોપણ પણ આ સમયે થયું એમ કહી શકાય. તેનું વય ચાર પાંચ વર્ષનું થયું નહોતું એટલામાં જ સીતા, રામ, મહાદેવ વગેરે દેવદેવીઓની નાની નાની માટીની મૂર્તિઓ બજારમાંથી ખરીદીને ફૂલ ચડાવીને તેની પૂજા કરતો, અને તેનું ધ્યાન ધરતો હોય તેમ આંખો મીંચીને બેસી રહેતો. ઘરની વૃદ્ધ ડોશીઓ પાસેથી તેણે સાંભળેલું કે આગળના જમાનાનાં ઋષિમુનિઓ ધ્યાન કરતાં કરતાં તેમના માથા પર જટા ઊગી જતી અને વધતી વધતી તે જમીનની અંદર ઊતરી જતી. એટલે ધ્યાન કરવા બેસીને પોતે ધ્યાન કરતાં કરતાં વચ્ચે આંખ ઉઘાડીને સાથે હાથ ફેરવી જોતો કે માથા પર લાંબી જટા ઊગીને વડની વડવાઈની માફક જમીનની અંદર ઊતરી ગઈ છે કે નહિ! બાળક અવસ્થામાં તેના ધ્યાન કરવા વિષે તેની માતા કહેતાં કે "એક દિવસે નરેન્દ્ર હરિ નામના એક પાડોશી બ્રાહ્મણના છોકરા સાથે કોઈને ખબર પડવા દીધા વિના ઉપલે માળે એક નાની ઓરડીમાં ગયો. અંદર મૂર્તિ પધરાવીને ફૂલ ચડાવીને પછી અંદરથી બારણું બંધ કરીને બંને જણા ધ્યાન કરવા બેસી ગયા. થોડા વખતમાં નીચલે માળે ચારે બાજુ નરેન્દ્રની શોધ થવા માંડી. શોધતાં શોધતાં ઘરના માણસો ઉપલે માળે આવ્યા અને ઓરડી બંધ જોઈ. બહારથી તેમણે ખૂબ ધક્કા માર્યા અને બૂમો પાડી પણ અંદરથી કશો જવાબ મળ્યો નહિ. એથી તેઓ ગભરાયા કે 'હાય હાય! અંદર નરેન્દ્રને કંઈક થઈ ગયું છે.' તરત જ બારણું તોડીને તેઓ અંદર પેઠા. અંદર જુએ તો ફૂલ ચડાવેલી મૂર્તિ આગળ બંને છોકરા ધ્યાનમગ્ન!"

૭ વર્ષનો થયો ત્યારે નરેન્દ્રને નિશાળે મૂક્યો. નિશાળમાં મહા વિચિત્ર પ્રકારના ભાઈબંધો મળે છે એનો સહુ કોઈને અનુભવ છે. પરિણામે થોડા સમયમાં જ નરેન્દ્ર અપશબ્દોનો આખો શબ્દકોશ શીખી ગયો. ઘરમાં માણસોને આ વાતની ખબર પડતાં જ નરેન્દ્રનું નિશાળે જવું બંધ થયું, અને ભણાવવા માટે ઘેર એક માસ્તરને રાખ્યો. નરેન્દ્રની બુદ્ધિ ખૂબ તીવ્ર

હતી. એક વાર સાંભળેલું તેને બરાબર યાદ રહી જતું. પાંચ વર્ષની ઉંમરે તેણે સંસ્કૃત મુગ્ધ-બોધ વ્યાકરણનાં સૂત્રો કંઠે કર્યાં. ૭ વર્ષનો થયો ત્યાં તો રામાયણ મહાભારતમાંથી લાંબા ટુકડા મોઢે થઈ ગયા હતા. એક દિવસે પાડોશમાં કોઈકે આખ્યાનકારે તેના પર ખુશી થઈને તેને મીઠાઈ વગેરે ખવડાવી.

રામાયણ પર નરેન્દ્રને અતિશય પ્રેમ હતો. પાડોશમાં તે વંચાતું ત્યારે હરવખતે ત્યાં જતો અને ચારે બાજુ નજર ફેરવીને જોતો કે રામ-ભક્ત હનુમાનજી પણ રામકથા સાંભળવાને આવ્યા છે કે નહિ. એક વખતે કથામાં તેણે સાંભળ્યું કે હનુમાનજી કેળના બગીચામાં રહે છે; એટલે કેળના બગીચામાં જઈને કેટલાય કલાક સુધી હનુમાનજીની તેણે શોધ કર્યા કરી!

નરેન્દ્રની ઊંઘી જવાની રીત પણ નવાઈ ભરી હતી. તે કહેતો કે "ઊંઘી જવા માટે આંખો બંધ કરતાંની સાથે જ બન્ને ભવાં વચ્ચે એક અપૂર્વ જ્યોતિબિંદુ દેખાતું. એ દેખાતું એટલે એકધ્યાનથી તે બિંદુમાં થતા જુદા જુદા ફેરફાર જોયા કરતો. એ જોવાનું ઠીક પડે એટલા માટે પેટ પર ઊંધો પડીને સૂતો. ધીમે ધીમે એ બિંદુ અનેક રંગોમાં પરિવર્તન પામતું પામતું વધતું વધતું ગોળ બિંબ જેવું થતું, અને અંતે તે ફાટીને તેની શુભ્ર ધવલ જ્યોતિમાં મને પગથી માથા સુધી ઢાંકી દેતું! એ પ્રમાણે થતાંની સાથે જ ચેતનાહીન થઈને હું નિદ્રાધીન થઈ જતો. હું માનતો કે સૌને એ રીતે જ ઊંઘ આવતી હશે. પણ મોટા થતાં બીજાની વાતો પરથી જાણવામાં આવ્યું કે તેઓમાંથી કોઈ એ રીતે ઊંઘતું નથી.

નરેન્દ્રના પિતા પ્રખ્યાત વકીલ હોવાથી જુદી જુદી જાતિના અનેક અસીલો તેને ત્યાં આવતા, અને તેમના રિવાજ પ્રમાણે સ્વાગતને માટે જુદા જુદા હુક્કા ભરીને તૈયાર રાખવામાં આવતા. આ જાતિભેદ નરેન્દ્રને એક જાદુ જેવો લાગતો. તેને થતું: "એક જાતિનો માણસ બીજી જાતિના માણસ સાથે શા માટે ખાઈ ન શકે કે તેનો હુક્કા પી ન શકે? અને ખાય પીએ તો શું થઈ જાય? શું ઉપરથી છાપરું તૂટી પડે?" આખરે તેણે જાતે જોવાનું નક્કી કર્યું, અને એક દિવસે એક પછી એક દરેક જાતિના હુક્કામાંથી ફૂંક લીધી. મુસલમાનનો હુક્કો પણ બાકી ન રાખ્યો. પછી જોયા કર્યું કે શું થાય છે; પણ કશું ન થયું. એટલે એ વાત તેણે ઘરનાં બીજાને કહી. તેમણે તેને એ કામને માટે ઠપકો આપ્યો એટલે તેણે કહ્યું: "હું સમજી શકતો નથી કે એમાં શો તફાવત રહેલો છે."

[મહાગુજરાતમાંથી] (અપૂર્ણ.)

બાપની બેદરકારી

પરમ દિવસે હું બહાઉદ્દીનભાઈને ઘેર કામ-પ્રસંગે ગયો હતો.

વીશેક વર્ષની એક બાઈ એક નાનું બાળક તેડીને ત્યાં આવી.

બહાઉદ્દીનભાઈ હાડવૈદ છે.

બાઈ એ ઘૂંઘટો તાણ્યો હતો કારણ કે તેની સાથે એક પુરુષ હતો.

પહેલાં તો મેં ધાર્યું કે એ મરદ પેલી

બાઈનો ધણી–વર હશે.

બીજાં પણ બે ચાર દર્દીઓ હતાં.

તેમને પતાવીને બહાઉદ્દીનભાઈએ પેલી બાઈને પૂછ્યું: "કહો બાઈ, શું છે?"

બાઈએ ઘૂંઘટામાંથી કહેવા માંડ્યું: "આ છોકરીને થોડા દિવસ પહેલાં જમણા સાથળના ખૂણામાં એક રાતું ચાઠું થયું હતું. ત્યાંથી ઊતરતાં ઊતરતાં આ જમણા ગોઠણની ઢાંકણી પર સોજો થઈને આ બધું રાતું ચોળ બની ગયું છે."

બહાઉદ્દીનભાઈએ એ બધું જોયું.

છોકરી રાડેરાડ પાડતી હતી.

બહાઉદ્દીનભાઈનો એક સાથી બાજુમાં જ બેઠો હતો, તેને તેમણે બધું બતાવ્યું, ને એક ઊંડો નિસાસો નાખી કહ્યું: "બાઈ! તમે વહેલાં કેમ ન આવ્યાં? આટલું બધું સોજી ગયું ત્યાં સુધી આવવાનું ન સૂઝ્યું?"

બાઈ કહે: "ભાઈ! પહેલાં તો ધાર્યું કે છોડી અમથી જ રડે છે. પછી પેલું ચાઠું જોયું. એક બે દી કાંઈ મનમાં પર જ લીધું નહિ. પછી આ છોડીના બાપને વાત કરી તો કહે: 'હું શું કરું? મટી જશે એની મેળાએ.' એમ બેચાર દી ચાલ્યા ગયા."

વચમાં બાઈ સાથે આવેલો મરદ બોલ્યો: "મારા ઘરમાંથી મને વાત કરી કે આ આપણા પાડોશીની છોડી બિચારી બહુ હેરાન થાય છે એટલે હું આપ સાહેબની પાસે બાઈને લઈને આવ્યો છું."

પછી તો બહાઉદ્દીનભાઈએ લેપ ચોપડ્યો ને પાટો બાંધ્યો ને "મૂંઝાશો નહિ, મટી જશે." એમ કહી આશ્વાસન આપ્યું.

હું મૂંગો બેઠો આ બધું સાંભળતો હતો.

અને મને ગઈ કાલે જ વાંચેલ રમણલાલની એક નવલકથાના શબ્દો સાંભરી આવ્યા: "બાળક બે રમકડું કે દેવ?"

પણ આ બાળક તેના બેદરકાર બાપને મન ન હતું રમકડું કે ન હતું દેવ!

૧૦–૩–૩૬ ગિરીશ.

બાળકોની ફરિયાદ

અમીના ફરિયાદ કરે છે: "રાવતબહેને મારી લીલી પેનસિલ લઈ લીધી." આ વાતનો રાવતબહેને સાફ સાફ ઇનકાર કર્યો.

આ બેમાંથી કોણ સાચું એનો તત્ક્ષણ ઉકેલ થવો જરૂરી હતું. મેં અમીનાને પૂછ્યું: "પેનસિલ તમારી હતી?"

અમીનાબહેન ચૂપ રહ્યાં.

ફરીથી એ જ પ્રશ્ન કર્યો છતાં તે ચૂપ જ હતાં.

મેં ત્રીજી વખતે જુદો પ્રશ્ન કર્યો: "તમારે લીલી પેનસિલની જરૂર છે?"

તરત જ ઉત્તર મળ્યો: "હા."

"તો પછી એ કારણે પેનસિલ માગોને? 'રાવતબહેને મારી લીલી પેનસિલ લઈ લીધી.' એવું કહીને શા માટે પેનસિલ માગો છો?" મેં ઉમેર્યું: "જ્યારે જોઈએ ત્યારે પેનસિલ ખુશીથી માગી શકો છો, તો પછી આવી રીતે શા માટે ફરિયાદ કરો છો? જે જાતની પેનસિલ જોઈતી હોય તે અહીં મળે તો છેને?"

જવાબ મળ્યો: "હા."

"તો જયાજી પાસેથી લઈ લેજો."

આટલેથી આ વાત પતી. હવે એમાં જરા ઊંડા ઊતરીએ. વાત નાની અને નમાલા જેવી કોઈને ભલે લાગે, પરંતુ બાળકને મન તે નાનીસૂની નથી જ. જે ચીજ પોતાની નથી જ તે પર બાળક ખોટો હક્ક સ્થાપિત કરે છે તે વાતનો ઉકેલ પણ મોટાંની દૃષ્ટિએ કરવો જ જોઈએ. આવી નાની બાબતોના આબાદ ઉકેલ ન મળે તો તેમાંથી અનેક પ્રશ્નોના કાંટા ફૂટે.

ઉપરની ઘાટીએ આવા પ્રશ્નનો ઉકેલ થયો હોય તો સારું એમ જણાવવાનો અહીં ઉદ્દેશ છે.

(૧) ખોટી ફરિયાદ કરનાર બાળકને કહેવામાં નથી આવ્યું કે તારી ફરિયાદ ખોટી છે. કારણ કે જૂઠાને જૂઠાપણાનો ખ્યાલ કરાવવા કરતાં તેને સાચા માર્ગે કે વિચારે ચડાવી દેવું તે વિશેષ આવશ્યક છે.

(૨) ખોટી ફરિયાદ રજૂ કરનારને ધમકીની સહેજ પણ ગંધ ન આવે તેવી ભાષા વાતચીતમાં ઊતરે તે ઇષ્ટ અને જરૂરી છે. આ સત્ય હૃદયમાં ઉતરે તો ભાષામાંથી અહિંસક વાકયો ટપકે.

(૩) બાળકને સહેજેય ઊતારી પાડવામાં ન આવે તેવો ખટકો જરૂરી છે.

(૪) કેટલીક વખત બાળક પોતે જ અસ્પષ્ટ હોય છે; વળી સૂક્ષ્મતાથી અમુક શબ્દોના અર્થમાં તે ઊતર્યું હોતું નથી કારણ કે તેવી તક આપણે તેને આપી હોતી નથી. પરંતુ આવી રીતે બાળકને શબ્દોના અર્થમાં ઊંડું ઉતારીએ તો તે ઊતરી શકે છે અને ધીરે ધીરે તેનામાં વિચારની સૂક્ષ્મતા આવે છે.

* * *

ઉપરની ફરિયાદનો નિકાલ ઉપર જણાવેલ રીતે તત્ક્ષણ થયો ત્યાં ભાનુબહેને બીજી ફરિયાદ રજૂ કરી: "સુધાબહેન કેસરી પેનસિલ વાપરવા નથી આપતાં."

હું જોઈ રહ્યો હતો કે સુધાબહેન કેસરી પેનસિલથી ચિત્ર કાઢી જ રહ્યાં હતાં.

મેં ભાનુબહેનને પૂછ્યું: "સુધાબહેન કેસરી પેનસિલ વાપરે છે તે તો તમે જુઓ છો. તેમની પાસે બીજી કેસરી પેનસિલ છે?"

જવાબ મળ્યો: "ના."

"તમારે કઈ પેનસિલ જોઈએ છે?"

જવાબ મળ્યો: "આ કેસરી."

"આ પેનસિલ તો સુધાબહેન વાપરી રહ્યાં છે. તેમને જરૂર ન હોય તો તમને આપે. જરૂર ન હોય અને તોય ન આપે તો 'નથી આપતાં.' એમ ભલે કહો; પરંતુ સુધાબહેન પેનસિલ વાપરે છે તે વખતે કેમ કહી શકાય કે 'તે નથી આપતાં?' તમારે પેનસિલની તુરત જ જરૂર હોય તો જયાજી પાસે જઈ લઈ આવો. જયાજી તમને ના પાડે છે?"

જવાબ મળ્યો: "ના."

"તો પછી ત્યાંથી જ માગોને?"

(૧) ભાનુબહેનની ફરિયાદનું પાસું વળી જુદા જ પ્રકારનું છે. તે જ ક્ષણે કામ કરી રહેલાં સુધાબહેનનો હક્ક તે પેનસિલ પર છે. પેનસિલ નહિ આપવામાં સુધાબહેન વ્યાજબી છે. આમ હક્ક અને વ્યાજબીપણાની મુલાયમ સૂક્ષ્મતામાં અને ધીમે ધીમે સરતાં વાકયો તથા ટૂંકા શબ્દોના મર્મમાં એમને ઉતારી શકાય છે.

(૨) સાચી શિસ્તને અધીન થવા બાળક આ રીતે પ્રેરાય છે.

(૩) આમ બોલો અને તેમ બોલો, એવું કહેવા કરતાં બાળક જે કાંઇ બોલી રહ્યું છે તે સંબંધે તેને વિચાર કરતું કરી દેવું એ ઇષ્ટ છે.
(૪) તેની ખરી ફરિયાદ સામે કડક ટીકા, ઘૃણા કે કટાક્ષમાં અનિષ્ટના અંકુર છે.

* * *

એક મિનિટમાં આવેલી અને પતાવેલી આ ફરિયાદોની પાછળ કઈ વિચારણા હતી તે આ ઉપરથી જોઈ શકાશે.

[શા. મં. પત્રિકામાંથી

બાલમંદિરમાં વિજ્ઞાન : મખમલિયાં

અમે ગધેડિયા બેતરમાં ફરવા ગયાં હતાં. બાળકો આમથી તેમ દોડાદોડ કરતાં હતાં. ચોમાસાની શરૂઆત હતી. વરસાદનાં બેકાદ બે ઝાપટાં પડી ગયાં હતાં. અમે બધાં મખમલિયાં શોધતાં હતાં. ચોમાસાની શરૂઆતમાં ગધેડિયા બેતરમાં મખમલિયાંની બિછાયત બિછાઈ જાય છે; બે ચાર વરસાદ વરસ્યા પછી આખા બેતરમાં જાણે કે લાલ મખમલનો ગાલીચો ન બિછાવી દીધો હોય! પણ આ બિછાયત તો માંડ આઠ દસ દિવસ ચાલે. આઠ દસ દિવસ પછી તો મખમલિયાં શોધ્યાં પણ ન જડે. પણ અમે ગયાં ત્યારે મખમલિયાં હજી બરાબર બહાર આવ્યાં ન હતાં. રહ્યાંખડ્યાં પાંચ-પંદર દેખાતાં હતાં. અમે તો પાંચ મખમલિયાં ભેગાં કર્યાં. બાળકોને તે બતાવ્યાં. હજી ખૂબ મખમલિયાં બહાર નીકળવાને વાર છે એમ જાહેર કર્યું. આઠેક દિવસ પછી ફરી પાછાં મખમલિયાં જોવા ગધેડિયા બેતરમાં આવવું એમ નક્કી કર્યું. પછી અમે બાલમંદિર પાછાં આવ્યાં.

પેલાં પાંચ મખમલિયાં અમે સાથે લાવ્યાં હતાં. એ બાળકોને ફરી બતાવ્યાં. દર વખતે તો મખમલિયાં બાળકોને બતાવી બાગની અંદર મૂકી દેતા હતા; આ વખતે એને બાગમાં ન મૂકી દેતાં શીશીમાં માટી રાખી તેમાં રાખવાં એમ અમે ઠરાવ્યું.

અમે તારીખ ૧૮ જૂન ૧૯૩૫ ને દિવસે ગધેડિયા બેતરમાં ફરવા ગયાં હતાં. એટલે શીશી ઉપર તારીખ નાખી ૧૮-૬-૩૫; ઉપર લખ્યું મખમલિયાં નંગ પાંચ. પછી શીશીને અમે પતંગિયાંનો ઉછેર કરતા હતા તે શીશીઓ ભેગી મૂકી. પછી તો દિવસ પડે ને મખમલિયાંની તપાસ કરીએ. બાલમંદિરનો વખત થાય એટલે બાલમંદિર આવીને પહેલી તપાસ કરવાની મખમલિયાંની. પાંચ દિવસ થયા તો ય મખમલિયાં જીવતાં હતાં; આઠ દિવસ થયા તો ય મખમલિયાં જીવતાં હતાં. અમને થયું કે આ શું આશ્ચર્ય! સાધારણ માન્યતા તો એવી છે કે પહેલા બેચાર વરસાદ થાય ત્યારે મખમલિયાં જન્મે, અને આઠ દિવસનું આયુષ્ય ભોગવીને મરી જાય; ફરી પાછાં બીજા ચોમાસામાં જન્મે. પણ અમારાં મખમલિયાં તો આઠ દિવસ થયા તો ય જીવતાં હતાં. અમે તો રોજ શીશી જોઈએ અને એમને જીવતાં જોઈને રાજી થઈએ. પછી તો દિવસ ઉપર દિવસ જવા લાગ્યા. પંદર દિવસ થયા, મહિનો થયો, તો ય મખમલિયાં જીવતાં હતાં. અમને થયું કે મખમલિયાં વિષેની જનસમાજની માન્યતા કંઈ બરાબર નથી લાગતી. મખમલિયાં આઠ

ગુર્જર બાલ ગ્રંથાવલિ

એટલે

ગુજરાતી સાહિત્યમાં તદ્દન નવી ભાત પાડતી, બાલજીવનનાં સર્વ અંગોનો વિકાસ સાધે એવી વિવિધ-વિષયોને સ્પર્શતી, બાલપ્રજાના આત્માને અનેરો આનંદ આપે એવી રસમય શૈલીમાં લખાયેલી, શિષ્ટ સુઘડ અને સ્વચ્છ છાપ-કામવાળી, કુશળ કલાકારોનાં રળિયામણાં ચિત્રો અને અનેક દુષ્પ્રાપ્ય મનો-રંજક છબીઓ અને ચિત્રોથી ભરપૂર ગુજરાતી બાલસાહિત્યમાં પોતાનું અનોખું સ્થાન પ્રાપ્ત કરી ચૂકેલી સર્વાંગ સુંદર પુસ્તકોની ગ્રંથમાળા.

કુલ કિંમત પાંચ; હાલ રૂપિયા ચાર

પહેલા વર્ષનો ઉપહાર

(૧) કાર્તિકથાઓ	૦–૨–૬	(૧૧) ગણિત ગમ્મત	૦–૨–૬
(૨) હીરામોતી	૦–૩–૦	(૧૨) હસતું મોં	૦–૩–૦
(૩) બુલ્બુલ	૦–૨–૬	(૧૩) પ્રાણીવર્ણન	૦–૪–૦
(૪) ટન–ટન–ટન–ટન	૦–૨–૬	(૧૪) બાળકોની રમતો	૦–૩–૦
(૫) ક્યારે સમજીશું	૦–૩–૦	(૧૫) ધરતીકંપ	૦–૩–૦
(૬) ટૉલ્સટૉયની નીતિકથાઓ	૦–૩–૦	(૧૬) ચાર સુંદર સંવાદો	૦–૩–૦
(૭) વરતો ને ઉખાણાં	૦–૨–૬	(૧૭) જાપાનનો જ્વાળામુખી	૦–૩–૦
(૮) વેરાયલાં ફૂલ	૦–૩–૦	(૧૮) ચાંદો સૂરજ	૦–૪–૦
(૯) રઝળતો રાજહંસ	૦–૩–૦	(૧૯) જંગલમાં રખડતાં	૦–૪–૦
(૧૦) પ્રશ્નપેટી	૦–૩–૦	(૨૦) જ્ઞાનગંગા	૦–૩–૦

ગૂર્જર બાલ ગ્રંથાવલિનાં બીજા વર્ષનાં પુસ્તકો

(૧) અંતરનાં અજવાળાં	૦–૫–૦	(૬) વાઘની બોડમાં	૦–૬–૦
(૨) કૂતરાંની કહાણી	૦–૮–૦	(૭) વિજ્ઞાન વિનોદ	૦–૫–૦
(૩) ગરવી ગુજરાત	૦–૭–૦	(૮–૯) નાનકડી વાતો	૦–૬–૦
(૪) જગતના જંગલમાંથી	૦–૫–૦	(૧૦) કથાગીતો	
(૫) કીર્તિમંદિર	૦–૬–૦	(૧૧–૧૧) વાનરપુરાણ	

સેટ પુસ્તક સહિત

લવાજમ માત્ર રૂપિયા ત્રણ

આ પુસ્તકો વિના બાલ લાઇબ્રેરી અપૂર્ણ જ લેખાશે.

આજે જ લખો—

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રોડ–અમદાવાદ

અમારાં બીજાં બાલસાહિત્યનાં પ્રકાશનો

દેશદેશની અદ્‌ભુત વાતો	ભાગ ૧–૨	સચિત્ર	૧–૧૦–૦
દેશદેશની વીરકથાઓ	ભાગ ૧–૨	,,	૧–૧૨–૦
રોબિન્સન કૂઝો (સુંદર ચિત્રો સહિત)			૧—૪–૦
પા–પા–પગલી			૦—૬–૦
બાળકોનું મહાભારત	ભાગ ૧–૨		૧–૧૨–૦
પાંચ લોકકથાઓ (લેખક ગિજુભાઈ)			૦—૪–૦
આપણે પાપે	,,	,,	૦—૨–૬

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રોડ, અમદાવાદ

ઉત્તર વિભાગના એજ્યુકેશન ખાતા તરફથી બધી મંજૂર થયેલી છે.

શ્રીસરસ્વતી છાપખાનું : ભાવનગર

૧૨, ૬, '૩૬ : ૫૭૦૦

કરતાં વધારે દિવસ તો જીવે જ છે. હવે તો અમારે એ જોવું રહ્યું કે એ કેટલો વખત જીવે છે. અમે તો એમને નિયમિત રીતે માટી અને પાણી આપવા લાગ્યા. દર અઠવાડિયે માટી બદલાવતા હતા. માટી સૂકાય એટલે તરત પાણી નાખતા આમ અમારાં મખમલિયાં તો લાંબું લાંબું જીવતાં ગયાં.

મહિનો થયો, બે મહિના થયા, ચાર મહિના થયા, તો ય મખમલિયાં જીવતાં હતાં. અમારે રજા પડવાનો વખત થયો તો ય મખમલિયાં જીવતાં હતાં. પણ હવે શિયાળો બેસવાની શરૂઆત હતી. અમારે આ વખતે દિવાળીને બદલે માગશર માસમાં વેકેશન પડવાનું હતું. એક દિવસ આવીને જોયું તો એક મખમલિયું બિચારું મરી ગયા જેવું લાગ્યું; ન હલે કે ન ચલે; સાવ મડદા જેવું. અમને ખૂબ દુઃખ થયું. અમને થયું કે આ શાથી મરી ગયું? આજે તારીખ હતી ૨૮–૧૦–૩૫. આ મખમલિયું જીવ્યું બરાબર ચાર માસ અને દસ દિવસ. અમને ખબર ન પડી કે આ મખમલિયું મરી શાથી ગયું. વળી પાછા દિવસો જવા લાગ્યા; પરંતુ પૂરા ચાર દિવસ થયા નહિ હોય ત્યાં તો બીજાં ત્રણ મખમલિયાં મરી ગયાં. અમે તો એ પણ નાખી દીધાં અને શીશી ઉપર લખ્યું: "ત્રણ મરી ગયાં: તા. ૧–૧૧–૩૫." હવે એક જ મખમલિયું રહ્યું.

અમારે રજાઓ પડી. અમે રજાઓ માટે ઊપડ્યા ત્યાં સુધી તો આ મખમલિયું જીવતું હતું. રજાઓ દરમિયાન અવાર નવાર કોઈ ને કોઈ એને માટી અને પાણી આપ્યા કરતું હતું અમારી રજાઓ પૂરી થઈ. બરાબર એક મહિનો અને પંદર દિવસ પછી રજા પૂરી થઈ ત્યારે અમે મખમલિયાની બાટલી ઉઘાડી. અંદર જોઈએ તો મખમલિયું તો મરી ગયા જેવું. એ તો સાવ અક્રિય હતું; હલનચલન સહેજ પણ ન હતું. પરંતુ એક વસ્તુએ અમારું ધ્યાન તરત જ ખેંચ્યું. આ મખમલિયાનો રંગ જેવો ને તેવો હતો; ઉપરાંત એનું એક પણ અવયવ ખરી ગયું કે સડી ગયું ન હતું. અમને થયું કે-જો આ મખમલિયું મરી ગયું હોય તો એનો રંગ ઝાંખો પડવો જોઈએ, અથવા ઊડી જવો જોઈએ અને એનામાં સડો શરૂ થવો જોઈએ. પણ એ બેમાંથી તો કંઈ જ થયું નથી. તો પછી આ મખમલિયું મરી ગયું નથી શું? પણ જો એ મરી ન ગયું હોય તો આવું અક્રિય શા માટે? એ હલતું ચલતું શા માટે નથી

રહસ્ય

કેળવણીના ક્ષેત્રમાં ક્રાંતિ પછીનાં નૂતન સર્જનનાં સઘળાં તત્ત્વોનું સંપૂર્ણ અને આદર્શ સ્વરૂપ તે બાલમંદિર.

બાલમંદિરમાં નથી કોઈ બાળક ઉચ્ચ કે નીચ, નથી કોઈ ધનિક કે ગરીબ, નથી કોઈ સત્તાધારી શિક્ષક કે આજ્ઞાધારી શિષ્ય, નથી ત્યાં કોઈ પરતંત્ર કે પરાવલંબી, નથી ત્યાં કોઈ ન ગમતા કામ માટે ફરજિયાત હુકમ કે ગમતાં કાર્ય માટે અંકુશ. સર્વને સમાન અધિકારો, સ્વતંત્રતા, સમાનતા અને પ્રેમના વાતાવરણમાં વ્યક્તિગત વિકાસનો અવકાશ, તથા તેમાંથી સ્વયં ઉત્પન્ન થતા નિયમનનું સમજપૂર્વકનું પાલન.

એવો આંતરબાહ્ય આચાર એનું નામ બાલમંદિર. વી.

બીજી બધી રીતે એ સાજું સમું હોવા છતાં એ શા માટે પાણીમાં નાખીએ છીએ છતાં ચત્તું થઈ જતું નથી, અથવા તો એને અડીએ છીએ ત્યારે એ કાચબાની પેઠે શા માટે પોતાનાં અંગો સંકોચી લેતું નથી?

અમને થયું કે કદાચ એ ઊંઘતું હશે. જેવી રીતે બીજાં ઘણાંયે પ્રાણીઓ શિયાળાની અંદર લાંબી ઊંઘ લે છે તેવી રીતે કદાચ મખમલિયું પણ ઊંઘતું નહિ હોય? અમને થયું, ચાલોને અખતરો કરી જોઈએ? આ મખમલિયાને રાખી મૂકીએ. એ જો મરી ગયું હશે તો સડી જશે અને ઊંઘતું હશે તો એમ ને એમ પડયું રહેશે. દિવસ ઉપર દિવસ જવા લાગ્યા પરંતુ મખમલિયામાં કાંઈ જાતનો સડો દેખાયો નહિ. એટલે અમને થયું કે કદાચ એ ઊંઘતું હશે. પરંતુ પૂરી ખાતરી તો એ ઊંઘમાંથી જાગે અને હલનચલન કરવા માંડે ત્યારે જ થાયને!

અમે તો મખમલિયાને રાખી મૂકયું. એ કયારે જાગશે તેની રાહ જોવા લાગ્યા. ત્યાં તો તા. ૭-૨-૩૬ ના રોજ વાતાવરણમાં એકદમ ફેરફાર થયો. જાણે કે ચોમાસું બેઠું ન હોય તેવી હવા થઈ; હવામાં ભીનાશ આવી; વાદળાં ભેગાં થવા લાગ્યાં અને જાણે કે માવઠું થશે એમ લાગ્યું; થોડા છાંટા પણ પડ્યા. અમને થયું કે "ચાલોને મખમલિયાના શાં હાલ છે તે જોઈએ?" અમે તો શીશી ઉઘાડી; મખમલિયાને બહાર કાઢયું. પણ આ શું આશ્ચર્ય! મખમલિયે તો પગ હલાવ્યા. અમને થયું કે શું અમને ભ્રાંતિ તો નથી થતીને? અમે તો બરાબર ધ્યાનપૂર્વક જોઈ રહ્યા. પણ ત્યાં તો મખમલિયું રીતસર ચાલવા લાગ્યું. મખમલિયું લાંબી ઊંઘ પૂરી કરીને જાગ્યું હતું. એણે તો આશરે ત્રણ માસની ઊંઘ લીધી હતી. અમે એને અહાર તડકામાં થોડો વખત ફરવા દીધું; તાજી હવા ખાવા દીધી, અને પછી ધીરે રહીને બાટલીમાં મૂકી દીધું.

હવે અમને થયું કે અમે જે ચાર મખમલિયાં મરી ગયેલાં જાણીને નાખી દીધાં હતાં તે પણ કદાચ ઊંઘતાં જ હશે. જો નાખી ન દીધાં હોત તો કેવું સારું થાત એમ અમને બધાને લાગવા માંડયું. પણ એ કંઈ હવે પાછાં લાવી શકાય એમ હતું જ નહિ. પણ અમે આ મખમલિયાની બરાબર સંભાળ લેવા માંડી. પણ પાંચ દિવસ નહિ થયા હોય ત્યાં તો એ મખમલિયું મરી ગયા જેવું લાગ્યું. એ તો વળી પાછું હલે કે ચલે. અમને થયું કે વળી પાછું એણે ઊંઘવાનું શરૂ કર્યું કે શું? પણ બે ચાર દિવસમાં તો એનો રંગ ઝાંખો પડી ગયો અને એનું શરીર સડવા લાગ્યું. દૂધનો દાઝેલો છાશ ફૂંકીને પીએ તેવી રીતે ચાર મખમલિયાં ગુમાવ્યા પછી અમને થયું કે કદાચ આ મખમલિયું નાખી દઈએ ને એ ઊંઘતું હોય તો? અમે તો હજી પણ આ મખમલિયાને બાટલીમાં રાખી મૂકવું એમ નક્કી કર્યું. પણ બીજા પાંચ સાત દિવસમાં તો એ સાવ સડી ગયું, એટલે અમારે એ નાખી દેવું પડયું. આ રીતે અમારો મખમલિયાંનો અખતરો પૂરો થયો. છેલ્લું મખમલિયું જીવ્યું ૧૮-૬-૩૫ થી આશરે ૧૨-૨-૩૬ સુધી, એટલે કે સાત માસ ને પચીશ દિવસ.

અમે ફરી પાછા આ ચોમાસામાં મખમલિયાં ભેગાં કરવાના છીએ. આ વખતે અમને

અમારો ઉપરનો અનુભવ જરૂર કામ લાગશે. અમે હવે ઊંઘતાં મચ્છમલિયાંને નાખી દઈશું નહિ. અમારો વિચાર તો મચ્છમલિયાં બારે માસ રહે છે કે નહિ તે જોવાનો છે. આ ચોમાસે એની વાત. બીજા બધા પણ આ અખતરો કરે તો એમને પણ મજા પડશે. શં. શાહ.

બાળપણનાં સંસ્મરણો

હું લગભગ બે ત્રણ વર્ષની હતી. મારા બાપુજી ખૂબ માંદા હતા એટલે મારાં બા દવાની બાટલી બજારમાં લેવા સારુ ગયાં. મારાં બા મને મારા બાપુજી પાસે બેસારીને ગયાં અને રમવા માટે સૂપડીમાં ધૂળ આપી ગયાં. મારાં બા ગયાં અને મને ધૂળ ઝાટકતાં ઝાટકતાં બા યાદ આવ્યાં એટલે મેડેથી સૂપડી લઈ નાગીનાગી બાની પાછળ ચાલી નીકળી. બાને શોધતી શોધતી કયાંયે બીજી બાજુ ચાલી ગઈ. બાપુજીને તો વા આવ્યો હતો એટલે કયાંથી મને પકડવા આવે? મારાં બા આવ્યાં. પૂછે કે મેરી કયાં? બધે શોધી વળ્યાં. તેમના હોશકોશ ઊડી ગયા. પછી મારાં બાએ નાગીનાગી રોતી રોતી ચાલી જતી મને ભાળી; દોડીને તરત મને ઊંચકી લીધી અને કહ્યું: "આમ કયાં જાય છે?" મેં કહ્યું: "તારી પાસે આવતી હતી." પછી મને ઘેર લઈ ગયાં.

હું પાંચેક વર્ષની હોઈશ ત્યારે કેટલીક બહેનપણી સાથે રમતાં રમતાં કોચ પર કામળ મોઢેમાથે ઓઢીને સૂઈ ગઈ. હું ઊંઘવા માંડી એટલે બહેનપણીઓ ઘેર જતી રહી. બા રસોડામાં રોટલી કરતાં હતાં એટલે તેમણે જાણ્યું કે હું રમું છું એટલે તેમની શરત રહી નહિ. મારી બા રોટલી કરીને બહાર આવ્યાં અને મને શોધવા માંડ્યાં, પણ હું જડી નહિ. પાંચ વાગ્યાની સૂતેલી; સાંજ પડી. આમતેમ શોધે પણ કયાંયે જડી જ નહિ. મારી સાથે રમતી છોકરીઓને પૂછ્યું; તે પણ ભૂલી ગઈ હતી. એટલામાં મારા બાપુજી તથા કાકા કારખાનેથી આવ્યા. તેમને મારી બાએ કહ્યું: "મેરી ખોવાઈ ગઈ છે. હું કયારની શોધું છું પણ જડતી નથી." બાપુજીએ તો બા પર ગુસ્સો કર્યો. રાતના સાત વાગ્યા સુધી મારો પત્તો ન મળ્યો. ઘરમાં બત્તી કરે તોયે હું કદાચ નજરે પડું! આખરે કાકાએ ચોકી પર જઈ દરેક ચોકી પર તાર કરાવ્યો. ત્રણે જણાં શોધતાં ફરે. આખરે તો જાણ્યું કે મેરી ગુમાઈ ગઈ. અથવા તે વખતે કાણુલી (પઠાણ)ની બહુ જ બીક હતી, એટલે નક્કી જાણ્યું કે મેરીને પકડી જ ગયા. આખરે મારાં દાદીમા ઉપર તાર કરવાની અણી પર હતાં એટલામાં મારી સાથે એક તોતડી છોકરી રમતી હતી તેને યાદ આવ્યું કે મેરી સૂઈ ગઈ છે; પણ તે તોતડી એટલે બા સમજે નહિ. ઘણું કર્યા પછી સાલ્લો પકડીને ઘરમાં લઈ જઈ કોચ પર હું સૂઈ ગઈ હતી ત્યાં બતાવ્યું. મારાં બાએ મને જગાડી અને કહ્યું: "તારે સૂઈ જવું હતું તો મને કહીને સૂવું હતું. અમે તારી કેટલી શોધ કરી?" મારા બાપુજીને અને કાકાને પછી પાછા ઘેર બોલાવ્યા અને ખબર આપી કે મેરી આવી રીતે ઓઢીને સૂતી હતી.

હું નાની હતી ત્યારે ઓઢણી પહેરવાની

બહુ જ ગમે. મારા કાકા, ફોઈ, એ બધાં મારાં બાને ભાભી કહી સંબોધે એટલે મને પણ ભાભી જ કહેવાની ટેવ પડી હતી. જ્યારે કોઈ બહેન સાડી પહેરીને આવે કે તરત હું કહું: "ભાભી! મને તું આવી ઓઢણી નહિ લાવી આપે?" અગાશી ઉપર ઊભી રહું અને દરેકની સાડી જોતી રહું. કોઈની સુંદર સાડી જોઉં કે તરત ભાભીને ખેંચી લાવું અગર ત્યાં ઊભી રહી ત્યાંથી જ ખૂમ પાડું: "ભાભી, ભાભી! જો જો; મને આવી ઓઢણી અપાવજો." ભાભી "સારું." કહી મને રાજી રાખે.

સાતમા વર્ષે મને નિશાળે બેસારી. તે વખતે બા મને રોજ નિશાળે મૂકવા આવે. બા મૂકીને જાય અને ઘેર પહોંચ્યાં પણ ન હોય ત્યાં હું દરવાજા બહાર ઊભી રહી રહું કે "ઓ મારી બા રે, મારે ઘેર આવવું છે...મારે નિશાળે નથી બેસવું રે..." આખરે મારો રડવાનો અવાજ સંભળાય કે તરત એ નિશાળના પટાવાળાની વહુ મારાં બાને ઓળખતાં હતાં એટલે મને કહે: "ચાલ તને ઘેર મૂકવા આવું." એટલે રડતી રડતી તેમની સાથે ઘેર જઉં. ફરી મારાં બા ગુસ્સો કરે અને મને કહે: "નિશાળે બેસતાં શું થાય છે? હવે જો આવી તો દોરડાથી બાંધી રાખીશ!" એમ કહી ફરી પાછાં મૂકવા આવે.

ત્યાર પછી ચોમાસું બેઠું. નિશાળે તો જવું જ પડે. ચોમાસામાં તો અળશિયાં પુષ્કળ થાય એટલે મને પાણીમાં ચાલવું ન ગમે. મારા પગ નીચે અળશિયાં આવે એટલે ખૂબ જ બીઉં અને ખૂમ પાડું કે "ઓ બાપરે! પાણીમાં તો સાપ છે. મને કરડી ખાશે...રે ખાશે...રે." એમ ખૂમ મારી ત્યાં ને ત્યાં જ ઊભી રહું. જરીક ચાલું નહિ. આખરે ત્યાં થઈને અમારા હેડ માસ્તરને જવાનો રસ્તો એટલે મને પૂછે: "છોડી! કેમ રડે છે?" એટલે હું કહું કે "પાણીમાં બહુ સાપ છે. મારે ચાલવું નથી." પછી એ ધીમે રહીને કહે: "એ તો ના કરડે." એમ કહી આંગળી પકડી નિશાળે લઈ જાય.

બાળવર્ગ અમદાવાદમાં શીખી. ત્યાર પછી મારા બાપુજીને બદનાવર જીનમાં જવાનું થયું. ત્યાં મારવાડી ભાષા અને શાળા પણ નહિ; અને વધારે મુશ્કેલી તો એ કે ત્યાં મારા બાપુજીને ફક્ત આઠ જ માસ રહેવાનું હતું. બાપુજીએ અને બાએ વિચાર કર્યો કે આમ તો મેરીનું ભણતરનું બગડશે. આથી મારાં દાદીમા પાસે મૂકી જવાનો વિચાર કર્યો. મારાં દાદીમા સુરતમાં 'મિશન'ની છોકરીઓના ઉપરી તરીકે કામ કરતાં. આથી મને ત્યાં મૂકીને ગયાં. હું ત્યાંથી નિશાળમાં દાખલ થઈ. મારા ફુઆ અમદાવાદથી કંઈ કામ અંગે સુરત આવે એટલે મને કહે: "મેરી! તારે તારી બા પાસે આવવું છે?" હું કહું: "હા." ત્યારે મને કહે કે "ત્યારે તું તૈયાર રહેજે." પછી હું મારાં જેટલાં કપડાં હોય તેટલાંની પોટલી બાંધતી કારણ મારે અમદાવાદ જવાનું હતું. બધી છોકરીઓને કહેતી: "આજે તો મારા ફુઆ સાથે અમદાવાદ જવાની છું." પણ ફુઆ તો રાતની ગાડીએ જાય અને રાત્રે તો હું ઊંઘી જતી. સવાર થાય એટલે મારા કાકા, ફોઈ વગેરે ખૂબ ખીજવતા. ફુઆ જ્યારે જ્યારે સુરત આવે ત્યારે બાંધેલા પોટલે હું સૂઈ રહેતી!

હું નાની હતી, ત્યારે વાર્તાની બહુ શોખીન

એટલે જેની તેની પાસે વાર્તા કહેવડાવતી. મને જે શિક્ષક શીખવતા હતા તે શિક્ષક મારા ઘરથી થોડે છેટે રહે એટલે ઝટઝટ નિશાળ માટે તૈયાર થઈ તેમને ઘેર વાર્તા સાંભળવા માટે જતી. મારાં દાદીમા એ શિક્ષકનો સંઘાત કરી મને મોકલે એટલે તેમને મારી બહુ પરવા ન હતી. મેં તેમને કહી રાખેલું કે "હું વહેલી નથી જતી એટલે મારા શિક્ષક મને મૂકીને જતા રહે છે. મને મારાં બાઈ એ કહ્યું છે કે 'તારે ઝટ આવવું, નહિ તો હું જતી રહીશ." દાદીમાને ઘણી ફિકર રહેતી એટલે ઝટઝટ મને તૈયાર કરતાં. નવ વાગ્યાથી તેમને ત્યાં જતી. વાર્તાની લાલચે તેમનું થાય એટલું કામ પણ હું કરતી. એ નવરા પડે ત્યારે મને વાર્તા કહેતા અને પછી અમે સાથે નિશાળે જતાં.

નિશાળમાં હિંદુ છોકરીઓ સાથે બેનપણાં થયાં. તેઓ હમેશાં ભૂતની વાતો કરે અને કહે કે "જેટલાં આંબલીનાં ઝાડ હોય તેની અંદર ભૂત હોય છે; અને અમારાં બા તો અમને બહાર પણ નીકળવા દેતાં નથી કારણ કે રાત્રે ભૂત ફરવા નીકળે છે." મને પણ એવી બીક પેસી ગઈ. મેં જ્યારે ભૂતનું નામ સાંભળ્યું ત્યારે હું ખૂબ બીવા માંડી. મારા ઘરથી થોડે જ છેટે એક આંબલીનું ઝાડ હતું; ત્યાંથી જતાં પણ બીક લાગે. મારાં દાદીમાને કહ્યું કે: "ત્યાંથી હું નહિ જઉં, કારણ કે આંબલીમાં તો ભૂત છે." મારાં દાદીમા કહે: "ઝાડમાં તે ભૂત રહેતું હશે? ખ્રિસ્તી માણસને ભૂત કાંઈ ન કરી શકે. એ તો તને ફક્ત બીવડાવવા જ કહેતાં હશે. તારે એવું કંઈ સાચું માનવું નહિ."

હું લગભગ નવ વર્ષની હોઈશ. મેં સાચા હીરા વિષે સાંભળેલું કે હીરા બહુ કિંમતી હોય; તેને વેચે તો પણ પુષ્કળ પૈસા આવે. તે બહુ મોંઘા મળે. હું આવા હીરાની તપાસમાં હમેશાં ફરતી; ઝીણા ઝીણા કાચના કકડા મળે તેને હીરા સમજી મારી પાસે રાખતી. એક વખત મારી સાથે ભણતી એક ખ્રિસ્તી બેનપણીને ત્યાં બપોરની રજામાં ગઈ. પછી તેના ઘરમાં જમીન પર એક મણકો ચળકતો પડ્યો હતો. મેં જાણ્યું કે આને વેચ્યે તો પુષ્કળ પૈસા આવે. આવો હીરો બજારમાં પણ બહુ જ મોંઘો મળે છે. જેવી મારી બેનપણી બીજા ઓરડામાં ગઈ કે તરત મેં છાનોછાનો એ હીરો લઈ ગજવામાં નાખી દીધો. પછી અમે બંને નિશાળે ગઈ. મને તો ઘણી જ બીક લાગી હતી કે નક્કી, સાંજે હીરો નહિ મળે તો મારા પર ચોરી નાખશે કે બપોરે તું અહીં આવી હતી. પછી મેં તો મારે ઘેર પણ હીરો છાનોમાનો મૂકી દીધો. મારી બેનપણીને ઘેર કોઈએ એ સંબંધી તપાસ ન કરી ત્યારે મને બીક ઓછી થઈ; પણ પછી કોઈ દિવસ તેને ઘેર ગઈ નહિ.

એક વખત મારી નિશાળમાં મારા શિક્ષકે કહ્યું કે "ચોરી કરીએ, જૂઠું બોલીએ, તો ઇશુ બાપ આપણને ખૂબ મારે. અને આપણાં પાપ દરેક તે લખી લે છે." મને નક્કી થયું કે "મેં ચોરી કરી છે. મને ઇશુ બાપ ઘણું જ મારશે." હું વારેવારે એના એ વિચારે ઘેર પણ પૂછતી કે "ઇશુ બાપ આપણાં પાપ લખી લેતા હશે?" મારી દાદીમાએ કહ્યું કે "નક્કી, તે પાપ લખી લે છે. પણ ઇશુ બાપ પાસે માફી માગીએ તો તે માફ કરે છે." પછી તો હું એમની પાસે માગતી કે "ઇશુ બાપ! મેં પાપ

કર્યું છે, મને માફ કરજે.” એમ રોજ છાની-માની પ્રાર્થના કરતી.

મને ઢીંગલી ઢીંગલી રમવાની ઘણી જ હોંશ; એટલે ઢીંગલી માટે કપડાં જ્યાં ત્યાંથી એકઠાં કરી ગોદડામાં સંતાડવાની ટેવ. એક વખત જેવાં ગોદડામાંથી સંતાડેલાં કપડાં કાઢવા ગઈ કે તરત મને લીસુંલીસું લાગ્યું. મેં તરત હાથ લઈ લીધો અને ખૂબ મારી કે “ગોદડામાં તો લીસુંલીસું છે.” મારાં કાકી દોડી આવ્યાં. ધીમે રહી ગોદડાં કાઢી જોયું તો તેમાં સાપ બેઠેલો હતો. ત્યાર પછી કોઈ વખત ગોદડામાં કપડાં સંતાડતી નહિ.

દશ વર્ષની થઈ ત્યાં સુધી ઘરઘરની રમત રમવાનો બહુ જ શોખ. ધૂળ અથવા માટીનું ઘર બાંધતી; ખોટું ખોટું ધૂળનું જમવાનું કરતી. મારા કરતાં મોટી બેનપણી રમવામાં સામેલ થઈ ત્યારે તો સાચેસાચું રાંધતાં, ઢીંગલાઢીંગલી પરણાવતાં, એકબીજાને ઢીંગલાઢીંગલી સારુ જમવાનું બનાવી બોલાવતાં, ખૂબ જ હોંશમાં ઘર ગોઠવતાં, શણગારતાં અને ઢીંગલાંઓ માટે કપડાં સીવતાં પણ શીખી ગઈ. આવી રીતે ઘર-ઘરની રમત બહુ આનંદથી રમતી.

આવેલા પત્રો

: ૧ :

રા. ...

ચિ. ...ભાઈએ આજે થોડું વાંચ્યું છે તથા પાંચેક મિનિટ ગણિત કર્યું છે. બાકી મારી તબિયત નરમ છે તેથી મારી ખૂબ સેવા કરે છે. કાલે મને વધારે તાવ આવેલ ત્યારે રાત્રે ભાઈ ખૂબ રોયા. એટલા બધા નરમ છે. માંદા માણસની સારવાર કરવા તેઓ ઉત્સુક છે, તે તો આ વખતે જ મેં જાણ્યું.

લિ. આપના
...ના પ્રણામ.

: ૨ :

શ્રી. ...

ચિ. ...ભાઈ એ ગઈ કાલે સાંજે બાલમંદિર-માંથી આવીને મારી તબિયતના ખબર પૂછ્યા. ત્યાર પછી સંગીત સારી રીતે ગાયું. આજે સંગીત પૂરું શીખવાને નોટ ત્યાંથી લેતા આવ્યા છે.

રોજ ફૂલ અને અગરબત્તી મારા સમક્ષ મૂકે છે. ગઈ કાલે મારી સાથે મારી પથારીમાં સૂતા. મેં કહ્યું કે માંદા માણસની પથારીમાં ન સુવાય; રોજ તમને કહેવામાં આવે છે છતાં તમે સૂવો છો! ત્યારે હસતાં હસતાં કહ્યું કે મારે તમારો ચેપ લેવો છે. મેં કહ્યું કે ચેપ શું? તો કહે કે તમારો તાવ મને આવે તે ચેપ કહેવાય; મને તાવ આવે અને તમે સાજા થઈ જાવ. મેં કહ્યું કે તમને બહુ તાવ આવશે તો શું કરશો? તો કહે કે ...ભાઈને બથ ભીડીને ચેપ લગાડીશ. મેં કહ્યું કે એવું ન થાય. તો કહે કે તેમ ન થાય તો કંઈ નહિ.

મને તાવ આવે છે ત્યારથી બહાર રમવા જતા નથી; મારી પાસે જ રહે છે. તોફાન પણ કરતા નથી. તેનામાં કુટુંબ પ્રત્યે ભાવના કેટલી ભરી છે અને તેનું માનસ કેવા પ્રકારનું

નવાં પુસ્તકો પ્રગટ થયાં			હવે પછી આવણમાં મળશે.		
હનુમાન-વિભીષણ	નાનાભાઈ	૦-૫-૦	ટપાલમાં	ગિજુભાઈ	૦-૫-૦
ભરત-લક્ષ્મણ	,,	૦-૩-૦	પ્રવાસવાર્તા	શં. અને નં.	૦-૫-૦

છે તે આ વખતના મારા મંદવાડમાં મેં જોયું. આપ બાળકોની કેળવણી પાછળ જે ભોગ આપી રહ્યા છો, તેની કિંમત આંકી શકાય તેમ નથી. બાળક તો ભવિષ્યનો નાગરિક છે. તેના માનસને કેળવી તેને યોગ્ય દિશામાં વાળવું તે અતિ કઠિન છે. બાળકો અને તેનાં માબાપોના આશીર્વાદ એ જ તમારા ત્યાગનો બદલો છે. બાકી બીજી રીતે કોઈ પણ તેનો બદલો વાળી ન શકે.

આપે મારી તબિયતના ખબર પૂછ્યા હતા તે પણ તેણે મને કહ્યું હતું.

લી. આપના

...ના પ્રણામ

: ૩ :

પૂજ્ય ગિજુભાઈ,

આપનો માયાળુ પત્ર મળતાં ઘણો જ આનંદ થયો છે. અગિયાર બાર વર્ષો વીત્યા છતાં આપનું નામ તો ઘરમાં કાયમ બોલાતું. અને મારાં નાનાં ભાઈબહેનોને બાલમંદિરમાં ગિજુભાઈ સાથે કરેલા આનંદનું હું કાયમ વર્ણન કર્યા જ કરતી. પણ પછી અણધાર્યું આપનું અહીં આવવું થયું તેથી તો વિશેષ આનંદ થયો. આપ જ્યારે ભાષણ કરતા હતા ત્યારે દશ બાર વર્ષો પહેલાંનું બાલમંદિર મારી નજર આગળ ખડું થઈ ગયું. સવારના સાત સાડાસાત થાય અને બાલમંદિરની મોટરબસ આવીને ઊભે. બધાં હસતાં હસતાં અંદર બેસીએ અને થોડી વારમાં તો તાંકને ઊતરી પડીએ. ત્યાં તો સામે ગિજુભાઈ તથા નર્મદાબહેન હસતાં હસતાં ઊભાં જ હોય; અને પછી "ગિજુભાઈ! જોજો." "નર્મદાબહેન! જોજો." એવા ચારેકોરથી અવાજો થવા લાગે. પછી દૂધ પીવાનો સમય થાય; પછી સંગીત; વગેરે. એ બધું મને તો ફરી ફરીને લખવાનું મન થાય છે પણ લખાણ ઘણું લાંબું થઈ જાય એવી દહેશત રહે છે. પણ એ બધાં સુંદર સ્મરણો મને હજુ પણ યાદ છે, અને ફરી એક વાર ગિજુભાઈના બાલમંદિરમાં ધન લઈને મિનારો કરવા બેસી જવાનું મન થાય છે.

લી. ...ના વંદે માતરમ્

જોઈએ છીએ

મોમ્બાસા, ઝાંઝીબાર, નૈરોબી, દારેસલામ, મોશી, વગેરે સ્થળોમાં સીનિયર ટ્રેઈન્ડ ગુજરાતી સ્ત્રીશિક્ષિકાઓ. બી.એ. તથા મેટ્રિક પાસ થયેલી સ્ત્રીશિક્ષિકાઓ પણ ઉપરનાં જ સ્થળો માટે જોઈએ છીએ. ઉમેદવારો ઇંડિયન ક્રિશ્ચિયન, પારસી, હિંદુ અથવા મુસલમાન હશે તો પણ ચાલશે. પગાર અનુભવ અને લાયકાત મુજબ મળશે. સંપૂર્ણ વિગતો સાથે અરજી નીચેને સ્થળે તુરત મોકલી આપવી—

The Director,
Messrs Goldwyn, Low-Bow (India) Co.
144, Esplanade Road, **Bombay**

શિક્ષણ સમાચાર

—રાજકોટમાં ઉનાળા માટે બાલક્રીડાંગણ ઉઘડ્યું હતું; ચલાવનાર હિંમતલાલ મર્યા.

—દીવ શ્રી પાનબાઈ કન્યાશાળા. નવા સિદ્ધાંતોનો અમલ જેમાં થશે એવી કન્યાશાળાનો પાયોઃ પ્રમુખ ગિજુભાઈ : ૧૩-૫-૩૬

—હિંદી શિક્ષણ પત્રિકાનો બીજા વર્ષનો જોડિયો અંક (૧૦-૧૧) બહાર પડી ગયો.

—ઈંદોર તા. ૧૮-૫-૩૬. અહલ્યાશ્રમના નિરીક્ષણ માટે અને હિંદી શિક્ષણ પત્રિકાની વ્યવસ્થાને અંગે શ્રી. ગિજુભાઈ ગયા હતા.

—ભાવનગર (૧) બાલપ્રવૃત્તિ મંડળ આશ્રય નીચે ભાવનગરના જુદા જુદા ત્રણ લત્તાઓમાં [રાણીકા, ભાદેવાણીની શેરી અને ભંગા તળાવ] ત્રણ બાળલાયબ્રેરીઓ ચાલુ થઈ. વ્યવસ્થાપક શ્રી. કેશુભાઈ. (૨) શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરનું વેકેશન પૂરું થવાથી બાલમંદિર તા. ૧૮-૬-૩૬ ના રોજ ઊઘડી ગયું.

—આણંદ શ્રી. મગનભાઈ વા. પટેલ આણંદના બાલમંદિરમાં જોડાઈ ગયા.

—કાનપુર શ્રી. ગિજુભાઈએ અખિલ ભારત વર્ષિય કેળવણી પરિષદના મંત્રી શ્રી. ડી. પી. ખત્રીની મુલાકાત લીધી.

—ધાર. ધાર સ્ટેટના કેળવણી ખાતાએ હિન્દી શિક્ષણ પત્રિકાની ૭૫ નકલો લેવાનું ઠરાવ્યું છે.

—આંગરોળ તા. ૨૭-૨૮-૨૯ મે માસમાં બાલમંદિરનો વાર્ષિકોત્સવ ઉજવાયો. પ્રમુખસ્થાને શારદામંદિર-અમદાવાદના નિયામક શ્રી. ભોગીભાઈ ઠાકર હતા.

—કરાંચી શ્રી.કેશુભાઈ દોશી અને શ્રીમતી ભાનુમતી મુખીએ બાલવિહારની યોજના કરી છે.

અવલોકન

ચંદનગૌરી બાલમંદિરમાં જાય છે. તે એક વાર બાલમંદિરમાં ચડ્ડી ભૂલી આવી. તેની મા કહેઃ "ચડ્ડી લઈને આવ. ચડ્ડી લઈને નહિ આવે તો ઘરમાં પેસવા જ નહિ દઉં."

* * *

બાલમંદિરના શિક્ષકે ઘેર કહેવરાવ્યું કે ચિ. ...ભાઈના નખ કાપી આપશો. ઘેરથી માતાજીએ બાળક સાથે શિક્ષકને સામે કહેવરાવ્યુંઃ "આ નખ હજી નાના છે. આટલા નખ તે કેવી રીતે લેવાય ?"

* * *

બાલમંદિરમાં બાળક સાથે નોકર આવતો હતો. નાસ્તો ખાતાં ખાતાં બાળકના હાથમાંથી ખાવાનું ભોંય પર પડ્યું. નોકરનો મિજાજ ગયો. બાળકને તમાચો માર્યો ને નીચે પડેલું ખાવાનું તેણે બાળકના વાટકામાં પાછું નાખ્યું ને કહ્યુંઃ "ખાઈ જાઓ." બાલશિક્ષક નોકરની આ જોહુકમી સામે જોઈ જ રહ્યો ! ગિ.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૧ મું
સંવત ૨૦૬૨

અંક ૬ ઠ્ઠો
શ્રાવણ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બાળકની પૂજા કરો, નહિ કે ફૂલોથી પણ તેના વિકાસનો માર્ગ કાંટા વિનાનો કરીને.

બાળકની આરતી કરો, નહિ કે તેને દીપ વડે અજવાળીને પણ તેના સ્વ-પ્રયત્નમાં આડે આવનાર અંધકાર-વૃત્તિને હઠાવીને.

બાળકની આગળ ટોકરી ને ઝાલર વગાડો, નહિ કે પિત્તળનાં વાજિંત્રો રૂપી પણ તેના સહવાસમાં આવનારને મીઠા શબ્દો વડે બાળકનો મહિમા સમજાવીને.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૧] શ્રાવણ ૧૯૯૨ [અંક ૬

ઉત્કૃષ્ટ ગુરુ

બાળકોના અભ્યાસ વિના પુસ્તકોનો અભ્યાસ નકામો છે. ગુરુના ઉપદેશ વિના ગ્રંથપરિચય નકામો છે. સૌથી ઉત્કૃષ્ટ ગુરુ બાળક પોતે છે, કેમ કે બાળક વાણી વાપર્યા વિના ઉપદેશ આપે છે, કેમ કે તેના ઉપદેશ પાછળ અંગત રાગદ્વેષ નથી હોતા, કેમ કે તેનો ઉપદેશ સર્વજનહિતકર્તા એવા સત્ય સિદ્ધાંતોનો જ હોય છે.

જ્ઞાનદાન બનો

બાળકોને જ્ઞાનદાની શીખવવા માટે માબાપોએ જ્ઞાનદાન થવું જોઈએ.

તે માતાપિતા જ્ઞાનદાન છે, જે પોતાનો સ્વાર્થ આગળ ન ધરતાં બીજાનો સ્વાર્થ આગળ ધરે છે.

ઘરમાં પણ જે માબાપો પોતા માટે નહિ પણ બીજા માટે જીવે છે, તે પોતાનાં બાળકોને ખરી જ્ઞાનદાનીનો પાઠ શીખવે છે.

કરતા પહેલાં

બાળકોને માર્યા પછી પંપાળવાં નહિ, ને પંપાળ્યા પછી મારવાં નહિ. ઘા કરી રુઝવવા નીકળવું એના કરતાં ઘા કરવો જ નહિ એ જ સારું. નિંદા કર્યા પછી સ્તુતિ કરવાને બદલે એકેય ન કરવું સારું. તિરસ્કાર કર્યા પછી સેવા કરવી તેના કરતાં કંઈ જ ન કરવું સારું.

મ ગા વો

દ્વિવાસ્વપ્ન હિંદી ભાષાંતર — મૂળ લે. ગિજુભાઈ ૦-૧૨-૦ પોસ્ટેજ સાથે

બે બાલચિત્રકારો

અમારી શાળા એક નાના ગામડામાં હતી. બાળકોને ચિત્રો કાઢવા સારુ એમાં સ્લેટ, પેન, કાગળ અને રંગીન પેનસિલો એટલો સરંજામ મૂકવામાં આવ્યો હતો. આ સિવાય ચિત્રની પૂર્વ-તૈયારી માટે કશું કરવામાં આવ્યું ન હતું.

બધાંય બાળકો ચિત્રો કરતાં પણ તેમાં બે બાળકોનાં ચિત્રો વિધવિધ અને સ્પષ્ટ નીકળતાં. એક હતી વાણિયા કોમની છોકરી, બીજો હતો બારૈયા કોમનો છોકરો.

અનુક્રમણિકા

૮૨ ઉત્કૃષ્ટ ગુરુ . . . ગિ.
૮૨ જ્ઞાનદાન બનો . . ગિ.
૮૨ કરતા પહેલાં . . . ગિ.
૮૨ બે બાલચિત્રકારો . . મ.
૮૪ બાલ્યાવસ્થાનો અભ્યાસ ...
૮૭ જ્ઞાવનગરમાં બાલક્રીડાંગણ તથા બાલપુસ્તકાલયો ...
૮૮ બાલમંદિરિયું . . . જુ.
૮૯ માંગરોળ બાલમંદિરનો ઉત્સવ ...
૮૯ એક સાદું અવલોકન . ગિ.
૯૦ આ બાને તે શું કરવું? જ.
૯૧ અક્ષરજ્ઞાનનો અનુભવ. શાં.
૯૩ જતી ટપાલ . . . ગિ.
૯૪ બાલપણનાં સંસ્મરણો ...
૯૬ શિક્ષણ સમાચાર . . તં.

બંને જીવન જુદી જુદી પરિસ્થિતિમાં જીવતાં તેથી બંનેનાં ચિત્રોના પ્રકારો પણ જુદા જુદા હતા.

છોકરી ગામમાં રહેતી, તેથી એનાં ચિત્રોમાં સંસારી જીવનના જે જે પ્રસંગો એને કાવ્યમય લાગ્યા તે તેણે ઉતાર્યા.

ગામમાં લગ્નગાળો ચાલતો હતો. એમાં એને વરઘ ભરવાનો પ્રસંગ ઘણો ગમતો. એની એ રમત પણ રમતી; એનું એણે એક સુંદર ચિત્ર પાડ્યું હતું.

છોકરીઓનું એક ટોળું ગીત ગાતું નીકળતું હતું. વચમાં એક છોકરીના માથા ઉપર બેડાંની હાર ગોઠવી હતી; એની ઉપર એક લૂગડું નાખ્યું હતું; એના બે છેડા એક છોકરી પકડી રહી હતી. એની બાજુમાં એક છોકરીના હાથમાં થાળ હતો એમાં ઘીનો દીવો સળગતો હતો. પાસે નાળિયેર મૂકયું હતું.

બીજા એક ચિત્રમાં કન્યાનાં માબાપ ચોરી આગળ બેઠાં છે. પાસે ગણપતિ ચીતરેલા છે.

પાણી ભરવાના પ્રસંગો એ એનાં ચિત્રોની બીજી ભાત હતી. એમાં એ કૂવા ઉપર પાણી ભરવું, માથે બેડાં મૂકી ચાલ્યા આવવું, નાની બેનના માથેથી મોટી બેન પાણીનો ઘડો ઉતરાવે, એવા અનેક પ્રસંગો ચીતરતી.

એક ચિત્રમાં એણે બકલીઓનું મોટું ટોળું ચીતર્યું હતું. એક ખૂણા ઉપર લાકડી ટેકવી ઊભેલો એક માણસ ચીતર્યો હતો. મેં પૂછ્યું: "આ શાનું ચિત્ર છે?" એ કહે: "રંબારી બકલીઓ ચારે છે."

એની મોટી બહેને કાગળનાં ફૂલોની એક વેણી એને માટે શહેરમાંથી આણી હતી. એને એ ખૂબ ગમતી. છેક તૂટી ગયા સુધી એ રોજ એને પહેરી લાવતી. આ વેણીનાં ચિત્રો એ ઘણાં પાડતી. એક છોકરી ચીતરે અને નવી નવી રીતે એને વેણી પહેરાવે.

એને ભક્તિનાં ચિત્રો પણ બહુ ગમતાં. દેવની સામે જુદી જુદી જાતની ફૂલો અને દીવાની રચના કરતી. એની સામે એક છોકરીને એ પૂજા કરતી બેસાડતી.

છોકરો બેતરમાં રહેતો તેથી એનાં ચિત્રો મોટે ભાગે કુદરતના અભ્યાસનાં જ પડતાં.

એણે એક ઢેલનો માળો ચીતર્યો હતો. બોરનું એક જાળું હતું; એની નજીક ઢેલે ત્રણ ઈંડાં મૂકયાં હતાં; ઉપર ઢેલ ઊભી હતી; પાસે મોર ચરતો હતો.

એક ઝાડ ઉપર પાંચ મધપૂડા હતા અને પાસે મધમાખીઓ ઊડતી હતી, એ એનું બીજું ચિત્ર હતું.

મહી નદીમાં કરચલા રહે છે એનું પહેલવહેલું ભાન નદીના કિનારા ઉપર પાણીને અડતી એક ભેખડમાં કરચલાના દરનું ચિત્ર કરીને મને બતાવ્યું.

આવતો અંક
બીજા ભાદરવામાં

'શિક્ષણ પત્રિકા' ગુજરાતી મહિનાઓ પ્રમાણે પ્રગટ થાય છે, અને ચાલુ સાલ અધિક માસ હોવાથી બે ભાદરવા મહિનાઓ છે. એટલે આ અંક મળ્યા પછી બીજો અંક બીજા ભાદરવા મહિનામાં મળશે તેની સૌ ગ્રાહકો કૃપા કરી નોંધ કરી લઈ લે. વ્યવસ્થાપક.

એક ધુળરડાનું ઝાડ છે; એની નીચે સાપનું દર છે. સાપ પાસેના કોઠીના ઝાડ તરફ જાય છે, એવું એણે એક ચિત્ર ચીતર્યું હતું. આ ઝાડનાં નામો એ પોતે જ આપતો અને એનાં પાન અને થડનો દેખાવ ઝાડને મળતો જ પાડતો.

આ સિવાય એક માણસને વીંછી કરડ્યો છે તેથી રડે છે, મોર સાપને ખાઈ જાય છે, કાબર વીંછીને મારે છે, આવાં અનેક ચિત્રો એ પાડતો. અ.

બાલ્યાવસ્થાનો અભ્યાસ : સ્વામી વિવેકાનંદ

[અનુસંધાન ગયા અંકના પાને ૬૯ થી ચાલુ.]

એક વર્ષ વૅર ભણાવ્યા પછી નરેન્દ્રને કલકત્તાના પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે સ્થાપેલ મેટ્રોપોલિટન ઇન્સ્ટીટ્યૂશનમાં દાખલ કરવામાં આવ્યો, અને ત્યાં થોડા વખતમાં જ પોતાની બુદ્ધિના પ્રભાવથી સૌનો જાણીતો થઈ પડ્યો. એક વખતે વર્ગ ચાલતો હતો તે દરમિયાન નરેન્દ્ર અને તેના ભાઈબંધો અંદરોઅંદર વાતો કરી રહ્યા હતા, એવામાં શિક્ષકનું ધ્યાન ગયું અને તેમને ઊભા કરીને પોતે શું શીખવતો હતો તે પૂછ્યું. બધા મૂંગા થઈ ને ઊભા રહ્યા, પણ નરેન્દ્ર પોતાનું ધ્યાન વાતોમાં અને શિક્ષકના પાઠમાં બંનેમાં રાખી શકયો હતો એટલે તેણે પૂછેલા પ્રશ્નોના જવાબ બરાબર આપી દીધા. આથી શિક્ષકે નરેન્દ્રને બેસાડી દીધો અને બીજાને ઊભા રાખ્યા. પણ નરેન્દ્ર ન બેસતાં ઊભો રહ્યો. એ જોઈ ને શિક્ષકે કહ્યું: "તારે ઊભા રહેવાનું નથી. તારા જવાબ બરાબર છે." નરેન્દ્રે જવાબ આપ્યો: " પણ સાહેબ! વાતો હું કરતો હતો માટે મારે ઊભા રહેવું જોઈએ." એમ કહીને તે ઊભો રહ્યો.

એ નિશાળનો એક શિક્ષક બહુ ખરાબ સ્વભાવનો હતો. તેની એક ટેવ એવી હતી કે કોઈ પણ છોકરો વર્ગમાં જરાક પણ ચૂં કે ચાં કરે એટલે તેને માર મારવો. એક દિવસ તે શિક્ષક કંઈ નજીવા વાંકસર એક છોકરાને ગડદા, પાટુ, ધોલ, ધપ્પા વગેરેથી જેમ આવે તેમ ઢોરની માફક માર મારતો હતો. તે જોઈને નરેન્દ્રથી હસી જવાયું. બસ, માસ્તર સાહેબનો ગુસ્સો નરેન્દ્ર પર ઊતર્યો અને નરેન્દ્ર પર ધબ્બા અને થપ્પડોનો વરસાદ વરસ્યો અને કહ્યું: " બોલ, કે ફરીથી હવે કોઈ દિવસ નહિ હસું."

નરેન્દ્રે તેમ કહેવાની ના પાડી એટલે માર ફરીથી શરૂ થયો. એટલું જ નહિ પણ નરેન્દ્રને તેના કાન ઝાલીને ઊંચો કરી જમીન પરથી બાંકડા પર પછાડ્યો. પરિણામે નરેન્દ્રનો એક કાન નીચેથી તૂટી ગયો અને ખૂબ લોહી વહેવા માંડ્યું. છતાં નરેન્દ્ર કબૂલ ન થયો અને ગુસ્સાથી રોતાં રોતાં કહ્યું: " મારા કાન ખેંચીશ નહિ; મને મારનાર તું કોણ ? ખબરદાર, જો ફરીથી મને હાથ લગાડ્યો છે તો ! "

નસીબજોગે એ જ વખતે પંડિત વિદ્યાસાગર અંદર આવ્યા. ડ્રુસ્કે ડ્રુસ્કે રોતાં રોતાં નરેન્દ્રે બધું કહ્યું અને ચોપડીઓ લઈ ને કહ્યું: " હું નિશાળ છોડી દેવા માગું છું. "

વિદ્યાસાગર તેને પોતાની ઑફિસમાં લઈ ગયા અને તેને શાંત કર્યો. પાછળથી છોકરાના

ઓને કરવામાં આવતી શિક્ષાઓની બાબત તરફથી તપાસ થઈ, તે શિક્ષકને બરતરફ કરવામાં આવ્યો, અને આવો બનાવ ફરીથી ન બને તે માટે સખ્ત પગલાં લેવામાં આવ્યાં. ઘેર આવતાં ભુવનેશ્વરી દેવીને ખૂબ ગુસ્સો ચઢ્યો અને નરેન્દ્રને તેમણે ઘણું કહ્યું કે તું નિશાળે ન જા; પણ તે ન માનતાં નરેન્દ્ર બીજે જ દિવસે નિશાળે ગયો– જાણે કે આગલે દિવસે કશું બન્યું જ નથી! કાન કેટલાયે દિવસ સુધી રુઝાયો નહિ.

આટલી નાની ઉંમરમાં પણ નરેન્દ્ર વહેમ અને ભયની બિલકુલ દરકાર કરતો નહિ, પછી ભલેને તે જૂના જમાનાથી ચાલ્યા આવતા હોય! પોતાના એક ભાઈબંધના વાડામાં ફૂલ તોડવા માટે એક ઝાડ પર તે હમેશાં ચડતો અને ફૂલ તોડી લીધા પછી ઉપરથી ઊંધે માથે લટકીને પ્રથમ ખૂબ હીંચકા ખાતો અને હીંચકા ખાઈ રહ્યા પછી ગુલાંટ ખાઈને નીચે કૂદી પડતો. આ તેની હમેશાંની ટેવ. તેના આ હંમેશના વાંદરાપણાથી તે ઘરના એક બુઢ્ઢા બાપા ચિડાયા અને કહ્યું: "નરેન્દ્ર! એ ઝાડમાં ધોળાં લૂગડાંવાળો એક બ્રહ્મરાક્ષસ રહે છે, ને એ ઝાડ પર જે છોકરો ચડે તેનું ડોકું મરડી નાખે છે." નરેન્દ્રે એ નિરાંતે સાંભળ્યા કર્યું અને બુઢ્ઢા બાપા ગયા એટલે પાછું ઝાડ પર ચડવા માંડ્યું. એ જોઈને એક ભાઈબંધ બોલ્યો: "અરે એ નરેન! એ ઝાડ પર ચડ મા. બાપા કહેતા નહોતા કે ઝાડમાં બ્રહ્મરાક્ષસ રહે છે? ઉપર ચડીશ તો તારું ડોકું મરડી નાખશે."

એ સાંભળીને હસીને નરેન્દ્રે કહ્યું: "જા હવે ગધેડા! બાપાની વાત સાચી હોત તો મારી ડોક ક્યારનીયે મરડાઈ ન ગઈ હોત?"

આ તો એક છોકરાંની રમતની વાત થઈ; પણ આગળના વિકાસની દૃષ્ટિએ જોતાં તેના ભાવિ જીવનની એક પ્રકારની આગાહી રૂપે જણાય છે. એ જ આગાહીના પ્રતિઘોષ રૂપે ભવિષ્યમાં સ્વામી વિવેકાનંદ લાખો માણસોની મેદની સમક્ષ બોલ્યા કે "કોઈ પણ બાબત અમુક પુસ્તકમાં તે લખી છે એટલા ખાતર જ માની બેસતા નહિ; અમુક માણસે એના વિષે આમ કહ્યું છે એટલા ખાતર જ એને સ્વીકારી લેતા નહિ. તમારી પોતાની મેળે સત્યને શોધો; એનું નામ સાક્ષાત્કાર!"

નરેન્દ્રને હમેશાં એકની એક બાબતનો કંટાળો હતો; તેને વિવિધતા ગમતી. તેણે નાનાં છોકરાંઓની એક મંડળી ઊભી કરીને ઘરની પૂજાની ઓરડીમાં ખેલ ભજવવા માંડ્યા. પણ થોડા સમય પછી તેના કાકાને એ ન ગમવાથી તેમણે નાટકની બધી ચીજો ફેંકી દીધી. નાટક બંધ થયું એટલે નરેન્દ્રે ફળિયામાં અખાડો કર્યો. અમુક સમય સુધી તો અખાડો ઠીક ચાલ્યો; પણ એક દિવસ કસરત કરતાં એક પિતરાઈ ભાઈનો હાથ ભાંગી ગયો, એટલે વળી ફરી કાકા ચિડાયા અને અખાડાનો બધો સામાન ભાંગી નાખ્યો. અખાડો બંધ થયો એટલે નરેંદ્રે ઘરમાં જાદુઈ ફાનસનાં ચિત્રો દેખાડવા શરૂ કર્યાં. વળી એક વખતે રસોઈ કરવાની ધૂન લાગી અને બીજા ગોઠિયાને બોલાવી સૌએ મળીને પૈસા કાઢી ચીજો ખરીદીને રસોઈ કરવા માંડી; મુખ્ય રસોયો પોતે બન્યો અને બીજા મદદગાર થયા. કહેવાય છે કે નરેન્દ્રની રસોઈ ઠીક સ્વાદિષ્ટ બનતી, જો કે તે મરચાં ખૂબ નાખતો.

બાલ્યકાળથી જ નરેન્દ્રના જીવનમાં મિત્રપ્રેમ અને સાહસ જોવામાં આવતાં. સાત આઠ

વર્ષનો હતો ત્યારે એક દિવસે પોતાના મિત્રોને સાથે લઈને કલકત્તાની દક્ષિણે આવેલું પ્રાણીઓનું સંગ્રહસ્થાન જોવા નીકળ્યો. સૌએ પૈસા કાઢીને એક હોડી ભાડે કરી હતી. સંગ્રહસ્થાન જોઈને પાછા ફરતી વખતે તેઓની સાથેનો એક છોકરો કંઈક માંદો થઈ ગયો અને તેને હોડીમાં ઊલટી થઈ ગઈ. માછીઓ એથી ગુસ્સે થયા અને કહ્યું કે હોડી સાફ કર્યા વિના કોઈને ઊતરવા દેવામાં નહિ આવે. હોડી કાંઠે પહોંચી એટલે છોકરાઓએ તેને વધારાના પૈસા આપીને બીજા કોઈ પાસે સાફ કરાવી લેવાનું કહ્યું, પણ માછીઓએ એ ન માન્યું અને તકરાર વધી પડી. એટલામાં બાંધેલી બીજી બધી હોડીઓના માછીઓ પણ આવી પહોંચ્યા અને છોકરાઓને મારવા તૈયાર થઈ ગયા. છોકરાઓ મૂંઝાઈ ગયા કે હવે કરવું શું? નરેંદ્ર તેઓમાં સૌથી નાનો હતો. માછીઓ ઝગડામાં રોકાયા હતા એટલામાં તે કાંઠે કૂદી પડ્યો અને પોતાના મિત્રોને આ મુશ્કેલીમાંથી કેમ કાઢવા તેનો વિચાર કરવા લાગ્યો. એટલામાં એ વખતે નદીકાંઠે હવા ખાવા નીકળેલા બે અંગ્રેજ સોલ્જરને તેણે આવતા જોયા. તરત જ નરેંદ્ર તેમની પાસે ગયો અને સલામ કરીને તેમનો હાથ પકડીને ભાંગ્યાતૂટ્યા અંગ્રેજી શબ્દો બોલીને ઝગડો ચાલી રહ્યો હતો ત્યાં લઈ જવા માટે ખેંચવા લાગ્યો. દેખાવડા નાના છોકરાના આ પ્રકારથી બંને સૈનિકોને આશ્ચર્ય થયું; અને નરેન્દ્રની સાથે તેઓ તરત જ હોડી પાસે જઈ પહોંચ્યા. જતાંવેંત બધી વાત સમજી ગયા. તરત જ હાથમાંની સોટી ઉગામીને માછીઓ તરફ ધૂમ પાડીને એ છોકરાને છોડી દેવાને હુકમ કર્યો. પલટનના એ ગોરા સોલ્જરો દેખીને બિચારા માછીઓના હાંજા ગગડી ગયા અને બીકથી સૌ ભાગીને પોતપોતાની હોડીમાં ભરાઈ ગયા. છોકરાઓ પણ કાંઠે આવ્યા. નરેંદ્રના વ્યવહારથી સૈનિકો ખૂબ ખુશી થયા અને તેને પોતાની સાથે નાટક જોવા જવાનું કહ્યું, પણ નરેંદ્રે તેમનો આભાર માની રજા લીધી.

નરેન્દ્રના બાલ્યજીવનની બીજી ઘટનાઓ પણ તેનામાં રહેલ સાહસનો પરિચય આપે છે. બાજી શહેનશાહ સાતમા એડવર્ડ જે વર્ષમાં પ્રિન્સ ઑફ વેલ્સ તરીકે ભારતવર્ષની મુલાકાતે આવ્યા તે જ વખતમાં 'સિરાપીસ' નામનું એક બ્રિટીશ લડાયક વહાણ કલકત્તાના બારામાં આવ્યું હતું; અને બારાના એક અમલદારની પરવાનગી લઈને કલકત્તાના કેટલાક લોકો એ જોવા જતા હતા. નરેન્દ્ર અને તેના મિત્રોની પણ એ જોવા ઇચ્છા થઈ અને રજા મેળવવા માટે એક અરજી લખીને નરેન્દ્ર સાહેબની ઑફિસે પહોંચ્યો; પણ ત્યાં જોયું તો દરવાન ખાસ જાણીતા માણસો સિવાય બીજા કોઈને અંદર પેસવા દેતો ન હતો. એટલે થોડે દૂર ઊભા રહીને સાહેબને મળવાનો ઉપાય શોધતો, જે લોકો અંદર જઈને અરજી પર સહી કરાવીને પાછા આવતા હતા તેમના તરફ નજર નાખવા લાગ્યો. તેણે જોયું કે એ બધા માણસો ઑફિસના ત્રીજા માળની એક પડશાળમાં જાય છે. એ ઉપરથી નરેન્દ્રે અનુમાન કર્યું કે ત્યાં જ સાહેબ અરજી પર સહી કરીને પરવાનગી આપે છે. ત્યારે હવે એ ઠેકાણે જવાનો બીજો કોઈ માર્ગ છે કે નહિ એ વિચારતાં તેના જોવામાં આવ્યું કે એ પડશાળની પાછ-

ળના ઓરડામાં સાહેબનો નોકરોને જવા માટે ઘરની બીજી બાજુએ એક તરફ એક લોઢાની બાનગી સીડી રાખેલી છે. એ માર્ગે કોઈ જોઈ જાય તો ફજેતી થવાનો પૂરો ભય છતાં સાહસ કરીને નરેન્દ્ર એ સીડી પર થઈ ને ત્રીજે માળે ચડી ગયો અને સાહેબના ઓરડામાં થઈને પડશાળમાં પ્રવેશ કર્યો. પડશાળમાં જોયું તો સાહેબના ટેબલની ચારે બાજુ અરજીવાળા લોકો ભીડ કરીને એક પછી એક સહીઓ કર્યે જાય છે. નરેન્દ્ર સૌની પાછળ ઊભો રહ્યો અને વારો આવતાં અરજી પર સહી કરાવી પરવાનગી મેળવી સાહેબને સલામ કરીને સામેના દાદરા પરથી ઊતરીને નીચે આવ્યો. દરવાજામાંથી નીકળતાં પેલો દરવાન આશ્ચર્યથી જોઈ રહ્યો અને પૂછ્યું: "છોકરા! તું અંદર કેવી રીતે ગયો હતો?" નરેન્દ્રે જવાબ આપ્યો: "હું તો જાદુગર છું!"

(મહાગુજરાતમાંથી) [અપૂર્ણ]

ભાવનગરમાં બાલક્રીડાંગણ તથા બાલપુસ્તકાલયો

ગયા વર્ષની માફક આ વર્ષે મે માસની રજાઓમાં બાળકોને કોઈ પણ જાતની રચનાત્મક પ્રવૃત્તિ મળે એવા હેતુથી ભાઈ કેશવલાલ ભાવસારે પોતાના મિત્રોની મદદથી બાલક્રીડાંગણ ચલાવ્યું હતું. આ વર્ષે એક મંડળ સ્થાપવામાં આવ્યું છે. આ મંડળનો ઉદ્દેશ આખા કાઠિયાવાડમાં બાલક્રીડાંગણો, બાલપુસ્તકાલયો અને બાલપ્રવાસોનો પ્રચાર કરવાનો રાખવામાં આવ્યો છે. આ મંડળમાં વિવિધ પ્રવૃત્તિઓ કરનાર મિત્રોએ સાથ આપેલો કૉલેજના તથા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ હતા, અને પ્રાથમિક શાળાના શિક્ષકો પણ હતા; રેલ્વેમાં કામ કરતા ભાઈએ પણ સાથ આપ્યો હતો. નવીન બાલશિક્ષકો સાથ આપે એમાં તો નવાઈ જ શી? આ પ્રમાણે અનેક જાતના ભાઈઓના સહકારથી આ વર્ષે બાલક્રીડાંગણનું કામ ઘણું જ દીપી ઊઠ્યું હતું. આ વર્ષે કુલ વીશ ભાઈઓએ સહકાર આપ્યો હતો.

આ બાલક્રીડાંગણ તા. ૧૯મી મેના રોજ શ્રી. ગિજુભાઈના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. તેનો સામાન્ય કાર્યક્રમ નીચે પ્રમાણે હતો. શરૂઆતમાં સ્વચ્છતાની તપાસ થતી હતી. ત્યાર પછી સંગીત, બાલગીતો, દાંડિયારાસ વગેરે અનુકૂળતાએ થતાં હતાં. પછી વાર્તાનો કાર્યક્રમ શરૂ થતો. આ વાર્તાઓમાંથી મોટા ભાગની વાર્તાઓનાં નાટકો પણ ભજવવામાં આવતાં હતા. કેટલીક વખત બાળકોનું નૃત્ય પણ થતું. રમતગમતમાં નાનાં અને મોટાં બાળકોને અનુકૂળ એવી રમતો યોજવામાં આવી હતી. તેને અંગેનાં સાધનો હીંચકા, ચકડોળ, લપસણું, સમતોલ દાદર વગેરે પણ હતાં. કુદરતનો પરિચય પણ આપવામાં આવ્યો હતો. બે મોટા અને પાંચ નાના પ્રવાસો યોજવામાં આવ્યા હતા. નાસ્તાનો કાર્યક્રમ પણ સાથે જ હતો. નાસ્તાની અંદર વિવિધતા અને બાળકોને અનુકૂળ અને પોષક ખોરાક મળે તે તરફ ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું.

આ બાલક્રીડાંગણનો લાભ કુલ ૧૪૬ બાળકોએ લીધો હતો. એની કુલ આવક બીજી મદદ સાથે આશરે રૂ. ૨૨૦ હતી. તેમાંથી

ખર્ચ બાદ જતાં રૂા. ૩૦ વધ્યા હતા તેનો ઉપયોગ ઘણી જ સરસ રીતે કરવામાં આવ્યો છે. એ રૂપિયામાંથી ભાવનગરના જુદા જુદા લત્તામાં ત્રણ બાલપુસ્તકાલયો ખોલવામાં આવ્યાં છે. આ પુસ્તકાલયો તા. ૨, ૩ અને ૪ જૂનના રોજ એક પછી એક ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં. એની અંદર દરેક પુસ્તકાલયમાં ચોપડીઓ વસાવવામાં આવી છે. એની જવાબદારી બાલપ્રવૃત્તિમંડળમાંના કેટલાક ભાઈઓએ ઉપાડી લીધી છે. આ પુસ્તકાલયનો લાભ અત્યાર સુધીમાં સરેરાશ કુલ ૩૦ બાળકો દરરોજ લે છે. આ સંખ્યા વધવાનો પૂરો સંભવ છે. આ પુસ્તકાલયોની બીજી પણ એક વિશિષ્ટતા છે કે રજાના દિવસોએ ત્રણે પુસ્તકાલયોનાં સભ્ય બાળકો ભેગાં થઈને નાના પ્રવાસો કરે છે અને રમતો ગોઠવે છે. આ પુસ્તકાલયો હાલમાં તો શેરીના એકાદ ઓટલા ઉપર ચાલે છે. સાંજનાં બાળકો શાળામાંથી છૂટે એટલે આવે પુસ્તકાલયના ઓટલા પાસે. ત્યાં બધાં વ્યવસ્થિત ગોઠવાય. સ્વચ્છતાતપાસ પણ થાય. પછી જે બાળકો ચોપડીઓ વાંચી લાવ્યાં હોય તેમને નવી ચોપડીઓ આપવાની વિધિ થાય. બાળકો કાં તો શેરીને ઓટલે જ બેસીને વાંચે છે અથવા તો ઘરે લઈ જઈને વાંચે છે. મોટા ભાગનાં બાળકો ત્યાં બેસીને વાંચવાનું શરૂ કરે છે અને અંધારું થતાં ઘેર ચોપડી લઈને જાય છે. બાળકોની વાંચવાની ભૂખ આશ્ચર્યચકિત કરે એવી હોય છે.

આ બાલપુસ્તકાલયના સભ્ય થવા માટે કોઈ જાતની ફી હોતી નથી. ચોપડી ગેરવલ્લે ન પડે અથવા તો ફાટીતૂટીને પાછી ન આવે એટલા ખાતર બે આના અનામત રાખવામાં આવે છે. આ પુસ્તકાલયોનો લાભ બીજી ગુજરાતીથી માંડીને છઠ્ઠી અંગ્રેજી સુધીના વિદ્યાર્થીઓ લઈ રહ્યા છે.

આ જાતની પ્રવૃત્તિ ગામેગામ થાય એ ઇચ્છવા જેવું છે. બાલક્રીડાંગણો બાળકો માટે આશીર્વાદ સમાન છે, અને બાલપુસ્તકાલયો બાળકોની વાચનની ભૂખને સંતોષવામાં ખૂબ જ મદદગાર થઈ પડે એમ છે.

બાલમંદિરિયું

બાલમંદિરિયું, બાલમંદિરિયું,
અમારું સુંદર સોહાય,
વા'લું મારું બાલમંદિરિયું.
ટેકરીને શિખરે મંદિર અમારું,
દેરાની જાણે ધજાય,
વા'લું મારું બાલમંદિરિયું.
કાંકરીયે કાંકરી વા'લી મારી ટેકરીની,
ઝાડવાંની ઝાઝી ઘટાય.... વા'લું૦
સવારે સૂરજ હસતારે આવે,
સાંજે હસી હસી જાય.... વા'લું૦
સવારે સૂરજ સોનલારે વેરતા,
સાંજે ગુલાબ ઢોળી જાય.... વા'લું૦
કોઈ રાત દૂધનાં ડંકે સરોવર,
કોઈ રાત તારા વરતાય.... વા'લું૦
સૂરજલોકથી ને ચાંદાલોકથી,
તારાથી આવ મોરી માય.... વા'લું૦
સામે તે ઘુઘવે ઘેરો સમૂદર,
આવ આવ ત્યાંથી જગમાય....વા'લું૦

જુગતરામ દવે.

માંગરોળ બાલમંદિરનો ઉત્સવ

માંગરોળ બાલમંદિરનો ચોથો વાર્ષિક ઉત્સવ તા. ૨૭–૫–૩૬ ના રોજ શારદામંદિરવાળા શ્રી. ભોગીભાઈ ઠાકરના પ્રમુખપણા નીચે સુંદર રીતે ઉજવાયો હતો. પ્રમુખે પોતાના ભાષણમાં પોતાનો યુરોપનો અનુભવ જણાવી બાલમંદિરોની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો.

ઉત્સવને અંગે બાળકોનાં ચિત્રોનું એક પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું, અને સાથે સાથે નાટ્યપ્રયોગો પણ હતા.

પ્રદર્શનની ઉદ્‌ઘાટનક્રિયા શ્રી. વજુભાઈ દવેએ કરી હતી, અને પૂર્વતૈયારી શ્રી. કાંતિલાલ પાઠકે ઘણા જ શ્રમપૂર્વક કલાત્મક રીતે કરી આપી હતી.

શ્રી. વજુભાઈએ પ્રદર્શન ખુલ્લું મૂકતાં જણાવ્યું હતું કે "હું ચિત્રોનો પરિચય નહિ આપું, પરંતુ એની પાછળ બાળકોના માનસનું કયું તત્ત્વ વિકસી રહ્યું છે તે બતાવીશ...એમ ન માનશો કે અમુક પ્રકારનો વળાક સારો છે તેથી કરીને ચિત્ર સારું છે. પરંતુ એની પાછળ જઈને જોવાથી માલૂમ પડશે કે એ ચિત્ર દોરવામાં બાળકે જે હૈયાઉકલત કેળવી તે જ ખરું તત્ત્વ છે. એણે ધાર્યું પરિણામ લાવવા જે મહેનત કરી તે જ ખરું રહસ્ય છે. જે બાળક આવું સ્વતંત્ર ચિત્ર કરી શકશે તે જ ભવિષ્યમાં સ્વતંત્ર યોજનાઓ યોજશે."

આ ઉત્સવને અંગે બીજા મહેમાનોને પણ આમંત્રણ આપવામાં આવ્યાં હતાં. શ્રી. મણિલાલ કોઠારી અને શ્રી. હરખચંદ મોતીચંદ શાહ પણ હતા. શ્રી. રામનારાયણ પાઠકે પોતાની વાર્તાથી બાળકોને ખૂબ આનંદ આપ્યો હતો.

બાળકોનાં સંગીતનો કાર્યક્રમ પણ ઘણો જ રસિક બન્યો હતો.

આ બાલમંદિરની પ્રગતિ શ્રીમતી મણિબેન કાપડિયાને આભારી છે, અને એની અંદર એના આચાર્ય શ્રી. વીરસુત મહેતાએ પોતાનો પ્રાણ રેડ્યો છે. એકંદરે આખો ઉત્સવ સરસ રીતે પાર પડ્યો હતો.

એક સાદું અવલોકન

બાલમંદિરમાં શાંતિને બે દિવસથી ૧૦૧ ડિગ્રી તાવ આવે છે તોય તે કહે છે કે મને તાવ આવતો નથી. થરમામિટર કહે છે: "૧૦૧ ડિગ્રી તાવ આવ્યો છે." તેની બા કહે છે: "તાવ આવતો હોય તો તો અમે બાલમંદિરમાં જ શું કામ મોકલીએ?"

ગિ.

[શ્રી. ભોગીભાઈ ઠાકર]

બાળકની અઢીથી પાંચ વર્ષની ઉંમર માનસના ઘડતર માટે બહુ કિંમતી છે. એ સમયે એના માનસની ક્રિયાઓને યોગ્ય માર્ગે વાળવાની જરૂર છે. આપણે એ વખતે એને અનુકૂળ વાતાવરણ આપવું જોઈએ. આપણે એમ શા માટે નહિ માનીએ કે એ બાળક દેશનું ભાવિ ઘડવાનું છે? મેં યુરોપનાં બાળકો જોયાં છે. હું કહું છું કે ત્યાંનાં બાળકો જેવાં જ આપણાં બાળકો છે.

આ બાને તે શું કરવું?

"આ બા, આ બા, આ બા!" એમ બોલી એક બાળક એક ઘરના ખૂણામાં કોઈ અનેરા આનંદમાં ગેલ કરતું હતું.

"ચૂપ મરને રોયા!" એવો રાક્ષસી અવાજ સાંભળતો તેની માતાએ કર્યો. બાળક સાંભળતું ચમકયું. હાથમાંથી તેનાં રમકડાં ભોંય ઉપર પડી ગયાં.

"રોયો છાનો જ મરતો નથી! આખો દહાડો માથું પકવી નાખે છે. આને તે કયાં નાખી આવું?" આવા અનેક જાતના શબ્દો તેની માતા બોલવા લાગી. કામ કરતી જાય અને આ નિર્દોષ બાળકને અનેક પ્રકારની ગાળો આપતી જાય. આમ તેણે લગભગ અડધો કલાક પોતાના બાળકને ગાળો દીધી. બાળક આ સમય દરમિયાન તદ્દન શાંત થઈ ગયું અને એકચિત્તે પોતાની માતાની ગાળો સાંભળ્યા કરી. એ નિર્દોષ બાળક શું જાણતું હશે કે તેની માતા તેને ગાળો દઈ રહી છે?

આથી બાળક કંટાળ્યું. બાળકને તેની માતાની ગરબડ પસંદ ન પડી. તે ઘરના બહારના બારણા આગળ જઈને બેઠું. ફરીને તેણે પોતાનું સંગીત શરૂ કર્યું. બારણું હલાવતું જાય અને સંગીત ચલાવતું જાય. આમ તે ફરીને સંગીતની ધૂનમાં પડયું. પોતાની માતાની ધમકીને તે ભૂલી ગયું. ફરીને તેની માતા બહાર આવી. "એય મારો રોયો! હજુ તો મને ગણકારતો જ નથી. તને કોગળિયું આવે!" કહીને તેની માતાએ ઓચિંતો બાળકને ધબ્બ દઈને ધીબો માર્યો. બાળકનું માથું ઓચિંતું કમાડ સાથે ભટકાયું. માથામાંથી લોહી વહેવા લાગ્યું. બાળક કિકિયારીઓ સાથે રડવા લાગ્યું. તેની માતા ઘરમાં ચાલી ગઈ. ફરીને બાળક ઉપર ગાળોનો વરસાદ વરસવા લાગ્યો. "ઓહ! હજુ તો કેટલા ઢોંગ કરે છે! ચૂપ રહે છે કે પછી બીજો ટાપલો આવો છે?" કહી ફરીને માતાએ બાળકને બે ત્રણ ધીબા જોસથી ધબ્બ, ધબ્બ ઠોકયા. તેની નિષ્ઠુર માતાને ખબર ન હતી કે બાળકને કમાડ વાગ્યું છે તેથી તે રડે છે. પાછી બેપરવાઈમાં બબડતી તે ઘરમાં ચાલી ગઈ. ઘર પાસેથી પસાર થતો એક પુરુષ આ રોતા બાળક પાસે આવ્યો. તે બાળકનું ઝબલું લોહીથી ખરડાયેલું જોઈ ચમકયો. એટલામાં આડોશીપાડોશી બધાં ભેગાં થઈ ગયાં, અને આ બાળક માટે દયાના ઉદ્‌ગારો કાઢવા લાગ્યાં. પછી કોઈએ તેની માતાને ઘરમાંથી બોલાવી. "આ જુઓ તો ખરાં, તમારા બાળકને કેટલું

આપ બાળકોને અહીં મોકલો છો તે તેમનાથી કંટાળીને નહિ પણ તેમને યોગ્ય વિકાસને અનુકૂળ વાતાવરણ મળે છે તેમ સમજીને મોકલશો. ઘરમાં સારાં કપડાં રાખવા કબાટ લાવીએ છીએ, ઘરેણાં મૂકવા તિજોરી વસાવીએ છીએ; ને જેને આપણું સર્વસ્વ માનીએ છીએ તેને સાચવવા કંઈ નહિ કરીએ?

[માંગરોળ બાલમંદિરના ઉત્સવ પ્રસંગે શ્રી. ભોગીભાઈ ઠાકરે પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાનમાંથી

વાગ્યું છે!" ટોળામાંથી એકે કહ્યું.

"રોયો ક્યારનો ત્યાં મસ્તી કર્યા કરતો હતો. મેં તેનું હજાર વાર નાક વાઢી ના કહ્યું તો પણ માને ત્યારે ને!" આમ તેની માતાએ પોતાનો ગુનો છુપાવ્યો અને વાગ્યાનો વાંક નિર્દોષ બાળક ઉપર કાઢ્યો. પછી બાળકને દવાખાને લઈ જવામાં આવ્યું. ને ત્યાં પાટાપીંડી કરી.

દવાખાનેથી બાળકને ઘેર લાવી ઘોડિયામાં સુવાડવામાં આવ્યું; બાળક શાંત થઈ સૂઈ ગયું.

"હવે રોયો જંપ્યો!" માતાએ છેલ્લા ઉદ્ગારો કાઢ્યા. જ.

અક્ષરજ્ઞાન યોજનાનો અનુભવ

: ૧ :

છેલ્લા બેએક અથવા કંઈક વધુ માસથી "કેમ શીખવવું?" ના અભ્યાસ પછી કંઈક અક્ષરજ્ઞાન યોજનાની પ્રવૃત્તિ સેવાભાવે આદરી છે તેના ટૂંકા રમૂજી અનુભવો લખું છું.

સુરતમાં ફેબ્રુઆરી માસમાં એક હોટેલમાં નોકરી કરતો યુવક નામે રામા નાગજી મારી પાસે એક પોસ્ટકાર્ડ વંચાવવા આવ્યો. તે પોસ્ટકાર્ડ ખાસ ખાનગી હતું. મેં કહ્યું: "અલ્યા ભાઈ! જાતે વાંચતાં આવડતું હોય તો કેવું સારું?"

તે બોલ્યો: "તમે સાચું કહો છો. પણ મારાથી હવે નિશાળે જવાય ખરું? હું પેટનું કરું કે નિશાળે જાઉં? હવે મોટી ઉંમરે ભણું તો કંઈ ભણાય? પાકી કોઠીએ કાના ન ચઢે."

આ વાતચીતમાં મને રસ લાગ્યો. હું બોલ્યો: "એમ? તને ભણવાની હોંશ છે? ચાલ, મારી ફુરસદે નહિ પણ તારી ફુરસદે દિવસે, રાત્રે, બપોરે ગમે તે વખતે આવ; હું જરૂર તને એકબે માસમાં વાંચતો કરીશ."

તે બોલ્યો: "તો તો મારું નસીબ જ ખૂલે; પણ વખત નથી ને?"

હું બોલ્યો: "કેમ વખત નથી? રાત્રે ક્યાં નોકરી કરે છે? રોજ દસ વાગ્યા સુધી ગપ્પા મારે છે, તો તે વખતે મારી પાસે આવજે."

તેને વિશ્વાસ બેઠો. બીજે દિવસે (ફેબ્રુઆરી ૧૦, ૧૯૩૬) રાત્રે નવ વાગે વગર ઉમંગે આવ્યો. મેં પહેલાં તેને લગતી હોટેલના જીવનની હાસ્યરસિક વાતો કરી; પછી ભણવાથી થતા ફાયદા વાર્તારૂપમાં કહી તેને ન ભણવા માટે કંઈક મીઠો ઠપકો આપ્યો. પછી 'કેમ શીખવવું?' તથા એક નોટબુક લઈ પહેલો પાઠ ભણાવવા બેઠો. 'ક' લખ્યો ને ઉચ્ચાર મેં કર્યો; ફરી તે તેની પાસે બોલાવ્યો. પછી 'ક' ની સાઈઝ બદલી ઉચ્ચાર તેની પાસે માગ્યો. તેને 'ક' બોલતાં (જોઈજોઈને વાંચતાં) પા કલાકે આવડ્યું. તે તો ખુશખુશ થઈ ગયો. પછી બીજા અક્ષરો લીધા અને બરાબર ખૂબ પુનરાવર્તન પછી પહેલો પાઠ પૂરો કરાવ્યો. તે કંઈક આત્મસંતોષ સાથે ઘેર ગયો. બીજે દિવસે વહેલો આવ્યો, કંઈક શીખવાના ઉમંગથી. ને પહેલા પાઠનું પુનરાવર્તન કરાવ્યા પછી બીજો પાઠ કંઈક મુસીબતથી પૂરો કર્યો. જ્યારે પુનરાવર્તન કરતો ત્યારે તે બોલતો: "જૂનું શા માટે પૂછો છો? નવું જ આગળ ચલાવોને?" છતાં તેના સિદ્ધાંતને

ભુલાવી હું કંઈક પુનરાવર્તન કરાવતો.

જ્યારે ગ્રામ્યજીવનના પાઠો આવતા ત્યારે તો તે રીતસર ગાતા વખતે નાચતો, અને તેની સાથે જ પુનરાવર્તન કરતો. છતાં હું ધ્યાનમાં રાખતો કે તે ગોખીને ન બોલે. આપણો સિદ્ધાંત ગોખાવવાનો નથી પણ વંચતા કરવાનો છે; આથી તો હું અક્ષરોની સાઈઝ બદલતો, નવી નવી લિપિઓમાં નવી નવી રીતે એક જ શબ્દ લખી વંચાવતો, અને તે વાંચતો ત્યારે મારું મન નાચી ઊઠતું.

જ્યારે આખી ચોપડી પૂરી થઈ ત્યારે તો તેને એક મોટો યજ્ઞ કર્યા જેટલો સંતોષ થયો. અને પછી તો મોટા અક્ષરે છાપેલી 'ગાંડીવ' ની ચોપડીઓ વાંચવા લાગ્યો. હવે એને વાંચનની ભૂખ લાગી. એની અજ્ઞાન રૂપી અંધતા દૂર થઈ અને છેલ્લે તો એ મને હાર પહેરાવવા આવ્યો; તે જ હાર મેં એના ગળામાં એ વાંચતાં શીખ્યો તેની સાબાશીમાં તેને પહેરાવ્યો! માર્ચની ૬ઠ્ઠીએ આ 'કેમ શીખવું?' પૂરું થયું. પછી ૧૧-૩-૩૬ ના રોજ હું ખૂબ માંદગીને લીધે અંકલેશ્વર આવ્યો. એના પત્રો મારી પર કોઈ વાર આવે છે; તેમાં એ એના વાંચનના ખબર લખે છે. અને હવે તે જાતે જ લખતાં પણ શીખી ગયો છે.

એ યુવકની ઉંમર ૨૮ વર્ષની છે.

આમાં જાણવાનું એ હતું કે છેવટની ઘડીઓ સુધી એને વિશ્વાસ ન હતો, આત્મસંતોષ ન હતો. જ્યારે છેલ્લો પાઠ પૂરો થયો ત્યારે જ વિશ્વાસ આવ્યો, સંતોષ થયો. અને તે આનંદથી નાચી ઊઠ્યો. એને ખરી ભૂખ છેલ્લે લાગી અને તે ભૂખથી તો તે અકરાંતિયો બન્યો. જે મોટા અક્ષરનું હોય તે વાંચવા લાગ્યો. આથી એનું જીવન કંઈક ઉચ્ચ થયું જ.

: ૨ :

તા. ૧૬-૩-૩૬ થી મેં મારી પાછળ રહેતા એક ખેડૂતના નોકરને અક્ષરજ્ઞાન આપવા પ્રયાસ કર્યો. એને રોજ ખેતરે હળ, વગેરે લઈને જવાનું હતું; ખૂબ શારીરિક કામ કરવાનું હતું. સાંજે થાકોપાકો વહેલો સૂઈ જતો અને મળસ્કે ત્રણ વાગ્યે ઊઠતો. મારી નજરે એ ચડ્યો. આની ઉંમર ૨૬ વર્ષની હતી. આનું નામ નાગલા (નાગજી) હરિભાઇ હતું. એક દિવસ મેં એને પૂછ્યું: "અલ્યા તારે વાંચતાં શીખવું છે?" તે બોલ્યો: "હોવે સ્તો. શાંતિભાઈ! તમે ન શીખવો? મને તો રાત્રે દશ વાગ્યે નવરાશ મળે." મેં તે વખત કબૂલ્યો અને રોજ રાત્રિના દસથી અગિયાર સુધી તેને શીખવવા માંડ્યું. તે એટલો બધો ઉમંગી હતો કે તેને શીખવતાં વાર જ ન લાગી. ૧૬-૩-૩૬ થી ૧૧-૪-૩૬ સુધીમાં તેને 'કેમ શીખવવું?' પૂરું કરાવ્યું. આ વખતે મારી પાસે મોટા અક્ષરનાં છાપેલાં વધુ પુસ્તકો ન હતાં. આથી હું જાતે જ છાપેલા જેવા મોટા અક્ષરોએ વાર્તાઓ લખી કાઢી છૂટા કાગળ વાંચવા આપતો અને તેનો સાર પૂછતો. આ વાર્તાઓ તેના નોકરિયાત જીવનને લગતી હતી. આથી તે ખૂબ ઉતાવળથી વાંચતો અને આનંદિત થતો.

: ૩ :

રોજ સાંજે હું ફરવા જતો; ખાસ કરીને માળીના બાગમાં, અને તે પણ હીરા જગાની વાડીમાં જ. માળી ભલો હતો. મારો અભ્યાસ

પણ હું તે જ વાડીમાં કુદરતની સાક્ષીએ કરું છું. આમ કરતાં માળી અને તેના નોકરો સાથે ઓળખાણ થઈ. માળીને નાથીઓ, મનોર, કાળીઓ નામના ત્રણ નોકર હતા. મનોર રોજ હું બેસતો ત્યાં આવી ગુલાબ આપી જાય અને પોતાના સુખદુઃખની વાતો કરે. મેં કહ્યું: "અલ્યા, તું ભણ્યો હોત તો પગારનો હિસાબ જાતે જ કરી શકત ને? જો આ માળી તને ગમે તેમ સમજાવી છેતરવા ધારે તો છેતરી શકે કે નહિ?" આ ઉપરથી તેને ભણવાનું મન થયું. તેને સાંજે સાત વાગ્યાનો વખત ફાવે તેમ હતો. તે વખતે પણ અનિયમિત રીતે આવી શકે, કારણ કે છ સાડાછ વાગે નવરો પડી રોજના પૈસા લઈ શહેરમાં આવે અને લોટ, દાળ, વગેરે લઈ આવે ત્યારે રોટલા બને. આમાં શીખે ક્યારે? એટલે તેનાં લોટ, દાળ, ગ્યાસતેલ લાવવાનું મેં ઉપાડ્યું. હું મારા પૈસે અગર ઉધાર તેને બપપૂરતું અનાજ વગેરે લઈ જતો, અને સાંજે તેને મળતા રોજમાંથી પૈસા કાપી લેતો. મને મહેનત તો પડતી, પણ મને શીખવવાની ધગશ હતી. તે મારી પાસે બેસતો. તેને ૧૬-૪-૩૬ થી 'અક્ષરજ્ઞાન' આપવું શરૂ કર્યું. હજુ દોઢ માસ થયો છે. શીખવામાં તે ચાલાક છે, ઉમંગી છે. અત્યારે ૩૦મો પાઠ ચાલે છે. વાંચતાં લગભગ આવડી ગયું છે.

શાં.

જરી ટપાલ

: ૧ :

ભાઈશ્રી,

આપના પત્રના જવાબમાં હું ત્યાંના બાલમંદિરમાં હાલમાં કેટલાં બાળકો છે તે જાણતો નથી; અને સંખ્યા ન જાણું ત્યાં સુધી એક શિક્ષક ઉપરાંત બીજા શિક્ષકની જરૂર છે કે નહિ તે અભિપ્રાય રૂપે કહી શકું નહિ.

પણ એક શિક્ષકથી પહોંચી વળાય છે કે નહિ તેનો પ્રશ્ન તમે બાલમંદિરના આચાર્યને પૂછશો તો તે જ બરાબર આપી શકશે. કેમ કે બાલમંદિરમાં કામ કરનાર પોતે જ પોતાની મુશ્કેલીઓ સમજે છે. કેટલીક વાર બાહોશ શિક્ષક ઘણાં કામોને પહોંચી વળે છે. ત્યાંના બાલમંદિરમાં અત્યારે કેટલી શ્રેણીઓ છે તે જો મારા ખ્યાલમાં હોત તો હું જરૂર આપને મારો અભિપ્રાય આપત.

આપના બાળકનો પ્રશ્ન ઉત્તમ રીતે તો ત્યારે જ ઊકલે કે જ્યારે આપનું બાળક આગળ વધતું જાય અને નવી શ્રેણીઓ ઊઘડતી જાય. પણ શ્રેણીઓ આગળ ને આગળ ઉઘાડવાનું કામ બાલમંદિરની સંસ્થાનું ને તેના સંચાલકોનું છે. તેમની પાસે પૈસા હોય અને માણસો હોય તો તેઓ તેમ કરી શકે. પણ સ્થિતિ શું છે તે હું જાણતો નથી. માત્ર પૈસાને કારણે બાલમંદિરમાં આગળ શ્રેણીઓ ઊઘડતી અટકે તો તો ત્યાંના લોકોએ અને ખાસ કરીને બાલમંદિરમાં ભણતાં બાળકોનાં માબાપોએ બાલમંદિરને પૈસા આપવા જોઈએ-એકઠા કરી દેવા જોઈએ.

જો સંસ્થા પ્રાથમિક શાળા કાઢવાને અસમર્થ હોય તો તો પછી આપે આપના બાળકને ચાલુ પ્રાથમિક શાળામાં ઇચ્છા હોય કે ન

હોય પણ મૂકવું; અથવા તો ઘેર સારો શિક્ષક રાખી તૈયાર કરવું.

કોઈ પણ સંસ્થા નાણાના અભાવે કે બીજી મુશ્કેલીને અંગે બાલમંદિરને આગળ વધારી ન શકે તો તે કારણે તેણે બાલમંદિર જ બંધ કરવાની જરૂર નથી. કેમ કે બાલમંદિર બાળકોને આશીર્વાદ રૂપ છે, અને તેમાં જેટલો વખત બાળકોનો જાય તેટલો વખત તો બાળકો સુખી અને પ્રગતિ કરતાં રહે છે તેઓ આગળ ઉપર મુશ્કેલીમાં આવશે એવા વિચારથી બાલમંદિર બંધ ન થાય. એ તો થોડા વખત પછી આપણને ખોરાક નહિ મળે માટે આજનો મળેલો ખોરાક પણ ન ખાવો એવો વિચાર કરવા બરાબર છે.

જો હું તમારી જગ્યાએ હોઉં તો બાલમંદિરવાળા આગળ વર્ગો કાઢે એમ ઇચ્છું ખરો; પણ તેમને માટે તે શક્ય ન હોય તો મારા બાળકને કોઈ પ્રાથમિક શાળાએ ન મોકલતાં જાતે શીખવું અગર તો કોઈ સારો શિક્ષક રાખું.

ગિ.

બાલપણનાં સંસ્મરણો

અમે રતલામમાં રહેતાં. મૂળ તો નાગપુરમાં જ રહેવાનું પણ નોકરીને અર્થે રતલામ રહેતાં. અમે તે વખતે ચાર ભાઈબહેન હતાં. એક મારાથી મોટા ભાઈ હતા, અને એક ભાઈ અને બહેન નાનાં હતાં. અમે મોટાં ભાઈબહેન બપોરે રજા પડતી એટલે ઘેર આવતાં અને નાસ્તો કરી પાછાં જતાં અને ભણતાં. ત્યાં શું બનાવો બનતા તે મને યાદ નથી, પણ જ્યારે ઘેર આવતાં ત્યારે પૂ. બા ભણવા બેસવા કહેતાં. તે હું ન માનતી તેથી કહે કે ભણવા નહિ બેસે તો સાંજે ખાવાનું નહિ મળે; દિવાળી હોય તો કહે કે ફટાકડા ફોડવા નહિ આપું. એટલે ખાવાની અને ફટાકડા ફોડવાની લાલચે ભણવા બેસતી. દિવાળીના દિવસમાં એક દિવસ હું ભણવા ન બેઠી એટલે ફટાકડા ફોડવા ન મળ્યા. એટલે છેક મોડી રાતે ભણવાને બેઠી. ભણી રહ્યા પછી પૂ. બાએ ફટાકડા આપ્યા. ફોડવા બેઠી એટલે દાઝી પણ ખરી. એમ કરતાં થોડાં વર્ષ થઈ ગયાં. પૂ. બાને મંદવાડ આવ્યો; નાગપુર પાછું આવવું પડ્યું. તે જ દિવસથી શાળા છોડવી પડી કારણ કે નાગપુરમાં કોઈના વિચાર એવા નહિ હતા કે શાળામાં ભણવા મૂકે. છતાં પણ પૂ. બા જરા સાજાં થતાં કે ભણવા બોલાવતાં, પણ કંઈ જ ગણકારતી નહિ. પછી જ્યારે ખૂબ ખિજાય ત્યારે કદાચ મનમાં આવે તો ભણવા બેસતી. પણ કંઈ જ આવડે નહિ. પૂ. બા તથા પિતાજી ભણવાનું ખૂબ કહે પણ કંઈ સાંભળતી જ નહિ. પૂ. બાની તબિયત ઘણી જ બરાબર થઈ ગઈ હતી. મને માબાપની ચાકરી કરવી જોઈએ એવું ભાન ન હોવાથી પૂ. બાની ચાકરી કરી હોય એવું મને યાદ નથી. પાસે બોલાવે તો પણ જતી જ નહિ અને રડ્યા જ કરતી. નીચે જઈ ધૂળમાં રમવું અને કપડાં ગંદાં કરવાં એ જ ધંધો, છતાં પૂ. બાનો મારા પર ખૂબ પ્રેમ હતો. કોઈ કંઈ કહેવા આવે તો પૂ. બાનો જીવ ઘણો જ દુખાય. માંદાં માંદાં પણ ખૂબ સંભાળ રાખતાં, છતાં મને તો તેની કંઈ

દરકાર ન હતી.

પૂ. બાની તબિયત દિવસે દિવસે બગડ જ થતી ગઈ; એ દેવલોક પામ્યાં. મને એની ક્રિયાની કશી બબર ન પડી. હું સવારે આઠ વાગે ઊઠી ત્યારે બને એને પથારીમાં ન જોઈ ત્યારે ઘરમાં પૂછ્યું કે "પૂ. બા કાલે તો ઊઠી શકતાં ન હતાં અને આજે અત્યારમાં કયાં ગયાં ?" ત્યારે જવાબ મળ્યો કે " એ તો ડૉક્ટરને ત્યાં ગયાં છે." મેં માન્યું નહિ. વારંવાર એ જ જવાબ મળ્યો તેથી હું તો રમવા દોડી ગઈ. જ્યારે નાહવાને બોલાવી ત્યારે બબર પડી કે દેવલોક પામ્યાં છે. તેથી શું ? આપણે તો એવાં ને એવાં જ રહ્યાં. બાઈપીને રમ્યા જ કરવું એ જ ધંધો. કદાચ વડીલો શિખામણ આપે તો એક કાને સાંભળવું અને બીજા કાને કાઢી નાખવું. આ વખતે મારી ઉંમર સાત વર્ષની હતી. નાનો ભાઈ ૧॥-૨ વર્ષનો હતો એટલે એની સંભાળ વધારે રાખવાની ઉપાધિ મારે માથે આવી પડી. અમને ત્રણ ભાઈબેનને દાદા પાસે મૂકીને પૂ. પિતાજી તો મોટા ભાઈને લઈને રતલામ ગયા અને અમે દાદા પાસે રહ્યાં. અને ત્યારથી તો પૂરેપૂરું કેદખાનું ભોગવ્યું. ફક્ત લઈ જાય ત્યાં જ જવાનું. દાદાને નાનો ભાઈ બૂબ જ વહાલો એટલે જેમ તે કહે તેમ કરવાનું. મારે તો માર પણ બાવો પડતો. અમે ભાઈબહેનો ચોરી કરતાં શીખ્યાં. શિયાળાની ઋતુમાં બાવાનું કંઈ બનાવે તેમાંથી ચોરી બાઈ જઈએ અને પછી માર બાઈને સાચું માનીએ. ૭ સાત વર્ષ પછી દાદા પણ દેવ થયા. તે વખતે ઘરમાં અમે ત્રણ જ જણ હતાં. અમે તો ગભરાયાં, પણ દાદાના એક મિત્ર તપાસ કરવા આવ્યા અને અમને શાંતિ આપી. તે વખતે મોટા ભાઈ ને રતલામમાં રજા પડી હતી એટલે નાગપુર આવેલા. પૂ. પિતાશ્રી પણ આવી પહોંચ્યા. પૂ. પિતાજીના આવ્યા પછી ઘરમાં કામવાળી રાખી અને અમને શાળામાં મોકલ્યાં. ત્યાં પાંચ ચોપડીનો અભ્યાસ કર્યો. અભ્યાસ શરૂ કરતાં ઘણો જ ઉમંગ આવ્યો હતો. પહેલી બીજી જ રહેતી. પણ નસીબમાં ભણવાનું જ નહિ હોય. પૂ. પિતાજીએ પણ શાળામાંથી ઉઠાડી મૂકી. શાળામાં જતી ત્યારે ઘરનું કંઈ સંભાળી શકતી નહિ. એટલે ઘરકામમાં પડ્યાં તે આજ સુધી. હવે પૂ. પિતાજીને થાય છે કે ભણાવી હોત તો સારું થતે, પણ તેથી શું ?

હવે ચોવીશ વર્ષે જ્યારે ભણવાની ઇચ્છા થઈ ત્યારે ભણવા આવી. પંદર સોળ વર્ષની ઉંમર થઇ ત્યાં સુધી તો જૂઠું બોલતી, ચોરી કરતી. માર પણ બૂબ બાધો છે. હવે જ બધી અક્કલ આવી છે, એમ માનું છું. આ બધાનું કારણ ફક્ત મને તો એ જ લાગે છે કે પૂ. બા નહિ હોવાનું જ. પરમેશ્વર પાસે મારી પ્રાર્થના છે કે આ દુનિયામાં કોઈનાં પણ માબાપ મરશો નહિ.

એક અવલોકન

ચમનરાય શ્રીમંતના બાળક છે. નોકર દૂધ પીવા આવે ત્યારે ચમનરાય નોકરને લાત મારતા જાય છે ને દૂધ પીતા જાય છે. આ શિક્ષણ માટે કોનાં વખાણ કરવાં ? માબાપનાં કે નોકરનાં કે ચમનરાયનાં ?

ગિ.

બાલસાહિત્ય વાટિકાનાં પુસ્તકો

ટપાલમાં	લે. ગિજુભાઈ	૦-૫-૦
પ્રવાસવાર્તા	શં. અને ન.	૦-૫-૦

શ્રાવણ માસમાં બગડ થશે.

શિક્ષણ સમાચાર

—કોચીન કેશુભાઈ ભાવસાર ગુજરાતી વિદ્યાલયના શિક્ષક તરીકે જોડાયા.

—કચ્છ-ભુજ ગિજુભાઈએ ભૂજની કન્યાશાળાનું નિરીક્ષણ કર્યું. ભૂજ કડિયાક્ષત્રિય બોર્ડિંગની મુલાકાત લીધી.

—મંજલ કચ્છમાં વસતા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓનું સંમેલન ભરાયું તા. ૨૯–૩૦ જૂન. આમંત્રણ કરનારઃ પ્રભુલાલ ધોળકીઆ; દોરનારઃ ગિજુભાઈ.

—અંજાર ગિજુભાઈએ જાહેર સભા અને સંસ્થાઓની મુલાકાતો લીધી.

—લખતર નારણભાઈ પટેલ ધર્મજથી છૂટા થઈ લખતર હરિજનશાળાના આચાર્ય થયા.

—દેવલાલી બાલગૃહ ઊઘડ્યું. સંચાલક અને વ્યવસ્થાપક જયંતીલાલ ઓઝા.

—નવસારી રણછોડજી નાયકે બાલમંદિરમાંથી રાજીનામું આપ્યું અને ત્યાંની એ. વી. સ્કૂલમાં જોડાયા.

—ધર્મજ બાલમંદિરના આચાર્યપદે આશાભાઈ પટેલ આવ્યા.

—દીવ કન્યાશાળાનું નિરીક્ષણ થઈ ગયું. નિરીક્ષક ગિજુભાઈ.

—જંગબાર કાન્તિલાલ કારીઆ જંગબાર પહોંચ્યા.

—વડોદરા અલકાપુરી બાલમંદિરમાંથી સોમાભાઈ ભાવસાર છૂટા થયા. 'બાલમિત્ર'ના સહતંત્રી તરીકે જોડાયા છે.

—મુંબઈ રામચરણ સાધુ પ્યુપીલ્સ ઓઉન સ્કૂલમાં જોડાયા.

—બગસરા મગનલાલ હરિરામ દવે બગસરા જ્ઞાનમંદિરના બાલમંદિરમાં જોડાયા.

—ચોરવાડ ભાઈલાલ મંગળભાઈ પટેલ શ્રી. હરખચંદભાઈને ત્યાંથી છૂટા થયા.

—શ્રીદક્ષિણામૂર્તિ વિનયમંદિરના આચાર્ય શ્રી. હરભાઈ ત્રિવેદી કચ્છમાં મંજલ ખાતે ભરાયેલા કચ્છ વિભાગીય છાત્રાલય સંમેલનના તથા નૂતન શિક્ષણ સંમેલનના પ્રમુખ તરીકે જઈ આવ્યા. એમણે નીચેનાં સ્થળોએ કચ્છમાં શિક્ષણ વિષયક પ્રવાસ પણ કર્યો હતોઃ ભૂજ, માંડવી, મુંદ્રા, અંજાર વગેરે.

—ચંપાબેન માર્કંડરાય મહેતાનું અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓની યાદીમાં નામ છપાયું નથી તેથી તેમનું નામ અહીં જાહેર કરવામાં આવે છે.

શિક્ષણ પત્રિકા ત્રણ ભાષામાં પ્રગટ થાય છે. તંત્રીઓઃ ગિજુભાઈ અને તારાબેન

ગુજરાતી આવૃત્તિ ભાવનગરથી ૧૧ મું વર્ષ ત્રણે દેશમાં લવાજમ—રૂા. ૧–૦–૦
હિંદી આવૃત્તિ– ઇંદોરથી ૩ જું વર્ષ આવૃત્તિઓ પરદેશનું લવાજમ—બે શિલિંગ
મરાઠી આવૃત્તિ– મુંબઈથી ૪ થું વર્ષ માટે પુછવો બાલમંદિરઃ ભાવનગર

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૨૧ મું
સંવત ૧૯૯૨

અંક ૭ મો
દ્વિતીય ભાદ્રપદ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

નાનાં બાળકોને સહેલામાં સહેલી રીતે ભણાવવાં હોય, તેમને શિસ્ત આપવી હોય, ડાહ્યાંડમરાં કરવાં હોય, મતલબે આપણે કહીએ તે પ્રમાણે કરે તેવાં કરવાં હોય તો આપણે તેમને સીધા હુકમો આપવા. આ હુકમો પાછળ શિક્ષાનો ભય રાખવો.

છતાં ઉપલી રીત અઘરામાં અઘરી છે અને તે ઉપરાંત તે નિષ્ફળ છે, એમ થોડા જ વખતમાં માલૂમ પડે છે.

ન સમજાય તેમણે અનુભવ કરી જોવો.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૧] બીજો ભાદરવો ૧૯૯૨ [અંક ૭

વ્યવસ્થા

વ્યવસ્થાનો ગુણ કેળવવા માટે મનુષ્યે કાળજી રાખવી જોઈએ. અવ્યવસ્થાથી સમય અને શક્તિ બન્ને જાય છે. એક વાર વ્યવસ્થાની ટેવ પડ્યા પછી કામમાં ઝડપ અને સુંદરતા આવે છે. બહારનું તેમ જ અંદરનું વ્યવસ્થિતપણું એ આગળ વધવાનું પહેલું અને ઘણું અગત્યનું પગથિયું છે.

ઉપાસના

ઉપાસનામાં અનેક વિક્ષેપો આવે છે. જેઓ વિક્ષેપોથી અકળાયા વિના શાંતિ અને નિર્ભયતાથી અડગ ચાલશે, તેમને જ ઉપાસના ફળશે. બાકીનાઓના હાથમાં ઉપાસનાનાં ક્રિયા-સાધનો રહી જશે.

બીકનું મૂળ

લોકો પોતાનાથી બીએ છે ને કહે છે કે અમે બીજાથી બીએ છીએ. એ એક માનસિક રોગ અને શાસ્ત્રનું અજ્ઞાન છે. આપણે આપણામાં રહેલ અયોગ્યથી બીએ છીએ.

બીકણ માણસ પોતાના શૌર્યના અભાવથી બીએ છે, નહિ કે તે ગુંડાથી કે ભૂતપ્રેત કે વાઘવરુથી બીએ છે.

જૂઠો બીજાથી બીએ છે કેમકે તે પોતાના જૂઠાણાથી બીએ છે.

નિર્ભય અને સત્યનિષ્ઠ કદી બીતો નથી. ગિ.

કન્યાકેળવણી વિષે કેટલાક વિચારો

નવીન શિક્ષણની સૌથી મોટી સફળતા શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેનો પ્રેમ વિકસવામાં છે.

* *

એ વાત તો સ્પષ્ટ છે કે નવાં પુસ્તકો અને નવી વ્યવસ્થા વિના આ નવા શિક્ષકો મનમાન્યું કામ કરી શકે જ નહિ. સારા કારીગરો ખરાબ ટાંકણાંથી અને ખરાબ વાતાવરણમાં કામ કરી શકે નહિ,

અનુક્રમણિકા

૬૮	વ્યવસ્થા	ગિ.
૬૮	ઉપાસના	ગિ.
૬૮	બીકનું મૂળ . . .	ગિ.
૬૮	કન્યાકેળવણી વિષે કેટલાક વિચારો . . .	ગિ.
૧૦૧	બાલ્યાવસ્થાનો અભ્યાસ ...	
૧૦૩	બાળકો સાંભળે છે. .	શા.
૧૦૩	હજી સાલે છે . .	પી. ડી.
૧૦૪	હલનચલનનું શિક્ષણ .	વિ. ય.
૧૦૭	ટપાલમાંથી. . . .	મ.
૧૦૮	બાળકોની વાચનની ભૂખ	અ.
૧૧૦	શિક્ષણ પત્રિકાના વર્ષ દસમાના જમાણર્ચની તારીખ . . .	કાર્યા૦
૧૧૧	શિક્ષણ પત્રિકાના વર્ષ દસમાનું સરવૈયું .	કાર્યા૦
૧૧૨	શિક્ષણ સમાચાર .	કાર્યા૦

બાલસાહિત્ય વાટિકાનાં અંગદ થયેલાં નવાં પુસ્તકો

૬ શબ્દચિત્રો	(કમળાબેન)	૦–૫–૦	અનામત
૭ મહમદ સેલ અને–	(ગિજુભાઈ)	૦–૫–૦	મૂકવાના
૮ વનવૃક્ષો	(ગિજુભાઈ)	૦–૫–૦	રૂપિયા
૯ કૂદાંપતંગિયાં	(હેમુબાઈ)	૦–૫–૦	દસ ૧૦)

તેમ સારા શિક્ષકોનું પણ સમજવું. આ શિક્ષકો પદ્ધતિઓ જાણે છે, છતાં અનુકૂળતા વિના તે અજમાવે કેવી રીતે?

* * *

હૃદયની ઉચ્ચ કેળવણી માટે સંગીત તથા ચિત્ર અતિ આવશ્યક વિષયો છે. હરેક મનુષ્યને તેનું શિક્ષણ મળવું જ જોઈએ. તેમાંયે કન્યાને તે શિક્ષણથી વિમુખ રાખવી એટલે માનવ જાતની સામે ગુનો કરવા બરાબર છે. હૃદયની અને સૌંદર્યની ખિલવણી સ્ત્રીની કેળવણીમાં પ્રધાનપદે નહિ રહે તો મનુષ્ય આજે જેટલો રાક્ષસ છે તેથીયે વધારે ભયંકર રાક્ષસ અને પશુ થવાનો છે. મનુષ્યની ઉન્નતિ સ્ત્રીની ઉન્નતિમાં છે; અને સ્ત્રીની ઉન્નતિ હૃદયના ગુણોના સર્વાંગસુંદર વિકાસમાં છે.

* * *

વ્યાપારી અને વ્યવહારકુશળ લોકો ઇતિહાસ, ભૂગોળ અને ગણિતના વિષયો જ મહત્ત્વના ગણે છે. તે લોકો સંગીત, નૃત્ય, ચિત્ર, વગેરે કલાના વિષયોથી અકળાય છે; તેઓને ભય છે કે આ નવા વિષયોથી વ્યવહાર અને વ્યાપાર તૂટી પડશે. આ લોકોએ ધ્યાનમાં રાખવું ઘટે છે કે અત્યારે વૈશ્યશિક્ષણે મનુષ્યને ઈર્ષાળુ અને ઘાતકી બનાવ્યો છે; તેના હૃદય ઉપર રાખ વાળી દીધેલ છે. નવો યુગ આ દશામાંથી તેને છોડાવવા માગે છે અને તેથી વ્યાપક અને સાત્ત્વિક જીવનની દૃષ્ટિએ સંગીત, ચિત્ર, આદિ કલાના વિષયોને ભણતરમાં અગ્રસ્થાન આપે છે.

* * *

મારો પોતાનો અંગત અભિપ્રાય તો એવો ખરો કે જે શાળા ઇરાદાપૂર્વક સંકુચિત દૃષ્ટિને કારણે સંગીત, ચિત્ર જેવા વિષયોનો વિરોધ કરે તે શાળામાં નવીન શિક્ષકે બીજું કશું ભણાવવા ઊભા રહેવું ન જોઈએ. કેવળ પાર્થિવ શિક્ષણની નોકરી કરવા નવીન શિક્ષક નથી.

* * *

હરેક શાળામાં વ્યાયામને સ્થાન જોઈએ જ જોઈએ. ઇતિહાસ, ભૂગોળ કે ગણિત કરતાં વ્યાયામનું મહત્ત્વ હજારગણું વિશેષ છે. માણસ બુદ્ધિનું ભણતર ભણીગણી આખરે મરવા સૂએ છે. તે દશા કેટલી ભયંકર ગણાય? તેવી દશા આજે આજના ભણતરથી આવી રહી છે. મજબૂત શરીરના પાયા ઉપર જીવનનું મકાન ચણવાની વાત નિશાળના વર્ગોમાં હરહંમેશ ભૂલી જવામાં આવે છે. પરીક્ષાની સામે નજર રાખનારા શિક્ષકો ગણિત અને ભૂગોળ ભણાવવામાં શરીરનો દ્રોહ કરે છે. તેઓને પરિણામની ફિકર છે; ભણનારની માંદગીની, કમતાકાતની કે અકાળ મૃત્યુની ચિંતા નથી. હરેક શાળામાં શિક્ષણના વિષયોની યાદીમાં વ્યાયામ મથાળે જોઈએ; નવી શાળામાં તો તે વિના ચાલે જ નહિ. નવીન કન્યાશાળા તો તે વિના એક ઇંચ પણ ન ખસે. આપણા દેશની કન્યાઓનાં શરીરો કેવાં છે? એ બધી માતાઓ થશે ત્યારે એમના શા હાલ થશે? ઊંધું ઘાલીને ભણવું, ગોખવું, પરીક્ષા પાસ કરવી અને શરીર તરફ દુર્લક્ષ રાખવું, એ સીધું માંદગી અને મોતને તેડું છે.

* * *

કન્યાશાળામાં છોકરીઓ ખૂબ કૂદેરમે તે માટે મોટા ચોક જોઈએ. લપસણાં પાટિયાં, હીંચકા, રેતીના ઢગલા પણ જોઈએ. ઠેકવાનાં, ચડવા ઊતરવાનાં, આળોટવાનાં સાધનો પણ જોઈએ. જેમ નકશા અને પાઠ્યપુસ્તકો વિના

નિશાળ ન ચાલે તેમ જ હીંચકા અને લપસણાં વિના નિશાળ ન ચાલી શકે.

* * *

અમારું માનવું એવું છે કે જો કોઈને જમવા નોતરવો તો તેને ભૂખ્યો ઉઠાડવો નહિ. શાળા કાઢવી, નવીન શિક્ષણનું નામ પાડવું અને ઓછા શિક્ષકોથી ચલવવું, એ બે વાતો નભી શકે નહિ.

* * *

પુસ્તકો ગોખવાનું અને ગોખીને પરીક્ષા વખતે કાઢી બતાવવું એમાં કશું જ ભણતર નથી. જ્ઞાન પ્રત્યક્ષ થવું જોઈએ; જ્ઞાન પોપટિયું નહિ પણ વાસ્તવિક થવું જોઈએ. એટલા માટે જ્ઞાન માત્ર શબ્દ વડે નહિ પણ અનુભવ સાથે શબ્દ વડે થવું જોઈએ. સાહિત્યસામગ્રી એટલા માટે જરૂરનાં છે. બાકી નકામું ફરનીચર કે શોભાનો ઠઠારો આપણે ન જ રાખવો જોઈએ.

* * *

આપણા જૂના સંકુચિત રિવાજ પ્રમાણે આપણે, કન્યાઓ જરાક મોટી થાય કે તુરત જ તેને ઘરમાં ગોંધવા માંડીએ છીએ; તેની હરવાફરવાની જે થોડીએક છૂટ હતી તે પણ તેની પાસેથી લઈ લઈએ છીએ. ઘરમાં ગોંધાયલી કન્યાઓને માત્ર ઘરકામ સિવાય બીજું કામ મળતું નથી. તેમને બધો વખત ઘરકામમાં રોકાવું પડે છે, તેથી તેઓ કંટાળે છે. બુદ્ધિવિકાસનું બારણું બંધ થવાથી મનનાં ખોટા વેગો ઊલટા વધે છે, અને વિકાસને બદલે વિકાર તરફ મન જાય છે. કન્યાઓ જે કંઈ ભણી હોય છે તે ભૂલવા માંડે છે, અને મનની માંદી અને તેથી નિરાશ થવા લાગે છે. માબાપો પોતાની કન્યાઓને પરણાવી ન દે ત્યાં સુધી કન્યાઓને આવી સ્થિતિમાં રાખે છે, અને કન્યાઓને તેમ રહેવું પડે છે. પરિણામે ભણતર ભૂલી જવાય છે; જરાક થયેલી ખિલવણી બિડાવા લાગે છે અને આપણી કન્યાઓ ભાવિ જીવન માટે નકામી બનવા લાગે છે. જૂની વૃત્તિની માતાઓ તેમને ઘરકામ શીખવી સંતોષ માને છે, અને સંકુચિત મનના પિતાઓ તેમને ઘરમાં ગોંધી સુરક્ષિત માને છે; પણ આમાં માતાપિતાઓની ભૂલ છે.

* * *

બરી રીતે બાળાઓને તેમનાં લગ્ન થાય ત્યાં સુધી શાળામાં આગળ ને આગળ ભણાવવી જોઈએ. અલબત્ત એ ભણતરનું સ્વરૂપ બદલી નાખવું જોઈએ. ઘરકામ શીખવા સાથે જ ભવિષ્યના જીવનને સુખી કરવાની સામગ્રી પણ શાળા મારફતે મળી શકે તેટલી મેળવી લેવી જોઈએ.

* * *

બીજો અગત્યનો વિષય બાલસંરક્ષણ અને ઉછેરનો હોવો જોઈએ. આ કન્યાઓની સામે લગ્નજીવન દોડતું આવે છે. તેમણે પોતાનું ઘર કેમ સાચવવું, બાળકોને કેમ ઉછેરવાં વગેરે જાણવું જ જોઈશે. એ બાબતમાં તેમને કંઈ જ આવડત કે જ્ઞાન નહિ હોય તો તેઓ કુતેહમંદ નહિ થાય; માત્ર ભૂગોળ, ગણિત ને ઇતિહાસનું ભણતર તેમને મદદગાર નહિ થાય. એટલે સંસારમાં પડનારી કન્યાઓને આપણે કરિયાવરમાં સંસારવ્યવહારમાં ઉપયોગી થાય તેવું શિક્ષણ આપવું જોઈએ. એ ધ્યાનમાં રાખી વિશિષ્ટ વર્ગમાં ગૃહવ્યવસ્થા, પતિપત્ની-

ધર્મ, કૌટુમ્બિક ધર્મ, બાલઉછેર, બાલમાનસ, વગેરે વિષયો શીખવવા જોઈએ. હવે માત્ર પાપડ શેકતાં કે ખાંડતાંભરડતાં આવડયું એટલે ચાલ્યું, એમ બનશે નહિ.

* * *

પોતાના જનમાલને બચાવવાની શક્તિ આપણે આપણી દીકરીઓને અવશ્ય આપવી જોઈએ. ગિ.

બાલ્યાવસ્થાનો અભ્યાસઃ સ્વામી વિવેકાનંદ

[અનુસંધાન ગયા અંકના પાને ૮૭થી સમાપ્ત]

આપત્તિના સમયે સમયસૂચકતા અને હિંમતનો પરિચય આપે એવો એક બીજો પણ દાખલો નરેન્દ્રનાથના બાલ્યજીવનમાં જોવામાં આવે છે. કાકાએ ઘરના અખાડાનો નાશ કર્યા પછી નરેન્દ્ર નજીકના એક અખાડામાં જતો હતો. ત્યાં એક દિવસ નરેન્દ્ર અને કેટલાક છોકરાઓ મળીને ખૂબ વજનદાર લાકડાની એક મોટી ફ્રેમ હીંચકો બાંધવા માટે ઊભી કરતા હતા. નરેન્દ્ર અને બીજા છોકરાઓ મળીને ખૂબ મહેનત કરવા છતાં એ ગંજાવર લાકડું ઊભું થયું નહિ. છોકરાઓનો આ તમાસો જોવા માટે રસ્તામાં લોકોની ભીડ જામી હતી, પણ તેમને મદદ કરવા માટે કોઈ તૈયાર ન હતું. એ ટોળામાં એક અંગ્રેજ ખારવો પણ ઊભો હતો. તેને જોઈને નરેન્દ્રે તે ખારવાને મદદ માટે વિનતિ કરી. ખારવો પણ આનંદથી આવીને છોકરાઓની સાથે લાકડાને વળગ્યો. છોકરાઓએ દોરડું બાંધીને તે લાકડું ઊભું કરવા માંડયું અને ખારવો તે ફ્રેમના બે પાયા ખાડામાં ધીમે ધીમે ઉતારવા લાગ્યો. એમ કરતાં લાકડું ઊંચું થયું એ સમયે અચાનક ઉપરથી દોરડું તૂટયું, અને તે વજનદાર લાકડું ધડાક દઈને નીચે પડયું, અને તેનો એક પાયો ખારવાના કપાળમાં લાગ્યો. લાગતાં જ કપાળમાં ઘા પડ્યો અને ખૂબ લોહી વહેવા માંડયું; ને ખારવો બેભાન થઈ પડ્યો. ખારવાને મરી ગયો ધારીને પોલીસની બીકે, એકઠા થયેલા બધા લોકો અને નરેન્દ્રના એકબે પાકા મિત્રો સિવાય બધા છોરાઓ સૌ સૌને ફાવે ત્યાં પલાયન કરી ગયા. સમયસૂચકતા વાપરીને નરેન્દ્રે તરત પોતાનું ધોતિયું ફાડીને ખારવાના મોઢા પર પાણી છાંટી ઘા ધોઈને ભીનો પાટો બાંધ્યો ને એક ભાઈબંધને નજીકના એક ડૉકટરને બોલાવવા મોકલ્યો. દરમિયાનમાં ખારવાને ઉઠાવીને બાજુની નિશાળના મકાનમાં લઈ જઈને તેને સુવાડ્યો. નરેન્દ્રની સારવાર તથા આષધ વગેરેની સહાયથી એક અઠવાડિયા બાદ ખારવાને આરામ થયો, એટલે નરેન્દ્રે પોતાના મિત્રોમાંથી પૈસા ઉધરાવીને તેને નાની થેલી ભેટ આપી, ને વિદાય કર્યો.

આધ્યાત્મિકતાની ઝાંખી

નરેન્દ્ર જેમ જેમ મોટો થવા લાગ્યો તેમ તેમ તેની મનોવૃત્તિમાં એક પ્રકારનું ખાસ પરિવર્તન દેખાવા લાગ્યું. પુસ્તકો વાંચવાં, છાપાં વાંચવાં, જાહેર ભાષણોમાં જવું વગેરે બુદ્ધિવિકાસના વિષયો તરફ તેની પસંદગી વધારે જણાવા લાગી. ભાષણો સાંભળીને તેનો સાર

પોતાના નવીન અભિપ્રાય સાથે મિત્રોને તે કહી સંભળાવતો અને તેમની સાથે એ વિષયની ચર્ચા કરતો. આથી તેની તર્કશક્તિ એવી સરસ ખીલી કે તેની સામે વાદમાં ટકી રહેવું કઠણ હતું. સત્યપ્રિયતા તેના જીવનનો આધારસ્તંભ હતો. દુર્ગુણી છોકરા સાથે તે કદી મૈત્રી ન રાખતો. દિવસના ભાગમાં નવી નવી રમતો શોધી કાઢતો. રાતે તેણે ધ્યાન કરવાની શરૂઆત કરી હતી; અને થોડા સમયમાં તેને કેટલાંક દિવ્ય દર્શનો થયાં હતાં.

ઈ. સ. ૧૮૭૭ માં તેના પિતાને ધંધાને અંગે મધ્યપ્રાંત–રાયપુર ગામમાં નિવાસ કરવાનું થયું હતું, એટલે પોતે અગાઉ જઈને પાછળથી નરેન્દ્રે કુટુંબના માણસોને લઈને રાયપુર આવવું એમ નક્કી કર્યું હતું. નરેન્દ્રનું વય એ વખતે ચૌદથી પંદર વર્ષનું માંડ હશે. એ સમયે હજી રેલ્વે બધે નહોતી હતી, એટલે અલાહાબાદથી જબલપુર થઈને રાયપુર જવા માટે મુસાફરી એક પખવાડિયા ઉપરાંત ગીચ જંગલો વચ્ચે થઈને કરવી પડતી. નરેન્દ્રના કુટુંબનાં ગાડાં કેટલાક દિવસ સુધી ચાલીને એક દિવસે વિંધ્યાચળના પહાડોમાં થઈને નીકળ્યાં. રસ્તાની બન્ને બાજુએ ઊભેલાં ગગનચુંબી પર્વતશૃંગો, એ શિખરો સાથે હરીફાઈમાં ઊતરીને જાણે આકાશને અડવા મથતાં એક એકથી વધુ ઊંચાં વૃક્ષોનાં વન, વૃક્ષોને વીંટળાયેલી ખુશબોદાર ફૂલોથી લચી પડતી વેલીઓ, અને વૃક્ષોની ઘટાઓમાં એક ઝુંડથી બીજે ઝુંડ ઊડતાં પક્ષીઓનો કલરવ–એ સઘળું જોઈને નરેન્દ્રનું હૃદય આનંદથી પૂર્ણ થઈ ગયું. ચાલતાં ચાલતાં ગાડાં એક એવે સ્થળે પહોંચ્યાં કે ત્યાં પર્વતનાં બે શૃંગો જાણે એકબીજાને ભેટવા ન માગતાં હોય તેમ નમી રહ્યાં હતાં. તેમાંના એક શૃંગની પાછળના ભાગમાં એક મોટી ફાટ પડી હતી. ત્યાં એ આખા અંતરાળને પૂરી દઈને મધુમક્ષિકાઓના યુગયુગાંતરના પરિશ્રમનો સૂચક જૂનોપુરાણો એક પ્રકાંડ મધપૂડો ઉપરથી નીચે પર્યંત લટકતો નરેન્દ્રની નજરે પડ્યો. વિસ્મયમાં મગ્ન થઈને મક્ષિકારાજ્યના એ મહાલયના આદિ અને અંતનો વિચાર કરતાં વિશ્વનિયંતા ઈશ્વરની ભવ્યતા અને અનંત શક્તિના ખ્યાલથી નરેન્દ્ર એક એવા ભાવમાં ચડી ગયો કે બાહ્ય વસ્તુઓનું ભાન તદ્દન ભૂલીને ગાડામાં બેશુદ્ધ થઈને પડ્યો રહ્યો. ભાન આવતાં તેનું અંતર દિવ્ય આનંદમાં તરબોળ થયેલું લાગ્યું. અને આજુબાજુ જોયું તો ગાડાં એ સ્થળ મૂકીને કેટલાંય દૂર નીકળી ગયાં હતાં. બાહ્ય જગતથી સંજ્ઞાશૂન્ય થઈને પ્રબળ કલ્પનાના સહાયે ધ્યાન દ્વારા અજ્ઞેય અનંતના સામ્રાજ્યમાં આરોહણ કરવાનો નરેન્દ્રનાથના જીવનમાં કદાચ આ પહેલો જ પ્રસંગ હશે!

(સંપૂર્ણ)

મહાગુજરાતમાંથી.

અરધી કિંમતે

ગુજરાતી પત્રિકાની આગલા વર્ષની ફાઈલો

હિંદી પત્રિકાની આગલા વર્ષની ફાઇલો

બાર અંક આઠ આનામાં મળશે.

આઠ આઠ આનાની ટિકિટ દરેક માટે બીડો.

લખો: 'શિક્ષણ પત્રિકા' કાર્યાલય

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

બાળકો સાંભળે છે.

બાળકઃ “ માસ્તર, માસ્તર ! ખબર છે ? ”
શિક્ષકઃ “ શું ? ”
બાળકઃ “ મારા બાપા ગધેડા જેવા છે. ”
શિક્ષકઃ “ જાવ, જાવ હવે. એવું બોલાય ?”
બાળકઃ “ સાચે જ. મારી બા કે'તી'તીને ? ”

* * *

બાળકઃ “ માસ્તર ! હું વંઠી ગયો છું ને ? ”
શિક્ષકઃ “ એવી વાતો જવા દો; પાઠ કરો.”
બાળકઃ “ ના ના, તમે વાત ઉડાવો છો. ”
શિક્ષકઃ “ તમારે એવી શી પંચાત ? ”
બાળકઃ “ મારી બા જ આજે બાપુને કહેતી હતીઃ ‘ તમેય વંઠ્યા અને તમારો વેલોય વંઠ્યો. વંઠેલાનાં વંઠેલાં જ ! ”

* * *

બાળકઃ “ માસ્તર, તમારી કિંમત કેટલી, ખબર છે ? ”
શિક્ષકઃ “ તમારે તેનું શું કામ છે ? માણસની કિંમત કેવી રીતે અંકાય ? ”
બાળકઃ “ મને ખબર છે. કાલે જ હું બાપાજીને દાખલાની રીત પૂછવા ગયો હતો. એમની રીત મને ન સમજાઈ. મેં કહ્યુંઃ ‘ માસ્તર તો બીજી રીતે શીખવે છે. ’ એટલે બાપાજી કહેઃ ‘ બે બદામના તારા માસ્તર શીખવે તે સાચું કે હું શીખવું તે સાચું ? ’ બોલો, ખબર પડી ? તમારી કિંમત બે બદામની. ”

* * *

બાળકઃ “ હેં માસ્તર ! હું ડફોળ છું ? ”
શિક્ષકઃ “ ના રે, તમને કોણ ડફોળ કહે.”
બાળકઃ “ અરે, બધાય કહે છે ને ? હેં, કહેાને ? (દાઢી ઝાલીને આગ્રહથી) હેં, કહેા તો ખરા ? હું શું સાચે જ ડફોળ છું ? ”
શિક્ષકઃ “ના ભાઈ ! ના; તમે તો ડાહ્યા છો.”
બાળકઃ “ અરે હોય. બધાય કહે છે ને ? બા કહે છે, બાપા કહે છે, બેન અને ભાઈ પણ કહે છે. ”
શિક્ષકઃ “ એ તો અમસ્તાં. ”
બાળકઃ “ અમસ્તાં તે કહેતાં હશે ? મારો ડ્રાઈવર પણ કહે છે કે હું ડફોળ છું. સાચે જ, હું ડફોળ છું. ”

[શા. મં. પત્રિકામાંથી]

હું શીખ્યો છું.

હું આઠેક વર્ષનો હોઈશ. સ્ટેશન પાસે અમે રહીએ. બધા છોકરાઓ પછવાડે જળી પાસે રેલગાડી જોવા જાય; મને મારી બા જવા ન દે. એક દિવસ લાગ જોઈને હું ઘરમાંથી શેરીમાં રમવા છટકી ગયો. એક છોકરા સાથે દોસ્તી બાંધી. બધા છોકરા પછવાડેની જળીએ ઊપડ્યા; હું પણ તેમની સાથે ગયો. રેલગાડી જોઈ. બે છોકરા જળી ઉપર ચડીને એક ડાળી પકડીને પેપડી ખાવા લાગ્યા; અમારે માટે નીચે પણ થોડી નાખી. મને ઉપર ચડવાનું મન થયું. હું સહેલાઈથી ઉપર ચઢ્યો. ડાળી પકડીને પેપડી ખાવા લાગ્યો. થોડી ખિસ્સામાં ભરી; થોડી નીચે ઊભેલા છોકરાઓ માટે નાખી. ચડતાં શું ચડી તો ગયો, પણ ઊતરતાં ન ફાવ્યું. સમતોલપણું

ખોયું ને ઊંધે માથે નીચે પડવા જેવી સ્થિતિ થઈ. ત્યાં તો મારા જાડા ફ્રોટના ફાપડમાં જનોનો સળિયો ભરાયો ને ત્રિશંકુની જેમ વચમાં લટકી રહ્યો. છેવટે મારા શરીરનો ભાર કપડું ન ઝીલવાથી ફાટ્યું. હું ધડિંગ કરતો ઊંધે માથે પત્થર ઉપર પડ્યો. મારા કપાળમાં મોટો ચીરો પડ્યો ને લોહી જબ ભાગ્યું. એક છોકરો મારી બાને તેડી આવ્યો. મારી બાએ આવીને મને ગાળો દેવાનું તથા મારવાનું શરૂ કર્યું. પછી મને દવાખાને લઈ ગયાં. આઠ દિવસમાં ઘા સારો થઈ ગયો. હું પડ્યો, માથું ફૂટ્યું, તે બધાનું મને દુઃખ ન થયું; એ બધું ભુલાઈ ગયા જેવું થયું. પણ મારી બાએ પડ્યા ઉપર પાટુના રૂપમાં જે મને માર્યો તથા ગાળો દીધી તે હજી સાલે છે. ચી. ડી.

[આ એક સંસ્મરણ ઉપર નોંધ લખવાની જરૂર નથી. એ સ્વતંત્ર જ બસ છે. —તંત્રી.]

હલનચલનનું શિક્ષણ

બાળકોના સમૂહની રુચિને અનુકૂળ થાય એવી રીતે આ શિક્ષણ કાં તો વ્યક્તિગત હોય અથવા સમૂહગત હોય. જે છોકરાં બીજા વ્યાપારમાં લાગેલાં હોય તેમનું આમાં ધ્યાન ખેંચવા ડૉક્ટર મોન્ટીસોરી ફરજ પાડતી નથી. તેની ભાવના કદી પણ ફરજ પાડવાની નથી, પરંતુ માત્ર ધરવાની જ છે. સામાજિક જરૂરતની દરકાર કે રાહ વગર શિક્ષણનું વિતરણ તો તે કરે જ છે. દાખલા તરીકે હસ્તધૂનન, સલામ કે બે હાથે પગે લાગવાનું શીખવવું, વગેરેમાં કોઈ મુલાકાત લેવા આવનારની તે વાટ જોવા બેસી રહેતી નથી. આ વાત અગત્યની છે, કેમકે કોઈ વાર મુલાકાત લેનાર અચાનક ચડી આવે તો બાળક ગભરાઈને કે શરમાઈને ઊભું જ રહે, અને શિક્ષક પ્રેરે તોય વિનય કરવા પ્રવૃત્તિ કરે નહિ. પણ જો તેને હસ્તધૂનન કે સલામ વગેરે કરવાનું જ્ઞાન અગાઉથી મળેલું હોય તો તે પોતાની મેળે સ્વાભાવિક રીતે આવનારની સામે જાય, અને પોતાને આવડતી સલામ વગેરે કરવાની આ ઠીક તક મળી એમ જાણીને ખુશી થાય. આ સિદ્ધાંત હલનચલનના બધી જાતના શિક્ષણને લાગુ પડે છે. જે ક્ષણે તેની જરૂર ઊભી થઈ ન હોય તે ક્ષણે પણ તે શીખવવું તો જોઈએ જ. ખુરશી ઉપાડીને કેમ લઈ આવવી, તેને ભોંય પર અવાજ થવા દીધા વગર કેમ મૂકવી, અને તે ઉપર સુંદર ઢબે કેમ બેસવું, એ બધા પાઠો એવા છે કે તેની સામાજિક જરૂર જો કે સાંપડી ન હોય તો પણ તે શીખવી દેવાના છે. પછી જ્યારે જીવનમાં એ ક્રિયા ખરેખર કરવાનો પ્રસંગ બાળકને ઉપસ્થિત થાય ત્યારે જે ઢબ અને રીત તે પ્રથમથી જ જાણતું હોય તેનો તેને ઉપયોગ માત્ર કરવાનો રહે. આ પ્રકારની તાલીમ આપવામાં શિક્ષકે એક પણ શબ્દ બોલવાની જરૂર નથી. કેમકે સાંભળવા માટે બાળકને સામું જોવું પડે એટલો તેના કામમાં વિક્ષેપ થાય છે; અને વળી કોઈ પણ ક્રિયાનું શબ્દવર્ણન તે ક્રિયા કરી બતાવ્યા જેટલું સ્પષ્ટ ભાગ્યે જ હોય.

બુતાનો બીડવા કાઢવાની તબતીમાં મિશ્ર પ્રકારનું હલનચલન સમાયેલું છે. તેમાં કેટ-

લાક જુદા કાર્યવિભાગો એક પછી એક આવે છે. આ ક્રિયા મૂળ તો ઝડપથી થાય છે, પણ આ મિશ્ર વ્યાપાર બાળકને ધીમે ધીમે કરતાં શીખવામાં વડીલો મદદ કરી શકે, અને તેનો દરેક વિભાગ જુદી જુદી રીતે સમજાવી શકે. આ પ્રકારનો હલનચલનનો વ્યાપાર ઘણી બાબતોમાં તેના પ્રથક્કરણથી અને ક્રમે ક્રમે એક પછી એક કરવાથી પરિપૂર્ણ થાય છે. દાખલા તરીકે, કોઈ માણસ એક ઓરડામાંથી ગૌરવમાં ચાલ્યા જતી વખતે તે દરવાજે પહોંચે ત્યાં સુધી તેનો હાથ ઊંચો કરતો નથી; દરવાજે પહોંચ્યા પછી તે જરા શાંત ઊભો રહે છે અને બારણાનો આગળિયો કે કળ અથવા આંકડી પૂરેપૂરી ફેરવ્યા પછી બારણું ખેંચીને ઉઘાડે છે; જ્યારે બારણું ઊઘડે છે ત્યારે તે તેમાંથી પસાર થાય છે. આ જાતની ક્રિયાઓમાં કંઈ ગફલત થાય તો તે કઢંગું લાગે. આમાં શક્તિસંચયનો સિદ્ધાંત પણ રહેલો છે, કેમકે આ ક્રિયાઓ બરાબર રીતે કરવામાં આવે તો ઓછો આયાસ પડે છે. કેળવાયેલ હલનચલનવ્યાપારવાળા માનવીઓ જીવનમાં બીજાઓ કરતાં વધારે સ્વસ્થતાથી વ્યવહાર કરે છે, અને તેથી તેમની જ્ઞાનતંતુઓની વધારે શક્તિ બીજાં કાર્યોમાં વાપરવા માટે બચે છે. કોઈ નટને પણ આ રીતે જ રંગભૂમિ ઉપર સુંદર અભિનય કરતાં શીખવવામાં આવે છે, અને તેથી તેની ક્રિયામાં કાર્યદક્ષતા ઉપરાંત લાવણ્ય પણ દેખાય છે. શિક્ષક દરેક બાબતમાં પોતે જ હલનચલનક્રિયા બતાવે છે, પણ ડૉક્ટર મોન્ટીસોરી એ વ્યાપારને રૂઢ નહિ બનાવી દેવા માટે ચિંતા રાખે છે, અથવા એવો વ્યાપાર અમુક એક જ ઢબે થઈ શકે કે બીજી રીતે પણ થાય, તેનો વિચાર કરવા પણ તે ઇન્તેજારી રાખે છે. દાખલા તરીકે કોઈ કામઠીનો મૂળ ભાગ જમણા હાથમાં જ ઝાલીને તેની દોરી તંગ કરવાની હંમેશ જરૂર નથી. કામઠીને દોરી બાંધવાની ઘણી બીજી રીતો છે, અને બધા લોકો આ ક્રિયામાં પોતપોતાની હલનચલનની રીતોનું પ્રથક્કરણ કરે તો તેમને બધાને ઘણી જુદી રીતો માલૂમ પડશે.

હલનચલનની સામાન્ય કેળવણીમાં કેટલાએક માનસશાસ્ત્રના સિદ્ધાંતો રહેલા છે તેનો હવે વિચાર કરીએ. હલનચલનના બે સામસામા છેડાના નમૂના વચ્ચેનો ભેદ તો સહેલાઈથી જાણી શકાય. એક ઊંચા પ્રકારની કેળવણી પામેલાના અને બીજા કેવળ અભણના. દાખલા તરીકે, એક બાળક પાણીનો ભરેલો કાચનો પ્યાલો હાથમાં લઈને તે પડીને ફૂટે નહિ એવી સંભાળથી ઓરડામાં ચાલ્યું આવતું હોય, તે દેખીતી રીતે જ વધારે કેળવાયેલ વર્તન કરતું લાગે; પણ ચટાઈ ઉપર પડ્યું પડ્યું બીજું કોઈ બાળક કાંઈ પણ આશય વગર પગની પાટુ ઉછાળ્યા કરતું હોય તેને જોઈને જ આપણને લાગે કે તે અભણ માફક ગમાર જેવા ચાળા કરે છે. પહેલા બાળકને તેની હલનચલનપ્રવૃત્તિ ઉપર કાબૂ મેળવવાનું જીવનમાં ઊતર્યું છે, અને બીજા બાળકને કોઈ એક કે બીજી બધી હલનચલનપ્રવૃત્તિ એક સરખી જ છે. આ બેમાં ચોક્કસ આશયની હાજરી કે ગેરહાજરી જે દેખાય છે તે માનસશાસ્ત્રનો તફાવત છે. તો પણ આ દાખલો અંતિમ કસોટીનો નથી; કેમકે ઘણાં સહેતુક હલનચલનો માત્ર ટેવથી અને સરળતાથી થયા કરે છે, પણ તે કેળ-

વાયેલાં હલનચલન હોતાં નથી. એવાં હલનચલનો અતિશય સહેલથી કરાય છે, તેની સંપૂર્ણ આવડત આવી ગઈ હોય છે, અને તેથી તેમાં કશો પ્રયત્ન કે વિચાર પણ કરવો પડતો નથી. આથી સમજાશે કે આ પ્રશ્નની ખરી ચાવી પ્રયત્નમાં રહેલી છે. જ્યાં જ્યાં પ્રયત્ન કરાય છે ત્યાં પ્રગતિની પ્રાપ્તિ છે, અને નવો વિજય પ્રાપ્ત થાય એટલો વખત જ પ્રયત્ન ઓછો થાય છે. મુરાદ બર લાવવા માટે જ્યાં પ્રયત્ન ચાલુ છે ત્યાં આપણે કહી શકીએ કે તેમાં કેળવણી વિષયક પ્રક્રિયા ચાલુ છે.

કોઈ પણ હલનચલનક્રિયા બરાબર કેવી રીતે સાધ્ય થાય છે તે એક અત્યંત રસિક માનસશાસ્ત્રનો પ્રશ્ન છે. આમાં બધી પ્રક્રિયાને દોરનાર અમુક ઇરાદો કે આશય જ હોય છે. આ આશય એક પ્રકારની પૂર્વપ્રજ્ઞા છે; તે વ્યાપાર કરવાની પળે હોતી નથી. કોઈ વાર એવી પ્રજ્ઞા બીજાના અવલોકનમાંથી પ્રાપ્ત થાય છે. પછી એ વ્યક્તિ પોતે તે ક્રિયા કરવા પ્રયાસ કરે છે અને તેમાં તેને તેની સ્મૃતિ દોરનારી હોય છે. ધારો કે એક માણસ કાંઈ નાટક જોવા જાય છે, અને ત્યાં અમુક રાગ સાંભળે છે; પછી તે રાગનું તે પોતે પુનરાવર્તન કરવા પ્રયાસ કરે છે. આમાં અમુક પ્રકારનું હલનચલન રહેલું છે; તે તેણે અગાઉ કદી ક્રમપૂર્વક કરેલું હોતું નથી, તેથી પ્રથમ તો તેનું પુનરાવર્તન અમુક ભાગલામાં જ થાય છે. એ રાગની સાચી ઢબ તેને યાદ આવતી નથી, અને તેના પ્રયત્નો ભૂલવાળા થયા કરે છે. કદાચ એ જ રાગ તે પાછો કોઈ હારમોનિયમમાં સાંભળે, અથવા કોઈ સુભગ ક્ષણે તેને તે રાગની ઢબ સાંભરી આવે, તો તેમ કરતાં બરાબર ક્રમમાં સાચા સૂરોનું પોતાના કંઠમાં પુનરાવર્તન કરીને રાગનું સાચું સ્વરૂપ ઊભું કરી શકે. કોઈ પણ હલનચલનના શિક્ષણમાં આ એક મુદ્દાનો નમૂનો છે. કૌશલ મેળવવામાં જે વાત ખાસ જરૂરની છે તે એ છે કે, તે વ્યક્તિએ પોતાના ભૂલવાળા અનુકરણમાં અને પોતે પ્રાપ્ત કરવાના સાચા નમૂનામાં જે ભેદ છે તે સમજી લેવો જોઈએ. આ ક્રિયામાં ડૉક્ટર મોન્ટીસોરી કહે છે તેમ 'ભૂલ ઉપર કાબૂ' મેળવવો જરૂરનો છે. કંઈ ચોક્કસ મુરાદ કે આશય હોવો જોઈએ, અને ભૂલ થતી હોય તે બતાવી દે એવો કંઈક અંકુશ પણ સાધ્ય થવો જોઈએ. એને પરિણામે થતા પ્રયત્નોમાં પૂર્ણતા આવી શકે, અને તેમાંથી નવા પ્રકારનું હલનચલન અંતે પ્રાપ્ત થાય; અને તે પછી તે યંત્રવત્ રૂઢ થઈ જાય.

કેળવણીની તાલીમવાળી પ્રવૃત્તિ હમેશાં આ રીતે જ થાય છે. બિનકેળવાયલી પ્રવૃત્તિમાં થોડોક ફેરફાર કર્યાથી તાલીમગત પ્રવૃત્તિ કોઈ વાર બની શકે છે. વર્ગના ઓરડાનાં ટેબલોને ધોઈ સાફ કરવાની તાલીમ ડૉક્ટર મોન્ટીસોરીએ છોકરાંને આપવાનું કહ્યું છે. તે તાલીમમાં જો જમીન ઉપર પાણીનું ટીપું કે ડાઘા જરા પણ નહિ પડવા દેવાની ઝીણવટથી સંભાળ રખાય, તો એ તાલીમની શિક્ષણ વિષયક કિંમત ઘણી ઊંચા પ્રકારની બને છે. આ પાણીનું ટીપું 'ભૂલના કાબૂ' તરીકે ગરજ સારે છે. એવાં ટીપાં પડવા દેનારું બેદરકાર છોકરું કોઈ ઢંગધડા વગર ગાતા નાદબધિર માણસ જેવું ગણાય. એને મન કોઈ પણ પ્રકારનું હલનચલન બધું સરખી જ કિંમતનું છે. જમણા

હાથની પહેલી બે આંગળી વડે રેતીવાળા કાગળના અક્ષરોનું ટ્રેસિંગ કામ કરવામાં બાળકને તેની સ્પર્શેંદ્રિય દોરે છે. આ દાખલામાં 'ભૂલનો કાબૂ' દૃષ્ટિને બદલે સ્પર્શથી પ્રાપ્ત થાય છે. એવી જ રીતે વીણા વગાડનારને 'ભૂલનો કાબૂ' તેની શ્રવણેન્દ્રિય દ્વારા મળે છે.

અંતે, મોન્ટીસોરીવર્ગમાં અપાતી હલનચલનની તાલીમમાં બે પ્રકારની તાલીમ સૌથી વધારે અગત્યની છે તે ધ્યાનમાં લેવા જેવી છે. એ તાલીમ બધી જાતનું હલનચલન છેક બંધ કરવાની એટલે કે 'મૂકપાઠ' ની તાલીમ. આમાં કાબૂ કે સંયમ કાન દ્વારા રખાય છે; કેમકે હલનચલનથી અવાજ થાય છે. બીજી તાલીમ ભોંય ઉપર દોરેલી લીંટી ઉપર ચાલવાની છે. એમાં બાળક જાણે કે અદ્ધર બાંધેલી દોરી ઉપર ચાલતું હોય તેમ તેણે સમતોલ રહેવાનું છે. બહુ ચોક્કસ રીતે ચાલવાનો પ્રયત્ન કરવાથી આ દ્વારા બાળકને સામાન્ય રીતે ચાલવામાં વધુ સારી છટા સંપાદન થાય છે.

વિ. ય. આવસથી.

ટપાલમાંથી

તંત્રીઓ, "શિક્ષણ પત્રિકા"
ભાવનગર.

મે. સાહેબો,

વીંછીની જીવનનિરીક્ષા પરત્વેના, વૈશાખ ૧૯૯૨ ના પત્રિકાના અંકમાં એવા જ પ્રયોગના પરિણામની માગણી થયેલી છે તેથી કરીને નીચેની નોંધમાં વિજ્ઞાનપ્રેમીઓને રસ પડશે એમ ધારી મોકલું છું.

સ્થળ : પીંમનાં, બર્મા.

પ્રયોગોનો સમય :

તારીખ ૧૨–૯–૩૪ થી ૮–૧૧–૩૪

૧૨–૯–૩૪ : એક લાકડાની ચીપટ ઉપર પડેલો વીંછી તારની જાળીના મોટા પાંજરામાં જોયો. એને લઈને નાની બરણીમાં પૂર્યો.

બરણીમાં વીંછીને લપાઈ રહેવાનું ફાવે માટે બે ત્રણ પત્થર ગોઠવ્યા; અને એને ભોજન માટે છ ઈયળ (જે સાગનાં પાન ખાય છે તે–Hapalia macharalis, walk) આપી.

૧૩–૯–૩૪ : ઈયળ એક પણ ખાવામાં આવી ન હતી.

૧૪–૯–૩૪ : ઈયળ ખવાઈ ન હતી તેથી ખોરાક બદલવા માટે નાના વાંદા નંગ બે આપ્યા.

૧૫–૯–૩૪ થી ૭–૧૧–૩૪ : વાંદા પણ વણચાખ્યા બરણીમાં માલૂમ પડ્યા. અને તે જ પ્રમાણે જૂના કાગળ ને પુસ્તકોમાં માલમ પડતી રૂપેરી પૂંછડાંવાળી માછલી (સિલ્વર ફિશ) અને બીજાં કૂદાં આપી જોયાં પરંતુ વીંછીએ કાંઈ ખાધું જ નહિ; છેક છેલ્લી તારીખ ૭–૧૧–૩૪ સુધી.

૮–૧૧–૩૪ : વીંછી મરેલો જણાયો. નમૂનો ૯૦ ટકા ઑલ્કોહોલમાં સાચવી રાખ્યો.

આ પ્રમાણે આ નિરીક્ષણમાં વીંછી પ૯ દિવસ સુધી નિરાહારી રહીને જીવ્યો. બરણીનું વાતાવરણ બહારના જેવું ન જ હોય, છતાં કેદને લઈને જ વીંછીએ ઉપવાસ ખેંચી

કાઢ્યા એમ કોઈ માનશે જ નહિ. કારણકે સ્વેચ્છાએ ભૂખ વેઠવી એ વીંછીનો સ્વભાવ છે એમ નિષ્ણાતો કહે છે.

* * *

બાલમંદિરમાં પ્રયોગ આરંભવા માટે રા. શં.ને અભિનંદન ઘટે જ છે. એમણે પ્રયોગના વર્ણન દરમિયાન પ્રયોગની ઊણપો ગણાવી છે છતાં છેવટે "એનો ખોરાક હતો માટી." એવું નિશ્ચયાત્મક વચન લખ્યું છે તે સ્વીકારાય કે કેમ એ પ્રશ્ન છે, કારણકે માટી આપતી વખતે અને બદલતી વખતે વજન કરવામાં આવ્યું ન હતું, અથવા વીંછીને માટી ખાતો જોયો હોય એમ જણાવ્યું નથી. આથી બનવા જોગ છે કે છ માસ ને છયે દિવસ એને ભૂખ લાગી જ નહિ હોય.

બીજો નોંધાયેલો મુદ્દો એ છે કે શીશીમાં પુરાયા દરમિયાન વીંછી મોટો થતો જતો હતો. વીંછીના વર્ધનની રીત એવી છે કે સર્પની જેમ અમુક વખત ત્વચા ઉતારીને પુષ્ટ વયે પહોંચે છે. એટલે ઉતારેલી ત્વચાનું વીંછીના આકારનું આખુંયે ખોખું શીશીમાં ન મળે ત્યાં સુધી વીંછીના માથાની પહોળાઈ અને એનું એકંદર કદ વધવાનો સંભવ નથી.

કરોળિયાની જેમ વીંછીનું મુખ બહુ જ બારીક હોય છે અને એ પોતાના શિકારનો માત્ર રસ (કે રુધિર) ચૂસે છે, એટલે માટી ખાઈ શકે કે કેમ એ પ્રશ્ન ઉપસ્થિત થાય ખરો.

આટલેથી આ નોંધ ટુંકાવી દઉં છું.

c/o ફોરેસ્ટ એન્ટોમોલોજિસ્ટ, માઇમ્યો (બર્મા).
તા. ૧૬–૫–૩૬ લી. સેવક
મહાદેવપ્રસાદ હ. દેસાઈ

નોંધ: અમે હિંસાત્મક પ્રયોગોમાં માનતા નથી.–તંત્રી

બાળકોની વાચનની ભૂખ

રવિવારે મુરબ્બી ગિજુભાઈ ઑફિસમાં આવ્યા અને ભાઈ નર્મદાશંકરની મુલાકાત લીધી. તેમણે કહ્યું: "નર્મદાશંકર! જુઓ તો 'શિક્ષણ–પત્રિકા'ના ભેટઅંકો કેટલા છે? થોડા થોડા દરરોજ ગામમાં લઈ જાઓ અને બાળકોને વહેંચી દો. તેઓ વાંચશે, રાજી થશે ને વળી તેમને જ્ઞાન મળશે."

સાંજે છ વાગે ઑફિસમાંથી જતી વખતે થોડાક શિક્ષણ પત્રિકાના ભેટઅંકો ભાઈ નર્મદાશંકર પોતાની સાથે બાળકોને વહેંચવા માટે લઈ ગયા, થોડાએક ભાઈચંદભાઈ લઈ ગયા, ને ૬૦–૭૦ જેટલા અંકો હું પણ મારી સાથે લઈ ગયો. સાઈકલ ઉપર ગધેડિયા ખેતરમાં થઈ હિંદુસ્તાન રબ્બર વર્કસ પાસે ભંગીવાસ છે ત્યાં જઈ પહોંચ્યો. ત્યાં જઈ જણાવ્યું કે "જેમને વાંચતાં આવડતું હોય તેમને માટે વાર્તાની ચોપડીઓ લાવ્યો છું."

થોડી વારમાં તો બે ત્રણ પુખ્ત ઉંમરના પુરુષો બહાર આવ્યા. તેમણે કહ્યું: "અમે થોડું થોડું વાંચતાં શીખ્યા છીએ. પહેલાં અમારા વાસમાં એક ભાઈ ભણાવવા આવતા હતા; તેમણે અમને થોડું થોડું વાંચતાં તો શીખવ્યું છે."

મેં તેમને મારી પાસેથી એક 'ભેટ અંક' આપ્યો તેઓએ ભેટ અંક ઉપરના અક્ષરો વાંચવા યત્ન કર્યો. ધીમે ધીમે 'આ...પ...ણે

...પા...પે ' એમ વાંચ્યું.

મેં કહ્યું: " તમે જરૂર વાંચી શકશો. વળી આ ચોપડી તો તમારા જ ભાઈઓ તરફ કેવો અન્યાય થઈ રહ્યો છે તેના વિષે જ લખેલી છે એટલે તમને મજા પણ આવશે. "

મેં તેમને ચોપડીઓ વાંચવા માટે આપી.

પછી તેઓને ' આપણે પાપે ' માંથી બે ત્રણ પ્રસંગો વાંચી સંભળાવ્યા. થોડી વારમાં તો સારી એવી સંખ્યામાં ભંગીવાસનાં સ્ત્રી-પુરુષો ત્યાં એકઠાં થઈ ગયાં. હું વાંચતો હતો તેમાં તેઓને ખૂબ રસ પડતો હોય તેમ તેમના મુખ ઉપરના ભાવોથી જણાતું હતું.

વચ્ચે એક ભાઈ બોલી ઊઠ્યા: " આમાં લખ્યું સે ઈ સાસું સે; આમ જ બને સે. સો-પડી સે વાંસવા જેવી. "

બહેનોમાંથી ઘણીએ કહ્યું: "અમારા સોકરા-ઓને વાંસતાં આવડે સે. અમને સોપડી આપો."

મેં બધાને ' ભેટઅંક ' આપ્યા.

* *

હું જ્યારે આ લોકોને વાંચી સંભળાવતો હતો ત્યારે ત્રણચાર ભાઈઓ ફરવા જતા હતા. તેઓને આમાં રસ લાગ્યો ને સાંભળવા સારુ ઊભા રહ્યા. પહેલાં તો દૂર સડક ઉપર ઊભા હતા, પરંતુ પાછળથી હું વાંચતો હતો ત્યાંથી થોડાક જ દૂર ઊભા રહી સાંભળવા લાગ્યા અને બોલ્યા: " અમને આ ચોપડીઓ ન આપો ? અમારે ઘરે પણ નાના ભાઈઓ વાંચે તેવા છે."

મેં કહ્યું: " હા. તમારે જોઈતી હોય તો તમે પણ લ્યો. "

એમ કહી મેં ચોપડી આપવા હાથ લાંબો કર્યો. પણ તેઓએ હાથોહાથ ચોપડીઓ ન લેતાં કહ્યું: " નીચે નાખી દ્યો; અમે લઈ લઈશું. "

તરત જ મને સાંભર્યું કે તેઓ મને અડવા નહિ માગતા હોય, કારણકે હું ભંગીઓની સાથે હતો !

* * *

બાકી વધેલા ભેટ અંકો મારા ઘર પાસે જે બાળકો ઊભાં હતાં અને મને જે વાંચી શકે તેવાં લાગ્યાં તેમને વહેંચી દીધા. થોડી વારમાં જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ ૨૫-૩૦-૪૦ જેટલાં બાળકો એકઠાં થઈ ગયાં અને " ચોપડી દ્યો, અમને ચોપડી દ્યો ! " એમ મોટેથી બોલવા લાગ્યાં.

મારી પાસે જેટલા ભેટઅંકો વધ્યા હતા તે બધા મેં તેઓને વહેંચી દીધા.

રાત્રે નવ વાગે હું મારા મકાનની બારીમાં ઊભો હતો. આસપાસથી વહેંચેલા ભેટ અંકો-માંથી કેટલાંક ઘરોમાંથી વાંચવાનો અવાજ સંભળાતો હતો.

મને વિચાર આવ્યો: " બાળકોને ' બાલ-સાહિત્ય 'ની ચોપડીઓ વાંચવી કેટલી ગમે છે ! " પરંતુ સાથોસાથ બીજો પણ વિચાર આવ્યો: " પણ તેમના વાચનની ભૂખને પોષવાને તેમના વડીલોને ક્યાં અવકાશ છે ? "

વડીલો ક્યારે સમજશે ? **અ. લ.**

રામાયણનાં પાત્રો : લેખક નાનાભાઈ માળાનાં ગ્રાહકો તા. ૩૦-૯-૩૬ પછી નોંધ-વાનું બંધ થશે. માટે વહેલો લાભ લઈ લેશો.

શિક્ષણ પત્રિકાના વર્ષ દસમાનો જમાખર્ચની તારીજ

જ

૩૪૬-૧૦-૦ નવમા વર્ષના લવાજમ ખાતે જમા
૫૦૭૩-૧૪-૮ દસમા વર્ષના લવાજમ ખાતે જમા
૧૨૦૨-૧૩-૦ અગિયારમા વરસના લવાજમના
૬૮–૫–૦ બારમા વરસનાં લવાજમના
૧૨–૮–૦ તેરમા વરસના લવાજમ ખાતે
૬–૮–૦ ચૌદમા વરસના લવાજમના
૧–૦–૦ પંદરમા વરસના લવાજમના
૧–૦–૦ સોળમા વરસના લવાજમના
૧–૦–૦ સત્તરમા વરસના લવાજમના
૩૨૪૨-૧૨-૦ આજીવનસભ્યના લવાજમના
૬૩–૨–૬ જૂના અંકોના વેચાણના જમા
૭૫૩૫-૧૫-૨ નફાતોટા ખાતે જમા
૫૧૩–૩–૬ વ્યાજવટાવ ખાતે જમા
૪–૪–૦ બાલજ્ઞાનપ્રચાર યોજનાના જમા
૦-૧૩-૦ શાંતિપ્રસાદ મજમુદારને ખાતે
૧–૮–૦ ડૉ. ઈ. જી. પટેલને ખાતે જમા
૪–૭-૯ બી. જી. પટેલને ખાતે જમા
૦–૪–૦ દાદાભાઈ જમશેદજીને ખાતે
૧–૦–૦ નટવરલાલ વીમાવાળાને ખાતે
૦–૫–૦ હેડમાસ્તર એચ. એચ. ધી
આગાખાન સ્કૂલ ખાતે જમા
૧–૦–૦ મોહનલાલ ભુતાને ખાતે જમા
૧-૮-૦ શિવચરણદાસજીના ખાતે જમા
૬–૧–૦ હિંદી પત્રિકા ખાતે જમા
૨૦–૦–૦ શ્રી. ભોગીલાલ ઠાકરને ખાતે
૬–૦-૦ ચંદુલાલ ઝવેરીને ખાતે જમા
૦–૦–૯ શ્રી. સત્યકામને ખાતે જમા
૦–૫–૦ ઈસ્માઈલ એ. તેજાનીને ખાતે

ઉ

૧૧૨૭૦–૦–૦ શ્રી. ભા.દ. ફિકરૂ ડિપો૦માં
૧૨૪·૧૩·૩ ભા. દ. સેવિંગ્ઝ બેંક ખાતે
૨૦૦-૧૦-૦ ભા. દ. બેંક ઉબળેક ખાતે
૧૮૯૧–૨–૦ છપામણી ખરચ ખાતે
૯૮–૨–૩ પરચુરણ ખરચ ખાતે
૧૫૧૯–૭–૯ પોસ્ટેજ કન્ટીજન્ટ ખાતે
૫૬૩-૧૩-૬ પગાર ખરચ ખાતે ઉધાર
૭૨ ૧૦ ૦ કમીશન ખાતે ઉધાર
૧–૯–૩ પ્રચાર ખરચ ખાતે
૧૯–૨–૦ સાહિત્ય ખરચ ખાતે
૨૩-૧૪-૦ પુસ્તકખરીદી ખાતે
૧૩–૬–૩ પ્રવાસ ખરચ ખાતે
૭૧૯-૧૪-૬ મરાઠી શિક્ષણ પત્રિકા ખાતે
૩૦૧–૭–૯ હિંદી શિક્ષણ પત્રિકા ખાતે
૩૦૯-૧૩-૦ મોન્ટીસોરી પ્રચારમાળા ખાતે
૧–૦–૦ ચંદુલાલ વનમાળીને ખાતે
૭૨–૮–૦ ન્યાલચંદ દુર્લભજીને ખાતે ઉધાર
૦–૬–૬ હરમાનભાઈ એ. પટેલને ખાતે
૫૫૦-૪–૦ શ્રી. ગિજુભાઈ બધેકાના ખાતે
૫૨–૦–૦ વસંત બાલશિક્ષણમાળાના ખાતે
૪૬–૬–૦ શ્રી. ગિજુભાઈ બધેકાના ઉબ-
ળેક ખાતે (પ્રવાસખર્ચ માટે
આપેલ તે)
૨૧–૪–૦ શ્રી. દ. મૂ. મેનેજીંગ ટ્રસ્ટી ખાતે
૩૦–૦–૦ કામવાળી જમનાબાઈ ખાતે
૨૦–૦–૦ પટાવાળા નાનજી કાળુ ખાતે
૦-૧૧-૦ લક્ષ્મીદાસ પરશોતમને ખાતે
૦-૧૩-૩ તારાબેન મોડકને ખાતે

૦-૧૦-૦ મહમદઅલી રતનશીને ખાતે
૧-૦-૦ શંકરભાઈ ગો. પટેલને ખાતે

૧૮૧૧૭-૧૪-૪

૦-૪-૦ પુસ્તકાલય સહાયક સહકારી મંડળના ખાતે ઉધાર

૧૭૯૨૫-૬-૩

૧૯૨-૮-૧ શ્રી સિલિક સાલ આભરની

૧૮૧૧૭-૧૪-૪

શિક્ષણ પત્રિકાના વર્ષ હસમાનું સરવૈયું

જ

૫૪૮૩-૧૧-૨ શ્રી લવાજમ ખાતે જમા
૩૪૬-૧૦-૦ નવમા વર્ષના
૫૦૭૩-૧૪-૮ દસમા વર્ષના
૬૩-૨-૬ જૂના અંકોના વેચાણના

૫૪૮૩-૧૧-૨

૫૧૩-૩-૬ શ્રી વ્યાજવટાવ ખાતે જમા

૫૯૯૬-૧૪-૮

ઉ

૪૨૦૩-૩-૦ શ્રી ખર્ચ ખાતે ઉધાર
૧૮૯૧-૨-૦ છપામણી ખાતે
૯૮-૨-૩ પરચુરણ ખર્ચ
૧૫૧૯-૭-૯ પોસ્ટેજ કન્ટી૦
૫૬૩-૧૩-૬ પગાર ખર્ચ ખાતે
૭૨-૧૦-૦ કમીશન ખાતે
૧-૯-૩ પ્રચારખર્ચ ખા.
૧૯-૨-૦ સાહિત્યખર્ચખા.
૨૩-૧૪-૦ પુસ્તકખરીદીખા.
૧૩-૬-૩ પ્રવાસ ખર્ચ ખા.

૪૨૦૩-૩-૦

૧૭૯૩-૧૧-૮ શ્રી નફા ખાતે જમા

૫૯૯૬-૧૪-૮

બાલસાહિત્ય વાટિકા (સંપાદક ગિજુભાઈ) નાં બીજાં દસ પુસ્તકો

૧૦ બુધા કાકા	(રમણલાલ સોની)	૧૫ ટારઝન ભાગ પહેલો	(શંકર શાહ)
૧૧ ભૂતેર ગલ્પ	(મોંઘીબેન)	૧૬ છ મૂર્ખાઓ	(મોંઘીબેન)
૧૨ ગધેડાનાં પરાક્રમો	(ગિજુભાઈ)	૧૭ તારા અને ગ્રહો	(મગનભાઈ)
૧૩ આપણી લોકકથાઓ	(કમળાબેન)	૧૮ ઋતુના રંગ	(ગિજુભાઈ)
૧૪ ટેકરીની વનસ્પતિ	(ગિજુભાઈ)	૧૯ ગિરીશભાઈની વાર્તાઓ	(ગિરીશ)

ગ્રાહકોની વિગત માટે લખો : શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગર

શિક્ષણ સમાચાર

—પેટલાદ 'નારણભાઈ કેશવલાલ બાલમંદિર' તા. ૯-૪-૩૬ ના રોજ ઊઘડ્યું. આચાર્ય કનૈયાલાલ કે વ્યાસ.

—વડોદરા (૧) મણિબેન પટેલ શ્રી. ચ. મ. ભટ્ટના બાલમંદિરમાં જોડાયાં. (૨) મૂળજી આ. ભક્ત, અલકાપુરી બાલમંદિરમાં જોડાયા. (૩) લીલાબેન પટેલે ચંદ્રશંકરનું બાલમંદિર છોડ્યું.

—બોરસદ મનુભાઈ ભોગીલાલ હવે નૂતન ગુજરાતી શાળામાં જોડાયા.

—બેલૂર જમનાદાસ મૂ. ગાંધી ગુજરાતી શાળા (બેલૂર-બેંગાલ) માં શિક્ષક તરીકે જોડાયા.

—અમદાવાદ (૧) શશિકાન્તા પટેલ-શારદામંદિર છાત્રાલયમાં જોડાયાં. (૨) રૂપાળીબેન પટેલ શારદામંદિરના બાલમંદિરમાં માનદ શિક્ષક તરીકે જોડાયાં. (૩) મનહરલાલ શુકલ ગંગાબાઈ કન્યાશાળામાં શિક્ષક તરીકે જોડાયા.

—મંજુલ ભાઈ અંબાશંકર (અરવિંદ) ત્રિવેદીએ સરસ્વતીસદન છોડ્યું; ભૂજપુર પ્રાથમિક શાળામાં જોડાયા.

—કારવણ ફૂલાંભાઈ પટેલ કારવણ બાલમંદિરના આચાર્ય થયા.

—ઈંદોર (૧) શ્રી મનોરમાબેન જુવેકર મંજુલાશ્રમ બાલમંદિરમાં જોડાયાં. (૨) તુલસાબાઈ નેહે ઇંદોર રાજ્યના કેળવણી ખાતા તરફથી બાલમંદિરનો ખાસ પરિચય લેવા માટે ભાવનગર આવ્યાં છે.

—કોચીન ગુજરાતી વિદ્યાલયના આચાર્યપદે શ્રી. કેશુભાઈ ભાવસાર રૂા. ૭૫) ના પગારથી નિમાયા.

—ભુજ જૈન કન્યાશાળા કોમી મટીને સાર્વજનિક થઈ. હવે પછીથી તેનું નામ 'શેઠ લાલચંદ થાવર સાર્વજનિક કન્યા વિદ્યાલય' રાખવામાં આવ્યું.

—ખંભાત નિર્મળાબેન હીરાલાલ વ્યાસ ગુજરી ગયાં.

—જંગબાર શ્રી. કાંતિલાલ કારિયાને આપણા એજન્ટ તરીકે નીમ્યા.

—શ્રી યુ. બી. વાસવાણી-વિશ્વભારતી શાંતિનિકેતનના જેઓ અગાઉ વિદ્યાર્થી હતા, તેમને 'મૉન્ટીસોરી પદ્ધતિ' હિંદુસ્તાનના દરેક પ્રાંતમાં ફેલાવવા અને તેનો પ્રચાર કરવા ડૉ. મૅરિયા મૉન્ટીસોરી તરફથી હિંદ ખાતેના જનરલ સેક્રેટરી નીમવામાં આવ્યા છે.

બાલસાહિત્ય વાટિકાનાં નંબર ૬ થી ૯ સુધીનાં કુલ ચાર પુસ્તકો ગ્રાહકોને તા. ૨૦-૯-૩૬ સુધીમાં ન મળે તુરત બબર આપવા સૂચના છે.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, ખોજા બિલ્ડીંગમાં પારીઃ ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૧ મું
સંવત ૨૦૯૨

અંક ૮ મો
આશ્વિન

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

તું જો પ્રભુ ન હો તો બાળકોનો પ્રભુ તું થા મા.

તું જો સર્વજ્ઞ ન હો તો બાળકોના અલ્પ જ્ઞાનને હસી કાઢ નહિ.

તું જો સર્વશક્તિમાન ન હો તો બાળકોની અશક્તિઓ ઉપર ચિડાઈ જતો નહિ.

તું જો સંપૂર્ણ ન હો તો બાળકોની અનેક અપૂર્ણતાઓ સામે ક્રોધ કરતો નહિ.

તું જો અપ્રાકૃત અને અક્ષુદ્ર હો તો જ બાળકોની પ્રાકૃતતા અને ક્ષુદ્રતા ઉપર દયા અને ઉદારતાથી જોવાનો દંભ કરજે.

તું પ્રથમ તારી સામે જો અને પછી બાળક સામે જો. તું તારી જાતને સંભાળી લઈશ તો પણ દુનિયાનાં બાળકોનું કલ્યાણ થશે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૧] આશ્વિન ૧૯૯૨ [અંક ૮

હુકમ આપો તે પહેલાં

બાળકોને એમ ન કહો કે આમ કરો, તેમ કરો. તેમને બતાવો અને બોલો કે આ આવી રીતે થઈ શકે છે, આ આવી રીતે થઈ શકે છે.

બાળકો હુકમથી કહીએ છીએ તે કરી શકે નહિ; કરવાની શક્તિ અને વૃત્તિ હોય તો જ તેઓ કહેવા પ્રમાણે કરી શકે. આજ્ઞા આપનારે હમેશાં પ્રથમ શક્તિ અને વૃત્તિ આપવી. આ બે વાનાં હશે તો આજ્ઞાનું પાલન સહજ બનશે.

જો ચાલતાં બરાબર આવડતું હોય તો બાળક પડે નહિ; જો બરાબર વાંચતાં આવડતું હોય તો વાંચવામાં ભૂલ પડે નહિ; જો બરાબર સમજતાં આવડતું હોય તો બેસમજ કે ગેરસમજણ જન્મે નહિ. માટે બાળકને પ્રથમ બરાબર શીખવો. બરાબરની પાછળ બધું આવે છે.

રહસ્ય

નાનામાં નાની બાબતમાં જેઓ રહસ્ય શોધે છે, તેના હાથમાં જ મોટી બાબતોનું રહસ્ય આવે છે. ઝીણામાં ઝીણા પરમાણુમાં જગત આવી જાય છે.

બાળકોને બચાવીએ.

બાળકો પણ સ્વતંત્ર જીવાત્માઓ છે. તેઓ પોતાનું જીવનધ્યેય લઈને જ આ જગતમાં આવ્યાં છે, અને તે સાધવા માટે તેમણે મનુષ્યશરીર તથા આજુબાજુનું વાતાવરણ પસંદ કરેલું છે. આવા સંજોગોમાં કેળવણીકાર કે શિક્ષકનું કર્તવ્ય બાળકોને માર્ગ દેખાડનાર તરીકે તેમના માર્ગમાં આવતા કાંટા કાઢી નાખવા માટે હમેશાં તત્પર રહેવાનું છે.

બાળકો માબાપનાં છે, પણ તે માબાપને ઉપાસનાનું ક્ષેત્ર આપવા માટે છે.

બાળકો સમાજનું અંગ છે, પણ તે સમાજસમૂહને દિન પ્રતિદિન ઉત્તમ કરવા માટે છે. એટલા જ માટે બાળકોના વિકાસમાં પરંપરા, પુરાણપ્રિયતા, રૂઢિ, ધર્માન્ધતા, વહેમ, સમાજની જડતા, રાજકારણ વગેરે આડે આવી શકે નહિ. તેથી જ ધર્મે પણ બાળકોની બાબતોમાં પોતાની તટસ્થતા જાળ-

આનુક્રમણિકા

૧૧૪ હુકમ આપો તે પહેલાં ગિ.
૧૧૪ રહસ્ય . . . . ગિ.
૧૧૪ બાળકોને બચાવીએ . ગિ.
૧૧૬ બે દૃષ્ટિ . . . . શા.
૧૧૭ બાલમંદિરમાં વિજ્ઞાન શં.
૧૧૯ છોકરાં કરતાં કંપહું વધારે! શં.
૧૧૯ કામ અઘરું છે. . . ગિ.
૧૨૦ નવીન શિક્ષકોને . . ગિ.
૧૨૩ જોને દશા! . . . ગિ.
૧૨૪ મારી ભૂલો . . સ્વ. ક.
૧૨૫ પ્રાથમિક શાળાના શિક્ષકે મોકલેલું . . . . ભ.
૧૨૬ અવલોકનો . . . ગિ.
૧૨૬ શિક્ષક ભાઈબહેનો! . ...
૧૨૭ અખિલ ભારત બાલસંમેલન...
૧૨૮ સ્વતંત્ર રાષ્ટ્રીયશિક્ષણ સંમેલન . . . .
૧૨૮ શિક્ષણ સમાચાર . . તં.

વવી જોઈએ. આપણા હાથમાં બાળકોનો માર્ગ સુરક્ષિત રહે તો જ બાળકો વિકાસને માર્ગે છે. આપણે શિક્ષકો તેમ જ આધ્યાત્મિક દૃષ્ટિએ સમજુ લોકો બાળકોના વિકાસના ટ્રસ્ટી માત્ર છીએ. તેમનું જે હિત છે તે જાણવું એ આપણું કામ છે. બાળકો સ્વયં પોતાના જ વિકાસ માટે છે. તેમના સર્વાંગ સુંદર વિકાસનું ફળ સુંદર સંપૂર્ણ સમાજ છે; પણ તેથી જ સમાજ પોતાની રુચિ પ્રમાણે બાલશિક્ષણનું ધોરણ બાંધી શકે નહિ તેમ જ સમાજની રુચિને ખુશી કરવા બાલશિક્ષણનું સુકાન બદલાવાય પણ નહિ.

માબાપો બાળકોને સમજતાં હોત તો તેઓ પરિણામની વાતો કરવાને બદલે વિકાસને જોવા આતુર રહેત; તેઓ બાળકોને સ્વયં-સ્ફૂરિત કામ કરવાના કાર્યમાં કદાપિ પણ વચ્ચે આવવાનો વિચાર સરખો પણ ન કરત; અને આપણે શિક્ષકો પણ સમાજને આપણી સમક્ષ રાખી શિક્ષણ આપવાનો વિચાર કદી પણ કરત નહિ.

બાળક કાંઈ બજારુ ચીજ નથી. તેના આત્માની ઉન્નતિનું માપ બજારે થઈ શકતું નથી. તેની શક્તિનો વિકાસ લોકોને બતાવીએ તો જ તેનું માપ આવે, એમ પણ નથી. લોકો બાળકના વિકાસનાં માપયંત્રો નથી જ. જ્યારે જ્યારે બાળકની શક્તિ બીજા આગળ મૂકવાનું આપણને મન થાય છે ત્યારે ત્યારે આપણે બાળકનો નિર્વ્યાજ સ્વભાવ ભૂલી જઈએ છીએ. બાળક સત્ત્વગુણપ્રધાન છે; તે સ્તુતિનિંદાથી પર એવા વાતાવરણમાં વધારેમાં વધારે આનંદ લઈ શકે છે; આપણે તેને લોકો ખાતર સ્તુતિનિંદાના ક્ષેત્ર પર ખેંચી જઈએ છીએ. તેમની એકાંત શાંત પ્રવૃત્તિમાં ભંગાણ પાડી આપણે તેમને લોકો આગળ ખડાં કરી તેમને સમાજના મનના રંજન માટેનાં પૂતળાં તરીકે ઊભાં કરીએ છીએ.

ઘણા દેશો પોતાનાં બાળકોને સિપાઈઓ બનાવવા માટે ડ્રિલ વગેરે જાહેરમાં કરાવવા માગે છે. જાહેર દેખાવોથી બાળકોને તેઓ બહિર્મુખ કરવા માગે છે. તેઓ બહિર્મુખ માણસોથી આજનું જડવાદી તંત્ર ચલાવવા માગે છે. આ બધી જડવાદની સેવા છે. તેનો આપણે ત્યાં તો ત્યાગ જ હોય. લોકો સાચાં કામની આખરે પરીક્ષા કરી શકે છે, કેમકે સાચની તેટલી શક્તિ છે. પણ તેને માટે રાહ જોવાની છે.

કેળવણીનું કામ ભોંયમાં ઊગવા માટે તૈયાર થતા બીજ જેવું છે. બેડૂત ઉતાવળો થઈ વારે વારે જમીન ખોદીને બી કેટલું ઊગ્યું છે તે જોવા જાય તો એક પણ બી ઊગે નહિ.

આપણામાં રહેલ પ્રદર્શનવૃત્તિને લીધે આપણે બીજાનું પ્રદર્શન ઇચ્છીએ છીએ; એટલું જ નહિ પણ તે જોઈ રાજી થઈએ છીએ. એમાં તો આપણી ન્યૂનતાનો જ દોષ છે. આપણાં માબાપોએ આપણને તેમાંથી બચાવ્યા હોત તો આપણે આપણાં બાળકોને કયારનાંયે બચાવી લીધાં હોત. આપણે આજથી ચેતીએ.

ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

બે દૃષ્ટિ

મારા મામા લાઠીથી સાયકલ ખરીદવા આવ્યા હતા. સાયકલ ખરીદીને આંગણામાં લાવીને મૂકી. સાયકલને જોઈ પાડોશીનાં બાળકો આવીને આમતેમ જોવા લાગ્યાં. કોઈ બાળક ટકોરી વગાડીને સૂર કેવો છે તે કાને સાંભળે, તો કોઈ બાળક તેની સાંકળ ફેરવે. એમાં એક કિસ્સો બન્યો. દસ વરસનાં નણુબેન ચક્કર ફેરવતાં હતાં, ત્યાં ચેનચક્કર વચ્ચે નણુબેનની આંગળી આવી ગઈ. આંગળી કાઢવા માટે ઘણી મહેનત કરે પણ આંગળી કોઈ રીતે નીકળે નહિ. નણુબેન તો રાડેરાડ પાડવા માંડ્યાં. નંદીબેન દોડ્યાં ગયાં: "બા, બા! નણુડીની આંગળી સાયકલમાં આવી ગઈ." હરિબેન દોડતાં આવ્યાં. અમે પણ ઓચિંતાની રાડ સાંભળી સાયકલ પાસે આવી જોયું તો નણુબેન રાડો પાડતાં હતાં.

અમે સાયકલને ઊંચી લઈને ધીરેથી આંગળી કાઢી, ત્યાં તો આંગળીમાંથી લોહીની ધાર થઈ. હરિબેને તો ગાળોનો વરસાદ વરસાવ્યો. કહે: "રાંડ! ત્યાં ક્યાં ભ લે ભરાણી? રાંડ! ભાન વિનાની? આવડી મોટી મારા બાપ જેવડી થઈ છે તોયે ભાન સળગ્યું નથી! હવે મારે આનું શું કરવું?" એમ કહી તેણે ત્રણ ચાર ધબ્બા અને પાટુ લગાવી. મારા મામાને પણ સંભળાવી દીધી: "અહીંથી સાયકલ આઘી જઈને સળગાવવી હતીને? જુઓ છો, છોડીની આંગળી કંપાઈ ગઈ!" પણ હરિબેનને કે કોઈને નણુબેનને પાટો બાંધવાનું સૂઝ્યું નહિ. અમે સ્પિરિટ લાવી પાટો બાંધ્યો. આ બધી ધમાલ સાંભળી એક ડાહીબેન હતાં તે દોડ્યાં આવ્યાં. ડાહીબેન વકીલાતમાં ખૂબ આગળ વધેલાં. નણુબેનનું બાવડું થોભી કહે: "આ આંગળી શું કામ કાપી? આટલો હાથ જ કાપવો'તોને? રાંડ હોળાયા!" એમ કહી દુખતા પર ડામ દઈ ચાલતાં થયાં.

નણુબેન કોઈને પહોંચી શકે તેમ નહોતાં; જે કહે તેનું સાંભળ્યે જ છૂટકો હતો.

પરંતુ મને તો લાગ્યું કે પ્રભુ ગજ ને કાતર લઈને બેઠો છે. કોણ જાણે શું થયું ને ભાનવાળાં હરિબેન તે જ સાંજે દાદરેથી પડી ગયાં. હરિબેન રાડેરાડો પાડે. પાડોશી દોડતાં આવ્યાં: "શું થયું? કેમ કરતાં વાગ્યું?" હરિબેન કોઈને જવાબ આપી શક્યાં નહિ. ઘોડાગાડીમાં બેસારી દવાખાને લઈ ગયા. દાક્તર નહોતા; એકાદ નર્સ હતી. તેણે હરિબેનની તબિયત જોઈ. નર્સનું કહેવું હતું કે "ઝાઝી ઈજા થઈ નથી; હળદર ભરી ધરે શેક કરજો." હરિબેન ત્રણ દિવસ બાદ પડી બેહાં થયાં. પાડોશીએ પૂછ્યું: "કેમ હરિબેન! હવે તો ઠીક છે ને?" હરિબેન કહે: "હા, હવે તો તમ સરખાને પુન્યે સારું છે."

પાડોશી કહે: "તમારાં ઘરડાંનાં પુન્ય ને તમારાં જણ્યાંનાં ભાગ્ય આડાં આવ્યાં!" એમ કહી પાડોશી ચાલતાં થયાં.

મારી કલ્પનામાં જાણવામાં એટલું મળ્યું જે નણુબેનને વાગ્યું ત્યારે ધબ્બા ને ગાળોનો વરસાદ વરસ્યો, ને હરિબેનને દાદરેથી પડ્યાં ત્યારે સગવડતામાં ઘોડાગાડી ને પાડોશીની પૂછપરછ

[અનુસંધાન પાનું ૧૧૭ : બીજું કૉલમ]

બાલમંદિરમાં વિજ્ઞાન : પતંગિયાં

આકડાની ઈયળ. અમારા બાલમંદિરમાં આકડાની ઈયળનાં પતંગિયાં ખૂબ જ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. અમારે ત્યાં પતંગિયાઉછેરમાં મોટે ભાગે આકડાની ઈયળનાં પતંગિયાં જ ઘણાં હોય છે. ચોમાસું શરૂ થાય, બેચાર વરસાદ પડે, એટલે અમે ગધેડિયા ખેતરમાં ફરવા જઈએ. ઘાસની અંદર બાળકો આમથી તેમ દોડાદોડ કરી રહ્યાં હોય. ત્યાં એકાદ બાળક આકડા પાસે જઈ ચડે. આકડા ઉપર ખોળતાં ખોળતાં એકાદ બે ઈયળ તો મળી જ આવે. તરત તે દોડતું દોડતું આવીને કહેઃ "શંકરભાઈ, જયાબેન! જુઓ આ આકડાની ઈયળ." ઈયળને અમે બાલમંદિર લઈ જઈ કાણાં પાડેલી શીશીમાં રાખીએ; ઉપર ચિઠ્ઠી લગાડી ઈયળ પકડ્યાની તારીખ નાખીએ. પછી તો રોજ એને જોઈએ. બાળકો શીશી હાથમાં લઈને બરાબર ધારી ધારીને જુએ. આકડાનું પાન કેટલું ખાધું છે, હવે સૂવાની તૈયારી કરે છે કે નહિ, વગેરેની બાળકોની અંદર ચર્ચા થાય. પછી જૂનું ખાધેલું પાંદડું કાઢી નાખી, એની હગારવાળી શીશી સાફ કરી નવું પાંદડું નાખી એને ફરી પાછી અંદર મૂકવામાં આવે. બીજે દિવસ થાય એટલે પાછો એનો એ જ કાર્યક્રમ. ચાર પાંચ દિવસ થાય એટલે પાંદડાં ખાવાનું કામકાજ જોસભેર શરૂ થાય. જાણે કે ઈયળ પોતાને ઊંઘવાની તૈયારી ન કરી રહી હોય! જાણે કે આઠ દિવસ સુધી ખાવાનું મળવાનું નથી, માટે ધરાઈ ધરાઈને ખાઈ ન લેતી હોય! પછી બીજે દિવસે ઈયળ નાની થતી જાય. ખાવાનું કામકાજ બંધ થાય. પછી તો એનો કોશેટો થઈ જાય ત્યારે ઈયળનું કંઈ પણ નિશાન જણાય નહિ. ઈયળને બદલે શીશીની અંદર એક સુંદર મજાનો નાનકડો કોશેટો ટીંગાતો નજરે પડે.

પણ દરેક ઈયળમાંથી કોશેટો થવા માટે ચાર પાંચ દિવસની જરૂર હોતી નથી. એનો આધાર તો નાની મોટી ઈયળ ઉપર હોય છે. નાની ઈયળ હોય તો કોશેટો થતાં વધારે વખત લાગે; ખૂબ જ નોની હોય તો પાંચ સાત દિવસ નીકળી જાય; મોટી હોય તો બે દિવસની અંદર પણ કોશેટો થઈ જાય. કેટલીક વખત તો આકડાના પાનં ઉપર જ કોશેટો થયેલો હોય છે અને બાળકો એવાં પાંદડાં લઈ આવે છે. પણ કોશેટાવાળાં પાન બહુ ઓછાં હાથમાં આવે છે. કોશેટાનો અને આકડાનાં પાંદડાંનો

બે દૃષ્ટિ [પાનું ૧૧૬ નું અનુસંધાન]

મળી. અમારા લત્તામાં અમને આવું તો ઘણી જાતનું જાણવાનું મળ્યા જ કરે. બે જ

તા. ૩૦–૬–૩૬. તમારા અભણ

શામજીના પ્રણામ.

નોંધ—બાળકો સંબંધે એક દૃષ્ટિ અને પોતા સંબંધે બીજી દૃષ્ટિ, તેનું આ એક દુઃખદ અને કરુણ ચિત્ર છે. માબાપોનો મોટો સમૂહ આવો જ છે. અને એ માબાપો વચ્ચે શિક્ષકોએ કામ કરવાનું છે. પત્ર લખનાર પિતા પોતાને અભણ જણાવે છે, છતાં તેનામાં ઘણી સારી સમજણ છે. આવાં સમજુ માતપિતા આપણા બાલશિક્ષણમાં મોટી સહાય છે. ગિ.

રંગ લગભગ સરખો હોય છે, એટલે કોશેટા જડવા મુશ્કેલ પડે છે.

કોશેટાનો રંગ આછો પોપટી હોય છે. એની વચમાં (બરાબર વચમાં તો નહિ જ, પરંતુ એ જે બાજુએથી ટીંગાય છે તે તરફના ભાગમાં) ચારે બાજુએ સહેજ ઉપસી આવેલો ભાગ હોય છે, અને તેના ઉપર ઝીણાં ઝીણાં સોનેરી ટપકાં હોય છે. આમ તો આખા કોશેટા ઉપર સાવ ઝીણાં ઝીણાં સોનેરી ટપકાંની આછી છાંટ હોય છે. કોશેટો થઈ ગયા પછી આપણે કાંઈ કરવાનું રહેતું નથી. નથી આપણે દરરોજ આકડાનું પાન ખાવા માટે આપવું પડતું કે નથી હગારવાળી શીશી સાફ કરવી પડતી. દરરોજ આવીને શીશી જોવી અને કોશેટામાંથી પતંગિયું ક્યારે થશે તેની રાહ જોવી. એક દિવસ જાય છે; બે દિવસ જાય છે; પરંતુ કોશેટામાં તો કંઈ હલનચલન દેખાતું નથી. એ તો એમ ને એમ ટીંગાયેલો હોય છે જો કોઈક બાળકે જોસથી શીશી હલાવી હોય તો ટીંગાયેલો કોશેટો શીશીની અંદર નીચે પડી જાય છે. નીચે પડી જવાથી કોશેટાને કંઈ ખાસ નુકસાન થતું નથી; મોટે ભાગે તો એમાંથી પતંગિયું થાય છે. કોઈકે વખત કોઈક નાના બાળકે ખૂબ જોસથી શીશી હલાવી હોય અને કોશેટો નીચે પડી ગયા પછી પણ શીશીની સાથે રમત કર્યા જ કરી હોય, તો કોશેટામાંથી પતંગિયું થતું નથી; કોશેટો કાળો પડી જાય છે અને પછી સડી જાય છે.

દિવસ ઉપર દિવસ ચાલ્યા જાય છે. બરાબર સાતમે દિવસે આવીને જોઈએ તો શીશીમાં કોશેટો ન મળે. કોશેટાને બદલે સુંદર મજાનું પતંગિયું શીશીમાં આમથી તેમ ઊડતું હોય છે.

આ પતંગિયાનો રંગ ઘેરો તપખીરિયો હોય છે. એની અંદર કાળાં કાળાં ટપકાં હોય છે; મોઢા આગળ બે મજાની મૂછો (Feelers) હોય છે અને એક સૂંઢ હોય છે. સૂંઢ વડે જ એ ફૂલમાંથી મધ ચૂસે છે.

પણ નવાઈની વાત તો એ છે કે આ પતંગિયાની અને ઈયળની વચ્ચે કંઈ જ સામ્ય લાગતું નથી. ઈયળ તો આકડાનાં જ પાન ખાતી હતી અને પગ વડે ચાલતી હતી; પણ પતંગિયું? પતંગિયું તો ફૂલનું મધ ચૂસે છે અને પાંખો વડે ઊડે છે. પતંગિયાને પાંખો આવી ક્યાંથી? એવી જ રીતે કોશેટા અને પતંગિયા વચ્ચે પણ કંઈ સરખાપણું લાગતું નથી. કોશેટાનો રંગ તો આછો લીલો હતો, તેને બદલે પતંગિયાનો રંગ ઘેરો તપખીરિયો હોય છે. કોશેટા ઉપરનાં સોનેરી ટપકાંનું શું થયું? એ બધાં ક્યાં ગયાં? કેમકે પતંગિયા ઉપર સોનેરી ટપકાં જેવું કંઈ જ હોતું નથી. કોશેટો તો એક જગ્યાએ નિર્જીવની માફક ચોંટી રહ્યો હતો, પણ પતંગિયું તો આમથી તેમ ઊડ્યા જ કરે છે; કોઈ જગ્યાએ સ્થિર થઈને બેસતું જ નથી. કોઈ ફૂલ ઉપર મધ ચૂસવા માટે અડધી મિનિટ ભાગ્યે જ સ્થિર બેસતું હોય! ઈયળ તો જમીન ઉપર ચાલતી હતી, પરંતુ પતંગિયું તો પાંખો વડે આમથી તેમ ઊડાઊડ કરે છે. ઈયળ તો આકડાનું પાંદડું ખાતી હતી, પરંતુ પતંગિયું તો ફૂલમાંથી મધ ચૂસે છે. આ રીતે ઈયળ અને પતંગિયા વચ્ચે કંઈ જ સરખાપણું દેખાતું નથી. પરંતુ એ પણ વાત એટલી જ સાચી છે કે એ જ ઈયળ-

માંથી પતંગિયું બનેલું છે.

પતંગિયાનો રંગ ઘેરો બદામી હોય છે. એના ઉપર કાળાં કાળાં નાનાં મોટાં ટપકાં હોય છે. પતંગિયું થયા પછી અમે એ પતંગિયું બધાં બાળકોને બતાવીએ છીએ. બાળકોને પતંગિયું જોવાની ખૂબ જ મજા આવે છે. કેટલાંક બાળકો શીશી પોતાની પાસે પાંચ-દસ મિનિટ સુધી રાખે છે અને પતંગિયું અંદર કેવી રીતે ઊડાઊડ કરે છે, એના રંગ કેવા છે, એ બધાનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરે છે. બધાં બાળકોએ પતંગિયાને જોયા પછી એને ઉડાડી મૂકવામાં આવે છે, અને શીશી બીજી ઈયળ રાખવા માટે ખાલી થાય છે.

(અપૂર્ણ) શ.

છોકરાં કરતાં કપડું વધારે !

અમારા ઘર સામે એક મોટો લીમડો છે. સારી પેઠે ડાળેપાંદડે પાંગરેલો એ લીમડો છે. ગઈ કાલે એ લીમડા ઉપર ચડવાનો કાર્યક્રમ શરૂ થયો. સૂર્યકુમાર અને બચુભાઈ, ચંદુબેન અને શાંતાબેન, હસુબેન અને રસિકભાઈ બધાં જ લીમડા નીચે ભેગાં થયાં હતાં. સૂર્યકુમારે લીમડા ઉપર ચડવાની શરૂઆત કરી. પછી તો બચુભાઈ પણ ચડ્યા અને ચંદુબેન પણ ચડ્યાં; અને શાંતાબેન અને હંસુબેન પણ ચડવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. ત્યાં તો કોઈકે ઘરમાં મંછાબેનને કહ્યું: "અરે ! પણે લીમડા નીચે તો જુઓ ? આ બધાં ઉપર ચડવા લાગ્યાં."

મંછાબેન રસોડામાંથી બહાર આવ્યાં. એમણે તો તરત જ સૂર્યકુમારને કહ્યું: "જોજે, કપડું ફાટે નહિ." પડખે જ પુરુષોત્તમભાઈ બેઠા હતા. એમણે પૂછ્યું: "કાં મંછાબેન ! કોઈ છોકરું પડી જાય એની ચિંતા કરતાં નથી, ને કપડું ફાટવાની ચિંતા કરો છો ? છોકરાં કરતાં કપડું વધારે, ખરું ને ?" શ.

કામ અઘરું છે.

તમે તમારા બાલમંદિરની જે હકીકત લખી તે જાણી. હવે તમારે તેની પાછળ જ મંડી પડવાનું છે. બાલમંદિર ચલાવવું અઘરું છે. તેમાં રાતદિવસ મહેનત કરવાની છે. મહેનત કરતાં અટક્યા કે ખલાસ !

બાળકો પ્રત્યે ખૂબ સન્માન રાખશો. તેમની પાસેથી જ આપણે જાણી શકીએ છીએ કે આપણામાં કેટલી બધી અપૂર્ણતાઓ છે. જો આપણે તેમની પાસેથી શીખીશું તો જ આગળ વધીશું.

અવલોકન કરવું અને નોંધવું. રાતે વિચાર કરવો કે આવતી કાલે શું કરવું ? વગર તૈયારીએ કદી પણ કામ કરવું નહિ.

વળી અભ્યાસનાં પુસ્તકો પણ વાંચવાં. કોઈની ખટપટમાં કે નિંદામાં પડવું નહિ.

બાળકો જ આપણા દેશની ખરી મૂડી છે. તેથી તેમની જેટલી સંભાળ લેશો તેટલી ઓછી સમજશો. આપણાં સદ્‌ભાગ્યે જ આપણને બાલમંદિરમાં કામ કરવાનું મળે છે. ગિ.

અખિલત્રિવેણી : પંદર ટૂંકી વાર્તાઓ
લેખક : ગિરીશ મ. ભટ્ટ ૦-૧૨-૦ : પો. ૦-૩-૬

નવીન શિક્ષકોને

: ૧ :

ગુણ ઉપર ધ્યાન આપ્યા જ કરો.

આપણે દર માસે ચિત્રો, લેખન, વાચન, ગણિત વગેરેના આંકડાઓ અને સામગ્રીનો સંગ્રહ કરીએ છીએ. આંકડાઓ આપણને કામના પ્રમાણનો સારો એવો ખ્યાલ લેવામાં મદદગાર છે. પણ એની સાથે જ કામમાં ગુણ બરાબર છે કે નહિ તે ઝીણી નજરે જોતા રહેવું. વારંવાર નજર નાખ્યા જ કરવી કે ચિત્રોના લીંટા બરાબર લીંટા જેવા છે કે એ તો માત્ર લીંટા જ છે. પ્રયોગોથી જાણવામાં આવ્યું છે કે યોગ્ય પરિસ્થિતિમાં અમુક ઉંમરે બાળકો અમુક ગુણવાળાં ચિત્રો કરી શકે છે. ચિત્રોના એ ધોરણથી બાળકો નીચે જવા લાગે ત્યારે એમ વિચારવાનું નથી કે "એ તો હવે એવું પરિણામ આવ્યું. જે આવ્યું તે બરાબર જ છે. સ્વતંત્રતા અને સ્વયંસ્ફૂર્તિમાં જે આવીને ઊભું રહે તે સત્ય છે." આ વિચાર ઘણી વાર ભ્રામક હોય છે. ખેડૂત ખેતી કરે નહિ, પાણી પાય નહિ, સંભાળ લે નહિ, મતલબે સારા પાક માટે પૂરતી કાળજી ન લે, તો પાક નબળો આવે તેમાં બીજનો વાંક ન ગણાય. ખેડૂત કહી ન શકે કે એ તો એમ જ થાય. ખેતી ઊતરી જાય છે તેનું કારણ ખેડૂતની ગફલત છે. એક વાર ધઉંના બીજે જેવો સુંદર પાક આપ્યો તેવો બીજી વાર આવી શકે છે. જરૂર છે માત્ર એની એ સંભાળ, અને પરિસ્થિતિની. શિક્ષકોએ પણ જેવો પાક આવે તે જ યોગ્ય પાક છે એમ માનવું નહિ. જો એક વાર સુંદર પાક આવ્યાનું આપણને દર્શન થયું હોય તો તેવો સુંદર પાક કેમ ન આવે? તે બાબતમાં આપણે ખૂબ અભ્યાસ અને અવલોકનથી શ્રમ ઉઠાવવો જોઈએ, અને કામ કરવામાં આપણી ભૂલો કયાં છે તે શોધી કાઢવું જોઈએ. અલબત્ત, બાળકોની રુચિભેદે ગુણવાચક પરિણામભેદ દેખાશે. પણ છતાં આપણા અજ્ઞાન કે ગફલતથી થતું નુકસાન તો નહિ જ થાય. અવાન્તર કારણો કે પરિસ્થિતિ ઉપર ઢોળી દેવાથી ખેડૂતની પોતાની અણઆવડત કે ગફલતનો બચાવ થઈ શકતો નથી. આ વિચાર જેમ ચિત્રમાં સમજવો તેમ જ બીજી બધી બાબતમાં સમજવો જોઈએ.

: ૨ :

શાંતિની રમત

શાંતિની રમત બાલમંદિરોમાં વારંવાર ભુલાઈ જાય છે. અલબત્ત બાલમંદિરોમાં ઘણી નાનીમોટી પ્રવૃત્તિઓ હોય છે અને તેમને પહોંચી વળવાને સમય ઓછો હોય છે. પણ જેમ નાસ્તાની પ્રવૃત્તિ છોડી દેવામાં આવતી નથી, હાથમોં ધોવાનું છોડી દેવામાં આવતું નથી કે ભાગ્યે જ છોડી દેવામાં આવે છે, તેમ જ શાંતિની રમત છોડી દેવામાં ન આવવી જોઈએ.

શાંતિની રમત બાલમંદિરના સમગ્ર વાતાવરણને ઘડવાને અતિ મહત્ત્વની પ્રવૃત્તિ છે. તે એટલા માટે મહત્ત્વની છે કે શાંતિની રમત શાંતિની પ્રેરક છે. શાંત વાતાવરણમાં પ્રવૃત્તિને વિકસવાને પૂરતો અવકાશ મળે છે. આ અવકાશ ઊભો કરવામાં શાંતિની રમત અત્યંત

અગત્યની રમત છે. શાંતિની રમતનું આથીયે વધારે મહત્ત્વ, શાંતિ શું છે તેનો ભાસ બાળકના હૃદયમાં કરાવવામાં છે. ખરી વસ્તુ આંતર શાંતિ છે. ઘોંઘાટ અને ધાંધલમાં બહિર્‌શાંતિનું પણ આપણને ભાન થતું નથી, તો આંતર શાંતિની તો આપણને કલ્પના સરખી પણ નથી. આંતર શાંતિ સાધવા માટે પ્રથમ બહિર્‌ શાંતિની પ્રાપ્તિનું પગલું આવશ્યક છે. આપણી શાંતિની રમત બહિર્‌ જગતમાં શાંતિ આપનારી બને છે; ઉપરાંત તે બાળકને આંતર શાંતિ તરફ પ્રકાશ નાખનાર બને છે. બાળકો જ્યારે શાંતિની રમતમાં તલ્લીન થાય છે ત્યારે, જેમ તેનો કાન જાગૃત થતાં ઝીણામાં ઝીણા અને નાનામાં નાના અવાજો તેને અથડાય છે અને બહિર્‌ શાંતિઅશાંતિ માપવાનાં સૂક્ષ્મ અને તીવ્ર સાધનો તેના કાનમાં ઊભાં થાય છે, તેની સાથે જ તેના અંતરાત્મામાં પણ એક જાતની ઇંદ્રિયો અને મનની શાંતિના સુખ અને આનંદનું પ્રતિબિંબ પડે છે, અને તેથી તેને બહિર્‌ જગતમાંથી વિમુખ થઈ આંતર જગતમાં સ્થિર અને સ્થિત થવાનું મન થાય છે. શાંતિની રમતની છાપને લીધે બાળકો બાલમંદિરનો કે બીજે ક્યાંઈનો ઘોંઘાટ વગેરે પસંદ કરી શકતાં નથી, એટલું જ નહિ પણ તે સહન કરી શકતાં નથી; એટલું જ નહિ પણ જેઓએ આ રમતનો અંદરથી સ્વાદ ચાખ્યો હોય છે તેઓ પોતે ઘણી વાર એકાંતમાં સ્વસ્થ બેસી અંદરમાં થતી શાંતિનો અનુભવ કરતાં જોવામાં આવે છે. આપણે પોતે તેની બહારની સ્વસ્થ સ્થિતિ ઉપરથી કહી શકીએ કે બાળક અત્યારે અંદરની શાંતિમાં છે. આ અંદરની શાંતિમાં બાળક સમતોલ બને છે, તેની સર્વ શક્તિઓ વ્યવસ્થાને પામે છે અને અંતરાત્માનું પ્રતિબિંબ વધારે તેજસ્વી અને ઊંડું પડે છે.

બાળકોના ઘોંઘાટથી આપણે જો ટેવાઈ જઈએ તો આપણે શાંતિની રમત રમાડવાનું ભૂલી જઈએ. આપણે કદી પણ બાળકોના ઘોંઘાટથી ટેવાઈ જવાનું નથી, અથવા તો હત્રે એટલો ઘોંઘાટ તો ચાલે, એમ કહી ચલવી લેવાનું નથી. બાલમંદિરમાં જેટલી સુંદર અને ભવ્ય શાંતિ આવી શકે તેટલી લાવવાને આપણે પદ્ધતિસરના પ્રયત્નો કર્યા જ કરવા જોઈએ.

એક વાત યાદ રાખવી જોઈએ કે ધૂપ, દીપ, શણગાર વગેરે આકર્ષક છે, સૌંદર્યનાં પ્રેરક છે, શાંતિના વાતાવરણને જમાવવા માટે અનુકૂળ છે. પણ એ ભૂલવું ન જોઈએ કે તેઓ ખુદ શાંતિ નથી. શાંતિનું ઉત્થાન કરવા માટે તેમની મદદ લેવી જરૂરની છે; પણ ખરી વસ્તુ શાંતિની જાગૃતિ છે. શાંતિની જાગૃતિ આવ્યા

અરધી કિંમતે

શિક્ષણ પત્રિકાના નીચે મુજબનાં આગલાં વર્ષના પૂરા બાર અંકો અરધી કિંમતે (આઠ આનામાં) મળશે.

વર્ષ ૨, વર્ષ ૬, વર્ષ ૭, વર્ષ ૮, વર્ષ ૯, વર્ષ ૧૦.

વર્ષ ૧ લાના અંકો બિલકુલ નથી.
વર્ષ ૩, ૪, ૫ ના છૂટક અંકો મળશે.
દરેક અંકની કિંમત પોણો આનો.

લખો: વ્યવસ્થાપક શિક્ષણ પત્રિકા
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર,
ભાવનગર

પછી તો શાંતિ સ્વતઃ જ પ્રિય અને આકર્ષક લાગે છે. પછી શાંતિ ઉત્પન્ન કરવાને આવાં સાધનોની જરૂર પડતી નથી. ખરી રીતે તો શિક્ષકની શાંતિની રમતની સાચી સમજણ અને તે રમત બરાબર રમાડવાની આવડત જ સાચાં ઉપકરણો કે સાધનો છે. જો શિક્ષક શાંતિનું રહસ્ય અને અસર જાણતો ન હોય અને શાંતિ તેના જીવનને સ્પર્શી ન હોય તો તે ગમે તેવા શણગાર કે ધૂપદીપ કરશે તો તેથી શાંતિ સ્થપાશે નહિ; પણ ઊલટું આજનાં મંદિરો વગેરેમાં આવાં સાધનોથી અશાંતિ અને બહિર્મુખતા વધી છે તેમ બહિર્મુખતા અને અશાંતિ વધશે. શાંતિ એ માત્ર શિષ્ટાચાર નથી કે આપ્યો આપી શકાય; એ તો અંતરમાં ઉત્પન્ન થઈ વિકસનારું જીવનતત્ત્વ છે, એટલે તે બહારથી આપી શકાય નહિ.

: ૩ :

બાલમંદિરમાં માટીકામ

માટીકામ દાખલ કરવું ખૂબ સહેલું છે, છતાં તે બાલમંદિરમાં ઓછું ચાલે છે. તૈયાર સાધનો મળવા લાગે એટલે શિક્ષકોનું વલણ પણ જરા ઓછું ઉદ્યોગી અને મહેનતુ બની જવાનો સંભવ ખરો; પણ બાલમંદિરોના શિક્ષકોએ રોજ ને રોજ તપાસતા રહેવું કે કઈ પ્રવૃત્તિ રહી જાય છે, ને તેથી કઈ પ્રવૃત્તિને આજે જ ચાલુ કરવી જોઈએ.

માટીકામમાં 'માટી કેવી ને કયાંથી' નો પ્રશ્ન નડે છે. એ નડતર દૂર કરી સારી સુંદર માટી જેઓ મેળવવા માગતા હોય તેમણે પણ જેવી મળે તેવી માટીથી કામ લેવામાં જરા પણ વાર લગાડવી નહિ. સારો ખોરાક મેળવતાં બે દિવસ વાર લાગે એમ હોય છે ત્યાં જેવા મળે તેવા દુકાનના ખોરાકથી પણ આપણે ચલવી લઈએ છીએ. માટી મેળવવાની બાબતમાં ચીકણા રહેવાથી સારી તેમ જ કામચલાઉ બન્ને પ્રકારની માટીના વપરાશથી બાળકોને દૂર રહેવું પડે છે; અને તેના જવાબદાર આપણે શિક્ષકો છીએ.

ખેતરની કે છેવટે રસ્તાની ધૂળ લાવીને પણ આપણે માટીકામ શરૂ કરવું જોઈએ. રાજમહેલ ન મળે તો ઝૂંપડામાં રહીને પણ ટાઢતડકાનું નિવારણ કરી શકાય. ખરાબ માટીમાં કાંકરા આવે, ચીકણી થાય, એ બધું છે; છતાં તેનાં રમકડાં બનાવવાની બાળકોએ કદી ના પાડી નથી. સારામાં સારું ભોજન ન મળે ત્યાં સુધી આપણે આપણાં બાળકોને ભૂખ્યાં રાખતા નથી. માટીકામ માટેની સામગ્રી બહુ થોડી છે. માટીનાં કૂંડાંઓમાં માટીના પીંડા, બાળકદીઠ માટી દેવા માટે રામપાત્રો અને માટીનાં રમકડાં બનાવવા માટે લાકડાનાં પાટિયાંના કટકા, કામ કરીને હાથ ધોવા માટે પાણીની અને હાથ લૂછવા માટે કપડાની સગવડ; વધારામાં તૈયાર થયેલ રમકડાંને મૂકવાની જગા અથવા અભરાઈ કે પાટિયું. તૈયાર થયેલ રમકડાંને પકવીને પાકાં પણ બનાવી શકાય છે.

બાલમંદિરોમાં માટીકામને પૂરતું સ્થાન છે. તેથી હાથના અને આંગળીઓના સ્નાયુઓ મજબૂત અને કસાયેલા થતાં લેખનનું કામ સરલ બને છે. બાળકો પોતાની સૌન્દર્યસર્જનવૃત્તિને રમકડાં બનાવી પ્રગટ કરી શકે છે. રમકડાં દ્વારા બાળકોના અવલોકનનું માપ કાઢી

[અનુસંધાન પાનું ૧૨૩ : બીજું કૉલમ]

જોને દશા !

જેના હાથ નીચે સમગ્ર પ્રજા તૈયાર થાય છે એવા શિક્ષકની દશા જુઓ તો દયા ખાવા જેવી છે. શિક્ષક ગરીબ છે. સાધનસંપન્ન રહિત છે. તેની પ્રતિષ્ઠા શાળાની ચાર દીવાલ માત્રમાં છે. તેની ખાતા પ્રત્યેની તથા ઉપરી પ્રત્યેની વફાદારી ગુલામી લેખવામાં આવે છે.

પ્રજાના આગેવાનોએ ભાવિ પ્રજાને ઉગારવી હોય, બળવાન કરવી હોય, તો તેણે પ્રથમ શિક્ષકનો ઉદ્ધાર કરવો જોઈએ.

શિક્ષકને ઓછો પગાર આપવાથી તે બીજે ત્રીજે ઠેકાણેથી પોષણ અને આનંદ માટે ધન શોધવા નીકળશે. એને પરિણામે તે બહિર્મુખ થશે. શાળાનું કામ તે ઉત્સાહથી કરવાનો નથી. તેનું મોઢું પરીક્ષા સામે જ માત્ર રહે છે: તેનું કારણ તેની બહિર્મુખતા છે. શિક્ષક વિચાર કરે છે: "હું મનુષ્ય છું. મારે ઘરણાર ને છોકરાંછૈયાં છે. મારા પેટમાં પૂરતું અન્ન જોઈએ, મારા શરીર પર પૂરતાં વસ્ત્રો જોઈએ, મારાં બાળબચ્ચાંને પોષણ અને કેળવણી મળવાં જોઈએ."

આવા વિચારો તેના મનમાં ઊગી ઊગીને શમી જાય છે. પછી તે વિચારે છે: "ત્યારે હું શું કરું ? મારે પૈસા મેળવવા જે તે ઉદ્યમો કરવા પડશે. પૈસા માટે હું ઊંચા કે સામાન્ય દરજ્જાના ઉદ્યોગો કરું તો મને કોઈએ ઠપકો આપવો ન જોઈએ. પૈસા માટે હું શાળાને ભૂલી જાઉં તો ભલે મને શાળામાંથી રજા આપવામાં આવે, પણ મને ઠપકો મળવો ન જોઈએ."

અને શિક્ષક નિરાશ થઈ, કર્તવ્યમૂઢ બની, પલોંઠી વાળી શાળાના વિદ્યાર્થીઓને કહે છે: "વાંચો, લખો, ગોખો, પરીક્ષા માટે તૈયાર થાઓ, ટ્યૂશન રાખો; ચાલો, ઝટ કરો. નહિ કરો તો કાન ખેંચીશ; નહિ કરો તો તમાચો મારીશ !"

શિક્ષકની આ દશા સૌ જાણે છે ને સૌ આંખ આડા કાન કરે છે. શિક્ષકની કોને પડી છે ?

લોકો માને છે કે શિક્ષક કારખાના જેવું ઉત્પત્તિનું અંગ કયાં છે ? શિક્ષકમાં રાજકારણી મહત્ત્વનું તત્ત્વ કયાં છે ? શિક્ષક પોલીસ જેટલું લોકોનું રક્ષણ પણ કયાં કરે છે ?

લોકો માને છે કે શિક્ષક છોકરાં સાચવનાર એક ભરવાડ છે; થોડાક પૈસા આપો એટલે ભરવાડ ઢોરાં ચારી આપશે !

લોકોની માન્યતા શિક્ષકને વળગી છે; શિક્ષકની ન્યૂનતાઓથી લોકોની માન્યતાને ઓપ ચડે છે.

લોકો અને શિક્ષકો બન્ને ચેતશે અને શાળાને સમૃદ્ધ બનાવશે ? એમ વખતસર નહિ થાય તો પ્રજાને ભારે ભયંકર નુકસાન થવાનો સંભવ છે. ગિ.

નવીન શિક્ષકોને [અનુસંધાન પાનું ૧૨૨થી]

શકાય છે, તેમ જ તે દ્વારા બાળકોનાં વલણો પણ જોવાની તક મળે છે.

માટીકામની આવડત અને શોખ પાછળ જાતજાતના હુન્નરો તથા કલા રહેલાં છે. માટીકામ દાખલ કરવાથી તેવી વૃત્તિને પોષણ મળે છે અને બાલવિકાસમાં મદદ થાય છે. ગિ.

મારી ભૂલો

હું બાલઅધ્યાપનમંદિરમાં દાખલ થઈ એ તો સ્વેચ્છાથી જ; પરંતુ બાલઅધ્યાપનમંદિરમાં શું કરવાનું હશે એની કશી માહિતી ન હતી. અવલોકનનું કાર્ય પ્રથમ સોંપાયું. મને લાગ્યું કે થોડા દિવસ આ કામ કરવાનું હશે. ઠીક છે, કરીએ છીએ, એ રીતે તે ચલાવતી તેથી કાર્યમાં મંદતા અને જડતા હતી. જડતા એટલે માત્ર સ્થૂળ ક્રિયાઓ જ દેખાતી.

હાથ ધરેલ કામને ઉત્તમ રીતે કરવાની વૃત્તિ તો ખરી જ; પરંતુ ઉત્તમ કાર્ય થવાને માટે જે જિજ્ઞાસાની તીવ્રતા જોઈએ તે ન હતી. જિજ્ઞાસા અને એકાગ્રતાને ગાઢ સંબંધ છે; એટલે પૂરતી જિજ્ઞાસા ન હોવાથી સંપૂર્ણ એકાગ્રતાનો અભાવ હોય એ સ્વાભાવિક છે.

એકાગ્રતા ન હોવાથી અવલોકનમાં મંદતા કે આળસુપણું હતું; તેથી અવલોકનમાં વાસ્તવિકતા ઓછી હતી, અથવા તો એનું હાર્દ નોંધાતું નહિ. ચપળતાના અભાવને લીધે આંખ ઝડપથી ફરી શકતી નહિ. તેથી પ્રત્યેક બાળકના કાર્ય તરફ લક્ષ આપી શકાતું નહિ. મોન્ટીસોરી શિક્ષકની એ મોટી ખામી ગણાય. તેણે તો પ્રત્યેક બાળકની નોંધ લેવી જ જોઈએ. આજે એક બાળકની, કાલે બીજા બાળકની, એમ જો નોંધો લેવાય તો બાળકનો વિકાસક્રમ સમજાય નહિ; ને તેથી તેના માનસને પણ ન જોઈ શકાય.

કદાચ હું એક જ વખતે બધાં બાળકોનું અવલોકન કરું, પરંતુ એક જ ક્ષણે બધાં બાળકોની ક્રિયા ધ્યાનમાં આવી શકતી નહિ. તેથી દરેક કાર્ય કઈ પદ્ધતિથી ચાલે છે, ઝડપ કેવી છે તથા કયા ક્રમે કાર્ય થાય છે, તે સમજાતું નહિ. બાળકની કાર્યપદ્ધતિ જાણવા માટે તેની ક્રિયા જોવી જોઈએ. બીજું બાળકોનું અવલોકન કરવા જઉં ત્યારે બીજી બાજુ ઘણું કામ થઈ ગયું હોય. પરંતુ જો હું ચપળતાથી એકાદ મિનિટ કે તેથી થોડા સમયમાં ચારે તરફ સૂક્ષ્મતાથી આંખ ફેરવી જઉં તો, અનુક્રમે કેવો ફેરફાર થાય છે તે જણાય. આ વખતે મારા પગમાં પણ જોઈએ તેટલી સ્ફૂર્તિ ન હતી. ચારે તરફ ઝડપથી ફરી શકાતું નહિ, એટલું જ નહિ પણ અવલોકનની નોંધને માટે હાથ અશક્ત; અવલોકનના પ્રમાણમાં નોંધ ઘણી જ ટૂંકી; ઘણી બાબતો રહી પણ જાય. આ બધી ખામીઓ એક જિજ્ઞાસાની ખોટને લીધે જ છે. જો અવલોકનમાં સંપૂર્ણ રસ હોય તો ઉપરની દરેક ખામી ધીમે ધીમે સ્વતઃ જ વિદાય માગી લેશે; મંદતાનું સ્થાન ચપળતા લેશે; અને જડતાનું સ્થાન સૂક્ષ્મ દૃષ્ટિ રોકશે.

ઉપરની ભૂલો મારામાં હતી એટલે હવે નથી એમ નહિ; પરંતુ તેમાં કિંચિત સુધારો થયો છે.

અવલોકનકાર શિક્ષકે ભીંતની માફક તટસ્થ રહેવું. માત્ર જરૂરને પ્રસંગે ઉચિત પ્રમાણમાં પ્રેમ પ્રદર્શિત કરવો. વ્યાજબીથી વધારે હોય તો તેને સૂક્ષ્મરૂપે રાખવો, પરંતુ વ્યક્ત તો ન જ કરવો; અને જો તે વ્યક્ત કરાય તો મોટી ભૂલ ગણાય. એથી આપણે અવલોકનકારના સ્થાનથી ચ્યુત થઈએ, એટલું જ નહિ પણ તેથી બાળકોને

પણ નુકસાન થાય. આવી જ ભૂલ મેં કરી છે. બાળક સાથે બાળક થવું એ તો કિન્ડરગાર્ટન પદ્ધતિ–પરપ્રાણપ્રેરિત, એમ સમજવા છતાં ભૂલ થતી. બાળકની અમુક ક્રિયા જોઈ તે પર, મત બાંધી બેસતી; પરંતુ એમ સમજણ ન હતી કે એ ક્રિયા તે સ્વયંસ્ફૂરિત છે કે અન્ય કારણને લીધે છે. એ ક્રિયા સ્વભાવગત હોઈ વારંવાર થાય છે કે નહિ તે તપાસવાની ધીરજ ન હતી.

બાળકોની ક્રિયાઓ ઉપર એકદમ અનુમાન કરવાથી આપણાં અવલોકનોમાં તેની છાયા આવી જાય છે; ને તેથી પરિણામે સત્ય અનુમાન કરી શકાતું નથી.

અવલોકનની નોંધમાં ચોકસાઈનો અભાવ, બાળકોની વાસ્તવિક ક્રિયામાં મરચું-મીઠું ભભરાવી નોંધને રસિક કરવાનો ખોટો ડોળ; તેમાં ચોકસાઈ તો કયાંથી જ હોય ? અવલોકન વૈજ્ઞાનિક દૃષ્ટિથી થવું જોઈએ; જે હોય તેવું યથાસ્થિત સંપૂર્ણ ચોકસાઈથી કરેલું જોઈએ; અને તેથી નોંધ પણ ચોક્કસ શબ્દોમાં આવવી જોઈએ. જ્યાં ચોકસાઈ નથી ત્યાં એ દૃષ્ટિનો પણ અભાવ જ છે, એ સ્વતઃ સમજાય છે.

આપણને બીજાનો આનંદ ખૂંચવી લેવાનો શો અધિકાર છે? છતાં આપણા જીવનમાં ઘણીયે એવી ભૂલો કરી બેસીએ છીએ કે જે આપણે નથી જાણતાં. મારી એવી જ એક ભૂલ મને સમજાઈ છે.

એક બેન ગણિતનો કોઠો બનાવતાં હતાં. મનમાં મનમાં ગણતાં જાય અને કોઠો બનાવતાં જાય. વચ્ચે કોઈ કોઈ ભૂલો પણ થતી; પરંતુ વિચાર કરી પાછી તે સુધારતાં. કોઠો પૂરો થવાના અંતમાં સંખ્યા ગણવામાં મુશ્કેલી પડતી. આ જોઈ મેં એ મુશ્કેલી દૂર કરવા માટે સાધન આપી દીધું. સાધન વિના જ પોતાની મેળે એ બેન તે મુશ્કેલી દૂર કરી શકત; પરંતુ મેં તેનો આનંદ વચ્ચેથી જ દબાવી દીધો. મુશ્કેલીથી પૂર્ણ કરેલા કામમાં આપણે કેવાં આનંદિત થઈએ છીએ ? સરલતામાં એ આનંદ નથી એ સાને અનુભવસિદ્ધ હશે જ. સ્વ૦ ક૦

પ્રાથમિક શાળાના શિક્ષકે મોકલેલું.

શિયાળાના બપોર હતા, પણ તડકી જરા આકરી પડતી હતી. હું બહાર જવા નીકળ્યો હતો. શાળા વચ્ચે આવતી હતી.. મારા તાનમાં મશગૂલ હતો.

ત્યાં ફટ...ફટ...ફટ અવાજ થયા. કર્ણેન્દ્રિય સતેજ બની. બારીમાંથી ડોકિયું કર્યું ત્યાં શિક્ષક ને તેની મિત્રમંડળી સોડા-લીંબુ પીતી હતી, ગમ્મત ઉડાવતી હતી, બજરના ફડાકા મારતી હતી. વિદ્યાર્થીઓ બકાલીઓના અવાજનું અનુકરણ કરતા હતા. મોટા અને મોટા અવાજે કરી સમજ્યે વગરસમજ્યે 'લેસન તૈયાર' કરતા હતા.

માસ્તર જાણે છોકરાઓ ભણે કે ન ભણે, આપણા પગારમાં એક રૂદિયું ક્યાં ઓછું થાય એમ છે ? એ ભાવના સેવતા હશે !

પણ મારું દિલ ચિરાતું હતું. મનમાં તરંગો ઊઠતા હતાઃ "આ શાળાના રંગ ને શિક્ષકોના આ ઢંગ વચ્ચે કેવું ભણતર ભણાતું હશે ? વિદ્યાર્થીના બાલમાનસ પર બાટલીઓના અવાજો ને મંડળીનાં ટોળટપ્પાં કેમ, કેવી ને કઈ

રીતની છાપ પાડતાં હશે ? માબાપોને 'પોતાનાં' ની પડી નથી, ત્યાં આ ભાડૂતી પંતૂજીને બિચારાને તો ક્યાંથી પડી હોય ? એને તો કટકટ વાંચી જાય, મોઢે તડતડ પ્રશ્નોના ગોખણિયા

બાળજાતની શોધમાં હવે પ્રગટ થશે.

જવાબ આપી જાય, પરીક્ષા વખતે ઉપરી આવી લાડવા ઉડાવી જાય ને પરિણામ સારું આવી જાય તો બસ !" ભ.

અવલોકનો

શાંતાબેન ગઈ કાલે બાલમંદિરમાં દાખલ થયાં. તેના કાને ઘણી બધી રૂપાની વાળીઓ હતી. તેણે બીજાં બાળકોને કાને વાળી વિનાનાં જોયાં. ઘેર જઈ તેણે પોતાની બાને કહ્યું: "બા ! આ વાળીઓ મને નથી ગમતી. કાઢી નાખ."

બીજે દિવસ શાંતાબેનના કાન વાળી વિનાના હતા.

* * *

નવા આવેલ ચંદ્રકાંતભાઈ એ પાણી પીને એંઠું પાણી ગોળામાં જ નાખ્યું. જૂનાં બાળકો આજુબાજુ ઊભાં હતાં; તેમાંના એક જણે આવીને કહ્યું: "શંકરભાઈ ! આ ચંદ્રકાંતે એંઠું પાણી ગોળામાં રેડ્યું."

શંકરભાઈ એ કહ્યું: "એ ભાઈને તમે બતાવોને કે પીધેલ પાણી ક્યાં નખાય ?"

બેચાર દિવસમાં એંઠું પાણી ક્યાં નાખવું તે ચંદ્રકાંતે જાણી લીધું. થોડા દિવસમાં રવિશંકર દાખલ થયા. ચંદ્રકાંત પેઠે તેણે પણ પીધેલ પાણી ગોળામાં નાખ્યું. ચંદ્રકાંત ત્યાં જ ઊભા હતા; તેણે રવિશંકરને બતાવ્યું: "જુઓ, આવું એંઠું પાણી ગોળામાં ન નખાય. આ પાણી આ ડબલામાં નખાય." રવિશંકરને ચંદ્રકાંતે કાયમનો પાઠ આપી દીધો.

* * *

નવા દાખલ કરેલ બાળકને હેળવવા તેના પિતાજી સાથે આવતા હતા. એક બે દિવસમાં તે થાકી ગયા. ત્રીજે દિવસ બાળકને બાલમંદિરમાં મૂકી "હમણાં આવું છું." એમ કહી ચાલ્યા જ ગયા. બાળક તેની રાહ જોતું રહ્યું. થોડી વારે તે રડવા લાગ્યું. તપાસ કરતાં માલૂમ પડ્યું કે બાળકને ફોસલાવીને તેના બાપા ચાલ્યા ગયા છે. રડતું બાળક કેમે કરી છાનું રહે જ નહિ. આખરે તેને બાઈસીકલ પર તેને ઘેર પહોંચાડવું પડ્યું. બીજે દિવસથી બાળક બાલમંદિરમાં આવતું વટકયું, તે પાછું મહાયત્ને આવવા લાગ્યું.

શિક્ષક ભાઈ બેનો

તા. ૮–૯–૧૦ નવેમ્બરના દિવસોએ શ્રી. હંસાબેન મહેતાના પ્રમુખપણા નીચે હૈદ્રાબાદ (સિંધ) માં અખિલ ભારત બાલસંમેલન છે.

આપ પોતે અથવા બાળકો સાથે આપ, એ સંમેલનમાં પધારશો તો આપણા શિક્ષણના અને બાલસેવાના કાર્યને સારો એવો લાભ થશે.

જે માબાપો પોતાનાં બાળકોને આપની સાથે મોકલવા માગે તેઓનાં બાળકો આપ સાથે લાવી શકો છો.

આ બાબતમાં વધુ માહિતી માટે પુછાવો

શ્રી. ગિજુભાઈ

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

અખિલ ભારત બાલસંમેલન

અખિલ ભારત બાલસંમેલન નવેમ્બરની ૮, ૯, ૧૦ તારીખોએ હૈદ્રાબાદ (સિંધ) માં ભરાશે. પ્રતિનિધિઓ તેમ જ પ્રેક્ષકો મુંબઈ તેમ જ બીજી જગ્યાએથી તા. ૧ લી નવેમ્બરે રવાના થશે. તેઓને માટે કરાંચી, સક્કરબેરેજ, લારખાના અને મોહન-જો-ડેરોનો પ્રવાસ ગોઠવવામાં આવ્યો છે. સિંધ આવેલી મંડળીઓ ૧૩ મી નવેમ્બરે મોડામાં મોડી પોતપોતાને ઘેર દિવાળી પ્રસંગે પહોંચી જશે.

મુસાફરીનું ભાડું, રહેવાનું, ખાવાનું, જોવાનું, રમતોની ફી વગેરેનું અંદાજ ખર્ચ બાર વર્ષ સુધીના બાળકો માટે રૂ. ૨૦) થશે અને ૧૨ થી મોટી ઉંમરનાં કુમારકુમારીઓ માટે તેમ જ મુંબઈથી આવતાં મોટાંઓને માટે અંદાજ રૂ. ૩૫) થશે. બીજી જગ્યાઓથી આવનાર માણસોનું ખર્ચ પ્રમાણમાં વધતું ઓછું થશે. ભારપૂર્વક જણાવવાનું કે જ્ઞાતિ, વર્ણ, ધર્મ, અથવા જાતિભેદ વિના સૌ કોઈ આ સંમેલનમાં હાજરી આપી શકશે. હૈદ્રાબાદ (સિંધ) તેમ જ બીજી જોવાની જગ્યાઓએ રહેવા-ખાવાની સારી વ્યવસ્થાઓ કરવામાં આવશે.

સંમેલન અને પ્રવાસ ઉપરાંત રમતગમત તેમ જ નાટ્યપ્રયોગોનો સુંદર કાર્યક્રમ ગોઠવવામાં આવેલ છે. આ કાર્યક્રમોમાં બાળકો પોતાની શક્તિઓ બતાવી શકશે. આ વખતે બાળકોએ તેમ જ બાળકો માટે બનાવેલ પદાર્થો અને વસ્તુઓનું એક પ્રદર્શન ભરવામાં આવશે. કુમારો અને કુમારિકાઓ પોતે તૈયાર કરેલાં ચિત્રો, ભરતગુંથણ કામ, રમકડાંઓ, કાગળનાં રમકડાંઓ વગેરે વગેરે પ્રદર્શનમાં મોકલી શકશે અને ઈનામ મેળવી શકશે. મોકલનારે પોતાની ઉંમર, જાતિ તેમ જ સંપૂર્ણ સરનામું વસ્તુ સાથે મોકલવું. પ્રસંગ પૂરો થયે માલિકોને વસ્તુઓ સહીસલામત પાછી પહોંચાડવામાં આવશે.

આશા રાખવામાં આવે છે કે આ તંદુરસ્ત અને આનંદદાયક કેળવણી વિષયક પ્રવૃત્તિમાં રસ ધરાવતા સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ તેમ જ શાળાઓના બધા શિક્ષકો પોતાનાં બાળકોને સંમેલનમાં મોકલીને અગર પોતે જાતે બાળકોને સંમેલનમાં સાથે લાવીને કાર્યકર્તાઓને મજબૂત સાથ આપી સંમેલનને સંપૂર્ણ રીતે ફતેહમંદ બનાવશે.

નીચેનાં સ્થળો અને સદ્‌ગૃહસ્થો પાસેથી પત્રવ્યવહારથી અથવા રૂબરૂ મળીને વિશેષ માહિતી મેળવી શકાશે:—

૧ મુંબઈ અને પરાંઓ: શ્રી. એમ. જે. પરમાર તથા મિસિસ હર્ષદા દિવાનજી c/o શારદામંદિર ૧ લો રસ્તો, ખાર, મુંબઈ.

૨ ભાવનગર અને આજુબાજુ: શ્રી. ગિજુભાઈ બધેકા, શ્રીદક્ષિણામૂર્તિબાલમંદિર, ભાવનગર.

૩ દિલ્હી અને આજુબાજુ: શ્રી. આર. રમણ, તંત્રી ચિલ્ડ્રન્સ ન્યુઝ, ચરખાવાલાન, દિલ્હી.

૪ સિંધ અને બીજા પ્રાંતો: ડૉ. જી. એફ. લાખાણી અને મિસ આણંદીદેવી ખેમચંદ; ઠે. નારાયણ બિલ્ડીંગ, હીરાબાગ, હૈદ્રાબાદ, (સિંધ).

શિક્ષણ સમાચાર

—કરાંચી 'નવયુગ–શિક્ષણસંઘ' તરફથી એક નવું બાલમંદિર ઊઘડ્યું. ઉઘાડનાર જમશેદ મહેતા; સંચાલક કેશવલાલ મો. દોશી.

—સોરો શ્રી. નારણભાઈ, સોરા જિલ્લે બાલાસોરના એક શ્રીમાનને ત્યાં ગૃહશિક્ષક તરીકે જોડાયા.

—પોરબંદર પોરબંદર સ્ટેટ તરફથી નવું બાલમંદિર ઊઘડ્યું તેમાં ભગવાનજી ભી. શાહ, અને વિનોદિની શાહ જોડાયાં.

—નડિયાદ ઘનશ્યામ વ્યાસ નાડયાદના 'સ્વ૦ કુ૦ બા૦ સ્મા૦ બાલમંદિરમાં જોડાયા.

—કોચીન ડાહીબેન ગોર, જગન્નાથ ગોર અને કાન્તાબેન ભાવસાર કોચીન ગુજરાત વિદ્યાલયમાં નિમાયાં.

—અમદાવાદ એલીસબ્રિજમાં 'અભય–નિવાસ' નામની સંસ્થા ઊઘડીઃ તા. ૩૧–૮–૩૬. આ પ્રસંગે હરભાઈનું વ્યાખ્યાન થયું હતું.

—ભાવનગર શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં તા. ૫–૧૧–૩૬ થી દીવાળીની લાંબી રજાઓ લગભગ એક માસ માટે પડશે.

—સુરત કેળવણીમંડળ હસ્તક ચાલતા બાલમંદિરનો પ્રથમ વાર્ષિકોત્સવ શ્રી. સવિતાબેન ત્રિવેદી (અમદાવાદ શારદામંદિરવાળાં) ના પ્રમુખપણા નીચે ઉજવાયો.

સ્વતંત્ર રાષ્ટ્રીય શિક્ષણસંમેલન

સ્થળ, ભારત વિદ્યાલય–કરાડી

તારીખ ૨૯–૧૦–૩૬

ગુજરાત કાઠિયાવાડની બિનસરકારી પ્રાથમિક અને માધ્યમિક સ્વતંત્ર રાષ્ટ્રીય શિક્ષણસંસ્થાઓનું એક સંમેલન તા. ૨૯–૧૦–૩૬ ના રોજ ભારત વિદ્યાલય, કરાડી (સુરત જિલ્લો) માં શ્રી. હરભાઈ ત્રિવેદીના પ્રમુખપદે ભરવાનું નક્કી કર્યું છે.

રાષ્ટ્રીય શિક્ષણસંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો, સંચાલકો તથા રસ ધરાવતા ગૃહસ્થો સંમેલનમાં ચર્ચવાના પ્રશ્નો તથા તેની કાર્યદિશાનાં સૂચનો મોકલી આપી પૂરતો સહકાર આપે. આવું આ પ્રથમ સંમેલન છે, એટલે તેને સફળ કરવા સૌએ પ્રયત્ન કરવાનો છે.

તા. ૩૦ મીએ સંસ્થાનો ૧૬ મો જન્મોત્સવ શ્રી. હરભાઈના પ્રમુખસ્થાને ઊજવવાનો છે.

પત્રવ્યવહાર કરવાનું સ્થળઃ શ્રી. મણિભાઈ પટેલ, કરાડી, તાલુકે જલાલપોર, જિલ્લે સુરત.

સૂચનાઃ બાલસાહિત્ય વાટિકાનાં નંબર ૬ થી ૯ સુધીનાં પુસ્તકો બાલસાહિત્ય વાટિકાનાં ગ્રાહકોને જ આપવાનાં હતાં. સમજણફેરથી શિક્ષણ પત્રિકાનાં ગ્રાહકોએ તે પુસ્તકોની માગણી કરી છે. આ પ્રમાણે જેમની ભૂલ થઈ હોય તે ભાઈ–બહેનોને આથી ખાતરી થાય કે એ પુસ્તકો શિક્ષણ પત્રિકાનાં ગ્રાહકોને આ[illegible]નાં નહોતાં.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, ભાજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૧ મું
સંવત ૧૯૯૩

અંક ૯–૧૦ મો
કાર્તિક–માર્ગશીર્ષ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

એક નાલાયક બાળકને માટે તેની મા જ માત્ર જવાબદાર નથી. પણ તેની માની મા અને તેનીયે મા જવાબદાર છે.

એક નાલાયક બાળકને માટે તેનો પિતા જ માત્ર જવાબદાર નથી. પણ તેના પિતાનો પિતા અને તેનોય પિતા જવાબદાર છે.

કોઈ એક ઉતરી ગયેલી પ્રજાની જવાબદારી તેની પાંચદસ પૂર્વ પેઢીઓને માથે છે.

કોઈ એક ઉતરી ગયેલા દેશની જવાબદારી તેના પાંચ દસ પૂર્વ રાજતંત્ર અને સમાજતંત્રની ઉપર છે.

પૃથ્વીની પડતીની જવાબદારી છેલ્લામાં છેલ્લાં માણસોને માથે નથી પણ પહેલામાં પહેલા માણસને માથે છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૧] કાર્તિક–માગશીર્ષ ૧૯૯૩ [અંક ૯–૧૦

બાળકોની સરલતા

બાળકો આપણી સાથે વાતચીત કરવાને ઇંતેજાર હોય છે. તેઓ એટલાં બધાં સરલ હોય છે કે પોતાનું હૃદય પૂરેપૂરું આપણી આગળ મૂકી શકે છે.

આ સરલતાને સંત પુરુષની સરલતા સાથે સરખાવી શકાય.

આપણી બીકને લીધે, આપણાં દુન્યવી ધોરણને લીધે બાળકમાં ધીરે ધીરે અસરલતા પ્રવેશ કરે છે.

આપણે મોટાંઓ સરલતાનાં શાબ્દિક વખાણ કરીએ છીએ, તેનું કાવ્ય રચીએ કે કલ્પીએ છીએ પણ સરલતાને જીવનમાં જોવા માગતાં નથી.

બાળક આપણી મનોવૃત્તિ સમજી લઈ આપણા જ માર્ગે અનુસરે છે. ગિ.

બાનદાનીની બૂબી

બાળકોને બાનદાની શીખવવા માટે માબાપે બાનદાન થવું જોઈએ.

તે માતાપિતા બાનદાન છે કે જે પોતાનો સ્વાર્થ આગળ ન ધરતાં બીજાનો સ્વાર્થ આગળ ધરે છે.

ઘરમાં પણ જે માબાપ પોતા માટે નહિ પણ બીજા માટે જીવે છે તે પોતાનાં બાળકોને બરી બાનદાનીનો પાઠ શીખવે છે. ગિ.

સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિ

બાળકોને સ્વાતંત્ર્ય આપતાં, સ્વાતંત્ર્યના ઉપભોગમાંથી તેઓ ભ્રષ્ટ થાય કે વિમુખ થાય તેવું સ્વાતંત્ર્ય સ્વાતંત્ર્યના નામને પાત્ર નથી. તેને સ્વાતંત્ર્ય કહેનાર સ્વતંત્રતાનો અર્થ જાણતાં નથી. તેઓ આત્મવંચના સાથે લોકવંચના કરે છે.

વળી સ્વયંશિક્ષણનો અર્થ એવો નથી કે દરેક વસ્તુ બાળકે જાતે જ શોધીને તે શોધ દ્વારા શિક્ષણ લેવું જોઈએ. અલબત્ત સર્જન કરવામાં બાળકને સ્વાતંત્ર્ય

અનુક્રમ

૧૩૦ બાળકોની સરલતા . . ગિ.
૧૩૦ બાનદાનીની બૂબી . . ગિ.
૧૩૦ સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિ ગિ.
૧૩૧ પ્રાણની શક્તિ . . . ગિ.
૧૩૨ ત્રણ અવલોકનો. . . ન.
૧૩૪ બાલમંદિરમાં વિજ્ઞાન . શં.
૧૩૫ રામભાઈનાં ચિત્રોનું અવલોકન. . સ્વ. ક.
૧૩૮ વિક્ટોરીઆ પાર્કમાં બાળકોનાં નાટકો . વિ.
૧૩૯ મોન્ટીસોરી સાધનોની બૂબી . . . વિ. ચ.
૧૪૧ અમેરિકન માતાના અનુભવમાંથી . . શં.
૧૪૩ રોજનું દુઃખ. . . . ૩.
૧૪૪ અમારી ધૂળી નિશાળ . અ.
૧૪૬ ડો. મોન્ટીસોરી અને વિકાસ . . . વિ. ચ.
૧૪૮ પત્રવ્યવહારમાંથી. . . ...
૧૫૭ નોંધપોથીમાંથી . . . ક્ર.
૧૫૯ નિશાળમાં મો. ધ.
૧૬૦ અવલોકનો . . . ગિ.
૧૬૦ શિક્ષણ સમાચાર. . . તં.

અને સ્વયંસ્ફૂર્તિ સંપૂર્ણપણે આપણે જ છૂટકો છે. પરંતુ સર્જનનો માર્ગ તો આપણે જ બતાવવો જોઈએ. જે વસ્તુ જગતે શોધીને સિદ્ધ કરી છે, તે જ શોધને સિદ્ધ કરવા જેટલું લાંબું આયુષ્ય બાળકનું નથી. શોધના લાભોથી આગળ વધવા માટે જ જીવન અને તેના પ્રયત્નો હોઈ શકે છે.

ગિ.

પ્રાણની શક્તિ

મોટાંઓ એ ઉત્સાહ નથી સમજી શકતાં. બાળકોના ગાઢ પરિચય વિના, તેમના પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વિના, તેમના પ્રત્યે જવાબદારીભરી સન્માનવૃત્તિ વિના, એ ઉત્સાહ સમજી શકાય તેમ નથી.

આ ઉત્સાહ તે કામ કરવાનો ઉત્સાહ છે. બાળકો એટલે પ્રવૃત્તિનું પ્રતીક. આ વિચારકલ્પના નથી પણ વાસ્તવિકતા છે. ઘડીભર પણ છૂટાં મૂકેલાં બાળકોને જોવાથી આ વાતનું દર્શન થશે.

બાળકોને ફરવા લઈ જાઓ. હાથમાં ઝાલ્યાં રહેશે નહિ અને આપણી આગળ ને આગળ ચાલ્યાં–દોડ્યાં જશે.

બાળકોને ઝાડે ચડવાની રજા આપો. અહીંથી તહીં અને તહીંથી અહીં તેઓ ચડઉતર કર્યાં જ કરશે.

બાળકોને ખડ કાઢવાનું મળશે તો તેઓ ઘણું બધું ખડ ચૂંટી કાઢશે. ખડનો નાનો એવો ઢગલો કરી નાખશે.

બાળકોને ભંડક અને ટેબલો સાફ કરવા રજા આપીએ તો તેઓ હોંશે હોંશે કેટલોયે વખત સાફસુફ કર્યાં જ કરશે.

બાળકોને નદીના પટમાં વીરડા ગાળવાનું અને નદી, તળાવ, બેટ કરવાનું મળશે તો તેઓ કલાકોના કલાકો સુધી તેમ કરશે.

બાળકોને દરિયા કિનારાની રેતીમાં કૂબા કરવાનું અને કિલ્લા કરવાનું જડશે તો તેઓને ખબર નહિ પડે કે સવારનો સૂરજ માથે ક્યારે આવ્યો ને આથમણો ક્યારે નમ્યો.

બાળકોને બાગ બનાવવાનું, ધોરિયા કરી નાનાંનાનાં ઝાડોને પાવાનું મળશે તો તે કામમાં તેઓ ખાવાપીવાનું પણ ભૂલી જશે.

બાળકોને સારી સારી ચોપડીઓ મળશે તો માબાપ બાઈપીઢને સૂઈ જશે તો પણ બાળકો વાંચતાં રહેશે.

બાળકોને લખવાનું મન થશે તો તે વખતે ફટલાયે કાગળો અને પાઠો લખી નાખશે.

એમ જ બાળકોને ચિત્ર કાઢવાની ઊર્મિ આવશે તો સેંકડો ચિત્રો તેઓ કાઢી નાખશે.

બાળકોમાં અદ્ભૂત બળવાન પ્રાણ છે. એ પ્રાણની શક્તિને જેઓ પિછાણે તેઓ વીજળી કરતાં પણ વધારે બળવાન શક્તિને પિછાણે છે. માત્ર આ પ્રાણને સંચલિત કરીને જેઓ પ્રાણના વર્ધન અને વિકાસ માટે યોજના કરે છે તેઓ પ્રાણનું દર્શન અને પ્રાણનું ઉદ્ધરણ હાંસલ કરી શકે છે.

બાળકોને સ્વતંત્ર પરિસ્થિતિમાં મૂકીએ અને તેના પ્રાણને નિહાળીએ.

ગિ.

ત્રણ અવલોકનો

: ૧ :
ઘૂંટણિયાં

બાલમંદિરની બહારની મોટી ગેલેરીમાં પાંચ છ નાનાં બાળકો ભેગાં થયાં હતાં. બાળકોની ઉંમર આશરે ૪–૪॥ વર્ષની હશે એ બધાં અંદરનું–ઓરડાનું કામ કરીને બહાર જરા આરામ લેવા આવ્યાં હતાં. થોડી વાર પછી એક બાળકે કહ્યું: "ચાલો, 'ફેરફુદરડીનું' ગીત ગાઈએ." એ બધાં બાળકો ફેરફુદરડીનું ગીત ગાવા લાગ્યાં અને એની સાથે એનો અભિનય પણ કરવા લાગ્યાં. થોડી વાર પછી 'પડી જવાની ક્રેવી મજા' એ પંક્તિની સાથે પડી જવાનો અભિનય કરવા લાગ્યાં. પણ થોડી વાર પછી આ અભિનયમાંથી અને ખાસ કરીને પડી જવામાંથી એક બીજી રમત જન્મી અને તે ઘૂંટણીએ પડીને ચાલવાની. બધાં બાળકો એક લાઈનમાં માથું હલાવતાં હલાવતાં ઘૂંટણીએ પડીને ચાલવા લાગ્યાં. આ રમતમાં એમને એટલી બધી મજા પડી કે વાર્તા સાંભળવાનો વખત પૂરો થઈ ગયો, નાસ્તો કરવાની તૈયારીનો વખત પણ થઈ ગયો. પણ આ રમત ચાલુ જ રહી. આ રમતમાં બાળકોને શારીરિક વિકાસ ખૂબ સુંદર મળે છે. ઘણીવાર કેટલાએક શિક્ષકો અને માબાપો, બાળકો રીતસરનું કામ છોડીને આમ રમતો રમે એ અટકાવે છે, અથવા એને બીજાં બૌદ્ધિક કામકાજોમાં દોરે છે. પણ એ વાત ઠીક નથી. નાનાં બાળકોને આવી દેખીતી રીતે ઉદ્દેશ હીન અને માત્ર વ્યક્તિગત રમતો રમવા દેવી જોઈએ. એમાં એમનો શરીરનો વિકાસ રહ્યો છે.

: ૨ :
બંગલો તોફાન કરે છે.

ગઈ કાલે એ બાળકોને હું બંગલો બનાવી દેખાડતો હતો. લાકડાંના બંગલા બનાવવાના કટકાથી એ બંગલો બનાવવાનો હતો. મેં બે લાકડાં ઊભાં અને એક આડું એમ મૂકીને એક દરવાજો બનાવ્યો. તેની ઉપર એક બીજો કટકો મૂકવા જઉં છું ત્યાં તો એ દરવાજો સમતોલતાના અભાવે કે પછી નીચલી જમીન ઊંચીનીચી હતી એટલે, પડી ગયો. મેં એ દરવાજો ફરી બનાવ્યો. ફરી એ પડી ગયો. ત્રીજી વાર મેં લાકડાં ગોઠવ્યાં અને ત્રીજી વાર પણ પડી ગયો. મને સ્પષ્ટ દેખાતું હતું કે બંને બાળકો સહેજ અધીરાં અને નિરાશ થયાં છે. મેં ફરી એક લાકડું લઈને ઊભું કર્યું પણ એય પડી ગયું.

હવે આમાંથી એક બાળકની ધીરજ ખૂટી. એ કહે: "આ બંગલો બહુ તોફાન કરે છે" બીજા બાળકે પણ એમાં સાક્ષી પૂરાવી. બન્ને બાળકો એ વાત ઘણી ગંભીરપણે કહેતાં હતાં. મારા મનમાં હું હસી રહ્યો.

માબાપો બાળકો પાસે પોતાનું ધાર્યું કરાવે. બાળકો માને નહિ. એક વાર છટકી જાય, બીજી વાર છટકી જાય, ત્રીજી વાર માબાપો ફરી એમને સકંજામાં લઈને ત્રીજી વાર એમની પાસે ધાર્યું કરાવવાનો પ્રયત્ન કરે અને બાળક છટકે. ત્યારે માબાપો શું બોલે? "માળો બહુ તોફાન કરે છે!" એની છાપ બાળક ઉપર બરાબર રહી; બંગલાએ અમારી

સાથે ચલાવેલ વર્તનને માટે 'તોફાન' એ જ શબ્દ એને યોગ્ય લાગ્યો.

: ૩ :

બાળકો–ઉત્ક્રાંતિવાદ–ઈશ્વર

એક વાર અમે ગામના ચિડીયાખાનામાં બાળકોને લઈ ગયા. ત્યાં સિંહના પાંજરામાં ત્રણ બચ્ચાં હતાં. તેની મા (સિંહણ) પાસે સૂતી હતી અને બચ્ચાં તેની પાસે ખૂબ ગેલ કરતાં હતાં.

એક બાળકે મને પૂછ્યું: "હેં બચુભાઈ! આ બચ્ચાં કોનાં છે?" મેં કહ્યું: "આ પાસે સૂતેલ સિંહણનાં." પછી પૂછે: "આ સિંહણ કયાંથી?" મેં કહ્યું: "જંગલમાંથી પકડી લાવ્યા હશે." એ કહે: "ના, એમ નહિ, એ જન્મી કયાંથી?" મેં કહ્યું: "એની માએ એને જન્મ આપ્યો." ત્યાર પછી બાળકો (ઉમર લગભગ ૮–૧૦ વર્ષ) અંદર અંદર વાતો ચલાવવા લાગ્યાં અને સિંહની બા અને તેની બા અને તેની બા એ બધું ચાલ્યું. પછી થોડીવારે મને એક મોટા બાળકે પૂછ્યું: "પણ આ બધાનો મૂળ સિંહ કોણ અને કેવી રીતે આવ્યો?" આનો જવાબ આપવો અઘરો હતો. એક બાળક કહે "એને પરમેશ્વરે આકાશમાંથી નીચે નાખ્યો હશે."

બીજો કહે: "ના, ના એમ નહિ. કોઈ બીજી રીતે આવ્યો હશે." હું એ લોકોની વાતોની વચ્ચે ન પડ્યો. થોડીવારે અમે વાંદરાનાં પાંજરાં આગળ આવ્યાં. કોઈ જરા મોટા બાળકે કયાંકથી સાંભળ્યું હશે એટલે કહે: "હેં બચુભાઈ, આપણે બધાં વાંદરામાંથી આવ્યાં ને?" મેં કહ્યું: "હા, કેટલાક ડાકટરો અને બીજા એવું માને છે." પણ પછી તો બધા જ મને કહેવા લાગ્યા કે અમને સમજાવો કે આપણે વાંદરામાંથી કેવી રીતે આવ્યાં? આ સવાલનો જવાબ અઘરો હતો. મેં તેમને કહ્યું: "જેમ ઈયળમાંથી કોશેટો અને કોશેટામાંથી પતંગિયું થાય છે એમ આ બધું ધીમે ધીમે થાય છે. કંઈ એક દિવસે આપણે બધા વાંદરામાંથી માણસ નથી થયાં. એતો બધી બહુ લાંબી વાત છે. અને એ બધું અત્યારે હું તમને સમજાવી પણ ન શકું."

એટલામાં વળી એક બાળકે ઉત્ક્રાંતિવાદ સામે એક દલીલ મૂકી. એ કહે: "પણ હવે વાંદરાઓમાંથી માણસ કેમ નથી થતાં?" અલબત્ત, મેં તેનો જવાબ આપ્યો નહિ.

ત્યારપછી કોઇએ કહ્યું: "એ તો બધું ઈશ્વર બનાવે છે."

પછી એક બાળકે મને પૂછ્યું: "હેં બચુભાઈ, ઈશ્વર છે કે નહિ?" આનો જવાબ આપવો પણ અઘરો જ હતો. મેં કહ્યું: "એ વિશે મને તો ખબર છે જ નહિ. આપણને કોઈને એ દેખાતો તો નથી.

લવાજમ મોકલશો?

બે માસ પછી 'પત્રિકા'નું તમારું લવાજમ પૂરું થશે. અત્યારથી જ લવાજમ મોકલવાની જે વ્યવસ્થા ગ્રાહકો કરે તો વી. પી. ના વધુ ખર્ચમાંથી તેઓ બચી જાય, અને અમારી મહેનત ઊગરી જાય. લવાજમ અત્યારથી જ મોકલાવી આપવું સલાહભરેલું છે. પરદેશના ગ્રાહકો આ વિનતિ પ્રત્યે લક્ષ આપશે?

વ્યવસ્થાપક,
'શિક્ષણ પત્રિકા'

પણ જેને એમ માનવું હોય કે છે એણે એમ માનવું અને જેણે એમ માનવું હોય કે નથી એણે એમ માનવું. આથી વધુ આપણે એને વિશે કંઈ ન કહી શકીએ."

આ વાત વધુ ચાલી શકી હોત પણ ત્યાં તો નાસ્તાનો ઘંટ વાગ્યો. આ પછી મને થયું કે બાળકોના નાના મગજમાં કેટલાકેટલા વૈજ્ઞાનિક પ્રશ્નો ઉદ્ભવે છે! અને એ લોકો કેટલી આતુરતાથી આ બધી વાતો સમજવા ઉત્સુક હોય છે! આપણી પાસે એમને સંતોષવાનું જ્ઞાન કે સાહિત્ય પણ ક્યાં છે?! બાળકોનું સાહિત્ય આપણે માત્ર પરીકથાઓ કે થોડી કલ્પિત સાહસકથાઓમાં જ સંપૂર્ણ ગણીએ છીએ. જ્યારે બાળકોની જીજ્ઞાસા વૃત્તિ તો આવા બધા વિષયોમાં રસ લે છે. આ મેળ કેમ ખાય? ન.

બાળમંદિરમાં વિજ્ઞાન : પતંગિયાં

[ગતાંક પૃષ્ઠ ૧૧૯ નું અનુસંધાન:]

લીંબુની ઈયળ—આકડાની ઈયળઉછેર પછી અમારા ઈયળઉછેરના કામમાં મહત્વનું સ્થાન ભોગવતી ઈયળ લીંબુની છે. લીંબુની ઈયળમાંથી પતંગિયું થવા માટે આકડાની ઈયળની માફક આઠ દિવસ લાગે છે. આ રહી અમારી નોંધપોથીની નોંધ:—

તા. ૨૩–૮–૩૫, લીંબુની ઈયળનો કોશેટો થયો.

તા. ૩૧–૮–૩૫, લીંબુની ઈયળના કોશેટામાંથી પતંગિયું થયું.

પણ લીંબુની ઈયળ મોટી થતી જાય છે, તેમ તેમ એના રંગમાં ફેર પડતો જાય છે. આકડાની ઇયળનો રંગ શરૂઆતમાં જેવો હોય છે તેવો રહે છે. એમાં કાંઈ ફેરફાર થતો નથી. લીંબુની ઈયળ આનાથી જુદી જ રીતે વર્તે છે. એ નાની હોય છે ત્યારના અને મોટી થતી જાય છે ત્યારના એના રંગમાં બહુ ફેરફારો થાય છે. લીંબુની ઈયળ નાની હોય છે ત્યારે એનો રંગ ઘાટો બદામી હોય છે અને એના ઉપર ધોળો પટો હોય છે. ધીરે ધીરે એનો રંગ બદલાતો જાય છે. થોડા વખત પછી એનો રંગ સાવ લીલો થઈ જાય છે અને એની ઉપર પીળાં ટપકાં હોય છે. કોશેટો થવાના વખતે લીંબુની ઈયળ લીલી હોય છે અને ઉપરનો ધોળો પટો ચાલ્યો ગયો હોય છે. આ કોશેટો એટલે ઈયળ પોતે નહિ. કોશેટો એટલે તો ઈયળે પોતાને રહેવા માટે બનાવેલું ઘર. કોશેટાની અંદર બે ભાગ હોય છે. એક તો કોશેટાનું ઉપરપડ અને બીજો અંદરનો ભાગ. જ્યારે કોશેટામાંથી પતંગિયું બને છે ત્યારે કોશેટાનું ઉપરનું પડ એટલે કે ખોખું પડ્યું રહે છે. એ પડ ફોડીને પતંગિયું બહાર આવીને ઊડી જાય છે.

લીંબુની ઈયળનું પતંગિયું સુંદર હોય છે. એના ઉપર પોપટી અને કાળા રંગનાં ટપકાં અને લીંટા હોય છે. બન્ને પાંખને છેડે બે લાલ અને તપખીરિયાં ટપકાં હોય છે. આ પતંગિયું જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ એના ઉપરનાં પોપટી ટપકાં ધીરે ધીરે પીળાં થતાં જાય છે.

આ પ્રમાણે અમે ઘણી જાતની ઈયળો-માંથી પતંગિયાં બનતાં જોઈએ છીએ. કોઈ પણ બાળકે એકાદ પાંદડા ઉપર ઈયળ જોઈ કે એને આણી જ છે ! ઓરડામાં લાવી એને એક શીશીમાં રાખે અને પોતે જે છોડ ઉપરથી લાવ્યું હોય તેનાં પાંદડાં બાવા આપે. ઈયળ ધીરે ધીરે મોટી થતી જાય, પછી તેમાંથી કોશેટો થાય અને છેવટે પતંગિયું થાય એટલે બધાં બાળકો એ પતંગિયું જોઈને ઉડાડી મૂકે. આ પ્રમાણે કાર્યક્રમ ચાલે. આ રહ્યો અમારે ત્યાં આવેલી ઈયળોનો હારડો: એમાંથી કેટલીકમાંથી પતંગિયાં થાય છે અને કેટલીકમાંથી કૂદાં થાય છે.

૧ ગુચની ઈયળ
૨ પારિજાતકની ઈયળ
૩ ભીમરિયાની ઈયળ
૪ આકડાની ઈયળ
૫ લીંબુની ઈયળ
૬ સાટોડાની ઈયળ
૭ કીડામારની ઈયળ
૮ કરેણની ઈયળ
૯ આવળની ઈયળ
૧૦ ભીંડાની ઈયળ
૧૧ મરવાની ઈયળ
૧૨ શ્રીપંખની ઈયળ

આ પ્રમાણે જુદીજુદી જાતની ઈયળો અમારે ત્યાં આવતી હતી. બાળકોને આ ઈયળોના રંગમાં કેવા કેવા ફેરફારો થાય છે, ઈયળમાંથી કોશેટો કેવી રીતે બને છે વગેરે જોવાની ખૂબ જ મઝા આવતી હતી. કેટલાંક બાળકો તો લાંબા વખત સુધી પોતાના હાથમાં શીશી રાખીને ઈયળનું અવલોકન કર્યાં કરતાં હતાં. બાળકોના વિકાસમાં આ ઈયળઉછેરનું કામ મદદગાર થઇ પડયું છે.

(સંપૂર્ણ) શાં.

રામભાઈનાં ચિત્રોનું અવલોકન

રામભાઈના પ્રાથમિક લીંટા વાંકાચુંકા ને અસમાંતર છે. પરંતુ તેમાં રંગનું મુલાયમપણું ગુપ્તપણે રહેલું છે. ઘણે અંશે પ્રાથમિક બાળકો આવા રંગના લીંટા કાઢી શકતાં નથી. એ તો ખૂબ ભાર દઇ પેન્સીલ ઘસે છે. તેમણે મુખ્યત્વે લીલો, પીળો, વાદળી, લાલ અને જમીનના, રંગો વાપર્યા છે. ભૌમિતિક આકૃતિઓમાં લીંટા બહુ ઓછાં પૂર્યાં છે. કેટલીક આકૃતિ તદ્દન ખાલી છે. ત્રિકોણ, ચોરસ, કૂલી, પંચકોણ વગેરે આકૃતિઓ વાપરી છે. મને લાગે છે કે માત્ર લીંટા પૂરવાના ઉદ્દેશથી જ આ આકૃતિઓ વાપરી હશે. કારણ કે આગળના સંગ્રહોમાં વિશેષતઃ કૂલી જ વાપરી છે.

નેચરો પણ કાઢ્યાં છે. એટલે એમની શરૂઆત પ્રમાણમાં ઘણી કહેવાય. તેમાં પણ એમનું માનસ જણાય છે. બે લીંટા કરી નીચે જમીન કરે છે. એટલે જાણે એ દૂરથી દેખાતું હોય એવો ભાસ થાય છે. બે ચાર ખજૂરીનાં ઝાડો અને બીજા કલ્પિત નેચરો કાઢયાં છે. કૂંડાને માટે દ્વિસમબાજુ ચતુષ્કોણ વાપર્યો છે. જો કે રંગનું મુલાયમપણું છે પરંતુ ગોઠવણનો તદ્દન અભાવ છે. કૂલીની આકૃતિઓ જેમાં ગોઠવણ કરવાની સુગમતા છે ત્યાં પણ ગોઠવણ જણાતી નથી. ધીમે ધીમે રંગની ગોઠવણ તરફ વળતા જણાય

છે. એ ત્રણ નોટો ભર્યા પછી ચિત્રોમાં લીંટા સીધા, સમાંતર અને પાસે પાસે થતા ગયા છે. અને રંગની ગોઠવણનો ખ્યાલ કંઇક અંશે આવ્યો છે. કોઇ કોઇ આકૃતિઓમાં ગોઠવણ નજરે પડે છે. ચોરસની ઉપર ત્રિકોણ ગોઠવી ઝુંપડી પાડી છે અને અંદર બારી મૂકી છે. અહીંથી ઝુંપડીનો જન્મ થયો છે. ત્યાર પછી બીજી ઝુંપડી આવે છે. તેમાં ત્રિકોણથી ટોચ બને છે. તેથી ઝુંપડીનો બરાબર ઘાટ આવતો નથી. તેનો ખ્યાલ માત્ર આવે છે.

અત્યારે જે સુંદર ઝુંપડી રામભાઈ કાઢે છે તેનું એ મૂળ છે. એ પ્રમાણે ક્રમે ક્રમે ઝુંપડી સુધરતી જાય છે. ખજૂરીનાં ઝાડો અને નેચ-રોમાં ક્રમે ક્રમે વિકાસ થતો જાય છે. મને આપવામાં આવેલાં ચિત્રો તેમનો અમુક અંશે વિકાસ થઇ ગયા પછીનાં છે. તે કુલ દસ મહિનામાં કરેલાં છે. તેમાં ૪૪ ભૌમિતિક આકૃતિઓ છે. તેમાંની ૩૫ ફૂલીની આકૃતિઓ છે. કેટલીક આકૃતિઓ એવી રીતે કાઢી છે કે જાણે ગોળ-નીજ ન બનાવી હોય. ફુલીથી બનાવી હશે એવું અનુમાન કરવું અશકયજ લાગે. આપણે ત્યાં નાનો ગોળ નથી. ત્યારે આ આકૃતિઓ શી રીતે બનાવી હશે, એ પ્રશ્ન ઉપસ્થિત થયો. વિશેષ બારીકાઇથી જોતાં જણાયું કે તે કંપાસથી પણ બનાવી નથી. ત્યારે એ ફૂલીની હશે એ નિશ્ચય પર હું આવી, પરંતુ એને માટે પ્રત્યક્ષ પુરાવો જોઇએ એવા હેતુથી વધારે ઝીણવટથી જોયું, તો ફૂલીના અર્ધગોળાના ખૂણા પાસે એક નાનું ટપકું જણાયું. ત્યાં બીજા અર્ધગોળનું સાધન હતું. કેટલીક વખત તો ત્યાં જુદા રંગથી જ ટપકું કરેલું હતું. આપણે એટલું તો જાણીએ છીએ કે રામભાઇ કુદરતી દૃશ્યના ચિત્રકાર છે. તેમણે વધારેમાં વધારે ફૂલીની આકૃતિઓ કાઢી છે. જોકે શરૂઆતમાં તેમણે ત્રિકોણ, ચોરસ, પંચકોણ, વગેરે આકૃતિઓ ઠીક પ્રમાણમાં વાપરી છે. પરંતુ તે તો લીંટા પૂરવાને માટે. નવીન સૃજનને માટે નહિ. આંતર વૃત્તિને ખાતર નહિ. ફૂલીની આકૃતિ કાઢી છે તે પણ ગોળાકૃતિને મળતી છે. મતલબ કે ગોળાકૃતિને ગોઠવીને જ તે આકૃતિઓ બનાવી હોય તેવી છે. કદાચ એમ પણ બન્યું હોય કે નાનો ગોળ ન મળવાથી ફુલીથી ચલાવ્યું હોય. કંઇ ચોક્કસ ન કહેવાય. ફૂલીની આકૃતિ એ ગોળાકૃતિનો જ એક પ્રકાર છે અને એ જાતની આકૃતિ રામભાઇને વધારે ગમે છે. એટલે માત્ર કુદરતના ચિત્રકારોને ગોળાકૃતિ વધારે પસંદ પડતી હશે એમ કહી શકીએ. વળી ગિજુભાઇ લખે છે કે ગોળાકૃતિ વાપરનાર મોજી હોય છે તો તે લક્ષણ પણ રામભાઇમાં છે. ચિત્ર કાઢતાંકાઢતાં તબલાં બજાવતા જાય, સંગીત ગાતા જાય, વળી ચિત્ર કાઢતા જાય અને એમ એક ચિત્ર બે કલાકે પૂરૂં કરે. કંઇ કંઇ ઉદ્ગારો કાઢતા જાય. રામભાઇનું અવલોકન કરનારને હસવું આવ્યા વિના રહે જ નહિ. મારાં બીજાં કેટલાંએક અવલોકન પરથી મને એમજ જણાયું છે કે જે બાળક કુદરતમાં જવાનું હોય તેને ગોળાકૃતિ વધારે પસંદ પડે છે. હજી આ નિયમમાં વધારે ઊંડા અભ્યાસની જરૂર છે.

આ સમયમાં ત્રિકોણથી બનાવેલી આકૃતિ માત્ર એકજ કાઢી છે. ગોળ અને ફૂલીની મદદથી બનાવેલી પણ ફુલીના વર્ગમાં જ મૂકી શકાય.

લંબગોળની એક છે એનો ગોળાકૃતિમાં સમાવેશ થાય છે.

એક ગોળ અને ચોરસથી બનાવેલી આકૃતિ છે. તેમાં ગોળ પ્રધાન છે. વિવિધતાને અર્થે ગોળ વાપર્યો હશે. દ્વિસમબાજુ ચતુષ્કોણની આ આકૃતિ કુદરતમાં જનાર બાળકો વાપરે છે, એ કૂંડાને મળતી છે. તેમણે કયા ઉદ્દેશથી કાઢી હશે તે હું કહી શકતી નથી.

પંચકોણ અને ચોરસની એ છે.

બધી આકૃતિઓનું અવલોકન કરતાં જણાશે કે રામભાઇમાં મૌલિકતા છે. કંઈ કંઈ નવીનતાંવાળી આકૃતિઓ છે. એ કોઇનું અનુકરણ પણ નથી. પોતાનીજ ઉપજાવી કાઢેલી છે. આ આકૃતિઓમાં ધીમેધીમે રંગની કોમળતા વધતી ગઇ છે. કેટલીક આકૃતિઓ તો એવી સુરંગી છે કે આંખ જોતાં ધરાતી જ નથી. ગોઠવણમાં વિકાસ સધાય છે પરંતુ બહુ નહિ. તોપણ ઘણી જગ્યાએ રંગોની ગોઠવણ અને મિલાવટ માલૂમ પડે છે.

તેમણે ઘણે અંશે નેચરલ રંગો પૂર્યા છે. જેમ કે, લીલો, પીળો, વાદળી, ગુલાબી, લાલ કે જમીનનો. કેટલીકમાં વોટરકલરો પણ પૂર્યા છે. બરાબર સફાઈ નથી આવી. રંગની મિલાવટ છે. ગોઠવણ નથી. એમની આકૃતિને જોતાં એવો ભાસ થાય છે કે, એકાદ છોડને જોતા હોઇએ ! જાણે તેમાં વિવિધરંગી ફૂલો ખીલી રહ્યાં હોય ! જો ગોઠવણ હોત તો આવો ખ્યાલ ન આવત. અહીં કુદરતના ચિત્રકારની ખૂબી પ્રતીત થાય છે. એમને જેમ સૂઝે છે, તેમ પૂરે છે. બુદ્ધિપૂર્વક રંગો પૂરતા નથી. પીછી પણ ધીમે ધીમે ઠરતી જાય છે.

એમણે કુલ ઓગણસાઠ ચિત્રો કુદરતનાં (નેચર્સ) કાઢ્યાં છે. પ્રાથમિક ચિત્રોમાં કૂંડામાં એકાદ છોડ ઉપર બે ચાર પાંદડાં અને ઉપર કોઇ કોઈ ફૂલ કાઢ્યું છે. ધીમે ધીમે એ વિકાસ વધતો જાય છે. એકાદ નાનો છોડ કાઢી મરજી પ્રમાણે રંગો પૂરે છે. નીચે જમીન હોય છે. લાલ ગુલાબી અને પીળાં પાંદડાં કર્યાં છે. પછીથી લીલાં કાઢવા લાગ્યા છે. કેટલાંકમાં નાના નાના છોડોની લાઇન કરી નીચે જમીન બતાવી છે. એ ચિત્ર પણ કુદરતના દૃશ્યમાં જાય. કેટલાંકમાં એવી રીતે છોડો કાઢી ઉપર પક્ષીઓ ઉડતાં હોય એમ બતાવ્યું છે.

પહેલી નોટમાં નાના નાના ટેકરા અને પાંસે એક ઝુંપડી. ટેકરા ઉપર એક ઝાડ છે. બીજા દૃશ્યમાં ડુંગરાની નીચે ઝાડો કાઢ્યાં છે. સૂર્યોદય છે. વિકાસ વધતાં ડુંગરાની નીચે ઝાડો કાઢવાનું એમને ભૂલભરેલું જણાયું હશે. કારણકે ત્યાર પછીનાં દૃશ્યોમાં ડુંગરાની નીચે ઝાડો નથી. ક્રમે ક્રમે વિકાસ વધતો જાય છે. અને સુંદરતા સધાતી જાય છે. આ ચિત્રોમાં એકાદ મોર કાઢવાની પણ શરૂઆત કરી છે. મોરની ડોક, શરીર, પીંછાં વગેરે સઘળું ઢંગધડા વગરનું છે. એ પણ એવી રીતે ચીતર્યો છે કે જાણે દૂરથી દેખાતો ન હોય! એ જ ખૂબી ! ત્યાં જ એનું સ્વભાવદર્શન થાય છે.

ધીમે ધીમે બજૂરીનાં ઝાડોમાં સુંદરતા આવી છે. કોઈ વાર મુસાફરીએ ગયા હશે ત્યાં જોયાં હશે, ભારે આનંદ આવ્યો હશે. તેઓ કોઇ પણ દૃશ્ય પોતાના મગજમાં એકદમ ઉતારી શકે છે. ભલે પછી તેઓ પીછીમાં ન ઉતારી શકે. રામભાઈ સ્વતંત્ર ચિત્રકાર છે. સ્વ. કમળાબેન

વિક્ટોરિયાપાર્કમાં બાળકોનાં નાટકો

તા. ૪–૧૦–૩૬ ને રવિવારે બાળમંદિર વિક્ટોરિયાપાર્કમાં ફરવા ગયું હતું. સવારથી સાંજ સુધી ત્યાં રહેવાનું હતું એટલે ફરવા-જોવા ઉપરાંત પણ બીજા થોડાએક કાર્યક્રમો હતા.

એમાંનો એક કાર્યક્રમ બાળકોનાં નાટકો હતો. કોઈને વિચિત્ર નહિ તો જરા નવાઈ-ભર્યું તો જરૂર લાગે કે ફરવા ગયાં હોઈએ ત્યાં નાટકો કેમ ને કેવી રીતે થઈ શકે? સાધન ને ટાપટીપ વિનાનું તો એ બધું લૂખું જ લાગે ને? અને તેવું હોય તો પછી તેમાં બાળકોને આનંદ પણ શું આવે?

પણ ના, એ માન્યતા તદ્દન ભૂલભરેલી છે. આ વખતે તેની સંપૂર્ણ ખાત્રી બાળકોએ કરાવી આપી.

પાર્કનાં તે નાટકો બધી રીતે બાળનાટકો જ હતાં એટલું જ નહિ પણ તે વ્યવસ્થિત ને સુંદર બાળનાટકો હતાં. કશી પણ સાધન-સામગ્રી વિનાનાં અને બીજી પણ કોઇ જાતની તૈયારી વિનાનાં એ બાળનાટકો ભવ્ય રીતે ભજવાયાં એમ કહીએ તો જરા પણ ખોટું નહિ ગણાય.

બાળકોએ પોતે જ અંદર અંદર કયાં કયાં નાટકો ભજવવાં, તેમાં કોણ કયું પાત્ર ભજવે વગેરે નક્કી કર્યું. બાળવાર્તાઓ તો તેમણે સાંભળેલી કે વાંચેલી જ હોય એટલે નાટકનું વસ્તુ તો તેઓ જાણતાં જ હતાં–જાણતાં જ હોય.

તેમણે બધું નક્કી કરીને નાટકોનો ક્રમ ગોઠવરાવ્યો અને થોડી વાર પછી નાટકો શરૂ કર્યાં.

મારે તો આ બધામાં માત્ર નાટક શરૂ થાય, ત્યારે સીસોટી વગાડી 'હવે પછી કયું નાટક કે ગીત આવશે' તેની જાણ પ્રેક્ષક-વર્ગને કરવાની હતી.

પ્રેક્ષકવર્ગમાં તદ્દન નાનાં બાળકો અને શિક્ષકો તેમ જ થોડાએક મહેમાનો હતાં. પ્રેક્ષકવર્ગને ઝાડના છાંયે ખુલ્લી જમીન પર બેસવાનું હતું.

આંબલીના ઝાડના થડને બાળકોએ નેપથ્ય બનાવ્યું હતું. થડ પાછળથી આગળ આવવું ને નાટક ભજવવું. થડના આગળના ભાગને નાટકો ભજવવાની રંગભૂમિ ગણી હતી.

ઈન્દુબેને પ્રાર્થનાથી કામ શરૂ કર્યું. થોડાંએક આવળનાં ફૂલ હાથમાં રાખી નાટકનું મંગળાચરણ કર્યું.

ધીમે પણ સ્પષ્ટ અવાજે ગવાતી એ પ્રાર્થના સુંદર હતી. વાદ્યોની ગેરહાજરીની જરા પણ ખોટ નહોતી દેખાડતી કે પડવા દેતી.

વાણીઆબદાણીઆ, દલા તરવાડી, મિયાં ફુસ્કી તેમ જ સસ્સોભાઈ સાંકળીઆ વગેરે નાટકો વ્યવસ્થિત ને ભાવપૂર્ણ રીતે ભજવાયાં.

વાણીઆબદાણીઆના નાટકમાં વાણીઆ બગીસના બીસામાં આવળનાં ફૂલો રાખે અને બગલમાં જાણે કે માલની પેટી હોય એવો અભિનય કરે એટલે તે વાણીઆ જ લાગે.

તેમને આ બધું કોઈએ બતાવ્યું ન હતું, પણ તેમની સર્જનાત્મક વૃત્તિમાંથી આવતું હતું, તેમ સહેજે દેખાઈ આવતું હતું. તે

નાટકમાંના ચોર લોકોને મુકાની બાંધવાનું તો કયાંથી જ મળે? એટલે તેમણે પહેરેલ બમીસ કે બીસારૂમાલ મોઢા ફરતાં બાંધી ચલાવ્યું ને હાથમાં આસપાસ પડેલી ઝાડની સૂકી ડાળીઓ રાખી.

દલાતરવાડીનો વશરામ ભૂવો એકલી ચડ્ડી-ભર હાથમાં ડાળીનું ઠુંઠું ને માથે ત્રિકોણાકારે બીસારૂમાલ બાંધી આવે એટલે તે બાળકોને વશરામ ભૂવો જ દેખાય-હુબહુ દેખાય. અને આ બધુંય ન હોય તો પણ બાળકોનાં પાત્રાનુસાર અભિનય અને ઉક્તિ તો એ નાટકોનું વાતાવરણ બહું કરવાને પૂરતાં હતાં જ હતાં.

અને તેની બાત્રી, નાનાં મોટાં તમામ (પ્રેક્ષક વર્ગ) એ બધું એકીટશે જોતાં હતાં, બધાનાં મોં પર આનંદાશ્ચર્યના ભાવો હતા અને જોવામાં એકાગ્રતા હતી તે બધાથી થતી હતી.

આમ નાટકોની શરૂઆત, મધ્ય અને અંત એ બધું સરસ હતું, સુંદર હતું.

એવી રીતે આ બધુ નવું છતાં વ્યવસ્થિત હતું, સાધનો વગરનું છતાં પૂર્ણ હતું, ટાપ-ટીપ વગરનું છતાં સુંદર હતું. વિ.

મોન્ટીસોરી સાધનોની બૂબી

સાહિત્યો વિવિધ પ્રકારની વસ્તુના સમૂહોનાં બનાવેલાં છે, અને દરેક સમૂહમાં એક સામાન્ય બાસિયત હોય છે. દાખલા તરીકે, લાકડીઓની બનાવટ એવી છે કે તેની લંબાઈ જોનારનું ધ્યાન ખેંચે છે. એવી દશ લાકડીઓ એક સેન્ટીમીટરથી દશ સેન્ટીમીટર સુધીના ચઢતા ક્રમની હોય છે. વળી તે બધી એક સરખા લાકડાની, એક સરખા રંગની અને એક સરખા કાપવાળી હોય છે તેથી તેમાં નજરે પડતો તફાવત તેની લંબાઈનો જ લાગે છે. એવી જ રીતે રંગની તખ્તીઓ પણ બધી એક જ પદાર્થની બનાવેલી, એકસરખી જાડી, અને એકસરખા કદની હોય છે, અને તેમાં જે તફાવત જોવામાં આવે તે માત્ર રંગનો અને રંગની મિલાવટના પ્રમાણનો જ હોય છે.

આ ઉંમરનાં નાનાં બાળકોને હાથ લગાડીને ચીજો જોવાનું ગમે છે. એટલા માટે નાનાં પાતળાં પાટિયાં રાખવામાં આવે છે અને તેના અર્ધ ભાગને બરછટ કાગળ અને બાકીના અર્ધ ભાગને લીસો કાગળ ચોંટાડેલો હોય છે. તેની સપાટી ઉપર આંગળીઓ પોંચી પોંચી ફેરવીને બરછટ અને લીસું કેમ પારખવું તે બાળકોને બતાવવામાં આવે છે. વળી બીજું એવી જાતનાં બોર્ડ હોય છે કે જેની ઉપર બરછટ અને લીસા પટા વારાફરતી ગોઠવેલા હોય છે. આ તાલીમ પહેલા પ્રકાર કરતાં જરા અઘરી છે. હાથ લગાડીને પારખવાનું વધારે સારી રીતે શીખવા માટે તેઓ ગરમ પાણીના વાટકામાં બેત્રણ મિનિટ બાળકોના હાથ બોળીને પછી બરછટ ટુવાલ વડે તેમના હાથ લૂછી લઈને કોરા પાડે છે. વસ્તુને હાથ લગાડ્યાથી કેવી જણાય છે તે જાણવાની આ વળી બીજી જાતની કવાયત છે. જુદીજુદી જાતનાં કપડાંના કકડાવાળી એક નાની પેટી હોય છે. તેમાં શણ, ઊન, રેશમ વગેરેના કપડાંના કકડા રાખવામાં આવે છે. તેમાં

દરેક જાતના બબ્બે કકડા હોય છે. બાળક તેમાંથી કોઈ એક જાતનો કકડો પ્રથમ પકડી લે છે અને પછી તે જ જાતનો બીજો કકડો તેમાંથી હાથ વડે શોધી કાઢવા મહેનત કરે છે. તેને આ કામમાં જ્યારે ભરંસો આવી ગયો હોય છે ત્યારે તેને આ પ્રયત્નમાં આંખ મીંચીને શોધ કરવી ગમે છે. એમ કરવામાં તેનું સંપૂર્ણ લક્ષ આંગળીનાં ટેરવાંની સ્પર્શશક્તિ તરફ જ લાગી રહે છે. એવી જ રીતે વજન, ગરમી, કદ વગેરે પારખતાં શીખવાની પણ જુદીજુદી કસરતો થાય છે. વજન પારખતાં શીખવા માટે ત્રણ થેલીઓ હોય છે અને તેમાં જુદાજુદા વજનની લાકડાની તખ્તીઓ રાખવામાં આવે છે. બાળક એ બધી તખ્તીઓ એક વાર સેળભેળ કરી નાંખે છે અને પછી તેમાંથી વજનો જુદાં પાડીપાડીને બીજા એક બાળકના લાંબા ધરી રાખેલા હાથમાં મૂકતું જાય છે. ગરમીનું જ્ઞાન મેળવવા માટે જુદી જુદી ચીજો સંધરવામાં આવે છે. જેવી કે, નમદો, ઊન, પોચું અને કઠણ લાકડું, કાચ, લખોટો, સીસું. તેને દરેકને હાથ લગાડ્યાથી ગરમીની જુદીજુદી ડીગ્રીનું સહજ જ્ઞાન થઈ શકે છે. અને વધુ મોટાં છોકરાં માટે ધાતુના લોટા રાખવામાં આવે છે. તેમાં જુદીજુદી ડીગ્રીની ગરમીવાળું પાણી ભરીને થર્મોમીટરથી તેની વિવિધ ગરમી માપતાં શીખવાય છે. આ કિંમતી તાલીમ છે, ક્રમકે તેથી વખત જતો જાય તેમ ગરમી પણ ઓછી થતી જાય એ વાત તેમના જાણવામાં આવે છે. કદ પારખવા માટે વળી લાકડાના લાંબા ચોરસ કકડા દશ દશ સરખા માપવાળાં બાંકોરાંવાળા રાખવામાં આવે છે; પણ તે બાંકોરાંની ઊંડાઈમાં ફેર હોય છે. એ દશેય બાંકોરામાં બંધ બેસે એવા દશ દશ દટ્ટા હોય છે; એ દશેય દટ્ટાની જાડાઈ એકસરખી પણ તેની લંબાઈમાં કે કદમાં ફેર હોય છે; બાળક એ દટ્ટા સેળભેળ કરી દે છે અને પછી દરેક દટ્ટો બાકોરામાં ઊંડો બંધબેસતો કરવાનું પ્રયત્ન કરીને શીખે છે. આ કવાયત બાળકોને બહુ પ્રિય થઈ પડે છે, અને તે કામ પૂરેપૂરું આવડી ગયા પછી પણ બાળકો તે ક્રિયા વીશ વાર ત્રીશ વાર કર્યા જ કરે છે. સાંભળીને અવાજ પારખવા માટે અવાજની દાબડીઓ રાખવામાં આવે છે. એ દાબડીઓ લાકડાની બનાવટની હોય છે, અને તેમાં જુદીજુદી ચીજો ભરી હોય છે. તેથી બબડાવે ત્યારે દરેકનો જુદો અવાજ નીકળે. આ પેટીઓમાં બબે પેટીઓ એકસરખા અવાજવાળી હોય છે. બાળકો પ્રથમ કાં તો બહુ કોમળ અવાજવાળી અથવા બહુ મોટા અવાજવાળી પેટીઓ વાપરે છે અને એકાદ પેટી જેનો અવાજ એ બેથી મધ્યમ પ્રકારનો હોય તેનો ઉપયોગ કરે છે. પછી ધીમે ધીમે તેનું ધ્યાન બાકીના વચલા પ્રકારના નાદો ઝીલવા તરફ દોરાય છે. આ રીતે તેઓ મોન્ટેસોરીનો અભિજ્ઞાનનો સિદ્ધાન્ત પૂરવાર કરે છે, ભેદ પારખતાં શીખે છે, અને આખરે જરા જેટલા તફાવતને પણ ઓળખતાં શીખી જાય છે. પછી વળી આ કામ માટે અઠાવીશ અઠાવીશ ટોકરીઓવાળી બે સેર્યો રાખેલી હોય છે, તેમાં સપ્તક સૂર ક્રમવાર હોય છે. એની શિક્ષણવિષયક કિંમત ઘણી મોટી હોય છે.

એમ પણ જાણવામાં આવ્યું છે કે, રંગની

તખ્તીઓ એકલા રંગોજ નહિ, પરંતુ રંગમેળના વિવિધ ક્રમને પણ ઓળખતાં શીખવે છે. આ કવાયત દડ્ડાની ઊંડાઈના ક્રમને મંઈકિ મળતી છે. અને બીજી જાતના આકાર અને કદમાં જુદ્દા જુદ્દા દડ્ડા હોય છે તે પણ તેનો તફાવતનો ક્રમ શીખવે છે. આ રીતે બાળકો તેમની ભાવી જીંદગી જેમાં બુદ્ધિ વાપરવાની જરૂર પડે તે જીંદગીની તૈયારી માટે ઘણું કિંમતી જ્ઞાન મેળવે છે. અને તે બધું જરાપણ આયાસ કે શ્રમ વગર એક પછી બીજી માનસિક કસરતથી બાળકો શીખી જાય છે.

મોન્ટેસોરી સાહિત્યોની સરખામણી બીજાં શિક્ષણ વિષયક સાધનો સાથે કરવાથી તેનો ખરો મર્મ ઘણી વાર નથી સમજાતો. આ સાહિત્યોનો વિચાર વિવિધ પ્રકારની કિંમતી પરિસ્થિતિના પૂરક તરીકે જ કરવાનો છે. અને બાળકની સહજ સર્જક પ્રવૃતિને અને તેના જીવનને નિયમસર યોગ્ય ગતિ આપીને કામ કરતાં શીખવનારાં એ સાહિત્યો છે.

વિ. ય.

અમેરિકન માતાના અનુભવમાંથી

એક એમેરિકન માતા લખે છેઃ "જો તમારે મનની શાન્તિ જોઈતી હોય, આરામ માટે થોડો ઘણો પણ વખત જોઈતો હોય અને બાળકોના વિકાસમાં મદદગાર થવું હોય તો ઘર પાસે નાનકડું ક્રીડાંગણ એ એક અનિવાર્ય વસ્તુ છે. હું પોતે તો જ્યાં જ્યાં ગઈ છું ત્યાં ત્યાં મારાં બાળકો માટે એકાદ નાનકડા ક્રીડાંગણ જેવું ઊભું કરેલું જ છે. પછી એ ક્રીડાંગણમાં ભલેને એકાદ હીંચકો અને રેતીનો ઢગલો હોય." આ રહ્યા એ માતાના બાળકોના ઘરગથ્થુ ક્રીડાંગણના અનુભવો.

"મેં જીંદગીની શરૂઆત કંઈ બહુ પૈસાદાર માણસ તરીકે કરી ન હતી. મારા પતિની નોકરીને અંગે મારે ઘણીયે જગ્યાએ જવું આવવું પડયું છે. પણ હું જ્યાં જ્યાં ગઈ ત્યાં ત્યાં મારી પહેલી ચિન્તા મારાં બાળકો માટે રમવાનું સ્થળ ખોળવાની અને એમને માટે રમતનાં સાધનો વસાવવાની રહી છે. અમારે સારાં એવા ચોગાનવાળાં ઘરોમાં રહેવું પડયું છે. તેમ જ જ્યાં સહેજ પણ ખુલ્લી જગ્યા ન હોય એવાં ગીચ લત્તાઓમાં મકાનના બીજે કે ત્રીજે માળે પણ રહેવું પડયું છે. પણ એ દરેક જગ્યાએ મેં મારાં બાળકોને ક્રીડાંગણ કરી આપવાનો પ્રયત્ન કર્યો જ છે. એને પરિણામે મેં જે માનસિક શાન્તિ અનુભવી છે અને બાળકોના વિકાસમાં જે મદદ મળી છે, તે નોંધવાલાયક વસ્તુ છે. પણ મારા અનુભવો હું સળંગસૂત્ર આપું તે જ ઠીક થઈ પડશે.

મારે ત્રણ બાળકો છે. ત્રણે બાળકોનો જન્મ ત્રણ જુદાંજુદાં સ્થળોએ થયો હતો. પણ મારા પતિની બદલી તો અત્યાર સુધીમાં દશ બાર જગ્યાએ થઈ છે. શરૂઆતમાં અમારી આર્થિક સ્થિતિ કંઈ બહુ સારી ન હતી. આજે તો અમે ઠીક ઠીક સાધનસંપન્ન છીએ.

મારા નાના બચ્ચુના જન્મ પછી મને તરત જ વિચાર આવ્યો કે આને માટે થોડા વખત પછી રમતનાં સાધનો તો વસાવવાં પડશે. એકલાં રમકડાંથી કંઈ એનો પૂરેપૂરો વિકાસ થશે નહિ.

એ થોડો મોટો થયો એટલે એને તો બહાર ખુલ્લામાં રમવા જવાનું મન થવા લાગ્યું. આ વખતે અમે એક ગીચ લત્તામાં રહેતાં હતાં. એક બાજુએ જાહેર સડક આવેલી હતી. બીજી બધી બાજુએ મોટાં મોટાં મકાનો આવેલાં હતાં. પણ અમારા અને અમારી પશ્ચિમે આવેલા મકાન વચ્ચે વીસેક ફૂટની ખુલ્લી જગ્યા હતી જગ્યા તો આમ બહુ ન હતી. પરંતુ એ બરાબર હવા પ્રકાશવાળી હતી, સૂરજનો તડકો ત્યાં બરાબર આવતો હતો. એનો બીજો પણ ફાયદો હતો. મારા રસોડાની બારી એ ખુલ્લી જગ્યામાં જ પડતી હતી એટલે મારું ધ્યાન રહી શકે એવી સગવડ હતી.

મેં તો તરત જ થોડા ડોલર ખર્ચી નાખ્યા. એ જગ્યાની આજુબાજુ તારની વાડ કરાવી લીધી. પછી એમાં એક હીંચકો નંખાવી દીધો. એક ખૂણામાં રેતીનો ઢગલો પણ કરાવી દીધો. બસ, મારા નાનકડા બચુનું ક્રીડાંગણ તૈયાર થઈ ગયું. સવારના પહોરમાં એને દૂધ પાઈને હું રેતીના ઢગલામાં રમવા મૂકી આવતી. એ તો રેતીમાંથી કૂબા બનાવે. અથવા તો ડોલમાં રેતી ભરે અને ઠલવે, એવું એવું કર્યા કરતો. મન થાય ત્યારે ઝૂલા ઉપર આવીને હીંચકા પણ ખાય. વચ્ચે વચ્ચે રસોડાની બારીમાંથી હું ડોકિયું કરી લઉં. બચુનું કામ બરાબર ચાલી રહ્યું હોય. ખરેખર, થોડા ડોલર ખર્ચવાથી મારી કેટલીયે માનસિક ચિંતા ઓછી થઈ ગઈ, અને બચુનો કેટલોયે શારીરિક વિકાસ સધાઈ ગયો.

પછી તો આજુબાજુનાં અમારાં પાડોશીનાં છોકરાં પણ રમવા આવવા લાગ્યાં અને રમત જામવા લાગી. મારે ફક્ત થોડીએક પ્રાથમિક સૂચનાઓ આપવી પડતી હતી. પછી તો એમની રમત ધમધોકાર ચાલતી હતી. ધીરે ધીરે મેં એકાદ બે નવાં સાધનો પણ વસાવી લીધાં.

પણ ત્યાં તો અમારી બદલી બીજે થઇ. એક રેતીના ઢગલા સિવાયનાં બીજાં સાધનો મેં મારી સાથે લઈ લીધાં. અહીં અમારે ત્રીજે માળે રહેવાનું હતું. આ તો મોટું શહેર હતું. એની અંદર તો બે મકાનો વચ્ચે યે કંઈ જગ્યા ન મળે. અને ત્રીજે માળથી નાના બચુને કંઈ ઓછોજ નીચે રમવા મોકલાય છે? મેં વિચાર કરવા માંડ્યો, હવે કરવું શું? બચુને કંઈ આખો દિવસ આ ત્રણ ઓરડાઓમાં તો પુરી નહિ રખાય. અને એની ઉંમર તો હવે વધારે વિશાળ જગ્યા જોઈએ એટલી થઈ છે. પણ મારૂ ધ્યાન તરતજ અમારા મકાનની અગાશી ઉપર પડ્યું. આ મકાન એટલે એક મોટો માળો. એ તો ખૂબ લાંબું હતું. આખા મકાન ઉપર સુંદર મજાની અગાશી હતી. પણ બાળકને કંઈ ઓછું જ એકલું અગાશીમાં રમવા મોકલાય? તો થાય શું? મેં એક સુથારને બોલાવ્યો. અગાશીની પાળી ઉપર ૧૦ ફીટ ઉંચે સુધી જાળી ભરાવી લીધી. આજુબાજુ પણ ૩૦ ફીટની જગ્યા રોકી લીધી. આ થયું મારા બાળક માટેનું ક્રીડાંગણ. આની અંદર દરિયાની સુંદર મજાની રેતી લાવીને એક લાકડાના ચોરસમાં રાખી. બીજી બાજુ હીંચકો બાંધી દીધો. પણ અગાસી ઉપરની બાળકોની પ્રિય રમત તો ત્રણ પૈડાંવાળી સાયકલ ફેરવવાની હતી. મારું ક્રીડાંગણ જોઈને બીજાં માબાપોને પણ પોતાનાં બાળક માટે કંઈક કરવાનું મન થઈ આવ્યું.

પછી તો એ લાંબી અગાશીમાં ત્રણ પૈડાંવાળી પાંચ સાત સાયકલોની હરીફાઈ ચાલતી હતી. બાળકો માટે અગાશી આશીર્વાદ સમાન થઈ પડી.

આ પછી અમારી બદલી બીજી જગ્યાએ થઈ. અહીં તો અમારા ઘરની પાછળ એક મોટો વાડો હતો. શહેરમાં રહીને બાળકો માટે ક્રીડાંગણની સગવડ કર્યા પછી અહીં ક્રીડાંગણ ઉભું કરવું એ તો રમત વાત હતી. આ વાડાની અંદર હીંચકો, રેતીનું ચોકઠું, એવું બધું તો હતું જ ; પરંતુ અમે અહીંયાં જે વધારો કર્યો તે અત્યંત મહત્વનો હતો. આ વધારો એ બાળકો માટે રમવાના Wading Pool નો હતો. અંદર રમવાની બાળકોને કંઈ ઓરજ મજા આવતી હતી. આજુબાજુનાં બાળકો પણ રમવા આવતાં હતાં. આની પડખે અમે રેતીનો ઢગલો રાખ્યો હતો. બાળકો પાણીમાં ભીનાં થઇને રેતીમાં આળોટી જતાં અને પછી પાછાં પાણીમાં જઇને નહાતાં હતાં. આ રમત તો એટલી જામી હતી કે ન પૂછો વાત. બાળકો કિલકિલાટ કરતાં રમતાં હતાં. લાંબા વખત સુધી રમતાં હતાં. થાક્યા સિવાય રમતાં હતાં.

આ ઉપરાંત અમે એક બીજી રમત પણ દાખલ કરી હતી. આ હતું લસરવાનું પાટીઉં. આના ઉપર પણ બાળકોને ખૂબ મજા આવતી હતી. લસરવાનું પાટીઉં જેમ વધારે પહોળું અને લાંબું તેમ બાળકોને ખૂબ લહેર પડતી. આના ઉપર પણ મારાં અને અમારાં પાડોશીઓનાં બાળકો લાંબા વખત સુધી રમ્યા કરતાં હતાં.

આ રીતે હું જ્યાં જ્યાં ગઈ ત્યાં ત્યાં મારાં બાળકો માટે મેં ક્રીડાંગણ ઊભું કરવાનો પ્રયત્ન કર્યો છે, અને હું સફળ થઈ છું એમ કહું તો ખોટું નહિ. આમાં મને બહુ ઝાઝો ખર્ચ આવ્યો છે એમ પણ નથી બન્યું. થોડા ડોલર ખર્ચવાથી અમે બાળકો માટે સારી સગવડ કરી શકતાં હતાં. એને પરિણામે અમને પોતાને માનસિક શાંતિ અને બાળકોને જે આનંદ મળ્યાં છે તે અમૂલાં છે.

શં.

રોજનું દુઃખ

ઓસરતી સંધ્યાનો સમય હતો. સૂર્ય તેનાં સોનેરી કિરણો પૃથ્વી ઉપર ફેલાવીને તેના ઠેકાણે જતો હતો. પંખીઓ તેમના માળા ભણી જતાં આકાશમાં દેખાતાં હતાં. વાહ! શું કુદરતનો દેખાવ! વરસાદ આવવાથી પૃથ્વીનો દેખાવ સુંદર લાગતો હતો. નાનાં બાળકો બંગલાઓમાંથી નીકળીને બહાર આવવા પગલીઓ ભરતાં હતાં.

એક બંગલામાંથી હસુ અને કમુ બંને ભાઈબેન બહાર ભીની રેતીમાં રમવા નીકળ્યાં. નાની નાની પગલીઓ ભરતાં તે બંને બાળકો થોડે દૂર રેતીમાં રમવા લાગ્યાં.

હસુ કહેઃ "કમુ, આપણે રેતીનું શું બનાવીશું?" બંને ભાઈબેન મીઠી મીઠી વાતો કરતાં હતાં.

વાતો કરતાં કરતાં હસુ માટીનો કૂએો બનાવવા લાગ્યો. ઘણા ઉમંગથી તે કૂએો બનાવતો હતો. ત્યાં તો તેમની બાની ઘૂમ પડી

અને તેની પ્રવૃત્તિમાં પાણી રેડાયું.

"અલ્યા હસુ ક્યાં મૂવો? વરસાદ આવેલો છે અને બહાર રમવા ગયેા છે. શરદી લાગશે શરદી! એકે દિવસ દવા તેા પડી જ નથી અને બહાર ભીનામાં રમવા ગયેા છે!"

હસુએ કહ્યું: "બા હું હમણાં જ આવું છું. મને અને કમુને ભીનામાં રમવું બહુ ગમે છે." હસુનેા બેાલ સાંભળી મા વાઘણની માફક તાડુકી; "એ ઘરમાં ચાલ સીધી રીતે, નહિ તેા હમણાં મારા હાથની એક પડશે. હંમેશાં માંદુ રહેવું છે અને બહાર ભીનામાં રમવા જવું છે! થાક્યાં તમારાથી!"

આ બંને બાળકેાને કૂબા બનાવવાનેા ઘણેા ઉમંગ હતેા છતાં તેમની સિંહણ મા આવડાં પકડીને બંગલામાં ઘસડી ગઈ. નિર્દોષ બાળકેાને રડતાં રડતાં તેમની માને વશ થવું પડયું.

બંગલામાં લઈ જઈને બાળકેાને ખૂબ ધમકાવ્યાં, માંદા પડવાની બીક બતાવી, 'તારા બાપને કહેવા દે' એવી દમદાટી પણ બતાવી.

નિર્દોષ બાળકેા ઉપર વર્તતેા આ જુલમ શું ઓછેા કહેવાય! અજ્ઞાન માબાપેા બિલકુલ સમજતાં નથી કે આપણાં બાળકેાનાં જીવનની આપણે પેાતે જ પાયમાલી કરીએ છીએ.

બાળકેાની ઉપર આવી જાતનું માબાપેાનું ખેાટુ દબાણ હેાય પછી બાળકેામાં વિકાસબુદ્ધિ ક્યાંથી ખીલે?! ૨.

અમારી ધૂળી નિશાળ

મને પહેલવહેલેા ધૂળી નિશાળે બેસાડવામાં આવ્યેા ત્યારે મારી ઉંમર પાંચ વર્ષની હતી. આ નિશાળ અને મને ભણાવનાર શિક્ષકને હું કદી ભૂલી શકું તેમ નથી.

એક મકાન હતું. મકાનને એક ઓરડેા તથા એક ઓસરી હતાં. ઓરડામાં સામાન ભરીને મકાન માલિક બહાર ગામ વસતા હતા. આ મકાનની ઓસરી અમારા માસ્તરે નિશાળ માટે માગી લીધી હતી. ઓસરી મેાટી હતી. એક બાજુ ઉઘાડી અને ત્રણ બાજુ દીવાલેા હતી. આ ત્રણે બાજુ ન હતી એકે બારી કે ન હતેા પુરતેા પ્રકાશ. ઓસરીમાં અમે બેસતા ત્યાં પણ સદાય ભેજ રહેતેા હતેા. ૧૧ વાગે અમારી નિશાળના છેાકરાઓ છૂટતા એટલે ઓસરી ખાલી થઈ જતી. માત્ર રહેતાં એક ખુરશી અને નાનું ટેબલ. કેાઈકે વખત ગામના નવરા માણસેા નિશાળ છૂટ્યા પછી ઓસરીમાં પડી રહેતી ખુરશી પર બેસી બીડીઓ પીતા અને બીડીઓનાં ઠુંઠાં ઓસરીમાં નાખતાં તેા કેાઈ વખત વળી થેાડીક બકરીઓ ઓસરીમાં આવી ભરાતી અને ચારે તરફ લીંડીઓ કરી જતી.

અમે બપેારે નિશાળે આવીએ ત્યારે કેાઈક વાર બીડીઓનાં ઠુંઠાં તેા કેાઇક વાર બકરાંની લીંડીઓ તેા કેાઈક વાર બાઈને નાખી દીધેલ તરણુચની છાલેા, અમારી નજરે પડતાં. માસ્તર ત્રણ વાગે આવીને એક છેાકરા પાસે આ બધું સાફ કરાવે અને પછી અમને બધાને આ સ્વચ્છ કરાવેલ (માસ્તરની દૃષ્ટિએ) જમીન ઉપર બેસાડે.

આ તેા માત્ર મકાનની વાત થઈ. હવે આવી નિશાળમાં અપાતાં શિક્ષણની વાત.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

ધૂળી નિશાળે બેઠો તે જ દિવસે માસ્તરે મને એકડો માંડી આપ્યો હતો. અને મારી પહેલાં પંદરેક દિવસે દાખલ થએલ એક છોકરાની સ્લેટ બતાવી માસ્તરે મને કહ્યું: "જો સ્લેટમાં એકડો આવો જાડો થાય ત્યાં સુધી ઘૂંટ એટલે આવડી જશે. રોજ સો વાર ઘૂંટવાથી આવડશે."

અત્યારે હું આ વાત સંભારું છું ત્યારે મને હસવું આવે છે, કારણકે તે વખતે મને તો ખબર ન હતી કે કેટલી વાર ઘૂંટું એટલે સો વાર ઘૂંટયું કહેવાય! પરંતુ માસ્તર તો મને દરરોજ કહેતા કે સો વાર ઘૂંટ.

સવારે નિશાળ શરૂ થતી એટલે શરૂઆતમાં માસ્તર સૌને એકડાઆંક ગડિયો વગેરે સ્લેટમાં માંડી આપતા અને ત્યાર પછી તે પાકા કરવાનું કહી પોતે ખુરશી ઉપર જરા આડા થઈ ટેબલ ઉપર પગ રાખી, આંખો બંધ કરી આરામ લેતા. જ્યારે આવું બનતું ત્યારે નિશાળમાં ધોંધાટ વધતો, અને છોકરાઓ અંદર અંદર મસ્તી શરૂ કરતા. કોઈવાર વધુ પડતા ધોંધાટથી અથવા કાંઈક બીજા કારણથી માસ્તર જાગી જતા તો જે છોકરાને આંક પાકા કરતા ન દેખે તેને પોતાની પાસે બોલાવતા અને એક બે તમાચા ચોડી દેતા.

મને નિશાળે બેઠાં લગભગ વીસ દિવસ થયા હશે. મને માસ્તર પોતાની ખુરશી સામે બેસાડતા. મને એકડો માંડી દીધા પછી નિયમ મુજબ તેઓ ખુરશી ઉપર આડા થઈ આરામ લઈ રહ્યા હતા. હું ઘૂંટવાનું મારૂં કામ કરતો હતો. એકાએક માસ્તર જાગી ઊઠ્યા મને પોતાની પાસે બોલાવ્યો. હું ઊભો થયો. મારી સ્લેટ જોઈ તેઓ મોટે સાદે બોલી ઊઠ્યા: "સો વાર ઘૂંટવાનું કહું છું ને હજી કેટલી વાર ઘૂંટ્યો?!"

આમ કહી મને બે તમાચા ચોડી દીધા.

આ વાત સંભારું છું ત્યારે હજી મને એમ થાય છે કે હું ઘૂંટવાનું મારૂં કામ કરતો હતો તો પણ મને માસ્તરે બે તમાચા શા માટે માર્યા હશે? શું માસ્તર કહે તે પ્રમાણે કરવા છતાં પણ તેમને છોકરાઓને મારવાની કુટેવ પડી ગઈ હશે!

આ વાતને આજે વીશ વર્ષો વહી ગયાં છે. કદાચ તે વખતમાં આવી નિશાળો ચાલી શકે-ચલાવી લેવાય તેમ હતું. પરંતુ હજુ અત્યારે પણ હવા પ્રકાશ વિનાના મકાનમાં, ખીચોખીચ માંડ સમાઈ શકે તેટલા છોકરાઓને બેસાડ્યા હોય, હાથમાં નેતરની સોટી લઈ માસ્તર ભણાવતા હોય, અને 'સોટી વાગે ચમ ચમ વિદ્યા આવે રમ ઝમ' એમ રાગડા તણાવતા હોય; આવી ધૂળી નિશાળો ચાલુ હોય તો તે વાત શું દુઃખ ઉપજાવે તેવી નથી?

વધારે આશ્ચર્ય ઉપજાવે તેવી વાત તો એ છે કે મોટાં શહેરોમાં બાલમંદિરો, નૂતનશિક્ષણ સંસ્થાઓ, અને બીજી સુધડ નિશાળો હોવા છતાં પણ, આ જાતની ધૂળી નિશાળોમાં ભણવા માટે લોકો પોતાનાં બાળકોને મોકલે છે!

ધૂળી નિશાળ સંબંધે આ બધું જાણવા છતાં પણ, માબાપો, પોતાનાં બાળકોને મોકલી શા માટે આવી (ધૂળી) નિશાળોને પોષણ આપતાં હશે?!

ચ.

ડૉ. મૉન્ટીસોરી અને વિકાસ

બાળકનો જીવનમેળ જુદો હોય છે, તે અને તેની પ્રવૃત્તિની ઉમેદો પણ વડીલોના કરતાં જુદા જુદા પ્રકારની હોય છે, તે લક્ષમાં લઇને આપણે સમજવું જોઇએ કે, બાળકને પોતાને વાસ્તે બનાવેલી જુદી જ પરિસ્થિતિની જરૂર છે. આ પરિસ્થિતિ એકલા આરોગ્યના સિદ્ધાન્ત ઉપર રચાવી જોઇએ નહિ; એટલે કે કોઈ હૉસ્પિતાલમાં રખાય છે એવાં સ્વચ્છ વસ્તુ કે વાસણો, કોઈ બગીચામાં હોય છે એવી તાજી હવા, શુદ્ધ પથ્ય ખોરાક અને સ્વચ્છ પોષાક વગેરે જ બસ નથી. કેમ કે આ બધી સામગ્રી તો જીવનના એક સ્થૂલ ભાગને જ સંતોષે છે. પણ માનવજીવનનો મુખ્ય ઉદ્દેશ શો છે? જો બાળકને બુદ્ધિશક્તિના બાસ ગુણની બક્ષિસ છે, તો પછી તેનું વાતાવરણ એ શક્તિની ઊંચામાં ઊંચી ખીલવણીને પોષે એવું હોવું જ જોઇએ. તેમાંય પ્રથમ આત્માને સંતોષે એવું અને પછી બીજી વાત.

બેશક, શરીરને ભૂલવાનું નથી. બાળકનો જીવાત્મા જ્યારે સંતોષાય છે ત્યારે શરીરનાં કામો કરવામાં તેને ઉત્સાહ પ્રકટે છે—એ વાત બાળકની પ્રવૃત્તિમાં વ્યક્ત થાય છે. જે લોકો આરોગ્યની દૃષ્ટિએ માત્ર વિચાર કરે છે તેમણે યાદ રાખવું જોઈએ કે બાળકનો વિકાસ તેના આધ્યાત્મિક જીવનની સાથોસાથ થવો જોઇએ. આ માત્ર એક પદ્ધતિ કે કલ્પના જ નથી. મૉન્ટેસોરીની પહેલવહેલી શાળામાં શારીરિક ખોડોવાળાં બાળકોને દાખલ કરવામાં આવ્યાં હતાં. જો કે તેમને વધુ સારો ખોરાક આપવાનું શક્ય નહોતું, તો પણ બે વરસને અંતે બધાં સારી તન્દુરસ્તીમાં આવી ગયાં હતાં. આ પરિણામ તેમના જીવાત્માના સંતોષને લીધે જ આવેલું. તાજેતરમાં વૈદકીય અભિપ્રાય એમ જાહેર થયો છે કે, બાળકો તેમના સામાન્ય જીવનમાં જે રીબાતાં હોય તો તે શિથિલ થઈ જાય છે; પણ જો તે સુખી હોય તો તેના શરીરના રાસાયણિક ફેરફારોમાં સુધારો થતો જાય છે. મૉન્ટેસોરીનાં બાળગૃહો અપૂરતા પોષણવાળાં બાળકો માટેનાં આરોગ્યભવનો મનાવા લાગ્યાં તેનું કારણ પણ આ જ છે.

બાળકની આસપાસની સ્થૂળ પરિસ્થિતિનો પ્રથમ વિચાર કરીએ:—ઓરડો, દીવાલો અને મકાન જેમાં બાળક રહેતું હોય તે. આરોગ્યશાસ્ત્ર તો ઊંચાં છાપરાંવાળા અને મોટાં બારીબારણાંવાળા ઓરડાની ભલામણ કરે છે, કે જેથી તેમાં હવા અને પ્રકાશ વધારે આવી શકે. પણ મૉન્ટેસોરીના મત પ્રમાણે આ પ્રશ્ન જુદો છે. તે તો નાના અને સારા માપસરના ઘરની ભલામણ કરે છે; તેના ઓરડા બહુ ઊંચા ન જોઈએ, અને બારીઓ પણ દેખીતી બહુ મોટી ન જોઈએ. તેઓ તો નાની બારીઓ અને છેક નીચી રાખવા કહે છે, કેમકે તેમ કરવાથી બાળક પોતાની મેળે ઉઘાડી કે વાસી શકે, અને પોતે કામ કરતાં કરતાં એવી નીચી બારીમાંથી બહાર નજર પણ કરી શકે. વળી બગીચો પણ નાનો જ બાળકને માફક આવે છે, પણ મોટા વિશાળ પાર્ક

તેમને ફાવતા નથી. કેમકે વિશાળ પાર્કમાં તો બાળકને બીજાની સંભાળ અને દેખરેખ નીચે રહેવું પડે. આ પાર્કમાં બાળક બેશક શુદ્ધ શ્વાસોચ્છવાસનો લાભ લઈ શકે ખરૂં, પણ તેના વિશાળ કદથી બાળકની સ્વતંત્રતા કે છૂટ રૂંધાઈ જાય, પણ નાના બગીચામાં બીજાની લાગઠ દેખરેખ વગર તે બધી ચીજોના નિકટ સંપર્કમાં આવી શકે. જીવાત્માના જીવનમાં અનુકૂલ ભૌતિક મર્યાદા પણ કેવી રીતે ઉપકારક થાય છે તેનો દાખલો ઉપલી વાત રજુ કરે છે.

આજનાં શહેરોમાં બધે ફરી વળીએ તો આશ્ચર્યચકિત થઇને બોલી જવાય કે–" પણ છોકરાં ક્યાં ?" નિશાળો તો ઘર કરતાંય મોટી હોય, અને તે કાંતો હોસ્પિતાલો જેવી અથવા બંદીખાના જેવી હોય. ત્યાં બાળકને લાયકનું ફર્નિચર જ મળે નહિ ! માત્ર જાણે ઢીંગલાં માટેની ચીજોનો જથ્થો હોય ! સહજ બુદ્ધિશક્તિવાળું બાળક જેને મોટા થઇને મનુષ્ય બનવું છે તેનો કાંઇ વિચારજ કરેલો હોતો નથી. જોન હુબી, ન્યુયોર્ક શહેરમાં પોતે કરેલી તપાસ ફોકટ જતાં એવા નિર્ણય ઉપર આવે છે કે, એ શહેરમાં બાળકને યોગ્ય પરિસ્થિતિ ક્યાંઈ છે જ નહિ. જે જમાનામાં બાળકો માટે શાળામાં મોટાં મોટાં ડેસ્ક અને ઘર આગળ મોટા પલંગો કે ઢોલિયા રાખવામાં આવતાં તે જમાનાનો કોઈ ખ્યાલ કરે તો તેને તરત સમજાઈ જશે કે, બાળકને શાળામાં ભણતર (પરાણે) ભણાવાતું, અને ઘેર તેને માટે બધી સગવડ બીજાંઓથી પરિપૂર્ણ થતી ! બાળકની સંભાળ બહુ લીધા કરવાની જરૂર નથી, એટલું જ નહિ પણ તેને પોતાને કંઈ કંઈ કરવાની જરૂર છે. જીવાત્મા પ્રથમ છે અને પછી તેનું શરીર. તે માત્ર બાયપીએ અને સ્વચ્છ રહે એટલું જ બસ નથી. પણ પોતાની મેળે જમે અને પોતાની મેળે નાહીધોઈ સાફ રહે એમ કરવું જરૂરનું છે. વહેવારૂ જીવનમાં બધાંય કામોની માફક બાળક પોતે જ એ બધું કરે એમ થવાની જરૂર છે. તેટલા માટે શાળા પણ એવી જ જોઈએ કે જ્યાં બાળક પોતાની સંભાળ પોતાની મેળે લેતાં શીખી શકે. અને ત્યાંનું બધું વાતાવરણ તેની બાળપ્રવૃત્તિને બંધબેસતું રચાવું જોઇએ. તેને માટે હળવો અને હેરવી ફેરવી શકાય એવો જ સામાન જોઈએ. કબાટ પણ એવાં કે

આપણાં મહેમાનોને આપણું બાલમંદિર કાળજીથી બતાવવું એમાં ખુશામત નથી, બોટી જાહેરાત નથી, તેમ જ તે સમયનો વ્યય પણ નથી. બાલમંદિર મહેમાનોના સમય પ્રમાણે વિગતથી સાદી રીતે અને પ્રેમપૂર્વક બતાવવું એ આપણી સભ્યતા છે અને આપણો ધર્મ છે. એ ધર્મ માત્ર આપણી વ્યક્તિ પરત્વેનો નથી પણ આખી સમષ્ટિ પરત્વેનો છે.

બાલમંદિર જોવા આવનાર બહાર નીકળી એમ કહે કે અમને કોઇએ કંઇ બતાવ્યું નહિ તો તેમાં આપણે બાલમંદિર ચલાવવાવાળાએ શરમાવાનું છે અને તેમાં બોટ તો આખી દુનિયાને છે.

ગિ.

તેનાં બારણાં તે પોતાની મેળે ઉઘાડ–વાસ કરી શકે. ડસ્ટર વગેરે સાધન પણ રાખવું કે તેવડે બાળક પોતાના ઉપયોગનો સામાન સાફસૂફ રાખી શકે. માત્ર આરોગ્યવાળી પરિસ્થિતિમાં રહેવા ઉપરાંત બાળક કંઈ જુદું જ માગે છે.

સામાન્ય શાળામાં વિચારવાનો મહત્ત્વનો પ્રશ્ન બાળકના થાકનો છે. હવે આરોગ્યજ્ઞાન-વાળાઓ અગાઉ કરતાં ઓછા કામની બાળક માટે ભલામણ કરે છે, પણ તેમ કરવામાં તેઓ તેને વિક્ષેપ કરે છે તે વાત તેઓ ભૂલી જાય છે. થાક વિશે કશી ચિન્તા કરવાની જરૂર જ નથી; પોતે કેમ વર્તવું એ વાત બાળક એની મેળે જ સમજી લેશે. બરી રીતે તો તે થાક્યા વગર ઘણું કામ કરી શકે છે. કેટલીક મોન્ટી-સોરી શાળાઓમાં બાળકોએ સવારના આઠથી બાર અને બપોરે બે થી છ વાગતાં સુધી કામ કર્યાના દાખલા છે, અને એમ કર્યા પછી ઘેર જતાં જતાં પણ તેમણે નિશ્ચય કરેલો કે, બીજે દિવસે વહેલાં શાળામાં જવું કે તેથી ત્યાંના પ્રથમના કામમાં ભાગ લઈ શકાય. આ વાત આજના આરોગ્યવિજ્ઞાનીઓને અને માનસ-શાસ્ત્રીઓને પણ ચોંકાવનારી છે. એક કેળવણી ખાતાના ડિરેકટરે મોન્ટીસોરી પદ્ધતિવાળી શાળાનું કામ તાજેતરમાં બંધ પાડ્યું, કેમકે તેમને બાળકો એટલું બધું સખત કામ કરે તે અયોગ્ય લાગ્યું! પણ હવે માલૂમ પડ્યું છે કે લાગઠ કામ કરવા કરતાં વચ્ચે વચ્ચે થતા વિક્ષેપો જ બાળકને વધુ થાક લગાડનારા છે. માટે કામ કરવાના લાંબા ગાળાનો પ્રશ્ન વિચારવાનો નથી. પરંતુ તેની માનસિક જરૂરતને સંતોષ થવાનો પ્રશ્ન વિચારવા લાયક છે. જેમ જન્મ થયા પહેલાં હૃદયના ધબકારા જે ચાલુ થાય છે તે લોહીના પ્રવાહનું અભિસરણ હૃદયને જરાય પરિશ્રમ પહોંચાડ્યા વિના છેક મૃત્યુ સુધી ચાલ્યાં જ કરે છે, તેમ વિકાસ એ કાંઈ થકવનારી ક્રિયા નથી, પણ તે તો જીવાત્માને થાક ઉતા-રીને વિશ્રાંતિ આપે છે.

અહીં તો મા અને શિક્ષક બંને તેમની મોટી જવાબદારીમાંથી છૂટે છે. તેમને થાકના ગૂંચવાડાભરેલા પ્રશ્નોનો વિચાર કરવાનો જ રહેતો નથી, પણ માત્ર બાળક માટે યોગ્ય પરિસ્થિતિ તૈયાર કરવાની રહે છે. શિક્ષક કરતાં વધારે ડાહ્યો નિયંતા સ્વતઃ બાળકમાં છે. એ નિયંતા ગુપ્ત છે અને તેના સંદેશા સમજવા એ હંમેશા સહેલું નથી. તેમણે તો બાજુએ જ બસી જવાનું છે, અને બાળક માટે તૈયાર કરેલા વાતાવરણમાં તેને રહેવા દેવાનું છે.

વિ. ય.

બાલસાહિત્ય વાટિકા (સંપાદક ગિજુભાઈ) નાં બીજાં દસ પુસ્તકો

૧૦ બુધા કાકા	(રમણલાલ સોની)	૧૫ ટારઝન ભાગ પહેલો	(શંકર શાહ)
૧૧ ભૂતેર ગલ્પ	(મોંઘીબેન)	૧૬ છ મૂર્ખાઓ	(મોંઘીબેન)
૧૨ ગધેડાનાં પરાક્રમો	(ગિજુભાઈ)	૧૭ તારા અને ગ્રહો	(મગનભાઈ)
૧૩ આપણી લોકકથાઓ	(કમળાબેન)	૧૮ ઋતુના રંગ	(ગિજુભાઈ)
૧૪ ટેકરીની વનસ્પતિ	(ગિજુભાઈ)	૧૯ ગિરીશભાઈની વાર્તાઓ	(ગિરીશ)

ગ્રાહકોની વિગત માટે લખો : શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, ભાવનગર

પ્રશ્નવ્યવહાર

: ૧ :

ગ્રામસેવકવિદ્યાલય

વર્ધા, ૮-૯-'૩૬

ભા. શ્રી ગિજુભાઈ,

તમારી અક્ષરજ્ઞાનની યોજના વિશે એક વાત પૂછવાની છે. અક્ષરો એકલા આપ્યા છે. તેની સાથે સૂચક ચિત્રો આપ્યાં હોય તો યાદ રાખવામાં મદદ ન મળે? આ વિશે તમારો અભિપ્રાય શો છે?

બીજું, અક્ષરો શીખવવાનો ક્રમ છે એ શબ્દની દૃષ્ટિએ યોજ્યો છે. બીજી એક યોજના મેં જોઈ છે તેમાં જે અક્ષરોમાં સામ્ય હોય તેવા સાથે લેવા ને તેમાંથી જે શબ્દો બનતા હોય તે બનાવવા. પણ તેમાં એક મોટી મુશ્કેલી છે. શબ્દો ઘણા બનતા નથી, ને જે પરિચિત અને ઘરગથ્થુ શબ્દો બનાવવા હોય તે બનતા નથી, બાકી સામ્યવાળા અક્ષરો સાથે શીખવવાથી એક રીતે અનુકૂળતા મળે છે. આ બન્ને વસ્તુનો સુમેળ મળે એવું કશું ન થઈ શકે?

લિ. ઝ. ના નમસ્કાર.

: ૨ :

પ્રિય ભાઇ,

અક્ષરો સાથે ચિત્રો સકારણ નથી આપ્યાં. પૂર્વે ચિત્રો આપવાનું કારણ એ હતું કે શીખનારમાં અક્ષરની આકૃતિ જોઇને યાદ રાખવાની શક્તિ નથી એમ માનવામાં આવતું હતું. આ માન્યતા મૂઢ બાળકોને શીખવનારાઓએ ઉભી કરી હતી. તેની ઉત્પત્તિ યૂરોપમાં થઇ. પ્રયોગથી માલૂમ પડ્યું છે કે અક્ષરો આકારો છે. તેને બીજાં ચિત્રો કે આકારોની મદદથી શીખવવા જતાં નાહકનું સાહચર્ય ઉભું થાય છે, સીધી દૃષ્ટિમાં વિક્ષેપ કરે છે અને સમયનો વ્યય થાય છે. બાલમંદિરમાં બાળકો અક્ષરો સીધાં જ શીખે છે. કોઈ જડમતિને અક્ષરોનાં નામો કોઈ રીતે યાદ ન જ રહેતાં હોય તો તેની સ્મૃતિ-ચિત્રસાહચર્ય વડે ઉત્તેજીત કહી શકાય. સમધારણ મગજને આવા સાહચર્યની જરૂર નથી હોતી. તેથી જ 'ઘઘેડાનો ગ પદ્ધતિ' છોડી દીધી છે. ચિત્ર અપ્રયોજનવાળું છે. બાળકોને સમજણ છે કે તેઓ ભણવા બેઠાં છે અને બતાવવામાં આવે છે તે અક્ષરો છે. જેમ હજારો ચીજો કે આકારોનાં નામો તેઓ શીખે છે તેમજ તેઓ અક્ષરો પણ શીખી શકે છે—શકયા છે. ચિત્રથી મન વિકૃતિને પામે છે. અવાન્તર વિચાર-સરણી પર મન ચડી જાય છે.

સરખા આકારના અક્ષરોથી શીખવવાની રીત બરાબર નથી. કેટલાંક લોકો ક માંથી ફ શીખવે છે, ૨ માંથી શ કે સ શીખવે છે. તેમ શીખવી શકાય પણ તેમાં પૂર્ણ અંશે અનુકૂળતા નથી અને શાસ્ત્રીયતા પણ નથી. જેમ એક જ સ્થાનના અક્ષરો અનુક્રમે સાથે શીખવવાનું છોડી દીધું છે, કારણ કે સમાન અક્ષરોના ઉચ્ચારોમાં નજીકતા હોવાથી કાનને ભ્રમ થાય છે, તેમજ સામ્ય હોવાથી આંખને ભ્રમ પેદા કરે છે. શિક્ષણનું કાર્ય સામ્ય, વિરોધ અને ક્રમથી થાય છે. અક્ષરો પરત્વે વિરોધ વધારે ફલ્તેહમંદ નીવડે છે. તેમજ સતર્ક પણ છે. વિરો-

ધી આકારના અક્ષરો ઝટ ઝટ યાદ રહે છે. જેમ કે ક અને ન. 'ચાલો વાંચીએ'માં સામ્ય કરતાં વિરોધનું ધોરણ વધારે પ્રમાણમાં છે. અલબત્ત, શબ્દો વધારે બનાવવાનો અને વાંચન ત્વરિત કરવાનો હેતુ તો અક્ષરોની પસંદગીમાં છે જ, પણ તેમાંયે સામ્ય કરતા વિરોધનું ધોરણ વધારે સ્વીકાર્યું છે.

હવે તમને ઠીક લાગે તેમ તમે મેળ મેળવશો.

તમારો ગિજુભાઈ

: ૩ :

ભાઈશ્રી,

પત્રવ્યવહારથી તમારી ઘણી મુશ્કેલીઓનો નિકાલ થાય તેમ નથી. મને તો લાગે છે કે તમે કોઈ વાર આ બાજુ આવી ચડો તો સારું. તો તમે અહીં ચાલતી કાર્યપદ્ધતિને પ્રત્યક્ષ જોઈને તમારી મેળે જ કેટલીક બાબતમાં સમાધાન મેળવી શકશો.

બાળકોમાં શિસ્ત લાવવાનું કામ જાતે જોયા વિના કદી આવડે નહિ. એટલે મારે પત્રમાં કેવી રીતે લખવું?

તમારામાં દૃઢતા જોઈએ તે નથી પણ નરમપણું છે. બાળકો સાથે કામ કરનારે સખ્તાઈ નહિ પણ દૃઢતા રાખવાની છે. નરમાશ નહિ પણ નમ્રતા રાખવાની છે. આ પણ હું નજરે બતાવી શકું. શબ્દોના અર્થો આપવાથી કંઈ ન મળે.

જેઓ એક વાર પણ બાળકોને મારી બેસે છે તેઓ બાળકોનો પ્રેમ અને શિસ્ત બન્ને ગુમાવે છે. બીક ઉપર પાયો રચનારા કદી પણ શાંતિ, વ્યવસ્થા અને આજ્ઞાંકિતપણું પ્રાપ્ત કરી શક્યા નથી અને શકે નહિ. ગુસ્સાથી છોકરાં જરાક આઘાં ખસી જાય છે પણ પાછાં એનાં એ બનીને આપણને વધારે ગુસ્સે કરે છે. ખોટા ઉપાયો જેમ જેમ વધતા જાય છે તેમ તેમ મુશ્કેલીઓ વધતી જાય છે. બાળકોને રસ્તા ઉપર રાખવાં, ચેતનવંતાં કરવાં, જ્ઞાનવાન કરવાં અને તેમનો પ્રેમ મેળવવો એ આપણામાં શાંતિ અને જ્ઞાન બન્ને માગે છે.

ચૌદમું રત્ન વાપરનારાઓ બાળક રૂપી રત્નને ખોઈ બેસે છે. તેઓ શિક્ષકો થવાને યોગ્ય નથી. તેમણે એ રત્નને ઊંડા ખાડામાં દાટી મૂકવું સારું.

બાળકોને સ્વાતંત્ર્ય આપવું એ રમત વાત નથી. એ કામ ખૂબ સમજણ અને બાળકોના સ્વભાવનું પરીક્ષણ અને નિરીક્ષણ માગે છે.

પરિણામ સામે રાખી ભણાવા બેસનારનો રાહ અને સ્વાતંત્ર્ય આપી ભણાવનારનો રાહ જુદો છે. પરિણામ માટે જ ભણાવનારે બાળકોના સન્માનનો, સ્વાતંત્ર્યનો, કે સ્વયંસ્ફુર્તિ વિચાર કરવો જ નહિ. પરિણામ બાળકોની સર્વ શક્તિનો ભોગ માગે છે. તેને અને બાળકોની મુક્તિના રાહને કેવી રીતે મેળ ખાય?

બીજો ધંધો મળી જાય તો ખોટું નથી. તો તમારો બળાપો ઓછો થશે, તમારા જીવને શાંતિ મળશે અને તમારી ઉન્નતિ બીજી રીતે થશે જ.

તમારી આજની સ્થિતિ જણાવશો. *

લે. શુ. ગિ. ના નમસ્કાર.

એક શિક્ષકભાઇના પત્રનો જવાબ.

: ૪ :

[પત્ર નં. ૪–૫ ઉપર કશી જ નોંધ ન લેઇએ. વાંચનારાંઓ સ્વતઃ જ બાળકોના અદ્‌ભુત માનસનું દર્શન કરી શકશે.—તંત્રી]

મુ. ગિજુભાઈ,

આપનો તા. ૨૧–૮–૩૬ નો લખેલ પત્ર મને મળી ગએલ છે. મારા પત્રનો જવાબ ન આવવાનું કારણ મને લાગતું હતું કે આપ વ્યવસાયમાં રોકાયેલા હશો એટલે જવાબ ન આપી શક્યા અથવા તો મારાથી એ બાબતનો પત્ર પ્રથમ જ લખાએલો હોઈ બરાબર વિચારોની સંકલના ન જળવી શકાઈ હોય, અને સમજી શકી પણ નહિ હોઉં એમ લાગેલું. પરંતુ આપના તરફથી જવાબ આવેલો જોઈ મને અત્યંત હર્ષ થયેલ છે. હવે મારી ભાંગી તૂટી ભાષામાં કોઈ વાર મારા હૃદયનું મંથન સમજાવતાં મને સંકોચ નહિ થાય.

બાળકોને સમજવાં સહેલાં નથી જ. આપને ઘણો જ અનુભવ હોવાથી આપ અનુભવેલી બાબતો કહી શકો, એટલે જ તરદી આપવાની રહે. મને બાળપણથી જ મારાં નાનાં ભાઇબેનોનો સહવાસ અને તેજ મારો અનુભવ. ખાસ કરીને તો મારી બાની અખૂટ શાંતિ અને બાબાપુજી વચ્ચેનો નિર્મળ પ્રેમ અને ઉદાર સ્વભાવનાં બીજ મારામાં રોપાયેલાં તેથી શાંત રહી શકું છું અને એટલે જ બાળક વિશે કંઇક સમજી શકું છું. મારે ઘેર મારાં ઘરડાં સાસુસસરા, હું અને પ્રવીણ એટલાં જ છીએ. બાળકોને સ્વતંત્રતા આપી શકવા જેટલી ધીરજ ઘરડાં માણસો મોટે ભાગે નથી રાખી જ શકતાં. પરંતુ "બોટનો" કહીને કેટલીક વાર તેની મરજી પ્રમાણે જ થવા દે છે. આ કારણે પણ બાળકને સ્વતંત્રતા મળે છે, એટલે મને ખુશી થવા જેવું છે. એ પછી મારું કર્તવ્ય એ "બોટ"નો અવળો ઉપયોગ કરી બાળક સ્વછંદી ન થાય એ જ જોવા પૂરતું રહે છે. આ તો અમે કેવી સ્થિતિમાં છીએ એનો ખ્યાલ આપવા માત્ર લખ્યું છે.

આપને આગળ કાગળ લખ્યાને ઘણો ટાઇમ ગયો. એ દરમિયાન એક ખાસ બનાવ બની ગયેલો જેને લીધે અમારા આખા ઘરમાં અથવા તો બધાના સ્વભાવમાં પરિવર્તન થઈ ગયું, એ બધું જણાવવું જોઈએ.

બે મહિના અગાઉ હું રાજકોટ મારી બાને ત્યાં ગયેલી. અંબરેલીમાં મેનીનજાઈટીસનો ઉપદ્રવ હતો, એ અરસામાં અમે ગયેલાં. પ્રવીણ તે રોગના ચેપનો ભોગ થઈ પડેલો, ને રાજકોટ ગયા પછી પંદર દહાડે તેની અસર થઈ. રોગે બહુ ઉગ્રસ્વરૂપ ધારણ કરેલું અને સર્જન ડૉકટરે કહેલું કે કદાચ બેચાર કલાક કાઢી શકશે. અમારું આખું કુટુંબ અમરેલીથી રાજકોટ આવીને રહ્યું. મારાં બાબાપુની અડગ શ્રદ્ધા અને શાંતિથી અમે પણ શાંતિ રાખવા પ્રયત્ન કરતાં. દા૦ લલ્લુભાઈ સાથે અમારે પરિચય વધારે તેથી તે પ્રવીણનો સ્વભાવ જાણે અને તેથી જ તેણે બીજા ડૉકટરોને કહેલ કે દરદીના ઓરડામાં દરદ સંબંધે કંઈ પણ વાતચિત ન કરવી કેમકે તે ચંચળ વૃત્તિનો છે.

પરંતુ અમને બધાંને ગભરાએલાં જોઈને પ્રવીણે સીધો ડૉકટરને જ પ્રશ્ન કર્યો કે મને શું છે તે કહી દો. મને મેનીનજાઈટીસ છે એમ લાગે છે. ડૉકટરો તેને બીજી વાત

ઊપર લઈ ગયા અને તેને મેનીનજાઈટીસ નથી એમ કહેવામાં આવ્યું એટલે તેની ગભરામણ જરા ઓછી થઈ. પરંતુ એક રાત વીતી અને કંઈ બહુ આશા જેવું નહોતું લાગતું ત્યાં તો પ્રવીણને પણ ચોક્કસ થયું કે તેને મેનીનજાઈટીસ છે. તેણે મને તદ્દન પાસે બોલાવી અને ધીમેથી કહ્યું: "તારાબેન, સાચું કહી દેને, જૂઠું શું કામ બોલે છે? મને તો મેનીનજાઈટીસ છે." મારાથી જવાબ ના આપી શકાયો. તે ફરીથી બોલવા લાગ્યો: "આપણા ગામમાં આપણે હતાં ત્યારે પાંચ જણને મેનીનજાઈટીસ થએલો અને ચોવીસ કલાકમાં એ પાંચેય કેસ ખલાસ થએલાને?" મારાથી હા કહેવાઈ ગઈ. મારાથી કંઈ જ બોલી શકાતું ન હતું. અત્યારે પણ એ પ્રસંગ યાદ આવે છે અને ધ્રૂજી જવાય છે. આખા કુટુંબનાં માણસો આસપાસ ઊભેલાં. પણ બધાં જ સ્તબ્ધ. જરાપણ અવાજ ન આવે. ચિત્રોની જેમ બધાં ઉભેલાં. માત્ર પ્રવીણ બોલતો જતો હતો. પછી કહે: "તું જ કહેતી હતી કે શાન્ત ચિત્તે પ્રાર્થના કરીએ તો મરવાની બીક ન લાગે અને ખૂબ આનંદ મળે. તો મારે હજુ ચોવીસ કલાકની વાર છે. જલદી કરોને, મને પ્રાર્થના કરાવોને, એટલે મને આનંદ થાય." મારાથી તો શાન્તિ જાળવી ન શકાઈ. મારાથી તો રડી જવાયું. હું ખૂબ ધીરજ રાખતી પણ આવું આવું બોલે એટલે ધીરજ કેમ રહે? મારા બાપુજી આંખમાં આવેલાં આંસુ સાફ કરીને, સ્વસ્થ થઈને પાસે આવ્યા. પ્રવીણ તો પ્રાર્થનાનો જ આગ્રહ કરતો હતો. મેં કહ્યું: "ભાઈ, તને જે કવિતા આવડે છે એમાંથી એક બોલ." તે કહે: "એવું નહિ, પ્રભુનું નામ આવે અને આનંદ મળે એવી બોલો." મને તો એક પણ કવિતા ન સૂઝે કે ન સૂઝે પ્રભુનું નામ. આસપાસનાં પણ બધાં રડ્યાં કરે, પણ કોઈ બોલી શકે નહિ. મારા બાપુજી કહે: "ભાઈ, પ્રભુ, પ્રભુ એમ બોલ એટલે આનંદ થશે." તે કહે: "હા, એ જ ઠીક છે. એમ કહીને એ તો આંખો મીંચીને મનમાં ને મનમાં જ પ્રભુ, પ્રભુ બોલવા લાગ્યો અને અમને બધાંને કહે: "તમે બધાં મારી પાસેથી જતાં રહો, મને એકલો જ રહેવા દો." જાણે કે એ તો મૃત્યુને વધાવી લેવાને જ તૈયાર બેઠો. અમે પણ કલ્પના તો મોટી મોટી કરતાં હોઈએ પણ એ વખતે તો ધીરજ રહે જ નહિ. મન શાંત જ ન થાય, ખૂબ રડવું આવે. સાંજના ડૉકટરે આવીને લંબર પંકચર કરીને પાછળ વાંસાના ભાગમાંથી પાણી કાઢયું અને અમને આશા આપી કે કાલના કરતાં જંતુનું પ્રમાણ ઓછું છે તે કદાચ કેસ બચી જશે. પછી તો દિવસે દિવસે સારૂં થવા લાગ્યું. સાતમે દહાડે ફરી હુમલો થતાં અમે ગભરાયાં અને સ્થિતિ એકદમ ખરાબ થઈ ગઈ. તે દહાડે તેને પૂર્ણ શુદ્ધિ ન હતી. પરંતુ જરા પણ શુદ્ધિમાં આવતાં જ ખુશમિજાજ દેખાતો હતો. સાથે સાથે એક બીજો કિસ્સો બની ગયો.

મારે એક નાની બેન હતી. પ્રવીણથી એક વર્ષ મોટી હતી. પ્રવીણને અને તેને ખૂબ હેત હતું. તે હંમેશાં મારા બાપુજીને કહે: "ભાઈ, હું તો પ્રભુને કહું છું કે મને તાવ આવે અને પ્રવીણભાઈ સારા થાય, પણ પ્રભુ માનતો જ નથી." એવી એવી બધાંને વાતો કર્યા કરે. પ્રવીણને સાતમે દહાડે વધારે વસમું લાગ્યું ત્યારે

ડૉક્ટરે દવા બંધ કરવા કહેલું અને ચાલ્યા ગયેલા. સાંજ આખી અમે શાન્તિથી વીતાવી. રાતના તેને દરદ ઓછું થતું ગયું અને મારી નાની બેન એ જ દરદમાં પટકાઈ પડી. તે બેશુદ્ધ બની અને પ્રવીણ તદ્દન શુદ્ધિમાં આવ્યો. એકવીશ એકવીશ દહાડા અસહ્ય યાતના વેઠીને મારી નાની બેન ચાલી ગઈ. પણ એટલી શાન્તિથી તેણે એ બધું સહન કર્યું અને એટલા આનંદથી તેણે ભોગ આપ્યો કે અમને તો શું પણ અમારી આસપાસનાં બધાંને પણ એક અજબ પદાર્થપાઠ મળ્યો. તેની માંદગી દરમિયાન પ્રવીણને ખબર મળ્યા અને એકબીજાં ખબર પૂછવા લાગ્યાં અને અંતરમાં એકબીજાંને માટે થાય તેવી પ્રાર્થના કરવા લાગ્યાં. બંનેને જુદા જુદા રૂમમાં રાખવામાં આવ્યાં હતાં, ત્યાંથી સાંજના એક બારી બોલીને એકબીજાંને જોઈ શકતાં. પ્રવીણ એકવીશ દિવસે રોગમુક્ત થયો અને બેન એકવીશ દિવસે ચાલી ગઈ. તેના મૃત્યુની વાત પ્રવીણથી છુપાવવા માટે અમારે ખૂબ સંભાળવું પડતું. અને એક જ મકાનમાં રહેવા છતાં ખૂબ ચૂપકીથી બધું આટોપવું પડયું. છેવટ સુધી બેન અમારી સાથે બોલતાં કહેતી: "પ્રવીણભાઇને સારૂં થઈ ગયું ને? મને તો થઈ જશે. મને હંમેશાં પ્રવીણભાઇને દેખાડજો." આજે તો એ વાતને બે મહિના વીતી ગયા, પરંતુ આ બધું એક સ્વપ્ન જેવું બની ગયું. મારાં બાબાપુજીની લાડકી છોકરી ચાલી ગઈ, પરંતુ તેઓએ શાન્તિ તો છેવટ સુધી ન જ ગુમાવી. પ્રવીણથી હજુ તે વાત છુપાવવામાં આવી છે. સાચું કહેવા જતાં તેની નબળી તબિયતની બીક હતી. તે મુંબઈ છે એટલું જ તે જાણે છે અને હંમેશાં તેના કાગળની રાહ જુવે છે. પ્રવીણની તબિયત તદ્દન સારી છે. મને લાગે છે કે હવે તેને બધી વાત જણાવવી જોઇએ અને શા માટે છુપાવી હતી તે પણ જણાવવું જોઇએ. તેને આઘાત તો જરૂર લાગશે જ. પરંતુ અસત્ય ક્યાં સુધી નભશે? અત્યારે તેની તબિયતને વાંધો આવે એમ નથી લાગતું. મને લાગે છે કે મૃત્યુ વિશે કોઈ સારી, સારી એટલે સાચી જ લાગે એવી જ; કલ્પના અથવા તો માન્યતા તેને સમજાવીને ધીમે ધીમે કહીશ; અથવા તો તમારા ખ્યાલમાં કંઈ આવે તો લખશો તો એ પ્રમાણે કહીશ.

આગળના પ્રશ્નો બધા તો મને યાદ નથી: તેનો જવાબ અનુભવે મળી ગએલ હશે એટલે જ યાદ નથી. તેની માંદગી દરમિયાન એટલું તો જાણવાનું મળ્યું કે આપણે બાળકને કંઈક શીખવવા ઈચ્છતાં હોઇએ તે વસ્તુ આપણે ગ્રહણ કરી શકીએ તે અગાઉ તેણે તો ગ્રહણ કરી જ લીધી હોય છે. એટલે જ તેની પાસેથી આપણને ઘણું જાણવાનું મળે છે. જો મૃત્યુ વખતે ખૂબ શાન્તિ રાખી શકીએ તો મૃત્યુ બિહામણું ન લાગે. આ પ્રકારની વાત અમારા એક સ્નેહીના મૃત્યુ વખતે મેં જ તેને કહેલી. મારી પાસે તો કહેવા માટે જ એ વાત હતી પણ તેણે તો પ્રત્યક્ષ રીતે બતાવી આપ્યું, તે જ બાળકની ગ્રહણ કરવાની શક્તિ બતાવે છે. બાળકોનો પ્રેમ કેટલો ગાઢ હોય છે તે પણ બંને બાળકોએ માંદગી દરમિયાન બતાવી આપ્યું.

પ્રવીણનો સ્વભાવ જરા હઠીલો છે, પરંતુ અનુભવે જણાયું કે મારી પાસે તેનો સીધો સ્વભાવ છે, જ્યારે બીજાં પાસે હઠીલો લાગે

છે. એટલે દોષરૂપ તો બીજાંજ છે. કારણ કે તેની એ હઠને તેઓ પોષે છે. તેને એવા પ્રકારની હઠમાંથી છોડાવવા જતાં એ લુચ્ચાઈ તરફ વળે છે. બીજાને સમજાવવા જતાં, સમજી શકવાને બદલે તેઓ છેડાઈ પડે છે, એટલે હું હવે કોઇને સમજાવવા ન જતાં મારી પાસે તે સીધી રીતે વર્તે છે એ તેમને બતાવું છું અને બરું કારણ શોધી કાઢવાનું તેમના ઉપર જ છોડી દઉં છું એટલે કંઈક પણ વિજય મળે છે.

પ્રવીણને વાર્તાનો બહુ શોખ છે. લડાઈનું વર્ણન તેને વધારે ગમે છે. શાંત રસ પણ તેને ગમે છે બરો. ગમે તે વાર્તા વાંચતાં કરુણ ભાગ આવતાંની સાથે જ તે ખૂબ રડવા લાગે છે અને આગળ વાંચવાની પણ એટલી જ જિજ્ઞાસા રાખે છે. મને વિચાર થાય છે કે આવી જાતના વાંચનથી તેને અળગો રાખવો કે દરેક રસનું મનન કરવા દઇને તેને જે લાગણી થાય તે થવા દઉં. બાસ નિર્ણય નથી કરી શકતી, પરંતુ અતુક જાતના કરુણ વાંચનથી તેને મુક્ત રાખવો એ તો ઈચ્છવા જોગ નથી લાગતું. તેને માટે તમે કંઈ ખુલાસો લખશો? તેની યાદશક્તિ ઘણી તીવ્ર છે. એક વખત કહેલું તેને તરત જ યાદ રહી જાય છે.

પ્રવીણને ચિત્રનો શોખ છે. ચિત્ર માટે બાસ શિક્ષક રોકી શકતી નથી. મને જે ચિત્ર આવડે છે તેમાંનાં જોઈને તે તેની નોટમાં બનાવે છે. તેના ચિત્રોમાં હું ભૂલ કાઢતી નથી, પરંતુ જે ભૂલ હોય તે બ્યાલમાં રાખી એવું ચિત્ર ફરી પાટી ઉપર કાઢવા તેને કહું છું. "ભાઈ, જરા આમ કર્યું હોય તો કંઈ વધારે સરસ લાગે છે કે નહિ?" તે બંને ચિત્રો મેળવી જુવે છે અને મારું ચિત્ર સારું લાગે તો તેના ચિત્રમાં ઉતારે છે અને કોઈક વાર એમને એમ તેને ગમે એટલે રહેવા દે છે. તેનાં ચિત્રો જોઈએ તેટલાં બાપસર-સરસ ન આવે પણ એ ચિત્રો સુધારી શકાય બરાં? મને લાગે છે કે ધીમે ધીમે ચિત્રો ઉપર કાબૂ મેળવશે એટલે એની મેળે સુધરી જશે. આપનો મત એ બાબતમાં જણાવશો.

તે હજુપણ ચિત્રોથી વંચિત છે. અમારા લત્તામાં સારાં છોકરાઓ રહેતા નથી. ખૂબ ગંદા અને ગાળાગાળી કરનારાં જ છોકરાઓ રહે છે. તેના દોસ્તો દૂર રહે છે, એટલે ત્યાં વધારે વખત સાથે રહી શકતો નથી. એકલો પડીને કંટાળે છે એટલે તોફાન કરવા મંડી પડે. અમારે ત્યાં એક નાનું બાગલું છે. તેને તે બહુ જ ગમે છે. એકલો પડે ત્યારે કલાકોના કલાકો સુધી તેની સાથે રમ્યાં કરે અને વાતો કર્યાં કરે. નિરાશ થઈને પડ્યો રહે કે તોફાન કરે એના કરતાં મને એ બાબલાની સાથે આનંદ મેળવી શકે છે તે ગમે છે. પોતાની ઉમરના દોસ્તને અભાવે તે બાબલાં સાથે રમતો હોય. પણ તે તો હું જ્યારે વાંચવાના કે બીજા કામમાં હોઉં ત્યારે જ. બાકીનો વખત તો હું તેની સાથે આનંદ કર્યાં કરું. એની બાબલાંની સાથેની રમત મેં બારીકાઈથી તપાસી છે અને તે નિર્દોષ છે તેની બાત્રી કરી છે. છતાંય એ રમત હિતાવહ છે કે કેમ, તે આપ જણાવશો અને કોઈ ઉપયોગી સૂચન આપશો. દક્ષિણામૂર્તિના પુસ્તકો અથવા તો બાલક સંબંધેનાં લગભગ ઘણાં પુસ્તકો એણે વાંચ્યાં છે, અને એ પુસ્તકો

તેને માર્ગદર્શક થઈ પડ્યાં છે, વિશેષ આગળ કોઈવાર લખીશ.

લિ. તા. દો.

: ૫ :

મુ. ગિજુભાઈ,

આપનો પત્ર મળ્યો. રવિવારે પ્રવીણને અવકાશ હોઈ તે દહાડે તેણે મને પત્ર લખવો કહેલ એટલે આપને જવાબ આપતાં વિલંબ થએલ છે.

મારી નાની બેન કોકિલાની ઉમર નવ વર્ષની હતી. તેનો સ્વભાવ બધાંની સાથે મળી જાય એવો હતો. નિઃસ્વાર્થ પ્રેમ પણ તેનામાં જોવામાં આવતો. મારાથી મોટાં મારાં બે બીજાં બેનો છે. તેઓ પોતાનાં બાળકો લઈને જ્યારે રાજકોટ આવે ત્યારે એ બાળકો એની કંઈ ને કંઈ નવી ચીજ ઉપાડી જ જાય. કોકિલા પણ તે બાળકોની ઉમરની જ હતી. પણ કદી પોતાની વસ્તુઓ આપતાં આનાકાની કરે નહિ, ઉલટું રાજી ખુશીથી બધાંને આપે.

ટૂંકામાં,તે વસ્તુનો સંગ્રહ કરવા કરતાં અથવા તેની માલિકી કરવા કરતાં આપવાને જ વધારે ઈન્તેજાર રહેતી. તેને નવું નવું શીખવાનો ભારે શોખ હતો. આટલી નાની ઉમરમાં તે તરવાનું પણ શીખેલી અને મૃત્યુ અગાઉ એક જ પખવાડિયા પહેલાં મને અને મારાં મોટાં બેત્તને તેણે તરતાં શીખવેલું. તે ખૂબ સરસ તરી શકતી. માછલીની જેમ પાણી ઉપર જતી. અને કોઈ વાર તો આંખો બંધ કરીને પાણીની સપાટી ઉપર હાથપગ હલાવ્યા વગર સમાધિ ચડાવી હોય તેમ વીશથી પચીશ મિનિટ પડી રહેતી, કસરતની પણ ભારે શોખીન. સાંજે પાંચ વાગે સ્કૂલમાંથી આવે એટલે સીધી અખાડામાં જ દોડે.

સવારના પાઠશાળામાં જાય. ત્યાં અમારા જૈન લોકોનું ધાર્મિક શિક્ષણ અપાય છે. તે પણ હોંશે હોંશે શીખવા પ્રયાસ કરે. તેનો સ્વભાવ સત્તાપ્રિય તો હતો. લીણુનાં પાણીની માફક બધામાં ભળી જાય ખરો પણ છતાંય બધાં પર સત્તા ભોગવવાનું એને ગમે.

એક પ્રસંગે મારાં મામા સાથે તેમે પીઠડિયા જવાનું બન્યું. ત્યાં રાજકુમારના જન્મોત્સવ નિમિત્તે દરબાર ભરાયેલો ત્યારે મામા સાથે એ પણ ત્યાં ગયેલ. દરબારમાં કુંવર સાહેબને ખુરસી ઉપર અને બીજા બધાને નીચે બેઠેલા જોયા. મારા મામા પણ નીચે બેઠા. કોકિલા ઉભી રહી. તેને બેસવા માટે કહેતાં તુરતજ તે કહેઃ "દાદાબાપુ (રાજકુમાર) ખુરસી ઉપર બેઠા છે અને હું શા માટે નીચે બેસું!" તરત જ દરબારે હસીને ખુરશી મંગાવીને દાદા-

અરધી કિંમતે

શિક્ષણ પત્રિકાના નીચે મુજબનાં આગલાં વર્ષનાં પૂરા બાર અંકો અરધી કિંમતે (આઠ આનામાં) મળશે.

વર્ષ ૨, વર્ષ ૬, વર્ષ ૭, વર્ષ ૮, વર્ષ ૯, વર્ષ ૧૦.

વર્ષ ૧ લાના અંકો બિલકુલ નથી.
વર્ષ ૩, ૪, ૫ ના છૂટક અંકો મળશે.
દરેક અંકની કિંમત પોણો આનો.

લખોઃ વ્યવસ્થાપક, શિક્ષણ પત્રિકા
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર

બાપુની જોડાજોડ મૂકાવી એટલે કોંકિલા ત્યાં બેસી ગઈ. આવી રીતે તેનો સ્વભાવ સત્તાપ્રિય પણ ખરો જ. બીજાં કહે છે તે પ્રમાણે કરવું જોઈએ તે તેના સ્વભાવમાં જ નહતું. તેની મરજીમાં આવે તે જ તે કરતો. પ્રેમાળ સ્વભાવનો એક જ દાખલો બહુ જ યાદ રહી ગયો છે. તે ગુજરી ગઈ તેને બીજે દહાડે અમારે ત્યાં ભિખારીના બે છોકરા ભીખ માગવા આવ્યા. તેણે અમારે ત્યાંના કોઈને પૂછ્યું કે: "બા, બેન સારાં થઇ ગયાં?" તો જવાબ મળ્યોઃ "રોટલી ન હોય તો ડબરામાંથી ગાંઠિયા કાઢીને તને આપનારી ગઈ કાલે ચાલી ગઈ આ દુનિયામાંથી." ત્યારે પેલો ભિખારીનો છોકરો રાડેરાડ પાડીને તેના હાથમાનું શકોરું માથામાં પછાડીને રોવા લાગ્યો અને કહેવા માંડ્યોઃ "કેરીના ગોટલા અને રસવાળી છાલ ભેગાં કરીને રાખી મૂકનાર અને અમે આવીએ એટલે અમને આપનાર નાની બેનને ભગવાને શું કરવા લઈ લીધી હશે? ભગવાને મને શું કામ મોત ના આપ્યું...?" અમે આ ઘૂમાઘૂમ સાંભળીને બહાર જોવા આવ્યાં. એ દૃશ્ય તો ભૂલી જ શકાતું નથી. તેણે આટલી નાની ઉમરમાં રાયથી તે રંક સુધી બધાનો સરખો જ પ્રેમ મેળવ્યો હતો.

તેની સમજણશક્તિ પણ અજબ હતી. જ્યારે જ્યારે શુદ્ધિમાં હોય ત્યારે મને તેની પથારીમાં બેસવા ન દે. હું કહું: "આમ શા માટે કરે છે?" તો કહેઃ "તમારે પ્રવીણભાઈ પાસે બેસવું જોઇએ. અને તેને હવે સારું થઈ ગયું છે એટલે મને અડીને તેને ન અડાય. એટલે તમારે બેસવું હોય તો દૂર બેસવું. મને અડતાં નહિ." તેમ જ મારાં માશીબાને પણ ન અડવા દે. તેને કહેઃ "માશીબા, તમે માંદાં છો અને માંદાં માણસને ચેપ જલદી લાગે, માટે તમે મને અડકતાં નહિ." ભાઈ, તેના આ ગુણો બહુ જ યાદ આવે છે, અને તેમાંથી જ કાંઈ આશ્વાસન મેળવી શકાય છે, અને કંઈ શીખી શકાય છે. તેનો દેહ નાનો હતો પરંતુ આત્મા ખૂબ સમજેલો હતો.

તેના મૃત્યુની પણ અદેખાઈ આવે; ચાર દિવસ અને ચાર રાત્રિ તેની પાસે અખંડ શાન્તિ. તેની ઇચ્છા હોય તેટલી વાર તેને પહેલાં જે ગમતાં એ સ્તવન મારી બા અને મારી બેન ગાયાં કરે, અને તે શાન્તિથી સાંભળે. છેલ્લા બે દહાડા બેશુદ્ધિમાં રહેલી. આંખો પણ ગએલી, એક પગ બોટો પડી ગએલો અને આખા શરીરમાં વીજળીની જેમ આંચકા આવતા. છેલ્લા ચોવીશ કલાક પાણી પણ ગળે ઉતરી શકતું નહિ. નાડી અને હૃદયના ધબકારા તો એટલા વેગથી થતા હતા કે ડોકટર પણ કહેવા લાગ્યા કે હજુ સુધી જીવે છે એ જ અમને તો નવાઈ લાગે છે!

માંદી પડી તેની આગલી રાત્રે તેને સ્વપ્ન આવેલ કે કોઈએ તેની બંને આંખો લઇ લીધી અને સોયો મારવા લાગ્યા. તેણે મારા બાપુજીને સવારમાં આ વાત કહેલી અને કહેલું કે સોય તો પ્રવીણભાઈ ને મારે છે એવી જ હતી. માંદગીના આઠમે દહાડે તેણે મારા બાપુજીને આ વાત યાદ આપી અને કહ્યું: "સોયો મારવાનું તો ખરું પડયું. ત્યારે મારી આંખો જવાની તે પણ ખરું પડશે ને? મારા બાપુજીએ તેને સમજાવી કે બધું ખરું નાં

પડે. પણ તેની આંખો જવાની હતી તે મૃત્યુ અગાઉ બે દહાડા પહેલાં જ ગઈ. આંખો જેવી આંખો પણ કોઈને જોઈ જ ન શકે. આપણને પણ આંખોમાં નરી ઘેલછા દેખાય.

સૂચના

દીવાળીની રજાઓને કારણે કારતક માગશરના બન્ને અંકો ભેગા આપ્યા છે; હવે પછીનો અંક પોષ માસમાં મળશે.

: : વ્યવસ્થાપક : :

આપને આ પત્રો હિતકારી લાગે અને છપાવવાની ઈચ્છા થાય તો મને કંઈ વાંધો નથી કેમકે તેમાં કોઈ વ્યક્તિને ખરાબ લાગે તેવું નથી, મારા અંગત અનુભવ છે. લિ. તા. દો.

નાં ધુ પો થી માં થી

આજે બચુ બાપ વિનાનો થઈ ગયો. બાપુની છેલ્લી પળો ગણાતી હતી. બાપુએ તેને પોતાની પાસે બોલાવ્યો અને લથડતી જીભે કહ્યું: "બેટા! ડાહ્યા થઈને રહેજો. તારી બા કહે તેમ વર્તજો. ધ્યાન રાખીને ભણજો ને તોફાન કરશો નહિ."

મારી આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. સાત વર્ષનો બચુ એ બધું કાંઈ સમજે ખરો? એ તો બાઘા જેવો બધું સાંભળી રહ્યો.

* *

ઘરમાં સ્ત્રીઓ કાળાં કપડાં પહેરીને ઉભરાય છે અને ફળિયામાં પુરુષો માતા નથી. બચુ મૂંગો મૂંગો આ બધું જોયાં કરે છે. તેની બે નાની બેનો છે. એ તો બાપડી આ બધાંને ભેગાં મળેલાં જોઈ આપણે ત્યાં કાંઈક છે એમ સમજી ઘરમાંથી ફળિયામાં અને ફળિયામાંથી ઘરમાં દોડાદોડ કરે છે.

છોકરાં છેલ્લા કેટલાક દહાડાથી પથારીમાં સૂઈ રહેતા પોતાના બાપુને જોતાં નથી એટલે જરા ચકિત તો થતાં જ હશે. છેક નાની ઈંદુ તો પોતાની બાને જઈને પૂછે છે: "બા! કાકા ક્યાં ગયા?" કોઈ કહે છે: "રાંડ છોકરી પણ છે ને? અહીં આવ મારી કને. ચાલ હું તને પાઈની રેવડી અપાવું. કાકા તો બજારમાં ગયા છે ત્યાંથી આવશે ત્યારે તારે માટે ઘણો બધો ભાગ લેતા આવશે." રેવડીની લાલચે એ બહાર ચાલી જાય છે, પણ બચુ ને તેની નાની બેન ઓશિયાળાં જેવાં બહાર ઓસરીમાં ઊભાં રહે છે.

* *

ઘરમાં શોકનું વાતાવરણ છે; પણ છોકરાં કાંઈ એ સમજે ખરાં? એ તો ખાઈપીઈને તોફાન કરે છે. માણસોનો અવરજવર દસ દહાડા બહુ રહે છે. આ દિવસોમાં બિચારાં આ છોકરાંની કમબખ્તી છે. નથી એનાથી ખૂમો પડાતી કે નથી એનાથી તોફાનમસ્તી થતાં. સ્ત્રીઓની મંડળી વચ્ચે બેઠેલી તાજી વિધવા થયેલી બા પાસે જાય છે ત્યાંથી હુકમ મળે છે: "જાઓ બહાર; નાના કાકા પાસે બેસો." નાનાકાકા પાસે જાય છે તો ફરમાન સાંપડે છે: "જાઓ છોકરાં, બહાર શેરીમાં રમો." અને શેરીમાં જાય છે ત્યાં પેલાં તોફાની છોકરાં તેમને સતાવે છે અને ભાંઈ બેન રડતાં રડતાં પાછાં આવે છે. ત્યાંથી વળી ટલ્લો મળે છે: "જાઓ,

પહેલે માળ જઈને રમો.” છોકરાં ત્યાં જાય છે. ઘડી વાર રમે છે ને પછી અંદર અંદર રડે છે. ઘરનું કોઇ બૈરું એ સાંભળી મેડા ઉપર જાય છે ને છોકરાંને ધમકાવે છેઃ “મારાં પીટચાં, વખાનો વખતે સમજતાં નથી!”

હું એ સાંભળીને સમસમી ઉઠું છું: “છોકરાંએ હવે ક્યાં જવું? ઘરમાં આટલાં બધાં સ્ત્રીપુરૂષો સમાઈ શકયાં છે. ફક્ત આ છોકરાં માટે જ ક્યાંઈ સ્થાન નથી?”

: ૨ :

હરિલાલની ૭ વર્ષની દીકરીને સ્મશાનમાં બાળી રાખ કરી હમણાં જ હું આવ્યો. બળતી ચિતાની સામે અલકમલકની ચોવટ ડોળતા પુરુષોનાં હૃદય પત્થરનાં હશે કે વજ્રનાં? પણ એની માથાકૂટ અત્યારે મારે નથી કરવી. છોકરીના શબને જ્યારે ચિતામાં મૂકયું ત્યારે પાસે ઊભેલા હરિલાલથી રહી શકાયું નહિ એટલે તે શોકવિહ્વળ બની શબના મોં પર ચૂમીઓ લેતો લેતો રડવા લાગ્યો ત્યારે પેલા ધરડિયાએ તેનું બાવડું ખેંચી તેને દૂર લઈ જતાં જે કહ્યું તેણે મારો આજનો આખો દી' બગાડી નાખ્યો. બુઢિયો કહેઃ “હવે રોછ શું રોછ, છોતા જેવડી છોકરી મરી ગઈ એમાં?”

: ૩ :

કાલે રવિવાર હતો. રવિવારે સૌને રજા હોય. રમુને યે રજા હતી અને તેના બાપુને યે રજા હતી. રજાને દિવસે માળાનાં છોકરાં સામાન્ય રીતે માળાની નધણિયાતી જગ્યા હોય ત્યાં ભેગાં થાય, રમતગમત કે તોફાન મસ્તી કરે. પણ આજે રમુ ત્યાં ગયો નહતો કારણકે બાળમંડળીએ તેનો કોઈ કારણસર બહિષ્કાર કર્યો હતો.

જમી કારવીને રમુના બાબાપા નવરાં થયાં ને આજે રજા હોઈ જરા લહેરથી વાતોચીતો કરવાના ઈરાદાથી રમુના બહાર જવાની રાહ જોવા લાગ્યાં; પણ છોકરો બહાર જાય જ નહિ. એકાંત માટે બાપ ઘણો ઉતાવળો થાય અને રમુને બહાર મોકલવા બૈરીને સૂચના કરે. રમુને બહાર મોકલવાનાં અનેક બહાનાં નિષ્ફળ જતાં બાપ તાડૂકી ઉઠ્યોઃ “એલા રમુડા! ઘડીવાર તારે મને જંપવા દેવો છે કે નહિ? અહીં તો રજા યે સરખી ને ન રજા યે સરખી. સાળું આ તે કાંઈ જીવન છે?”

અને હૈયામાં સમસમતો રમુ ઓરડી બહાર નીકળ્યો. એ મેં જ્યારે મારી ઓરડીમાંથી જોયું ત્યારે મારાથી નિઃશ્વાસ નાખી જવાયોઃ “ઓ અવળચંડા ભગવાન! આવે ઘેર તું છોકરાંને અવતાર જ શા સારૂ આપે છે!”

: ૪ :

પડખેપડખે રહેતા બે ભાઈઓનાં છોકરાં લડી પડ્યાં, આજે સવારે જ બંને ભાઈઓની વહુઓને કંઈ કારણસર ઉન્મન તો થયેલું જ. તેમાં ફરિયાદ કરતાં બાળકો આવ્યાં એટલે સવારનો દબાયલો રોષ ફાટી નીકળ્યો. મોટાભાઈની વહુએ કજિયાનું કારણ કે કોનો દોષ છે એની તપાસમાં ઉતરવાને બદલે પોતાની નાની ત્રણ વર્ષની દીકરીને ઢીબવા જ માંડી અને તે પણ કાંઈ થોડી ઘણી? છોકરીના મ્હોંમાંથી લોહીનો કોગળો નીકળી પડ્યો.

અપંગ બની ખાટલામાં સૂતેલાં સાસુ એ

[અનુસંધાન પાનું ૧૫૯ : પહેલું કોલમ]

નિશાળમાં

: ૧ :

"પણ તું એમ બારીમાંથી કૂદ્યો જ શા માટે? અહીં શું તારા બાપનું ઘર છે?"

"સાહેબ, માફ કરો. હવેથી નહિ કૂદું."

"કાલે આપેલાં ઇતિહાસભૂગોળ પાકાં કરી લાવ્યો છે કે ઘેર પણ કૂદાકૂદ જ કરી છે?"

"સાહેબ, કાચાં પાકાં આવડે છે."

"એમ કેમ?" શક્ય એટલા ડોળા ફાડી, શક્ય એવડી ધૂમ પાડી, સર્જનજૂના એ ટેબલ પર રાખેતા મુજબ આંકણી પછાડી શિક્ષકે તાંડવ-નૃત્ય આરંભ્યું.

"સાહેબ" વિદ્યાર્થીએ બીતાં બીતાં જવાબ આપ્યો.

"મારા બાપાના કહેવાથી કાલે વાડીએ ખબર રાખવા જવું પડ્યું હતું." "તે હવે બળદનાં પૂંછડાં જ આમળ્યા કર્યને, ભણીને શું કરવું'તું? નકામો નિશાળના પગથીઆં શા સારૂ ઘસે છે!"

મને થયું: "બિચારા સાહેબ!"

: ૨ :

એક દિવસ એક શાળામાં જઈ ચઢ્યો.

સમૂહપ્રાર્થના થતી હતી. મેલાં શરીરને ગંદાં અને ફાટેલાં કપડાં વડે ઢાંકીને આવેલા વિદ્યાર્થીઓની એક ત્રિપુટી બેસૂરા અને કર્કશ અવાજથી પ્રાર્થના કરી રહી હતી:—

"અમ અંતર દમતા કુવિચારો,
પૂર્ણ પ્રજાળો આપને!!...
પ્રિયતમ પ્રભુ નમીએ આપને..."

વ્યવસ્થા જાળવવા માટે આસપાસ ઉભેલા શિક્ષકોથી વીંટળાએલા અને સાંકડા ઓરડામાં ખીચોખીચ બેઠેલા વિદ્યાર્થીઓનો ઘેરો એ પ્રાર્થનાની પંક્તિઓ ઝીલે તે પહેલાં એક શિક્ષક ડોળા ઘુરકાવીને તાડૂક્યા: "અલ્યા એય, લાલ ટોપી! સરખો બેસ. આ નિશાળ છે સમજ્યો? અને આ પ્રાર્થના થાય છે ત્યાં અવાજ કેમ કરે છે? હાથ કેમ નથી જોડ્યા?"

મને થયું: "બિચારો શિક્ષક!"

: ૩ :

"કાં, જોયા? આ નવા માસ્તર આવ્યા તે."

"હા, શું ભણાવે છે?"

"બાળવર્ગ."

"એકડિયા! અરે રામ! રામ! કહે છે કે હમણાં જ તાજા ભણીને આવેલા છે, ડોળ તો મોટા વિદ્વાનના જેવો કરે છે! મેં તો ધાર્યું કે કટલોય પગાર મળતો હશે અને છઠ્ઠી-સાતમી ચોપડી ભણાવતા હશે! પણ આમાં તો કાંઈ નથી લાગતું!"

હું હસ્યો. મને થયું: "બિચારો માનવી!"

મો. ધ.

નોંધપોથીમાંથી [અનુસંધાન પાનું ૧૫૮થી]

બધું રમખાણ જોઈ હળવે સાદે બડબડતાં હતાં: "આની કરતાં તો બાઈઓ તમે વાંઝણી રહી હોત તો બ્રહ્માની સૃષ્ટિનો કાંઈ વંશ ન જાત!"

હસ્વ.

અક્ષરજ્ઞાન યોજનાનું સાહિત્ય નીચેને સરનામેથી મંગાવી શકાશે. 'કેમ શીખવવું', 'ચાલો વાંચીએ.' શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, તખ્તેશ્વર પ્લોટ, ભાવનગર.

અવલોકનો

થોડા દિવસ બાળકો એકબીજાની વિરુદ્ધ નાનીનાની ફરિયાદો લાવવા માંડ્યાં. એક વાર એવી ફરિયાદોનો નિકાલ કરેલો, એટલે તેમને તેમાં રસ પડ્યો! વધતી જતી ફરિયાદો વધવા જ લાગી. એક દિવસ કહી દીધું: "સાંજે ચાર વાગે નિકાલ." સાંજે નાસ્તા પછી સૌ દોડમદોડ ઘેર ચાલ્યાં ગયાં. બીજે દિવસ પણ એ જ જવાબ આપ્યો, ને ત્રીજે દિવસ કોઈ ન્યાય તોળાવવા આવ્યું નહિ. આખરે ફરિયાદો જ ઓછી થઈ ગઈ. ફરિયાદ સાંભળવાથી ઉપજેલો રસ ફરિયાદની પતાવટ ન થવાથી એની મેળાએ ઓછો થઈ ગયો, અને અંદર અંદરની નાની નાની તકરારો પણ બંધ પડી. ફરિયાદ લઈ જવા ખાતર પણ બાળકોને તકરાર કરવાનો રસ જાગી શકે છે!

* * *

ચંદુભાઈ ઘરમાં પડેલી ખરાબ આદતને લીધે બાલમંદિરનાં પગથિયાં ઉપર ઊભા ઊભા પેશાબ કરવાની તૈયારી કરતા હતા, એટલામાં શંકરભાઈ આવ્યા. તેમને આસ્તેથી કાંડે પકડી પેસાબની જગા બતાવી આવ્યા. ચંદુભાઈને આ તત્કાળ મદદ ન મળી હોત તો? તો ચંદુભાઈને ઘણા લાંબા સમય સુધી બાલમંદિરનાં પગથિયાં ઉપર કે જ્યાંત્યાં પેસાબ કરવો પડત. બાલવિકાસમાં સમયસરની મદદ બેડૂતને મળતા વખતસરના વરસાદ જેવી છે.

ગિ.

શિક્ષણ સમાચાર

—શ્રી. નાનાભાઈ (નિયામક દ. મૂ. ભવન) જાપાનથી પાછા આવી ગયા. દ. મૂ. ભવનમાં ઑક્ટોબરની શરૂઆતમાં તેમણે એક સપ્તાહ સુધી જાપાનની કેળવણી વગેરે વિષયો ઉપર વ્યાખ્યાનો આપ્યાં. આ પ્રસંગે જાપાનની કળાત્મક ચીજો તથા ચિત્રોનું એક પ્રદર્શન ભરાયું હતું. ગૂજરાતના ચિત્રકાર શ્રી. રવિશંકર રાવળને હાથે તે ખુલ્લું મૂકાયું હતું.

—દ. મૂ. બાળમંદિર તા. ૨૮–૧૦–૩૬ થી તા. ૩૦–૧૧–૩૬ સુધી દીવાળીની રજાઓને લીધે બંધ રહેશે.

—તા. અમદાવાદ ૧૭–૧૦–૩૬ શારદામંદિરમાં સત્રાંત નાટકો ફત્તેહમંદીથી ભજવાઈ ગયાં.

—ભાવનગર રાજ્યના કેળવણીખાતા તરફથી બાતાની પ્રાથમિક શાળાના શિક્ષકો માટે દર વર્ષે ચાલતો 'તાજગીવર્ગ' આ વર્ષે પણ તા. ૧૯–૧૦–૩૬ થી ચાલુ થઈ તા. ૨૫–૧૦–૩૬ ના રોજ પૂરો થયો.

—કરાંચી નવયુગશિક્ષણસંઘ તરફથી ચાલતા બાળમંદિરમાં સવિતાબેન શિવલાલ શાહ શિક્ષક તરીકે જોડાયાં.

—શ્રી. રામભાઈ (દેવરામ ડાયાભાઈ વરૂ) કચ્છ લોહાણા કેળવણી બાતાની મુંબઈની ઑફીસમાં કામદાર તરીકે રહ્યા.

—અમદાવાદ–શારદામંદિરવાળા શ્રી. વજુભાઈ દવે જામનગર બાળમંદિરના આચાર્ય નીમાયા.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શિક્ષણમૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજ્જ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું
સંવત ૧૯૯૩

અંક ૧૧ મો
પોષ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

તે નાસ્તિક છે કે જે બાળકોને સન્માનતો નથી.

તે નાસ્તિક છે કે જે બાળકનું અપમાન કરે છે.

તે નાસ્તિક છે કે જે બાળકોને મારે છે અથવા તો લલચાવે છે.

તે નાસ્તિક છે કે જે એમ માને છે કે બાળક મૂર્ખ છે અને અણજાણ છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૧] પોષ ૧૯૯૩ [અંક ૧૧

શિક્ષણનો પાયો

જ્યાં સુધી બાળક એ માત્ર બાળક છે એમ માનવામાં આવે છે, ત્યાં સુધી બાલશિક્ષણનો વિચાર ખોટી રીતે થવાનો. મોટેરાંઓ બનીને નાનાંઓને શીખવવાનો દાવો હવે ચાલી શકશે નહિ. મોટેરાંઓ એટલે નાનાંઓને દોરવાને લાયક છે એ વાત ખોટી છે. ઘણી વાર મોટેરાંઓ મોટાં હોવાથી જ નાનાંઓને સૂચવવા, દોરવા કે ભણાવવા નાલાયક છે.

નાનાંઓને સમજવાં એટલે તેમની જરૂરિયાતો સમજવી, તેમના મનોભાવો સમજવા, તેમના સ્વાભાવિક નિયમો જાણી તેમને અનુકૂળ થાય તેવી પરિસ્થિતિ શોધીને તેમને ધરવી.

જેઓ આવું કામ કરવા તૈયાર ન હોય તેમણે બાલ-ઉછેર કે વિકાસમાં માથું મારવું નહિ.

બાલશિક્ષણના પાયા ઉપર જ મનુષ્યશિક્ષણની ઇમારત ઊભી રહી શકે. ગિ.

સ્થિતપ્રજ્ઞ ગધેડું

ગધેડું પોતાના શેઠ વિષે જે વિચારો કરે છે તે ન પ્રગટ કરવાનો માત્ર સંયમ રાખી સ્થિતપ્રજ્ઞપણાનું માન નથી લેતું; ગધેડાની મહત્તા શેઠનો વિચાર સરખોયે ન કરવામાં છે. તેની પાસે મજૂરી કરાવનાર શેઠ માટે "શેઠં શેઠનું જાણે." એમ વિચારી જે સ્વસ્થ–આત્મસ્થ રહે છે તે ગધેડો સદ્‌ગુરુ કરવા જેવો છે. ગિ.

આપણે અટકીએ

બાલશિક્ષણમાં અને આગળ વધીને સમગ્ર શિક્ષણમાં જો કોઈ જબર સુધારો આજે ને આજે કરવાની જરૂર હોય તો તે બાળકોને મારમાંથી મુક્તિ અપાવવાનો થવો જોઈએ. હજી બાળકો બિચારાં ઘરોમાં સારાં સારાં માબાપોને હાથે માર ખાય છે. આપણી પાસે બાળકોને સીધાં કરવાનું, સારાં કરવાનું, ડાહ્યાં કરવાનું, નીતિમાન કરવાનું જાણે કે એ એક-જ સાધન હોય એમ આપણને લાગે છે. આપણે મોટી ઉંમરનાં ને શક્તિવાળાં છીએ; નાનાં એવાં બાળકોને મારવામાં આપણી શોભા નથી. એમાં તો આપણી અશક્તિ અને અજ્ઞાનનું પ્રદર્શન માત્ર છે.

બાળકોને મારીને આપણે તેમને આપણાથી વિમુખ કરીએ છીએ, આપણાં અપ્રેમી કરીએ

અનુક્રમ

૧૬૨ શિક્ષણનો પાયો . . . ગિ.
૧૬૨ સ્થિતપ્રજ્ઞ ગધેડું . . . ગિ.
૧૬૨ આપણે અટકીએ . . ગિ.
૧૬૩ નવીન શિક્ષકોને . . . ગિ.
૧૬૪ આ પાણી છે, હો ! . . તા.
૧૬૫ શેરીમાં . . . . . પ્ર.
૧૬૭ બાળકોના મુખમાંથી . . વિ.
૧૬૭ હું ભણવા બેઠો ત્યારે . ભા. દવે
૧૭૧ બે સંમેલનો . . . .
રાષ્ટ્રીય શિક્ષણ સંમેલન...૧૭૧
અખિલ હિંદ બાળસંમેલન ૧૭૨
૧ કાર્યક્રમ... ...૧૭૨; ૨ પ્રમુખનું પ્રવચન... ...૧૭૪; ૩ ઠરાવો... ...૧૭૬; ૪ સંદેશાઓ...૧૭૭
૧૮૦ શિક્ષણ સમાચાર . . . તં.

છીએ, ગુંડાં અને મારકણાં કરીએ છીએ. આપણે માબાપો શું નવી પેઢીને મારકણાં અને ગુંડાં બાળકો બનાવવાનો વારસો આપીશું ? આપણે માબાપો મારતાં અટકીશું એટલે મારની પ્રથા નિશાળોમાંથી નાબૂદ થશે. ઘર અને નિશાળોમાંથી જ્યારે આ દુષ્ટ પ્રથાની જડમૂળ જશે ત્યારે જ દુનિયાનાં બાળકો અને મનુષ્યો સુખી થશે.

ગિ.

નવીન શિક્ષકોને

: ૧ : ઉચ્ચારશુદ્ધિ

બાળપણથી જ ઉચ્ચારોની શુદ્ધિ પર લક્ષ આપીએ તો બાળકોમાં મોટપણે માલૂમ પડતી અશુદ્ધિ રહે નહિ.

ઉચ્ચારશુદ્ધિનો સારો ઉપાય શુદ્ધ ઉચ્ચારણથી બોલાતી ભાષાની વચ્ચે બાળકોને મૂકવાં તે છે. સંસ્કારદાન કેળવણીમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

ઘરમાં કે શાળામાં શુદ્ધ ઉચ્ચારણ માટે બાળકોને રમતો આપી શકાય; શુદ્ધ શબ્દો બોલાવીને શુદ્ધિને કેળવી શકાય. શુદ્ધ સ્પષ્ટ રીતે કવિતા સંભળાવીને તથા બોલાવીને ઉચ્ચારશુદ્ધિ આપી શકાય.

આમ કરતી વખતે બોટા ઉચ્ચારવાળાને ટોકવાની કે તત્કાળ જ બોટા ઉચ્ચારો સુધારવાની જરૂર નથી. શુદ્ધ ઉચ્ચાર કર્યે જઈએ, બોલાવ્યે જઈએ, એટલે પરિણામ આવશે. આ ક્રિયાને શુદ્ધોચ્ચારણની બોપાટ અથવા શુદ્ધિ માટેનો મુખપાઠ કહીએ.

: ૨ : વર્તવાની રીત

નવું બાળક દાખલ થયું; નોકર તેની સાથે હતો. નોકરે બાળકને આગળ હડસેલ્યું અને બીજાં બાળકો સાથે રમવા માટે તેને કહ્યું. બાળક જાણતું'યે ન હતું કે બાલમંદિરમાં રમવાનું શું છે; અને ઓરડામાં શા માટે જવું. નોકર પરાણે પરાણે તેને ઓરડામાં હડસેલવા માંડ્યો; છોકરું અંદર જાય નહિ અને નોકર આગ્રહ છોડે નહિ. એટલામાં બાલમંદિર ચલાવનાર એક બેન આવ્યાં. નોકરને ઇસારાથી ઓરડામાં આવવા કહ્યું. નોકર અંદર આવ્યો અને તેની પાછળ બાળક આવ્યું. નોકરને બેસવાની જગા બતાવી ને નોકર બેઠો; તેની બાજુમાં બાળક પણ બેઠું. બાળકને રમવાનાં પ્રબોધક સાહિત્યો આપ્યાં અને તે રમવા લાગ્યું. બીજે કે ત્રીજે દિવસ બાળક પોતાની મેળે ઓરડામાં આવતું થઈ ગયું.

: ૩ : નવાં બાળકો આવે ત્યારે

બાલમંદિરમાં જ્યારે નવાં બાળકો દાખલ થાય ત્યારે જૂના કામમાં ખલેલ પડશે. વાતાવરણમાં ધોંધાટ વધશે. સાથે આવેલાં માબાપો તથા નોકરોની વિચિત્રતાઓ જોવામાં આવશે. કામ બધું અસ્તવ્યસ્ત થશે.

આવે વખતે શિક્ષકે મૌન અને શાંતિ ધારણ કરવાં. નાનાં નવાં બાળકો આપણાથી સંકોચાય નહિ માટે હસીને શાંતિથી થોડા શબ્દોમાં બપ પડે તો જ તેમની સાથે વાત કરવી. સામાન્ય સૂચનાઓ તેના માણસોને

આપવી. માબાપો કે નોકરો ગડબડ કરે તો તેમને શાંતિથી સમજાવવાં. તેઓ શીખવવા બેસી જાય તો નમ્રતાથી તેમાંથી તેમને દૂર કરવાં.

નવાં આવેલાં બાળકોને માટે રમવાનું, ફરવાનું, વાર્તા વગેરે સમૂહપ્રવૃત્તિ યોજવી. નવાં આવેલાં માબાપો તથા નોકરો ઉપર નારાજ થવું નહિ, તેમ જ સૂચના આપતાં પણ ખૂબ કાળજી રાખવી; કેમકે તેઓ બાલમંદિરના વાતાવરણમાં કેમ વર્તવું તે જાણતાં નથી. ધીરજ અને નિર્મળ દૃષ્ટિથી વાતાવરણ થોડા જ વખતમાં જામી જશે.

: ૪ : છોકરીના પિતા એમ જ કહેતા હતા.

પિતા પોતાની દીકરીને બાલમંદિરમાં મૂકી ચાલ્યા ગયા. આજે જ તેણે પોતાના બાળકને બાલમંદિરમાં દાખલ કર્યું હતું. તેને કહેવામાં આવ્યું હતું કે બેપાંચ દહાડા અહીં બાળકની સાથે રહેજો, અને બાળક હળી જાય પછી ન આવજો. પણ તે તો કહ્યા વિના ગયા. થોડી જ વારે છોકરી જોરથી રડવા લાગી; આખું બાલમંદિર એકઠું થયું. શિક્ષકે તેને સાઈકલ પર તેડે ઘેર પહોંચાડી.

શિક્ષકે પાસે ઊભેલાં એક ડોશીમાને કહ્યું: "જોયું ના? આ બાળકના બાપ મૂકીને ચાલ્યા ગયા એટલે બાળક કેટલું બધું હેરાન થઈ ગયું! તમે સમજ્યાં? આ તમે સાથે લાવ્યાં છો તે બાળકને મૂકીને ચાલ્યાં જશો નહિ."

ડોશીમાએ કહ્યું: "પણ આ બાળક તો એવું ડાહ્યું છે કે મારા વિના રડે જ નહિ."

શિક્ષક કહે: "પેલા છોકરીના પિતા પણ એમ જ કહેતા હતા."

આ પાણી છે, હોં!

એક ચાર વર્ષની છોકરી બપોર વચ્ચે પોતાને ઘેર પોતાની રંગીન પેનસિલો અને કાગળ લઈને ચિત્ર કાઢવામાં એકાગ્ર બની ગઈ હતી. દેખાવમાં વાંકાચૂંકા લીંટાવાળાં એવાં કેટલાંય ચિત્રો કાઢ્યા પછી એક ચિત્ર તેના ધારવા પ્રમાણે નીકળ્યું હોય તેમ લાગ્યું, કારણકે તેના મોઢા પર ધારવા પ્રમાણે ચિત્ર નીકળ્યું તેનો સંતોષ દેખાતો હતો.

તે ચિત્ર લઈ તે બા પાસે ગઈ ને તેને કહેવા લાગી: "બા! જો મેં ચિત્ર કાઢ્યું છે. તને લાગશે કે તે લીલાછમ જોવા ઘઉંનું ખેતર છે, પણ તે પાણી છે, હોં!" બાને તે જોઈને મજા આવી, પણ પાસે બેઠેલાને તે સમજાયું નહિ.

બાએ તેને સમજાવતાં કહ્યું: "ગયા મહિનામાં અમે કલકત્તા પ્રવાસે ગયાં હતાં. તાજું જ ચોમાસું ગયેલું હોવાથી જ્યાં ત્યાં નાની નાની તલાવડીઓ દેખાતી હતી. કેટલીકમાં સ્પષ્ટ પાણી દેખાતું હતું, કેટલીક કમળોથી ઢંકાઈ ગઈ હતી, અને કેટલીક ઉપર શેવાળ પથરાઈ જવાથી લીલીછમ દેખાતી હતી. અમે દક્ષિણેશ્વર ગયાં ત્યાં આવી તલાવડી હતી. તે જોઈ મારી દીકરીએ કહ્યું: "આ જો, ખેતર છે." મેં કહ્યું: "એ ખેતર નથી પણ તલાવડી છે." તેણે કહ્યું: "ના, ના; ઘઉંનું ખેતર છે." તરત જ મેં એક નાનો એવો પથરો

તલાવડીમાં ફેંકયો તેથી પાણી ઊડયું. તે જોઈને તેણે ચારે બાજુ ફરીને પથરા નાખી બાતરી કરી જોઈ કે તે બેતર ન હતું પણ સાચેસાચ તલાવડી હતી. આજે કયારની એ ચિત્ર કાઢવા બેઠી છે. છેવટે તેના ધારવા પ્રમાણે, તેણે તે તલાવડીનું ચિત્ર કાઢયું હોય એમ લાગે છે. અને હવે તે મને સમજાવે છે કે 'આ બેતર છે એમ તને લાગશે, પણ તે બરેબર પાણી છે."

અમને તે હકીકત સાંભળીને આનંદ થયો અને સાથેાસાથ એ વિચાર પણ આવ્યેા કે બાળક જે ચિત્ર કાઢે છે તે પેાતાની કલ્પના સ્પષ્ટ કરવા માટે કે પેાતાની ભાવના વ્યક્ત કરવા માટે છે, તે તદ્દન સાચું છે. આ છેાકરીને શાળામાં બેસાડીને પેનસિલ, દડેા કે ભમરડાનાં ચિત્રેા કઢાવ્યાં હેાત તેા આ તલાવડીનું નજરે જોયેલું દૃશ્ય પેાતાની સામે ઊભું કરવાનેા આનંદ તેને મળ્યેા હેાત બરેા? દેખાવમાં બેતર જેવું લાગવા છતાં અંદર પાણી હેાઈ શકે છે, એવેા સૃષ્ટિનેા એક આશ્ચર્યજનક પરિચય તેને મળત બરેા? અને તેને વારંવાર મનમાં લાવી ચિત્રરૂપે બહાર મૂકવાની તક તેને મળત બરી?

તા.

શેરીમાં

શેરીમાં બાળકેાને કેાઈ ભાગ્યે જ સાચા નામે બેાલાવે. મણિલાલને મણિયેા, દેવચંદને દેવલેા, લાલજીને લાલિયેા, હંસાને હંસલી અને પ્રભાને પભલી કહીને જ બેાલાવે. આ છેાકરાનું સાચું નામ તેા ગિરધરલાલ, પણ એવું લાંબું નામ દઈને કેાણ બેાલાવે? બધા તેને ગીધિયેા જ કહેતા. તેની માથી માંડીને શેરીના તેના ભાઈબંધેા સુધી બધા તેને ગીધિયાને નામે જ બેાલાવે. શરૂઆતમાં તેા ગિરધરલાલને આ નામફેર ન ગમ્યેા, પણ પછી તેા એ પણ ગીધિયા નામથી ટેવાઈ ગયેા. તે એટલે સુધી કે કેાઈ સાચે જ ગિરધરલાલ કહી બેાલાવે તેા તેને મશ્કરી લાગતી. અને લાગે જ ને? મશ્કરી કરવી હેાય ત્યારે જ લેાકેા તેને ગિરધરલાલ કહી બેાલાવતા.

ગિરધરલાલ સવારમાં ઊઠે એટલે તેનું પેહેલું કામ રમતનાં સાધનેા સંભાળવાનું. જે કે બાની વઢવાની બીક ગમે તેમ દાતણ પૂરું કરી લેતેા અને મેાં ધેાઈ લેતેા; પણ પછી તરત જ શેરીમાં ગરિયાની રમત ચાલતી હેાય તેા ગરિયેા અને કેાડી કે મેાઈદાંડિયાની રમત ચાલતી હેાય તેા કેાડી કે મેાઈદાંડિયેા લઈને સીધેા શેરીમાં દેાડી જતેા. ચા પીવાને તેની નાની બેન નર્મદા સાદ પાડે ત્યારે જ આવતેા. ઘણી વાર સજા તરીકે તેને ચા પીવા બેાલાવતા જ નહિ.

આજેય ગિરધરલાલ દાતણ કરી મેાં ધેાઈ મેાઈદાંડિયેા લઈને શેરીમાં ઊપડી ગયેા. તેના ભાઈબંધેા બધા આવી ગયા હતા. ભેરૂ પાડીને રમત શરૂ કરી. થેાડી વારમાં રમત ચકી. ગિરધરલાલનેા દાવ આવ્યેા. તેણે ઉપાડીને એક ટીચકી મારી અને પેાતાની ટીચકી કેટલી દૂર જાય છે તે જોવા તેણે ઊંચી આંખ કરી કે તરત જ તેના મેાઢા ઉપરથી લેાહી ઊડી ગયું.

મોઈ સડસડાટ કરતી સામેના મકાનની બારી તરફ જતી હતી. ગિરધરલાલને નાભિથી તે છાતી સુધી ભયનો કંપ થયો. મોઈ બારીમાં પેસી ગઈ.

બધા છોકરા દાંડિયો સંતાડી એક ઓટલા ઉપર જાણે કાંઈ બબર જ નથી એમ બેસી ગયા. તરત જ બારીમાંથી કોઈ બોલ્યું: "કોણ ઈ આંધળો મૂઓ છે?" અને એક આધેડ વયની સ્ત્રી બારીમાંથી દેખાઈ. "જરા આંખ ઉઘાડીને જો તો ખરો? ઘરબાર કાંઈ બળ્યાં છે કે નહિ? જાઓ, ત્યાં રમોને? આ એક જ શેરી ભાળી છે, બસ? નીકળી પડ્યા છો અત્યારના પોરમાં તે?"

"શું થયું મણિબેન!" પાણી ભરવા જતી એક બાઈએ મણિબેનને સાંભળીને પૂછ્યું.

"જુવોને આ બધા રમવાવાળા થઈ ગયા છે તે? મોઈ ઉડાડી તે ઠેઠ મારી બારીમાં આવી, ને વાગતી વાગતી રહી ગઈ." મણિબેને કહ્યું.

"પણ મૂઆ આ શેરીનો સગડ જ છોડતા નથી!" બીજીએ પૂર્તિ કરી. "આ પરમ દિવસે મારી ડાહી પાણી ભરીને આવતી'તી એના બેડા સાથે મોઈ અફળાઈ ને બેડું પડતું પડતું રહી ગયું. નંકટાઓને કહેવુંય કેટલું? બીજેય રમવા ટળતા નથી!" બીજીએ પૂરું કર્યું અને ચાલતી થઈ.

"આપીશ નહિ એની મોઈ, હંસલી!" મણિબેને પોતાની દીકરીને કહ્યું. અને બારી બંધ કરવા જતાં હતાં ત્યાં તેમણે અત્યાર સુધી સંતાઈ બેઠેલા પોતાના દીકરા છગનને જોયો અને ફરી બારી ઉઘાડી. "કોણે ઈ મોઈ અહીં નાખી, છગના?"

"ઈ તો કો'ક બીજી શેરીનો હતો તે દોડી ગયો." છગને જવાબ આપ્યો. અને ત્યાં બેઠેલા છોકરાઓ સામે હસતી આંખે જોયું.

"તે બીજી શેરીના અહીં શું કામ ગુડાય છે? ચાલ, હવે તું ચાલ ઉપર, અત્યારમાં નીકળી પડ્યો છે તે!" મણિબેને છગનને બોલાવી લીધો અને બારી બંધ કરી.

થોડી વારે છોકરાઓએ દૂર સંતાઈ રહેલા ગિરધરને બોલાવ્યો ને છગને કેવી યુક્તિ કરી, અને પોતે પણ આવે વખતે કેવી યુક્તિઓ કરે છે તે વાતો કરી બધા વિખેરાઈ ગયા.

બીજી સવારે મણિબેનના ઘરથી દૂર છગન સિવાય બધા રમવાવાળા આવી ગયા હતા. પણ આજે મોઈ તો નો'તી. કેમ રમવું? થોડી વારે છગન આવ્યો. બધાએ તેની તરફ આશાથી જોયું; સૌને લાગ્યું છગન મોઈ લઈ આવ્યો હશે.

"મોઈ લાવ્યો?" છગન આવ્યો એટલે ગિરધરે પૂછ્યું.

"ના, મારી બાએ ક્યાંઈક સંતાડી દીધી છે." છગને કહ્યું.

બધા હતાશ થઈ ગયા. "હવે તારી મોઈ લઈ આવ." ગિરધરે ગુણવંતને કહ્યું.

"મારીયે છાપરે ગઈ." ગુણવંતે કહ્યું.

"ને તારી?" ગિરધરે બીજા છોકરાને પૂછ્યું.

"મારી મોય મારી બાએ બાળી નાખી." તેણે જવાબ આપ્યો.

આજે બધા મોઈ વિનાના ને રમત વિનાના થઈ ગયા હતા! પ્ર.

બાળકોના મુખમાંથી

: ૧ :

નાના હેમેન્દ્રને તાવ આવતો હતો. દવાખાને ડૉક્ટરને તબિયત બતાવી દવા લીધી. ખોરાક સંબંધી પૂછતાં રોટલી, રોટલો વગેરે ન આપતાં હળવા ખોરાકની સુચના ડૉક્ટરે કરી. નાનો હેમેન્દ્ર આ બધું સાંભળતો હતો.

જમતા વખતે તેણે દિવાળીના તહેવારને અંગે ઘરમાં લાપસી બનેલી જોઈ.

હેમેન્દ્રઃ "બેન! મને લાપસી આપ."

રસુબેનઃ "તારે દાળભાત ખાવાનાં છેને? ડૉક્ટરે તને શું કહ્યું છે?"

હેમેન્દ્રઃ "રોટલી નથી ખાવાની એમ કીધું છે. મને લાપસી આપ."

ડૉક્ટરની સાથે ખોરાક સંબંધી વાત કરતી વખતે લાપસી રંધાવાની છે તે ખબર મને ન હોવાથી તેની ના પડાવી લેવાનું ન બન્યું. મને થયું કે હેમેન્દ્ર તેના વચનને વફાદાર છે; પણ ખોરાકની બાબતમાં વધારે સ્પષ્ટતા ન કરવા માટે જવાબદાર તો હું છું. વિ.

: ૨ :

ગિજુભાઈઃ "તમારા નખ બહુ વધ્યા છે. તમારી બાને કહેજો કે નખ કાપી આપે."

નાના બચુભાઈઃ "પણ મારી બા મને નથી કાપી આપતી."

ગિજુભાઈઃ "ત્યારે તમારી બા કરે છે શું?"

નાના બચુભાઈઃ "રોટલી." શં.

: ૩ :

કુમારઃ (તેના મોટા કાકાને ટેબલ ઉપર બીજી ટપાલ લખતા જોઈને) "લ્યો, મોટાકાકા! આ કાગળ."

મોટા કાકાઃ "લાવો. એને શું કરું?"

કુમારઃ "એને લખો."

મોટા કાકાઃ "કોના ઉપર લખું?"

કુમારઃ "ટેબલ ઉપર." વિ.

હું ભણવા બેઠો ત્યારે

હું ભણવા બેઠો ત્યારે એટલે પાંસઠ વર્ષ પહેલાંનો સમય. પ્રો. મણિલાલ નભુભાઈના લખવા મુજબ દર પચાસ વર્ષે નવો યુગ બદલાય છે. તે પ્રમાણે મને લાગે છે કે હું આ પહેલાંના પૂર્વયુગમાં ભણવા બેઠો. બટુકને વિદ્યારંભ-અક્ષરારંભનાં મુહૂર્ત જોવાતાં અને તે મુહૂર્તે જ બાળકને ધામધૂમથી વિદ્યારંભ કરાવાતો. બાપાએ જોવડાવેલા મુહૂર્તે આગળથી જણાવ્યા પ્રમાણે મને સવારમાં વહેલો ઉઠાડ્યો. નવરાવી સારાં નવાં કપડાં પહેરાવી કપાળે ચાંદલો કરી હાથમાં શ્રીફળ આપી શેરીને નાકે ઊભો રાખી શુકન જોવાયાં. મહાદેવજીનાં દર્શન કરાવી શુકનવાળી પાણીની હેલ ભરી આવતી સૌભાગ્યવતી બાઈના હાથમાં પૈસો અપાવ્યો, ને તેને જમણી બાજુ રખાવી પ્રયાણ કરાવ્યું.

રસ્તામાં પતાસાં લીધાં. એ વખતમાં સરકારી શાળાનો આરંભ તો થઈ ગયો હતો, પણ ગામઠી નિશાળમાં આંક ને દેશી હિસાબ સારા કટોકટ શીખવાતા, તેથી ગામઠી નિશાળનું માન વિશેષ હતું.

ભાણજીભાઈની ગામઠી નિશાળે મને બેસાડ્યો. મહેતાજીએ એકડા લખી આપ્યા ને મંડાવ્યું ઘૂંટાવા. ભાણજીભાઈની ધૂડી નિશાળ ગામમાં વખણાતી. મહેતાજી મારે નહિ ને ભણાવે નહિ એ કહેવત જૂઠી પડતી. ભાણજીભાઈનો વિદ્યાર્થીને માર મારવાનો ત્રાસ આખા ગામમાં પંકાઈ ગયો હતો. અને તે વખતમાં તો ઘરડાંબૂઢાં સવને મોઢે કહેવાતું કે મહેતાજીનો વંશ ન રહે.

ભાણજી મહેતાજી ખરે વાંઝિયા હતા, અને તેની પહેલાંના કદી એવા જ હશે, તેથી આમ કહેવત જોડાઈ હશે. પણ મારા અત્યાર સુધીના અનુભવમાં તો મહેતાજી એટલે પુષ્કળ સંતતિવાળો. અને તેમાં પણ માસ્તરનો દીકરા ભણવામાં સારા નીકળે; અને સિવીલિયન સુધી પહોંચેલા પણ માસ્તરના દીકરા. અત્યારે જુઓ તો ગ્રેજ્યુએટો, ડૉકટરો, વકીલો, બેરીસ્ટરો અને સરકારદરબાર ખાતામાં દીવાન સુધી પહોંચેલા અને સિવીલયનોમાંના પણ માસ્તરના દીકરા છે.

ભાણજીભાઈ મહેતાજીએ તો એકડા એક સામટા દશે લખી દીધા ને "મંડ ઘૂંટવા." કહી ધૂડિયા વર્ગમાં મોકલી દીધો. વર્ગ એટલે બીજા આસિસ્ટંટના હાથમાં નહિ; એ બધું તો એકલા મહેતાજી જ સાચવે. પણ વર્ગવાર બેઠક જુદી રાખેલી.

બાપા પતાસાં વહેંચી મુખ્ય ભાગ મહેતાજીને આપી ઘેર ગયા. ધૂડી નિશાળ દશ બજે છૂટે. હું છૂટી ઘેર આવ્યો. મોટી મા (બાપાની બા) ને પગે લાગ્યો. તેણે દુખડાં લઈ "જીવતો રહે ને સો વરસનો થા." કહી આશિષ દીધી. પછી તેની મા જીવતાં હતાં અને પાસેની શેરીમાં રહેતાં હતાં તે ડોશીમાને પગે લાગવા મોકલ્યો. હું જઈ મોટી માને પગે લાગ્યો. દુખડાં લઈ કહેઃ "ભાઈ! નિશાળે બેસાડ્યો? આજ તો લાપસી રાંધી હશે!"

નિશાળે બેસાડવો–વિદ્યારંભ કરાવવો એ તે દહાડે મોટું યજ્ઞ જેવું કાર્ય ગણાતું. અને ખરે, એ પણ એ નવજીવનની દીક્ષા છે. જૂની હોપ વાચનમાળામાં પહેલી ચોપડીમાં પાઠ છે. "સાંભળ મા! ઘુ ઘુ વાગે છે. હું જોવા જઉં?" "હા જા. પેલા ઢગલા પર બેસી જો. એક છોકરાને નિશાળે ભણવા મોકલે છે." એટલે સંપત પ્રમાણે વાજાં, ઢોલ, ત્રાંસાં અને સ્નેહીમંડળ સહિત ધામધૂમથી સાજનમાજન સહિત નિશાળે મોકલતા. ત્યાં ગુરુને ભેટ ધરી, છોકરાઓને કાંઈ વહેંચી રાજી કરી નિશાળે રજા પડાવતા અને ઘેર મિત્રમંડળને નોતરી જમવાનું કરી તહેવાર જેવો દિવસ ઊજવતા. સા સૌના ગજા પ્રમાણે કરતા.

લગભગ પાંસઠ વર્ષ પહેલાંની આ વાત છે. ભાણજી મહેતાજીની નિશાળનો ચિતાર મને યાદ છે, તેમ મહેતાજીનો ચહેરો અને દેખાવ પણ જેવો તેવો યાદ છે. ખત્રી લોકો છાલય છીદ્દડી પર બીબાં પાડે છે, તેવી ચાર પાયાની પાટ પર મેલું ધૂળમાં રગદોટાયેલું અને ધૂળ ધૂળ ભરેલું એક મેલું ફાટલાયે કાળનું ગોદડું નાખેલું હતું. પછવાડે એવો જ એક જૂનો પાણકોરાની બોળવાળો ધૂળેલ તકિયો હતો. છોકરાને છાના રાખવા ટેબલ પર માસ્તરો સોટી કે હાથ પછાડે તેમ ભાણજી મહેતાજી પાટ પર સોટી પછાડતા, ત્યારે ધૂળના ગોટેગોટા ઊડતા, અને છોકરા છીં છીં છીંકો ખાતા.

ભાણજી મહેતાજી ખૂબાખૂબ ઉપરાઉપર

ભાંગ (છીંકણી–બજર) સૂંઘતા અને પોતાના લાંબી કરચલીવાળા, લાંબી બાંયવાળા અંગરખાનો છાતી પરનો ભાગ–સૂંઘતાં નાકના પ્રશ્વાસથી નાકમાંથી ભાંગ પાછી ઊડતી અને હાથમાંની બાકી રહેલી છાતી પરના અંગરખાના ભાગ પર પડતી તે ભાગ–બાસ્સો તપખીરિયો થઈ ગયેલો ને ભાંગભાંગ દેખાતો. મેલું ઘોતિયું અને આગલીપાછલી પાટલી વાળેલી નહિ. ઉઘાડે માથે બેસતા; માથે તોલેા પણ વચ્ચેથી ઉંદર-પીંછી–જરા નાની ફગફગતી ઉંદરની પૂંછડી જેવી ચોટલી.

આવા મેલડિયા બરા; પણ મારવા ઊઠે ત્યારે બાપરે, જે હાથ પડ્યો તેના ભોગ મળ્યા! "સોટીએ સોટીએ સબોડી નાબે. અને પ્રથમ નિશાળે બેઠેલું નાનું બચ્ચું તે દૃષ્ય જુએ તો તો ફાટી જ પડે!"

"સોટી વાગે ચમચમ, વિદ્યા આવે રમઝમ." એવો એ જમાનો. આ કારણ હોય કે પછી ગમે તે હોય, પણ હું એ ધૂડી નિશાળેથી ઊઠી થોડા જ દિવસમાં સરકારી નિશાળે ગયેા. ભાણજી મહેતાજીની નિશાળે હું કેટલું ભણ્યેા અને સરકારી નિશાળે એકડા કોણે ભણાવ્યા એટલે બાળવર્ગ કોની પાસે ભણ્યેા તે તો યાદ નથી આવતું. પણ પહેલી ચોપડીમાં ગયેા ત્યારે મારા વર્ગશિક્ષક ગાંડા મોચી હતા, અને ભાવજી માસ્તર હતા; મોટા માસ્તર અમુલખ સારાભાઈ હતા.

મોટા માસ્તરને જમીને આવીને સૂવાની ટેવ હતી. બે વાગે ઘંટ વાગતાં સુધી સૂવે. ઓતરાદી બારી આગળ ચટાઈ પર સૂવે. બે છોકરા વારાફરતી પગ દાબે અને બે છોકરા પગને તળિયે ઝીણા કાંકરા ઘસે. આ નજરે જોયેલું છે. સરકારી નિશાળમાં પણ છોકરાને શિક્ષા કરવાનો રિવાજ તો બરા, પણ ધૂડી નિશાળ જેવો ત્રાસદાયક નહિ. મેં એક છોકરાને કાંઈ અટકચાળું કરેલું, તેથી મોટા માસ્તરે મને વાંસામાં એવો એક જોરથી ધબ્બો મારેલો કે મારી આંખમાંથી દેવતા ઝરેલા. મારા આખા જીવનમાં મને આ ધબ્બો હજુ પણ યાદ આવે છે.

સવારે નિશાળનો સમય ૭ થી ૧૦ અને બપોરે ૨ થી ૫ હતો. જમીને ૧૨॥–૧ બજે ઘેરથી નિશાળે જઈએ. વહેલેા તે પહેલેા બેસે એ કાયદો તો ઠેઠ અમે નોકર રહ્યા ત્યારે પણ બરો. ૧૨॥ બજે ઘેરથી નિશાળે જતાં "બા! ગોઠ લેવા દેને?" કહીએ. બા કોઠીમાંથી જુવારનો બોબો ભરી ગોઠ લેવા આપે. પૈસો તો તે દહાડે આજના રૂપિયા જેવડો કે ગાડાના પઈ જેવડો હતો. ગોઠ લેવામાં જુવાર જ. જુવાર દઈ ગાજર લઈએ; એ અમારી ગોઠ. કોઈક દિવસ જ શીંગેા, બજૂર કે રાણકોકડી લેવાય; પણ તે તો પૈસેા મળે તે દિવસે જ. બાકી તો જુવાર જ હોય. વખતે એક પાઈ હોય. આજના જેવા નિશાળિયાને ગોઠના ચાળા ન હતા. આજ તો કુલફીમલાઈની ધૂમ પડતાં છોકરાં દીઠ પૈસેા મળે; ને લેવા દોડે ત્યાં બીજી રેંકડીવાળેા "આઇસક્રીમ મલાઈ"ની ધૂમ પાડે, જે સાંભળતાં વળી બીજાને પૈસેા મળે; ત્યાં ત્રીજી રેંકડીવાળેા "ચેવડેા, સેાલાપુરી ચેવડેા! વડોદરાનેા ચેવડેા!" કરે તો વળી ત્રીજાને પૈસેા મળે! નિશાળ પાસે પણ બપોરની રજામાં રેંકડીવાળા જુદાં જુદાં ચવેણાં લઈ ઊભા જ હોય. આવું તે વખતે ન હતું. ભલાં ગાજર, ને જુવાર

માતાના સારા પ્રતાપ. અત્યારે તો અમારાં વિનોદિની અને ટીકાભાઈ બાલમંદિર જાય છે. સાંજરે પાંચેક લગભગ ઘેર આવી કપડાં બદલી ચાલતાં થાય. "કયાં જાઓ છો?" "કલબમાં." "ત્યાં શું કરશો?" "રમશું; પાર્ટી કરીશું." પાર્ટીમાં અમારાં ગાજર નહિ હોય; ચા, ચેવડો વગેરે જ હોય! અમે તો ટ્રેનિંગ કૉલેજમાં ગયા ત્યાં સુધી ચાનું નામ જ સાંભળ્યું હતું; કૉલેજમાં પણ બેસતા વર્ષે એક જ દહાડો થાય. એ અમારો જમાનો.

વારુ એ તો ઠીક. પણ હું પહેલી ભણતો અને પછી થોડી જ વારે એ પગચંપામણા ને ઘણ્યાવાળા માસ્તરની બદલી જસદણ થઈ અને તેની જગોએ આખા કાઠિયાવાડમાં પહેલે નંબરે સીનિયર થયેલા અને અમદાવાદ ટ્રેનિંગ કૉલેજમાં પણ પ્રથમ નંબરે પાસ થયેલા માસ્તરની કુંડલાથી શિહોરમાં બદલી થઈ. અને સીનિયર થયેલા શિક્ષકનું ઊંચું જ્ઞાન મેળવેલા માસ્તરથી શિક્ષણયુગ જ બદલાયો. આવતાં વેંત જ શિક્ષકોને અને હોશિયાર વિદ્યાર્થીઓને રાજકોટ ટ્રેનિંગ કૉલેજની પ્રાવેશિક પરીક્ષામાં પરીક્ષા આપવા મોકલવા અભ્યાસ કરાવવાનું શરૂ કર્યું, અને પ્રથમ જ વખતે સાત જણને પ્રાવેશિક પરીક્ષા આપવા મોકલ્યા. અમારા માસ્તર ગાંડા મોચી પણ એમાં ખરા. નિશાળનું શિક્ષણ પણ બદલાઈ ગયું. એ દસકો તો હજુ યાદ આવ્યા કરે છે. અમે પહેલી ચોપડીમાં હતા ત્યારે અમને માવજી માસ્તર ડિકટેશન લખાવતા—"એમાંનાં કેટલાંક અનાજ બાફીને ખવાય છે." માવજી માસ્તરનું ડિકટેશન લખાવવાનું આ વાક્ય અને તેમાંનો બાફીમાં ફીનો ઉચ્ચાર મારા કાનમાં હજુ પણ વિચિત્ર રીતે ગુંજી રહ્યો છે.

માવજી માસ્તર મુંબઈની શાળામાં આસિસ્ટંટ હતા. થોડી મુદત શિહોર રહી વળી મુંબઈ ગયા અને પછી નોકરી મુંબઇમાં જ કરી. પહેલીવાળા ડિકટેશન લખે એટલો પહેલા ધોરણમાં અભ્યાસ કરાવાતો; જોકે પરીક્ષકો તો શબ્દ લખાવીને જ પરીક્ષા લેતા.

અત્યારે ધોરણવાર આંકના ભાગલા પાડ્યા છે તેમ તે દહાડે ન હતું. પ્રથમ જ વીસે આંક શીખવાતા; ઢીંચાંઢળિયાં (૪ા અને ૫ા નો આંક) પણ ખરાં. વાર્તા કે રંગ—આકાર—કિંડરગાર્ટન એવું કાંઈ નહિ. આંક કડાકે હોવા જોઈએ. દરરોજ સાંજરે કે રાત્રે આંકની મોપાટ લીધાની ચિઠ્ઠી ઘેરથી મંગાવાય. સવારમાં સ્લેટમાં ખડીના કે ચાકના અક્ષર પણ લખી લાવવા કે સવારમાં વહેલા આવી નિશાળે લખવા. સ્લેટમાં, ખડીના અક્ષરો ઠેઠ છઠ્ઠા ધોરણ સુધી ખરા. તે વખતે ભણેલા સુંદર અક્ષરવાળા થતા તેનું કારણ આમ અક્ષર તરફ વધુ લક્ષ્ય અપાતું તે હતું.

અમારા વખતમાં જ સુરત સોદાગર પ્રેસની કોપી ઝૂકા શરૂ થઈ. પહેલા ધોરણથી ખડીના અક્ષર અને બીજા ધોરણથી કોપી બૂકમાં શાહીના અક્ષર લખાવવા શરૂ થયેલા. "અન્ન આપણો ઇષ્ટ છે. ઈશ્વર ઉપર ઊર રાખો. ઋષિઓ જ્ઞાની હતા. એક ઐશ્વર્ય ઓછું છે." આમ અ થી જ્ઞ સુધીના બધા અક્ષરો અને બારાક્ષરી પણ આવી જતી. "કમલ ખરી ગયું છે." વગેરે.

[આગળ ચાલુ] ભા. દ્વે.

બે સંમેલનો

[૧ કરાડી મુકામે શ્રી. હરભાઈ ત્રિવેદીના પ્રમુખપણા નીચે રાષ્ટ્રીય શિક્ષણસંસ્થાઓનું એક સંમેલન તા. ૨૯–૧૦–૩૬ નાં રોજ ભરાયું હતું. કામકાજ નીચે પ્રમાણે થયું હતું. ૨ અખિલ હિંદ બાલસંમેલનનું ત્રીજું અધિવેશન સિંધ હૈદ્રાબાદ ખાતે શ્રી. ગિજુભાઈના પ્રમુખપણા નીચે થયું હતું. બંને સંમેલનોની હકીકતો નીચે પ્રમાણે છે. **તંત્રી.**]

: ૧ :

કરાડી સંમેલનમાં થયેલું કામ અને ઠરાવો

રાષ્ટ્રીય શિક્ષણની વ્યાખ્યા

જીવતર ઘડનારાં તત્ત્વોને શાસ્ત્રીય અવકાશ આપીને, દરેક પ્રકારના મતાગ્રહોથી પર રાષ્ટ્રને જરૂરી તેવા ચિરંજીવ અને સંજોગવર્તી વિષયોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરનાર, રાષ્ટ્રની કંગાલિયત ને બેકારી લાવનારાં શોષક તત્ત્વોને દૂર કરવા મથનાર, રાષ્ટ્રની ખાસિયતોને હમેશાં નજર આગળ રાખનાર, અને માનવમાત્રને સમાનતાના ધોરણ ઉપર લાવી મૂકી શાંતિ, અહિંસા, સંપ, સહકાર અને સંતોષને પોષનાર તથા આજની સરકારી શિક્ષણપ્રથાથી તદ્દન સ્વતંત્ર, એ રાષ્ટ્રીય શિક્ષણ.

રાષ્ટ્રીય શિક્ષણસંઘ

આ સંમેલન રાષ્ટ્રીય શિક્ષણસંઘની સ્થાપના કરે છે. અને રાષ્ટ્રીયની ઉપરની વ્યાખ્યાને માન આપીને વાર્ષિક ચાર આના લવાજમ આપનાર હરકોઈ વ્યક્તિ કે સંસ્થા તે સંઘના સભ્ય થઈ શકશે.

સંઘનું પ્રચારકાર્ય

સંઘના પ્રચારકાર્ય અર્થે મુંબઈના કોઈ દૈનિક પત્રના વ્યવસ્થાપકોને વિનંતી કરીને જગા મેળવી લેવી.

સમિતિ

પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણને માટે અભ્યાસક્રમ ઘડવા અને પાઠ્યપુસ્તકો સૂચવવા નીચેના સભ્યોની સભ્યો વધારવાની સત્તા સાથે સમિતિ નીમવામાં આવે છેઃ—૧. હરભાઈ ત્રિવેદી; ૨. જુગતરામ દવે; ૩. શંકરદેવ વિદ્યાલંકાર; ૪. દેસાઈભાઈ પટેલ; ૫. ગોકુળભાઈ ભટ્ટ; ૬. જેઠાલાલ ગાંધી; ૭. મણિભાઈ પટેલ-મંત્રી.

રાષ્ટ્રીય સંસ્થા કોને ગણવી ?

નીચેના ધોરણને સમગ્રપણે સ્વીકારનાર કેળવણીની સંસ્થાઓ રાષ્ટ્રીય શિક્ષણસંસ્થાઓ ગણાશેઃ—

૧. સંપૂર્ણ સ્વરાજ્યપ્રાપ્તિને સારુ ચાલતી પ્રવૃત્તિઓને અર્થે ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરશે.

૨. સર્વ ધર્મો પ્રત્યે સમભાવ કેળવશે, ઊંચનીચના ભેદ ટાળશે, સંપ્રદાય અને મતાગ્રહોથી પર રહેશે, તથા સર્વના ઉત્કર્ષની ભાવના પ્રસરાવશે.

૩. રાજસત્તા સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નહિ રાખે, તથા સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી પણ રાજસત્તાના દબાણ હેઠળ શિક્ષણક્રમ નહિ રચે; શિક્ષણક્રમમાં સ્વાભાષાને પ્રધાનપદ

આપશે, રાષ્ટ્રભાષા હિંદુસ્તાનીને શિક્ષણ-ક્રમમાં સ્થાન આપશે, તથા વિદ્યાર્થીના શરીર તથા મનના વિકાસની દૃષ્ટિએ રાષ્ટ્ર-પોષક ઉદ્યોગોને, વ્યાયામને ને અંગમહેનતને તાલીમનું આવશ્યક અંગ લેખશે.

૪. ભારતવર્ષનો ઉત્કર્ષ શહેરો ઉપર નહિ પણ ગામડાં ઉપર અવલંબે છે તેથી કેળવણીનો ક્રમ ઘડવામાં ગ્રામવાસીઓની-જનતાની હાજતોને પ્રધાનપદ આપવામાં આવશે.

૫. સહશિક્ષણમાં માનશે; પરીક્ષા, હરીફાઈ, શરીરદંડ જેવી વિકાસઘાતક નીતિમાં નહિ માને; તથા વિદ્યાર્થીના વ્યક્તિગત વિકાસની કાળજી રાખશે.

૬. અન્યાય, અસત્ય, તથા અત્યાચારને તાબે ન થનાર, પ્રાણવાન, તેજસ્વી, આત્મ-વિશ્વાસી વિદ્યાર્થી તૈયાર કરશે.

ઉપરનો ઠરાવ ભલામણરૂપે સર્વે સંસ્થાઓને મોકલવો અને તેમનો અભિપ્રાય આવ્યા પછી નીચેની સમિતિએ પોતાની ભલામણો સાથે સંમેલનની બીજી બેઠકમાં રજૂ કરવો.

સમિતિના સભ્યો:—શ્રી. ગોકુળભાઈ ભટ્ટ, મુંબઈ; શ્રી. હરભાઈ ત્રિવેદી, ભાવનગર; શ્રી. નરહરિ પરીખ, અમદાવાદ; શ્રી. શ્રીકાંત શેઠ, દાહોદ; શ્રી. મણિભાઈ પટેલ, કરાડી; શ્રી. ચંદ્રકાંત આચાર્ય, સોનગઢ; શ્રી. દેસાઈભાઈ પટેલ, નાંડ્યાદ; શ્રી. ચન્દ્રભાઈ ભટ, અમદાવાદ; શ્રી. શંકરદેવજી, સુપા; શ્રી. પ્રભુલાલ ધોળકીઆ, કચ્છ; શ્રી. કેશુભાઈ દોશી, કરાંચી; શ્રી. છગનભાઈ પંટે લ,ગંભીરા; શ્રી. જુગતરામ દવે, બારડોલી.

: ૨ :

અખિલ હિંદ બાળસંમેલન

હૈદ્રાબાદ (સિંધ) ખાતે મળેલું ત્રીજું અધિવેશન

૧. કાર્યક્રમ

ત્રણ દિવસ સુધી હૈદ્રાબાદ ખાતે ભરાયેલા અખિલ હિંદ બાળસંમેલનના ત્રીજા અધિવેશનની પૂર્ણ ઉત્સાહ વચ્ચે પૂર્ણાહુતિ થઈ હતી.

આ સંમેલનમાં હાજરી આપવા બહારનાં લગભગ ૪૦૦ બાળકો આવેલાં જેમાં ૩૦ મુંબઈનાં અને બસોએક કરાંચીનાં હતાં. સિંધનાં કેટલાંક શહેરોમાંથી પણ સારી સંખ્યામાં બાળકોએ હાજરી આપી હતી. ફક્ત ઉત્તર સિંધની શાળાઓમાં ઇન્સ્પેકશન ચાલતું હોવાથી એ તરફથી આવનારાં બાળકોની સંખ્યા થોડી હતી. બધાં મળીને લગભગ ૧૫૦૦ બાળકોનો શંભુમેળો એકઠો મળ્યો હતો.

સંમેલનની શરૂઆત પહેલે દિને રવિવારે સવારે પ્રદર્શનની ઉદ્‌ઘાટન ક્રિયાથી કરવામાં આવી હતી, કે જે ક્રિયા મુંબઈથી આવેલાં શ્રીમતી મહેરબેન ઝાબવાળાએ કરી હતી.

એ દિને ૧૦॥ વાગે સંમેલનના પ્રમુખ શ્રીયુત ગિજુભાઈ બધેકા આવવાના હોવાથી સ્ટેશન પર તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું, અને એમના માનમાં અગાઉથી જાહેર કર્યા મુજબ સરઘસ કાઢવામાં આવ્યું હતું જે લગભગ અરધો માઈલ લાંબું હતું. સરઘસની મોખરે બે બેન્ડો મનોરંજક સરોદો વગાડી રહ્યા હતા, અને અજબ ઉત્સાહનું વાતા-

વરણ નજરે ચડતું હતું. સરધસ શહેરના મુખ્ય લત્તાઓમાં ફરી કુંદનમલ ગર્લ્સ સ્કૂલ પાસે વિખેરાયું હતું.

એ જ દિને સાંજે સંમેલનની પ્રથમ બેઠક મળી હતી ત્યારે પ્રથમ બહારથી આવેલાં બાળકોને એકબીજાની પિછાન કરાવવામાં આવી હતી, અને પછી સ્વાગતાધ્યક્ષ અને પ્રમુખશ્રીનાં પ્રવચનો થયાં હતાં. (પ્રમુખશ્રીના ભાષણનો અગત્યનો ભાગ આગળ છપાયો છે.)

સંમેલનની બેઠક પૂરી થયા પછી હૈદ્રાબાદની બાલકન-જી-બારીનાં બાળકો તરફથી સંવાદો, સંગીત વગેરેનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો, અને રાત્રે કૅમ્પફાયર ગોઠવાઈ હતી કે જ્યારે ફ્રેન્સીડ્રેસ અને જંગલના નૃત્યનું કૉમ્પીટીશન યોજાયું હતું.

બીજે દિને સૌ બાળકોને શહેર બતાવવા ફેરવવામાં આવ્યાં હતાં જે દરમિયાન તેમને સિંધના અગાઉના રાજ્યકર્તા મીરોની કબરો, હૈદ્રાબાદનો જૂનો ઐતિહાસિક કિલ્લો, વૉટર વર્ક્સ, ફૂલેલી નહેર તેમ જ જોવા લાયક અન્ય સ્થળો બતાવવામાં આવ્યાં હતાં.

ત્યાર પછી ૧૧ થી ૧ વાગ્યા સુધી કેપીટોલ સિનેમામાં બાળકો માટે મફત સિનેમાશોની ગોઠવણ થઈ હતી જે વખતે તેમને શિક્ષણપ્રદ બોલપટો બતાવવામાં આવ્યા હતા.

એ દિવસે સાંજે ૫ થી ૬-૩૦ સુધી સંમેલનની બીજી બેઠક મળી હતી જે વખતે સંમેલન માટે આવેલા શુભેચ્છાઓના સંદેશાઓ વાંચી સંભળાવવામાં આવ્યા હતા, અને કેટલાક ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

સંમેલનની બેઠક પૂરી થયા પછી ૬-૩૦ થી ૮ સુધી બહારથી આવેલાં બાળકો તરફનો વૅરાયટી એન્ટરટેઇન્મેન્ટનો મનરંજક કાર્યક્રમ રજૂ થયો હતો; અને પછી સૌએ રાતનું ખાણું લીધા બાદ ૯ થી ૧૦ સુધી જાદુના પ્રયોગો બતાવાયા હતા જેથી બાળકો ખૂબ ખુશ થયેલાં જણાતાં હતાં.

સંમેલનને ત્રીજે-છેલ્લે દિવસે સવારે રમતગમતની હરીફાઈ નો કાર્યક્રમ રખાયો હતો જેમાં પ્રથમ આવનાર બાળકોને ઇનામો અપાયાં હતાં.

બપોરે એક વાગે સૌ બાળકો માટે એક પ્રીતિભોજન ગોઠવાયું હતું, જેમાં ૧૫૦૦ બાળકોએ સાથે બેસીને ભોજન લીધું હતું. એ દેખાવ ખરેખર મનોહર લાગતો હતો.

સાંજે બાળકોને ગીદુબંદર જોવા લઈ જવામાં આવ્યાં હતાં અને રાત્રે ૯ થી ૧૦ સુધી કાર્યકર્તાઓની સભા મળ્યા પછી સંમેલનની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

સંમેલનની આવતી બેઠક મુંબઈ ખાતે ભરવાનું આમંત્રણ અપાયું હતું, જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

દિવસના ભાગમાં હૈદ્રાબાદની મ્યૂનીસિપલ તેમ જ કેન્ટોન્મેન્ટ ગુજરાતી શાળાના શિક્ષકો તરફથી ગિજુભાઇને આમંત્રણ અપાયું હતું, જે વખતે સંગીતનો સુંદર કાર્યક્રમ રજૂ થયો હતો. શ્રી. ગિજુભાઈએ પણ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું.

મુંબઈથી આવેલાં બાળકો અને કાર્યકરો કરાંચીથી ૧૨ વાગે ઊપડતી નેત્રાવતી પર પહોંચવા માટે વહેલી સવારે પાંચ વાગે હૈદ્રાબાદથી નીકળતી ટ્રેનમાં કરાંચી જવા રવાના થઈ ગયાં અને ૧૦ વાગે સીટી સ્ટેશને આવી

પહોંચ્યાં હતાં. અહીંથી તેમને બસમાં બેસાડી શહેરના કેટલાક લત્તાઓ બતાવી બંદર પર લઈ જવામાં આવ્યાં હતાં, અને તેઓ વખત-સર સ્ટીમર પર પહોંચી ગયાં હતાં.

એમને સફળ સફર ઇચ્છવા બંદર પર સ્થાનિક બાલકન-જી-બારીના કાર્યકરો તેમ જ સગાંસંબંધીઓ સારી સંખ્યામાં બંદર પર હાજર થયાં હતાં, અને તેમને ભાવભીની વિદાય આપી હતી.

૨. પ્રમુખનું પ્રવચન

[હૈદ્રાબાદ-સિંધ ખાતે ભરાયેલા અખિલ હિંદ બાળસંમેલનના ત્રીજા અધિવેશનના અધ્યક્ષસ્થાનેથી શ્રી. ગિજુભાઈ બધેકાએ કરેલા પ્રવચનમાંથી.]

હું તમારી વચ્ચે કેટલાંયે વર્ષોથી રહેતો આવ્યો છું અને તમારી મુશ્કેલીઓનો મને સારો જેવો અનુભવ છે. તમે શરીરે નાનાં છો અને દુન્યવી અનુભવોના જ્ઞાનમાં અધૂરાં છો, તેથી મોટાંઓ તમને પિછાની શકતાં નથી. તમા-રામાં રહેલી અસાધારણ શક્તિ, જન્મજન્માં-તરોનું તમારું જ્ઞાન અને અનુભવ, અનંત કાળથી આગળ વધતો આવતો તમારો આત્મા: આ બધાંની મોટેરાંઓને કશી જ ખબર નથી. અને તેથી જ તેઓ તમને હડધૂત કરે છે, તમારું અપમાન કરે છે, ઢોરની જેમ પોતાની મરજી પ્રમાણે તમને દોરે છે; અને તેથી જ તમને જીવવા દેવાને બદલે તેઓ તમારે કેમ જીવવું તે નકકી કરે છે, અને તમારે બદલે તેઓ પોતે જ જીવવા માગે છે.

જ્યારે તેઓ તમારે ભણવાના અભ્યાસ-ક્રમો રચે છે ત્યારે તમારે શું ભણવું જોઈએ તે તેઓ જાણવા માગતા નથી. તેઓ પોતે તમને જે ભણાવવા માગે છે તેનો જ અભ્યાસ-ક્રમ રચે છે. એવી જ રીતે મોટાઓ તમને તેમના જેવા જ બનાવવા માગે છે. તમારે પોતાને ચિત્રકાર કે સંગીતકાર થવું હોય તો પણ મોટાઓ તો તમને વકીલો કે ડાકતરો બનાવે છે. તમારે પક્ષીઓનું અવલોકન કરવું હોય ત્યારે તમને મોટાઓ ગણિત શીખવે છે. તમારે ગણિત શીખવું હોય ત્યારે તમને એ મોટાઓ કાવ્ય શીખવે છે. તમારે રમવું હોય ત્યારે તમને એ નામદારો ઊંઘવાનું કહે છે, અને જ્યારે તમારે ઊંઘવું હોય ત્યારે તમને લેસન કરવા બેસાડે છે! તમારે મરચું ન ખાવું હોય તો મરચું ખવડાવે છે, અને દૂધ ન ભાવતું હોય તો પરાણે તમને દૂધ પીવડાવે છે. તમારો વિચાર એકબીજાંને મદદ કરવાનો હોય છે ત્યારે મોટાઓ તમને એકબીજાની સ્પર્ધા કરાવી લડતાં શીખવે છે! મોટાઓએ તમારે માટે કાયદાઓ, આદર્શો અને તમારો આખો જીવનમાર્ગ નકકી કરી રાખેલો છે; એ જ માર્ગે તમારે ચાલવું પડે છે. એમ કરતાં તમે ખૂબ હેરાન થાઓ છો, ખૂબ પીડાઓ છો, પણ તમારી ફરિયાદ કોઈ સાંભળતું નથી! બધા કહે છે કે અમે બાળકોને ચાહીએ છીએ. આમ બોલવાનું એ બધાએ નકકી જ કરેલું લાગે છે. બધા એમ માનતા પણ હશે. પણ બરી વાત જુદી છે. મોટેરાઓ પોતે ગુલામો છે, વેંતિયા છે અને અશકત છે. તેઓ એ બધું ભૂલી જાય છે એટલું જ નહિ પણ તમને પણ પોતાના જેવા અપંગ બનાવવા માગે છે. આજની બધી નિશાળો તમને અપંગ બનાવવાનાં કારખાનાં છે. આ

તમારાં ઘરો તમને પરાધીન બનાવવાની જેલો છે. તમને કે કોઈને ખબર ન પડે તેમ અમે બધા મોટાઓએ તમને આ જ પ્રમાણે રાખ્યાં છે અને હજુ પણ તેમ જ રાખવાનો મમત રાખીએ છીએ. છતાં પૃથ્વી પરનાં બાળકોના સ્વર્ગનાં આછાં અજવાળાં પડવા લાગ્યાં છે. બાળકોના સન્માનનો મૃદુ મધુર ગંધભર્યો પવન ધીમે ધીમે વાઈ રહ્યો છે. બાળકો જગતનું સર્વશ્રેષ્ઠ ધન છે, તેમનો વિકાસ એમાં જ જગતનો સાચો ઉદ્ધાર છે, એ વાત ધીમે ધીમે લોકહૃદયમાં સમજાવા લાગી છે અને તેથી જ આજે બાળકો માટેની અનેક પ્રવૃત્તિઓ શરૂ થઈ ચૂકી છે, અને તેમના શિક્ષણમાં નવા જ ફેરફારો થઈ રહ્યા છે. આજે સ્વતંત્ર શાળાઓ, બાલમંદિરો, પુષ્પભવનો, બાલકન-જી-બારીઓ બાલસાહિત્ય, બાલકીડાંગણો અને બાળસંમેલનો થવા લાગ્યાં છે. અને આ આપણું અખિલ ભારત બાળસંમેલન પણ આવી જ એક પ્રવૃત્તિ છે. દુનિયાનો સિતારો ઊંચો છે કે દુનિયાને બાળકોના હિતનો અને વિકાસનો માર્ગ સૂઝવા લાગ્યો છે.

પણ આમાં કાંઈ મજા નથી; સુખ પણ નથી. આપણે તો સૌ આનંદ કરે અને એકબીજાના આનંદમાં આડે ન આવીએ, એવું ભણતર જોઈએ. બાલમંદિરોમાં એવું ભણતર ચાલે છે ખરું. જ્યાં સુધી બાળકો બાલમંદિરમાં રહે ત્યાં સુધી સાચે જ આનંદ અને લહેરમાં રહે છે. પણ જ્યારે તેઓ ઘેર જાય છે ત્યારે, કે મોટી નિશાળમાં જાય છે ત્યારે, હેરાન થઈ જાય છે.

વાત એમ છે, ત્યારે તમારે હવે શું કરવું? તમારાથી કાંઈ ન થઈ શકે તો આટલું તો કરી જ શકો. ભણવું ખરાબ છે. જ્યારે તમને એમ લાગે કે પરાણે ભણવું બહુ આકરું લાગે છે, ત્યારે તમે પરાણે ભણાવનારને નમ્રતાથી કહેજો કે અત્યારે હવે નથી ભણવું. જે વસ્તુ ભણવી ગમે તે ભણ્યા જ કરજો. જે સારું વાંચવું ગમે તે જરૂર વાંચજો. વારંવાર ચોપડીઓ અને નિશાળોમાંથી બહાર આવી ખેતરોમાં અને વાડીઓમાં રખડજો. ભૂરા ઊંડા આકાશ સામે જોયા કરજો. લીલા ઘાસ અને વનસ્પતિ પર મીટ માંડજો. રંગબેરંગી પતંગિયાં અને ફૂલો સામે દૃષ્ટિ માંડજો. બળબળ વહેતી નદીઓને સાંભળજો. પક્ષીઓના કિલાકલાટ સામે કાન માંડજો. અને આ અનુપમ અને અદ્‌ભુત સૃષ્ટિનાં દર્શન કરજો. કુદરત મહાન ગ્રંથ છે.

વળી એક બીજું કામ કરજો. કંઈ ને કંઈ કર્યા જ કરજો; માટીનાં રમકડાં કરો; નૃત્ય, નાટક અને સંગીત કરો; હુન્નર અને ઉદ્યોગ કરો. કંઈ ને કંઈ કર્યા જ કરો; નવરાં ન રહો.

વળી એક બીજી વાત. તમે બધાં ભેગાં મળીને રમજો; લડ્યા વિના અને હરીફાઈ વિના રમજો; રમવા ખાતર, ગમ્મત ખાતર રમજો. રાજાનાં અને લોકોનાં, પૈસાદારનાં અને ગરીબનાં, બ્રાહ્મણનાં અને હરિજનનાં, ગામનાં અને બીજા ગામનાં, આ દેશનાં અને બીજા દેશનાં, બધાં બાળકો તમે ભેગાં મળો અને ભાઈબંધો બનો.

વળી એક વધારે વાત, પણ બહુ અગત્યની વાત. આજે કાન ફાડી નાખે એવો, માથું પકવી નાખે એવો અને મનને મૂંઝવી નાખે એવો ઘોંઘાટ ચારે કોર થઈ રહ્યો છે. આ ઘોંઘાટ વચ્ચે કોઈ કોઈ વાર એકાદ શાંત

ખૂણામાં બેસો, હલ્યાચલ્યા વિના બેસો, અને ચૂપચૂપ થઈ જાઓ. અને પછી તમે જે બધું સારું સારું જોયું હોય, સારું સારું સાંભળ્યું હોય અને સારું સારું કર્યું હોય તે આંખ આગળ આવવા દો; તમનેય મજા આવશે. આ મોટા સંમેલનમાં કેટલા બધા લોકો એકઠા થયા છે! બધા કહે છે કે તેઓ તમને ચાહે છે. જો એમ હોય તો તેઓ આવા સારા પ્રસંગે થોડી-એક પ્રેમભેટો–પ્રેમસંભારણાં તમને આપશેને?

તેઓ તમને કદી પણ ન મારે તો કેવું સારું! તેઓ તમને ફોસલાવે નહિ તો કેવું સારું! તેઓ તમને ભણવા સાથે રમવાની પણ છૂટ આપે તો કેવું સારું! તેઓ પોતાના જ વિચારો તમારા પર નાખ્યા કરવાને બદલે તમને વિચાર કરવા દે તો કેવું સારું! અને તેઓ તમારા પ્રભુ થઈને બેસે છે તેને બદલે તમને તમારી પ્રભુતા મેળવવા દે તો કેવું સારું! તમારા મુરબ્બીઓ તમને ચાહે છે, તેઓ તમારું ભલું ઇચ્છે છે, છતાં તેઓ પોતે જ જાણતા નથી કે તમારું હિત શામાં છે. તમને છેક નાનાં બાળકો ન ગણતાં તમારામાં પણ જીવ છે એવું તેઓ સમજે તોપણ ઘણું છે. તમે કંઈ ને કંઈ કરીને નવસર્જન માટે ફાંફાં મારતાં હો એ વખતે તમને તેઓ તોફાની ન કહે તોપણ ઘણું છે. બીજાંઓને રાજી રાખવા ખાતર તેઓ તમને નચાવતા અને કુદાવતા ન હોય તોપણ સારું છે. તેઓ તમને પોતાની ઢબમાં માણસો બનાવવા મથતા ન હોય તો ઘણું સારું છે!

૩. બાળસંમેલનના ઠરાવો

(૧) બાલકન–જી–મારી : અખિલ હિંદ બાળકોના એસોસિએશનનું આ ત્રીજું અધિવેશન આખા જગતનાં બાળકોને પોતાના સુખનો સંદેશ, સંગઠન અને પ્રીતિનો આદેશ પાઠવે છે.

(૨) આ સમૂહમંડળ નિશ્ચય કરે છે કે માસ્તરોએ બાળકોને ભણાવતા પહેલાં તેમને જાણવાં જોઈએ.

(૩) આ બાળમંડળ નિશ્ચય કરે છે કે દરેક મોટા માણસે, મા-બાપ અથવા માસ્તરોએ, તેમને માનનીય અને ઉચ્ચ ભાવે જોવાં જોઈએ.

(૪) અમે બધાં બાળકો જેઓ અહીં અખિલ હિંદ ત્રીજા બાળસંમેલનમાં ભેગાં થયેલાં છીએ તેઓ, બીજા દેશનાં બાળકોને એક જ સરખી દૃષ્ટિથી જોઈએ છીએ, પછી ભલે તે બાળક ગમે તે દેશનું, ગમે તે રંગનું અને ગમે તે જાતનું હોય.

(૫–અ) અખિલ હિંદ ત્રીજું બાળસંમેલન માને છે કે સ્વદેશી તે એમનો ધર્મ છે અને જરૂરિયાત છે; અને તેથી કરીને દરેક બાળકની એ ફરજ હોવી જોઈએ કે તેણે સ્વદેશીને મક્કમતાથી વળગી રહેવું; અને એ જાતની વૃત્તિને પોષવી તથા પોતાના આસપાસના માણસો ઉપર તેની છાપ પાડવી.

(૫–બ) આ મંડળ સિંધના નાગરિકોને વિનંતિ કરે છે કે તેઓએ સિંધી બાલસાહિત્યને પ્રોત્સાહન આપવું; અને આવી રીતે બીજા પ્રાંતોને અનુસરવું અને ઉમદા સખાવતો આપી બાલકન–જી–મારીના હેતુને મદદ કરવી.

(૬) આપણે જેઓ ત્રીજા અખિલ હિંદ બાળસંમેલનમાં ભેગાં થયેલાં છીએ તેઓ ભાષા જુદી હોવાને અંગે એકબીજા સાથે મળી શકતાં

નથી. ભાષાની આ અડચણ લીધે આપણે એવો નિશ્ચય કરી શકીએ છીએ કે હિંદનાં સર્વ બાળકોએ હિંદી ભાષા જાણવી જોઈએ.

(૭) આ બાળસંમેલન નિશ્ચય કરે છે કે દરેક પત્રને, તેમાંય ખાસ કરીને 'સ્વદેશી પત્રો' કે જેઓ બહુ પ્રમાણમાં વંચાય છે તેઓને, વિનંતિ કરવામાં આવે છે કે તેઓએ પરદેશી માલની જાહેરખબરો ન લેવી જેથી બાળકો અને જનસમૂહ તે લેવા ન લલચાય.

(૮) ગરીબ તથા કંગાળ બાળકોને મદદ આપવા અર્થે દરેક પ્રાંત દીઠ ફંડ શરૂ કરવું એમ આ બાળસંમેલન ઠરાવે છે.

૪. બાળસંમેલનને આવેલા સંદેશાઓ.

૧ આપના સંમેલનને મારી ઉત્તમ શુભેચ્છાઓ પાઠવું છું. આપે જે ક્રમ યોજ્યો છે તેને હું સફળતા ઇચ્છું છું.

જે. બી. કૃપલાણી,
સામાન્ય મંત્રી, અખિલ ભારત મહાસભા સમિતિ, સ્વરાજભવન, અલાહાબાદ.

૨ નામદાર સર લેન્સીલોટ અને લેડી ગ્રેહામ બાળસંમેલનને સંદેશ મોકલવાની મને ફરમાયશ કરે છે અને સંમેલનને ઘણા સુખી દિવસો ઇચ્છે છે.

ખાનગી મંત્રી,
એચ. ઈ. ધી ગવર્નર ઑફ સિંધ.

૩ સંમેલનને ફતેહ ઇચ્છું છું. બાળકોને અભિનંદન પાઠવું છું.

હંસા મહેતા, મુંબાઈ.

૪ રાજકુમારી અમૃતકુંવર એકત્ર થયેલાં બાળકોને પોતાનો પ્રેમ પાઠવે છે. તેઓ આશા રાખે છે કે બાળકો આનંદ સાથે જ્ઞાનને પ્રાપ્ત કરશે.

આ પ્રસંગે આનંદ અનુભવતાં બાળકો પોતાના મન સાથે નિશ્ચય કરશે કે જ્યારે તેઓ મોટાં થાય ત્યારે સમસ્ત ભારતવર્ષનાં બધાં બાળકો સદાય સુખી રહે તેનો પ્રયત્ન કરશે.

(સહી) એ. કે. જલંદર.

૫ બાલસંમેલનને હું સંપૂર્ણ ફતેહ ઇચ્છું છું.

રામીબાઈ મોરારજી કામદાર,
મુંબઈ.

૬ જ્યાં આનંદ, સહકાર ને મિત્રભાવે બાળકો એકત્ર થાય છે ત્યાં દૈવી બાળક ઊતરી આવે છે અને આનંદ અનુભવે છે. તમારા સંમેલન ઉપર ઈશ્વરના આશીર્વાદ ઊતરો.

ગુરુદયાલ મલિક.
શાંતિનિકેતન (બંગાલ).

૭ હું મારાં અભિનંદનો અને પ્રેરણા-શબ્દ પાઠવું છું. પોતાનું નામ ગુપ્ત રાખીને દાદાની સંજ્ઞાથી. જે ભાઈ આ હિલચાલ ચલવે છે તેને માબાપોનો સાચો સહકાર મળશે જ. બાળકોનાં સાચાં સમેલનોને હું અંતઃકરણ-પૂર્વક વધાવું છું. એમાં મળતો આનંદ તેમના બૌદ્ધિક તેમ જ શારીરિક જીવનને સુખદ નીવડશે. આને પરિણામે આખી પ્રજાના સુખનો માર્ગ ઊઘડશે.

હરિસિંહ ગૌર,
વાઈસ ચેન્સેલર, નાગપુર યુનિવર્સિટી.

૮ બાલકન-જી-બારી દૃઢતાથી જે સુંદર પ્રગતિ કરી રહેલ છે તે જોતાં મને આનંદ થાય છે. એ હિલચાલ સૌંદર્ય અને આનંદની

છે, તેમ જ તે અસાધારણ રાષ્ટ્રીય મહત્ત્વની છે.

કમળા ચટ્ટોપાધ્યાય,
માંગલોર.

૯ ડૉકટર જૈન, પોતાની ઉત્તમ શુભેચ્છાઓ અને સંમેલનની પ્રવૃત્તિઓ માટેની ફતેહવાંછનાઓ મોકલવાનું મને ફરમાવે છે.

એલ. સી. જૈન
ઇકોનોમિક ડિપાર્ટમેન્ટ, પંજાબ યુનિવર્સિટી.

૧૦ આવાં સંમેલન ભરવાં એ જરૂર એક સુંદર વિચાર છે. પણ એથી વધારે સુંદર વિચાર આખા દેશભરના લોકોને હાજરી આપવાનું આમંત્રણ આપવું એ છે. સમગ્ર ઉત્સવને હું સંપૂર્ણ ફતેહ ઇચ્છું છું.

સી. વી. વ્યંકટરમન આયંગર
(કોઈ મજૂર)

૧૧ મિસિસ શફી તૈયબજી બાળસંમેલનને સર્વ ફતેહ ઇચ્છે છે.

શફી તૈયબજી
ઉમર મેન્શન, વૉર્ડન રોડ, મુંબાઈ

૧૨ આ ખુશનુમા, પ્રેરણાદાયી અને આનંદદાયક સુંદર ઋતુના દિવસોમાં આપણી માતૃભૂમિના અતિ દૂરના સ્થળેથી બાળસંમેલનના શુભ માટે હાર્દિક પ્રાર્થના ઉચ્ચારું છું. સંમેલનનો ભવ્ય ઉદ્દેશ અને મહાન હેતુ અદ્‌ભુત ફતેહને પામો. હું આનંદ, પ્રેમ, ઐક્ય અને સહકાર ઇચ્છું છું.

વિભૂતિભૂષણ બેનરજી
માતુલ આશ્રમ (બંગાળ)

૧૩ આપના સંમેલનને હુ ફતેહ ઇચ્છું છું.

પ્રિન્સિપાલ
શ્રી મહારાણી તારાબાઈ
ટીચર્સ કૉલેજ, કોલ્હાપુર.

૧૪ સંમેલન માટે અમારી શુભેચ્છાઓનો કૃપા કરી સ્વીકાર કરશો.

લીલાવતી બૅંકર.
ઓનરરી સેક્રેટરી, ભગિનીસમાજ,
મુંબાઈ.

૧૫ સંમેલનની શક્યતાઓથી હું આશ્ચર્યચકિત થયો છું. એ એક રસિક પ્રયોગ છે, અને હું આતુરતાથી એના ઉજ્વળ ભવિષ્ય માટે જોઈ રહ્યો છું. સંમેલનને સંપૂર્ણ ફતેહ ઇચ્છું છું.

એ. આર. વાડિયા.
પ્રોફેસર ઑફ ફિલસોફી, માયસોર યુનિવર્સિટી

૧૬ બાળકોની તેજસ્વી હિલચાલની જો કોઈ દેશને તત્કાળ જરૂર હોય તો તે હિંદુસ્તાનને છે. હું તમારા સંમેલનને સંપૂર્ણ ફતેહ અને તમારા મંડળને ઉપયોગી એવું લાંબું આયુષ્ય ઇચ્છું છું.

યુસુફ મહેરઅલી
ધી કોંગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટી, બોમ્બે.

૧૭ સંમેલનની ફતેહ માટે મી. ડગા પોતાના આશીર્વાદો અને ઉત્તમ શુભેચ્છાઓ પાઠવે છે. તેને પૂરો વિશ્વાસ છે કે આ અદ્વિતીય સંસ્થા સામે સેવા અને પ્રગતિનું ઊજળું ભાવિ છે.

સેક્રેટરી,
ધી મારવાડી ચેંબર ઑફ
કોમર્સ, લિમિટેડ. મુંબાઈ

૧૮ મિ. સી. વિજયરાઘવાચાર્ય સંમેલનને હાર્દિક ફતેહ ઇચ્છે છે.

સી. વિજયરાઘવાચારીઅર
અર્મીસાલેપી (સાઉથ ઇંડિયા)

૧૯ એલ. દુનીચંદ, બાલસંમેલનને સંપૂર્ણ ફતેહ ઇચ્છે છે. આ એક નવા પ્રકારનું સંમેલન છે. એમાં આપણાં ભાવિ શહેરીઓ—નાનાં બાળકોનું ભલું કેમ થાય તે વિચારવામાં આવશે.

લાલા દુનીચંદ
એડવોકેટ, હાઈ કોર્ટ, લાહોર.

૨૦ શ્રી. શ્રીપ્રકાશ સૌને હાર્દિક અભિનંદનો પાઠવે છે, અને આ પ્રસંગે પોતાની શુભેચ્છાઓ પ્રદર્શિત કરે છે.

શ્રીપ્રકાશ,
સેવાશ્રમ, બનારસ સિટી.

૨૧ સી. વાય. ચિંતામણિ સંમેલનને સંપૂર્ણ ફતેહ ઇચ્છે છે.

સી. વાય. ચિંતામણિ
અલાહાબાદ.

૨૨ સંમેલનને સંપૂર્ણ ફતેહ ઇચ્છું છું.

દિવાનસાહેબ ઑફ લુણાવાડા.

વળી આ ઉપરાંત નીચે લખેલાં ભાઈબહેનોના સંદેશાઓ આવ્યા હતા:—

સર જોગેન્દ્રસિંહ, લાહોર; શ્રીયુત સી. રાજગોપાલાચારીઆર, મદ્રાસ; વાઇસ ચેન્સેલર, મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ; ડૉ. શેખ મહમદ આલમ, લાહોર; મિ. અંબાલાલ સારાભાઈ, અમદાવાદ; મિસિસ સરલાદેવી સારાભાઈ, અમદાવાદ; સેક્રેટરી, એચ. એચ. ધી મહારાજા ગાયકવાડ ઑફ બરોડા; મી. બી. જે. ખેર, મુંબઈ; સ્ટેટસમેન, કલકત્તા; ઇલસ્ટ્રેટેડ વીકલી, મુંબઈ; મિ. પી. વી. ચંદવાની, રાવલપિંડી; મિ. અને મિસિસ હામેદઅલી, અંધેરી; મિસ નિર્મળા બકુભાઈ, પૂના; મિસ રૂસ્તમજી, બોરસદ; મિ. રણછોડદાસ મંછારામ, મુંબઈ; સર એમ. જે. કાદરી, અમદાવાદ; મેસર્સ જીવનલાલ એન્ડ ઓઝા, રંગુન; શ્રી. યશસ્વતી ભટ્ટ, અમદાવાદ.

આ ઉપરાંત દેશભરનાં ઘણાં બાળકોએ સંદેશા મોકલ્યા હતા.

અમે અમારા સર્વ શુભેચ્છકોનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનીએ છીએ, અને આશા રાખીએ છીએ કે તેઓ બાળકોની આ હિલચાલ: બાલકન-જી-બારી : અખિલ બાલક બાલમંડળમાં પોતાનો રસ ચાલુ રાખશે.

ગ્રાહકોને

આવતા અંકની સાથે આપનું લવાજમ પૂરું થાય છે. અમને આશા છે કે 'પત્રિકા' ના ગ્રાહક તરીકે આપ ચાલુ રહેશો.

જો આપ મનીઑર્ડર કરો તો રૂા. ૧) નો મનીઑર્ડર તા. ૨-૩-૩૭ પહેલાં કરશો. કૃપા કરીને કુપનમાં આપનો ગ્રાહક નંબર જે આ અંકના રેપર ઉપર છે તે લખશો.

આપને આવતા વર્ષનો પહેલો અંક વી.પી.થી જોઈતો હોય તો—આપે અમને તે મતલબનું લખવાની જરૂર નથી. આપના તરફથી મનીઑર્ડર નહિ મળે તો આપે અમને વી.પી. મોકલવા માટે લખ્યું છે એમ માનીને આપના તરફ વી.પી. મોકલશું. પરંતુ આપને આ માસિક બંધ કરવું હોય તો કૃપા કરીને તરત જ ખબર આપશો.

વી.પી. પાછું વાળીને કાર્યાલયને નકલ દીઠ સવાત્રણ આનાની ખોટમાં કૃપા કરીને ન મૂકશો.

આપની મદદ માટે આભારી છીએ.

દ. મૂ. બાલમંદિર
ભાવનગર

વ્યવસ્થાપક
શિક્ષણ પત્રિકા

શિક્ષણ સમાચાર

—૧ શ્રી. નાનાભાઈનું સાહિત્યસંમેલનને અંગે 'જાપાનમાં કેળવણી' નામનું ભાષણ તા. ૩૧–૧૦–૩૬ને દિવસે અમદાવાદમાં થયું.

—૨ લુણાવાડા રાજ્યે પોતાના શિક્ષકો મારફત રાત્રિશાળાઓ દ્વારા અક્ષરજ્ઞાન યોજના ચલાવવા પ્રબંધ કર્યો. શ્રી. ગિજુભાઈએ રાજ્યના શિક્ષકોને અક્ષરજ્ઞાન કેમ અપાય તે બતાવ્યું– તા. ૨૩ થી ૨૭ નવેમ્બર '૩૬ સુધી.

—૩ અખિલ ભારત કેળવણીમંડળોનું એક સંમેલન ડિસેમ્બરની તા. ૨૭ થી ૩૧ સુધી ગ્વાલિયર મુકામે ભરાશે.

—૪ (સુધારો) શ્રી. વજુભાઈ દવે શારદા-મંદિરમાં જ રોકાતાં, જામનગરના આચાર્ય તરીકે જઈ શકયા નથી.

—૫ સરસ્વતીસદન (સદનવાડી, કચ્છ)ના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ કાઠિયાવાડ-ગુજ-રાતનો એક મોટો પ્રવાસ કર્યો અને મહાત્મા-જીની અમદાવાદમાં મુલાકાત લીધી.

—૬ રોહરી (સિંધ)માં બાલમંદિર ખૂલ્યું.

—૭ ધી ઇન્ટરનેશનલ મોન્ટીસોરી ટ્રેનિંગ કોર્સ ૧૯૩૭ના જાન્યુઆરીની ૨૫ મીથી લંડ-નમાં શરૂ થશે.

—૮ પાચોરા. શ્રી. રામદાસ ભાવસાર ન્યૂ કમર્શિયલ સ્કૂલમાં જોડાયા.

શિશુવિહારનું ઉદ્‌ઘાટન

મુંબઈમાં 'દાદર ભગિનીસમાજના આશરા હેઠળ સ્થપાયલું 'શિશુવિહાર' (બાળકો માટેની મોન્ટીસોરી શાળા) ખૂલ્લું મૂકવાની ક્રિયા મુંબ-ઈના મેયર શ્રી. જમનાદાસ મહેતાએ ગયા શુક્ર-વારે સાંજે દાદર ખાતે કરી હતી. આ શાળા અઢીથી ૭ વર્ષની અંદરની વયનાં બાળકોને શિક્ષણ આપશે. શાળાનાં સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે શ્રી. તારાબેન મોડક કામ કરશે. ચાર વર્ષની અંદરનાં બાળકો માટે મહિને ત્રણ રૂપિયાની ફી અને ચાર વર્ષની ઉપરની વયનાં બાળકો માટે મહિને ચાર રૂપિયા ફી લેવામાં આવશે.

મુંબઈ વિભાગના એજ્યુ. ઇન્સ્પે. મિ. વી. ડી. ધાટે તેમ જ ભગિનીસમાજ સાથે સંબંધ ધરાવ-નારાં કેટલાક બાનુઓએ મોન્ટીસોરી પદ્ધતિ તેમ જ આ નવી સંસ્થા સંબંધમાં ભાષણો કર્યાં હતાં.

શ્રી. જમનાદાસ મહેતાએ મિ. ધાટેના વિચારો સાથે સંમત થતાં જણાવ્યું હતું કે છાપ પાડી શકાય એવો જીવનનો સારામાં સારો કાળ ત્રણથી પાંચ વર્ષની વય વચ્ચેનો છે. મોન્ટીસોરી પદ્ધતિ હેઠળ આ ઉંમરનાં બાળકોને સારી તાલીમ આપી શકાય છે.

તાજાં પ્રગટ થયેલાં પુસ્તકો

૧૪ ટેકરીની વનસ્પતિ		ગિજુભાઈ
૧૫ ટારઝન ભાગ–૧		શંકર શાહુ
૧૬ છ મૂર્ખાઓ		મોંઘીબેન

દરેકની કિંમત પાંચ આના: પોસ્ટેજ જુદું

રામાયણનાં પાત્રોનું પાંચમું પુસ્તક

કૈકયી–મંદોદરી	૦–૪–૦	નાનાભાઈ

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, ભાવનગર

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૧ મું
સંવત ૧૯૯૩

અંક ૧૨ મો
માધ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક ઋષિએ : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

હું તો બાળકોને મારશો નહિ અને બીવડાવશો નહિ એવું પ્રચારનારો રહ્યો.

આ આપણો આખો દેશ બીકણ છે, તેનું કારણ માર અને બીક છે.

ભાતભાતનાં ભણતરથી કે પ્રવચનોથી આ બીક જવાની નથી.

ઈશ્વરની કે સત્તાની બીક બતાવવાથી પણ આ બીક જવાની નથી.

આ બીક માત્ર આપણામાં રહેલી અહિંસા-વૃત્તિને પૂરેપૂરી ખીલવવાથી જઈ શકે તેમ છે.

આ વૃત્તિ ખીલવવા માટે માબાપોએ અને શિક્ષકોએ બાળકોને કદી પણ મરાય નહિ, તેમ જ તેમને બીવડાવાય નહિ.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૧] માઘ ૧૯૯૩ [અંક ૧૨

એકાગ્રતા

કોઈ પણ કામ એકાગ્રતાથી કરવાથી મનની ઘણી ઘણી શક્તિઓ ખીલે છે. એ ખીલેલી શક્તિઓની પાછળ શુભ હેતુ હોય તો મનુષ્ય બહુ આગળ વધી શકે.

બહુ કામ કરવાથી થાક લાગે છે તેના કરતાં ન ગમતું કામ કરવાથી વધારે થાક લાગે છે.

જ્યારે આપણી પોતાની અંદર શાંતિ હોય છે ત્યારે દુનિયા આખીનો ધોંધાટ કાનને સ્પર્શ તો પણ નથી. ગિ.

ઈશ્વરનો અનુગ્રહ

ઈશ્વરનો અનુગ્રહ એ સૌથી મોટો ચમત્કાર છે.

બાળકો સૌથી વધારે પ્રભુના અનુગ્રહિતો છે.

બાળકોને સમજવા માટે ચોપડીઓ ન વાંચો પણ બાળકોને જ વાંચો.

બાળકોમાં લોકોને અને વાતાવરણને પારખવાની અદ્‌ભૂત શક્તિ છે. ગિ.

આગળ વધવું હોય તો

આગળ વધવું છે, આગળ વધવું છે, એમ વિચાર કરવાથી આગળ વધી શકાતું નથી. આગળ વધનારે પગ ઊંચકવો જ જોઈએ. જે રોજ કામ કરતો નથી પણ સૂઈ રહે છે, તે કેવી રીતે આગળ વધી શકશે ?

આગળ વધવામાં ઘણી ભૂતાવળો આડે આવે છે. ઈર્ષ્યા એમાંની એક છે. જે સરખામણી કરે છે તે સ્પર્ધા કરવા લલચાય છે; જે સ્પર્ધા કરે છે તેનામાં ઈર્ષ્યા આવે છે; ઈર્ષ્યા પ્રગતિને રોકે છે એટલું જ નહિ પણ પ્રગતિમાંથી વ્યક્તિને ભ્રષ્ટ કરે છે. ગિ.

માબાપોને

માબાપોને તેમનાં જ બાળકો સંબંધે સલાહશિખામણ આપતાં એક રીતે તો આપણને ખૂબ સંકોચ થાય. કુદરતી નિયમ તો એવો છે કે માબાપોએ જ બાળકોની કેળવણીનો વિચાર કરવો જોઈએ. પણ આજે માબાપો બહુ કામમાં છે, તેમ જ તેઓને બાલશિક્ષણ સંબંધેનું જ્ઞાન નથી, તેથી જેઓ આ વિષયમાં જાણકાર હોય તેમની ફરજ છે કે માબાપોને જગાડવાં અને તેમને પોતાનાં બાળકો પ્રત્યે નજર માંડતાં કરવાં.

જે માબાપો સીધાં સરળ છે, તેઓ બાળકો સંબંધે કહેવામાં આવેલું સાંભળે છે, કારણકે તેઓમાં

આ નું ક્રમ

૧૮૨ એકાગ્રતા . . . . ગિ.
૧૮૨ ઈશ્વરનો અનુગ્રહ . . ગિ.
૧૮૨ આગળ વધવું હોય તો ગિ.
૧૮૨ માબાપોને . . . . ગિ.
૧૮૩ ગલૂડિયાં . . . . શં.
૧૮૪ બાળકોના મુખમાંથી . શં.
૧૮૫ સુમિત્રાબેન . . . મોં.
૧૮૮ હું ભણવા બેઠો ત્યારે ભા. દ્વે.
૧૯૧ જતી ટપાલ . . . ગિ.
૧૯૪ સરસ્વતી સદનનો પ્રવાસ ...
૧૯૫ ઉપાહારપત્રક . . . ...
૧૯૬ શિક્ષણ સમાચાર . . ...
૧૯૬ ગ્રાહકોને અગત્યનું . . ...

શ્રદ્ધાનું તત્ત્વ વધારે છે. તેઓ ગમે તે પ્રકારે બાળકોનું ભલું ચાહે છે. જે માબાપો પોતાના ધંધામાં સમજ- દાર છે તેઓ પણ શિક્ષણના ધંધાની મહત્તા સમજી બાળકો સંબંધે કહેવામાં આવે તે ઉપર વિચારપૂર્વક વર્તન કરે છે. કેમકે તેઓ શ્રમવિભાગની કિંમત સમજે છે; તેઓ પોતાના વિશેષ જ્ઞાનની મહત્તા સમજે છે, ને તેથી તેઓ શિક્ષકોના વિશેષ જ્ઞાનની મહત્તા પણ સમજી શકે છે. પરંતુ જે માબાપો થોડું સમજે છે છતાં ઘણું જાણે છે એવું ભૂલ-ભૂલમાં માનવાની વિચારસરણીવાળાં છે, તેઓ પોતાનાં બાળકો પરત્વે પોતાની મનસ્વી રીતે વર્તે છે, અને તેથી તેઓ પોતાનાં બાળકોને વધારેમાં વધારે નુકસાન કરે છે. વિજ્ઞાન સ્પષ્ટ કહે છે કે કોઈ પણ વસ્તુ તરફ કે પ્રાણી તરફ મનસ્વી-પણે વર્તી શકાય નહિ. દરેક સજીવ–નિર્જીવ સૃષ્ટિ તરફ વર્તવાની ચોક્કસ અને શાસ્ત્રીય રીતો છે, અને તેમ જ વર્તવું એ ધર્મ છે; એટલું જ નહિ પણ તેમાં ફરજ છે.

માબાપો આ વૈજ્ઞાનિક નિયમને જ્યારે ધ્યાન પર લેતાં નથી અને આપખુદીથી પોતાનાં બાળકોને પોતાની મરજી પ્રમાણે ચલવે છે, ત્યારે બાળકો નઠોર, નાલાયક, જૂઠાં અને હરેક પ્રકારે બગડેલાં થાય છે. વર્તવાની રીત જ આ બધાનું કારણ છે. શોકની વાત છે કે આપણા રસોયાને રાંધવાનું જેટલું જ્ઞાન છે તેટલું જ્ઞાન આપણને બાળઉછેરનું નથી. જેમ રસોયાની રસોઈની બાબતમાં ભૂલ કાઢીએ ને રસોયો આપણી સામે થાય, અને કદાચ રસોઈનું કામ છોડી ચાલ્યો જાય, તેમ જ જ્યારે શિક્ષકો પોતાનું કામ છોડી ચાલ્યા જશે ત્યારે બાળકોનાં વાલીઓ સમજશે કે બાળકો તરફ તેમણે દ્રોહ કર્યો છે.

બાળકોનાં માબાપોને આપણાથી વધારે શું કહેવાય ? ભાઈઓ ! બાળકો તમારાં છે; પ્રભુએ તમને આપ્યાં છે. તમે પ્રભુને તમારા બાળકો પ્રત્યેના યોગ્ય વર્તનથી ખાતરી કરી આપો કે તમે તેમને માટે યોગ્ય છો.

ગિ.

ગલૂડિયાં

અમારા ફળિયામા એક કૂતરી વિયાઈ. એને ત્રણ ગલૂડિયાં આવ્યાં હતાં. તરત જ ગલૂડિયાંની વહેંચણી થઈ ગઈ. સવિતાબેનને ભાગે એક કાબરચીતરું ગલૂડિયું આવ્યું. બીજે દિવસે સવારે સવિતાબેન તો દોડતાં દોડતાં આવ્યાં અને પૂછવા લાગ્યાં: "સુમનબેન, ઓ સુમનબેન ! હું મારી પેલી નવી ગોદડી લઈ જાઉં ?"

"તારે એનું શું કામ છે ?"

"આ મારું ગલૂડિયું ટાઢે ધ્રૂજે છે તેને ઓઢાડવા માટે."

"ગલૂડિયાને વળી ગોદડી ઓઢાડાતી હશે ?"

"હા હા; મારે મારી નવી ગોદડી એને ઓઢાડવી છે. બિચારું કેટલું ટાઢે ધ્રૂજે છે !"

"ઠીક, બેન ! લઈ જા."

સવિતાબેન તો રાજી થતાં થતાં ગોદડી લઈ ગયાં; ગલૂડિયાને બરાબર ઓઢાડી ઢબૂરીને સુવરાવી દીધું.

શં.

દરેક મહિનાની સુદિ પૂનેમ સુધીમાં અંક ન મળે તો ન મળ્યાની તુરત ફરિયાદ કરવી. વ્યવસ્થાપક

બાળકોના મુખમાંથી

: ૧ :

"શંકરભાઈ! કોલસાકાકા ખોળી આપોને? એનું પૂંઠું તો આ રહ્યું, પણ ચોપડી મળતી નથી." જનુભાઈ એ આવીને મને કહ્યું.

એક પૂંઠા સિવાયની ચોપડી મારા હાથમાં આવી. મેં પૂછ્યું: "આ શું છે?" જનુભાઈએ જવાબ આપ્યોઃ "એ તો પતંગિયાં છે." પડખે જ મનુભાઈ ઊભા હતા. પતંગિયાનું નામ સાંભળીને એ કહેઃ "શંકરભાઈ! અમારે પતંગિયાં જોઈએ છે. અમને પતંગિયાં આપોને?" મને વિચાર થયો કે મનુભાઈ પતંગિયાં શા માટે માગે છે? એમને તો હજી વાંચતાં પણ આવડતું નથી. છતાં મને થયું કે લાવને, ચોપડી તો આપી જોઉં? મેં તો મનુભાઈના હાથમાં પતંગિયાંની ચોપડી મૂકી. મનુભાઈ કહેઃ આ શું છે? મારે તો પતંગિયાં જોઈએ છે." મેં પૂછ્યું: "તમારે શું પતંગિયાંનાં ચિત્રોની ચોપડી જોઈએ છે? આ તો ગીતની ચોપડી છે." મનુભાઈએ જવાબ આપ્યોઃ "મારે તો પતંગિયાં જોઈએ છે." હું ચિત્રોની ચોપડીઓના ઘોડા પાસે ગયો અને પતંગિયાંનાં ચિત્રોની ચોપડી જોવા ગયો. પણ એમાં એવી ચોપડી ન હતી. પણ ત્યાં તો મનુભાઈ પોતાની ભૂલ સમજી ગયા હોય એમ લાગ્યું. એ કહેઃ "શંકરભાઈ! હું પતંગિયાં પકડવા જાઉં છું." એમ કહીને એ બહાર ચાલ્યા ગયા.

:૨:

અમે નાસ્તો કરતા હતા ત્યાં એરોપ્લેનનો અવાજ સંભળાયો. બાળકો બધાં એરોપ્લેન જોવા લાગ્યાં. સુરેશભાઈ કહેઃ "કેટલું દૂર છે! પક્ષી જેવું લાગે છે."

ત્યાં તો અનસૂયાબેન કહેઃ "અરે, હવે તો બહુ નાનું થઈ ગયું. જમરૂખ જેવું લાગે છે."

બાબુભાઈ કહેઃ "હવે તો સાવ નાનકડું થઈ ગયું."

અનસૂયાબેન કહેઃ "હા હા; હવે તો મારા હાથમાં સમાઈ જાય એટલું લાગે છે. અહીં નીચે હોય છે ત્યારે તો કેટલું બધું મોટું લાગે છે? અત્યારે તો નાના ટપકા જેવું લાગે છે."

ત્યાં તો એરોપ્લેન દેખાતું બંધ થયું અને બાળકો એ નાસ્તો શરૂ કર્યો. શાં.

હિંદીમાં શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો

भयका भेद (બાળનાટક)	લેખક એ. એસ. નીલ	૦–૧–૬
विद्यार्थी और शिक्षक		૦–૮–૦
दिवास्वप्न	લેખક ગિજુભાઈ	૦-૧૨-૦
"	" (જેકેટ સાથે)	૧–૦–૦
प्राथमिक शालामें भाषाशिक्षा	લેખક ગિજુભાઈ	૦–૮–૦
वे मौलसे खेले थे	લેખક એ. એસ. નીલ	૧–૦–૦
उनकी शिक्षाका प्रश्न	લેખક ગિજુભાઈ	૦–૮–૦
बालप्रेम	લેખક શ્રી. તારાબેન	૦–૧–૦

પોસ્ટેજ દરેકનું જુદું

લખો વ્યવસ્થાપક: **હિંદી શિક્ષણ પત્રિકા કાર્યાલય**

૬૭ ચંદ્રભાગા, ન્યૂ ઈન્દોર, ઈંદોર સીટી

"પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

સુમિત્રાબેન

: ૧ :

[સુમિત્રાબેન સાડાત્રણ વર્ષનાં છે. તેની બા મરી ગયેલ છે. બાની સ્મૃતિ તેના મન અને મગજ પર ઊંડી છે. આ બાળક અભ્યસનીય છે. આ લેખની હકીકત વાંચવાથી તે સમજશે. **તંત્રી.**]

સુમિત્રાબેનનાં બાનું નામ જશોદાબેન. સુમિત્રાબેનને એ અઢી વર્ષનાં મૂકીને એ મરી ગયાં હતાં. સુમિત્રાબેન એમની બાના મરણ પછી, એમનાં બા જે ઓરડામાં મરી ગયાં હતાં તે ઓરડામાં છ માસ સુધી બારણા પાછળ બેસી રહ્યાં હતાં. એ જગ્યાએથી એ ફક્ત બાવા માટે બે વખત જતાં હતાં; નહિ તો બધો જ વખત ત્યાં ગાળતાં હતાં. એમની બાના ઓરડામાં એમનાં બા પાછાં આવશે તેની એ રાહ જોઈ રહ્યાં હશે ?

સુમિત્રાબેનને એમની બા મરી ગયાં ત્યારે કોઈએ કહ્યું હશે કે બા બહારગામ ગયાં છે, એટલે હવે કોઈ પણ માણસ બહારગામ જાય છે ત્યારે એ કહે છે કે એ માણસ મરી ગયું છે. હમણાં જ એમના કુટુંબમાંથી મંગુબેન બહારગામ ગયાં હતાં. એટલે એમને કોઈ પૂછે કે મંગુબેન ક્યાં ગયાં છે, કે તરત જ એ જવાબ આપે છે કે મંગુબેન તો મરી ગયાં છે.

સુમિત્રાબેનનાં બાને તે ખૂબ માંદાં હતાં ત્યારે ગાડીમાં સેકન્ડ ક્લાસમાં લાવવામાં આવ્યાં હતાં. આજે સુમિત્રાબેન જ્યારે રેલ્વેસ્ટેશને જાય છે ત્યારે ગાડી બતાવીને કહે છેઃ "આની અંદર મારી બા છે." અને પછી સેકન્ડ ક્લાસના ડબા પાસે લઈ જાય છે.

સુમિત્રાબેનનો વાન કાળો છે. એમના કુટુંબમાં જ્યારે કોઈ મેમાનો આવે ત્યારે બીજાં સુંદર બાળકો તરફ તે વહાલ કરે. આ જોઈને સુમિત્રાબેનને પણ વહાલ કરાવવાનું મન થઈ આવે, એટલે એ પણ મેમાન તરફ વહાલ કરાવવા જાય. પણ મેમાન કંઈ એમના તરફ ધ્યાન આપે ખરાં ? એટલે ધ્રુવની માફક એમને નિરાશ થવું પડે !

સુમિત્રાબેનની ઉંમર આજે સાડાત્રણ વર્ષની છે. અઢી વર્ષની ઉંમરે બનેલો એમની માતાનો મૃત્યુનો પ્રસંગ એમને હૂબહૂ યાદ છે.

: ૨ :

હું રસોઈ કરતી હતી ત્યાં મારે કાને અવાજ આવ્યોઃ "કાકાજી, દાદાજી, મામાજી ! અમને મારી નાખે છે. એ હું મરી ગઈ. હું મરી ગઈ રે ! મારી નાખો મા ને !"

મને થયુંઃ "સુમિત્રાબેનને શું થયું ? લાવ જોઈ આવું." હું બહાર આવી. સુમિત્રાબેન જમીને ઊઠ્યાં હતાં; એના એંઠા હાથ કામવાળી ધોવરાવતી હતી, ને સુમિત્રાબેન ઉપર પ્રમાણે બૂમો પાડતાં હતાં.

મેં કહ્યુંઃ "સુમિત્રાબેન ! હાથ તો ધોવા જોઈએ ને ? એંઠા હાથ કાંઈ રખાય ? જુઓ; સંતોકબેન તમારા હાથ ધૂએ છે. એમાં કાંઈ રડાય નહિ, હોં !"

સુમિત્રાબેન કહેઃ "નો રડાયને ? નો રડાય, ખરું ? સંતોકબેન હાથ ધોવે છે. હાથ ધોવે છે ને ? હાથ ધોવે તો નો રોવાય !"

સુમિત્રાબેન આપણી વાત તરત જ ઝીલી

લે છે. પણ પાછાં વખત આવે છે ત્યારે રડે છે ને પાછાં ઉપર પ્રમાણે ધૂમો પાડે છે.

કહે છે કે એમનાં બા માંદાં હતાં ને કરી પાળતાં ત્યારે તે જેઠાણીને કહેતાં: "ભાભીજી! મને મારી શું કામ નાખો છો? જીવવા દોને!" વગેરે, વગેરે.

સુમિત્રાબેન એમનું સાંભળીને બોલતાં શીખ્યાં હશે એમ લાગે છે.

: ૩ :

એક દિવસ સુમિત્રાબેન કહે: "માશીબા! ચા કરું ને? હેં ને, ચા કરું ને? હું ચા કરું છું, હોા!"

એમ કહી સુમિત્રાબેન રસોડામાં ગયાં. એક વાટકો લીધો, એમાં પાણી ભર્યું ને સ્ટવ ઉપર મૂક્યું. પાણીમાં બાંડ નાખી. ચા શોધી હશે પણ જડી નહિ, એટલે ચપટી ભરીને ફોફી નાખી. પાસે સાંડસી લીધી, પાટલો ઢાળ્યો ને પાટલા ઉપર ઉભડક બેઠાં.

માશીબાને થયું: "સુમિત્રા શું કરે છે, લાવ જોઉં તો ખરી?" એ રસોડામાં ગયાં ને જોયું.

"શું કરે છે, સુમિત્રા?"

"ચા કરું છું, હોા! ચા કરું છું. માશીબા! હું ચા કરું છું."

સુમિત્રાબેને સ્ટવ સળગાવવા સિવાયની બધી તૈયારી બરાબર કરી હતી. મોટા માણસની જેટલી ઝીણવટથી જ. સ્ટવ સળગાવવાનું એ કદાચ ભૂલી ગયાં હશે!

: ૪ :

સુમિત્રાબેન આપણા બાલમંદિરમાં આવે છે. એમને સાડાત્રણ વર્ષ થયાં છે. એમની બા ગુજરી ગયાં છે, એટલે એ એમનાં માશીબા પાસે રહે છે.

ઉંમરના પ્રમાણમાં એમની ભાષા ઘણી વિકસી છે; જો કે ઘણીવાર એ એનો અર્થ નથી સમજતાં.

ઘરમાં બીજાં બાળકોને અભાવે સુમિત્રાબેન ગલૂડિયાં સાથે રમે છે. સુમિત્રાબેન મેદાનમાં ઊતરે છે ત્યારે ગલૂડિયાં ચારે તરફથી દોડતાં આવી એની આસપાસ વીંટળાઈ વળે છે. સુમિત્રાબેન કોઈનો હાથ ઝાલી (આગલા પગ), કોઈનો પગ ઝાલી, કોઈને ગળેથી પકડી એનો સારો સત્કાર કરે છે. ગલૂડિયાં પણ એ સત્કાર સ્વીકારતાં હોય તેમ સુમિત્રાબેનનું મોઢું કે હાથપગ ચાટી પોતાનો હર્ષ પ્રદર્શિત છે. ગલૂડિયાં સુમિત્રાબેનનાં લગભગ આ દિવસનાં સાથી છે. ઘરમાંથી એમને કહેવામાં આવે કે "જાઓ, ગલૂડિયાં સાથે રમો." એટલે એ હરખાતાં હરખાતાં ગલૂડિયાં સાથે રમવા નીચે ઊતરે છે, ને એની સાથે વાતો કરે છે.

એક વાર સુમિત્રાબેનના કાનમાં પરુ થતું હતું. સુમિત્રાબેનનાં માશીબા કાનમાંથી પરુ સાફ કરતા હતાં ને બીજી દવા નાખતાં હતાં. સુમિત્રાબેન રડતાં હતાં ને બોલતાં હતાં: "એ, અમને શું કામ મારી નાખો છો? જીવવા દોને! અમને મારી નાખો મા ને!"

હું ઘરનાં પગથિયાં ચડી. મને જોઈ સુમિત્રાબેન બોલ્યાં: "એ મોંઘીબેન! જુઓને, અમને મારી નાખે છે, અમને મારી નાખે છે!"

મેં કહ્યું: "એ તો કાનમાં દવા નાખે છે; મારી નથી નાખતાં."

ત્યાં તો એમનું રડવું બંધ પડ્યું ને વાતો

ચાલી. "હેં! મારી નથી નાખતાં, ને દવા નાખે છે, ખરું? કાનમાં દવા નાખે છે; માશીબા કાનમાં દવા નાખે છે."

* * *

સુમિત્રાબેન મારી પડખે રહે છે. દિવસમાં ઘણી વાર મને મુલાકાત આપે છે. એક દિવસ એ આવ્યાં ને કહે: "મોંઘીબેન! આજ હું રાંધી દઈશ; આજ તમને હું રાંધી દઈશ, હેા! હેાને? હું રાંધી દઈશ. ખીચડી કરશું ને? ખરું ને? હેં ને?"

* * *

વળી એક દિવસ સુમિત્રાબેન આવ્યાં; હું પૂરીઓ તળતી હતી. થાળીમાં પૂરીઓ પડી હતી. સુમિત્રાબેનને ખાવાનું મન થયું હશે; એમણે કહ્યું: "આ શું છે?"

"પૂરી." મેં કહ્યું.

"પૂરી ખાવાની નથીને? ખવાય નહિ, ખરું? ન ખવાયને?"

મેં કહ્યું: "ખવાય. તમારે ખાવી છે?"

એણે હા પાડી. મેં એને પૂરી આપી.

સુમિત્રાબેન દરેક ખાવાની ચીજ જોઈ એમ પૂછે છે: "આ ખાવાની નથી ને? ખવાય નહિ, ખરું? ખવાયને?" આમ બોલતાં વખતે એની ડોકનું હલનચલન ચાલતું જ હેાય છે.

* * *

ગયે રવિવારે બાલમંદિર પાર્કમાં બોર ખાવા ગયું હતું. મોટાં બાળકો બોર હાથે વીણતાં હતાં ને નાનાં બાળકો જેઓ હાથે બોર ન ખાઈ શકે તેઓ એક જગ્યાએ ભેળાં થઈને બેઠાં હતાં. જયાબેન તે બધાંનું ધ્યાન રાખતાં હતાં. સુમિત્રાબેન પણ તેમાં હતાં.

ફરતા ફરતા ગિજુભાઈ ત્યાં આવ્યા ને છાંયે બેઠા. સુમિત્રાબેન તેમની પાસે ગયાં.

સુમિત્રાબેન વહાલનાં બહુ ભૂખ્યાં છે. દરેક માણસ પાસે જઈ તેના બોળામાં બેસવાની કે તેમનું વ્હાલ મેળવવાની તેમને ઇચ્છા થાય છે. સુમિત્રાબેન ગિજુભાઈ પાસે ગયાં ને જઈને ઊભા રહ્યાં.

ગિજુભાઈ એ કહ્યું: "સુમિત્રાબેન! મારા માટે બોર લાવો તો?"

"નથી; હું તો ખાઈ ગઈ. મારી પાસે બોર નથી."

"જાઓ, લઈ આવો."

સુમિત્રાબેન જયાબેન પાસે ગયાં ને થોડાં બોર લઈ આવ્યાં. એકેક બોર ગિજુભાઈના બોઢામાં મૂકતાં તેને અત્યંત આનંદ થતો હતો. એકાદ બોર તો સુમિત્રાબેને પોતાના બોઢામાં મૂકીને પછી ગિજુભાઈના બોઢામાં મૂક્યું.

ગિજુભાઈ કહે: "એંઠું ખવરાવ્યું ને? એંઠું ન ખવરાવાય, હેા!"

સુમિત્રાબેન કહે: "એંઠું ન ખવરાવાય. એંઠું ન ખવરાવાય, ખરું ને? એંઠું ન ખવરાવાય."

બોર ખવરાવતાં ખવરાવતાં બન્નેની વાતો ચાલતી હતી.

"જસોદા કયાં ગઈ?"

"જસોદા મરી ગઈ. જસોદા હવે આવે નહિ. આવે નહિ ને? નો આવે ને? નો આવે, ખરું? મરી જાય ઈ નો આવે. જસોદા મને મારતી હતી; (ગાલ બતાવીને) આંઈ મારતી."

* * *

સુમિત્રાબેનના ઘરમાંથી હમણાં એનાં બે

ત્રણ કાકી એમને પિયેર ગયાં છે. એ બધાં ગાડીમાં બેસીને ગયાં. સુમિત્રાબેનનાં બા પણ માંદાં હતાં ત્યારે ગાડીમાં બેસીને ગયેલાં.

સુમિત્રાબેન માને છે કે જેટલાં ગાડીમાં બેસીને જાય તેટલાં મરી જાય છે. ગઈ કાલે સાંજે સુમિત્રાબેન મારી પાસે આવ્યાં હતાં. મેં કહ્યું: "સુમિત્રાબેન! રમાબા ક્યાં ગયાં?"

એ કહે: "રમાબા મરી ગયાં. ગાડીમાં બેસીને મરી ગયાં. રસીલાબાયે મરી ગયાં. જશુબાયે મરી ગયાં. બધાં ઈશિટેશને ઊતરશે. મારી જશોદાયે ઊતરશે, બરું ને ભઈ? મારી જસોદા આવશે ને? હું વીરુકાકાને કહીશ. મારી જસોદા આવશે. વીરૂકાકા (એના બાપા) ને કહું ને? હેંને, કહું ને?"

* * *

એક વાર સુમિત્રાબેનને ઇચ્છા થઈ, બસ મચ્છરદાનીવાળા નાના પલંગમાં નથી સૂવું. માશીબા કહે: "જાઓ, જઈને સૂઈ જાઓ."

"અમારે નથી સૂવું. અમારે ત્યાં નથી સૂવું. અમારે અહીં પથારી કરવી છે."

"અહીં નહિ. અહીં મચ્છર કરડે; ત્યાં સૂઓ."

"નહિ, નહિ, નહિ! અમારે ત્યાં નથી સૂવું."

"ત્યારે તમારી પથારી તમારી મેળે લઈ આવો."

કેટલીયે મહેનતે સુમિત્રાબેન એની પથારી લઈ આવ્યાં. બહાર પથારી કરીને સૂતાં.

* * *

ટાઢ પડે છે એટલે એમને હાથેપગે પાણી અડે એ નથી ગમતું. દિશાએ જઈને સાફ થવું યે નથી ગમતું, ને નાવાનુંયે નથી ગમતું. જ્યારે જ્યારે એમનું ન ગમતું કરવામાં આવે ત્યારે કહે છે: "અમને મારો મા ને? શું કામ મારો છો? માશીબા મારે છે; માશીબા અમને મારે છે!"

બાં.

હું ભણવા બેઠો ત્યારે

[અનુસંધાન ગતાંક પાને ૧૭૦ થી]

ભાણજી મહેતાજી અને અમુલખ સારા-ભાઈને વર્ણવ્યા. માર મારવાની બાબત તો આસિસ્ટંટોમાં બરી જ બરી. જાદવજી માસ્તર ટ્રેન્ડ થઈ આવેલા; શિક્ષા કરવાની વિરુદ્ધમાં. પણ વાંક આવે તો શિક્ષા કરે પણ બરા. મેં એક ઘાંચીના છોકરાને મારેલો, ને તે ફરિયાદે ગયેલો. મને હાથમાં એક રૂલ એવો માર્યો કે પછી હું બીજા સાથે બાઝતાં ભૂલી ગયો. જો મેં ભણતાં માર બાધો હોય તો આ સહિત બે જ વખત અડપલું કરતાં અને બીજાને મારતાં.

એ વખતે નવાં ધોરણ થયેલાં, અને તે મુજબ પરીક્ષા થતી. બીજા વર્ગની પરીક્ષા મને યાદ છે. સુરતની એક મુખ્ય તાલુકા ગુજરાતી શાળાના હેડમાસ્તર શ્રી. પ્રાગજીભાઈ એક્ટિંગ તરીકે પરીક્ષક થઈ આવેલા. તેણે બાળવર્ગમાં આઠ શબ્દ લખાવેલા તેમાં એક 'યી' લખાવેલી. ઘણા બરાબે 'ઈ' કરેલો; મેં તો 'યી' જ કર્યો હતો. પણ આવી રીતે બાળવર્ગની પણ પરીક્ષા થતી એ મને યાદ છે.

એ વખતે છ ધોરણ હતાં: બાળવર્ગ, પહેલું ધોરણ, બીજું ધોરણ, ત્રીજું ધોરણ, ચોથું ધોરણ, પાંચમું ધોરણ અને છઠ્ઠું ધોરણ. અમે

ભણતા ત્યારે બાળવર્ગમાં કોઈ ચોપડી નહિ. પહેલું ધોરણ તેમ પહેલી ચોપડી: મા બા છે. બીજું ધોરણ બીજી ચોપડી, ત્રીજું ધોરણ ત્રીજી ચોપડી, ને ચોથી ચોપડી ચોથું, પાંચમી ચોપડી પાંચમું, છઠ્ઠી ચોપડી છઠ્ઠું, સાતમી ચોપડી સાતમું. પછી બીજા ધોરણમાં બીજી ને ત્રીજી ચોપડી એ ચલવતા ને ત્રીજામાં ચોથી ચોપડી આમ થયું. હાલ તો બાળવર્ગમાં બાળપોથી અને સાતમા ધોરણની સાતમી ચોપડી છે. બીજા ધોરણમાં અમને બીજી ને ત્રીજી હોપ સિરિઝ કરાવેલી ત્યારે એમારું વાંચનલેખનજ્ઞાન કેવું હશે તે વિચારશો.

અમે ત્રીજું ધોરણ ભણતા ત્યારે ઉત્તર વિભાગના એજ્યુ. ઇન્સ્પેકટર જી. બુલ્હર શિહોરની તાલુકા સ્કૂલનું ઇન્સ્પેકશન કરવા આવેલા. ત્રીજીનો ૩૧ કે ૩૩મો પાઠ ઘેટાંનો હતો. બુલ્હર સાહેબ તો કલાસમાં ફરી ચાલતું લેસન જોઈ અરધીક મિનિટ થોભી બીજા કલાસમાં ગયા.

માસ્તર આંકના સવાલ પૂછતા. અમે પણ તે જ ક્ષણે જવાબ આપતા; બીજી ક્ષણ થાય તો નીચેનો જવાબ આપી ઉપર ચડી જાય. પૈ દોઢેનો ઢે જ્યાં બોલાઈ રહે કે ૮૪ કહેવું જ પડે; જરા વાર થાય તો નીચેનો ૮૪ કહી ચડી જાય. નંબર લેવામાં એટલી સ્પર્ધા કે ન પૂછો વાત! આવું જ મોઢાંનાં લેખાંમાં થતું. ૧૭॥ રૂપિયે મણ તો ૪ શેરનું? આમ પૂછતાં જ ૧॥॥ રૂપિયા કહેવા જ જોઈએ. તેની કૂંચી શોધવી કે તે મુજબ ગણવાનું હોય જ નહિ. ૧૭॥॥ રૂપિયે ખાંડી તો ૮ શેરનું? તો ૧૭॥॥ દોકડા તુરત જ કહેવાય. મોઢાનાં લેખાં આંકનાં, અને અડધા કલાકમાં તો નંબરમાં અનેક ઊથલપાથલ થાય. રાજ્ય તરફથી પણ નિશાળોમાં ઇનામ વહેંચવામાં આવતાં, અને પહેલા ત્રણ નંબરને સારાં ઇનામ ગોઠવાતાં. મારો નંબર તો પાંચમા ધોરણ સુધીમાં પહેલો જ રહેતો. પણ છઠ્ઠામાં પહેલો ન રહી શક્યો. બહેચર ત્રિકમજી પટેલ અંગ્રેજીમાંથી ગુજરાતીમાં છઠ્ઠા ધોરણમાં દાખલ થયા અને એમણે મારો પહેલો નંબર લઈ લીધો. ચોથા ધોરણથી તો અમને રાજકોટ ટ્રેનિંગ કોલેજમાંથી ટ્રેન્ડ થઈ નીકળેલા માસ્તરનો લાભ મળ્યો; પાંચમા ધોરણમાં પણ સેકન્ડ ઇયર ટ્રેન્ડ માસ્તરથી અમે કેળવાયા; અને છઠ્ઠા ધોરણમાંથી તો ખુદ કાઠિયાવાડમાં પંકાયેલા જાદવજી માવજી ગાંધી-સીનિયર માસ્તરનો અમૂલ્ય લાભ અમને મળ્યો. એમની ભણાવવાની ખંત અને વિદ્યાર્થીમાં વિષય ઠસાવવાની ઊંચી કળા—અંતઃકરણપૂર્વક કહીએ તો એના જ શિક્ષણના પ્રતાપે અમે ઉપરાઉપર સીનિયર થયા; એટલું જ નહિ પણ સારા નંબરે પાસ થયા.

પ્રથમ બેચર ત્રિકમજી આવ્યા. એના જેટલા સીનિયર કલાસમાં સારા માર્ક હજુ કોઈના આવ્યા નથી. બીજે વર્ષે મારા મોટાભાઈ પ્રાવેશિકમાં પહેલા આવ્યા ને સીનિયર થયા. ત્રીજે વર્ષે હું સીનિયરમાં બીજે નંબરે આવ્યો.

જાદવજી માસ્તર એટલે શિક્ષણનું મૂર્ત સ્વરૂપ. પોતે શિહોરથી બદલાઈ ભાવનગર ગયા અને ત્યાંથી ડેપ્યૂટી પણ થયા. તેમ અમે ત્રણે પણ તાલુકા માસ્તરો થયા અને ડેપ્યૂટી તરીકે કામ કરવાનો મને લાભ મળેલો. આ પ્રતાપ જાદવજીભાઈના.

અમે છઠ્ઠું ધોરણ ભણતા મારા પહેલાં પાંચ હપ્તે ટ્રેનિંગ કોલેજની પ્રાવેશિક પરીક્ષામાં વિદ્યાર્થીઓ મોકલેલા અને તેમાંના બે હપ્તા ટ્રેન્ડ થઈ નીકળી પણ ચૂકેલા. અમને ચાર જણાને હવે પ્રાવેશિક પરીક્ષામાં જવા

તૈયાર થવા કહ્યું. રાત્રે અમે માસ્તર સાહેબને ત્યાં અભ્યાસ કરવા સૂવા જઈએ. અમારે વાંચવાનો વખત હોય ત્યાં માસ્તર સાહેબ કહેઃ "આ વેનચરિત્ર વાંચો. આ વલ્લભદાસ પોપટની કાવ્યની ચોપડીમાંથી 'બ્રાહ્મણભટ્ટા, નિત્ય લાડુનું ગાડું હવે નહિ ચાલશે.' વાંચો." આવાં કાવ્યો વંચાવે ને પોતે સાંભળે. પોતે નવા સુધારાવાળાના મતના કેટલેક અંશે પ્રીતિવાળા હતા. 'એક અનુભવી લહેરી' નામનો તખલ્લુસધારી શિહોરમાં આવેલો તેની પાસે 'વાંઢાવિલાપ' વગેરે કાવ્યો બોલાવી તેને આશરો આપ્યો તેનું યાદ છે. તે વખતમાં દેશી કારીગરીને ઉત્તેજનનો પ્રવાહ ફેલાયેલો. ખુદ હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા વડોદરાથી દ્વારકા જતાં મોટાં શહેરોમાં દેશી કારીગરીને ઉત્તેજનનાં ભાષણો કરતા, તેને શિહોરમાં બોલાવી ભાષણ કરાવેલું. તેણે દેશી ચપ્પુ, કાતર, સોય એવું કારીગરોનું ગુજરાતમાં બનાવેલું બતાવેલું તે મને યાદ છે. આને લીધે માસ્તર સાહેબની પ્રેરણાથી અમે છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ પણ રવિવારના તહેવારે રસ્તા ઉપર ઊભા રહી ભાષણ કરવાને ચાળે ચડેલા. લોકો ભેળા પણ થતા. દીવાસળી પર કેટલો ખર્ચ થાય છે, એ વગેરે ભાષણ હતું.

છઠ્ઠા ધોરણનું અમારું શિક્ષણ ઘણું જ સંગીન થતું. પિંગળ ચાલતું અને કવિતામાં પણ અમે જોડકણાં કરતા. અમારામાંના એકે આવી પણ મૂર્ખાઈની કવિતા કરેલી તે ટૂંક હજુ પણ મને યાદ છેઃ—

"ભાત દાળ ને સુંદર કઢી,
રતન સાથે ગોમતી વઢી."

અમારામાંના એક સાથે તેને કજિયો થયો ત્યારે કવિતાની એક ટૂકમાં તેણે ભૂંડી ગાળ ગોઠવેલી એ ટૂક હું લખતો નથી.

જાદવજી માસ્તર એટલે ગણિતવ્યાકરણમાં એક્કા અને શિક્ષણપદ્ધતિ અને કેળવણી પ્રકારનું સ્વરૂપ. અમે શિક્ષક થયા પછી ટ્રેનિંગ કોલેજમાં શિક્ષણના માર્ક ઘણા ઊંચા લીધેલા તે આ શિક્ષણના પ્રતાપ. જાદવજી માસ્તરનો શિક્ષણ પરનો ઉત્સાહ અને ખંત, ઉપરાઉપરી ટ્રેનિંગ કોલેજમાં જઈ પાસ થઈ નોકરી પર ચડેલાના—પ્રત્યક્ષ કમાવા પર ચડેલાના દાખલા, ને વિદ્યાર્થીઓના હિતની તેમની લાગણી કે ધૂડી નિશાળ બંધ થઈ. અંગ્રેજી સ્કૂલ ત્રીજા ધોરણની હતી, તે પણ બધા ગુજરાતી છ ધોરણનું ભણતાં બંધ થઈ. આમ શિહોરની તાલુકા સ્કૂલ કાઠિયાવાડમાં અગ્રગણ્યમાંની એક ગણાઈ.

તે વખતે ગોપાળજી સૂરભાઈ દેસાઈ ડેપ્યૂટી એજ્યુ. ઇન્સ્પેક્ટર હતા. શિહોરને સ્ટેશનેથી ભાવનગર જવા પસાર થયા ત્યારે માસ્તર સાહેબે પોતાની તાલુકા સ્કૂલની વિઝિટ કરવા માગણી કરતાં ગોપાળજીભાઈએ જણાવ્યું: "જાદવજી માસ્તરની સ્કૂલની વિઝિટ કરવાની હોય જ નહિ. એ તો નમૂનાસ્કૂલ છે."

અમે છઠ્ઠા ધોરણમાં પાસ થયા, અને જણાવી ગયા પ્રમાણે અંગ્રેજી સ્કૂલ તો નીકળી ગઈ હતી. બહાર ભણવા જવાની સ્થિતિ ન હતી, અને ટ્રેનિંગ કોલેજમાં પ્રાવેશિકમાં તૈયાર કરી મોકલવામાં માસ્તર સાહેબનો અતિ આગ્રહ હતો. આ બધું જોઈ હું નિશાળમાં આસિસ્ટંટમાં દાખલ થયો. અને પ્રવેશક માટે તૈયાર થયો. આટલેથી 'હું ભણવા બેઠો ત્યારે' ના લેખ પૂરો થાય છે.

ભા. ઠ્વે.

જતી ટપાલ

: ૧ :

બાલમંદિર, ભાવનગર.
તા. ૧૮–૧૧–૩૬

ભાઈશ્રી,

તમારા પ્રશ્નોના ઉત્તરો નીચે પ્રમાણે છેઃ–

(૧) જો મનુષ્યને ધર્મપરાયણ થવા દેવો હોય તો ધર્મના સંસ્કારોથી તેને વંચિત રાખી શકાય નહિ. જેમ શરીર, ઇંદ્રિયો, મન વગેરેના વિકાસને માટે શાળાઓ અને ઘરમાં વાતાવરણ રચવાની જરૂર છે, તેમ જ ધર્મના વિકાસને માટે પણ વાતાવરણની જરૂર છે. મનુષ્યના આત્મિક જીવનની ધર્મ કરોડ છે. એની સંભાળ અતિ આવશ્યક છે.

નાનપણથી મહાત્માઓનાં જીવનચરિત્રો બાળકોને સંભળાવવાની આપણી પ્રથા બહુ જૂની છે, અને તે અનુસરવા જેવી છે. આવી કથાઓ અંદરની શક્તિઓને પોષણ આપે છે, અને આખરે મનુષ્ય જે ઉચ્ચતાને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરી રહેલ છે તેના તરફ લઈ જાય છે.

(૨) વાદવિવાદની કળા એ બહુ કિંમતી નથી. ખરી વસ્તુ પોતાની મેળાએ વિચાર કરતાં શીખવાની છે. વાદવિવાદમાં પક્ષાપક્ષી હોય છે. તેમાં જિજ્ઞાસાને તૃપ્તિ મળવાને બદલે અહંતા પોષાય છે. તેમાં મનુષ્યની શુદ્ધ બુદ્ધિ ખીલવાને બદલે ઘણી વાર કુટિલ બુદ્ધિ ખીલે છે. કૃત્રિમ રીતે બાળકોને ઊભાં કરી તેમની પાસે આપેલા વિષય ઉપર વાદવિવાદ કરાવવો એ એક ફારસ છે.

(૩) કેળવણી સંબંધેના સ્વામી વિવેકાનંદના વિચારો બરાબર છે. તેઓ બરાબર કહે છે કે મનુષ્યમાં રહેલી પૂર્ણતાને પ્રગટ કરવી એનું નામ કેળવણી. અર્થાત્ મનુષ્યમાં પૂર્ણતા છે; તેની આડે ઘણું આવી જાય છે. એ દૂર કરી અંદરને તેના સાચા સ્વરૂપમાં લાવે તેનું નામ સાચી કેળવણી. સ્વાવલંબન, સ્વાધીનતા, સદસદ્‌વિવેકબુદ્ધિ, ચારિત્ર્ય અને મનુષ્યત્વ, આ વસ્તુઓ પ્રાપ્ત કરવાનો મનુષ્યનો ઉદ્દેશ છે. અને આ વસ્તુઓ જે સાધનો અને પદ્ધતિ આપે તેનું નામ કેળવણી.

આથી તમને સંતોષ થશે.

લે. તમારા
ગિજુભાઈના
નમસ્કાર.

: ૨ :

બાલમંદિર, ભાવનગર
તા. ૧૮–૧૧–૩૬

ભાઈશ્રી,

તમારા પ્રશ્નોના ઉત્તરો નીચે પ્રમાણે છેઃ—

(૧) **અટકચાળી છોકરી**નો એક અર્થ એ છે કે તેને ઘણું ઘણું કરવું છે. તેના હાથ, પગ, ઇંદ્રિયો, મગજ, મનઃ બધાં કંઈ ને કંઈ કામ માગે છે પણ તે તેને મળતું નથી. તેથી તે જ્યાં અને ત્યાં, જે અને તે, કરી બેસે છે. આને આપણે અડપલાં કહીએ છીએ.

"એક અડપલો છોકરો,
જીવો જેનું નામ;
અતિશે કરતો અડપલાં,
જઈ બેસે જે ઠામ."

આ કવિતા તમે જાણી હશે. અહીં જીવો ખરી રીતે તોફાની ન હતો. તેને જે તે જાણવાની ઇચ્છા હતી, તેથી તે જે તે ઉપાડતો હતો અને જોતો હતો. આ જિજ્ઞાસાને કવિએ અડપલાપણું કહ્યું છે. કવિએ તેના અડપલાપણાને સંતોષવા માટે તેના હાથમાં કંઈ કામકાજ મૂક્યું નથી, તેની જિજ્ઞાસાબુદ્ધિને સમજી તેને જોઈતો ખોરાક આપ્યો નથી, પણ જિજ્ઞાસાનું માઠું ફળ તેની પાસે ભોગવાવ્યું છે. તમે તે કવિતા ન વાંચી હોય તો વાંચશો.

વળી અટકચાળાપણું બાળકની અસામાજિક વૃત્તિમાંથી જન્મે છે, અને અસમાજિક વૃત્તિનો જન્મ બાળકોને આપણે અસન્માનીએ છીએ અને અપમાનીએ છીએ તેમાંથી આવે છે. જે બાળકને આપણે ધિક્કારીએ કે તરછોડીએ તે બાળક આપણી સામે થાય છે; અને બીજું કંઈ ન કરી શકે તો તે આપણને અડપલાં કરીને પજવી તો શકે જ છે. આવાં અડપલાંનો ઉપાય બાળકોને સન્માનવામાં છે. વળી બાળકોને તુચ્છ ગણવાથી, તેમને છેક નાનાં અને નમાલાં ગણવાથી, તેમનામાં લઘુતાગ્રંથિ પેદા થાય છે; એટલે કે તેમને એમ થાય છે કે તેમનામાં તો કંઈ જ નથી. આ વૃત્તિને લીધે તેઓ કંઈ ને કંઈ અડપલાં કે અટકચાળાં કરીને પોતામાં પણ કંઈક છે એવું વારંવાર આપણને બતાવવાની કોશિષ કરે છે. આપણે આવી જાતનાં અડપલાંને બાળકો પ્રત્યે સમભાવ અને પ્રેમભાવ રાખી મટાડી શકીએ. મતલબ એ અડપલાપણું કે અટકચાળા એ બાળકો પ્રત્યેના આપણા વર્તનમાંથી ઊપજેલાં છે, એ વિચાર જો આપણે ધ્યાનમાં લઈએ અને આપણા વર્તનમાં યોગ્ય ફેરફાર કરીએ, તો બાળકોની સામેની આવી ફરિયાદો કરવાપણું ઘણે અંશે ઓછું થઈ જાય. બાળકો અડપલાં કરીને ઠપકો અને માર ખાય છે; એમ વારંવાર બનતાં તેઓ નીંભરાં થાય છે. આવી રીતે બાળકો નીંભરાં થઈ જાય તે પ્રહેલાં જ આપણે તેમની સાથે ઘટતી રીતે વર્તવા માંડવું યોગ્ય છે.

(૨) **બાળકોની આજુબાજુના જીવનનો ઠઠારો.** અલબત્ત બાળકના ઉપર તેના મહિમાની છાપ પાડવાનો જ. પરંતુ તેનો ઉપાય આપણા દેશના અને જગતના સમગ્ર જીવન ઉપર છે. જો આપણે બધા જ ઠઠારાવાળા જીવનમાં જીવી રહ્યા હોઈએ તો આપણે બાળકોને તેમાંથી કદી પણ બચાવી શકીશું નહિ. આપણે જેના ભોગ થઈ પડ્યા છીએ, એટલું જ નહિ પરંતુ જેમાં આપણે રાચીએ છીએ, તેમાંથી બાળકોને બચાવવાની વાતો મિથ્યા છે. બાળકો માટે સાદાઈ અને આપણે માટે નહિ એ વિચાર જ ખોટો છે. બાળકોને બચાવતા પહેલાં આપણે કેમ બચવું તેના વિચારો અને આચારો આપણે શોધવા જોઈએ.

(૩) **બાલમંદિરો કે બાલક્રીડાંગણોમાં** ઓછામાં ઓછો ખર્ચ કેમ કરવો તેની શોધ કરતા પહેલાં બાળકોનાં શરીર પોષવામાં ઓછામાં ઓછો ખર્ચ કેમ કરવો તે શોધવાની પહેલી જરૂર છે. જો આપણે યોગ્ય ખર્ચ કરીને બાળકોનાં શરીરો પોષવા માગતા હોઈએ, તો નિઃશંક આપણે યોગ્ય ખર્ચ કરીને તેમનાં મન અને આત્માના પોષણ–વિકાસ માટે ખર્ચ કરવો જ જોઈએ. દુનિયાની અનેક બાબતોમાં ખર્ચ કરનારા આપણે બાળકોની આડે શા

માટે આવીએ છીએ, અને કયા મોઢે આવી શકીએ એ એક આશ્ચર્ય છે!

(૪) જેઓ માનતા હોય કે નવીન શિક્ષણ બાળકોને ખુશામતપ્રિય અને દંભી બનાવે છે, તેઓ વિશે નમ્રતાથી એટલું જ કહી શકાય કે તેઓ પોતે નવીન શિક્ષણ જાણવાનો ખોટો દંભ કરે છે, અને અધિકાર વિના બોલે છે. આપણે માન્યતા ઉપર દોરાવા કરતાં સત્ય વસ્તુનો અનુભવ કરવો જોઇએ. ખુશામતપ્રિય લોકો માન્યતાઓને પણ વજૂદ આપે છે.

(૫) હલકાં સત્ત્વોને માર, શિક્ષા અને બીજી રિબામણીથી નાબૂદ કરી શકાતાં નથી. માર અને શિક્ષા દવાઓ નથી કે તેનાથી રોગો નાશ પામે. ઊલટું શિક્ષામાંથી જ ઘણા રોગો ઉત્પન્ન થયેલા માલૂમ પડ્યા છે. હલકાં સત્ત્વોની ઉત્પત્તિની શોધ કરવી એ બહુ અઘરું છે; પણ તેને વધારે બળવાન ન કરવાનું આપણા હાથમાં છે, અને પ્રમાણમાં તે સહેલું છે. મેલને ધોવા માટે સાબુ કે એવી જ ચીજ જોઈએ, તેમ હલકાં સત્ત્વોનો ક્ષય કરવા કે તેને ધોઈ કાઢવા પ્રેમ, દયા અને ઉદારતા જેવાં દ્રવ્યો જ ઉપયોગી છે. જેટલા પ્રમાણમાં આપણને આ દ્રવ્યો બરાબર વાપરતાં આવડે તેટલા પ્રમાણમાં આપણે ફતેહ મેળવી શકીએ જ. સાધનોનો વપરાશ આપણને ન આવડે તો તેમાં સાધનોનો દોષ કાઢવો ન જોઈએ. અગર તો કંઈ થઈ શકે એમ જ નથી એવી નિરાશા ન લાવવી જોઈએ. જન્મથી જ દુષ્ટ સત્ત્વો લઈને આવેલ જીવનો પણ આખરે તો ઉદ્ધાર જ કલ્પ્યો છે. એ ઉદ્ધાર શિક્ષાથી સંભવે નહિ. શિક્ષા સાચા સ્વરૂપ ઉપર પડદો પાડી શકે, પણ તે ફેરવી શકે નહિ. દુર્ગુણો ઢાંકણથી સદ્ગુણો બની શકે નહિ.

(૬) ન જ મારવું એ જ એક સાચો સિદ્ધાંત છે. શરીરને કે મનને કે લાગણીઓને કે એકેયને ન મારવું તેનું જ નામ ન મારવું. શિક્ષા કરવાની વૃત્તિ એ આપણી આધ્યાત્મિક શક્તિની નિર્બળતાનું પ્રતિબિંબ છે. ઘણા વખતથી આપણે માર ખાતા આવ્યા છીએ તેથી મારવું સહજ લાગે છે.

(૭) બાળકને જોરથી તમાચો ખેંચી કાઢ્યો હોય અને તુરત જ એના વાંસા પર હાથ ફેરવી બોં મલકાવીએ તો બાળકને તમાચાની પણ યાદ રહેશે અને એના હૃદયમાં ઝેરને ઉત્પન્ન થવાનો સમય નહિ મળે, આ માનવું ભ્રામક છે; આ માન્યતામાં બાળક વિષેનું ઘોર અજ્ઞાન છે. બોં મલકાવવાનો ઢોંગ બાળક પારખી શકે છે. મારનારને કદી પણ મારે ખાનાર ચાહતું જ નથી. બાળક એવા નિર્ણય પર આવે છે કે માર મારનાર બેવકૂફ છે; તે એક શ્વાસે મારે છે અને બીજા શ્વાસે ખુશામત કરે છે. આવી આપણી વિચિત્ર સ્થિતિને લીધે તે આપણને છેક પ્રાકૃત ગણી કાઢી શકે છે. અને વાસ્તવિક રીતે આમ કરવામાં આપણી કેવળ પ્રાકૃતતા જ છે. આમાં તો રીઝે તો બોં ચાટે અને બીજે તો બટકું ભરે, એ કહેવત લાગુ પડી જાય છે. આપણે મોટાંઓ બરોબર અજંપ ભેજાનાં છીએ કે આવા નવા નવા સિદ્ધાંતો ઉપજાવીને તેના વડે બાળકોને સીધાં કરવાની સાથે પ્રિય અને અનુકૂળ કરવા માગીએ છીએ.

ઉપરના ઉત્તરોથી આપને સંતોષ થશે.

એ જ.

લે. આપના

ગિજુભાઈના આશીર્વાદ

સરસ્વતી સદનના વિદ્યાર્થીઓનો પ્રવાસ

મંજલ તા. ૯-૧૧-૩૬

સરસ્વતી સદનના ૩૬ વિદ્યાર્થીઓ અને ૬ શિક્ષકો જેઓ તા. ૧૩ મી ઑકટોબરે કાઠિયાવાડ અને ગુજરાતને પ્રવાસે નીકળ્યા હતા, તેઓ બાવીશ દિવસનો લાંબો પ્રવાસ કરી તા. ૪થી નવેમ્બરને રોજ પાછા આવી ગયા છે.

સદનવાડીથી પગપાળા ભુજ જઈ કંડલા થઈને સૌ મોરબી પહોંચ્યા હતા. મોરબીમાં મચ્છુ નદી ઉપરનો ઝૂલતો પુલ, દેવમંદિરમાંથી રાજકચેરીમાં ફેરવાઈ ગયેલું મણિમંદિર વગેરે જોઈને પ્રવાસમંડળી જુનાગઢ ગઈ હતી. ત્યાં ગુજરાતના ભક્તશિરોમણિ મહેતા નરસિંહનો ચોરો, નવાબી કુટુંબનો મકબરો, જેલ વગેરે જોયાં. જુનાગઢના 'રાઓ' રાજાઓના વખતનો ઉપરકોટ, તે વખતનાં ભોંયરાંઓ, અડીકડી વાવ, નવઘણ કૂવો અને તે વખતનો અસલી મહેલ જોઈ સૌ ગિરનાર પહોંચ્યા. ત્યાંની જૈન દહેરાંવાળી પહેલી ટૂંકે મુકામ રાખી આખો ગિરનાર ફરી વળ્યા. ઊંચામાં ઊંચી ગુરુ ગોરખનાથ અને દત્તાત્રેયની ટૂંક સુધી ફરી આવી સાંજે શેષાવનની વચ્ચ ઝાડીમાં થઈ નીચે ઊતર્યા.

જુનાગઢથી પ્રવાસમંડળી ધારી પહોંચી. ધારીમાં રોકાવાનું પાછળથી રાખી સૌ તુલસીશ્યામ ઊપડ્યા. ગીર જંગલના મધ્યમાં આવેલ પવિત્ર ગણાતા આ સ્થળે ઊના પાણીના કુંડો, તથા તેની પાસે જ આવેલા ઠંડા પાણીના કૂવાઓ જોયા. આમ હોવાનાં કારણો જાણ્યાં. તુલસીશ્યામથી ધારી આવી શ્રી. રામજીભાઈ હંસરાજની વાડીએ ભોજનાદિ લઈ, વાડીમાં થતા ખેતવાડીના શાસ્ત્રીય પ્રયોગો જોયા.

ધારીથી અમરેલી આવ્યા. કાઠિયાવાડમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં આગળ પડતા લેખાતા આ શહેરમાં ખેડૂતશાળા, સ્ત્રી બાળકો અને પુરુષો માટેના જુદા જુદા વિભાગોવાળી વોકર લાયબ્રેરી, હરિજનો માટે ખુલ્લું છે એ નાગનાથનું મંદિર, સમર્થ વ્યાયામમંદિર, હુન્નરશાળા જોયાં. અમરેલીમાં હમણાં જ કરવામાં આવેલ કેવળ સ્ત્રીઓ અને બાળકો માટેના જ બાગે સૌને આકર્ષ્યા.

રાત્રે પોણા બારે ભાવનગર પહોંચ્યા. ત્યાં શ્રીદક્ષિણામૂર્તિ ભવનની મીઠી મેમાનગીરીમાં ચાર દિવસ ગાળ્યા. આ વખતે તે સંસ્થામાં વેકેશન પડતું હતું જેથી ત્યાંના સત્રાંત ઉત્સવો જોવાનો લાભ મળ્યો. દક્ષિણામૂર્તિ બાલમંદિરના સંગીતજલસા અને નાટકો પણ જોવા મળ્યાં.

શ્રીદક્ષિણામૂર્તિ કલામંદિર, વિકટોરિયા પાર્ક, શામળદાસ કૉલેજ, પીલ ગાર્ડન, બાદીભંડાર આદિ સ્થળોએ ફરી પાલીતાણા ઊપડ્યા. ત્યાંના શત્રુંજય ડુંગર ઉપરનાં જૂનાં જૈન દહેરાં અને તેની પાસે જ આવેલ ઓલિયા ઈગારશા પીરની દરગાહ જોઈ. પાલીતાણાથી સોનગઢ આવ્યા. સોનગઢમાં જૈન ગુરુકુળ અને આર્ય-ગુરુકુળના દૈનિક કાર્યક્રમમાં હાજરી આપી. બ્રહ્મચારીઓના વ્યાયામપ્રયોગો જોયા.

સોનગઢથી ઊપડી અમદાવાદ પહોંચ્યા. ત્યાં સાબરમતી આશ્રમની પુણ્યભૂમિનાં દર્શન કર્યાં. ગુજરાત વિદ્યાપીઠ, જુમા મસ્જીદ વગેરે જોયાં.

આ જી જી

"આવતો અંક વી.પી. થશે. વી.પી. પાછું આવશે તો અમારા કાર્યાલયને સેવા ત્રણ આનાનું નુકસાન થશે. માટે આજીજી કરવામાં આવે છે કે લવ.જમ રૂપિયો એક સત્વર મની ઓર્ડરથી મોકલી 'પત્રિકા'નું કામ ગ્રાહકો સરળ બનાવે અને તુરત અંક મેળવે.

વ્યવસ્થાપક.

અરધી કિંમતે

શિક્ષણ પત્રિકાના નીચે મુજબના આગલા વર્ષના પૂરા બાર અંકો અરધી કિંમતે (આઠ આના) મળશે.

વર્ષ ૨, વર્ષ ૬, વર્ષ ૭, વર્ષ ૮, વર્ષ ૯, વર્ષ ૧૦.

વર્ષ ૧ લાના અંકો બિલકુલ નથી.

વર્ષ ૩, ૪, ૫ના છૂટક અંકો મળશે.

દરેક અંકની કિંમત પોણો આનો.

વ્યવસ્થાપક, **શિક્ષણ પત્રિકા**
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર

આ સમય ગુજરાતી સાહિત્ય સંમેલનનો હતો એટલે શ્રી. કનૈયાલાલ મુનશી, શ્રી. રમણલાલ દેશાઈ, શ્રી. રામનારાયણ વિ. પાઠક, શ્રી. સુંદરમ્, શ્રી. ઉમાશંકર જોષી વગેરે ગુજરાતના કવિલેખકોને જોવાનો લાભ મળ્યો.

ગુજરાત વિદ્યાપીઠમાં પૂજ્ય મહાત્મા ગાંધીજીએ આ પ્રવાસમંડળીને અગાઉ નક્કી કર્યા મુજબ સાત મિનિટની મુલાકાત આપી. પૂજ્ય મહાત્માજીએ સરસ્વતી સદને સંસ્થામાં અપાતા ખોરાક વગેરે સંબંધી વિદ્યાર્થીઓ સાથે તેમની રમૂજી શૈલીમાં વાતો કરી સૌને હસાવ્યા. આ વખતે સરહદના ગાંધી ખાન અબદુલ ગફારખાન, કાકાસાહેબ, મહાદેવભાઈ દેસાઈ, શંકરલાલ બેન્કર વગેરે હાજર હતા, એટલે તેમને જોવાની પણ સૌને તક મળી ગઈ. આ અરસામાં પૂ. મહાત્માજીના હાથે ખુલ્લું મુકાયેલ ગુજરાતના કળાધરોના સર્જનનું કલાપ્રદર્શન જોવાનો અમૂલ્ય લાભ પણ સાંપડ્યો.

અમદાવાદમાં પાંચ દિવસ રહી ત્યાંથી સીધા કંડલા બંદરે ઊતર્યા. અને આવી રીતે પોતાનો સફળ અને સુંદર પ્રવાસક્રમ પૂરો કર્યો.

બાલમંદિરનું ઉપાહારપત્રક

[શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં બાળકોને બપોર પછી અપાતા નાસ્તાનું આ અઠવાડિક પત્રક બીજાં બાલમંદિરોને કદાચ માર્ગદર્શક થઈ પડશે. ઘણા ફેરફારો પછી આ પત્રક નક્કી થયેલું હોઈ તેમાં બાળકોની પસંદગી વિશેષ પ્રમાણમાં છે. **તંત્રી.**]

મંગળવાર	બુધવાર	ગુરુવાર	શુક્રવાર	શનિવાર	રવિવાર
ઢોકળાં	બટેટાં–પૌંઆ	ગોળપાપડી	મગ	પ્રેમોદી	મમરાના લાડુ
ગોળપાપડી	કેળાં	મગ	સકરપારા	મૂઠિયાં	મૂઠિયાં
ચણા	ચુરમાનાં લાડુ	કેળાં	ભજિયાં	મિશ્રશાક	તલસાંકળી
કેળાં	કાવો	ચણામમરા	કેળાં	શીંગના લાડુ	બટેટાં–વડાં
શાક	મગ	મૂઠિયાં	દૂધ–પૌંઆ	કેળાં	બટેટાં

શિક્ષણ સમાચાર

—અમદાવાદ (૧) નિર્મળાબેન બકુભાઈના બાલમંદિરનો આઠમો વાર્ષિકોત્સવ તા. ૧૫–૧૨–૩૬ ના રોજ આનંદશંકર બા. ધ્રુવના પ્રમુખપણા નીચે ઉજવાયો. (૨) ખાડિયા–બાલમંદિરનો તૃતીય શરદોત્સવ તા. ૧લી તથા ૩જી નવેમ્બરે ઉજવાયો. આ પ્રસંગે બાલમંદિરનાં બાળકોના કામનું પ્રદર્શન શારદાબેન મહેતાએ ખુલ્લું મૂકયું હતું. (૩) બાલમંદિરમાં 'માટી કામ' માટે જુદી જુદી જાતની રંગબેરંગી માટી શ્રી. યશસ્વતીબેન (ખાડિયા બાલમંદિર, અમદાવાદ) બનાવી છે અને તે બાલમંદિરમાં વાપરવા જેવી છે. (૪) અમદાવાદ મ્યૂનિસિપાલિટીએ અમદાવાદના શારદામંદિર (બાલમંદિર) ને એક વર્ષ માટે રૂા. ૧૨૦૦ ની ગ્રાન્ટ આપવાનો ઠરાવ કર્યો છે. તેમ જ અમદાવાદના ખાડિયા બાલમંદિરને પણ રૂા. ૫૦૦ ની ગ્રાન્ટ આપવાનો ઠરાવ કર્યો છે. આ માટે અમદાવાદ મ્યૂનિસિપાલિટીને ધન્યવાદ ઘટે છે.

—મહેસાણા (૧) મનુભાઈ દવેએ બોરસદ છોડયું, અને તેઓ મહેસાણામાં બાલમંદિર ઊઘડયું ત્યાં ગયા.

—માડાગાસ્કર. પીતામ્બર મલકાણ દીગો સુરેજ માડાગાસ્કર કેળવણીની સંસ્થામાં જોડાયા.

—બહુચરાજી મહેસાણા પ્રાંત પુસ્તકાલય પરિષદનું ત્રીજું અધિવેશન શ્રી. શંકર કૃષ્ણારાવ નાયપલ્લી, મહેસાણા પ્રાંતસૂબા સાહેબના અધ્યક્ષપદે તા. ૨ શનિ અને તા. ૩ રવિ જાન્યુ. ૧૯૩૭ના દિને બહુચરાજી મુકામે મળ્યું. તે વખતે તા. ૩–૧–૩૭ ના રોજ પરિષદને અંગે 'બાલસાહિત્ય પ્રદર્શન' ભરવામાં આવેલ હતું તેની ઉદ્‌ઘાટનક્રિયા કડીવિભાગ શાળાધિકારી શ્રી. ચુનીલાલ દેસાઈએ કરી હતી.

—મુંબઈ દેવરામ ડાં. વરૂ (રામભાઈ) કચ્છ લોહાણા કેળવણી બાતાની મુંબઈની ઑફિસમાંથી છૂટા થયા.

ગ્રાહકોને અગત્યનું

આ અંકે આપનું અગિયારમા વર્ષનું લવાજમ પૂરું થાય છે, તો ગયા અંકમાં કરેલી વિનંતિ મુજબ જે ગ્રાહકોએ લવાજમ રૂપિયો એક મોકલી ન આપ્યો હોય તે તુરત તારીખ ૨–૩–૧૯૩૭ પહેલાં મોકલી આપે.

મનીઓર્ડર મોકલી આપનાર ગ્રાહક વી.પી. ના ખર્ચમાંથી બચશે અને તુરત અંક મેળવી શકશે. નવા વર્ષથી ગ્રાહક તરીકે નીકળી જવા માગતા હોય તેમણે તેવા ખબર પણ તુરત લખી નાખવા કૃપા કરી તરદી લેવી. નહિતર એમને પણ ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગે છે એમ સમજી વી.પી. થશે. વી.પી. પાછું વળશે તો અમારા કાર્યાલયને સવાત્રણ આનાનું ફોગટ નુકસાન થશે. આશા છે કે ગ્રાહકો તુરત મનીઓર્ડરથી રૂપિયો એક લવાજમ મોકલવાનું શરૂ કરે. વ્યવસ્થાપક 'શિક્ષણ પત્રિકા'

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, બીજે બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

ભેટ અંક

શિક્ષણ પત્રિકા : ૧૯૯૩

રામકથા

: ૧ :

રૂડી રામકથા શુકદેવજી કહે છે
તે પરીક્ષિતરાયને
ત્રિલોવનનાથ સૂણતાં સહુનાં પ્રાશત
પ્રલે થાય છે.

રાજા દશરથજીએ તેડ્યા રાજઋષિ,
રામ રાજ બેઠાની રૂડી રીત પૂછી;
સરવે અયોધ્યામાં થાય ખુશી....રૂડી૦

વળી કૈકેયી આવીને પાય લાગી,
વરદાન માગું રામ વન જાયે;
મારા ભરતજીને અભિષેક થાયે....રૂડી૦

સૂણતાં દશરથજીના પ્રાણ ગયા,
રામચંદ્રજીને સમાચાર થયા;
પછી પોતે વન સિધાવીઆ....રૂડી૦

રામ પંચવટીમાં પરવરીઆ,
શિર જટા ને વનકુળ ધરીઆં;
સરવે દેવતાનાં કારજ સરીઆં....રૂડી૦

કોઈ કોઈ કહે રાક્ષસ મારીઆ,
લોમીના ભાર ઉતારીઆ;
પછી પોતે વન સિધાવીઆ....રૂડી૦

: ૨ :

ત્યારે નારદજી લંકામાં ગયા,
જઈ સીતાના સમાચાર કહ્યા;
રાવણ અહિયાં શું બેસી રહ્યા ?
પરપંચ કરી સીતાને હરવાને
રાવણ આવીઓ;
કાયા કનક કરી માયા કરીને
મૃગ તણું રૂપ લાવીઓ.

તારો શત્રુ તે વનમાં આવ્યો છે,
સાથે જાનકીજીને તેડી લાવ્યો છે;
તારે હરણ કર્યાનો લાગ ફાવ્યો છે....પર૦

મૃગરૂપ દેખીને સીતા મોહ પામ્યાં,
જઈ રામચંદ્રજીને પાય લાગ્યાં;
એવી કાંચલડી સોઈ સ્વામી....પર૦

ધનુષબાણ લઈ ને રામ વન જાયે,
ડંકી મારી છે મૃગના અંગમાંહે;
પાપી પ્રાણ લઈ નાસી જાયે....૫૨૦

મૃગ મારંતાં મૃગે ચીસ નાખી;
રામ જાણીને લક્ષ્મણ વારે ચડ્યા....૫૨૦

જોગી વેશે તે રાવણ આવીઓ,
અલેક અલેક કરીને મન ભાવીઓ;
સતી સીતા ભિક્ષા લાવીઆ....૫૨૦

છૂટી ભિક્ષા અમે નહિ લયીં;
અમે લેશું રામ તણી નારી....૫૨૦

પાપી હરણ કરીને જાય છે,
પાપી લંકાને મારગ જાય છે;
રામ વિના વારે કોણ ઘાય છે....૫૨૦

મૃગ મારીને રામલક્ષ્મણ આવ્યા,
આવીને મઢીએ ઊભા રહ્યા;
નવ દીઠાં સીતા ધરણી ઢળિયા....૫૨૦

રામ રુએ ને લક્ષ્મણ રીઝવે,
કાંઈ સીતા સરીખડી પરણાવશું;
કાંઈ સીતા નામ ધરાવશું....૫૨૦

વન વન અગર નવ નીપજે,
વન વન ચંદન નવ નીપજે;
કાંઈ ઘેર ઘેર સીતા નવ મળે....૫૨૦

રામ રુદન કરે ને વનમાં ભમે,
પશુપક્ષીને પૂછી ખબર લિયે;
મુખ ....સીતા સીતા ઉચ્ચરે....૫૨૦

પશુપક્ષી હાહાકાર કરે,
સર્વ દેવતાઓ સ્વર્ગમાં શોધ કરે;
અંજની આકાશે અવાજ કરે....૫૨૦

ભમતાં ભમતાં ત્રણ માસ થયા,
રામ સિતા વિના નિરાશ થયા;
કોઈ અંજની પર્વત પરવરીઆ....૫૨૦

કોઈ અંગદ સુગ્રીવ હનુમંતા,
વાડીમાં બેઠા જાંબુવંતા;
કોઈ દીસે છે આ ભગવંતા....૫૨૦

: ૩ :

રામચંદ્રજી કહે કોઈ સીતાને
શોધી લાવો;
મારે રાવણ સાથે છે દાવો;
હો લક્ષ્મણજી ગઢ લંકામાં
જરૂર મારે જાવું,
એમ કહે હનુમાન, રામપ્રતાપે
સીતાજીની શોધ લાવું.

રામચંદ્રજીએ બીડું ફેરવિયું,
હનુમાનજીએ હાથે ઝીલ્યું;
બહુ હરખ કરીને કામ સીધ કીધું.....હો૦

કો'તો રાવણને રણમાં રોળું,
કો'તો કુંભકર્ણ ચપટીએ ચોળું;
કો'તો હેમનગર જળમાં બોળું....હો૦

રામચંદ્રજીએ મુદ્રિકા આપી,
બહુ નજર કરી પીઠે થાપી;
રામે દૂર પંથ લીધો કાપી....હો૦

જોયા મો'લ ઓરડા ને મેડી,
જોયા ચોરા ચૌટા ને પેઢી;
જોયાં દેવળ દેરાં ને દેરી....હો૦
જોયાં છાજાં છાપરાં ને બારી,
જોયા કોટ કાંગરા ને જાળી;
એવી હનુમાને લંકા ન્યાળી....હો૦
આ વનચર વાડીમાં પેઠો,
આસોપાલવ ઝાડે જઈ બેઠો;
ત્યાં સીતાએ દૃષ્ટે દીઠો....હો૦
આ વનચર ક્યાંથી આવીઓ,
મુદ્રિકા વળી ક્યાંથી લાવીઓ;
કાંઈ રામે સંદેશો કહાવીઓ....હો૦
આ વનચરને ક્ષુધા લાગી;
જઈ જાનકીજીની આજ્ઞા માગી....હો૦
પાકાં પાકાં વનફળ ખાઈ ગયો;
કાચાં કાચાં વનફળ વેડી ગયો....હો૦
બૂમે બૂમે સૌને સંભળાવી,
આ ઝાડ બીડ નાખ્યાં કાપી....હો૦
કૌશલ્યમાતા સુત- રામ જોડી,
આ લક્ષ્મણની થઈ રડી;
આ રાવણની જોવાઈ થોડી....હો૦
રખવાળ હતા તે નાસી ગયા,
આ શૂરા હતા તે સન્મુખ થયા;
આ કાયર હતા તે નાસી ગયા....હો૦
બૂમે બૂમે સૌને સંભળાવ્યા,
આ ચારે દેશના વા વાયા;
ઊડ્યાં નળિયાં ને છાપરાં છાયાં....હો૦

આ લંકા ઉપર રામ રૂઠ્યા,
આ અગ્નિતણા વરસાદ વૂઠ્યા;
આ નવગ્રહ તાળાં છૂટી પડ્યાં....હો૦
બાળ્યા મો'લ ઓરડા ને મેડી,
બાળ્યા ચોરા ચૌટા ને પેઢી;
બાળ્યાં દેવળ દેરાં ને દેરી....હો૦
બાળ્યાં છાજાં છાપરાં ને જાળી,
બાળ્યા કોટ કાંગરા ને બારી;
એવી હનુમાને લંકા બાળી....હો૦
આ પાંચ પૂંછનું પૂંછ કર્યું;
આ જળમાં જઈને અંગ ઠાર્યું....હો૦

: ૪ :

હો રાણાજી! રામની સંગાથે રાડ
ન કીજીએ,
કહે મંદોદરી રઘુનાથજીના ચરણ
ધોઈ ધોઈ પીજીએ.

ત્યાં શિવ સનકાદિક આવે છે,
ત્યાં ઋષિઓ બધા જાય છે;
ત્યાં ચાર વેદ વંચાય છે....હો૦
આ રામ લક્ષ્મણ બે બાંધવા;
મારા ચાર જુગના રામ ધણી....હો૦
કોઈનું કહ્યું ન માને એ પાપી;
એને વઢવાની છે હામ ઘણી....હો૦
છે છેલ્લી વિનંતી નાર તણી;
લખી થોડી શિખામણ માન ઘણી....હો૦

મારે કોટ કાંગરાં ને બારી,
મારે દરવાજે ચોકી સારી;
ત્યાં આવી ન શકે કોઈ નરનારી. સૂણુ૦

:૬:

લંકા લેવાને રામ લક્ષ્મણ આવ્યા;
સાથે અઢાર પદ્મ વાંદર લાવ્યા.
જુદ્ધ જોર રચ્યો, સંગ્રામ મચ્યો,
રાવણની સંગાથે રઘુવીર નાથ રચ્યો.
જુદ્ધ જોયા જેવું લંકામાં,
ચાલ્યું રે રાવણ રામનું.
ઇંદ્રજિત ને લક્ષ્મણ સામે થયા,
ધન્ય ધન્ય કૌશલ્યાના જનમ્યા....જુદ્ધ૦
મેં તો નારદજીનાં કહ્યાં કર્યાં;
મારા ભવના ફેરા સફેળ થયા....જુદ્ધ૦
રણમાં તે રાવણ રોળિયો;
રાજ વિભીષણને આપ્યું....જુદ્ધ૦
સીતા વાળી અયોધ્યામાં આવ્યા;
તુલસીદાસે જયજય બોલાવ્યા....જુદ્ધ૦

સંપાદક : મોંઘીબેન

:૫:

હું જ્યાં જાઉં ત્યાં એ આવે,
એ અનેક રૂપ લઈ બુદ્ધિ ભાવે;
એ આજ આવ્યો છે મારે દાવે.
સૂણુ સોળ કળા આદિ ને અંતે રે
મારે એમ છે;
સૂણુ મનોહરી! નારાયણ નમવાનું
મારે નીમ છે.
મારે રસોડે અગ્નિ રસોઈ કરે,
મારે વા આવી વાસીદાં કરે;
મારે પવન આવીને પાણી ભરે....સૂણુ૦
મારે ચરણે તે ઋષિઓ આવે છે,
મારે શિવ સનકાદિક કામ કરે;
મારા મસ્તક ઉપર છત્તર ઢળે....સૂણુ૦
મારે અહિરાવણ આકાશ રહે,
મારે મહિરાવણ પાતાળ રહે;
મારી સંધ્યા માવડી બબર લિયે....સૂણુ૦
મારે ઇંદ્રજિત જેસા કુંવર છે;
મારે કુંભકર્ણ જેસા ભાઈ છે....સૂણુ૦
મારે સવા લક્ષ જમાઈ છે;
મારે સમુંદર જેસી બાઈ છે....સૂણુ૦

ગલૂડિયાં

જ્યારે હું નાનો હતો ત્યારે મને ગલૂડિયાં બહુ ગમતાં. મેં ત્રણ ગલૂડિયાં પાળ્યાં હતાં; એકનું નામ રાતડું, બીજાનું નામ કાળરું અને ત્રીજાનું નામ ભૂરડું. રાતડું બૂબ જાડું રાભડું હતું; કાળરું પાતળું પણ બળવાન હતું, અને ભૂરડું છેક આળસુ અને લેરી હતું.

રાતડું જ્યારે ચાલે ત્યારે લાગે કે

ફૂદફૂદ ગોળમટોળ દડો દડ્યો; કાબરું ચાલે ત્યારે લાગે કે નાનું એવું હરણનું બચ્ચું દોડ્યું, અને ભૂરડું તો ચાલવાનું જ કાયર ! એવું તો ધીમે ચાલે કે અમારી પાછળ ક્યાંનું ક્યાંઈ રહી જાય.

રાતડાને ગળે મેં રાતો પટ્ટો નખાવેલો; કાબરાને ગળે લીલો અને પીળો પટ્ટો બંધાવેલો, અને ભૂરડાને ગળે ભૂરો પટ્ટો બંધાવેલો. તે પટ્ટા ઉપર મેં તેમનાં નામો પણ લખાવ્યાં હતાં.

રાતડું મારું બહુ માનીતું હતું; તે પણ મારા ઉપર બહુ ખુશ રહેતું. જ્યારે તે બહુ લહેરમાં આવી જતું ત્યારે જ પૂંછડી હલાવતું, કેડ હલાવતું ને મારું મોં ચાટવાને ઊંચું થતું.

કાબરું મને ગમતું હતું, પણ એ એટલું બધું વહાલું લાગતું ન હતું. તે મારા પર બહુ પ્રેમ રાખતું નહોતું. તે મારી પાસેથી રોટલી લેવા આવતું ત્યારે પૂંછડી હલાવતું, પણ રોટલી આપ્યા પછી તો મને મોં પણ ન દેખાડતું.

અને ભૂરડું તો અમસ્તુંયે ગમે એવું ન હતું. એક તો તે ગંદું રહેતું; વળી ગંદકી બાતું, અને રાજી થઈ પૂંછડી હલાવવાને બદલે કંઈ પણ બહાનું મળે તો દોડીને કરડવા આવતું.

આ ત્રણે ગલૂડિયાંને હું ભેગાં રાખતો પણ તેઓની વચ્ચે વારંવાર લડાઈ થતી. રાતડું ભલું હતું એટલે ભૂરડાનાં બટકાં સાંખી લેતું; કાબરું કોઈના માર બાતું ન હતું, અને કોઈ ને મારવા પણ જતું ન હતું.

રાત પડે એટલે ત્રણે ગલૂડિયાં એકબીજાની પાસે પાસે જઈ ને ઉપરાઉપર સૂઈ જાય; પણ સૂતાંસૂતાંયે ભૂરડું જેને તેને કનડતું હતું. આમ તો તે આળસુ અને મૂરખ હતું, પણ તેથી જ તે બીજાને વધારે હેરાન કરતું. શિયાળાની સખ્ત ઠંડીમાં તેઓ મારા બાટલા પાસે આવતાં અને મારા ભેગાં સૂવા માટે બાટલા પર બે પગ રાખી ઉં ઉં ઉં કરતાં હતાં.

રાતડાને હું પડખામાં લેતો હતો; કાબરું મારી પાંગતે પડ્યું રહેતું હતું; પણ ભૂરડું તો જ્યાં સૂવાડીએ ત્યાં મને અને બીજાં ગલૂડિયાંને હેરાન કરતું. એકબે દિવસ તો મેં સહન કર્યું, પણ પછી તો મેં તેને પથારીમાં આવવા જ ન દીધું.

મારાં ત્રણે ગલૂડિયાં મને વહાલાં હતાં અને હું તેમને બહુ ચાહતો હતો. તેઓમાં થોડી થોડી બામી હતી છતાં હું તેમને ચાહતો હતો. તેઓ પણ હું તેમને કોઈ વાર થપાટ કે સોટી મારતો છતાં મારી પાસે આવતાં, અને થોડો ઘણો પણ ગેલ કર્યા વિના ન રહેતાં.

પછી તો હું મોટો થયો ને મારે બહારગામ ભણવા જવાનું થયું. મને બાપા અને બાને છોડીને જતાં આકરું લાગ્યું હતું, પણ તેથીય વધારે આકરું તો આ ગલૂડિયાંને છોડીને જતાં મને લાગ્યું. ત્રણ ગલૂડિયાં નદીને પેલે પાર સુધી કૂદકૂદ કરતાં મને વળાવવા આવ્યાં. પણ પછી તો મારો ટપ્પો વેગથી ઊપડ્યો અને એ બિચારાં થાકીને હાંફતાં હાંફતાં ઊભાં રહ્યાં, અને ટપ્પો દેખાતો બંધ થઈ ગયો ત્યાં સુધી જોઈ રહ્યાં. હું પણ તેઓ દેખાયાં ત્યાં સુધી તેમની સામે જ જોઈ રહ્યો.

પછી તો હું મોટો થયો. ગામેગામ ફર્યો; ઘણા ધંધા કર્યા, ને છેવટે આ ગામમાં આવ્યો. એટલામાં તો હું ૪૮ વર્ષનો થઈ ગયો ને ગલૂડિયાંની વાત ૪૦ વર્ષ જૂની થઈ ગઈ!

એ જૂની વાત આજે સાંભરતાં મેં લખી નાખી.

ગિજુભાઈ.

નેવું વર્ષ પહેલાં

નેવું વરસ પહેલાંની આ વાત છે. સાવ સાચી બનેલી છે.

એક દાદા હતા. એનું નામ કાળા દાદા. દાદા તો ઘરડા થયા ત્યારે કહેવાયા, પણ એયે એક દિવસ તો જુવાન હશેને? દાદા જુવાન હતા ત્યારની આ વાત છે.

દાદા એક વાર ગામતરે જતા હતા; સાથે એક ભાઈબંધ હતો. બહેલ બાંધિયા નાખી બંને જણા ચાલી નીકળ્યા.

ચોમાસાના દિવસો હતા. વરસાદ ખૂબ પડી ગયો હતો. ગોઠણ સુધી ગારો જામ્યો હતો. એવો ગારો ખૂંદતા દી આથમ્યે દાદા એક ગામડામાં પહોંચ્યા. એક રબારીને ત્યાં ધામા નાખ્યા. ગામમાંથી તાંબડી ભરી લોટ માગી આવ્યા ને રબારણ પાસે થોડાં છાણાં માગ્યાં. રબારણે ચાર પાંચ છાણાં તો આપ્યાં, પણ વરસાદમાં છાણાં પલળી ગયેલાં.

બંને મિત્રો બાબરા શેકવા બેઠા; ત્રણ પથરા લાવી મંગાળો કર્યો ને છાણાં મૂકી સળગાવ્યો. પણ કોના ભાર કે છાણાં સળગે! એવો ધુમાડો થયો, એવો ધુમાડો થયો કે બસ વાત ન કરો! બહુ જ ધૂંધવાયું.

એવા ધુમાડામાં બેત્રણ બાબરા શેકાયા ને છાણાં ખૂટ્યાં. બેત્રણ બાબરે કાંઈ જુવાનિયાઓનું પેટ ભરાય? હવે શું કરવું?

પાછો વરસાદ શરૂ થયો હતો. રાત પડી ગઈ હતી. રબારી ને રબારણ એક ઘર બ્રાહ્મણોને સોંપી બીજું ઘર બંધ

કરી નિરાંતે સૂઈ ગયાં હતાં. એને ઉઠાડીને કાંઈ બીજાં છાણાં મંગાય? આખા દિવસનો પંથ કાપેલો એટલે ભૂખ પણ કકડીને લાગેલી.

દાદા ઊઠ્યા. ચારે કોણ નજર ફેરવવા લાગ્યા: ક્યાંઈ છાણું? ક્યાંઈ લાકડું? છે કાંઈ બાળવા જેવું? ત્યાં તો દાદાની નજરે રબારીની માતાનો મઢ પડ્યા. મઢમાં લગભગ ત્રાશેક જેટલાં માતાનાં ફૂળેલાં (આકાર વિનાની ઘંટીની પાટલી જેવી લાકડાની માતાની મૂર્તિઓ) જોયાં. પછી કાંઈ દાદા કોઈને પૂછવા રહે? એણે તો બધી માતાઓને ઉપાડી. મનમાં વિચાર કર્યો: "ઘીમાં રહકેલી ને સિંદૂર ચોપડેલી આ માતાઓ ભારે સળગશે!"

ભાઈબંધ મૂંઝાઈ રહ્યો. "એલા આ શું કરે છે? માતાઓને બાળવા લાવ્યો? પણ પછી શું થશે એની કાંઈ ખબર છે? આપણું નિકંદન નીકળી જશે!" ભાઈબંધે કહ્યું.

"હવે રાખ, રાખ! લાકડાના કટકાને સિંદૂર ચોપડ્યો એટલે માતા બની ગઈ? એમ લાકડામાં ને પથરામાં માતા ને ભગવાન આવી જતા હોય તો જોઈએ જ શું? એવી વાત હું માનતો નથી. અરે, કાંઈ થાય તો મને કહેજોને! તું તારે આઘો બસી જા, તારા મનમાં વહેમ આવતો હોય તો."

માતાઓ બળવા માંડી, ને બાબરા શેકાવા મંડ્યા ને બંને જણા બાવા મંડ્યા; તાંબડી ભરીને લોટ બલાસ કર્યો. બાઈને પેટે હાથ ફેરવ્યો.

"પણ હવે? આ રબારી સવારે ઊઠશે એને શો જવાબ દેશું? બિચારાએ ઘરમાં ઊતરવા દીધા ત્યારે આપણે તો એનો મઢ બાલી કર્યો!"

પણ દાદા ભારે નટખટ હતા. એના ફૂળદ્રુપ ભેજામાં એક યુક્તિ સૂઝી. એક માતાનું ફૂળું વધ્યું હતું એને પાસેની થોરની વાડમાં નાખી આવ્યા ને સવારે રબારીને જગાડીને કહ્યું: "લ્યો ભાઈ! આ તમારું ઘર સંભાળી લેજો; અમે હવે જશું. પણ એક વાત કરવાની છે."

"શી?"

"આ ઘરમાં દેવનું થાનકબાનક છે?"

"હંઅં....! કેમ, શું થયું?"

"એ તો અમે બાબરા કરવા માંડ્યા ત્યારે એવો ધુમાડો થયો, એવો ધુમાડો થયો કે બસ કર્યાની વાત નહિ! અમે તો મૂંઝાઈ ગયા. માતાયે મૂંઝાઈ હશે કે કોણ જાણે. એ તો દડવડ દડવડ માંડી હાલવા! અમને શી બબર કે માતા છે? અમે તો જોઈ જ રહ્યા ને એ તો માંડી દડવડ દડવડ હાલવા! આશરે ત્રીશેક જેટલી હશે. બીજી માતાઓ ક્યાં ગઈ એની તો બબર નથી, પણ એકને તો મેં સામે થોરની વાડમાં જતી જોઈ છે."

રબારી થોરની વાડ પાસે ગયો, ને અંદરથી એક ફૂળેલું પડ્યું હતું તે ઉપાડી લાવ્યો.

"એલા ભામણિયા ! તેં તો અમારી માતાને કાઢી !" રબારીએ રોષ ભરેલા અવાજે કહ્યું.

"શું કરીએ, બાપુ ! અમને કાંઈ ખબર હતી કે તમારી માતા ધુમાડાથી મૂંઝાશે અને મઢ છોડી ચાલતી થશે ? નીકર અમે રાતની રાત ભૂખ્યા પડ્યા રહેત." દાદાએ ઠાવકા થઈ ને જવાબ આપ્યો.

"પણ માતા અમારી ઉપર કોપાયમાન થયાં એનું શું કરવું ? અરરર, અમારા મઢમાંથી માતા જાય ત્યારે તો થઈ જ રહ્યું ને ! અમારા ઉપર અમીની છાંટ કોણ નાખે ? અરેરે, હવે અમારું શું થશે ?" રબારીએ મહાન આફત આવી પડી હોય એમ કહ્યું.

"બીજું તો શું થાય ? ફરી વાર થાપન કરો. હ્યો ત્યારે, રામ રામ ! અમે હવે રજા લેશું." એમ કહી દાદા ત્યાંથી ચાલી નીકળ્યા.

"મારા સા....ભામણિયાએ ધુમાડો કરીને અમારી માતાને મૂંઝવી મારી !" રબારીએ પાછળથી બળાપો કર્યો.

પછી તો ફરી માતાનાં ફૂળેલાં ઘડાવાયાં; ફરી ઘી ને સિંદૂર ચોપડાયા; ફરી માતાનાં થાપનં થયાં ને ફરી માતા મઢમાં બેઠાં.

રબારીએ માન્યું: "હા....શ ! હવે માતા મઢમાં આવ્યાં."

દાદાનું તો રૂંવાડું યે નહોતું ફરક્યું. આજે પણ દાદાના દીકરા, એના દીકરા, ને એના દીકરા મજા કરે છે. એ બધા પણ લગભગ દાદા જેવા જ ! સોંઘીબેન

રસોડું

તમને ખબર છે કે રસોડું પણ એક મોટી પ્રયોગશાળા છે ? રસોડામાં પણ અનેક જાતના પ્રયોગો કરવામાં આવે છે; અનેક જાતનાં મિશ્રણો કર્યા પછી જ આપણું ખાણું તૈયાર થાય છે. ચૂલાની અંદર લાકડાંના બળવાથી તડતડ અવાજ થાય છે, અને પરિણામે સરસ મજાનો ભડકો થાય છે, અને એ ભડકો ચૂલા ઉપર મૂકેલી વસ્તુઓને અનેક જાતના નાચ નચાવે છે. એ ભડકાને પરિણામે તપેલી ઉપરનું ઢાંકણું ઊંચું થઈ ને નીચું પડે છે. જો ચૂલા ઉપર તેલ કકડાવવા તપેલી મૂકી હોય અને તેની અંદર ભૂલેચૂકે એકાદ પાણીનો છાંટો પડી ગયો, તો જોઈ લ્યો મજા ! છમછમ કરતા ચારે બાજુએ છાંટા ઊડ્યા જ સમજોને. ચૂલા

ઉપર દૂધ મૂક્યું હોય અને પાંચ પંદર મિનિટ બહાર ગયા તો પછી આવીને શું જોશો ? દૂધ ઉભરાઈને નીચે ચાલ્યું જતું હશે. બરી વાતને ? આવું બધું તો રસોડામાં ઘણુંયે બને. હવે એને તે રસોડું કહેવું કે રસાયણિક પ્રયોગશાળા કહેવી ? હું તો એને રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા કહું.

જેવી રીતે કોઈ પણ રસાયણશાસ્ત્રીની પ્રયોગશાળામાં એકમાંથી સાવ જુદી જાતની બીજી વસ્તુ બને છે, તેવી રીતે રસોડામાં પણ એકમાંથી સાવ જુદી જ જાતની બીજી વસ્તુ બને છે. તપેલીઓમાં કોઈ અદ્‌ભુત વસ્તુઓ બની રહી હોય છે. એકાદ તપેલીમાં આપણે દાળ ઓરી હોય છે; બે ત્રણ કલાક પછી જોઈએ તો એની અંદર દાળનું તો નામનિશાન નહિ હોય ! દાળ ઓરતી વખતે તો સાવ ચોખ્ખું નિર્મળ પાણી મૂક્યું હતું તેને બદલે ઘટ્ટ, ધોળાશ પડતો પદાર્થ નજરે ચડે છે. એક પેણીની અંદર બટેટાં બાફવા માટે મૂક્યાં છે; થોડા વખત પહેલાં તો બટેટાં કેટલાં બધાં કઠણ હતાં ? તે જ બટેટાં નરમ અને પોચાં થઈ ગયેલાં માલૂમ પડે છે. આવું તો કેટલુંયે રસોડામાં ચાલી રહ્યું હોય છે.

અને આ બધી અદ્‌ભુત વસ્તુઓ કરે છે કોણ ? એ કરવા માટે કોઈ મોટો રસાયણશાસ્ત્રી આવ્યો હતો ? ના રે ભાઈ ! ના; રસોડામાં તો કોઈ રસાયણશાસ્ત્રી આવતો નથી. રસોડામાં તો આપણી બા કામ કરતી હોય છે. પણ તમને બબર છે કે એ એક મોટા રસાયણશાસ્ત્રીના જેવું કામ કરી રહી હોય છે ? કે એને બિચારીને પોતે શું કરી રહી હોય છે તેની બબર હોતી નથી ? એ બિચારી તો પરંપરાથી જે ચાલ્યું આવ્યું હોય છે તે કર્યે જાય છે. એ બધું શા માટે થાય છે, એનાં શાં શાં કારણો હોય છે, તેની એને બિચારીને બબર નથી. દાખલા તરીકે આપણે બટેટાં બાફીએ છીએ ત્યારે શું થાય છે એની એને બબર છે ?

પણ પહેલાં તો આપણે બટેટાં શું છે, એ જ જોઈએ.

પણ તમે જવાબ આપશો: "તમે આ શી વાત કરો છો ? બટેટાં શું છે તેની તો બધાને બબર છે ! બટેટાં એ વળી એક જાતનું શાક છે. બટેટાં એ મોટે ભાગે નાનાં બાળકોને વધારેમાં વધારે ભાવતું શાક છે, એની તો કોને બબર ન હોય ? તમે આ તે વગી શું પૂછી રહ્યા છો ?"

પણ હું કહું છું કે મારા મહેરબાન ! તમારી વાત સાચી નથી. બધા જ માણ-

સોને ખબર નથી કે બટેટો એ શું છે. દાખલા તરીકે તમને જ હું પૂછું છું; કહો જોઈએ, બટેટો શાનો બનેલો છે ? છે ખબર ? ચાલો, જલદી જવાબ આપો. કેમ મૂંગા થઈ ગયા ? ઠીક, ત્યારે તમને પણ ખબર નથી, એમ જ ને ? લો ત્યારે હું કહું તે પ્રયોગ કરો એટલે બટેટો શાનો બનેલો છે તેની તમને ખબર પડી જશે.

એક બટાટો લ્યો. એને બરાબર વાટી નાખો. પછી એ વાટેલા બટેટાને પાણી સાથે બરાબર મેળવી દો. એ પાણીને એક કપડા વડે એક શીશીમાં ગળી લ્યો. પછી એ ગાળેલા પાણીને ઠરવા દો. હવે શીશીમાં શું દેખાય છે ? શીશીને તળિયે એક જાતનો ધોળો પદાર્થ દેખાય છે. ધીરે રહીને ઉપરનું પાણી કાઢી નાખો. નીચે રહેલો ધોળો પદાર્થ એક બ્લોટિંગ પેપર ઉપર લઈ લ્યો. બ્લોટિંગ પેપર બધું પાણી ચૂસી લે એટલે એના ઉપર રહેલો ધોળો પદાર્થ સૂકવી દો. આપણી પાસે લોટ જેવી ધોળી ભૂકી રહે છે.

એ શું છે ?

એ સ્ટાર્ચ છે. રસોઈ કરનાર લોકો એને બટેટાનો લોટ કહે છે. બટેટામાં સ્ટાર્ચ ઘણા મોટા પ્રમાણમાં હોય છે.

શંકર શાહ

વાંકું લોઢું ને જીવાદોરી

એક હતો કડિયો. તેને એક દીકરો. દીકરો પરણાવવા જેવડો થયો એટલે બાપને ફિકર થઈ કે આને કોઈક ડાહી વહુ પરણાવવી જોઈએ. એણે દીકરાને શીખવાડ્યું કે તું વહુ પાસે અરધી રાતે દૂધ માગજે.

દીકરો કહે: "ઠીક."

એનાં લગન લીધાં અને વાજતે-ગાજતે વિવાહ પૂરા કર્યા. વહુવર પરણીને ઘેર આવ્યાં, અને એક જુદું ઘર રહેવા આપ્યું. અરધી રાત થઈ એટલે દીકરે વહુ પાસે દૂધપાક માગ્યો. "અરરર! મને તો બહુ જ ભૂખ લાગી છે; નથી રહેવાતું ! દૂધપાક કરી દે."

વહુ કહે: "લ્યો ! અત્યારે દૂધપાક ક્યાંથી કાઢું ? ચૂલો નથી, બળતણ નથી, દૂધ નથી, ઠામ નથી. હું કેમ કરીને કરી દઉં ? છાનામાના સૂઈ જાવ; સવારે કરી દઈશ."

સવાર પડ્યું. દીકરાએ કહ્યું: "બાપા! આણે કાંઈ દૂધપાક ન કરી દીધો."

બાપ કહે: "તો આપણે એ વહુનું કામ નથી."

વહુને વિદાય કરી બીજી પરણાવી.

બીજી પાસેય દૂધપાક માગ્યો; એણે તો રોકડું પરખાવી દીધું કે દૂધપાકબૂધપાક નહિ મળે! એનેય પિયર વળાવી.

ત્રીજી પરણાવી. રાત્રે દીકરાએ કહ્યું: "દૂધપાક કરી દે."

વહુ: "અત્યારે કેમ કરીને થાય? સવારે કરી દઈશ." એનેય પરખાવ્યું કે વહુ તમારે પિયર પધારો.

ચોથી પરણાવી. અરધી રાત થઈ એટલે દૂધપાક માગ્યો. વહુ કહે: "ઠીક હ્યો કરી દઉં." એમ કરીને એ તો મેડીએથી હેઠી ઊતરી; ગમાણમાં ભેંશો બાંધેલી તેને દોઈ; ત્રણ ઈંટો માંડી ચૂલો કર્યો. પણ બળતણ ક્યાંથી કાઢવું? પોતે સો રૂપિયાનું અંબર પહેર્યું હતું એ કાઢીને જૂનો સાડલો પહેર્યો, ને અંબર બાળી દૂધપાક કરી દીધો.

સવારે દીકરાએ બાપને કહ્યું કે આજ દૂધપાક બાવા મળ્યો.

કડિયો કહે: "હાશ! હવે મારી ચિંતા ટળી." વહુને બોલાવીને કહ્યું: "વહુ દીકરા! આ ઘર તમારું, આ બાર તમારું; તમારી મરજી પડે તેમ કરો."

કડિયે વિચાર કર્યો કે મારે જેવી બાહી વહુ જોઈતી હતી તેવી મળી છે, એટલે હવે પરદેશ જવામાં વાંધો નથી.

કડિયો હતો મોટો કારીગર, એટલે દેશપરદેશથી એને તેડાવે. એક અઠવાડિયામાં રાજાનું તેડું આવ્યું, અને બાપદીકરો ચાલ્યા.

રાજાના દેશમાં એક શંકરનું દેવળ ચણવાનું હતું. બાપદીકરો લેગા મળી કામ કરવા માંડ્યા. એક વરસમાં દેવળ પૂરું થયું. એવું તો સરસ ચણ્યું કે રાજાને મોટું ઇનામ આપ્યા વિના છૂટકો થાય જ નહિ. રાજાની દાનત બગડી. એના મનમાં થયું કે આ કડિયાને મારી નાખીએ તો ઇનામ આપવું ન પડે. કડિયો ચકોર હતો; એને બબર પડી ગઈ. બચવાના ઉપાય શોધવા માંડ્યા. રાજાને કહ્યું: "રાજાજી! હવે એક ઈંડું ચડાવવું બાકી છે, પણ એને માટે હથિયાર જોઈએ તે ભૂલી ગયા છીએ. માટે રજા આપો તો લઈ આવીએ."

રાજા કહે: "ના ના; આપણા સિપાઈને મોકલશું."

કડિયો કહે: "એ એમ આવે એવાં નથી. કાં તો અમે જઈએ ને કાં તો તમારા બે કુંવરને મોકલો તો આવે."

રાજા ને પ્રધાનના દીકરાને જવાનું ઠર્યું. કડિયાએ ચિઠ્ઠી લખી દીધી: "વાંકું લોઢું ને જીવાદોરી મોકલજો."

રાજાનો ને પ્રધાનનો દીકરો ઊપડ્યા; કડિયાના ગામમાં પહોંચ્યા. ચિઠ્ઠી આપી. વહુ એનો મર્મ સમજી ગઈ કે વાંકું લોઢું એટલે કંઈક ત્યાં વાંકુ થયું છે, કંઈક સપડાયા છે; અને જીવાદોરી એટલે

મોતનો વખત આવ્યો છે.

એણે તો એક મોટી હવેલી રાજા ને પ્રધાનના દીકરા માટે ખાલી કરી દીધી. એમાં ઉતારા આપ્યા. એને કોઈ જાતનું દુઃખ ન પડે એવીગોઠવણ કરી. હવેલીને ફરતા પચીશ ચારબો મૂક્યા અને કહ્યું: "આ બંને જણની બરાબર બબર રાખજો. જોજો, છટકે નહિ."

ચારબો બબડદાર ચોકી કરવા માંડ્યા. પછી બે કુંવરોને વહુએ કહ્યું: "હવે તમે મારા ઘરમાં રહો. જ્યારે મારો સસરો ને ધણી પાછા આવશે ત્યારે તમે જઈ શકશો. એને કાગળ લખી ઝટ તેડાવો."

બંનેએ રાજા ઉપર ચિઠ્ઠી મોકલી કે કડિયાને ને એના દીકરાને મોકલશો તો જ અમને અહીંથી છોડશે.

રાજા વાત સમજી ગયો. તેણે કડિયાઓને કહ્યું: "હવે તમે ઈંડું ચડાવો; તમને તરત જવા દેશું."

કડિયાએ ઈંડું ચડાવ્યું. રાજાને ઇનામ આપવું પડ્યું. બાપદીકરો ઘેર આવ્યા; ને રાજાના ને પ્રધાનના દીકરાને છોડી મૂક્યા.

બાધું, પીધું ને મોજ કરી.

સ્વ૦ કમળાબેન

બાલસાહિત્ય વાટિકાનાં નવાં પુસ્તકો		૧૮ ઋતુના રંગ	(ગિજુભાઈ) ૦–૫–૦
૧૭ તારા અને ગ્રહો	(મગનભાઈ) ૦–૫–૦	૧૯ ગિરીશભાઈની વાર્તાઓ	૦–૫–૦

બાળ જોડકણાં

લાઠીની શૂળી વખણાય,
લોકો ખાંતે જોવા જાય;
જોવા જાતાં ભાળ્યું ભૂત,
કાકા બોલ્યા બે તો તૂત.
લાઠી મારું ફડાફડ,
ભાગે ભૂત ભડાભડ;
ભાગતાં ભાગતાં બોલે આમ,
મથુકભાઈનું લાઠી ગામ.

લાખણકાના લુચ્ચા લોક,
માર્યા પહેલાં મૂકે પોક;
પોકે લોકો ભેળા થાય,
વખત વગરનાં ગીતો ગાય.
ગીતો કેવળ ફટાણા,
પાઈના લીધા વટાણા;
વટાણા વેરાઈ ગયા,
મૂંગા મામા બોલતા થયા.

ગામમાં ન મળે રહેવા ઘર, વાણિયા વાણિયા ખાતું ખોલ,
ટૂંકી વહુનો લાંબો વર; ખેતરમાં થ્યો ભારે મોલ;
વરને સીમમાં ખેતર નહિ, છ વીશું ને ઉપર બાર,
સાઠે નાસી અક્કલ ગઈ. રૂપિયા માંડી દે ઉધાર.
અક્કલ હોત તો રાજા થાત, નાસુંઠાસું કરશું પછી,
ઘોડે બેસી ફરવા જાત; હમણાં અમને ફુરસદ નથી;
ફરતાં લાગ્યો થાકોડો, ફુરસદમાં તો ફડાકા,
ભઈલો પહેરે પગતોડો. વીજળી હારે કડાકા.

❁ ❁

માધવજીનું મોટું નામ, સ્વર્ગે લાંબી નીસરણી,
ઘરમાં થાતો ઝાઝો ધામ; કોઈએ માળે નવરે ચણી;
ધામે ઘરમાં ગૂમડાં થયાં, ચણતાં લાગ્યા ચાર જ વાર,
બેનનાં સાસુ સ્વર્ગે ગયાં; મર્થકભાઈનો આવ્યો તાર.

ગિરીશભાઈ

રામાયણનાં પાત્રોમાંથી
કૈકેયી-મંદોદરી (નાનાભાઈ) ૦-૪-૦

ખજાનાની શોધમાં (સાહસકથા) ૦-૧૨-૦
મૂળશંકર મો. ભટ્ટ પોસ્ટેજ ૦-૨-૯

રઘુનાથ

વર્ષો પહેલાંની આ વાત છે. લગભગ સાડાચારસો વરસ થયાં હશે. શ્રીહટ્ટ જિલ્લામાં એક ગામ હતું; એનું નામ પંચખંડ. તેમાં એક બ્રાહ્મણ અને બ્રાહ્મણી રહેતાં હતાં. બંને ખૂબ જ ધર્મ-પરાયણ હતાં. ઈશ્વરભક્તિમાં તેમનું મન હતું. બધા માણસો તેમના ઉપર ખૂબ ભાવ રાખતા, અને માનથી જોતા. પણ તેમને એકેય બાળક ન હતું. બાળક વિના તેમનો સંસાર સૂનો હતો.

બ્રાહ્મણે ઘણા યજ્ઞયાગ કર્યા; બ્રાહ્મણીએ પૂજાઓ અને માનતાઓ કર-

વામાં મણા ન રાખી; પણ બધું વ્યર્થ.

આખરે એક દિવસ પ્રભુની દયા થઈ. એક શુભ દિવસે તેમના ગરીબના ઝૂંપડાને અજવાળતો દેવદૂત સમો બાળક સ્વર્ગમાંથી ઊતરી આવ્યો. બ્રાહ્મણીને પુત્ર થયો. બ્રાહ્મણે દાન કર્યાં; બ્રાહ્મણીએ મંદિરે મંદિરે પૂજા મોકલી.

પણ તે સુખ ભોગવવાનું જાણે તેમના નસીબમાં નહોતું. ચંદ્રના કલંકની જેમ દેવદૂત જેવો બાળક એક આંખે કાણો હતો. માતપિતાના દુઃખનો પાર ન રહ્યો.

એક વાર એક જોષી આવ્યો. બાળકને જોઈ તેણે કહ્યું: "મા! તારો આ બાળક કાણો નથી પણ પદ્મલોચન છે, એમ માન. હું બાતરીપૂર્વક કહું છું કે આ બાળક વંશનું અને દેશનું મુખ ઉજ્જવળ કરશે."

જોષીની વાત સાંભળી બ્રાહ્મણીને ખૂબ આનંદ થયો. પુત્ર કાણો હોવાનું દુઃખ ભૂલી ગઈ. બાળકનું નામ પાડ્યું રઘુનાથ.

માતપિતાનો ખોળો ખૂંદતો ને લાડ પામતો બાળક મોટો થવા લાગ્યો. ત્યાં તો એક દિવસ રઘુનાથને પિતાની ખોટ પડી. માતા અને બાળકને આ સંસારમાં નિરાધાર મૂકી પિતા સ્વર્ગે સિધાવ્યા. માતા ઉપર જાણે આભ તૂટી પડ્યું.

સુખેદુઃખે માતા બાળકને મોટો કરવા લાગી. રઘુનાથ પાંચ વર્ષનો થયો. માતાએ તેને શાળાએ મોકલ્યો. પાટી ને પોથી લઈ રઘુનાથ શાળાએ ગયો. ગુરુજીએ પ્રેમથી બોલાવ્યો અને પહેલો પાઠ આપ્યો: "બેટા રઘુનાથ! બોલ, ક–ખ–ગ–ઘ–ઙ."

ગુરુના કહેવા પ્રમાણે રઘુનાથ એક વાર બોલ્યો ને પૂછ્યું: "ગુરુ મહાશય! ક થી ન બોલું ને ઙ થી બોલું તો?"

ગુરુ મહાશયે કહ્યું: "એ શું વળી?"

રઘુનાથે તેનું નાનકડું માથું હલાવતાં કહ્યું: "કેમ? હું જો ઙ ઘ ગ ખ ક એમ બોલું તો?"

ગુરુજીએ આંખો લાલ કરતાં કહ્યું: "જા, જેમ કહું છું તેમ જ બોલ."

રઘુનાથે ભયથી આંખો પટપટાવતાં કહ્યું: "પણ કહો તો ખરા, એમાં વાંધો શો છે?"

"અરે ગાંડા છોકરા! શું આવી રીતે તું ભણવાનો છે? બાપદાદાના વખતથી બધા આ રીતે ભણતા આવ્યા છે. આવું તો કોઈએ પૂછ્યું નહોતું!"

"પણ ઉલટાવીને બોલીએ તો દોષ તો નથી ને?"

બિચારા ગુરુ મહાશય શો જવાબ આપે? પાંચ વર્ષના બાળક પાસે તેની હાર થઈ. તેના રોષની માત્રા વધી ગઈ. ખૂબ પાડીને કહ્યું: "બાપુ! તારાથી અહીં

ભણાશે નહિ. કાણા બળદનો જુદો માર્ગ.”

રઘુનાથને એક આંખ ન હતી. ઉપરની કહેવતથી એને બહુ માઠું લાગ્યું. તે રડતો રડતો ઘેર ગયો; માને બધી વાત કહી. માને પણ ખોટું લાગ્યું.

પાલવના છેડાથી આંસુ લૂછતાં તેણે કહ્યું: “ના બેટા! એ નિશાળે જવાની જરૂર નથી.” માતાના મનમાં જોષીનું વાક્ય યાદ આવ્યું: ‘આ બાળક દેશનું મુખ ઉજ્જવળ કરશે.’ શું એ ખોટું થશે?

રઘુનાથને શાળા તો છોડાવી પણ માતાને તેના શિક્ષણની ચિંતા થવા લાગી. બાળકને કેવી રીતે શિક્ષણ આપવું?

બંગાળામાં નવદ્વીપ એ વિદ્યા મેળવવા માટે પ્રખ્યાત હતું. માતાએ પુત્રને લઈને નવદ્વીપ જવાનો વિચાર કર્યો. પુત્ર સિવાય એને કોઈ પોતાનું ન હતું. પાસે કાંઈ સંપત્તિ નહોતી; અહીં પણ જાતમહેનતથી રોટલો મેળવવાનો હતો, તો પછી નવદ્વીપમાં રોટલો નહિ મળી રહે?

બાળકના શિક્ષણનો એ સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. આખરે માતા અને પુત્ર નવદ્વીપ પહોંચ્યાં. કોઈ સારા એવા કુટુંબમાં માતાએ રસોઈનું કામ કરવા માંડ્યું, અને એ રીતે બંનેનું ગુજરાન તો થવા લાગ્યું. પણ બાળકને શાળામાં મોકલવાની કાંઈ ગોઠવણ હજી સુધી થઈ નહોતી, એ વાત માતાના મનમાં ખટક્યા કરતી હતી.

એવામાં એક એવી બિના બની કે રઘુનાથને ભણવાનું સહેજે મળી ગયું.

એક દિવસ માતા રસોઈની તૈયારી કરવા જાય છે ત્યાં ચૂલામાં અગ્નિ ન મળે! તેણે કહ્યું: “બેટા રઘુનાથ! જા તો, ક્યાંકથી અગ્નિ લઈ આવ જોઈએ?”

રઘુનાથ અગ્નિની શોધ કરતો કરતો નવદ્વીપના પંડિત શિરોમણિ વાસુદેવ સાર્વભૌમને ત્યાં આવી પહોંચ્યો. સાર્વભૌમ વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા હતા. રઘુનાથે એક વિદ્યાર્થી પાસે અગ્નિ માગ્યો. વિદ્યાર્થી પોતાના કામમાં મશગૂલ હતો; એણે રઘુનાથને કાંઈ દાદ ન આપી, પણ રઘુનાથે એનો પીછો ન છોડ્યો. વિદ્યાર્થી ગુસ્સે થયો ને જઈને એક કડછી ભરીને અગ્નિ લઈ આવ્યો ને કહ્યું: “લે.”

આસપાસના બધા રઘુનાથના મુખ સામે જોઈ રહ્યા. રઘુનાથ અગ્નિ લેવા તો નીકળ્યો હતો, પણ અગ્નિ લેવા માટે પાસે કાંઈ સાધન ન હતું! પહેલાં તો રઘુનાથ જરા ગભરાયો પણ તરત જ તેના કૂણ-દ્રુપ ભેજામાંથી એક ઉપાય સૂઝી આવ્યો! પાસે જ રેતીનો ઢગલો પડ્યો હતો; રઘુનાથે રેતીનો ખોબો ભર્યો ને કહ્યું: “આની ઉપર મૂક.”

આ જોઈ બધા આશ્ચર્યમૂઢ બની

ગયા. વાસુદેવ સાર્વભૌમ આ બધું કયારના જોઈ રહ્યા હતા. બાળકની બુદ્ધિ જોઈ તેણે તેનો પરિચય મેળવ્યો ને રઘુનાથની માતાને બોલાવીને કહ્યું: "મા ! તમારો પુત્ર સામાન્ય માણસ નથી. બરાબર શિક્ષણ મળે તો એ વિદ્વાન અને પ્રખ્યાત બનશે. આજથી એના શિક્ષણનો ભાર હું લઉં છું."

પંડિત શિરોમણિ વાસુદેવ સાર્વભૌમની વાત સાંભળી માતાની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં. પુત્રના શિક્ષણની ચિંતામાંથી તે મુક્ત થઈ. જોષીની વાત તેને સફળ થતી લાગી.

શુભ દિવસ જોઈ સાર્વભૌમ મહાશયે રઘુનાથને ભણાવવાનું શરૂ કર્યું. રઘુનાથને ભણાવવાનું કામ મહા મુશ્કેલ હતું. શરૂઆતમાં જ તે પૂછવા લાગ્યો: "જ, ઝ, બે કેમ છે ? શ, ષ, સ, ત્રણ ક્યાંથી આવ્યા ?" વગેરે. આવા પ્રશ્નોથી ગુરુજીને કક્કાબારાક્ષરીની શરૂઆતમાં જ રઘુનાથને થોડું થોડું વ્યાકરણ પણ સમજાવવું પડતું.

રઘુનાથ જેવો બુદ્ધિશાળી શિષ્ય હતો તેવા વિદ્વાન અને પંડિત તેને ગુરુ મળ્યા હતા. એટલે થોડા જ દિવસોમાં રઘુનાથે કાવ્ય, વ્યાકરણ, સ્મૃતિ, દર્શન, વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો. આટલું જ્ઞાન મેળવવા છતાં તેની જ્ઞાનપિપાસા તૃપ્ત ન થઈ. હજીયે તેને નવું શીખવાની હોંશ હતી.

એ વખતમાં ન્યાયશાસ્ત્રનું ખૂબ જ માન હતું. જેને પ્રખ્યાતિ મેળવવી હોય તેને ન્યાયશાસ્ત્ર શીખવું જ પડતું. રઘુનાથે ગુરુજી પાસે ન્યાયશાસ્ત્ર શીખવું શરૂ કર્યું.

ત્યાર પછી થોડા જ વખતમાં પ્રેમાવતાર ચૈતન્યદેવ ગુરુ સાર્વભૌમની પાસે ન્યાયશાસ્ત્ર શીખવા આવ્યા.

ન્યાયશાસ્ત્ર એ ઘણું ગૂંચવણભરેલું શાસ્ત્ર છે. પણ આગ્રહ અને પરિશ્રમથી રઘુનાથને એ સહજ થઈ ગયું. કોઈ કઠિન પ્રશ્નની મીમાંસા કરતાં તે એટલો તન્મય બની જતો કે તેને ભૂખ, તરસ કે ઊંઘનું ભાન ન રહેતું.

એક દિવસ ગુરુજીએ એક ગૂંચવણભર્યો પ્રશ્ન પૂછ્યો. રઘુનાથના મગજમાં રાત ને દિવસ એ જ પ્રશ્ન ઘોળાવા લાગ્યો, પણ તેનો ઉકેલ થયો નહિ. છેવટે નિર્જન વનમાં એક મોટા વડલા નીચે બેસીને તે પ્રશ્નનો તે વિચાર કરવા લાગ્યો. તેની આંખો મીંચેલી હતી; આસપાસ શું બને છે તેનું તેને ભાન ન હતું. વડલા ઉપરનાં પક્ષીઓએ તેનું આખું શરીર ચરકથી ભરી દીધું, પણ તે તરફ તેનું ધ્યાન ન ગયું. રસ્તા ઉપરથી ઘણા માણસો જતા હતા. કોઈ એ તેની

સામેય ન જોયું; અને જોયું તે લોકો "કોઈ ગાંડો લાગે છે!" એમ કહી ચાલતા થયા. જતાં જતાં બોલતા હતા: "ગાંડો ન હોય તો પક્ષીઓની ચરકથી ગંદુંથયેલું શરીર રાખી ત્યાં બેસી રહે?"

સાંજ પડી; અસ્ત થતા સૂર્યનું છેલ્લું કિરણ આવીને રઘુનાથના મુખ પર અથડાયું. પક્ષીઓ પોતપોતાના માળે પાછાં ફર્યાં, પણ રઘુનાથનો ઊઠવાનું કાંઈ ચિહ્ન દેખાયું નહિ.

મંદિરે મંદિરે ઝાલર વાગી; ગાઢા અંધકારથી પૃથ્વી છવાઈ રહી, તોપણ રઘુનાથ તે જ સ્થિતિમાં બેઠો છે. ધીમે ધીમે રાત વધતી ચાલી. કોઈ મનુષ્ય-પ્રાણીએ તેની શોધ કરી નહિ. કોણ કરે? ઘેર માત્ર ઘરડી મા સિવાય બીજું કોણ હતું? મા બિચારી ઘેર બેઠી બેઠી કેટલીયે ચિંતા કરતી હતી; મનમાં ને મનમાં દેવોને કેટલીયે માનતા માનતી હતી. પણ આવી અંધારી રાતે તેનાથી પુત્રને શોધવો બહાર નહોતું નીકળાતું.

આવી રીતે રાત પણ વીતી. સવાર પડ્યું. સૂર્યનાં કિરણો વડે દશે દિશા પ્રકાશવા લાગી; પક્ષીના મીઠા કલરવથી વન ગાજી રહ્યું. તોયે રઘુનાથ તો તે જ રીતે બેઠો હતો.

સવારે ચૈતન્યદેવ તે રસ્તેથી ગંગા ઉપર સ્નાન કરવા જતા હતા. તેમણે દૂરથી રઘુનાથને જોયો. તેના બેસવાના ઢંગ અને શરીરની સ્થિતિ જોઈ ચૈતન્યદેવ હસી હસીને ગોટપોટ થઈ ગયા! પણ તેઓ તરત જ સમજી ગયા કે ન્યાયશાસ્ત્રના કોઈ જટિલ પ્રશ્ને જ રઘુનાથની આવી દશા કરી છે. તેમને બહુ નવાઈ લાગી નહિ; કારણકે આ રીતે વિચારમાં રઘુનાથને બેઠેલો તે ઘણી વાર જોતા, પણ આટલી હદ સુધી નહિ.

ચૈતન્યદેવ પાસે ગયા. લોટામાંથી થોડું પાણી લઈ રઘુનાથના શરીર ઉપર છાંટતાં કહ્યું: "રઘુનાથ! પક્ષીઓની ચરકથી આખું શરીર ભરાઈ ગયું છે, તોયે ભાન નથી? એટલું બધું તે શું વિચારે છે? ધૂળ કે રાખ?"

સવારના પહોરમાં અચાનક શરીર ઉપર ઠંડું પાણી પડવાથી રઘુનાથની વિચાર-માળા તૂટી. તેણે આંખ ઉઘાડી. પોતાની શરીરની દશા અને સામે જ ચૈતન્યદેવને જોઈને તેને ક્ષોભ થયો. વિચારમાં ને વિચારમાં ક્યારે સાંજ પડી, ક્યારે રાત વીતી, ક્યારે પક્ષીઓએ તેનું આખું શરીર બગાડ્યું ને ક્યારે સવાર થયું તેનું તેને કશું જ ભાન નહોતું.

રઘુનાથ શાનો વિચાર કરતો હતો તે જાણવા ચૈતન્યદેવે બહુ આગ્રહ કર્યો. રઘુનાથે કહ્યું કે તરત જ ચૈતન્યદેવે તેનો ઉકેલ કરી આપ્યો. રઘુનાથ બહુ અજા-

યણી પામ્યેા. આખેા દિવસ અને રાત વિચાર કરવા છતાં જેનેા ઉકેલ પેાતે કરી શક્યેા નહિ, તે શું ચૈતન્યદેવે ક્ષણમાં જ કહી દીધું ?

પણ રઘુનાથ નિરાશ થાય તેવેા ન હતેા. તેની આ સાધના પણ નિષ્ફળ ન થઈ. આ જાતની વિચાર કરવાની ટેવ એ જ એના જીવનમાં વિશેષતા હતી. ચૈતન્યદેવ જેવી મહાન શક્તિ લઈને તે જન્મ્યેા ન હતેા, પણ ચિંતનથી જ તેણે ન્યાયશાસ્ત્રમાં પારંગતતા મેળવીને બંગાળનું ગૌરવ વધાર્યું હતું.

કેાઈ પણ વસ્તુનું જ્ઞાન મેળવવા ભૂખતરસ બધું ભૂલીને એમાં જ તલ્લીન થઈ જવાય તેા એ સાધના કદી નિષ્ફળ જાય જ નહિ.

ચૈતન્યદેવ ઉંમરમાં રઘુનાથ કરતાં નાના હતા; રઘુનાથ તેને બહુ આદરથી બેાલાવતેા નહિ. પણ ઉપરના બનાવ પછી ચૈતન્યદેવની શક્તિનેા તેને પરિચય થયેા. તેને લાગ્યું કે ચૈતન્યદેવ સામાન્ય માણસ નથી. ત્યારથી બન્ને વચ્ચે મૈત્રી જામી. ત્યારથી બન્ને ન્યાયનેા અભ્યાસ સાથે જ કરવા લાગ્યા.

થેાડા દિવસ પછી રઘુનાથની માતા સ્વર્ગવાસી થયાં. સંસારમાં જે સ્નેહનું એક બંધન હતું તે પણ તૂટી ગયું. પુત્રે શાસ્ત્રાનુસાર માતાની છેલ્લી ક્રિયા કરી.

હવે રઘુનાથ અભ્યાસ પાછળ જ મંડી પડયેા. માતાનું સ્નેહભર્યું શાસન હવે નહેાતું. વખતસર નહાવાધેાવા માટે કે ખાવાપીવા માટે કેાઈ તેને ફરજ પાડતું નહેાતું. તેથી રઘુનાથ અભ્યાસમાં તલ્લીન રહેતેા.

એ રીતે ગુરુ પાસેથી જેટલું શીખવાનું હતું તેટલું તેણે શીખી લીધું.

વાસુદેવ સાર્વભૌમ તેા મૂંઝવણમાં પડયા કે હવે આ છેાકરાને હું શું શીખવીશ ? આખું ન્યાયશાસ્ત્ર તેઓ પેાતે જાણતા ન હતા. તે સમયમાં મિથિલા સિવાય કેાઈ બીજે સ્થળે ન્યાયશાસ્ત્ર સારી રીતે ભણાવાતું નહિ, અને મિથિલાના પંડિતેા પેાતાનું આ માન સદા જાળવી રાખવા માટે ન્યાયશાસ્ત્રનાં પાઠ્યપુસ્તકેા કેાઈને ઘેર લઈ જવા દેતા નહિ. જેને ન્યાયશાસ્ત્રનેા અભ્યાસ કરવેા હેાય તે મિથિલા આવે એવેા તેમનેા આગ્રહ હતેા.

મિથિલાથી જેટલું ન્યાયશાસ્ત્ર સાર્વભૌમે કંઠસ્થ કર્યું હતું, તેટલું તેમણે રઘુનાથને શીખવ્યું. પણ રઘુનાથને તેથી સંતેાષ થયેા નહિ. ન્યાયશાસ્ત્રનેા અભ્યાસ કરતાં કરતાં તે પુસ્તકની ઘણી ભૂલેા દેખાડતેા. એણે પેાતાની બુદ્ધિથી ન્યાયને પ્રમાણિત કરતા લેખેા લખ્યા. આ બધું જોઈ સાર્વભૌમને સંતેાષ થયેા; તેમને પેાતાનું ભણાવ્યું સાર્થક થયું હેાય તેમ લાગ્યું.

બાળક રઘુનાથનું આવું પાંડિત્ય જોઈ નવદ્વીપનો પંડિતસમાજ આશ્ચર્ય-મુગ્ધ બની ગયો. નવદ્વીપનો અભ્યાસ પૂરો થયો તોયે તેને સંતોષ થયો નહિ; વધારે જ્ઞાન મેળવવા માટે રઘુનાથનું મન વ્યગ્ર રહેવા લાગ્યું.

એક દિવસ સાર્વભૌમે કહ્યું: "બેટા! તારે સંપૂર્ણ ન્યાયશાસ્ત્ર જાણવું હોય તો મિથિલા જા. ત્યાંથી જ તું શુદ્ધ ન્યાય-શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન મેળવી શકીશ."

ગુરુનો આશીર્વાદ અને ચરણરજ લઈ રઘુનાથ મિથિલા ગયો. મિથિલાના વિદ્વાનોમાં તે વખતે પક્ષધર મિશ્રનું નામ વિખ્યાત હતું. વાસુદેવ સાર્વભૌમ પોતે તેની પાસે ન્યાયશાસ્ત્ર શીખ્યા હતા, એટલે રઘુનાથ તેમની પાસે ગયો.

બંગાળ જેટલે દૂરથી આવેલા આ નવા વિદ્યાર્થી ને ત્યાંના વિદ્યાર્થી ઓએ હર્ષથી વધાવ્યો નહિ. રઘુનાથની આંખ કાણી હતી, એટલે સૌ તેની મશ્કરી કરી કહેવા લાગ્યા:—

ઇંદ્રને સહસ્ર ચક્ષુ, શિવ ત્રિલોચન,
એક ચક્ષુવાળો તું કયાંથી આવ્યો જન?

આ સાંભળી રઘુનાથને ખૂબ ગુસ્સો ચડ્યો. એવું કહે ત્યારે કોને ગુસ્સો ન ચડે કહો જોઈએ? તેણે જવાબ આપ્યો: "ઇંદ્રને એક હજાર આંખ છે, અને શિવને ત્રણ છે; પણ બધા ન્યાયશાસ્ત્ર જાણનાર તો આંધળા છે. તેમાં મને એક આંખ છે એ કેટલા સદ્‌ભાગ્યની વાત છે?"

થોડા જ વખતમાં સૌ તેની આગળ ઝાંખા પડી ગયા. રઘુનાથની શક્તિ જોઈ પક્ષધર પોતે પણ અવાક થઈ ગયા.

થોડા જ વરસમાં પોતાની મહેનતથી રઘુનાથ ન્યાયશાસ્ત્રનો અજોડ પંડિત બની ગયો. બીજા બધા દેશના વિદ્યાર્થીઓ બંગાળના એક કાણા છોકરા પાસે સંપૂર્ણ પરાજિત થયા—એટલે સુધી કે ન્યાયની વ્યાખ્યા ને તર્કમાં ગુરુદેવથી પણ રઘુ-નાથ આગળ ગયો.

પક્ષધર પોતે 'સામાન્ય લક્ષણા' એ નામનું એક ન્યાયનું પુસ્તક આ વખતે લખતા હતા; તેમાં રઘુનાથે કેટલીક ભૂલો કાઢી. તર્કથી પોતાની ભૂલો સમજવા છતાં પક્ષધરે તે ભૂલો કબૂલ કરી નહિ ને ગુસ્સે થઈ કહ્યું: "કાણા છોકરા! તું વળી આવા જટિલ પ્રશ્નોમાં શું સમજે? કાલ સવારનો તું મને શીખવવા આવે છે?"

કાણાને કાણો કહીએ તો કોણ ન ચિડાય? ગુરુના આ અન્યાયભર્યા વર્ત-નથી તેને બૂબ જ માઠું લાગ્યું કે જે અજ્ઞાનને જ્ઞાન આપે છે, અંધને આંખો આપે છે, એ દયાળુ પરમાત્મા સિવાય પૃથ્વી ઉપર મારું કોઈ નથી! એણે મનમાં ને મનમાં પોતાને દેશ પાછા જવાનો નિશ્ચય કર્યો.

પણ બીજે દિવસે પ્રાતઃકાળે એક સભા બોલાવી બધાની વચ્ચે પક્ષધરે રઘુનાથનો મત સ્વીકારી પોતાનો પરાજય કબૂલ કર્યો!

તે દિવસ બંગાળના ગૌરવનો દિવસ હતો. મિથિલાના પંડિતવર્ગે યુવાન રઘુનાથ પાસે પોતાનાં માથાં નમાવ્યાં તે દિવસે બંગાળનો કાણો છોકરો રઘુનાથ ભારતનો પંડિતશિરોમણિ થયો.

ગુરુના આ વર્તનથી રઘુનાથનું મન હળવું થયું. તેણે પાછા જવાનો વિચાર માંડી વાળી અભ્યાસમાં મન પરોવ્યું.

પક્ષધર બહારથી કોઈ કોઈ વાર રઘુનાથ તરફ કડક વર્તન રાખતા, પણ અંદરથી તેને રઘુનાથ ઉપર ખૂબ જ પ્રેમ હતો. પોતાના શિષ્યની નિર્મળ બુદ્ધિ જોઈ તે પ્રસન્ન થતા; બીજાઓ પાસે તેની બુદ્ધિની પ્રશંસા કરીને તેઓ ગૌરવ લેતા.

શરદ્ઋતુ હતી. આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર સ્વચ્છ પ્રકાશી રહ્યો હતો.

કોઈએ પૂછ્યું: "આના જેવી નિર્મળ વસ્તુ જગતમાં બીજી હશે?"

ગુરુજીએ કહ્યું: "હા, એના કરતાં વધારે નિર્મળ વસ્તુ બીજી છે. રઘુનાથની બુદ્ધિ આ ચન્દ્રપ્રકાશ કરતાં પણ વધારે સ્વચ્છ અને નિર્મળ છે."

માત્ર ન્યાયશાસ્ત્ર જ નહિ, પણ રઘુનાથની કવિત્વશક્તિ જોઈને પક્ષધર મુગ્ધ થઈ ગયા હતા. તેઓ માનતા હતા કે જટિલતાભર્યા ન્યાયનો અભ્યાસ કરનાર અને નીરસ વ્યાકરણ જાણનાર કોઈ દિવસ સુકવિ બની શકે જ નહિ. પરંતુ રઘુનાથની કવિત્વશક્તિ જોઈને તેમની તે માન્યતા દૂર થઈ.

થોડા દિવસ પછી રઘુનાથે ગુરુજી પાસે પોતાને દેશ જવાની રજા માગી.

ગુરુએ કહ્યું: "જા, બેટા! ખુશીથી જા. મારી પાસે જે વિદ્યા હતી તે મેં તને આપી છે. એ ઉપરાંત તારી પોતાની શક્તિથી તું ઘણો વધારે જ્ઞાની બન્યો છે. હું તેથી સુખી છું. મનુષ્ય બધા પાસે વિજય વાંછે છે, પણ પોતાના વિદ્યાર્થી અને પુત્ર પાસેથી તો પરાજય ઇચ્છે છે. તારાથી હું અભિમાની બનું છું."

રઘુનાથે પાઠ્યપુસ્તક પોતા સાથે લઈ જવાની રજા માગી. પક્ષધરને માથે જાણે આભ તૂટી પડ્યું. તેઓ વિચારમાં પડી ગયા. ન્યાયનાં પુસ્તકો કોઈનાથી બહાર ન લઈ જવાય. એ નિયમનો ભંગ કેમ થાય? અને પછી મિથિલાનું માન પણ શું રહે? તેમણે કહ્યું: "ના બાપુ! એ દેવાનો રિવાજ જ નથી. અને એની લઈ જવાની જરૂર પણ શી છે? તું પોતે તો શીખ્યો છે; જેને શીખવું હોય તેને અહીં જ મોકલજે."

ગુરુને પ્રણામ કરી રઘુનાથે કહ્યું:

"ગુરુદેવ! રઘુનાથ બંગાળમાં પાછો ગયા પછી બંગાળનો એક પણ વિદ્યાર્થી અહીં ભણવા નહિ આવે. પાઠ્યપુસ્તકો નહિ આપો તેથી શું થયું? સારુંયે ન્યાયશાસ્ત્ર મારે મોઢે છે."

રઘુનાથ બંગાળ પાછો ફર્યો. ગુરુદેવ પાસે આવી મોટી બડાઈ મારીને તે ચૂપ નહોતો રહ્યો. પોતાનું કથન તેણે બરાબર સત્ય કરી બતાવ્યું. નવદ્વીપ આવીને તરત જ તેણે ન્યાયનાં પાઠ્યપુસ્તકો તૈયાર કર્યાં ને બીજાઓને ભણાવવાનું શરૂ કર્યું.

તેણે ઘણાં પુસ્તકો લખ્યાં હતાં; તેમાંના એકનું નામ 'દીધિતિ.' ન્યાયશાસ્ત્રનું એકેય પુસ્તક એના જેવું નહોતું.

માત્ર સંસ્કૃત જ નહિ, પણ દુનિયાની કોઈ પણ ભાષામાં એવું પુસ્તક નથી. આ પુસ્તકથી જ રઘુનાથ મરવા છતાં અમર બની ગયો; એની કીર્તિ અમર બની.

રઘુનાથનાં પુસ્તકોએ એક નવયુગ પ્રવર્તાવ્યો હતો. ત્યારથી જ મિથિલાની બહાર ન્યાયશાસ્ત્રની પદવી આપવી શરૂ થઈ. ત્યાર પછી બંગાળનો એક પણ વિદ્યાર્થી મિથિલા ગયો નહિ એટલું જ નહિ, પણ નવદ્વીપ જ ન્યાય શીખવાનું મુખ્ય સ્થળ બની ગયું. આજ પણ સારાયે ભારતવર્ષના અને ખુદ મિથિલાના વિદ્યાર્થીઓ પણ નવદ્વીપમાં જ ન્યાય શીખવા આવે છે.

રઘુનાથ ગરીબને ઘેર જનમ્યો હતો; એક આંખે કાણો હતો; એને માટે એને ઘણું સહેવું પડ્યું હતું. છતાંયે પોતાના બુદ્ધિબળથી એણે મિથિલાને પરાજિત કરી હતી.

અત્યારે પણ એને યાદ કરતાં બંગાળીઓની છાતી ગજ ગજ ઊછળે છે.

અનુવાદક : મોંઘીબેન

દૃષ્ટપૂર્વની વાર્તાઓ

શિયાળ અને બકરું

ભમતાં ભમતાં શિયાળ ઊંડા કૂવામાં પડી ગયું. બહાર નીકળવાને ઘણાં ફાંફાં માર્યાં પણ ફાવ્યું નહિ.

એટલામાં ત્યાંથી એક બકરાની કળ્યો. બકરો ખૂબ તરસ્યો હતો.

બકરે શિયાળને પૂછ્યું: "કાં, પાણી કેવું છે?"

શિયાળ કહે: "પાણી? પાણી મીઠું સાકર જેવું છે. ક્યારનો હું પાણી પીધા જ કરું છું. અહીંથી બસવાનું મન જ નથી થતું."

એક પણ સવાલ પૂછ્યા વિના અથવા

આડું અવળું જોયા વિના બકરાએ કૂવામાં ભૂસકો માર્યો.

ધરાઈને પાણી પીધા પછી બકરો બોલ્યોઃ "અલ્યા પાણી તો પીધું, પણ હવે બહાર નીકળવું શી રીતે?"

શિયાળ કહેઃ "ભાઈ! મારી પણ એ જ મૂંઝવણ છે."

બકરો કહેઃ "ત્યારે શું કરશું?"

શિયાળ કહેઃ "એક યુક્તિ છે. તું આ ગોબલામાં પગ ભરાવી ઊભો રહે. પહેલાં હું તારી પીઠ પરથી માથા પર જઉં ને માથા પરથી બહાર જઉં, પછી તારાં શીંગડાં ઘોભી તને બહાર કાઢું."

બકરો કહેઃ "એમ જ ઠીક છે; એ એક જ રસ્તો છે."

બકરો પગ ભરાવી ઊભો રહ્યો ને શિયાળ પીઠે ચડી, માથે થઈ બહાર કૂદ્યો.

બકરાએ કહ્યુંઃ "ભાઈ! હવે તું મને બેંચી લે."

શિયાળે ચાલતાં ચાલતાં ટૂંકમાં કહ્યુંઃ "ભલા, દાઢીના વાળ છે એટલીય તને અક્કલ હોત તો આવા હાલ ન થાત! કૂવામાં પડ્યા પહેલાં વિચાર તો કરવો હતો કે શી રીતે બહાર નીકળીશ? અને શિયાળના ભરોંસા તે થતા હશે? હ્યો હવે રામ રામ!"

કૂતરો, કૂકડો અને શિયાળ

એક હતો કૂતરો અને એક હતો કૂકડો. બંને મોટા દોસ્તો હતા. એક વાર બંને મુસાફરીએ નીકળ્યા. ચાલતાં ચાલતાં રાત પડી. એક મોટા ઝાડ આગળ અટક્યા. કૂકડો ડાળે જઈને બેઠો ને કૂતરો થડની પોલમાં સૂતો.

રાત વીતી ગઈ, પરોઢિયું થયું ને કૂકડો બોલ્યોઃ "કૂકડે કૂ, કૂકડે કૂ."

જંગલ આખું જાગી ઊઠ્યું; ભેગું એક શિયાળ પણ જાગ્યું.

શિયાળને થયુંઃ "આજ તો આ કૂકડાનું જ પારણું કરું. કંઈક યુક્તિ કરીને એને પકડું."

ડાળ નીચે જઈ શિયાળ કૂકડાને કહેઃ "કૂકડાભાઈ, કૂકડાભાઈ! આમ તો આવો, આપણે વાતો કરીએ. અહાહા, તમારો અવાજ કાંઈ મીઠો છે! મને તો થયું કે આવો દોસ્ત હોય તો કેવું સારું!"

કૂકડો મનમાં સમજી ગયો. આસ્તેથી કહેઃ "ત્યારે તમે જ ઉપર આવોને? પણ જરા ઝાડના થડ પાસે જાઓ, ને મારો નોકર સૂતો છે એને જગાડો, એટલે બારણું ઉઘાડે."

કૂકડે શિયાળને ભોળવ્યો.

શિયાળ થડ પાસે ગયું ને બારણાની સાંકળ બખડાવી. ત્યાં તો વોહ

વેાહ કરતો કૂતરો કૂદ્યો ને શિયાળભાઈને ફાડી ખાધા !

કેાકનેા નાસ્તેા કરવા ગયા ત્યાં તેા પેાતાનેા જ નાસ્તેા થઈ ગયેા.

વનરાજ મરવા સૂતેા.

ઘરડેા વનરાજ માંદેા પડ્યેા ને મરવા સૂતેા.

વખત જોઈ એક ભૂખડું ડુક્કર એના પર ધસી આવ્યું. સિંહના પડખામાં અણીદાર શીંગડી ઘોંચી દીધી અને આગલું વેર લઈ ચાલતું થયું.

થેાડી વારે એક આખલેા આવ્યેા ને તેણે સિંહને શીંગડે શીંગડે ખૂબ ગૂંદ્યેા. એણે પણ જૂનું વેર લઈ લીધું.

આ જોઈ એક ગધેડાએ વિચાર્યું: "ત્યારે વળી આપણે પણ ઊપડીએ! આવેા લાગ કયે દિવસે મળશે ?"

ગધેડાએ દોડીને સિંહના કપાળમાં પાછલે પગે લાતેા મારી.

સિંહે મરતાં મરતાં ગધેડાને કહ્યું: "ભાઈ! પેલાઓનેા માર તેા સહી લીધેા કેમકે એ મારા સમેાવડિયા હતા; નહિતર બહાદુર તેા હતા જ ! પણ તું....તું એક નાલાયક ગધેડું પણ મારી ગયું ? તારા મારે તેા મારું મેાત બગાડ્યું !"

આમ કહી સિંહે પ્રાણ મૂક્યા.

મા, બાળક અને વરુ

સવારે ઊઠી દાતણપાણી કરી વરુ શિકાર શેાધવા નીકળ્યું.

જંગલને એક ખૂણે એક ડેાશી અને તેની વહુ રહેતી હતી. વહુને એક નાનેા દીકરેા હતેા.

શિકાર શેાધતું શેાધતું વરુ ડેાશીના કૂબા પાસેથી નીકળ્યું. ત્યાં તેા કૂબામાંથી વરુના કાને સંભળાયું: "ચૂપ, ચૂપ ! ચૂપ રહે છે કે નહિ ? નહિતર પેલા વરુ આગળ ફેંકી દઈશ. જોયું નથી પેલું વરુ ? કટકેકટકા કરીને ખાઈ જશે."

વરુ કહે: "ચાલેાને ત્યારે અહીં જ બેસી જઈએ ? ડેાશી છેાકરું ફેંકી દેશે ને આપણે એને ઉડાવી જઈશું."

વરુ કૂબાની પાછળ બેઠું.

છેાકરું વારંવાર રડે ને ડેાશી કહે: "ચૂપ, ચૂપ! ચૂપ રહે છે કે નહિ ? નહિતર પેલા વરુ પાસે ફેંકી દઈશ. એ પેલું વરુ રહ્યું."

ડેાશીને ખબર ન હતી કે બહાર વરુ બેઠું છે.

વરુને એમ થતું હતું કે "હમણાં આપણને બાળક મળશે."

સવારના બપેાર થયા ને બપેારની સાંજ થઈ. લેાલેલેાલે વરુ બેસી રહ્યું.

આખરે રાત પડી ને બાળક ઊંઘમાં આવ્યું; બાળક રડતું બંધ થયું અને

સૂવા લાગ્યું.

ડોશી કહે: "હું, હવે કેવું ડાહ્યું થઈ ગયું! હવે કાંઈ વરુ આગળ નહિ નાખું. હવે તો જો વરુ દેખાયના, તો લાકડીએ લાકડીએ મારી જ નાખું!"

વરુ ગભરાયું. રખેને ડોશી બહાર નીકળે ને લાકડીએ લાકડીએ મારી નાખે!

ભૂખ્યું વરુ ઘરભેળું થઈ ગયું ને કોઈને કંઈ કીધા વિના લાંબું થઈને સૂઈ ગયું.

વરુ અને બકરીનું બચ્ચું

બિચારું બકરાનું બચ્ચું. એક તો બચ્ચું અને વળી માથી જુદું પડી ગયેલું; એટલામાં વળી વરુની ચીસ સંભળાઈ.

બચ્ચું ગભરાયું અને જીવવાનો માર્ગ શોધ્યો. નજીકમાં જ એક છાપરું હતું એના ઉપર તે ચડી ગયું. હાશ કરીને ત્યાં બેઠું. એટલામાં વરુ ત્યાંથી નીકળ્યું.

હવે બચ્ચું શાનું ડરે? ઊલટું તેણે રોફ માર્યો: "આવ, આવી જા! તારામાં તાકાત હોય તો આવી જા."

વરુ બચ્ચા સામે તાકી રહ્યું.

બચ્ચાએ ફરી વાર રોફ છાંટ્યો: "જુવે છે શું? દમ હોય તો આવી જા ને? કરી લે, તારાથી થાય તે કરી લે!"

વરુએ ઉપર ચડવા ફાંફાં તો માર્યાં પણ ક્યાંઈથી લાગ ફાવ્યો નહિ.

બચ્ચાએ મશ્કરી કરી કહ્યું: "કાં?"

વરુએ સામેથી જવાબ આપ્યો: "અલ્યા નાદાન બચ્ચા! બહુ શેખી રહેવા દે. બહુ ફાટફાટ બોલે છે તે તારું જોર જાણું છું. એ તો છાપરા પર ચડીને બેઠું છે એમાં કે? જરાક નીચે તો આવ!"

બચ્ચું ચૂપ થયું; વરુ ચાલ્યું ગયું.

વરુ અને ઘેટું

ટોળામાંથી એક ઘેટું છૂટું પડી ગયું. તે એકલું એકલું ચરતું હતું, એટલામાં પાછળથી એક વરુ દેખાયું.

ઘેટું જીવ લઈને નાઠું. વરુ જીવ લેવા જોસભેર દોડ્યું.

રસ્તે જતાં એક કાળકા માતાનું દેરું આવ્યું. ઘેટું હાંફતું હાંફતું દેરામાં પેસી ગયું; વરુ પણ પેસી જાત, પણ પૂજારીએ ડાંગ મારીને વરુભાઈને અટકાવ્યા.

વરુએ વિચાર કર્યો: "કંઈક યુક્તિ કાઢું ને ઘેટાને બહાર આણું." પછી જરા ઠાવકું મોં રાખી હેતભાવે બોલ્યું: "ઘેટા, રે ભાઈ ઘેટા! અવળી મતિ કાં સૂઝી? આ મંદિર તો કાળકાનું છે. આજ નહિ તો કાલ, તારો વારો આવશે. પૂજારી તને માતા આગળ વધેરશે. નાસી છૂટ રે, નાસી છૂટ! જીવ લઈને નાસી છૂટ."

ઘેટાએ પણ વિચાર કર્યો: "કાલની વાત કાલ પાસે; આજે તો ઊગરી જાઉં!"

ઘેટાએ બારીએથી ડોકું કાઢ્યું. જરાક હસીને વરુભાઈને કહી દીધું: "ભલા ભાઈ! પાછો વળ, પાછો વળ. જોને, તું કેટલો બધો થાક્યો છે? અને મારી વળી ચિંતા શી? કદી અહીં રહેતાં મરાયા તો મરાયા! લોગ ધરાશે તો માતાને છે ના? એવાં ભાગ્ય ક્યાંથી? ને તારે મોઢેથી તો બચ્યાને?"

ભૂખ્યું વરુ મોં હલાવતું હલાવતું પાછું વળ્યું.

શોધનાર : ગિજુભાઈ

સમુદ્ર ખારો કેમ?

(એક દંતકથા)

બહુ જૂના વખતની વાત છે. ત્યારે સમુદ્રનાં પાણી મીઠાં હતાં.

ડુંગરાઓની ગાળીઓમાં એક જબરું જંગલ હતું. એ જંગલમાં એક જાદુગર રહે. આ જાદુગર પાસે પથ્થરનાં એક બાંડણીદસ્તો હતાં.

બાલી બાંડણીમાં હળવે હળવે આ દસ્તાવતી બાંડતાં બાંડતાં જાદુગર પોતાના મનમાં જે કાંઈ ચાહે તે તેમાંથી ઉત્પન્ન કરી શકે. સોનું, હીરા, માણેક, પકવાન્ન, ભાતભાતનાં કિંમતી વસ્ત્રો, જે જોઈએ તે.

આ મુલકના રાજાને કાને જાદુગરના આ ઇલમી બાંડણીદસ્તાની વાત આવી. એણે તો સિપાઈઓને હુકમ છોડ્યો: "જાઓ; જાદુગરને લાવી રાજદરબારમાં હાજર કરો."

સિપાઈઓ જાદુગરને પકડી લાવ્યા. રાજા જાદુગરને જોઈને કહે: "જો, જાદુગર! મારો મુલક બૂબ ગરીબ છે. તારા બાંડણીદસ્તાના ચમત્કારની વાતો મેં સાંભળી છે. હું તને ફરમાન કરું છું કે એ જાદુઈ બાંડણીદસ્તાની મદદથી તારે રોજ સોનાના ત્રણ ત્રણ ગંજ પેદા કરવા. જો તું એમ ને એમ બરાબર એક વર્ષ સુધી કર્યા કરીશ તો એક વર્ષ પૂરું થયે હું તને છૂટો કરીશ. ત્યાં સુધી તું અમારા ચોકીપહેરામાં; બા, પી અને મજા કર!"

જાદુગર બિચારો શું કરે? રાજાનો હુકમ કાંઈ માન્યા વગર ચાલે?

એણે તો રોજ ને રોજ બાંડણી બાંડવા માંડી, ને સોનાના ગંજના ગંજ બડકાવા લાગ્યા.

એ બધા ગંજને જોઈને રાજાનું મન ચળ્યું. એણે તો વધુ ને વધુ સોનું પેદા કરવાના હુકમ જાદુગર પર છોડ્યે જ રાખ્યા, અને એક વર્ષને અંતે તેને છૂટો ન કરતાં એક લોંયરામાં બેડી પહેરાવી કેદ કર્યો. હવે તો રાત ને દી બાંડ્યા

જ કરવાનો એને હુકમ હતો.

આ જાદુઈ ખાંડણીદસ્તાની વાત વાયુવેગે દેશ પરદેશમાં પણ પહોંચી ગઈ. ઉત્તર દેશમાં એક જબરો રાજા રાજ કરે. સમુદ્રની પેલે પારથી એ પોતાનાં વહાણો લઈ જાદુગરવાળા દેશ પર ચડી આવ્યો.

જૂના રાજાને એણે હરાવી દીધો ને જાદુગરને તથા તેનાં ખાંડણીદસ્તાને હાથ કરી ઉત્તર દેશના રાજાએ પોતાના દેશ તરફ વહાણ હંકારી મૂક્યાં.

એણે જાદુગર સાથે ખૂબ મીઠી મીઠી વાતો કરી.

પણ માણસના લોભનો કાંઈ થોભ છે? મુસાફરી શરૂ થયાને હજુ તો થોડોક જ વખત થયો હતો ત્યાં રાજાએ કહ્યું: "જાદુગર દોસ્ત! અમારા દેશમાં મીઠાની બહુ અછત છે કારણકે ત્યાં મીઠાની બિલકુલ ખાણો નથી; અને તેથી અમને બહુ આપદા પડે છે. માટે આ સફરમાં જો તું તારા ખાંડણીદસ્તાની કૃપાથી ઘણું બધું મીઠું પેદા કરી દે તો કેવું સારું!"

જાદુગર ના ન પાડે ને જાય ક્યાં?

સોંયે કે કસોંયે હા પાડવી જ પડી.

અને એણે ખાંડવા માંડ્યું. કેટલાક દિવસ ખાંડતાં મીઠાથી રાજાનાં વહાણ ભરાઈ ગયાં એટલે જાદુગરે થોડા વિસામાની માગણી કરી, પણ રાજા વિસામો આપે શાનો?

જાદુગરે વિચાર કર્યો: "અેર! તું વિસામો નહિ આપે તો કાંઈ નહિ; મૃત્યુ મારો મોટો વિસામો બનશે."

અને ફરી એનાં ખાંડણીદસ્તો ખડખડવા લાગ્યાં. એ તો ખાંડ્યે જ જાય છે, અને મીઠાના તો ઢગલા ને ઢગલા વહાણ ઉપર વધતા જ જાય છે. મીઠાના ભારથી વહાણ કડકડવા લાગ્યાં એટલે રાજાએ કહ્યું: "જાદુગર! હવે થોભી જા."

પણ હવે જાદુગર કાંઈ માને? હવે તો એ મરણિયો બની હસતો હસતો ખાંડવા લાગ્યો અને મીઠું તો દર પળે વધતું જ ચાલ્યું. વહાણમાં તો કડકડાટી બોલવા લાગી; પાટિયાં તૂટવા લાગ્યાં અને સમુદ્રનાં પાણી પણ વહાણમાં પેઠાં. હળવે હળવે રાજાનાં વહાણ ડૂબવા લાગ્યાં અને થોડી વારમાં તો સમુદ્રને તળિયે જઈને બેઠાં—રાજા, તેનો રસાલો અને જાદુગર બધાંય!

અને ત્યારથી સમુદ્રનાં પાણી ખારાં ઊસ જેવાં બની ગયાં.

ગિરીશ.

અંગ્રેજી પરથી]

અખિલત્રિવેણી : પંદર ટૂંકી સામાજિક વાર્તા
લેખક: ગિરીશભાઈ ૦-૧૨-૦ : : ટ. ખ. ૦-૨-૬

માનો યા ન માનો

અર્ધનારી

જર્મનીમાં લગભગ ત્રીશેક વરસ પહેલાં કોઈ એક સામાન્ય માણાપને પેટે વાયોલેટા નામની એક છોકરી હાથપગ વિનાની જન્મી.

તે એક સુંદર સ્વભાવની સ્ત્રી છે, અને સમજે છે કે જે કોઈ અમુક બાબત મેળવી શકતું નથી તે કાંઈ ખોતું નથી. તેનું શરીર બીજી બધી રીતે સારું છે. તેની શારીરિક તંદુરસ્તી તેમ જ આંખ, કાન, નાક, જીભ, ત્વચા વગેરે ઇંદ્રિયો સારી રીતે કેળવાયેલી છે.

તેને એક પણ હાથપગ ન હોવા છતાં તેની કામ કરવાની શક્તિ અજાયબી ઉત્પન્ન કરે તેવી છે. તેને ભાગ્યે જ બીજાની મદદની જરૂર પડે છે.

આપણને આશ્ચર્યચકિત કરે તેવી વાત છે પરંતુ તે પોતાના કપડાં જાતે પહેરી શકે છે, પોતાની મેળે માથું ઓળી શકે છે, સીવી શકે છે, સોયમાં દોરો પરોવી શકે છે અને આવાં જ બીજાં કેટલાંય તેને માટે અશક્ય મનાય તેવાં કામો તે કરી શકે છે.

લાયર બર્ડ—Lyre Bird

લાયર એ તો સાહેબલોકોના એક વાજિંત્રનું નામ છે. જેમ આપણે વીણા, સતાર, તંબૂર વગેરે હોય છે તેમ. તે કાંઈ પક્ષીનું નામ હોઈ શકે ?

પણ બરી વાત એમ છે કે તે ન્યુ સાઉથ વેઈલ્સના એક પક્ષીનું પણ નામ છે.

એ સુંદર પક્ષીને ત્યાંના લોકો લાયર બર્ડ કહે છે (આપણે તેને સરોદ પંખી કહી શકીએ, કેમકે તે વાદ્યને મળતું તે જરા દેખાય છે.) કારણકે તેની પૂંછડી અથવા પીંછાંનો આકાર, તેના શરીરનો ઘાટ વગેરે સરોદ પક્ષીને મળતું છે. તેની પૂંછડી ઊભી ને લગભગ બે ફૂટ લંબાઈમાં હોય છે. તેમાં સોળ પીંછાં હોય છે, જે બહુ જ સુંદર ને કલાત્મક રીતે ગોઠવાયલાં હોય છે. બન્ને છેડાનાં બે પીંછાં જરા પહોળાં ને ગૂંથાયેલાં હોય છે જેનો વળાંકો સરોદના જેવો દેખાય છે, જ્યારે વચ્ચેનાં બે પીંછાં જરા સાંકડાં ગૂંથાયેલાં હોય છે ને બીજાં બધાં થોડાં થોડાં હળવાં ને નાનાં નાનાં પીછાંવાળાં હોય છે. આ બધાંનો દેખાવ સરોદના તાર જેવો લગભગ દેખાય છે, અને આને લીધે જ તે સરોદપંખી (Lyre Bird) કહેવાય છે.

આ તેનાં સુંદર પીંછાં જૂન ને સપ્ટેમ્બરની વચમાં બહુ જ ખીલેલાં હોય છે, અને ત્યાર પછી તે બરી પડે છે.

પોતાની દસમી પેઢી જોનાર

દાદો

ચીનમાં કાંસુ (Kansu) નામના ગામના અહ કવેઈ (Ah-kwei) નામના માણસે પોતાની હયાતીમાં જ પોતાની દસમી પેઢીના બાળકને જોયું: એટલે કે પોતાના દીકરાના, દીકરાના, દીકરાના, દીકરાના, દીકરાના, દીકરાના, દીકરાના, દીકરાના, દીકરાને જોયો.

જ્યારે ચીનના તે વખતના શહેનશાહે પોતાના દેશમાં સૌથી સુખી માણસની તપાસ કરી ત્યારે આ કાંસુ દાદાને તેની પાસે લાવવામાં આવ્યો.

અહ-કવેઈ ને ૧૭૬૦ ની સાલમાં એક સો ને ત્રીશ છોકરાનાં છોકરાં, છોકરાનાં છોકરાં, છોકરાનાં છોકરાં, છોકરાનાં છોકરાં, છોકરાનાં છોકરાં હતાં.

ભસતું પક્ષી

જે પક્ષી ભસે છે તે મધ્ય ચીલી- (Chile)નું નાનું અને લાલ છાતીવાળું પંખી છે, અને ત્યાંના રહેવાસીઓ તેને ગીડગીડ (-Guid-guid) કહે છે. તેનો અવાજ જંગલમાં ભસતા નાના કૂતરાને તદ્દન મળતો આવે છે. તે તદ્દન પાસે ભસતું સંભળાશે, પણ તેમ છતાં તે ભાગ્યે જ નજરે પડે છે. જોકે કોઈક વાર તે પક્ષી વગર બીકે પાસે પણ આવે છે.

લાલ વરસાદ

દુનિયામાં ઘણી નવાઈ જેવી બાબતો કોઈ કોઈ વાર બને છે. રાતો વરસાદ તેમાંની એક એવી બિના ગણાવી શકાય.

એક વખત ફ્રાન્સના ક્લેરમોન્ટ (Clermont) માં લાલ વરસાદ વરસ્યો. ત્યાંના રહેવાસીઓને લાગ્યું કે દુનિયાનો અંત નજીક આવી ગયો કેમકે લોહી વરસે છે. તેમને તો તેમ જ લાગી ગયું.

પણ થોડી વારે તે બંધ પડ્યો ને દુનિયાનું કામકાજ તો જેમ પહેલાં ચાલતું હતું તેમ જ ચાલવા માંડ્યું !

ખૂબ પાકે પાયે આનાં કારણો નથી શોધી શકાયાં; પણ એમ માનવાને કારણ મળે છે કે ઉપર હવામાં રાતી ધૂળ સહારાના રણમાંથી ઊડી આવી હોઈને વરસાદનું પાણી તેમાં ભળતાં તે બધું લાલ વરસાદ રૂપે નીચે પડ્યું.

પારદર્શક માણસ

સીએહ સુઆન (Hsieh Hsuan) નામનો ચીહલીમાં (ચીનના) યુટીએન (Yu-T'ien) નો રહેવાસી પારદર્શક માંસવાળો જ જન્મ્યો હતો. તેના શરીરનાં હાડકાં અને ભાગો તદ્દન ખુલ્લાં દેખી શકાતાં હતાં.

સીએહ એક પ્રવીણ વિદ્યાર્થી હતો, અને તેણે ચુ જેન ડિંગ્રી (Chu Gen

Degree) લીધી હતી. તે અમલદાર પણ બન્યો હતો, પરંતુ લાંચ રુશવતના કોઈ એક કેસમાં તે સપડાયો ને તેને મોતની સજા થઈ હતી. જેલમાં પણ તેણે પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો; તે એટલે સુધી કે તેને ફાંસી મળવાના સમય સુધી પણ તે શાંતિથી એક ચોપડીનો અભ્યાસ કરતો હતો. તેને થોડો વખત સજા માફ રહી હતી અને પાછળથી તેને સંતની કોટીમાં દાખલ કરવામાં આવ્યો. ૧૫૭૨ ની સાલમાં તેની નોંધપોથી કોન્ફ્યુશીઅન (Confucian Temple) મંદિરમાં મૂકવામાં આવી હતી.

સંગ્રાહક : વિષ્ણુભાઈ.

ઉદ્યમી કીડી

વરસાદના દિવસો હતા.

કીડીબાઈ કયાંઈક જઈ રહ્યાં હતાં. જતાં જતાં રસ્તામાં કોઈ ખાવાની વસ્તુ જડી ગઈ એટલે પોતાની ઝીણી ઝીણી સૂંઢ વડે તેને ઘર ભેગી કરવાનો પ્રયત્ન કરતાં હતાં.

જમીન પર જ્યાં ત્યાં અળસિયાં ઉભરાયાં હતાં. એક અળસિયાએ એ જોયું ને તે બોલ્યું: "અરે કીડીબેન ! જોતાં નથી આ ઘડીએ મે તૂટી પડશે અને તમે તો આવો મોટો દાણડો કરવામાં રોકાયાં છો ? બેન ! પલળી જશો, પલળી ! બીકે નથી લાગતી ? "

કીડી કહે: "બીક તો ઘણી લાગે છે."

અળસિયું કહે: "તો પછી કયાંઈક છાનાછાપરામાં ગરી જાઓને ? "

પણ તેને જવાબ ન આપતાં કીડીબાઈએ તો ગાતાં ગાતાં પોતાનું કામ ચાલુ રાખ્યું:

"મેઘ ચડ્યો આકાશે ભારે,
હમણું મૂશળધાર પડે;
હું ના બીતી, કામ કરીશ, ને
લઈશ કણો જે સે'જ જડે.
બાળક મારાં વાટ જુએ દર
ભરાઈ રહેવું કેમ ગમે ?
મારી ફરજ બજાવી રહેતાં,
પલળું વરસાદે હું ભલે.
એમ ડરીને બેસી રહેવું
નહિ પાલવે અમને તો;
આવી પળને પકડી લેવી
એવું ઈશ્વર પણ કહેતો."

અળસિયાએ આ સાંભળ્યું. કીડીબાઈ તો બંતપૂર્વક કામ કરી આગળ વધતાં હતાં. પેલી વસ્તુને તેણે સૂંઢમાં ઉપાડી હતી, અને હવે તો તેને પોતાનાં બચ્ચાં સારુ દર તરફ દોડવી રહ્યાં હતાં.

દર આવ્યું ને તે અંદર પેઠી, બાને

આવતી જોઈ બધાં બચ્ચાં નાચી ઊઠ્યાં: "બા બાવાનું લાવી, બા બાવાનું લાવી!" અળસિયાને થયું: "આવી માથાકૂટમાં તે કોણ પડે? વરસાદ, ટાઢ ને તડકામાં રખડવું ને ઘેર આવીએ ત્યાં બાળકો માથું ફેરવી નાખે!"

પણ છેવટે કીડીબાઈનું ગીત તેના હૈયામાં ઊતર્યું ને તેનાં બીજાં પડોશીઓને કાને તેનું ગીત પડ્યું:

"મેઘ ચડ્યો આકાશે ભારે,
છોને — મૂશળધાર પડે;
ડરું નહિ હું, કામ કરીશ હું,
નહિ મુશ્કેલી કોઈ નડે.
લોકો જોશે કે આળસિયું
આળસ મૂકી કામ કરે;
ફરજ બજાવે, થાકે નહિ ને
આફતથી ના જરીય ડરે.
કીડીઓને પાઠ શીખવ્યો
હવે કદી ના હું વીસરું,
આવી પળને પકડી લઈને
ઉદ્યમવીર બની વિચરું."

ગિરીશ.

લસણ

ગરીબોની કસ્તુરી વળી કઈ? ગરીબોની કસ્તુરી લસણ છે, બાપુ! લસણડુંગળી કહે છે તેમાંથી લસણ છે તે જ.

અમારા ઘરમાં એને કોઈ આવવા જ ન દેતું; અને ઘરમાં તો બાપાથી લવાય જ કેવી રીતે? મારાં ભાભુ સહજાનંદ મહારાજનો ધર્મ પાળતાં. સહજાનંદવાળાને લસણડુંગળી હરામ હોય છે. મારાં ભાભુ કહેતાં: "આ લસણની કળીઓ છે ને, એ કૂતરાના નોર છે. આપણાથી એ બવાય તો નહિ, પણ એનું નામ પણ ન લેવાય!" અને સાચે જ મેં લસણનો સ્વાદ જ્યારે હું બાવીશ વર્ષની ઉંમરે આફ્રિકા ગયો ત્યારે જ લીધો. અમારી આગબોટમાં એક ભાઈ હતા. તે રોજ લસણની કળીઓની ચટણી બનાવે અને અમે બધા બાઈએ. અમને કોઈએ કહેલું કે લસણ વાયુને હરનારું તો છે જ; અને તેથી જરૂર તેની ચટણી બાઈએ તો ફેર ન આવે. લાલ મરચાં અને સૂકા લસણની ચટણીનો એક મોટો લાડવો અમે ત્રણચાર જણા મળી ઉડાવી જઈએ. હું તો વળી બમણા જોરથી બાતો! નાનપણમાં આગળ લખ્યું છે તેમ ભાભુએ ના પાડેલી; અને જરા મોટા થયા ત્યારે મામાને ત્યાં ભણવા આવ્યા. મામાના ગુરુએ અમને સૌને નીમ લેવડાવેલાં કે લસણ અને પલાંડુ (ડુંગળી) ન બવાય. મેં નીમ તો બરાબર પાળેલું, પણ આફ્રિકામાં એ ઊંધું વળી ગયું.

મોટા માણસો અને ધરમી માણસો શા માટે લસણ ખાવાની ના પાડતા હશે? મોઢું ગંધાય એટલે કદાચ હશે. બાકી એના ગુણ તો બહુ જ છે. અને લસણ બીજી વનસ્પતિના જેવી વનસ્પતિ જ છે.

ગાજર, રતાળુ, ડુંગળી જેમ જમીનમાં થાય છે એમ લસણ પણ જમીનમાં થાય છે. એની ગાંઠ જમીનમાં રહે અને જમીન ઉપર મૂળાને જેમ પાંદડાં આવે છે એમ એને પાંદડાં આવે. મૂળા બવાય અને લસણ ન બવાય! પણ ઠીક થયું કે મોટા કહેવાતા લોકોએ લસણ-ડુંગળી નાના લોકો માટે રાખ્યાં. લોક-માત્ર લસણ ખાય. લસણ એટલે એ લોકોની કસ્તુરી. તેઓ રોટલા સાથે લસણની ચટણી ખાય; દાળમાં, શાકમાં, એમ લસણ ખૂબ વાપરે. દુકાનેથી લસણના સૂકા ગાંઠિયા લઈ આવે અને હાથ વડે કળીઓ ફોલી નાખે, ને કાં તો તળીને અથવા કાં તો વાટીને ખાય; અને લીલું લસણ હોય તો એમ ને એમ ખાય. ડુંગળીનાં પાંદડાં જેમ એનાં પાંદડાં પણ ખાય. લસણની ગાંઠમાં આઠ દસ જેટલી કળીઓ હોય છે. ભોંય સાથે કળીઓ જરા ઘસીને ફોલીએ તો ઝટ ફોલાય છે. લાલ ગાંઠમાંથી લાલાશ પડતી ને ધોળી ગાંઠમાંથી ધોળાશ પડતી કળીઓ નીકળે છે. કળીઓનો દેખાવ સુંદર લાગે છે. અમે તો કળીઓને તેલમાં કકડાવી ઉપર મરચું ભભરાવીને પછી લસણિયું કરીએ છીએ. લાલચોળ લસણિયું રોટલાના બટકા ઉપર મીઠું લાગે છે; રોટલાને મીઠો બનાવે છે. મોઢામાંથી એકદમ લાળ છૂટે એટલે ઝટઝટ ચવાવા લાગે, ને લાળ છૂટે એટલે રોટલો પચી પણ ઝટ જાય. આપણે તો સ્વાદ માટે આ ખાઈએ ને તે ખાઈએ, અને પાચનરસને ઉપજાવવા માટે કંઈક ધાંધલ કરીએ! પણ ગામડાના લોક તો લસણ વાપરે એટલે પાચનરસના ઢગલા થાય, અને મીઠાશ આવે તે વધારામાં. બાતરી કરવી હોય તો લસણ ને રોટલો બાઈ જોજો; તમને બરી મીઠાશ જણાશે.

હા, હા; એક વાત યાદ આવી. લસણનું કેટલાક લોકો અથાણું કરે છે. એનો પાક પણ થાય છે. વાંચનાર વિચારમાં પડશે: "લસણનો પાક? ગંધાતા લસણનો પાક?" પણ એ ગંધ કાઢી નાખવાની રીતો છે. પ્રથમ ગંધ કાઢી નાખી એનો પાક કરવામાં આવે છે. મેં પોતે ડુંગળીનો પાક બાધેલો છે. મારા માટે એક વાર વૈદે કરાવ્યો હતો. બાવા માટે બરાબ નહોતો લાગતો. આ પાક તો વૈદ્ય લોકો વાપરે, અથવા પૈસાદાર બાય. બાકી ગરીબ લોકો માટે તો તાજી લસણ પોતે જ પાક છે. લસણ અનેક વા હરે છે અને બીજા કેટલાય

રોગોને હણે છે. ગરીબ લોકો લસણનું સેવન કરે; એને સૂળ ન આવે અને કફ, વાયુ, ઉધરસ અને એવા ઘણા બધા રોગો એની મેળાએ ભાગે.

મને દમ થયો હતો ત્યારે લીલું લસણ ઠીકઠીક બવડાવ્યું હતું. મને તે ભાવતું ને તેણે ફાયદો પણ કર્યો હતો. ગામડામાં તો હાલતાં ચાલતાં લસણ કામમાં આવે. કાનમાં ચાસકા આવે કે નાખો લસણના રસનાં ટીપાં; આધાશીશી ચડી તો કે નાખો લસણનાં ટીપાં; ગોળો ચડ્યો તો કે બવરાવો લસણ. ક્ષયવાળાને પણ મોટા મોટા દાક્તરો લસણ બવરાવે છે તો!

પત્રવ્યવહાર કરો.

૧ એક ખાનદાન મુસલમાન કુટુંબમાં નવીન શિક્ષણપદ્ધતિના જાણનારાં પતિપત્નીની ગૃહશિક્ષકો તથા સાથીઓ તરીકેની જરૂર છે. તો તે માટે નીચેને સરનામે લખો. પગાર વગેરે માગણી સ્પષ્ટતાથી લખવી.

૨ એક મધ્યમ ગામમાં નવીન શિક્ષક નવું બાલમંદિર ચલાવવા જોઈએ છે. પગારની માગણી સાથે લખો.

૩ કચ્છમાં એક બાલમંદિર માટે શિક્ષક અગર શિક્ષિકા જોઈએ છે. તો તે માટે પણ લખો.

તંત્રી, શિક્ષણ પત્રિકા.
બાલમંદિર, ભાવનગર.

લેખકો એમ કહે છે કે લસણ કંઠપ્રિય છે. એનો અર્થ એવો થઈ શકે કે લસણ કંઠ-ગળાને સાફ કરે છે. ગામડાના લોકો જેઓ હમેશાં લસણ બાય છે તેનાં ગળાં ઘણાં મીઠાં હોય છે. તેઓ લસણ બાય છે એટલે તો નહિ હોય! આ બાબતમાં બરાબર તપાસ કરવી જોઈએ. વૈદકના ગ્રંથમાં એમ પણ લખેલું છે કે લસણ મેધાકારક છે; મેધા એટલે બુદ્ધિ. એટલે કે લસણ બુદ્ધિ વધારનાર છે. બરાબર એ સાચું હોય તો લસણ બધી રીતે ગરીબ લોકોની કસ્તુરી જ કહેવાય. કસ્તુરી મોંઘી પડે, લસણ સોંઘું મળે. કુદરતની બલિહારી છે ને! એક લસણમાં કેટલા બધા ગુણો મૂકી દીધા છે? આવું ગુણવાળું લસણ કેટલાક ધરમી લોકોને પસંદ પડતું નથી. બગર નહિ, લસણનો ધરમી લોકોના મગજમાં શો વાંક આવ્યો હશે. લસણને સંસ્કૃતમાં રસોન કહે છે. ૨ નો ર થયો અને ન નો ણ થયો; સો નો સ થયો, ને એમ રસોનમાંથી લસણ આવ્યું. અંગ્રેજીમાં એને ગારલિક કહે છે.

ગિજુભાઈ.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, બજાર બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

22969

22969



२२४६७

शिक्षा पत्रिका

वर्ष ११। संवत् १९९२